જલભેદ

શ્રીમહાપ્રભુ વિરચિત પ્રકીર્ણ અથવા ષોડશ ગ્રન્થો પૈકી જલભેદ ગ્રન્થ પ્રચલિત ક્રમ અનુસાર બારમા અનુક્રમે આવે છે.

આ સમ્પ્રદાયમાં આ માર્ગના અધિકારી જીવો માટે જે સાધ્ય છે (જે સિદ્ધ કરવાનું છે) તે ભાવ છે અને એ ભાવની સિદ્ધિનું સાધન એ ભાવને અનુરૂપ ભાવના છે. આ જ વાત શ્રીઆચાર્યચરણ સંન્યાસનિર્ણય ગ્રન્થમાં જણાવે છે -

कौडिन्यो गोपिकाः प्रोक्ता गुरवः साधनं च तत् ।
भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते ॥

(સંન્યાસનિર્ણય-૮)

અર્થાત્ - કૌડિન્યઋષિ અને ગોપિકાઓ ત્યાગ વિષયમાં ગુરુઓ કહ્યા છે અને તેમના દ્વારા ત્યાગરૂપ આચરણ વડે જે ભાવ સિદ્ધ થયો તે ભાવ જ અહીં મુખ્ય સાધન છે એમ જાણવાનું છે અને તે ભાવની સિદ્ધિ તેમના ભાવનું નિરન્તર ભાવન કરવાથી જ સિદ્ધ થઈ શકે છે, આ સિવાય બીજું કોઈ સાધન નથી.

અતઃ શ્રીવલ્લભાચાર્યચરણ પ્રદર્શિત માર્ગમાં ભકિતની ફલાભિમુખતા પર્યન્ત આગળ વધવામાં પુષ્ટિમાર્ગીય સાધકને માટે આવશ્યક છે કે તે આ માર્ગમાં સ્વીકૃત ભાવનું શુદ્ધ સ્વરૂપ બરાબર જાણી લે અને તે ભાવના અનુરૂપ ભાવન-નિરન્તર ચિન્તન કરતો રહે. શ્રીમહાપ્રભુના જણાવ્યા મુજબ ભાવ પણ સ્વતઃ સિદ્ધ નહિં પરન્તુ ભાવના કરવાથી સિદ્ધ થતો ભાવ જ સ્વીકૃત છે અને તે ભાવના પણ સ્વૈચ્છિક યા ગમે તે દ્વારા પ્રેરિત નહિં પણ આ માર્ગના ગુરુ તરીકે પ્રસિદ્ધના હૃદયમાં સિદ્ધ થયેલા ભાવનું અને તેમના દ્વારા તે ભાવપ્રાપ્તિ પર્યન્ત પહોંચવામાં હેતુરૂપ આચરણની મનમાં ભાવના અને જીવનમાં આચરણ કરવાથી ભાવોપલબ્ધિ થાય છે. અતઃ જેમનું-જેમના ભાવનું ભાવન કરવાનું છે તે ભાવના આધારરૂપ એવા ભગવદ્ગુણના આધાર બનેલા કેવા લોકોના ભાવનું ભાવન કરવું એ જાણવાથી નિરન્તરચિન્તન અને તદનુકૂલ આચરણ કરવાનો ઉપયુક્ત - યોગ્ય માર્ગ પ્રશસ્ત થાય છે.

યદ્યપિ ભગવદ્ગુણો સમાન-સર્વોત્કૃષ્ટ હોવા છતાં પણ ગુણોના આધાર (એટલે કે ભગવદ્ગુણો જે પ્રકારના લોકોની વાણી વગેરેથી પ્રકટ થતા હોય) એવા જીવોના સ્વરૂપના આધારે તેનું તેનું તેવું તેવું ફલ થાય છે અતઃ માત્ર ભગવદ્ગુણોને જોઈને જ અને વ્યકિતને જોયા વિચાર્યા વિના જ શ્રવણ-કીર્તન માટે તેનો સંગ કરવામાં આવે તો-તેવા શ્રવણ-કીર્તન માટે તેનો સંગ કરવામાં આવે તો તેવા શ્રવણ-કીર્તન વડે સતત ભાવનથી તે જ ભાવ સિદ્ધ થશે જે તે વ્યકિતના સમ્બન્ધે રહેલો હશે.

તેમજ કોઈમાં અમુક એક-બે ઉચ્ચ પ્રકારના કે ભકિતના વિષયો દેખાય તો તેટલા માત્રથી પણ તે અનુકરણીય-અનુસરણીય બનતો નથી. કારણ કે તેનામાં રહેલા ઉચ્ચ ગુણો કે તેનામાં રહેલી ભકિતનો પ્રકાર એ આ માર્ગમાં ઉપયોગી ન હોય અથવા તે વિપરીત હોય તો તે આ માર્ગની સાધનામાં બાધક પણ બની રહે છે. તેથી એવા લોકોના ભાવ-સ્વરૂપને પણ જાણી લેવું જરૂરી છે કે જેમનામાં ભગવદ્ગુણો દેખાતા હોઈને પણ તે લોકોનો ભાવ ઉપયોગી છે કે અનુપયોગી અથવા તે વિપરીત છે કે સાધક એ પણ જાણવું આવશ્યક છે.

આ બધી જ વાતોનો વિચાર કરીને ભકિતવર્દ્ધિનીમાં ભકિતની વૃદ્ધિ અર્થે કહેવાયેલ સાધનો ત્યાગ-શ્રવણ-કીર્તન એ ત્રણેમાં ઉપયોગી એવા વિષયનું સંકલન કરીને શ્રીઆચાર્યચરણ આ જલભેદગ્રન્થ દ્વારા પુષ્ટિમાર્ગીય જીવોને માર્ગદર્શન પૂરું પાડે છે.

પ્રથમ શ્લોક

नमस्कृत्य हरिं वक्ष्ये तद्गुणानां विभेदकान् ।
भावान् विंशतिधा भिन्नान् सर्वसन्देहवारकान् ॥ १ ॥

અન્વય - हरिं (હરિને), **नमस्कृत्य** (નમસ્કાર કરીને), **तद्गुणानां** (તેમના ગુણોનો), **विभेदकान्** (વિશેષ પ્રકારે ભેદ કરનારા), **विंशतिधा** (વિશ પ્રકારે), **भिन्नान्** (જુદા-જુદા), **सर्वसन्देहवारकान्** (સર્વ સન્દેહ દૂર કરનારા), **भावान्** (ભાવોને), **वक्ष्ये** (કહીશ).

શબ્દાર્થ - હરિને નમસ્કાર કરીને તેમના ગુણોનો વિશેષ પ્રકારે ભેદ કરનારા (અને સર્વ સન્દેહ દૂર કરનારા (તેમજ) વિશ પ્રકારે જુદા-જુદા (એવા) ભાવોને કહીશ.

ગ્રન્થના તેમજ પ્રથમ શ્લોકના આરંભે આભાસમાં સર્વ ટીકાકારો પોતપોતાનો અભિપ્રાય આ મુજબ જણાવે છે -

(૧) શ્રીકલ્યાણરાયજી - 'श्रीकृष्णे केवलभावेनापि 'केवलेन हि भावेने'ति वाक्यात् तत्प्राप्तेः 'नैष्कर्म्यमप्यचुतभाववर्जित' मित्यादिभिर्भावहीनस्य ज्ञानादेरप्यसमर्थत्वादस्नेहभोजनमिव भावहीनं सर्वमिति श्रीवल्लभाचार्यचरणाः स्वीयानां भावपोषार्थं कृपया भावनिरूपणं प्रतिजानते नमस्कृत्येति ।'

અર્થાત્ - 'કેવલ ભાવ વડે જ ગોપીઓ, ગાયો વગેરેએ મને પ્રાપ્ત કર્યા છે' એ વાકય મુજબ શ્રીકૃષ્ણમાં કેવલ ભાવ કરવાથી પણ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થાય છે, તેમજ **'નિષ્કર્મનો ભાવ હોવા છતાં પણ અચ્યુતભાવ વિનાનું જ્ઞાન શોભાસ્પદ હોતું નથી'** વગેરે વાક્યો વડે ભગવદ્ભાવ વિહોણાં જ્ઞાન વગેરે પણ શ્રીકૃષ્ણ પ્રાપ્તિ કરાવવામાં અસમર્થ હોવાથી ભાવહીન બધું જ ઘી-તેલ વિનાના ભોજનની માફક છે, અતઃ શ્રીવલ્લભાચાર્યચરણ પોતાના નિજજનોના ભાવપોષણને અર્થે કૃપા કરીને ભાવનિરૂપણ કરવાનું જણાવે છે **'નમસ્કાર કરીને'** વગેરે વાક્યોથી.

(૨) શ્રીપુરુષોત્તમજી - 'अथ श्रीमदाचार्यचरणाः भक्तिवर्धिन्यां त्यागिनां गृहस्थानां च भक्तिवृद्ध्यर्थं श्रवणरूपं कीर्तनरूपं च साधनमुक्त्वा तदर्थमर्थबलात्कीर्तयितुः श्रोतुश्च प्राप्ते सङ्गे स किं यस्य कस्यापि कर्तव्य उत भगवदीयत्वेन परीक्षितस्येत्याकांक्षायां यद्येकादशस्कन्धे 'स्वमूर्त्यालोकलावण्यनिर्मृक्तया लोचनं नृणां, गीर्भिस्ताः स्मरतां चित्तं पदैस्तानीक्षतां क्रियाः, आच्छिद्य कीर्तिं सुश्लोकां वितत्य ह्यञ्जसानु कौ, तमोनया तरिष्यन्तीत्यगात्स्वं पदमीश्वर' इति शुकवाक्ये भगवत्कीर्तेः संसारात्मकतमस्तारकत्वेन कथनात्तस्याश्च गुणजन्यत्वात्तेषामपि श्रूयमाणानां, कीर्त्यमानानां, स्मर्यमाणानां क्वचित् दृश्यमाणानां च संसारतारकत्वमेवोचितं, भगवता तदर्थमेवानवतारदशायां कीर्तिद्वारा प्रकटनात्, 'साङ्केत्यं पारिहास्यं वा स्तोभं हेलनमेव वा, वैकुण्ठनामग्रहणमशेषाघहरं विदु' रिति षष्ठस्कन्धे शुकवाक्यादजामिलस्य पुत्रोपचारितनामकीर्तनमात्रेणैव संसारत उद्धाराच्च, यस्य कस्यापि सङ्गः कर्तव्य इत्यङ्गीक्रियते, तदा 'भिक्षाशया ये गृह्णन्ति मम नामानि चार्जुन, अमुख्यास्ते जनाः पार्थ दूरतः परिवर्जये'दित्यादिपुराणवाक्येषु निन्दास्मरणस्य, सप्तमस्कन्धे समाप्तौ, 'अहं पुराभवं कश्चिद्गन्धर्व उपबर्हण' इत्यादिभिर्नारदेन स्वपूर्वजन्मवृत्तान्तकथने गायतो गतस्य मत्तत्वस्त्रीपरिवृतत्वपुरुलम्पटत्वैः स्वस्य विश्वसृग्दत्तशापकथनस्य च कथमविरोधः । किञ्च, प्रथमस्कन्धे नारदेन स्वस्य

शूद्रजन्मनि योगिसङ्गतदुक्तभगवत्कथाश्रवणाभ्यां स्वस्य भगवद्गत्यादिकथनं, एकादशस्कन्धे च भगवता कथाश्रवणाद्यर्थं सत्सङ्गस्यैव कथनं च कथं सङ्गच्छते, तथा गुणकर्मानुरूपभगवन्नामोच्चारयितृणां भिक्षाशामात्रेण कथं निन्द्यत्वं, गुणगातुरुपबर्हणस्य च कथं विश्वसृग्भ्यः शापः । किञ्चैवं भावभेदेन नामाद्युच्चारयितृणां गुणगातृप्रभृतीनां च स्वरूपभेदे फलभेदे चावगम्यमाने कथं द्विविधवाक्यानामविरोध इति सन्देहे स्वीयानां जाते तद्वारणार्थं ‘तदभिध्यानादेव तु तल्लिङ्गात् स’ इति न्यायेन भगवानाकाशादिभूतेष्वाधारेषु तत्तद्रूपेण स्थित्वा तत्तत्कार्यं करोति, तथा भगवद्गुणा अपि भगवद्रूपत्वाद्भौतिकेषु तत्तद्भावरूपेष्वाधारेषु तत्तद्रूपेण स्थित्वा तत्तद्भावानुसार्येव कार्यं कुर्वन्तीति भगवद्गुणानामाधारवशेन फलतः स्वरूपतश्च नानाप्रकारतां वदिष्यन्तस्तदाधारनिरूपणं प्रतिजानते नमस्कृत्येति ।’

અર્થાત્ - શ્રીમદ્ આચાર્યચરણો ભક્તિવર્ધિની ગ્રન્થમાં ગૃહત્યાગ કરેલાઓ અને ગૃહમાં રહેનારાઓની ભક્તિવૃદ્ધિ અર્થે શ્રવણરૂપ અને કીર્તનરૂપ સાધનને કહીને તેના જ અર્થબળથી કીર્તન કરનાર અને શ્રવણ કરનારે (પરસ્પર) સંગ કરવો પ્રાપ્ત થતાં તેવો સંગ જે કોઈની પણ સાથે કરવો કે પછી આ ભગવદીય છે એમ પરીક્ષા કરાયેલનો સંગ કરવો એમ આકાંક્ષા થતાં એકાદશસ્કન્ધમાં **‘અલૌકિક અતિશય સુન્દર એવી પોતાની મૂર્તિ વડે લોકની સુન્દરતાને ઢાંકી દેનારા ભગવાન શ્રીકૃષ્ણ મનુષ્યોનાં નેત્રોને પોતાના તરફ આકર્ષિત કરતાં અને પોતાનું સ્મરણ કરનારાઓના ચિત્તને પોતાની વાક્સુધા દ્વારા આકર્ષિત કરતાં અને પોતાના અલૌકિક-દિવ્યસ્થાનોનું દર્શન કરનારાઓના સર્વ કર્મ-ક્રિયાઓને છેદી નાખનારા એવા શ્રીકૃષ્ણે પૃથ્વી ઉપર આ કીર્તિ વડે મનુષ્યો શીઘ્ર જ મોહરૂપ અન્ધકારને તરી જશે (એમ વિચારી) પોતાની આ કીર્તિનો પૃથ્વીમાં**

વિસ્તાર કરીને પોતાના નિજધામમાં પધાર્યા’ (ભાગવત ૧૧-૧-૬,૭) શ્રીશુકદેવજીના આ વાક્યમાં ભગવાનની કીર્તિ એ સંસારાત્મક જે તાપ છે તેનાથી તારનાર છે એમ કહ્યું હોવાથી અને તે કીર્તિ ભગવદ્ ગુણથી પ્રકટ થતી હોઈ તે ભગવદ્ગુણોને સાંભળતાં, તેનું કીર્તન કરતાં, તેનું સ્મરણ કરતાં અને ક્યાંક દેખાતાં તે સંસારથી તારનાર જ છે - એમ કહેવું જ ઉચિત છે, કારણ કે ભગવાને તે માટે જ પોતાની કીર્તિ વિસ્તારી છે કે જેથી અનવતારદશામાં પણ (ભક્તોદ્ધારાર્થ) કીર્તિ દ્વારા ભગવાન પ્રકટ થાય છે, **‘ભગવાન વૈકુંઠ-વિષ્ણુનું નામ સંકેતથી ગ્રહણ થાય, મશ્કરીમાં ગ્રહણ થાય, આશ્ચર્ય વિષયથી ગ્રહણ થાય કે પછી અવજ્ઞા વગેરેથી ગ્રહણ થાય, તે સર્વ પ્રકારમાં ભગવન્નામ ગ્રહણ સમગ્ર પાપને હરી લે છે’** એમ ષષ્ઠ સ્કન્ધમાં પુત્રના નામમાં આવતાં ભગવન્નામના ઉચ્ચારણ માત્રથી જ અજામિલનો ઉદ્ધાર થયો છે એમ શુકદેવજીએ કહ્યું હોવાથી ભગવન્નામવિષયે જેનો કોઈનો પણ સંગ કરવો એમ જો સ્વીકારવામાં આવે, ત્યારે **‘હે અર્જુન ! ભીખની આશાએ જે લોકો મારાં નામો ગ્રહણ કરે છે, તે લોકો મુખ્ય નથી તેથી હે પાર્થ ! તેવાઓને દૂરથી જ ત્યજી દેવા’** વગેરે પુરાણ વાક્યોમાં તેવા લોકોની નિન્દા થયેલી સાંભળવામાં આવે છે, સપ્તમ સ્કન્ધની સમાપ્તિમાં **‘હું પૂર્વમાં ઉપબર્હણ નામે ગન્ધર્વ હતો’** વગેરે વાક્યોથી નારદજીએ પોતાના પૂર્વજન્મનું વૃત્તાન્ત કહ્યું તેમાં સૃષ્ટિકર્તા ઋષિઓએ ભગવદ્ ગુણોના ગાન માટે બોલાવતાં તે મદોન્મત્ત અવસ્થામાં સ્ત્રીઓથી ઘેરાયેલો જ લમ્પટ બનીને ત્યાં ગયો ત્યારે તે ઋષિઓએ એને શાપ આપ્યો એમ ત્યાં કહ્યું છે તો તેની સાથે (ષષ્ઠસ્કન્ધોક્ત વાક્ય સાથે) કેવી રીતે અવિરોધ સિદ્ધ થાય ? વળી, પ્રથમ સ્કન્ધમાં નારદજીએ પોતાના શૂદ્ર જન્મમાં યોગીઓનો સંગ અને તેમના દ્વારા કરાતી ભગવત્કથાનું શ્રવણ એ બે વડે પોતાને ભગવદ્ગતિ થઈ એમ કહ્યું છે અને એકાદશસ્કન્ધમાં કથાશ્રવણ વગેરે અર્થે સત્પુરુષોનો સંગ કરવો જ કહ્યું છે તે વાતની સંગતિ કેવી રીતે થઈ શકે ? તેમજ ભગવાનના ગુણ અને કર્મોના અનુરૂપ ભગવન્નામોનું ઉચ્ચારણ કરનારાઓ ફક્ત ભીખની આશા રાખવા માત્રથી જ શા માટે નિન્દાને પાત્ર છે ? ભગવદ્ગુણોનું ગાન કરનાર ઉપબર્હણને સૃષ્ટિકર્તા

ઋષિઓ વડે શાપ શા માટે ? વળી, ભાવભેદ વડે કરીને નામ વગેરે ઉચ્ચારણ કરનારાઓ અને ગુણગાન કરનારા વગેરેના સ્વરૂપ ભેદ ફલભેદ જણાય છે તો બે પ્રકારનાં વાક્યો વચ્ચે અવિરોધ કેવી રીતે સાધી શકાય ? એમ પોતાના નિજજનોને સંદેહ થાય તો તેના વારણને અર્થે **‘तदभिध्यानादेव तु तल्लिङ्गात्’** (બ્ર.સૂ.૨-૩-૧૩) એમ વ્યાસસૂત્રમાં કહેલ છે તે ન્યાયે આકાશ વગેરે. પંચમહાભૂતરૂપ આધારોમાં તે-તે રૂપે સ્થિતિ કરીને તે-તે કાર્ય ભગવાન કરે છે, તેવી જ રીતે ભગવાનના ગુણો પણ ભગવદ્રૂપ હોવાથી ભૌતિક એવા તે-તે ભાવરૂપ આધારોમાં તે-તે રૂપે સ્થિતિ કરીને તેમના-તેમના ભાવ અનુસાર જ કાર્યો કરે છે એમ ભગવદ્‌ગુણોની આધારવશતાને લઈને ફલથી અને સ્વરૂપથી તે અનેક પ્રકારના થાય છે એમ કહેવામાં તે ભાવોના આધારોનું નિરૂપણ શ્રીઆચાર્યચરણ કરે છે **નમસ્કાર કરીને** વગેરે વાક્યોથી.

(૩) શ્રીવલ્લભજી - ‘तत्र प्रथमं ‘निवृत्ततर्षैरुपगीयमाना’दित्यत्र भगवद्गुणानुवादे ‘आत्मघाती कर्मजडो निन्दितार्थरतः सदा । पशुस्त्री च’ एतद्व्यतिरिक्तानां सर्वेषां प्रवृत्तिरुक्ता । ते च मुक्तमुमुक्षुविषयिणः । तत्र मुक्तानां ‘आत्मारामाश्च मुनय’ इत्युक्तप्रकारेण प्रवृत्तिः । मुमुक्षूणां विहितभक्तिज्ञान-योगतपःकर्मादिसाधनप्रकारेण बहुधा सा भवति। विषयिणां तु तत्र रागादिमाधुर्यतः प्रवृत्तिर्न तु धर्मतः । तथा च, ‘वेदे रामायणे चैव भारते’ इत्यत्र ‘हरिः सर्वत्र गीयते’ इत्युक्तत्वात् सर्वत्र धर्मेषु भगवद्गुणप्रवेशस्यावश्यं वक्तव्यत्वात् तेषां सर्वेषां साधनफलयोरेकरूपत्वं वा नानात्वमिति सन्देहे तन्निर्णायकं ग्रन्थं निरूपयितुं श्रीमदाचार्यचरणाः प्रतिजानते’

અર્થાત્ - તેમાં પ્રથમ **‘જેમની તૃષા નિવૃત્ત થઈ ગઈ છે તેવાઓ વડે સારી રીતે ગવાયેલા’** - (ભાગ. ૧૦-૧-) અહીં **‘આત્માનો ઘાત**

કરનાર, કર્મજડ, નિન્દિત અર્થમાં જ સદા રત થયેલો, પશુ, સ્ત્રી’ આટલા પ્રકારના જીવોથી જે અલગ પ્રકારના જીવો છે તે બધાની જ ભગવાનના ગુણાનુવાદમાં પ્રવૃત્તિ થાય છે એમ (સુબોધિનીમાં) કહ્યું છે. તે જીવો યા તો મુક્તજીવો હોઈ શકે છે યા તો મોક્ષની ઈચ્છાવાળા હોઈ શકે છે. તે પૈકી જે મુક્તજીવો છે તેમની **‘તે આત્મામાં રમણ કરનારા મુનિઓ’** અહીં કહેલા પ્રકારે પ્રવૃત્તિ થાય છે. જે મોક્ષની ઈચ્છાવાળા છે તેમની વિધાન થયેલ ભક્તિ, જ્ઞાન, યોગ, તપ, કર્મ વગેરે સાધનોના પ્રકારે ઘણા પ્રકારે પ્રવૃત્તિ થાય છે. જે લોકો વિષયોમાં લપટાયેલા છે તેમની તો ભગવદ્ ગુણગાનમાં રાગ-તાલ વગેરેનું જે માધુર્ય છે તેના થકી જ પ્રવૃત્તિ થાય છે, ધર્મ થકી પ્રવૃત્તિ થતી નથી. તેમજ **‘વેદમાં, રામાયણમાં અને મહાભારતમાં સર્વત્ર ભગવાન શ્રીહરિ જ ગવાય છે’** એમ કહ્યું હોવાથી સર્વત્ર સર્વધર્મોમાં ભગવદ્‌ગુણોનો પ્રવેશ અવશ્યરૂપમાં કહ્યો હોવાથી તે બધાના સાધન-ફલની એકરૂપતા જ છે કે પછી જુદા-જુદાપણું છે એમ સંદેહ થાય તેનો નિર્ણય કરનાર ગ્રન્થનું નિરૂપણ કરવા શ્રીઆચાર્યચરણ જણાવે છે - ’

(૪) શ્રીબાલકૃષ્ણજી - श्रीमदाचार्यचरणाः स्वीयानां भावज्ञानेन पूर्णप्रेमभावोत्पत्त्यर्थं भावनिरूपणं प्रतिजानते । यथा निर्विघ्नतासिद्ध्यर्थं मङ्गलाचरणस्य शिष्टाचारत्वं, तथात्र स्वीयेषु निर्विघ्नभावोत्पत्तिसिद्ध्यर्थं भगवन्नमस्करणात्मकं मङ्गलमाचरन्ति नमस्कृत्येति ।’

અર્થાત્ - શ્રીમદ્ આચાર્યચરણ પોતાના નિજજનોને ભાવજ્ઞાન વડે પૂર્ણ પ્રેમ ભાવની ઉત્પત્તિ થાય તે અર્થે ભાવ નિરૂપણ કરે છે. જેમ નિર્વિઘ્નતાની સિદ્ધિ અર્થે મંગલાચરણનો શિષ્ટાચાર છે, તેમ અહીં નિજજનોમાં કોઈ પણ પ્રકારના વિઘ્ન વિના ભાવોત્પત્તિ સિદ્ધ થાય તે અર્થે ભગવાનને નમસ્કાર કરવાના રૂપે મંગલાચરણ કરે છે **નમસ્કાર કરીને** વગેરે વાક્યોથી.

વિવરણ - આ પ્રમાણે ચાર ટીકાકારોના અભિપ્રાયને જોતાં શ્રીકલ્યાણરાયજીના જણાવ્યા મુજબ અહીં- આ ગ્રન્થમાં ભાવનિરૂપણ દ્વારા પુષ્ટિમાર્ગીયજીવો અર્થે જે ભાવ કહેવાનો છે તે મુખ્ય છે અને તે ભાવ જ્ઞાન વગેરેના કોઇ પણ પ્રકારના મિશ્રણ વિનાનો વિશુદ્ધ સ્નેહભાવ છે એ વાત આપશ્રીએ એકાદશસ્કન્ધનું વાક્ય ટાંકીને સૂચિત કર્યું છે. અતઃ એથી આ ગ્રન્થમાં ભાવના આધારરૂપ એ લોકો જ મુખ્ય છે કે જે આવા સ્નેહભાવવાળા છે. શ્રીકલ્યાણરાયજીનો આ અભિપ્રાય આગળ ઓગણિસમો ભાવ **'समुद्रियाभ्यः स्वाहा'** ને અનુસરીને ભાવનિરૂપણમાં શ્રીઆચાર્યચરણ ક્ષારોદ-ક્ષીરોદ વગેરે પ્રકારે જુદા-જુદા બતાવતાં **'અમૃતોદ'** નામથી અલગ પ્રકારનો ભાવ જણાવે છે તેમાં બાકીના સમુદ્રોના પ્રકારથી અમૃતોદની ભિન્નતા સમજવામાં આ ઉપયોગી નિવડશે. તેમજ પુષ્ટિપથ પર ચાલનારા સાધકોએ ભક્તિવૃદ્ધિ અર્થે કેવા પ્રકારના વક્તાઓથી શ્રવણ કરવું અથવા તેમનો સંગ કરવો એ પણ આથી જાણી શકાય છે. અમૃતોદ પ્રકારના જો ઉપલબ્ધ ન થાય તો ત્યારે તેના વિકલ્પમાં પણ જ્ઞાનાદિ મિશ્રણવાળા લોકોનો સંગ ઉપકારક નથી થતો પણ ભલે શ્રીવ્રજભક્તોની કક્ષાનો સ્નેહ ન હોય છતાં પણ જ્ઞાન-યોગ વગેરેના મિશ્રણ વિનાનો શુદ્ધ સ્નેહ જેમનામાં હોય તેવા લોકોનો જ સંગ ઉપકારક છે એમ સમજી શકાય છે.

દ્વિતીય ટીકાકાર શ્રીપુરુષોત્તમજીના જણાવ્યા મુજબ ભગવદ્ ગુણ વિષયમાં કે ભાવ વિષયમાં બુદ્ધિમાં ઉત્પન્ન થતો સન્દેહ એ ભાવવૃદ્ધિમાં કે ભક્તિવૃદ્ધિમાં બાધક છે અતઃ તેવા સન્દેહના નિરાકરણપૂર્વક ભગવદ્ગુણ-ભાવનું યથોચિત જ્ઞાન ભાવવૃદ્ધિમાં ઉપકારક સિદ્ધ થાય છે, તેથી આ ગ્રન્થમાં માત્ર પુષ્ટિભાવને જ જણાવવો છે છતાં પણ સન્દેહ નિરાકરણ અર્થે શ્રીઆચાર્યચરણ આ ગ્રન્થમાં પુષ્ટિભાવ ઉપરાન્ત મર્યાદા-પ્રવાહ સ્વરૂપના અથવા તો તેના મિશ્રણવાળા ભાવોનું પણ નિરૂપણ આ ગ્રન્થમાં કરે છે.

ભગવદ્ગુણોનું કે ભગવન્નામનું ફળ એકમાં ઉત્તમ અને બીજામાં અનુત્તમ થતું જોવા મળે ત્યારે ભગવદ્ગુણોમાં સન્દેહ થઇને સાધકની બુદ્ધિમાં ભગવદ્ગુણો પરત્વે જે શ્રદ્ધા થવી જોઇએ તે થઇ શકતી નથી કારણ કે ભગવદ્ગુણ ગાનાર બીજાને અનુત્તમ ફળ થતું જોવામાં આવે છે, તેથી તે એમ માનનારો થાય છે કે ભલે ભગવદ્ ગુણગાન એ સારી વાત હશે છતાં પણ જે ફળ થાય છે તે તો વ્યક્તિની ઉત્તમતા-અનુત્તમતા પર જ નિર્ભર છે, અતઃ જ્યાં ગુણગાનનું સત્ ફળ થતું જોવા મળે છે ત્યાં તે ભગવદ્ગુણોમાં શ્રદ્ધાવાળો ન થઈ તે વ્યક્તિમાં જ શ્રદ્ધાવાળો થાય છે, પછી તેના સ્નેહ-શ્રદ્ધા-આદર વગેરે ગુણપરક નહિં પરન્તુ વ્યક્તિપરક થાય છે અને તેથી તે તેની જ સેવા-સેવન પરાયણ થાય છે, આ પ્રકારના સ્નેહ-શ્રદ્ધા-આદર એ વ્યક્તિપરક હોઇ લૌકિક જ હોય છે તેથી તેને જે અલૌકિક ફળ થવું જોઇએ તે થતું નથી કદાચ આ જ કારણથી આજે લોકમુખે ઘણીવાર સાંભળવા મળે છે કે અમુકની ભાગવત-અમુકની ભાગવત, અમુકની રામાયણ-તમુકની રામાયણ વગેરે. તો ભાગવત કે રામાયણ એ ભગવત્ શાસ્ત્ર છે અને તે માત્ર પુષ્ટિપુરુષોત્તમ-મર્યાદા પુરુષોત્તમના અલૌકિક ગુણોનું જ નિરૂપણ કરે છે અને તેમાં પણ **'देवासुरमनुष्येषुमद्भक्ताचरितानि च'** માં કહ્યા મુજબ ભગવાન અને તેમના ભક્તોના ચરિત્રનું નિરૂપક છે કે જે નિતાન્ત ભક્તિમાં ઉપકારક છે. તેમ છતાં પણ આવી વ્યક્તિપરક લૌકિક શ્રદ્ધાથી અને ભગવદ્ગુણોમાં શ્રદ્ધા નહિં થવાથી વ્યક્તિ ભાગવત કે રામાયણના નામ પર જે કંઇ પણ કહેશે અથવા લૌકિક પણ કહેશે તો તેને પણ તે અલૌકિક વાણી સમજી ગ્રહણ કરી લેશે. જ્યારે ભગવાન એકાદશ સ્કન્ધમાં **'श्रद्धामृतकथायां मे'** 'મારી અમૃતસ્વરૂપા કથામાં શ્રદ્ધા હોવી' એમ આજ્ઞા કરે છે. આ વાક્યમાં જ શ્રદ્ધાનું પણ સ્વરૂપ બતાવ્યું કે મારી કથા જ અમૃત છે ભગવાનના સર્વ અલૌકિક ગુણોથી યુક્ત છે અને આ કથા જ ભવ-ઔષધ છે તથા ફલ સાધનારી છે. એટલું જ નહીં પરન્તુ **'मे कथा'** 'મારી કથા' એમ કહેવાથી માત્ર શબ્દાત્મિકા કથામાં જ નહિં પણ જેનાથી કથા અમૃત કહેવાય છે તે ભગવાનમાં પણ પૂર્ણ શ્રદ્ધા હોવી જરૂરી છે બલ્કે

એમ કહીશું તો વધુ યોગ્ય લેખાશે કે ભગવાનમાં શ્રદ્ધા હોઈને ભગવત્કથામાં શ્રદ્ધા થવી. જ્યારે ભગવાનમાં અને ભગવાનની કથામાં શ્રદ્ધા થાય છે ત્યારે જ ભગવત્કથામાં ભગવાનના અલૌકિક ષડ્ ઐશ્વર્ય બુદ્ધિમાં પ્રતીત થાય છે કે જેને શ્રીગોપીજનો ગોપીગીતમાં જણાવે છે -

तव कथामृतं तप्तजीवनं कविभिरीडितं कल्मषापहम् ।
श्रवणमङ्गलं श्रीमदाततं भुवि गृणन्ति ते भुरिदा जनाः ॥
(ભાગ. ૧૦-૩૧-૯)

જેમ એકાદશસ્કન્ધમાં **'मे कथा'** છે તેમ અહીં ગોપીગીતમાં **'तव कथा'** પદ પ્રયોગ છે. અતઃ એકાદશસ્કન્ધના અને ગોપીગીતના વાક્યમાં કથા વિષયમાં **'मे'** અને **'तव'** ની જ મુખ્યતા યા મહત્ત્વ છે. તેમજ ગોપીગીતના આગળના વાક્યમાં કથાકારોનું મહત્ત્વ યા મુખ્યતા નથી એ જણાવવા **'ते जनाः'** તેમારા નિજજનો - નિજભક્તો' એમ કહ્યું છે, તેવી જ રીતે એકાદશસ્કન્ધમાં ઉપર્યુક્ત વાક્યથી આગળના વાક્યમાં કોઈનું પણ અને કોઈ પણ પ્રકારે ભજન કરનારની મુખ્યતા યા મહત્ત્વ નથી એ જણાવવા **'मद्भक्तपूजाभ्यधिका'** 'મારા ભક્તની પૂજા સર્વ પ્રકારે અધિકથી અધિક કરવી' એમ કહ્યું છે. આ રીતે એકાદશસ્કન્ધના બંને વાક્યોમાં અને ગોપીગીતના બંને વાક્યોમાં ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ કરી **'सम्बन्धे षष्ठिः'** એ નિયમાનુસાર શ્રદ્ધેય વક્તા કે ઉદ્ગાતા તથા અનુકરણીય ભક્ત એ પૂર્ણરૂપેણ ભગવત્સમ્બન્ધ વાળો જ હોવો આવશ્યક છે. ભગવત્સમ્બન્ધવાળો એટલે ભાગવતાદિનો કથાકાર, મન્દિરનો મુખિયાજી યા સેવક, ભગવન્નામસંકીર્તન કરનાર-કરાવનાર, ભગવત્સ્વરૂપ-લીલા-ગુણ ગાનારો, જપ-પાઠ પરાયણ, સ્મરણ-ધ્યાનાદિ કરનારો, શાસ્ત્રોનો ઉપદેષ્ટા વગેરે માત્ર આટલા જ દેખાતા લક્ષણોથી લક્ષિત થતો હોય તેને જ ભગવત્સમ્બન્ધવાળો નહિં માની લેવો જોઈએ કારણ કે આ બધું હોઈને જો હૃદયમાં વાણી-કૃતિથી વિપરીત જ ભરેલું હોય અથવા તેવા

હેતુથી કરતો હોય તો તેવાને સ્વપ્નમાએ ભગવત્સમ્બન્ધ થતો નથી, પરન્તુ જેનાં હૃદયમાં પ્રભુ શ્રીકૃષ્ણ ભાવરૂપે બિરાજમાન હોય તેવો ભગવત્સમ્બન્ધવાળો એમ જાણવું. પૂર્વોક્ત લક્ષણો દેખાતાં હોય છતાં પણ એના હૃદયમાં કૃષ્ણનિવાસ છે કે નહિં તે કેમ જાણી શકાય ? એમ જાણવાની આકાંક્ષા થાય તો ભગવદ્ગીતાના બારમા અધ્યાય-ભક્તિયોગાધ્યાયમાં જણાવેલ ભગવત્ પ્રિય ભક્ત લક્ષણ જેનામાં દેખાતાં હોય તેને ભગવત્સમ્બન્ધવાળો માનવો. એ લક્ષણો આ મુજબ છે -

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहङ्कारः समदुःखसुख क्षमी ॥
सन्तुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिः यो मद्भक्तः स मे प्रियः ॥
(ગીતા ૧૨-૧૩,૧૪)

ગીતોક્ત આ બધાં લક્ષણો વ્યક્તિમાંથી ત્યારે પ્રસ્ફુટ થાય છે જ્યારે હૃદયમાં શ્રીકૃષ્ણની ભાવરૂપ સ્થિતિ હોય. આ બધાં લક્ષણો હોઈને પણ ભગવત્સમ્બન્ધ જણાવનાર મુખ્ય લક્ષણ તો ભગવાને સહુથી છેલ્લું કહ્યું છે **'મારામાં અર્પણ થયેલાં છે મન-બુદ્ધિ જેના એવો'** આ લક્ષણ હોય ત્યારે જ તે **मद्भक्तः'** **'મારો ભક્ત'** કહેવાય છે, અન્યથા બાકીનાં લક્ષણો તો અન્ય જ્ઞાનાદિ સાધનોથી પણ સંભવી શકે છે. અતઃ આ બધાં લક્ષણો જ્ઞાનાદિ સાધનજન્ય નથી પણ ભગવદ્ભાવજન્ય છે એમ જણાવવા જ છેલ્લે આ લક્ષણ કહ્યું છે. કહેવાનું તાત્પર્ય કે જેના મન-બુદ્ધિ ભગવાનમાં પરાયણ થઈને જે વાણીથી ભગવત્ કથા કરતો હોય-કીર્તન કરતો હોય એ જ વક્તા કે ઉદ્ગાતા શ્રદ્ધેય છે અને એની જ વાણી શ્રવણીય છે તેમજ તેવો જ ભગવદ્ભક્ત અનુકરણીય છે કારણ કે ભગવાનમાં મન-બુદ્ધિ પરાયણ થઈને જે બોલશે ત્યારે તે વાણીમાં પોતે કે અન્ય નહિં હશે પણ ત્યારે કૃષ્ણ જ શબ્દરૂપે બહાર શ્રવણેન્દ્રિયગોચર રૂપે પ્રકટ થશે. તેમજ મન ઈન્દ્રિયપ્રેરક છે અને બુદ્ધિ ઈન્દ્રિયની અનુગ્રાહિકા છે તેથી જેના મન-બુદ્ધિ

કૃષ્ણ પરાયણ હશે તેના દ્વારા થનારી ક્રિયામાં અહં-મમત્વ નહિં હોય તેમાં હું કે મારા માટેનું અને બીજો કે બીજા માટેનું નહીં હોય પણ તેમાં માત્ર કૃષ્ણ જ હશે, અતઃ તેવાઓ જ શ્રદ્ધેય-અનુકરણીય છે. સારાંશમાં વ્યક્તિની વાણી, કૃતિ અને આજુબાજુને વિચારતાં તેમાં તેનો હેતુ એને બરાબર તપાસતાં વ્યક્તિ કૃષ્ણસમ્બન્ધવાળો છે કે નહિં તેનો નિશ્ચય થઈ શકે છે.

દાખલા તરીકે કોઈક વ્યક્તિએ ભગવત્સેવા માટે તમારી પાસેથી બે હજાર -પાંચ હજાર કે દસ હજાર માંગ્યા, હવે એ જોવાનું છે કે માંગવાની એની કૃતિ અને માંગવા માટેની એની વાણી એની પાછળ એનો હેતુ શો છે. ત્યારે એણે જે માંગણી કરી છે અને રૂપિયા લીધા છે તે લઈને એ શું કરે છે. માની લો કે એણે એ દ્રવ્ય લઈને શ્રીપ્રભુને મોહનથાળ, બુંદી, મઠરી વગેરે સામગ્રી અરોગાવી તો તે સામગ્રી ઘણા બધા મોટા પ્રમાણમાં બની હશે, હવે તે એ સામગ્રીભોગ ધરાયા પછી પ્રસાદનો શો ઉપયોગ કરે છે તે જોવાનું છે. પ્રથમ તો એ જોવાનું છે કે એ ભગવત્સેવાની કે વિશેષ મનોરથની જાહેરાત કરી હજારો લોકોને દર્શનાર્થ બોલાવે છે કે માત્ર ભગવાનને સમર્પવાનો જ તેનો હેતુ છે. ત્યારબાદ દર્શનમાં પણ તે ભગવત્સુખ અથવા ભગવત્પરિશ્રમનો વધુ વિચાર છે કે પછી લોકમનોરંજનમાં તેનો વધુ વિચાર છે તે જોવાનું છે. ત્યારબાદ જે ભગવત્પ્રસાદ છે તેનાં વિતરણમાં આવનાર દરેક વ્યક્તિ માટે **‘सर्वभूतेषु मन्मतिः’** પ્રકારે બુદ્ધિ રાખી સર્વમાં સમાનતા વિચારનારો છે કે પછી વિશિષ્ટ - અવિશિષ્ટ, સાધારણ-અસાધારણ, નાના-મોટા, અમીર-ગરીબ, લોકપ્રસિદ્ધ - લોકમાં અપ્રસિદ્ધ, પોતાના-પારકા વગેરેનો વિચાર રાખી તે મુજબ વ્યવહાર વર્તન કરનારો છે. તેમજ આ પ્રકારે માંગીને સેવા કરવાનો ભક્તિમાર્ગમાં કે આ સમ્પ્રદાયમાં રિવાજ કે સિદ્ધાન્ત છે અથવા આ પ્રકારે માંગીને મનોરથ કરવો શ્રીમહાપ્રભુને સંમત છે કે જેમની પરંપરામાં પોતે શિષ્ય છે ? જો ના, આવો માંગીને સેવા કરવાનો સિદ્ધાન્ત નથી ન શ્રીપ્રભુને પણ પ્રિય છે એમ ઉત્તર હોય તો પછી એની વાણી અને કૃતિ સિદ્ધાન્ત સંગત છે કે સ્વાર્થી છે એનો નિશ્ચય થઈ શકે છે. જ્યારે સમ્પ્રદાયનો પ્રાચીન ઈતિહાસ તપાસતાં માલૂમ પડે છે કે એવા પણ લોકો આ સમ્પ્રદાયમાં હતા કે જેમને આવશ્યકતાથી અધિક દ્રવ્ય પ્રાપ્ત થાય તો પોતાના અર્થેનો ખર્ચ રોજિન્દા મુજબ જ આવશ્યકતાનુસાર જ કરવો અને સર્વ દ્રવ્યનો ભગવદર્થે જ વિનિયોગ વિશેષ સામગ્રી વગેરે સ્વરૂપે કરવો અને તે પ્રસાદનું વિતરણ પણ ભેદબુદ્ધિથી યા સ્વાર્થબુદ્ધિથી નહિં પણ પ્રસાદનો સદુપયોગ હેતુ જ મનમાં રાખી સમાનતાએ સર્વને આપી દેવો.

આ પ્રમાણે શ્રીપુરુષોત્તમજીના અભિપ્રાયે આ ગ્રન્થ દ્વારા શ્રીમહાપ્રભુ ભગવદ્‌ગુણમાં થતા સન્દેહનું નિવારણ કરી ભગવદ્‌ગુણવર્ણનાત્મિકા કથામાં શ્રદ્ધા ઉત્પન્ન કરી ભક્તિવૃદ્ધિના શ્રવણ-કીર્તન રૂપ બે સાધનોની પણ નિઃસન્દેહતા પ્રકટ કરે છે કે શ્રવણ-કીર્તનથી ભક્તિની વૃદ્ધિ થાય જ છે એમાં કંઈ સન્દેહ જ નથી. સાધનની નિઃસન્દેહતા હોય તો જ જીવની તે સાધનમાં પ્રવૃત્તિ થાય છે. આ જ વાતને રશ્મિકાર શ્રીગોપેશ્વરજી ભાષ્યપ્રકાશમાં **‘सम्प्रदाये निवृत्ते’** કહેવાયેલ ઉક્તિ ઉપર ટીકામાં તેઓશ્રી જણાવે છે - **‘श्रवणादिसरणिरूपसाधनसत्त्वेपि निःसन्देहसाधननिवृत्तेः निःसन्देहसाधनसहिते सम्प्रदाये निवृत्ते इत्यर्थः’** અતઃ શ્રીમહાપ્રભુએ જે માર્ગ દૈવી જીવોના ઉદ્ધારાર્થ પ્રશસ્ત કર્યો છે તે માર્ગ નિઃસન્દેહસાધન સાહિત્યથી કર્યો છે અને તેથી જ અત્યારસુધીમાં અનેક વૈષ્ણવોની આ માર્ગમાં પ્રવૃત્તિ થઈને આ માર્ગનાં સાધનોને આચરીને ઉત્તમ-પુષ્ટિફલને પામવાવાળા બન્યા છે. આ બાબતમાં આજે તો એવી પરિસ્થિતિ કેટલીક વાર જોવા મળે છે કે સાંભળનારાઓ તો ઠીક પણ સ્વયં વકતાઓ પણ સાધનમાં સન્દેહવાળા બની ગયા છે અને તેથી જ આ માર્ગની પ્રણાલી ત્યાગીને અન્યમાર્ગનું અનુકરણ-અનુસરણ કરનારા અને અન્યમાર્ગી પદ્ધતિનું આ માર્ગમાં પ્રવર્તન-પ્રચલન કરનારા બનેલા જોવા મળે છે. આજે જે તથાકથિત બૌદ્ધિકો દ્વારા સુધારા-વધારા સૂચવાઈ રહ્યા છે અને તેનો કમ-જ્યાદા અંશે અમલ પણ થઈ રહ્યો છે એનાથી આ સમ્પ્રદાયનો આત્માજ નહિં પણ આખું

કલેવર પણ બદલાઈ જવાની ભીતિ છે, પછી સમ્પ્રદાયનું નામમાત્ર રહી જશે પણ આત્મા કે કલેવર સર્વથા બીજા જ -જુદા જ હશે અને એ જે પણ છે તે પણ નિઃસન્દેહ તો નથી જ પણ અતિશય સન્દેહવાળા જ છે. આવી પરિસ્થિતિમાં આ ગ્રન્થનું અધ્યયન-અધ્યાપન, પઠન-પાઠન, વાંચન, મનન ખૂબ જ ઉપકારક સિદ્ધ થઈ શકે છે એમાં પણ કોઈ સન્દેહ નથી.

તૃતીય ટીકાકાર શ્રીવલ્લભજી ગ્રન્થના આરંભે આભાસમાં લખે છે કે વેદ, રામાયણ, મહાભારત, પુરાણ વગેરે સર્વ શાસ્ત્રોમાં શ્રીહરિજ વકતવ્ય વિષય છે તેથી તે તે શાસ્ત્રો દ્વારા પ્રદર્શિત સર્વ ધર્મોમાં પણ ભગવદ્ગુણોનો પ્રવેશ અવશ્ય કહેવો જોઈએ અને જો તે સર્વધર્મોમાં ભગવદ્ગુણોનો પ્રવેશ છે તો તે બધામાં ભગવદ્ગુણરૂપ સાધનની અને તે ગુણથી થનાર ફલની એકરૂપતા - સમાનતા જ છે કે પછી દરેકમાં જુદા-જુદાપણું છે આ પ્રકારનો સન્દેહ આપશ્રી જણાવે છે. તેવીજ રીતે જ્ઞાન-કર્મ-વિહિત ભક્તિ-યોગ વગેરે માર્ગોમાં પણ ભગવદ્ગુણગાનનો મહિમા કહેવાયો છે અને તેમાં તેમાં તેનો ઉપયોગ પણ છે. જેમકે જ્ઞાનપ્રાપ્તિમાં **‘यथा यथात्मा परिमृज्यतेसौ मत्पुण्यगाथाश्रवणाभिधानैः । तथा तथा पश्यति वस्तुसूक्ष्मं चक्षुर्यथैवाञ्जनसम्प्रयुक्तम्’** (ભાગ. ૧૧-૧૪-૨૬), જેમ કર્મમાં કર્મકરણના અન્તે કહેવામાં આવે છે **‘यस्य स्मृत्या च नामोक्त्या तपोयज्ञक्रियादिषु, न्यूनं सम्पूर्णतां यातु सद्यो बन्दे तमच्युतम्’** યોગમાં પણ **‘सञ्चिन्तयेत् भगवश्चरणारविन्दं वज्राङ्कुशध्वजसरोरुहलाञ्छनाढ्यम्’** (ભાગ.૩-૨૮-૨૧) તો આ બધામાં પણ ભગવદ્ગુણોનો ઉપયોગ છે જ તો પછી ગુણનું ફલ સર્વત્ર સમાન જ થવું જોઈએ અને જ્યારે ફલ દરેકમાં અલગ-અલગ પ્રકારનું જોવા મળે છે કે જે તે-તે સ્થળોની ઉક્તિઓમાંથી જાણવા મળી રહે છે જેમ જ્ઞાનમાં ભગવદ્ગુણનું ફળ જ્ઞાનપ્રાપ્તિ છે, કર્મમાં ગુણનું ફળ કર્મ સમ્પૂર્તિ છે, યોગમાં ગુણનું ફળ ધ્યાનસિદ્ધિ વડે સમાધિની યોગ્યતાનું સમ્પાદન છે અથવા તો ચિત્તની એકાગ્રતા ફળ છે, શ્રીમહાપ્રભુના જણાવ્યા મુજબ શુદ્ધપુષ્ટિભક્તિમાર્ગમાં ભગવદ્ગુણરૂપ સાધન વડે માનસીભક્તિરૂપ ફલરૂપાભક્તિ ફળ છે અને માનસી સિદ્ધ દશામાં ફલાભિમુખી ભક્તિસિદ્ધિ ફળ છે. તો ભગવાનના જ ગુણનું ફલમાં જુદાપણું કેમ ? એમ સન્દેહનો વિષય છે અને એનો નિર્ણય કરનાર આ ગ્રન્થ છે એમ આપશ્રીનો અભિપ્રાય છે.

ફળ એટલે ઈચ્છા-અભિલાષા રાખીને કર્મ કરતાં કર્મના અન્તે ઈચ્છાપૂર્તિ એ ફળ છે જે શાસ્ત્રોમાં અલગ-અલગ બતાવેલી ફલશ્રુતિથી જાણી શકાય છે. તેમજ કોઈ પણ ક્રિયા એ પરિણામલક્ષી હોઈ ક્રિયાના અન્તે આવનાર પરિણામ એ ફળ છે, બીજની અન્તિમ અવસ્થા એ ફળ છે, જેને શુભ-અશુભ ફળ નામથી જાણવામાં આવે છે એ ભાગ્યથી જે પ્રાપ્ત થાય એ ફળ છે, વગેરે પ્રકારે ફળની વ્યાખ્યા જુદા જુદા લોકો વડે અનેક પ્રકારે કરવામાં આવે છે. પરંતુ આ બધી જ વ્યાખ્યાઓમાં ભગવદ્ગીતા જે માને છે તે વ્યાખ્યા જ આપણે સ્વીકારીએ તો **‘मयैव विहितान् हितान्’** (ગીતા. ૯ -) આ વાકયનો તાત્પર્યાર્થ ગ્રહણ કરતાં ભગવાને જે પણ ફળરૂપે વિધાન કર્યું છે તે જ ફળ છે. એ પ્રકારે ભગવાને જ દરેક વિષયમાં ફળનું વિધાન કર્યું છે અને તે તે લૌકિક-વૈદિક ફળ તે અનુસાર તે તે વિષયમાં થાય છે. એમાં શુદ્ધભક્તિમાર્ગમાં ભગવાને પોતાને જ ફળરૂપે નિશ્ચય કરેલો છે જે ગીતાના **‘मद्भक्ता यान्ति मामपि’** (ગીતા ૭-૨૩) આ વાકયથી જાણી શકાય છે. તેથી લોકમાં, વેદમાં કે લોકવેદાતીત વિષયમાં જે પણ ફળ થાય છે તે ભગવત્સામર્થ્યથી જ અથવા ભગવદિચ્છાથી જ થાયછે અને જ્યારે જુદા-જુદા ફલનું વિધાન ભગવાન વડે જ થયું છે ત્યારે તે ફલ પ્રાપ્તિના અધિકારીનું પણ વિધાન ભગવાન વડે જ હોઈ શકે, અન્ય કોઈ એમાં વચમાં આવી શકે તેમ નથી. લોકાસકત કે વેદાસકત લોકો ભલે કર્મ, મંત્ર, તંત્ર વગેરેને કે લોકચાતુરી વગેરેને ફળમાં હેતુ માને પરન્તુ વાસ્તવમાં લોકમાં કે વેદમાં જે ફળ થાય છે તે પરમ્પરાથી ભગવાન વડે જ થાય છે કારણ કે સમગ્ર જડ ચેતનાત્મક જગતના સ્વામી અને નિયન્તા એક માત્ર ભગવાન જ છે કે જે **‘सर्वस्यवशी सर्वस्येशानः’** શ્રુતિપ્રમાણથી

જાણી શકાય છે. અતઃ આ રીતે વિચારતાં જલભેદ ગ્રન્થમાં જે આધારભેદે ફલભેદ જણાય છે તે આધાર અને ફલ બંનેના નિયામક ભગવાન જ હોવાથી અને તેમની આ પ્રકારે જ જગતમાં ક્રીડા કરવાની ઈચ્છા હોવાથી ભગવાનની ઈચ્છાથી જ આધાર અને ફલમાં ભેદ થયેલા છે. અતઃ યદ્યપિ સમ્પૂર્ણ જગત ભગવદ્રૂપ છે છતાં પણ ભગવાને ક્રીડાર્થ જગતનો આવિર્ભાવ કરેલો હોવાથી પોતાની ઈચ્છા મુજબની ક્રીડામાં ભગવાનની ઈચ્છાથી જ જીવભેદ, આધારભેદ, સાધનભેદ, અધિકારભેદ, ભાવભેદ અને ફલભેદ છે તેથી તેમાં કંઈ આશ્ચર્યનો વિષય નથી. આ રીતે વિચારતાં આ ગ્રન્થ પુષ્ટિમાર્ગના અધિકારી સાધક માટે તો અત્યન્ત ઉપયોગી અને ઉપકારક છે જ પણ તેની સાથે સાથે જ્ઞાનાદિમાર્ગના સાધકો માટે પણ આ ગ્રન્થ ઉપકારક છે કારણ કે તેમની સાધનામાં શું શું અનુપયોગી કે બાધક છે તેનો ખુલાસો પણ આ ગ્રન્થથી થઈ શકે છે.

આ ગ્રન્થના ચતુર્થ ટીકાકાર શ્રીબાલકૃષ્ણજી સંક્ષિપ્તમાં પણ ગ્રન્થના હેતુ અંગે જણાવે છે કે પૂર્ણ પ્રેમભાવની ઉત્પત્તિમાં આ ગ્રન્થમાં કરાયેલ ભાવનિરૂપણ ઉપયોગી પણ છે અને સ્વમાર્ગીય ભાવબાધક ભાવોને જાણવાથી અને તેથી તે તરફથી નિવૃત્ત થતાં સ્વમાર્ગીયભાવની ઉત્પત્તિમાં વચ્ચે કોઈ બાધક ન રહેતાં પછી કોઈ પણ પ્રકારના વિઘ્ન વિના જ સરલતાથી પ્રેમભાવની ઉત્પત્તિ થાય છે. આ રીતે શ્રીબાલકૃષ્ણજી ગ્રન્થ બાબતે બે વાત પ્રસ્તુત કરે છે (૧) એક તો સ્વમાર્ગીયભાવ સાધક સાધનનો નિર્દેશ આ ગ્રન્થમાં થયેલો છે અને (૨) બીજી વાત આ ગ્રન્થમાં સ્વમાર્ગીય ભાવમાં જે-જે પણ બાધક તત્ત્વો છે તેનો નિર્દેશ થયેલો છે. આમ બંને વાતથી **‘भावो भावनया सिद्धः साधनं नान्यदिश्यते’** એમ સંન્યાસનિર્ણયમાં કહેવાયેલ ભાવન વડે જે ભાવસાધના કરવાની છે તેમાં આ ગ્રન્થ મહત્ત્વપૂર્ણરૂપે ઉપયોગી છે.

પ્રથમ શ્લોક -વિવરણ

પ્રથમ શ્લોકના વિવરણમાં સર્વ ટીકાકારો આ મુજબ જણાવે છે-

(૧) શ્રીકલ્યાણરાયજી - ‘नमसो गतिसंज्ञकत्वात् कुगतिप्रादय इति समासादत्र ल्यप् विसर्गस्य सकारो ‘नमस्पुरसोर्गत्यो’रिति । ‘यो भावान् भक्तमाहात्म्यं ज्ञापयित्वोद्धवादिषु । अहरत्सर्वदुःखानि वन्दितोभीष्टदोस्तु स’ इत्याशयेनाहुः हरिं नमस्कृत्येति । भगवति नमनातिरिक्तस्य कर्तुमशक्यत्वात् । वक्ष्य इति । निरूपिता भावाः प्रथमत आत्मने फलन्तीत्यात्मनेपदम् । तद्गुणानां विभेदकानिति । ते प्रसिद्धाश्च ते गुणाः सत्त्वरजस्तमांसि तेषां विभेदकान् निवर्तकानित्यर्थः । यद्वा । भगवतो ये गुणा धर्मास्तेषां निवर्तकान् । भगवतो भक्तार्थं सर्वसमत्वादेस्त्यागात् । ‘ये भजन्ती’ति वाक्यात् । यद्वा । तेषां जीवानां गुणा धर्मास्तेषां वैलक्षण्यसम्पादकानित्यर्थः । अथवा भगवतो ये धर्मास्तानानीयात्र दायकानित्यर्थः । भावान् विंशतिधा भिन्नानिति । भावशब्दस्यानेकार्थत्वेप्यत्र स्नेहस्तज्जन्याश्चावस्थाविशेषा भावा उच्यन्ते ।‘रतिर्देवादिविषया भाव इत्यभिधीयते’ इत्यादिभिः स्नेहाभिधानात् । गुणभेदैः कृत्वा विंशतिप्रकारैर्भिन्नान् । सर्वसन्देहवारकानिति । विधेयविशेषणमेतत् । भगवद्भजने सर्वेषां साधनानां स्वरूपतः फलतश्च ये सन्देहास्तन्निवारकान् । यद्वा । भावैर्भगवति स्फुरिते सर्वे सन्देहाः स्वत एव निवर्त्स्यन्तीत्यर्थः ।’

અર્થાત્ - ‘જે ભગવાન વ્રજગોપિકાઓ વગેરેના ભાવને પુરસ્કૃત કરીને ઉદ્ધવજી વગેરે સમક્ષ ભકતમાહાત્મ્ય જ્ઞાપન કરીને સર્વ દુઃખોને હર્યા છે તે મારા વડે નમસ્કાર કરાયેલા ભગવાન અભીષ્ટનું દાન કરનારા થાઓ’ એવા આશયથી **હરિને નમસ્કાર કરીને** એમ કહ્યું છે. કારણ કે ભગવાનમાં નમન સિવાય બીજું કંઈ પણ કરવું શક્ય નહિં હોવાથી. **કહું છું -** અહીં નિરૂપણ કરાયેલા ભાવો પ્રથમ પોતાને ફળે છે તેથી (**वक्ष्ये**) આત્મને પદ

પ્રયોગ છે. **તે ગુણોનું વિશેષ પ્રકાર નિવર્તન કરનારા - ‘तद्’** એટલે તે, ‘તે’ એટલે સત્ત્વ-રજ-તમ એ પ્રસિદ્ધ ગુણો છે તેનું **વિભેદ કરનારા** એટલે નિવર્તન કરનારા એમ અર્થ છે. અથવા, ભગવાનના જે ગુણો-ધર્મો છે તેનું નિવર્તન કરનારા, ભકતોને અર્થે પોતાના સર્વસમપણું વગેરે ધર્મો છે તેનો પણ ભગવાન ત્યાગ કરતા હોવાથી **‘જે લોકો મને ભક્તિપૂર્વક - પ્રેમપૂર્વક ભજે છે તેઓ મારામાં અને હું તેમનામાં હોઉં છું’** (ગીતા.૯-૨૯) એમ ભગવદ્વાક્ય હોવાથી. અથવા, **‘तद्’** એટલે **‘तेषाम्’** તે જીવોના ગુણો-ધર્મો છે તેની વિલક્ષણતા સમ્પાદન કરનારા એમ અર્થ છે. અથવા, ભગવાનનાં જે ધર્મો છે તેને લાવીને અહીં આપનારા એમ અર્થ છે. **વિશ પ્રકારે જુદા ભાવો-** ભાવ શબ્દના અનેક અર્થો થાય છે, તેમ છતાં પણ અહીં સ્નેહ અને તેથી ઉત્પન્ન થનારા વિશેષ અવસ્થારૂપે ભાવો (ભાવ શબ્દથી) કહેવાય છે. **‘દેવાદિ વિષય સ્વરૂપની રતિ એ ભાવ કહેવાય છે’** વગેરે વાક્યોથી સ્નેહ જ ભાવ છે. તે ભાવ ગુણભેદ વડે કરીને વિશ પ્રકારે જુદા-જુદા છે. **સર્વસન્દેહવારણ કરનારા** - આ વાક્ય વિધેયનું વિશેષણ છે. ભગવદ્‌ભજનમાં સર્વ સાધનોની બાબતમાં તેનાં સ્વરૂપ અને ફલથી જે સન્દેહ થાય છે તેનું નિવારણ કરનારા. અથવા, ભાવ વડે ભગવાન સ્ફુરિત થતાં તે સર્વ સન્દેહોનું આપોઆપ જ નિવર્તન થઈ જશે એમ અર્થ છે.

(૨) શ્રીપુરુષોત્તમજી - ‘हरिं ‘हराम्यघं यत्स्मर्तृणा’मिति भारतवाक्यात्स्मरतामघहर्तारं भगवन्तं नमस्कृत्य, तद्गुणानां तच्छब्दस्य सन्निहितपरामर्षित्वात्तस्य हरेः गुणानामुत्कर्षाधायकानाम् धर्माणां विभेदकान् विशब्दो नानार्थः नानाभेदजनकान् विंशतिप्रकारेण भिन्नान्, सर्वसन्देहवारकान् गुणस्वरूपफलविषयकाः सर्वे पूर्वोक्तप्रकारका अन्ये च ये तादृशाः सन्देहास्तेषां निवर्तकान् भावान् जीवानां मनोविकारान् वक्ष्ये कथयिष्यामि । अत्र सर्वसन्देहवारकानितिविशेषणेन सन्देहनिवृत्तिरूपफलसूचनात्तदर्थं गुणाधारभूतान् भावान् वक्ष्यामीत्यर्थः । न चात्र

गुणेषु तदभिध्यानन्यायाङ्गीकारे किं मानमिति शंक्यम्, उपसंहारवाक्ये, ‘इति जीवेन्द्रियगता नानाभावं गता भुवी’त्यत्र जीवेन्द्रियगतानां नानाभावप्राप्तिकथनेन तदभिध्यानसूत्रोक्तन्यायस्यैव सूचितत्वादिति ।’

અર્થાત્ - હરિને - ‘મારું સ્મરણ કરનારાઓના પાપોનું હું હરણ કરું છું’ એમ મહાભારતના વાક્ય મુજબ પાપોનું હરણ કરનારા એવા ભગવાનને **નમસ્કાર કરીને, તેમના ગુણોનો** - અહીં **‘तत्’** શબ્દ એ જેનો પરામર્ષ કરાયો છે તેની સાથે સંનિહિત હોવાથી **‘तत्’** એટલે તે હરિના **ગુણોનો**-ઉત્કર્ષાધિાયક ધર્મોનો, **વિભેદ કરનારા**- ‘વિ’ શબ્દ ‘જુદા-જુદા’ અર્થમાં છે તેથી જુદા-જુદા ભેદો કરનારા **વિશ** પ્રકારે **જુદા, સર્વસન્દેહવારણ કરનારા-** ગુણ-સ્વરૂપ-ફલ વિષયમાં પૂર્વમાં (આભાસમાં) કહેવાઈ ગયેલા સર્વ તેમજ તેવા બીજા પણ જે સન્દેહો છે તેનું નિવારણ કરનારા **ભાવોને** - જીવોના મનોવિકારોને **કહીશ**. અહીં ‘સર્વસન્દેહનું નિવારણ કરનારા’ એ (ભાવ શબ્દના) વિશેષણ વડે સર્વસન્દેહોની નિવૃત્તિ સ્વરૂપના ફલને સૂચિત કર્યું હોવાથી તે સન્દેહ નિવારણ અર્થે ભગવાનના ગુણોના આધાર બનેલા જે ભાવો છે તે હું કહીશ એમ અર્થ છે. અહીં ગુણોની બાબતમાં (આભાસમાં કહેવાયેલ) **‘तदभिध्यानादेव तु तल्लिङ्गात्’** (જેમ ભગવાન આકાશ વગેરે આધારરૂપ પંચમહાભૂતોમાં તે - તે રૂપે રહી તે -તે કાર્ય કરે છે, તેમ ભગવાનના ગુણો પણ ભગવદ્રૂપ હોવાથી તે-તે ભાવરૂપ ભૌતિક આધારોમાં રહીને તે - તે ભાવો અનુસારના જ કાર્યો કરે છે) આ ન્યાય સ્વીકારવામાં શું પ્રમાણ ? તેમ શંકા કરવી નહિં, કારણ કે આ ગ્રન્થના ઉપસંહારમાં **‘એવી રીતે રૂપથી અને ફલથી પૃથ્વી ઉપર નાના પ્રકારના ભાવને પ્રાપ્ત થયેલા જીવ અને ઈન્દ્રિયોમાં રહેલા વિષ્ણુના ગુણોનું નિરૂપણ કરેલું છે’** અહીં જીવ-ઈન્દ્રિયમાં રહેલાની નાના ભાવ પ્રાપ્તિ કહેવાયેલી હોવાથી તદભિધ્યાન સૂત્રમાં કહેવાયેલ ન્યાયનું અહીં સૂચન

કરવામાં આવેલું છે.

(૩) શ્રીવલ્લભજી - ‘हरिं नमस्कृत्य भावान् वक्ष्ये । भावास्तु ‘इति जीवेन्द्रियगता’ इत्यत्रोपसंहारे जीवगता एवोक्ता इत्युपक्रमेति त एव ज्ञेयाः । तैरेव भगवद्गुणानामनेकरूपत्वम्, अन्यथा भगवद्गुणाः सर्वे सत्तत्स्वरूपात्मका इत्येकरूपत्वमेव, गुणगुणिनोरभेदात् । आधारगुणसम्बन्धादेव तेषां भेद इति विशेषणमाहुः तद्गुणानां विभेदकानिति । भगवद्गुणानां स्वरूपतः पृथक्कारकान् भिन्नत्वेन ज्ञापकानित्यर्थः । अथवा स्वस्वभावानुसारेण फलसाधकान्, न तु तदनुसारेणेत्यर्थः । एतदेव भेदकत्वं भावानाम् । ते भेदाः कतीति प्रमाणमाहुः विंशतिधा भिन्नानिति । तत्रापि द्वैविध्यम् । एके जीवाधिकारानुसारिणः । एके पुनः कृपया भगवद्दानजन्याः स्वरूपनिष्ठाः स्वतन्त्रास्ते भिन्नाः, ते एवाग्रे अमृतोददृष्टान्तेन वाच्याः । एते सर्वेपि भेदा वेदे कथिताः ‘कूप्याभ्यः स्वाहा’ इत्यादिना । एतद्विवेचने सर्वेषां स्वरूपज्ञानेन सर्वे सन्देहा निवर्तन्त इत्याहुः सर्वसन्देहवारकानिति । एतदर्थमेव वेदेप्युक्ताः ।’

અર્થાત્ - હરિને નમસ્કાર કરીને ભાવોને કહીશ. જે ભાવો કહેવાના છે તે ભાવો **‘આ રીતે જીવ-ઈન્દ્રિયમાં રહેલા’** એમ (આ ગ્રન્થના) ઉપસંહારમાં જીવમાં રહેલા જ કહ્યા છે તેથી ઉપક્રમમાં પણ તે જ જાણવા. તેના વડે જ (તે ભાવો વડે જ) ભગવદ્ગુણોની અનેકરૂપતા છે, અન્યથા ભગવાનના ગુણો બધા તે-તે સ્વરૂપાત્મક છે તેથી તેની એકરૂપતા જ (ભગવદ્રૂપતા જ) છે, ગુણ-ગુણી વચ્ચે અભેદ હોવાથી. આધારગુણના સમ્બન્ધ થકી જ તેનો ભેદ છે એમ જણાવવા વિશેષણથી કહે છે - **તેમના ગુણોનો વિભેદ કરનારા.** ભગવદ્ગુણોને સ્વરૂપથી જુદા

કરનારા જુદાપણાએ જ્ઞાપન કરનારા એમ અર્થ છે. અથવા, પોતપોતાના ભાવ અનુસાર ફળ સાધનારા, નહિં કે ભગવદ્ગુણના અનુસાર ફળ સાધનારા. ભાવોનું આજ ભેદ કરવાપણું છે. તે ભેદો કેટલા છે તેનું પ્રમાણ કહે છે - **વિશ પ્રકારે જુદા.** એમાં પણ દ્વિવિધતા - બે પ્રકારપણું છે. એક પ્રકાર-જીવ અધિકાર અનુસારના અને એક ભગવાનની કૃપાથી ભગવાન વડે દાનથી થનારા ભગવત્ સ્વરૂપનિષ્ઠ સ્વતંત્ર પ્રકારના તે (જીવાધિકાર અનુસારથી) ભિન્ન છે, એ કૃપાથી થનાર સ્વરૂપનિષ્ઠ ભાવ આ ગ્રન્થમાં આગળ **અમૃતોદ** દૃષ્ટાન્તથી કહેવાયા છે. આ બધા જ ભેદો વેદમાં **‘कूप्याभ्यः स्वाहा’** વગેરેથી કહેવાયા છે. આનું વિવેચન થતાં સર્વ ભાવોના સ્વરૂપજ્ઞાન વડે સર્વ સન્દેહોનું નિવારણ થાય છે એમ **સર્વસન્દેહ વારણ કરનારા** વાક્યથી જણાવ્યું છે. વેદમાં પણ આ અર્થે જ કહ્યા છે.

(૪) શ્રીબાલકૃષ્ણજી - ‘हरिमकारणसर्वदुःखहर्तारं नमस्कृत्य तद्गुणानां तदीयभक्तगुणानां विभेदकान् विशेषेण भेदबोधकान् भावान् वक्ष्ये इति सम्बन्धः । विंशतिप्रकारेण भिन्नान् तान् वक्ष्य इत्यर्थः । ननु एतत्कथनं किंप्रयोजनकमित्याकाङ्क्षायामाहुः सर्वसन्देहवारकानिति ।’

અર્થાત્ - હરિને કોઈ પણ કારણ વિના સર્વ દુઃખોનું હરણ કરનારને નમસ્કાર કરીને, **તેમના ગુણોનો** - ભગવદીય એવા ભક્તોના ગુણોનો **વિભેદ કરનારા**- વિશેષ પ્રકારે ભેદનો બોધ કરનારા, **ભાવોને કહીશ** એમ સમ્બન્ધ છે. વિશ પ્રકારે જુદા તેને કહીશ એમ અર્થ છે. આમ કહેવાનું શું પ્રયોજન ? એવી આકાંક્ષા થાય ત્યાં કહે છે -

સર્વસન્દેહવારણ કરનારા. જે સાંભળવાથી સર્વનો સન્દેહ દૂર થાય છે એમ અર્થ છે. અથવા, બધા સન્દેહવારણ કરનારા છે એમ ભાવ છે.

વિવરણ - શ્રીકલ્યાણરાયજીના અભિપ્રાયે ગ્રન્થનો વિધેય વિષય ભાવ છે અને ભાવના અનેક અર્થો હોઈને પણ મુખ્ય અર્થ સ્નેહ જ છે તેથી સ્નેહ થકી વિશેષ અવસ્થાઓમાં થનારા ભાવોનું નિરૂપણ આ ગ્રન્થનો વર્ણ્ય વિષય છે. આમ કહેવાથી જેમ તૈત્તિરીય સંહિતામાં જલના વિશ પ્રકાર બતાવ્યા છે તેથી ઉત્તમ- અનુત્તમ દરેક પ્રકારમાં પણ જલની તો સત્તા છે જ તેમજ જલ વસ્તુતઃ ઉત્તમ જ છે તેમ છતાં પણ ઉત્તમ- અનુત્તમ વગેરે જે લોકમાં જલ માટે પ્રયોગ થાય છે તે જલના આધારને લઈને જ થાય છે. તેમ અહીં પણ જણાવાયેલા સર્વ પ્રકારોમાં ભગવદ્‌ગુણની સત્તા છે જ અને ભગવદ્‌ગુણો એ વસ્તુતઃ ઉત્તમોત્તમ જ છે તેમ છતાં પણ ઉત્તમ-અનુત્તમ વગેરે ભેદ ગુણના આધાર જીવેન્દ્રિયને લઈને કહેવાયા છે. જેમ આ મલિન જળ છે એમ કહેતાં જલ સ્વયં વસ્તુતઃ મલિન છે એમ કહેવાનું તાત્પર્ય નથી કારણ કે સર્વત્ર જળ એ જળ જ છે અને વસ્તુતઃ એ મલિન નથી, નહિંતર બીજે સ્થળે આ ઉત્તમ જળ છે એ પ્રયોગ જ થઈ શકે નહિં. વર્ષાનું એક જ જળ જલસંચયના ટાંકામાં ભરેલું પેય-શુદ્ધ છે અને એ જ જળ સડક પર વહેતું અપેય - અશુદ્ધ છે, તેવી જ રીતે ભગવદ્‌ગુણ સમાન-ઉત્તમ હોઈને પણ જે પ્રકારના આધાર સાથે સમ્બન્ધ કરેલ હોય છે તે - તે મુજબ ત્યાં-ત્યાંથી ભગવદ્‌ગુણ ગ્રાહ્ય-અગ્રાહ્ય કહેવાય છે. તેથી એમ નથી સમજવાનું કે ત્યાં રહેલો ભગવદ્‌ગુણ કોઈ અલગ છે અને તે ભગવદ્‌ગુણ અગ્રાહ્ય છે. ભગવદ્‌ગુણ તો સર્વદૈવ સર્વથા ગ્રાહ્ય જ હોઈ શકે છે, તેની અગ્રાહ્યતા કહી શકાય તેમજ નથી, પરન્તુ મનુષ્યનું ચિત્ત બહિઃસંવેદનશીલતામાં બહારની તરફના વિષયોનું ગ્રાહક છે તેથી બહારના જે પણ વિષયોનો ઈન્દ્રિયો વગેરે વડે ચિત્ત સાથે સંયોગ થાય છે ચિત્ત તે વિષયોનું ગ્રહણ કરે છે અને તેનો બુદ્ધિમાં સંગ્રહ થાય છે. તેથી કરીને બહાર તરફના જે પણ ગુણ-દોષરૂપ વિષયો છે તેનું ગ્રહણ કરે છે. તૃતીય સ્કન્ધ કપિલગીતામાં શ્રીસુબોધિનીમાં શ્રીઆચાર્યચરણે કહ્યા અનુસાર- **'तत्र आसुराणि बलिष्ठानि'** તે મુજબ વર્તમાન-સાધનદશામાં આસુરપણાની બલવત્તા હોવાથી ચિત્તની ગુણ-ગ્રાહકતાની અપેક્ષા દોષગ્રાહકતા વધુ અને

પ્રબળ હોય છે. અતઃ તેવી દશામાં દોષયુક્ત આધારમાં રહેલ ભગવદ્‌ગુણ હોય ત્યારે તેના સંગથી સંગ કરનારનું ચિત્ત ભગવદ્‌ગુણ ગ્રહણ નહિં કરીને દોષ ગ્રહણ જ કરશે, તેથી ભગવદ્‌ગુણની સત્તા હોવા છતાં પણ દોષયુક્ત આધાર હોતાં તે સાધકની સાધનામાં બાધક-પ્રતિબન્ધક જ બનશે તેથી તેવાઓનો સંગ ન કરવો અને તેવાઓને **'दूरतः परिवर्जयेत्'.** એ અર્થમાં આ આધારરૂપ વિવિધભાવોનું નિરૂપણ કરીને ભક્તિવૃદ્ધિ સાધનામાં જે બાધક તેવાઓના સંગનો નિષેધ અને જેના સંગથી ભક્તિવૃદ્ધિ સાધના બલવતી બને છે - જીવની તે સાધનોમાં રુચિ-પ્રવૃત્તિ થાય છે - સ્નેહ પ્રવૃદ્ધ થાય છે તેવાઓના જ સંગનું વિધાન શ્રીઆચાર્યચરણ કરવા માંગે છે એમ શ્રીકલ્યાણરાયજીનું તાત્પર્ય છે.

બીજી એ વાત પણ અહીં વિચારણીય છે કે શ્રીકલ્યાણરાયજી આ સ્થળે **'માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સર્વતોધિક સ્નેહ'** ને જ ભાવના મુખ્ય અર્થમાં સ્વીકારે છે અને તેના થકી અવસ્થાવિશેષમાં થનારા ભાવોને પ્રકાર વિશેષમાં સ્વીકારે છે. આમ કહેવાથી **'क्षेत्रप्रविष्टास्तेचापि संसारोत्पत्तिहेतवः'** તેમજ **'वेश्यादिसहित मत्ता गायका गर्तसंज्ञिताः'** તેમજ **'वेश्यादिसहिता मत्ता गायका गर्तसंज्ञिताः'** તેમજ **'जलार्थमेवगर्तास्तु नीचा गानोपजीविनः'** તેમજ **'तपो ज्ञानादिभावेन स्वेदजास्तु प्रकीर्तिताः' 'देवाद्युपासनोद्भूताः पृष्वा भूमेरिवोद्गताः'** વગેરે સર્વ ભાવોમાં સ્નેહની સત્તા સ્વીકારવી પડશે. જ્યારે શ્રીપ્રભુચરણ ભક્તિહંસમાં આવા લોકોની ભક્તિ માટે **'(श्रवणादि नवकं) वृत्त्यर्थंचेत् कृषिवल्लौकिक एव'** અર્થાત્ - જો વૃત્તિને અર્થે અથવા શ્રીકલ્યાણરાયજીના શબ્દોમાં કહીએ તો દેહ-કુટુમ્બના ભરણ પોષણ અર્થે શ્રવણ-કીર્તન વગેરે નવ પ્રકારો કરવામાં આવે ત્યારે તે શ્રવણ-કીર્તન વગેરે ભક્તિરૂપ યા જ્ઞાનાદિ માર્ગોના સાધનરૂપ પણ હોતાં નથી પરન્તુ તે માત્ર ખેતીની માફક લૌકિક જ હોય છે' ખેતીની માફક લૌકિક જ છે એટલે જેમ ખેતી કરનારો ખેડૂત ખેતી માટે જમીન શુદ્ધ કરવી,

ખેડવું, બીજારોપણ કરવું વગેરેથી લઈને પાક લણતાં સુધીની જે પણ ક્રિયા કરે છે તેમાં દેહ-કુટુંબના પોષણના લૌકિક હેતુથી ઈતર અન્ય કોઈ હેતુ હોતો નથી અતઃ એ ક્રિયા માત્ર લૌકિકી જ છે, જ્યારે તત્સમાન દેખાતી હોવા છતાં પણ યજ્ઞને અર્થે જમીન સાફ કરવી, ખેડવું વગેરે ક્રિયા લૌકિક નથી પણ અલૌકિક-વૈદિકી છે, તેમ વૃત્તિનો હેતુ ચિત્તમાં રાખી તદર્થ કરાતાં શ્રવણ-કીર્તનાદિ અલૌકિક સમાન દેખાતા હોવા છતાં પણ તેનો હેતુ લૌકિક હોવાથી તે કૃષિની માફક લૌકિક જ છે. આની વધુ સ્પષ્ટતા આથી આગળના દૃષ્ટાન્તથી **‘शौचार्थिगङ्गाजलस्पर्शवच्च’** થી સમજી શકાય છે. જેમ કોઈ ગંગાતીરે રહેતો વ્યક્તિ શૌચ જવા માટે ગંગાના પ્રવાહમાંથી લોટો ભરે ત્યારે એનો નદીપ્રવાહ રૂપ ગંગાનો સ્પર્શ એ લૌકિક જ કહેવાશે, અલૌકિક ભગવચ્ચરણોદકસ્પર્શ નહિં કહેવાશે, તેથી એનું ફળ પણ લૌકિક જ -શૌચ શુદ્ધિ જ થશે, અલૌકિક ફળ નહિં થાય. તેથી આવા લૌકિક હેતુથી અથવા તો અતિ લૌકિકમાં વ્યાપૃત થયેલા અને પાછા તેવી જ અવસ્થામાં થનારા શ્રવણ-કીર્તનમાં સ્નેહનો સદ્ભાવ કેવી રીતે માની શકાય ? તો આનો ખુલાસો ભક્તિહંસથી જ મળી જાય છે ત્યાં આગળ જ શ્રીપ્રભુચરણ જણાવે છે કે ભક્તિ શબ્દમાં રહેલી શક્તિ એ તો સ્નેહ જ છે પણ સ્નેહ વિનાના ઈતર પ્રકારોમાં જે ભક્તિ શબ્દ પ્રયોગ થાય છે તે ઉપચાર માત્રથી કહેવામાં આવે છે. તેવી જ રીતે આ ગ્રન્થમાં પણ સ્નેહ વિનાના જે પણ ભાવો કહ્યા છે તેમાં ભાવ પદ પ્રયોગ ઉપચાર માત્રથી સમજવો જોઈએ, ત્યાં ભાવનો મુખ્ય અર્થ પ્રાપ્ત નથી અને તેથી જ તે ભાવવાળાઓનો સંગ આ માર્ગના સાધક માટે અયોગ્ય અથવા બાધક કહ્યો છે. અતઃ વિશ પૈકી જ્યાં જ્યાં પણ ભાવ શબ્દનો મુખ્ય અર્થ પ્રાપ્ત નથી થતો ત્યાં-ત્યાં શ્રીકલ્યાણરાયજીના કહ્યા મુજબ મુખ્ય અર્થ સિવાયના જે બીજા ગૌણ અનેક અર્થો છે તે અર્થો સાથે એ બધા ભાવોનો સંબન્ધ છે એમ જાણવું જોઈએ. ત્યારે **‘भूयते इति भावः’** ભરતમુનિના નાટ્યશાસ્ત્રમાં જણાવેલ અર્થ મુજબ જે પ્રથમ મનમાં ઉત્પન્ન થઈ દેહાદિ સર્વમાં વ્યાપ્ત થનાર વિષયને ભાવ સંજ્ઞા અપાઈ છે તે અર્થમાં જેમ કામભાવ, ક્રોધભાવ, ઈર્ષ્યાભાવ, મધુર ભાવ, વગેરેને ભાવ સંજ્ઞા પ્રાપ્ત છે તે અર્થમાં સ્નેહ વિનાના પ્રકારોમાં ભાવ શબ્દનો અર્થ સમજવો જોઈએ. જેમ તૈત્તિરીય ઉપનિષદ્માં આનન્દ ગણનામાં આરંભે **‘स एको मानुष आनन्दः’** એમ કહ્યું છે અને સિદ્ધાન્તમાં **‘आनन्दश्च पूर्वमेव तिरोहितः’** એમ (અણુભાષ્ય ૩-૨-૫) કહ્યું છે તેથી જીવમાં આનન્દનો તિરોભાવ સ્વીકાર્યો છે. તેમજ જે પ્રાકૃતિક પંચમહાભૂતોથી બનેલું શરીર છે અને તે પંચમહાભૂતોમાં તો ચિદ્-આનન્દ બન્નેનો તિરોભાવ છે, તેમ છતાં પણ ઉપનિષદ્માં જે એક માનુષ-મનુષ્ય સંબન્ધી આનન્દ’ કહ્યો છે તે આનન્દાંશ અન્તર્યામીની દેહમાં જીવ સાથે સ્થિતિ ને લઈને તેના ઉપચાર માત્રથી કહ્યો છે તેથી જ તેનાં પૂર્વના વાક્યોમાં **‘सर्वा पृथ्वी वित्तेन पूर्णा स्यात्’** વગેરે વાક્યોથી પ્રાકૃતિક-ભૌતિક પદાર્થો ઉલ્લેખ્યા છે. તેમજ ‘એક આનન્દ’ એમાં જે એક સંખ્યા છે તે પુરુષોત્તમ અથવા અક્ષર બ્રહ્મથી અન્તર્યામીના આનન્દની અતિશય ઉણપ-ઓછપ અથવા તો તેની અતિ ક્ષુદ્રતા દર્શાવવા માટે છે. તેમ છતાં પણ મનુષ્ય જે જીવનમાં આનન્દ આવ્યો એમ અનુભવ કરે છે તે અન્તર્યામીને લઈને જ કરે છે અને અન્તર્યામીનું ઉપધાન કરીને માયા મનુષ્યને કે જીવને પ્રાકૃત પદાર્થોમાં આનન્દનો આભાસ ઉત્પન્ન કરે છે. તેવી જ રીતે આ ગ્રન્થમાં પણ જે સ્નેહવિહોણા પ્રકારોમાં ‘ભાવ’ શબ્દ પ્રયોજ્યો છે તે ભગવન્નામાત્મક ભગવદ્ગુણની ઉપચારાત્મક સ્થિતિ થકી જ પ્રયોજાયેલો છે વર્ના ત્યાં સ્નેહનો છાંટો પણ છે તેમ માની શકાય તેમ નથી.

મને તો અહીં એમ જણાય છે કે સ્નેહવિહોણા ભાવવાળા લોકો વડે કથા-ગાન કે ભિક્ષાર્થે ભગવન્નામ લેવામાં આવતું હોય ત્યારે આ પ્રકારે યા આટલો પણ ભગવન્નામ - ભગવદ્ગુણનો સમ્પર્ક તેમને થયો છે અને તે જો દૈવી જીવ હશે તો કાલાન્તરમાં કે જન્માન્તરમાં પણ તેમનામાં ભગવદનુગ્રહે સ્નેહબીજનું સ્થાપન થઈ તેઓ પણ ભક્તિમાં વળી શકે છે, જે છિતસ્વામીના પ્રસંગથી અથવા શ્રીનારદજીના પૂર્વજન્મના ઉપબર્હણના પ્રસંગથી જાણી શકાય છે. આવા પ્રસંગોમાં પણ અજામિલ ઉદ્ધારનો

પ્રકારજ સમજવો જોઈએ. જેમ પુત્રના ઉપચારથી લેવાયેલ ભગવન્નામ વખતે પણ દૈવીજીવ હોવાથી ભગવદનુગ્રહે લેવાયેલ નામમાં ભગવદ્‌ગુણની ઉપસ્થિતિથી અજામિલનો ઉદ્ધાર થયો તેમ તેમ આવા લોકો દ્વારા લેવાતા ભગવન્નામમાં પણ જો ભગવાનનો અનુગ્રહ હોય તો ક્યારેક તેના દ્વારા ઉચ્ચાર્યમાણ ભગવન્નામમાં ભગવાનનો પ્રવેશ થઈ તેનું કલ્યાણ કરવાની પ્રભુની સત્તા-ક્ષમતા અબાધિત છે. તેમ છતાં પણ આવા પ્રસંગોમાં જો વકતા દૈવી જીવ હશે અને તેના ઉપર ભગવાનનો અનુગ્રહ હશે તો જ આમ થઈ શકે છે, પરન્તુ તે ભગવન્નામ શ્રોતાનું તો કલ્યાણ નહિં જ સાધે-ત્યાં તો **‘संसारोत्पत्तिहेतवः’** માં કહેવાયેલ જ ફળ થશે. તેથી તેવાઓનો સંગ પણ ન કરવો, તેવાઓનો તિરસ્કાર પણ ન કરવો અને તેવાઓને **‘दूरतः परिवर्जयेत्’** નો વિવેક રાખવો.

શ્રીપુરુષોત્તમજી ‘ભાવો’ શબ્દનો જીવોના મનોવિકારો અર્થ ગ્રહણ કરે છે અને તેમાં પ્રમાણ તરીકે આ ગ્રન્થના ઉપસંહારમાં કહેલાં વાક્યો ટાંકે છે કે **‘इति जीवेन्द्रियगता नानाभावं गता भुवि’** તેમ છતાં પણ **‘समुद्रियाभ्यः स्वाहा’** અનુસારના ઓગણિસમાં ભાવના વિવેચનમાં શ્રીપુરુષોત્તમચરણના જણાવ્યા અનુસાર **શેષ-વ્યાસ-અગ્નિ-વાયુ** વગેરે જીવો નહિં પણ વિભૂતિરૂપ-ભગવદવતારો છે અને તેથી જ વ્યાસજીનો ઉલ્લેખ કરતાં **‘व्यासो भगवान् बादरायणः, भगवतो ज्ञानावतारः’** એમ જણાવે છે. તેમજ **‘अमृतोदाः’** ના વિવેચનમાં પણ **‘स्वयं गुणातीततया विचक्षणाः सर्वज्ञातारः सन्तो ये वर्णयन्ति .... अतस्तादृशां भावो गुणातीत एव’** એમ લખે છે. અતઃ ભાવો મનોવિકારતા જલભેદોક્ત સર્વભાવોમાં આપશ્રીને સ્વીકાર્ય હોય તેમ દેખાતું નથી. કારણ કે ભગવદવતારોમાં મનોવિકાર જણાવવો શક્ય નથી તેવી જ રીતે ગુણાતીત જીવોમાં પણ મનોવિકાર કહેવો શક્ય નથી.

તો પછી કોઈને એમ પ્રશ્ન થાય કે અમારા દ્વારા લખાયેલ ‘જલભેદ

પૂર્વપીઠિકા’ માં પૃ.૨૮ થી ૩૧ માં શ્રીઆચાર્યચરણનો જલભેદોક્ત વકતાઓના પ્રકારોમાં સમાવેશ થઈ શકતો નથી કારણ કે ઉપસંહાર વાક્ય સાથે તેની સંગતિ થતી નથી, તો તેથી અલગ એવા ઉપર્યુક્ત વ્યાસાદિનો પણ તેમાં સમાવેશ નથી છતાં તેમનો-તે ભાવવાળાઓ ગ્રન્થમાં ઉલ્લેખ છે તો તેનું શું ? એનાં સમાધાનમાં શ્રીગોપીનાથચરણ-શ્રીપ્રભુચરણ વગેરેએ શ્રીઆચાર્યચરણનું સ્વરૂપ જે પ્રકારે પ્રદર્શિત કર્યું છે તેમાં અવતારપણું, વિભૂતિપણું કે પછી ગુણાતીત જીવપણું સિદ્ધ થતું નથી પરન્તુ સાક્ષાત્ કૃષ્ણપદાર્થના રૂપમાં જ નિરૂપણ કરેલું હોઈ શ્રીઆચાર્યચરણનો શેષ-વ્યાસાદિની કોટિમાં સમાવેશ કરવો યોગ્ય નથી. તેથી શ્રીઆચાર્યચરણના સ્વરૂપમાં ‘વૈશ્વાનર’ - ‘વાગધિપતિત્વ’ કહેવાયું છે તેને વિભૂતિ કહેવામાં આવે ત્યારે પણ તે વિભૂતિપણું સત્ત્વાધારતાથી યા અક્ષરાત્મકતાથી નથી પણ **‘प्रद्युम्नः सहि विज्ञेयः’** ના પ્રકારે પુરુષોત્તમનું જ પોતાના વિશેષ કાર્ય અર્થે પુરુષોત્તમત્વના અબાધ પ્રકારે વિશેષ ભવન થવું એ વિભૂતિના અર્થમાં કહી શકાય છે, ત્યારે પણ આપશ્રીનો સમાવેશ આ બધા સાથે થઈ શકતો નથી એમ જાણવું.

તૃતીય ટીકાકાર શ્રીવલ્લભજી પણ શ્રીપુરુષોત્તમજીના જ તાત્પર્યને વધુ સ્પષ્ટ કરતાં સમજાવે છે કે **વિશ પ્રકારના ભેદોમાં બે પ્રકાર છે, એક જીવ અધિકાર અનુસારના અને બીજો ભગવદનુગ્રહે ભગવાનના આપવાથી થનારા, તે જ આગળ અમૃતોદ દષ્ટાન્તથી કહેવાયા છે.’** શ્રીવલ્લભજીની આ સ્પષ્ટતાથી એમ પણ જાણી શકાય છે કે અમૃતોદના ભાવમાં જે એનું ગુણાતીતપણું છે તે પણ તેમની સર્વથા ભગવત્ પ્રપન્નતાને લીધે જ છે કારણ કે ગીતામાં ભગવાને કહ્યું છે કે **‘मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते’** (ગીતા.૭-૧૪), તેમજ સર્વભાવોથી તેમનું ઉત્તમોત્તમપણું છે (પૂર્વમાં ૧૮ માં ભાવપર્યન્તમાં કહેવાયેલ ભાવોની અપેક્ષા ઓગણિસમો ભાવ એ સર્વોત્તમ છે પણ તેમાં પણ ભક્તિમાર્ગમાં ભક્તિવૃદ્ધ્યર્થ સાધનામાં શેષ-વ્યાસાદિથી પણ ઉત્તમ એટલે સર્વોત્તમોત્તમપણું છે) તે તેમની ગુણાતીતપણાને કારણે કહેવાઈ નથી

પરન્તુ ભગવાન જ્યારે તેવો અધિકાર કૃપાપૂર્વક દાન કરીને સમ્પાદન કરે ત્યારે જ થઈ શકે છે.

બીજી વાત શ્રીવલ્લભજીના અભિપ્રાયે એમ છે કે વેદમાં પણ જે **‘कूप्याभ्यः स्वाहा’** થી લઈને **‘समुद्रियाभ्यः स्वाहा, सर्वाभ्यः स्वाहा’** પર્યન્તમાં અપાહોમના મંત્ર દ્વારા કહેવાયું છે તે પણ સંદેહોના નિવારણના અર્થથી જ કહેવાયું છે. આ અભિપ્રાયના આધાર પર આ ગ્રન્થ ઉક્ત વેદવિભાગના ભાષ્ય સમાન બની જાય છે.

આ શ્લોક બાબતમાં શ્રીબાલકૃષ્ણજીની ટીકામાં કોઈ વિશિષ્ટ અભિપ્રાય ઉલ્લેખનીય નથી.

* * * * *

દ્વિતીય શ્લોક

गुणभेदास्तु तावन्तो यावन्तो हि जले मताः ।
गायकाः कूपसङ्काशा गन्धर्वा इति विश्रुताः ॥ २ ॥

અન્વય : **तु** - (તો), **हि-** (નિશ્ચય કરીને), **गुणभेदाः -** (ગુણના ભેદો), **तावन्तः** - (તેટલા-છે), **यावन्तः** - (જેટલા), **जले**- (જલમાં), **मताः** - માનેલા છે, **गायकाः** - (ગાન કરનારાઓ), **कूपसङ्काशाः -** (કૂવા સમાન) (છે), (અને તે) **गन्धर्वाः** - (ગન્ધર્વો), **इति** - (એમ), **विश्रुताः** - (વિશેષ પ્રકારે પ્રસિદ્ધ છે).

શબ્દાર્થ - તો નિશ્ચય કરીને ગુણના ભેદો તેટલા છે, જેટલા (વેદમાં) જલવિષયમાં માનેલા છે, ગાન કરનારા ગાયકો કૂવા (ના જળ) સમાન છે અને તે ગન્ધર્વો એમ (વેદમાં) વિશેષ પ્રકારે પ્રસિદ્ધ છે.

આ સ્થળે સર્વ ટીકાકારોના અભિપ્રાય નીચે મુજબ છે -

(૧) શ્રીકલ્યાણરાયજી - **जले यावन्तो भेदा वेदेन सम्मता ज्ञाता वा तावन्तो गुणभेदास्तथेत्यर्थः । वेदोक्त जलभेददृष्टान्तकरणाद्भावानां शुद्धत्वालौकिकत्वतापहारकत्व-शोधकत्वाप्यायकत्वानि ध्वनितानि । अत्र ‘कूप्याभ्यः स्वाहे’त्यारभ्य ‘सर्वाभ्यः स्वाहे’त्यन्ता तैत्तिरीयश्रुतिरनुसन्धेया । तत्र प्रथमं गानप्रियत्वाद्गोविन्दस्य गायकानां भावमाहुः गायका इति । गन्धर्वा इति प्रसिद्धाः गाननिपुणाः कूपतुल्यास्तेषां भावः तज्जलतुल्य इत्यर्थः । यथा कूपजलं जाड्यकाले कोष्णत्वाज्जाड्यनिवर्तकमुष्णकाले शीतलत्वात्तापनिवर्तकं व्यवह्रियमाणं वर्धते, समीचीनं च भवति, तथैतेषां भावोतिजाड्ये**

पुंसि जाड्यनिवर्तकः, संसारतप्ते तापनिवर्तको गीयमानो वर्धते, समीचीनश्च भवति । यथा रज्ज्वादिभिः कूपजलं गृह्यते तथा गानद्वारैवैतेषां भावो ग्राह्यः ॥ २ ॥

અર્થાત્ - જલ વિષયમાં જેટલા ભેદો વેદ વડે સમ્મત એટલે કે જાણવા મળે છે તેટલા ગુણના ભેદો છે એમ અર્થ છે. વેદમાં કહેવાયેલ જલના ભેદોના દૃષ્ટાન્ત થકી ભાવોનું નિરૂપણ હોઈ ભાવોનું શુદ્ધપણું, અલૌકિકપણું, તાપહારકપણું, શુદ્ધકરવાપણું, આપ્યાયકપણું ધ્વનિત થાય છે. અહીં **'कूप्याभ्यः स्वाहा'** થી આરંભીને **'सर्वाभ्यः स्वाहा'** અહીં સુધિની શ્રુતિ (દૃષ્ટાન્તથી) છે એમ અનુસંધાન કરવું.

(એ ભેદો પૈકી) ભગવાન ગોવિન્દ એ ગાનપ્રિય હોવાથી પ્રથમ ગાયકોનો ભાવ કહે છે **'ગાયકો'** વગેરેથી. **'ગન્ધર્વો'** એટલે પ્રસિદ્ધ ગાવામાં નિપુણો તે લોકો કૂવા સમાન છે તેથી તેમનો ભાવ કૂવાના જળ સમાન છે એમ અર્થ છે. જેમ કૂવાનું જળ ઠંડીના દિવસોમાં કંઈક હુંફાળું રહેવાથી શીતનિવર્તક હોય છે અને ઉષ્ણકાલમાં શીતલ રહેતું હોવાથી તાપનિવર્તક હોય છે તેમજ તેનો (જળનો) ઉપયોગ કરાતાં (ઘટતું નથી પણ) વધે છે, તે જળ સમીચીન હોય છે, તેમ આમનો ભાવ અતિ અજ્ઞાન દશામાં જીવનું અજ્ઞાન દૂર કરનાર હોય છે અને સંસારથી તપેલા લોકોને માટે તાપનિવર્તક હોય છે તેમજ જેમ વધુને વધુ ગાન કરતાં ભાવની વૃદ્ધિ થાય છે, સમીચીન થાય છે, જેમ કૂવાનું જળ દોરડું વગેરેથી (ખેંચીને લેવાથી) બહાર ગ્રહણ થઈ શકે છે તેમ ગાન (શ્રવણ) દ્વારા આ લોકોનો ભાવ ગ્રહણ થઈ શકે છે.

(૨) શ્રીપુરુષોત્તમજી - नन्वाधाराणां जीवेन्द्रियधर्मत्वेनानन्त्यात्कथं विंशतिधाभिन्नत्वमेव प्रतिज्ञायत इत्याकांक्षायां बोधसौकर्यार्थं श्रौतवासनया दृष्टान्तेन तथा भिन्नत्वं बोधयन्त्यर्धेन गुणभेदा इत्यादि । (આભાસમાં) ભાવરૂપ આધારો જીવેન્દ્રિય ધર્મપણું

હોવાને કારણે તે અનન્ત (અગણિત) છે તો પછી અહીં તેને વિશ પ્રકારે જ જુદા જણાવવાનું કેમ કહેવામાં આવે છે ? એમ આકાંક્ષા થાય તો સુકરતાથી બોધ થાય તે અર્થે શ્રુતિમાં જણાવેલા મુજબ તેના દૃષ્ટાન્ત વડે તે મુજબ (વિશ પ્રકારે) જુદાપણાનો બોધ કરાવવામાં આવે છે એમ અર્ધ શ્લોક (પૂર્વાર્ધ) વડે જણાવે છે **ગુણભેદો** વગેરેથી.

(શ્લોક વ્યાખ્યાનમાં-) तुः शङ्कानिरासे, उक्तसंख्याविषयिणी शङ्का न कार्या, हि यतो हेतोः गुणभेदास्तावन्तः यावन्तः यत्संख्याकाः जले मताः श्रुतिसंमताः । तथा चाधारानन्त्येपि यथा जलस्य विंशतिभेदास्तथा गुणानामपि । जलं हि शैत्यगुणकं स्वच्छं अव्यक्तमधुररसं सर्वशोधकं स्वसम्बन्धेन द्रव्यान्तरस्य भूयस्त्वापादकमाप्यायकं च स्वभावतः च स्वभावतः सदपि यादृगाधारे पतति तादृक्स्वभावं लोके भवति, गुणदोषौ च जनयति, तथा गुणा अपि स्वभावत एकविधा आनन्दरूपाः ब्रह्मणः सकाशात्प्रकाशाश्रयन्यायेन भिन्नाभिन्ना अप्यनेकस्वभाववत्तामनेकगुणदोषवत्तां चापद्यन्त इति तथोच्यते । श्रौतदृष्टान्तस्यैवं बोधार्थमङ्गीकारादित्यर्थः । तत्र तैत्तिरीयसंहितायां सप्तमकाण्डे कूप्याभ्यः स्वाहा, कूल्याभ्यः स्वाहा, विकर्य्याभ्यः स्वाहा, अवद्याभ्यः स्वाहा, खन्याभ्यः स्वाहा, ह्रद्याभ्यः स्वाहा, सूद्याभ्यः स्वाहा, सरस्याभ्यः स्वाहा, वैशन्तीभ्यः स्वाहा, पल्वल्याभ्यः स्वाहा, वर्ष्याभ्यः स्वाहा, अवर्ष्याभ्यः स्वाहा, ह्रादुनीभ्यः स्वाहा, पृश्व्याभ्यः स्वाहा, स्यन्दमानाभ्यः स्वाहा, स्थावराभ्यः स्वाहा, नादेयीभ्यः स्वाहा, सैन्धवीभ्यः स्वाहा, समुद्रियाभ्यः स्वाहा, सर्वाभ्यः स्वाहेति मन्त्रेषु विंशतिविधा आप अपां होमे उक्ताः ॥ 'तु' શંકાના નિરસનમાં

પ્રયોજિત છે, તેથી કહેવાયેલ (વિશની) સંખ્યા બાબતમાં શંકા કરવી નહિં, **‘हि’** જે હેતુથી - જે કારણે ગુણભેદો તેટલા છે જેટલા જે સંખ્યાવાળા જળ વિષયમાં શ્રુતિને વેદને સમ્મત છે. જે જલના આધારો અનેક હોવા છતાં પણ (વેદમાં) જળના વિશભેદો (જણાવ્યા) છે તેમ ગુણોના આધારો અનેક હોવા છતાં પણ (શ્રુતિ અનુસાર) વિશ ભેદો (જણાવ્યા છે). જેમ જળ શીતળતાના ગુણવાળું, સ્વચ્છ, અવ્યક્ત મધુર રસરૂપ, સર્વને શુદ્ધ કરનાર, પોતાના સમ્બન્ધ વડે બીજા દ્રવ્યને વધારનાર અને તૃપ્તિ કરનાર સ્વભાવથી જ હોઈને પણ જે પ્રકારના આધારમાં તે સ્થિતિ કરે છે તે આધારના સ્વભાવવાળું લોકમાં થાય છે- કહેવાય છે, તેમજ તે મુજબ તે ગુણ-દોષને ઉત્પન્ન કરે છે, તેમ ગુણો પણ એક વિધ-એક પ્રકારના જ - આનન્દરૂપ છે તેમજ જેમ પ્રકાશ સૂર્યથી અલગ પણ નથી ભેગો પણ નથી તે ન્યાયે ભિન્ન-અભિન્ન છે છતાં પણ (આધારના સ્વભાવ અને ગુણ-દોષ અનુસાર) અનેક સ્વભાવપણાને અને અનેક ગુણ-દોષપણાને પ્રાપ્ત થાય છે એમ જલના દૃષ્ટાન્ત વડે કહેવામાં આવ્યું છે. શ્રુતિ અનુસારનું દૃષ્ટાન્ત અહીં બોધ કરાવવા અર્થે અંગીકાર કર્યું છે એમ અર્થ છે. તૈત્તિરીય સંહિતાના સાતમાં કાંડમાં **‘કૂપ્યાભ્યઃ સ્વાહા, કૂલ્યાભ્યઃ સ્વાહા, વિકર્યાભ્યઃ સ્વાહા, અવદ્યાભ્યઃ સ્વાહા, ખન્યાભ્યઃ સ્વાહા, હ્રદ્યાભ્યઃ સ્વાહા, સૂદ્યાભ્યઃ સ્વાહા, સરસ્યાભ્યઃ સ્વાહા, વૈશન્તીભ્યઃ સ્વાહા, પલ્વલ્યાભ્યઃ સ્વાહા, વર્ષ્યાભ્યઃ સ્વાહા, અવર્ષ્યાભ્યઃ સ્વાહા, હ્રાદુનીભ્યઃ સ્વાહા, પૃષ્વાભ્યઃ સ્વાહા, સ્યન્દમાનાભ્યઃ સ્વાહા, સ્થાવરાભ્યઃ સ્વાહા, નાદેયીભ્યઃ સ્વાહા, સૈન્ધવીભ્યઃ સ્વાહા, સમુદ્રિયાભ્યઃ સ્વાહા, સર્વાભ્યઃ સ્વાહા**, એમ મન્ત્રોમાં વિશ પ્રકારે જળ અપાહોમમાં કહ્યા છે.

(ઉત્તરાર્ધ-અડધા શ્લોકના આભાસમાં-) **तत्र प्रथमं कूप्या उक्ता इतीहापि कूपसमानं गुणाधारं प्रथममेकेनाहुः गायका इत्यादि ।** ત્યાં - શ્રુતિમાં પ્રથમ કૂવાનું જળ કહેવાયું છે તેથી અહીં પણ કૂવા સમાન ગુણના આધારને પ્રથમ એક (ભાવવડે) કહે છે **ગાયકો** વગેરેથી.

(ઉત્તરાર્ધ-અડધા શ્લોકના વ્યાખ્યાનમાં -) **गायका गानकर्तारः कूपसंकाशाः कूपोपमाः, कूपाश्च केचिदुत्तमाः यथा स्कान्दे पुरुषोत्तममाहात्म्ये, न्यग्रोधादुत्तरे कूप सर्वतीर्थमयोस्ति वै, यथा च द्वारकायामवन्त्यां च दामोदरकूपः, केचिच्च कदाचिदुत्तमाः, यथा व्रजे गोपकूपः सोमवत्याममायामेव सर्वतीर्थमयो नान्यदा, एवं साधारणा अप्रयोजकाश्च ज्ञातव्याः, तथा गायका अपि, तेपि न साधारणाः, किन्तु गन्धर्वा इति पुराणे वेदे च श्रुताः विशेषेण प्रसिद्धाः । ગાયકો** ગાન કરનારાઓ **કૂપસંકાશાઃ** એટલે કૂપ સમાન (છે). કૂવાઓમાં કેટલાક ઉત્તમ છે, જેમ સ્કન્દપુરાણમાં પુરુષોત્તમ માહાત્મ્યમાં **‘વડલાથી ઉત્તરમાં આવેલો કૂપ નિશ્ચય કરીને સર્વતીર્થમય છે’**, તેવી જ રીતે જેમ દ્વારકામાં અને અવન્તિ (ઉજ્જૈન) માં આવેલો દામોદરકૂપ છે, કેટલાક ક્યારેક જ ઉત્તમ છે, જેમ વ્રજમાં આવેલ ગોપકૂપ, એ સોમવતી અમાવાસ્યા હોય તે દિવસે જ સર્વતીર્થમય હોય છે, બીજા સમયમાં નહિં, એવી જ રીતે બીજા (પણ) સાધારણ કોઈ વિશેષ પ્રયોજન વિનાના જાણવા, તેવી જ રીતે ગાયકો પણ, ગાયકોમાં પણ સાધારણ પ્રકારના નહિં કિન્તુ **ગાન્ધર્વો** એટલે કે પુરાણમાં વેદમાં **શ્રુતાઃ** એટલે વિશેષ પ્રકારે પ્રસિધ્ધ છે (તે ગાયકો).

(૩) **શ્રીવલ્લભજી** - (શ્લોક-૨ ના આભાસમાં) **‘ननु कूपादिदृष्टान्तेन भेदज्ञानं कथं भविष्यति तत्राहुः’** શ્લોક-૨ ના વ્યાખ્યાનમાં-) **नह्यत्र कूपादिदृष्टान्तः, किन्तु तत्तत्स्थितगुणदोषसहितजलदृष्टान्तोभिप्रेतः । तेन यावन्तो जले भेदास्तावन्तो भेदा गुणानामपि भवन्तीति भावः । तत्र प्रथमं प्रथमाधिकारित्वाद्विषयिणां भावमाहुः गायका इति । गायका भगवद्गुणगायकाः । ते तु गन्धर्वा विश्रुताः प्रसिद्धा । तेषामयमेव सहजो धर्मः यत्सङ्गीतशास्त्रोक्तं भगवद्यशः प्रबन्धरागताना-**

द्यालापकुशला रागादिमाधुर्यविषयत्वेन गायन्ति, न तु भगवद्धर्मस्वरूपं ज्ञात्वा, परन्तु भृतकाध्यापनवन्न गायन्ति, तादृशास्ते कूपसङ्काशाः कूपतुल्याः प्रोक्ताः । सामान्यतः कूप उक्तो, न तु गुणदोषयुक्त इति । यथा कूपो महान् रमणीयः, जलमपि समीचीनमेव, परन्तु दूरे अधस्तलं, तेनेतरविषयप्रयत्नत्यागेन रज्ज्वादिसाधनपूर्वकं तदाहरणे तत्प्राप्तं भवेत्, तथा तेषां भगवद्यशोगानं तूत्तममेव, परन्तु तस्य परमफलमन्यविषयकप्रयत्नत्यागे तदेकनिष्ठगुणगानेन प्राप्तं भवेत्, नो चेद् दूर एवेति भावः सूचितः । वस्तुस्वभावात्तथा भवेदपीति सामान्यदृष्टान्त उक्तः ।’

અર્થાત્ - (આભાસમાં-) કૂપ વગેરેના દૃષ્ટાન્ત વડે ભેદનું જ્ઞાન કેમ કરીને થશે ? તો કહે છે - **(વ્યાખ્યાનમાં-)** અહીં કૂપ વગેરે દૃષ્ટાન્ત નથી, કિન્તુ તે-તે (આધારો) માં રહેલ ગુણ-દોષ સહિતનું જળ છે તે દૃષ્ટાન્તરૂપે અહીં અભિપ્રેત છે. તેથી કરીને જેટલા ભેદો જળ સમ્બન્ધે છે તેટલા ભેદો ગુણોના પણ થાય છે એમ ભાવ છે. તેમાં પ્રથમ પ્રથમ અધિકારી હોવાથી વિષયીઓના ભાવને કહે છે - **ગાયકો** વગેરેથી. ગાયકો એટલે ભગવદ્‌ગુણને ગાનારાઓ. અને તે જે ગન્ધર્વ નામે પ્રસિદ્ધ છે તે. તેમનો આ જ સહજધર્મ છે કે ભગવાનનો યશ સંગીત શાસ્ત્રમાં કહેવાયા મુજબ પ્રબન્ધ, રાગ, તાન વગેરે આલાપ વગેરેમાં કુશલ હોય તેમજ રાગ વગેરેને મધુરતાથી ગાતા હોય છે, આવા લોકો ભગવદ્ધર્મનું સ્વરૂપ જાણીને ગાન નથી કરતા. પરન્તુ તેઓ પૈસા લઈને કરાવાયેલ અધ્યાપનની માફક (પણ) નથી ગાતા. તેવા લોકો કૂપસંકાશ એટલે કૂપ તૂલ્ય કહ્યા છે. સામાન્ય પ્રકારે કૂપ કહ્યો છે, ગુણ-દોષયુક્ત કૂપ નથી કહ્યો. જેમ કૂપ મહાન રમણીય હોય છે, તેનું જળ પણ સમીચીન જ હોય છે, પરન્તુ દૂર નીચે ઊંડાણમાં તળિયે જળ હોય છે, તેથી કરીને બીજા વિષય સ્વરૂપના પ્રયત્નને ત્યાગીને દોરડું વગેરે સાધનો વડે તેનું આહરણ કરતાં પ્રાપ્ત થાય છે, તેમ તેઓ વડે કરાયેલું

ભગવદ્ યશોગાન તો ઉત્તમ જ છે, પરન્તુ તેનું પરમફલ અન્ય વિષયસમ્બન્ધના પ્રયત્નનો ત્યાગ કરાતાં માત્ર તદેકનિષ્ઠ ગુણગાન વડે પ્રાપ્ત થાય છે. અન્યથા તે દૂર જ હોય છે એમ ભાવ સૂચિત કર્યો છે. વસ્તુ સ્વભાવ થકી તે મુજબનું ફલ થાય છે એમ સામાન્ય દૃષ્ટાન્તથી કહ્યું છે.

(૪) શ્રીબાલકૃષ્ણજી - (આભાસમાં -) एवं प्रतिज्ञाय भेदानेवाहुः गुणभेदा इति’ (વ્યાખ્યાનમાં -) **यावन्तो जले भेदा वेदोक्तास्तावन्तो गुणभेदा ज्ञातव्या इत्यर्थः । अत्र ‘कूप्याभ्यः स्वाहे’त्यारभ्य ‘सर्वाभ्यः स्वाहे’त्यन्ता श्रुतिरनुसन्धेया । गुणानां जलसाम्योक्त्या स्वतः शुद्धत्वं बोध्यते । ‘आपः स्वभावतो मेध्या’ इत्यादिवाक्येभ्यो जलानां स्वतःशुद्धत्वं, तथैव भगवत्सम्बन्धित्वाद्गुणानामिति भावः । यथा जलमन्यमेलने तदात्मकतां भजते, तत्र च स्वस्वरूपात्मकतां च करोति, तथा भगवानपि भक्तभावमेलने स्वगुणान् तद्भावसाम्यान् करोति, तं च स्वीयं स्वसमं करोति ।**

ननु भक्तस्य प्रभुसाम्यता कथमिति चेदुच्यते । तदसाम्यत्वे भक्तत्वमेव न स्यात् । अत एवोक्तं ‘देवो भूत्वा देवान् यजेत्’ ‘यो यच्छ्रद्धः स एव सः’ इत्यादि च । तस्माद्भक्तत्वेपि न हानिर्यतो तद्भजनस्यैव स धर्मो, न त्वन्यधर्म इति त्वदुक्ताशङ्कागन्धलेशोपि नेत्यलम् । तत्र प्रथमं भगवतो रसरूपत्वाद्रमणैकस्वभावत्वात् तत्र च गानमुख्यता श्रुत्योच्यते ‘यदा खलु वै पुरुषो श्रियमश्नुते तदा वीणास्मै वाद्यते’इत्यादि । तस्माद्गानप्रियो भगवानिति गायकानां भावमाहुः गायका इति । विश्रुताः प्रसिद्धाः गानरसज्ञा ये गायकास्ते कूपसङ्काशास्तेषां भावः कूपजलतुल्य इत्यर्थः । यथा कूपोदकं शीतकाले अन्तरुष्णं, धर्मकाले बाह्यतः शीतं,

तथैतेषामपि भावोपि श्रवणानन्दत्वेनोपरि शीतलस्तदनन्तरं रसबोधे भगवत्प्राप्त्यर्थं मनस्तापकः । तथा सति अतिप्रचुरबाह्यतापे सति भगवच्छ्रवणसुखदत्वेनान्तःशीतल इति भावः । ननु एतेषां भगवद्गुणसम्बन्धत्वेन गानाभावात् कथं भगवद्भाव इति चेत् ? उच्यते । भगवत्स्वरूपस्य नादब्रह्मात्मकत्वाद्यथास्थितनादस्वरूपज्ञाने भगवत्प्राप्तिरिति भावः । अत एव सङ्गीतशास्त्रे निरूपितं ‘वीणावादनतत्त्वज्ञः श्रुतिजातिविशारदः । तालक्रियाप्रयासेन मोक्षमार्गं लभेत हि’इति। यथा कौपं जलं गुणेनैव ग्राह्यं, तथैतेषां भावो भगवत्त्वगुणत्वेनैव ग्राह्यत इति भावः’

અર્થાત્ - (આભાસમાં-) આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને ભેદોને જ કહે છે **ગુણભેદો** વગેરેથી. (વ્યાખ્યાનમાં-) જલના જેટલા પણ ભેદો વેદમાં કહ્યા છે તેટલા ગુણભેદો જાણવા એમ અર્થ છે. અહીં **‘कूप्याभ्यः स्वाहा’** થી આરંભીને **‘सर्वाभ्यः स्वाहा’** અહીં સુધીની શ્રુતિ અનુસંધાન કરવી. ગુણોની જળ સાથે સમાનતા કહી હોવાથી તે ગુણો સ્વતઃ શુદ્ધ છે એમ બોધ કર્યો છે. **‘જળ સ્વભાવથી જ પવિત્ર છે’** વગેરે વાક્યો વડે જળનું સ્વતઃ શુદ્ધપણું (જાણી શકાય છે) તેમજ ગુણો ભગવત્ સમ્બન્ધી હોવાથી તે પણ સ્વતઃ શુદ્ધ જ છે એમ ભાવ છે. જેમ જળ બીજા સાથે મળતાં તદાત્મકતાવાળું થાય છે અને જેની સાથે મળે છે તેને પોતાના સ્વરૂપાત્મક કરે છે, તેમ ભગવાન પણ ભક્તભાવ સાથે મળતાં પોતાના ગુણોને તેના ભાવ સમાન કરે છે, તેને પોતાના અને પોતાના સમાન કરે છે.

ભક્તની પ્રભુ સાથે સમાનતા કેવી રીતે ? એમ જો કોઈ કહે, તો ભગવાન સાથે સમાનતા ન હોતાં તેનું ભક્તપણું જ (સિદ્ધ) થતું નથી. તેથી જ કહ્યું છે કે **‘દેવ થઈને દેવને યજવા’ ‘જે જેની શ્રદ્ધાવાળો છે તે તે જ છે’** વગેરે વાક્યો છે. તેથી ભગવત્સમાનતા હોઈ ભક્ત હોવામાં કોઈ

હાનિ નથી કારણ કે ભગવાનના ભજનનો જ આ ધર્મ છે (કે ભજનારને ભગવત્સમાન કરે), નહિં કે આ પ્રકારે કોઈ (ભક્તિથી અતિરિક્ત અન્યનો ધર્મ છે તેથી તમારા દ્વારા કરાયેલ શંકા ગંધલેશ પણ રહેતી નથી તેથી બધું જ બરાબર છે. ત્યાં પ્રથમ ભગવાન રસરૂપ હોવાથી એક માત્ર રમણ કરવાના જ સ્વભાવવાળા હોવાથી અને તેમાં (રમણમાં) ગાનની મુખ્યતા શ્રુતિ વડે કહેવાઈ છે - **‘જ્યારે પુરુષ શ્રીનો ભોગ કરે છે ત્યારે એને માટે વીણા વાદન થાય છે’** વગેરે. તેથી ભગવાન ગાનપ્રિય છે તેથી ગાનારાઓના ભાવને કહે છે **ગાનારાઓ** વગેરે. **विश्रुताः** એટલે પ્રસિદ્ધો. ગાનરસને જાણનારા જે ગાયકો છે તે કૂપ સમાન છે, તેમનો ભાવ કૂપજલ તુલ્ય છે એમ અર્થ છે. જેમ કૂવાનું જળ શીતકાળમાં અન્દરથી ઉષ્ણ હોય છે, ગરમીના કાળમાં બહારથી શીત હોય છે તેમ આમનો ભાવ પણ શ્રવણાનન્દપણું હોવાથી ઉપર શીતલ હોય છે અને ત્યારબાદ રસબોધ થતાં ભગવત્ પ્રાપ્તિને અર્થે મનમાં તાપ કરનાર હોય છે. તેમ હોતાં અતિપ્રચુરમાત્રામાં બાહ્યતાપ હોતાં ભગવત્ શ્રવણનું સુખ આપનાર હોવાથી અન્તઃ શીતલ હોય છે એમ ભાવ છે. આ બધાનો ભગવદ્ ગુણ સમ્બન્ધ થકી ગાનનો અભાવ છે તો કેમ કરીને એને ભગવદ્ભાવ માનવો ? તો અમે જણાવીએ છીએ- ભગવત્સ્વરૂપનું નાદબ્રહ્માત્મક પણું હોવાથી યથાસ્થિત નાદસ્વરૂપનું જ્ઞાન થતાં ભગવત્પ્રાપ્તિ થાય છે એમ ભાવ છે. તેથી જ સંગીત શાસ્ત્રમાં નિરૂપણ કરાયું છે કે **‘વીણાવાદન કરવાના તત્ત્વને જાણનાર શ્રુતિજાતિનો વિશારદ તાલક્રિયાના પ્રયાસ વડે મોક્ષ માર્ગનો લાભ કરે છે’** જેમ કૂવાનું જળ ગુણ વડે જ ગ્રહણ કરવા યોગ્ય હોય છે, તેમ આમનો ભાવ ભગવત્ત્વના ગુણપણા વડે જ ગ્રહણ કરવો એમ ભાવ છે.

* * * * *

તૃતીય શ્લોક

कूपभेदास्तु यावन्तस्तावन्तस्तेपि संमताः ।

અન્વય : **तु** – વળી, **यावन्तः** – જેટલા, **कूपभेदाः** – કૂવાના ભેદો છે, **तावन्तः** – તેટલા (જ), **ते** – તે (ગાયકોના ભેદો), **अपि** – પણ, **सम्मताः** – સારી રીતે માનેલા છે, **(શ્રુતિ - 'કુલ્યાભ્યઃ સ્વાહા' બીજો ભાવ)**

ત્રીજા શ્લોકનો પૂર્વાર્ધ બીજા શ્લોકના ઉત્તરાર્ધ સાથેનો જ સમ્બન્ધવાળો હોઈ પ્રથમ તે માટે ત્રીજા શ્લોકના પૂર્વ-અર્ધભાગ ઉપરના સર્વ ટીકાકારોનો અભિપ્રાય જોઈ લઈએ ત્યાર બાદ સમ્પૂર્ણ ભાવનું વિવેચન વિચારીશું

ત્રીજા શ્લોકના પૂર્વાર્ધ બાબત સર્વ ટીકાકારોનો અભિપ્રાય આ મુજબ છે -

(૧) શ્રીકલ્યાણરાયજી - (આભાસ -) ननु गायकाः सर्वे तुल्या एव नेत्याहुः कूपभेदास्त्वि' (વ્યાખ્યાનમા-) **यथा केचित् कूपाः स्वादुपरिणामसुखकारिजलाः, केचिदमिष्टजलाः, केचित् क्षारजलाः, तिक्तजलाः, परिणामदुःखजलाश्च, तथा गायका अपि पुरुषोत्तमतद्विभूतिगुणावतारांशादिलीलाभेदेन भगवन्तं गायन्तः सत्त्वगुणादिभिरुपलक्षिताश्चाकामा मोक्षकामाः स्वर्गकामा लौकिककामाश्चेति बहुधा इति पूर्वोक्तकूपविशेषैस्तुल्या इति तेषां भावस्तज्जलतुल्य इत्यर्थः । अत एवोक्तं कपिलदेवैर्देवहूतिं प्रति 'भक्तियोगो बहुविधो मार्गैर्भामिनि भाव्यते । स्वभावगुणमार्गेण पुंसां भावो विभिद्यते । अभिसन्धाय यो हिंसां दम्भमात्सर्यमेव च । संरम्भी भिन्नदृग्भावं मयि कुर्यात् स तामसः । विषयानभिसन्धाय यश ऐश्वर्यमेव वा । अर्चादावर्चयेद्यो मां पृथग्भावः स सात्त्विकः । मद्गुणश्रुतिमात्रेण मयि सर्वगुहाशये । मनोगतिरविच्छन्ना यथा गङ्गाम्भसोम्बुधौ । लक्षणं भक्तियोगस्य निर्गुणस्याप्युदाहृतम् । अहैतुक्यप्रतिहता या भक्तिः पुरुषोत्तमे ।' इत्यादि । अत एव स्वभावभूतानां गुणानां मिश्रणेन तामसादिभक्तिषु त्रयस्त्रयः प्रकारा इति श्रवणादिषु प्रत्येकं नवनव भेदा इति सगुणा भक्तिरेकाशीतिप्रकारा, निर्गुणा त्वेकविधैवेति द्व्यशीतिप्रकारा भक्तिः प्रथतेतराम् । तदेव श्रीमदस्मत्प्रभुचरणैर्भक्तिहंसे निरूपितम् । 'श्रवणादिनवकमप्यधिकारिभेदेन क्रियमाणं सत्कर्मज्ञानोपासनाभक्तिमार्गीयत्वेनानेकविधं भवती'ति ।**

અર્થાત્ - (આભાસ-) બધા જ ગાયકો કંઈ સમાન નથી હોતા એમ કહે છે-**કૂપભેદોથી (વ્યાખ્યાન-)** જેમ કેટલાક કૂવાઓ સ્વાદિષ્ટ તથા પરિણામે સુખકારી જળવાળા હોય છે, કેટલાક મોળા જલવાળા, કેટલાક ખારા પાણીવાળા, કેટલાક કડવા જળવાળા, કેટલાક પરિણામે (રોગાદિ) દુઃખને ઉત્પન્ન કરનારા હોય છે, તેમ ગાનારાઓ પણ પુરુષોત્તમને , ભગવાનની વિભૂતિઓને, ગુણાવતારોને, ભગવાન (વ્યૂહાદિ) અંશોને એમ (ઘણા પ્રકારે) લીલા ભેદ વડે ભગવાનને ગાનારાઓ હોય છે, જે સત્ત્વ વગેરે ગુણોથી ઉપલક્ષિત થનારા એવા કેટલાક કોઈ પણ પ્રકારની કામના રાખ્યા વિના ગાનારા હોય છે તો કેટલાક મોક્ષની કામનાવાળા તો કેટલાક સ્વર્ગપ્રાપ્તિની કામનાવાળા તો કેટલાક લૌકિક ફળ મેળવવાની કામનાવાળા અનેક પ્રકારના હોય છે. એમ પૂર્વમાં કહેવાયેલ વિશેષ-વિશેષ પ્રકારના (ગુણધર્મવાળા) કૂવાઓના સમાન હોય છે. અતઃ તેમનો ભાવ તે-તે જળના સમાન સમજવો એમ અર્થ છે. તેથી જ શ્રીકપિલદેવજી વડે માતા દેવહુતિ પ્રતિ કહેવાયું છે કે - **હે માતા દેવહુતિ ! ભક્તિયોગ (પદપ્રયોગ) અનેક પ્રકારે (થાય) છે અને તે માર્ગો વડે જાણી શકાય છે, સ્વભાવભેદે, ગુણભેદે અને માર્ગભેદે જીવોના ભાવો વિશેષ પ્રકારે જુદા-જુદા થાય છે.**

જે હિંસાનું અભિસન્ધાન કરીને, અથવા દમ્ભને લઈને અથવા ઈર્ષ્યાને લઈને ભેદ દષ્ટિવાળો ક્રોધી વ્યક્તિ મારામાં ભાવ કરે (મારું નામ લેવું - મારું સ્મરણ કરવું વગેરે કરે) એ તામસ (પ્રકાર) છે. (શબ્દ-સ્પર્શ વગેરે) વિષયોનું અભિસન્ધાન કરીને, અથવા પોતાના યશ અર્થે, અથવા ઐશ્વર્યપ્રાપ્તિ માટે ફક્ત મારી અર્ચામાં જ મારું પૂજન કરે એવો ભેદ દષ્ટિવાળો મારામાં ભાવ કરે (ઉપર મુજબ) તે રાજસ્ (પ્રકાર) છે. કર્મનો નિર્હાર કરવાને ઉદ્દેશીને, અથવા સર્વ કર્મ મને અર્પણ કરતો હોય, અથવા મારે ભગવાનને પૂજવા જ જોઈએ એમ માની ભેદ દષ્ટિવાળો મારામાં ભાવ કરે (ઉપર મુજબ) તે સાત્ત્વિક (પ્રકાર) છે. મારા ગુણોના શ્રવણ માત્રથી જ સર્વની અન્દર રહેલા એવા મારામાં જેમ ગંગા સમુદ્ર પ્રતિ (અવિચ્છિન્નતાએ) ગતિ કરે છે તેમ (મારામાં) મનની (અવિચ્છિન્ન) ગતિ થવી. એમ નિર્ગુણા ભક્તિયોગનું લક્ષણ ઉદાહૃત કર્યું છે તે (ભક્તિ) ફલના અનુસંધાન વિનાની અહૈતુકી, દેશ-કાલના વ્યવધાન વિનાની અવ્યવહિતા, લોક-વેદમાં પ્રસિદ્ધ-અનિષિદ્ધ સાધનો વડે કરાયેલી અને તે પણ માત્ર મારામાં-પુરુષોત્તમમાં જ કરાયેલી (હોવી જોઈએ) વગેરે. તેથી જ સ્વભાવભૂત એવા ગુણોના માર્ગો વડે વૃત્તિભેદ થકી જીવોના અભિપ્રાયો જુદા-જુદા થાય છે, એમ ફલના સંકલ્પમાં જુદાપણું હોવાથી ભક્તિના (ઉપર કહેવાયા મુજબના સાત્ત્વિકાદિ) ભેદો (કહેવાયા) છે. તેથી ગુણોના મિશ્રણ વડે સાત્ત્વિક-રાજસ-તામસ એમ ત્રણ પ્રકારની ભક્તિમાં દરેકના ત્રણ-ત્રણ પ્રકારો (કુલ નવ પ્રકારો થાય છે) શ્રવણ-કીર્તન વગેરે નવધા ભક્તિ સાથે અલગ-અલગ પ્રકારે ગણતાં સગુણા ભક્તિનાં કુલ (૯×૯=૮૧) એકયાસી પ્રકારો થાય છે, નિર્ગુણા ભક્તિ એક પ્રકારની જ છે એમ ભક્તિના કુલ ૮૨ પ્રકારો થાય છે. આજ વાતનું નિરૂપણ શ્રીપ્રભુચરણે ભક્તિહંસગ્રન્થમાં કર્યું છે **‘શ્રવણાદિ નવ પ્રકારો પણ અધિકારીઓના ભેદ વડે કરાતાં કર્મ-જ્ઞાન-ઉપાસના-ભક્તિમાર્ગીય-પણાથી અનેક પ્રકારના થાય છે’** એમ.

(૨) શ્રીપુરુષોત્તમજી - तु पुनः यावन्तः कूपभेदास्तावन्तस्ते

गन्धर्वा अपि संमताः सम्यग्विचारिताः । तथा च कूपे भवाः कूप्यास्ता यथा कूपरूपाधारभेदेन रूपतः फलतश्च नानाविधा भवन्ति, एवं गन्धर्वैर्गीयमाना गुणा अपि गन्धर्वस्य भगवद्भक्ते तदभक्तत्वे साधारणत्वे लम्पटत्वादिदोषविशिष्टत्वे च तद्भावसमानाकारा भवन्तस्तदनुरूपमेव फलं जनयन्ति । एतेनोपबर्हणस्य शापोऽन्येषां गन्धर्वाणां शापाभावः ‘भिक्षाशया ये गृह्णन्ती’तिवाक्यं च समर्थितं ज्ञेयम् । तेन ‘गुणगाने सुखावाप्ति’रित्यादिना निरोधलक्षणग्रन्थे गुणगातृणां स्वरूपफलोत्कर्षौ यावुक्तौ तावपि ‘निवृत्ततर्षैरुपगीयमाना’दिति श्लोकोक्तरीतिकेष्वेव पर्यवस्यत इति बोधितम् । इदं ‘पूर्णा भगवदीया य’ इत्यत्र स्फुटिष्यति ।’

અર્થાત્ - (ગાયકો કૂપ સમાન છે એમ કહ્યા પછી) **तु** એટલે પુનઃ જેટલા પણ કૂપના ભેદો છે તેટલા જ પ્રકારો ગન્ધર્વોમાં પણ માનવામાં આવ્યા છે- સારી રીતે વિચારવામાં આવ્યા છે. તે મુજબ જેમ કૂવામાં થનાર-રહેલ જળ કૂપ્ય છે તે જેમ કૂપ રૂપ આધારભેદ વડે કરીને રૂપથી અને ફલથી અનેક પ્રકારના થાય છે, એ પ્રમાણે ગન્ધર્વો વડે ગવાતા ગુણો પણ ગન્ધર્વોમાં કોઈ ભક્ત, કોઈ અભક્ત, કોઈ સાધારણ, અથવા લમ્પટ વગેરે દોષોથી વિશિષ્ટ હોતાં તેમના-તેમના ભાવ સમાન આકારવાળા થતા તે-તેના અનુરૂપ જ ફળ ઉત્પન્ન કરે છે. આના વડે ઉપબર્હણ ગન્ધર્વને શાપ થયો અને બીજા ગન્ધર્વોને શાપ ન થયો તેમાં **‘ભિક્ષાની આશા રાખી જે લોકો મારું નામ લે છે’** એ વાક્યનું અહીં સમર્થન થયેલું જાણવું. આના વડે **‘ગોવિન્દના ગુણગાન કરવામાં સુખની પ્રાપ્તિ થાય છે’** એમ નિરોધ લક્ષણ ગ્રન્થમાં ગુણ ગાનારાઓનો સ્વરૂપ અને ફલ બંનેથી ઉત્કર્ષ કહ્યો છે તે **‘જેની તૃષા નિવૃત્ત થયેલી તેવાઓ વડે ખૂબજ ગવાયેલા’** (ભાગ. ૧૦-૧-) આ શ્લોકમાં કહેવાયેલ રીતિમાં જ તેનું પર્યવસાન થાય છે તેમ બોધ કર્યો

છે. આ વાત **‘પૂર્ણ ભગવદીયો’** (જલભેદ-) આ સ્થળે સ્ફુટ થશે.

(૩) શ્રીવલ્લભજી - (આભાસ -) एतादृशा गन्धर्वा अपि बहुविधा इति तद्भेदानाहुः (વ્યાખ્યાનમાં -) यथा कूपभेदा बहवस्तथा गायका अपि बहुविधा ज्ञेयाः । तानेवाग्रे ‘वेश्यादिसहिता’ इत्यनेन वक्ष्यन्ति’

અર્થાત્ - (આભાસ-) આ પ્રકારના ગન્ધર્વો પણ ઘણા પ્રકારના છે એમ તેમના ભેદો જણાવે છે - **(વ્યાખ્યાનમાં)** જેમ કૂપભેદો ઘણા છે તેમ ગાયકો પણ ઘણા પ્રકારના છે એમ જાણવું. તેને જ આ ગ્રન્થમાં આગળ **‘વેશ્યાદિ સહિતો’** થી કહેશે.

(૪) શ્રીબાલકૃષ્ણજી - (આભાસ-) ननु गायकानामनेकभेदवत्त्वात् कथं सर्वेषां तुल्यतेत्याशङ्क्याहुः कूपभेदास्त्विति’ (વ્યાખ્યાનમાં-) यावन्तः कूपभेदाः सन्ति तावन्त एव गायकभेदाः सम्मता इत्यर्थः । यथा केचित् कूपा मिष्टान्नपरिपाचकत्वे सुरतरुपक्षस्थाः, केचित् गुरुत्वादन्न-परिपाककारिणः, केचित् क्षाराः शुद्ध्यादिहेतवः, एवमनेकभेदास्तथा तेपि भगवद्गुणनिबन्धार्थज्ञानयुक्ताः, केचित्तु नादब्रह्मात्मकस्वरूपज्ञाः, केचित् गानमाधुर्यपराः बहुभेदाः सन्ति इति यावन्तस्ते तावन्तस्तेषामपि भेदा ज्ञेयाः इति भावः ।’

અર્થાત્ - (આભાસમાં-) ગાનારાઓ અનેક ભેદવાળા હોવાથી કેમ કરીને બધાની તુલ્યતા છે ? એમ શંકા થાય તેથી કહે છે **કૂપભેદો તો**. **(વ્યાખ્યાનમાં-)** જેટલા પણ કૂપના ભેદો છે તેટલા જ ગાયકોના ભેદ સમ્મત છે એમ અર્થ છે. જેમ કેટલાક કૂપ મિષ્ટાન્નને સારી રીતે પચાવવામાં કલ્પવૃક્ષ સમાન છે, કેટલાક ભારેપણાથી અન્નને સારી રીતે પકાવવામાં કારક છે, કેટલાક ક્ષારવાળા શુદ્ધિ વગેરે કાર્યમાં ઉપયોગી છે, એમ અનેક પ્રકારના ભેદો છે, તેમ તે ગન્ધર્વો પણ ભગવદ્ગુણ નિબન્ધના અર્થજ્ઞાનથી યુક્ત છે, કેટલાક નાદબ્રહ્માત્મક સ્વરૂપને જાણવાવાળા છે, કેટલાક ગાનના માધુર્યમાં પરાયણ થયેલા છે એમ ઘણા ભેદો છે એ મુજબ જેટલા પણ કૂપના ભેદો છે તે ગન્ધર્વોના પણ તેટલા જ ભેદ જાણવા એમ ભાવ છે.

વિવરણ - પ્રથમ ટીકાકાર શ્રીકલ્યાણરાયજીના જણાવ્યા મુજબ અહીં જણાવેલા જે કૂપભેદો છે તેને તૃતીયસ્કન્ધસ્થ કપિલદેવ વચનોથી સગુણ-નિર્ગુણ ભેદે સરખાવે છે. કપિલદેવજીના વાક્યમાં ત્યાં પ્રથમ સાત્ત્વિકાદિથી ભક્તિના સગુણ પ્રકારને દર્શાવી ત્યારબાદ નિર્ગુણ પ્રકારને જણાવી તે પછી **‘स एव भक्तियोगाख्यः’** થી વાસ્તવમાં ભક્તિયોગ પદ નિર્ગુણાભક્તિના પ્રકારમાં જ ઉપયુક્ત છે, અન્ય પ્રકારોમાં ઉપચાર માત્રથી ભક્તિયોગ પદ છે એમ કહ્યું હોવાથી અને તેની સાથે કૂપભેદોને સરખાવ્યા હોવાથી ભગવદ્ગુણ ગાનારાઓમાં ભાવ પદ પ્રયોગ પણ તે મુજબ જ સમજવાનો હોઈ કપિલદેવજીના વાક્યમાં નિર્ગુણાભક્તિના પ્રકારમાં જે ચાર લક્ષણો (અહૈતુકી-અવ્યવહિતા-લોક-વેદ પ્રસિદ્ધા-પુરુષોત્તમ સમ્બન્ધસહિત નિષ્કામ હૃદય)ની સ્થિતિ જેમાં સંગત થતી હોય તેવા ગાયકોનો ભાવ અહીં મુખ્ય સમજવો જોઈએ. મોક્ષકામ, સ્વર્ગકામ, લોકકામ વગેરે પ્રકારમાં આવતા ગાયકોમાં ભાવપદ પ્રયોગ ઉપચાર માત્ર જાણવો જોઈએ. તેથી કૂપભેદના દષ્ટાન્તથી કહેવાયેલ ગન્ધર્વો-ગાન કરનારોઓ પૈકી શ્રીકલ્યાણરાયજીના જણાવ્યા પ્રમાણે સગુણ ૮૧ પ્રકારમાંથી કોઈ પણ પ્રકાર ભેદવાળો ગાયક હોય તેનો કે તેવાઓનો સંગ પુષ્ટિમાર્ગીય સાધકોએ ક્યારેય કરવો ન જોઈએ અને નિર્ગુણ પ્રકારભેદમાં કહેવાયેલ પ્રકારના ગાયકોનો સંગ અવશ્યમેવ કરવો કારણ કે તેમના વડે થતું જ્ઞાન અને તેવાઓનો સંગ ભક્તિવૃદ્ધિમાં ઉપકારક સિદ્ધ થાય છે.

શ્રીકલ્યાણરાયજી કૂપભેદમાં મીઠા-ખારા વગેરે જલવાળા ભેદથી કૂપભેદ જણાવે છે, જ્યારે શ્રીપુરુષોત્તમજી સર્વતીર્થમયકૂપ, દામોદરકૂપ,

ગોપકૂપ વગેરે સ્થળ સમ્બન્ધી કૂપથી કૂપભેદ જણાવે છે. તેથી એકમાં જળથી અને એકમાં સ્થળથી ગુણ-દોષ કહેવાયા છે તેમ છતાં પણ બંને વચ્ચે કોઈ વિરોધ નથી અને બંને વાતો ગ્રન્થવિષયથી સંગત પણ છે. કારણ કે કપિલદેવજીનાં વાક્યોથી નિષ્કામ-મોક્ષકામ- સ્વર્ગકામ-લોકકામ પ્રકારથી શ્રીકલ્યાણરાયજી ગાયકોને સરખાવે છે તો શ્રીપુરુષોત્તમજી એ જ વાતને **‘ભકતપણું-અભકતપણું-સાધારણપણું’** વાક્યથી ગાયકોના ભેદ સમજાવે છે અને તેમાં પણ સાધારણોમાં પણ લમ્પટપણું વગેરે દોષોથી વિશિષ્ટ થયેલાઓનો ભેદોમાં સમાવેશ કરે છે, જ્યારે શ્રીઆચાર્યચરણ આ ગ્રન્થમાં **‘પરમ્પરાથી યુકત-ક્ષેત્ર પ્રવિષ્ટ-વેશ્યાદિસહિત મત્ત-ભગવચ્છાસ્ત્ર તત્પર-પ્રેમયુકત-યોગ ધ્યાનાદિ સંયુક્ત-દેવાદિ ઉપાસનાથી ઉદ્‌ભૂત-સંગાદિ ગુણ દોષો વડે વૃદ્ધિ ક્ષયવાળા-પૂર્ણ ભગવદીયો-ગુણાતીત’** વગેરે ભેદો કહ્યા છે તે આ બન્ને મહાનુભાવોએ જણાવેલા પ્રકારમાં તેનો સમાવેશ થઈ જાય છે. તેમ છતાં પણ ગાયકોના ભેદમાં શ્રીકલ્યાણરાયજી અને શ્રીપુરુષોત્તમજી એમ બંનેએ જણાવેલા પ્રકારોને ભેગા કરી ભેદ વિચારવામાં આવે તો વધુ સૂક્ષ્મતાથી ભેદનિર્ણય થઈ શકે છે એમ મારું માનવું છે.

* * * * *

તૃતીય શ્લોક (ઉત્તરાર્ધ)

कुल्याः पौराणिकाः प्रोक्ताः पारम्पर्ययुता भुवि ॥ ३ ॥

અન્વય - भुवि - ભૂતળમાં, **पारम्पर्ययुताः -** પરમ્પરાથી યુક્ત, **पौराणिकाः -** પુરાણ કથા કરનારાઓ, **कुल्याः -** નહેર (ના જળ સમાન), **प्रोक्ताः -** કહ્યા છે.

શબ્દાર્થ :- ભૂતળમાં પરમ્પરાથી યુક્ત એવા પુરાણ-ઈતિહાસ વગેરેની કથા કરનારાઓ નહેરના જળ સમાન કહ્યા છે.

અહીં સર્વ ટીકાકારો આ મુજબ જણાવે છે -

(૧) શ્રીકલ્યાણરાયજી -द्वितीयं भावमाहुः कुल्याः पौराणिका इति । कुल्या अल्पा कृत्रिमा सरित् । पुराणमधीयते विदन्ति वा पौराणिकाः पुराणेतिहासपाठकाः कृत्रिमाल्पनदीतुल्याः, तेषां भावस्तज्जलतुल्य इत्यर्थः । यथा भूमौ कुल्या जलाशयेन पारम्पर्ययुताः परम्परासम्बद्धास्तथा एतेपि भुवि पुराणार्थप्राप्तौ पारम्पर्ययुताः सद्गुरूपदेशादवगत-पुराणार्थाः। सद्गुरूपदेशं विना श्रीभागवतविष्णुपुराणादौ भाषात्रयासुरव्यामोहकलीलास्वरूपाज्ञाने सर्वमनर्थकं स्यात् । यथा प्रत्यहं यत्ने क्रियमाणे कुल्या प्रवहति, नान्यथा, तथा पुराणपाठ एव तेषां भावोदयो, नान्यदेति दृष्टान्तेन सूचितम् ।

અર્થાત્ - (હવે) બીજા ભાવને જણાવે છે **કુલ્ય પૌરાણિકો** વગેરેથી. **‘કુલ્ય નાની-કૃત્રિમ નદી’**. પુરાણને ભણનારાઓ અથવા પુરાણને જાણનારાઓ-પુરાણ-ઈતિહાસના પાઠકો પૌરાણિકો કૃત્રિમ-અલ્પ નદી તુલ્ય છે, તેમનો ભાવ તેનાં જલ તુલ્ય છે એમ અર્થ છે. જેમ

ભૂમિમાં નહેર જલાશય સાથે પરમ્પરાથી યુત હોય છે-પરમ્પરાથી સમ્બદ્ધ હોય છે તેમ આ પણ પૃથ્વીમાં પુરાણના અર્થની પ્રાપ્તિ અર્થે પરમ્પરાથી યુત સદ્ગુરુના ઉપદેશ વડે પુરાણનો અર્થ જાણેલા હોય છે. સદ્ગુરુના ઉપદેશ વિના શ્રીભાગવત-વિષ્ણુપુરાણ વગેરેમાં ત્રણ પ્રકારની ભાષા (સમાધિભાષા, પરમતભાષા, લોકભાષા) આસુરોને વ્યામોહ કરનારી લીલાના સ્વરૂપનું અજ્ઞાન હોતાં સર્વ કંઈ (પુરાણાદિના પઠન-પાઠનમાં) અનર્થ કરનારું જ થાય છે. જેમ પ્રતિદિન પ્રયત્ન કરાતાં નહેર (માં જળ) વહે છે, અન્યથા નહિં, તેમ પુરાણપાઠ (સમયે) જ તેમનામાં ભાવોદય હોય છે, તે સિવાય નથી હોતો એમ દૃષ્ટાન્તથી સૂચિત કર્યું છે.

(૨) શ્રીપુરુષોત્તમજી - (આભાસમાં-) कूल्याभ्यः स्वाहेति श्रुतिमनुसृत्य द्वितीयं भावमाहुः कुल्या इत्यादि’ (વ્યાખ્યાનમાં-) **श्रुतौ कूल्या इति दीर्घः छान्दसो वर्णविकृतिरूपः । पौराणिकाः कुल्याः प्रोक्ताः ‘कुल्या स्यात् कृत्रिमा सरि’दिति कोशात् महतो जलाशयात् अन्यत्र जलानयनार्थं या कृत्रिमा नदी क्रियते सा कुल्या । पौराणिकाः पुराणवाचयितारस्ताः प्रोक्ताः । अत्रोपमावाचकपदाभावाद्रूपकं ज्ञेयम् । ‘उपमैव तिरोभूतभेदा रूपकमिष्यते’ इति काव्यादर्शे लक्षणात्तत्रापीदमाधिक्यन्यूनत्वयोरनुक्तत्वादनुभयोक्तिरूपकं ज्ञेयम् । केषाञ्चिदलङ्काराणां किञ्चित्प्रयोजनार्थं शास्त्रेङ्गीकारस्यानुमानिकसूत्रे तद्विषयश्रुतौ च दर्शनादिति । एवमग्रेपि बोध्यम् । पौराणिकानां कुल्यातौल्ये हेतुगर्भं विशेषणमाहुः पारंपर्ययुता भुवीति । तथा च भूमिष्ठत्वात्परंपरया मूलसम्बन्धाच्च ते कुल्यातुल्या इत्यर्थः । तेन यादृश्य आपः कुल्यायां भवन्ति तादृशस्तेषां भावः । ता यथा नद्यादिरहिते देशे कृत्रिमोपायेन नीताः प्रवहन्त्यः पानस्नानाचमनादिरूप-परोपकाराय भवन्ति, तथा तेषां भावोपि। पाद्मे माघमाहात्म्ये वैश्यं प्रति देवदूतवाक्यजाते ‘विचारयन्ति ये शास्त्रं वेदाभ्यासरताश्च ये । पुराणसंहितां ये च श्रावयन्ति पठन्ति च । व्याकुर्वन्ति स्मृतिं ये च ये धर्मप्रतिबोधकाः। वेदान्तेषु निविष्टा ये तैरियंजगती धृता। तेषामभ्यासमाहात्म्यैः सर्वे ते हतकिल्विषाः । गच्छन्ति ब्रह्मणो लोकं यत्र मोहो न विद्यते। ज्ञानमज्ञाय यो दद्याद्वेदशास्त्रसमुद्भवं। अपि देवास्तमर्चन्ति भवबन्धविदारक’मिति पौराणिकानामुत्कृष्टत्वकथनात् । अत्र भुवीतिकथनात् पूर्वश्लोकोक्ताः स्वर्गस्था इति बोधितम् । अन्यथा तद्वैयर्थ्यापातादिति ।’**

અર્થાત્ - શ્રુતિમાં કૂલ્ય એમ દીર્ઘ છે એ વૈદિક વર્ણવિકૃતિરૂપ છે. **પૌરાણિકો નહેર કહ્યા છે ‘કૃત્રિમ નદી નહેર કહેવાય છે’** એમ કોશમાં કહ્યું હોવાથી મોટા જલાશયમાંથી બીજા સ્થળે જળ લઈ જવા માટે જે કૃત્રિમ નદી કરવામાં આવે છે તે કુલ્ય નહેર છે. પૌરાણિકો એટલે કે પુરાણ વાંચનારાઓ તે નહેર (સમાન) કહ્યા છે. અહીં ઉપમાને જણાવનાર ( ) વગેરે પદનો અભાવ હોવાથી આ રૂપક (અલંકાર) છે એમ જાણવું. **‘જેમાં આધિક્ય-ન્યૂનત્વનો ભેદ તિરોભૂત છે એવી ઉપમા રૂપક કહેવામાં આવે છે’** એમ કાવ્યાદર્શમાં લક્ષણ કહેલું હોવાથી અહીં આધિક્ય-ન્યૂનપણાનો (જેની ઉપમા આપવી હોય તે અધિક ગુણવાળો પદાર્થ હોવો જોઈએ અને જેને ઉપમા આપવી હોય તે ન્યૂન ગુણવાળો પદાર્થ હોવો જોઈએ તેનો અહીં અભાવ હોવાથી આ **‘अनुभयोक्ति’** રૂપક છે એમ જાણવું. (જો કે ધર્મનો ઉપદેશ આપનારા ગ્રન્થોમાં વિશેષ કરીને અલંકારો લખવાનું પ્રયોજન હોતું નથી, છતાં પણ -) કેટલાક અલંકારોનો કંઈક પ્રયોજનને અર્થે શાસ્ત્રમાં અંગીકાર કર્યાનું આનુમાનિક સૂત્રમાં વ્યાસજીએ જણાવેલું છે અને તે વિષયની શ્રુતિમાં તેમ દેખાય પણ છે (તેથી અહીં રૂપક અલંકાર છે એમ જાણવું. આ મુજબ જ આગળ પણ સમજી લેવું. પૌરાણિકોના નહેર તુલ્યતામાં હેતુગર્ભ વિશેષણ કહે છે **પૃથ્વી પર પરમ્પરાથીયુત.** તથા આ

લોકો પૃથ્વી પર રહેલા હોવાથી પરમ્પરા વડે મૂલ સાથે સમ્બન્ધવાળા હોઈ તેઓ નહેર તુલ્ય છે એમ અર્થ છે. તેના વડે જે પ્રકારનું જળ નહેરમાં હોય છે તે પ્રકારે તેમનો ભાવ હોય છે. તે નહેર જળ જેમ જ્યાં નદી વગેરે (જલાશય)થી રહિત દેશમાં કૃત્રિમ ઉપાય વડે લવાયેલ પ્રવાહિત હોતાં પાન-સ્નાન-આચમન વગેરે રૂપે ઉપકારક હોય છે, તેમ તેમનો ભાવ પણ તે પ્રકારનો જ હોય છે. પદ્મપુરાણનાં માઘમાહાત્મ્યમાં વૈશ્યના પ્રતિ દેવદૂત વાક્યમાં કહેવાયેલ **‘જે લોકો શાસ્ત્રને વિચારે છે અને વેદના અભ્યાસમાં રત રહે છે, તેમજ જે લોકો પુરાણસંહિતા શ્રવણ કરાવે છે તથા ભણે છે, જે લોકો સ્મૃતિ શાસ્ત્રોનું વિશ્લેષણ કરે છે, અને તે મુજબ બીજાઓને ધર્મનો બોધ કરાવે છે, જે લોકો વેદાન્ત-ઉપનિષદ્‌માં કહેવાયેલ બ્રહ્મવિદ્યામાં નિવિષ્ટ છે તેવા લોકો વડે આ પૃથ્વી ધારણ કરાયેલી છે, તેમના અભ્યાસના-આવર્તનના માહાત્મ્ય વડે તેઓ નિષ્પાપ બનેલા જ્યાં મોહ નથી એવા બ્રહ્મલોકમાં જાય છે, (તેથી) વેદશાસ્ત્રથી ઉદ્‌ભવ થયેલું જ્ઞાન અજ્ઞાનીઓને આપવું જોઈએ, સંસારનાં બન્ધનોને કાપનારા એવા જ્ઞાનને (શાસ્ત્ર જ્ઞાન અજ્ઞાનીઓને) આપનારા લોકોનો દેવો પણ આદર-પૂજા કરે છે’** એમ અહીં પૌરાણિકોનું ઉત્કૃષ્ટપણું કહેવાયેલું હોવાથી (આવા પૌરાણિકો વડે શ્રવણાદિથી પ્રાપ્ત જ્ઞાન ઉત્તમ છે). અહીં **‘भुवि’ ‘પૃથ્વી ઉપર’** એમ કહ્યું હોવાથી પૂર્વ શ્લોકમાં કહેવાયેલા (ગન્ધર્વો) એ સ્વર્ગસ્થ-સ્વર્ગમાં રહેલા છે એમ બોધ કરાવ્યો છે. જો એમ ન માનવામાં આવે તો અહીં **‘भुवि’** પદ વ્યર્થ થઈ જાય.

(૩) શ્રીવલ્લભજી - (આભાસ -) मध्ये पौराणिकान्निरूपयन्ति कुल्या इति । यद्यपि गायकप्रकरणमध्ये पौराणिकनिरूपणं न संभवति, तथापि यन्निरूपितं तत्तादृशपौराणिकानां गायकतुल्यत्वमेवेति ज्ञापनायोक्तम् । अत्रायं भावः । गानं द्विविधम् । एकं संगीतशास्त्रोक्तं रागतालमूर्च्छनादिभेदेन । अपरं वक्तृश्रोतृसद्भावे पुराणकथनद्वारा गुणानुकीर्तनम् । उभयेपि तत्तदुपजीविनः, परन्तु भृतकाध्यापनवन्न गायन्तीति सामान्यदृष्टान्तेन ज्ञायते । वृत्त्युपजीविनामग्रे निन्दितत्वाच्च । एवं सति सामान्यत उभयेषां समानधर्मत्वाद्गायकानां मध्ये सामान्यतः पौराणिकानपि निरूपयन्ति कुल्या इति । (વ્યાખ્યાન -) **तेषां पुराणादिकथनं तु परंपराप्राप्तम्, न तु कञ्चनोद्दिश्य ते कथयन्ति, तादृशास्ते कुल्याः अल्पाः कृत्रिमाः सरितः प्रवहणशीलास्तत्तुल्या इत्यर्थः । यद्यपि ता अपि पारंपर्ययुताः, यत आनीयन्ते तत्रागाधता, तथापि स्वतः त्वल्पाः कृत्रिमाः, न तु सहजाः । तेनोपरोधे रुद्धा अपि भवन्तीति सूचितम् । तथा तेऽपि यतः पुराणार्थोवगतः स गुरुर्महान्, परन्तु स्वयं त्वल्पपात्ररूपाः । साहजिकभगवद्धर्मप्रवृत्तिरहिताः । संसारस्थिताः । उपरोधे रुद्धाः अपि भवन्ति तादृशाः । परन्तु प्रवहणशीलत्वात् कुल्यानां तद्दृष्टान्तेन पुराणकथनद्वारा यथाधिकारं धर्मोपदेशका इति गायकसकाशादेतावान् विशेषः । अत एव द्वितीयभावत्वेन निरूपणम् ।’**

અર્થાત્ - (આભાસ-) વચમાં પૌરાણિકોને પણ નિરૂપે છે **‘નહેર’** વગેરેથી. યદ્યપિ ગાયકના પ્રકરણના વચ્ચે પૌરાણિકોનું નિરૂપણ સંભવતું નથી, છતાં પણ જે (અત્ર) નિરૂપણ થયું છે તે તેવા પૌરાણિકોનું ગાયક તુલ્યપણું- સમાનપણું જ છે તે જણાવવા કર્યું છે. અહીં આ મુજબ ભાવ છે. ગાન બે પ્રકારનું છે. એક સંગીતશાસ્ત્રમાં રાગ-તાલ - મૂર્ચ્છના વગેરે ભેદો વડે કહેલું. બીજું વક્તા-શ્રોતા બંને હોતાં પુરાણ કથન વડે ભગવાનના ગુણોનું અનુકીર્તનરૂપ. બંનેમાં જ ગાન અને કથા તેમની આજીવિકા છે, પરન્તુ પૈસા લઈ (તેના બદલામાં) ભણાવનારાની માફક તે લોકો ગાન-(કથા) નથી કરતા પરન્તુ તેના વડે જે પ્રાપ્ત થાય તે સ્વીકારનારા હોય છે) એમ સામાન્ય દૃષ્ટાન્ત વડે જણાય છે. માત્ર વૃત્તિથી

જ જીવનારા (તદર્થ પૈસા લઈ બદલામાં ગાન-કથા કરનારા) ઓની આગળના ભાવોમાં નિન્દા થયેલી જોવામાં આવતી હોવાથી (આ લોકો તેથી અલગ છે). આ પ્રમાણે હોતાં બંનેના સમાન ધર્મો હોવાથી ગાયકોના મધ્યે સામાન્ય રીતે પૌરાણિકોનું પણ નિરૂપણ કરે છે **‘નહેર’** વગેરેથી. **(વ્યાખ્યાન-)** તેઓ જે પુરાણ વગેરે કહે છે તે પરમ્પરાથી પ્રાપ્ત કહે છે, નહિં કે તેઓ કંઈ-કોઈને ઉદ્દેશીને કહે છે, તેવા જે છે તે નહેર એટલે કે નાની-કૃત્રિમ નદી જેમ પ્રવાહશીલ હોય છે તેવા હોય છે એમ અર્થ છે. યદ્યપિ તે જળ પણ પરમ્પરાથી યુત હોય છે (પરન્તુ) જ્યાંથી કૃત્રિમ નદીનો જલ પ્રવાહ આવે છે એ જલાશય અગાધ જલવાળું હોય છે પરંતુ આ નહેર નાની અને કૃત્રિમ પ્રવાહવાળી હોય છે, તેમાં સહજ પ્રવાહ નથી હોતો. તેથી કરીને એમાં કોઈ પણ પ્રકારે આડે આવતાં તે રોધાઈ જાય પણ છે એમ સૂચિત કર્યું છે. તેવી જ રીતે નહેર તુલ્યોએ - પૌરાણિકોએ જ્યાંથી - જેનાથી પુરાણનો અર્થ જાણ્યો છે તે ગુરુ મહાન છે પરન્તુ તેઓ પૌરાણિકો અલ્પ માત્ર રૂપ હોય છે. તેઓ સહજ રીતે ભગવદ્ધર્મની પ્રવૃત્તિથી રહિત હોય છે. સંસારમાં સ્થિતિવાળા હોય છે. તેમજ આડ આવતાં તેઓ રોધાય પણ છે, તેવા હોય છે. પરન્તુ તેમનામાં વહેતા રહેવાપણું હોવાથી નહેરના દૃષ્ટાન્ત વડે પુરાણકથન દ્વારા અધિકાર પ્રમાણે ધર્મનો ઉપદેશ કરનારા હોય છે એમ ગાયકોની અપેક્ષા આમનામાં આટલું વિશેષ છે. તેથી જ તેમનું બીજા ભાવ વડે નિરૂપણ કર્યું છે.

(૪) શ્રીબાલકૃષ્ણજી - (આભાસ-) प्रथमभावं निरूप्य द्वितीयमाहुः कुल्याः पौराणिका इति’ (વ્યાખ્યાન-) **पौराणिकाः पुराणज्ञाः कुल्या प्रोक्ताः । कृत्रिमसरित्तुल्या उक्ता इत्यर्थः । यतो भुवि पारम्पर्ययुताः, धरण्यां यथा परम्परया पुराणं श्रुत्वा वर्णयन्ति, न तु स्वतो विचारयन्ति, तेषां भावस्तज्जलतुल्य इत्यर्थः। यथा कृत्रिमा नदी प्रत्यहं खननादियानैरेव प्रवहति, प्रमादादप्यप्रयत्नतो वालुकादिभिः सुनिहता भवति, तथा**

तेषामपि नित्यं पुराणादिदर्शन एव भावो भवति, नान्यदा । यथा तस्याः पारम्पर्यता भुव्येव तडागादिषु, न तु स्वतः प्रवहन्नदीजलवत् सादित्वं समुद्रगत्वं च, तथैतेषामपि पुराणदर्शनकाल एवोत्पत्तिस्तत्रैव च समाप्तिर्न तु दयासमुद्रभगवद्गामित्वम् ।’

અર્થાત્ - (આભાસ-) પ્રથમ ભાવનું નિરૂપણ કર્યા પછી દ્વિતીય ભાવને કહે છે **‘નહેર પૌરાણિકો’** વગેરેથી. (વ્યાખ્યાન-) પૌરાણિકો એટલે પુરાણને જાણનારાઓ નહેર (સમાન) કહ્યા છે. તે લોકો કૃત્રિમ નદી તુલ્ય કહ્યા છે એમ અર્થ છે. જેથી કરીને પૃથ્વીમાં તેઓ પરમ્પરાથી યુત હોય છે, પરમ્પરા વડે જે પ્રકારે તેમણે પુરાણનું શ્રવણ કર્યું હોય છે તે મુજબ આ પૃથ્વીમાં તેઓ વર્ણન કરે છે. નહિં કે તેઓ પોતાના મનમાન્યા વિચારે વર્ણન કરે છે, (અતઃ) તેઓનો ભાવ નહેર (જળ) તુલ્ય છે એમ અર્થ છે. જેમ કૃત્રિમ નદી-નહેર ખોદવા વગેરેથી પ્રતિદિન વહેતી રહે છે, પ્રમાદવશ જો પ્રયત્ન કરવામાં ન આવે ત્યારે રેતી ભરાઈ જવી વગેરેથી સુકાઈ જવું વગેરે પ્રકારે પ્રવાહ ન રહેવો વગેરે પણ થાય છે, તેમ તેઓમાં પણ નિત્ય પુરાણ વગેરેના પઠન-પાઠન વગેરે ઉપયોગથી જ તેમનામાં ભાવ થાય છે, બીજા સમયમાં નહિં. જેમ નહેરની પરમ્પરા તળાવ વગેરે પૃથ્વી ઉપરના જલાશયોથી જ હોય છે, નહિં કે તેઓ નદી જલની માફક સ્વતઃ પ્રવાહવાળા હોય છે ન નદી સમાન તેમનું કોઈ ઉદ્ગમ સ્થળ હોય છે કે ન તેઓ સમુદ્રમાં મળે છે, તેમ આ પૌરાણિકોમાં પણ પુરાણાદિના પઠન-પાઠનાદિ ઉપયોગ સમયે જ ભાવની ઉત્પત્તિ હોય છે અને ત્યાં જ તેટલા જ સમયમાં તેની સમાપ્તિ પણ જઈ જાય છે, તેઓનો ભાવ દયા સમુદ્ર ભગવાનમાં મળનારો હોતો નથી.

વિવરણ : આ સ્થલે ચારે ટીકામાં **‘પરમ્પરા’** શબ્દની સ્પષ્ટતા જોવા મળતી નથી કે કઈ પરમ્પરા. શ્રીઆચાર્યચરણના ગ્રન્થસ્થ વાકયમાં પણ **‘પરમ્પરાથી યુત’** એટલું જ જણાવ્યું છે અતઃ અહીં પરમ્પરા શબ્દથી શું સમજવું એ અસ્પષ્ટ છે. શ્રીકલ્યાણરાયજીની ટીકામાં ‘સદ્ગુરુના ઉપદેશથી

પુરાણનો અર્થ જાણેલા' અને 'સદ્‌ગુરુના ઉપદેશ વિના ભાગવત-વિષ્ણુ પુરાણ વગેરેમાં ત્રણ પ્રકારની ભાષા આસુરવ્યામોહલીલાનું સ્વરૂપ જાણી શકાતું નથી' એમ જણાવ્યું છે, શ્રીપુરુષોત્તમજીની ટીકામાં 'તે પૌરાણિકો ભૂમિ પર રહેલા હોવાથી અને પરમ્પરા વડે મૂલ સમ્બન્ધવાળા હોવાથી' એમ જણાવ્યું છે. શ્રીવલ્લભજીની ટીકામાં 'જ્યાંથી પુરાણનો અર્થ જાણ્યો છે તે ગુરુ મહાન્ છે' એમ જણાવ્યું છે. ત્રણે ટીકાઓના અભિપ્રાયોને સાથે રાખી વિચારવામાં આવે તો પુરાણ વક્તૃત્વની પરમ્પરા ભગવાન શ્રીવ્યાસજીથી આરંભ થઈ છે તેથી શ્રીવ્યાસજીથી જેમ શ્રીશુકે ભાગવતનું અધ્યયન કર્યું તેમ પરમ્પરાથી અર્થ ઉતરતો આવ્યો હોય અને તે પરમ્પરામાં રહેલા જે સદ્‌ગુરુ હોય તેમના વડે અર્થ જાણેલો હોય તેવા પરમ્પરાથી યુત થયેલા એમ જાણી શકાય છે. આ પ્રકારની પૌરાણિક પરમ્પરા આધુનિકમાં વિચ્છિન્ન થયેલી જોવામાં આવે છે. અતઃ બીજી રીતે વિચારવામાં આવે તો ભગવાનથી આરંભ થઈને બ્રહ્મા-રુદ્ર વગેરે દેવો અથવા નારદ-સનત્કુમાર વગેરે ઋષિઓની પરમ્પરાએ પરમ્પરાગત રીતે પ્રવર્તિત સમ્પ્રદાયો અથવા જ્ઞાનાવતાર ભગવાન વ્યાસની જ્ઞાન પરમ્પરામાં પ્રાદુર્ભૂત આચાર્યોની સમ્પ્રદાય પરમ્પરામાં રહેલા સદ્‌ગુરુઓ વડે પુરાણ અર્થ જાણેલા એમ અર્થ જાણી શકાય છે. આ પ્રકારે શ્રીપુરુષોત્તમજીની ટીકામાં પદ્મપુરાણનાં વાક્યોને ટાંકીને પૌરાણિકોની જે ઉત્કૃષ્ટતા જણાવાઈ છે તે પણ ઉપર મુજબના લોકો માટે જ સમજવી જોઈએ.

શ્રીકલ્યાણરાયજીની ટીકામાં શ્રીભાગવત-વિષ્ણુ પુરાણાદિમાં ભાષાત્રય - આસુર વ્યામોહલીલાનું સ્વરૂપ વગેરેના જ્ઞાનવાળા જણાવ્યા છે તેથી ઉપર્યુક્ત અર્થનો થોડો સંકોચ કરીને વૈષ્ણવ સમ્પ્રદાયાચાર્યોની પરમ્પરામાં રહેલા સદ્‌ગુરુઓથી અર્થ જાણેલા અથવા તો **अर्थं तस्य विवेचितुं न हि विभुर्वैश्वानराद्वाक्पतेरन्यस्तत्रविधाय मानुषतनुं मां व्यासवच्छ्रीपतिः, दत्त्वाज्ञां च कृपावलोकनपटुर्यस्मादतोहं मुदा गूढार्थं प्रकटी करोमि बहुधा व्यासस्य विष्णोः प्रियम्'** એમ

શ્રીઆચાર્યચરણે શ્રીસુબોધિનીના આરંભે જણાવ્યું હોઈ શ્રીભાગવતપુરાણ વક્તૃત્વના વિષયમાં શ્રીવલ્લભાચાર્યચરણની પરમ્પરામાં બિરાજમાન સદ્‌ગુરુના ઉપદેશ વડે શ્રીભાગવતનો અર્થ જેણે જાણ્યો છે તેવા એમ અર્થ જાણી શકાય છે. પદ્મપુરાણમાં દશરથના પુત્ર રામનું યમસદનમાં જવાનું જણાવ્યું છે, તે બાબતને શ્રીઆચાર્યચરણ પ્રથમ સ્કન્ધ સુબોધિનીમાં જણાવે છે કે **'रामः कदाचित् अवतारो न'** પુરાણનો આ ખુલાસો શ્રીવલ્લભની પરમ્પરા વિના કેવી રીતે સમજી શકાય ? અતઃ પરમ્પરા શબ્દથી ઉપર્યુક્ત સ્પષ્ટતા સમજવી.

શ્રીબાલકૃષ્ણજીની ટીકામાં પૌરાણિકો પણ નિત્ય-સાર્વદિક પુરાણના પઠન-પાઠનાદિમાં પરાયણ હોવા જોઈએ ત્યારે જ તેમનામાં ભાવસ્થિતિ રહે છે, અન્યથા નહિં એમ જણાવે છે. આથી એમ પણ જાણી શકાય છે કે વ્યાપાર વગેરે અન્ય વ્યવસાયમાં રત રહેનારા ક્યારેક પુરાણાદિનું પ્રવચન કરે તો ત્યારે ભલે તેઓ પરમ્પરાથી જ્ઞાન પ્રાપ્ત કરેલા હોય છતાં પણ તેમનામાં ભાવસ્થિતિ વિચારી શકાય તેમ નથી.

સર્વ ટીકાકારોના અભિપ્રાયે મને તો એમ લાગે છે કે અહીં પૌરાણિકોમાં કે પૂર્વમાં કહેલા ગાયકોમાં બે વાત જરૂરી છે કે પૌરાણિકોમાં પુરાણનું અર્થ જ્ઞાન સારી રીતે હોવું જરૂરી છે તેમજ સર્વપુરાણોના અર્થરૂપ ભગવાનની હૃદયમાં ભાવરૂપ-સ્નેહરૂપ સ્થિતિ પણ આવશ્યક છે તેવી જ રીતે ગાયકોમાં પણ જે ભગવદ્‌ગુણો તેમના મુખથી ગવાઈ રહ્યા હોય તે ગુણોનું સારી રીતનું જ્ઞાન હોવું પણ જરૂરી છે તો ગાન વિષય ભગવાનની હૃદયમાં ભાવરૂપ-સ્નેહરૂપ સ્થિતિ પણ આવશ્યક છે. ત્યારે જ તે ભાવ શ્રોતાને અર્થે ઉપકારક સિદ્ધ થઈ શકે છે, અન્યથા તે વિના માત્ર અર્થ જ્ઞાન હોવાથી માત્ર શાબ્દિક જ્ઞાન શ્રોતાને ઉપકૃત કરી શકતું નથી ન તેવાને ઉત્કૃષ્ટ યા સંગ કરવા યોગ્ય કહી પણ શકાય છે. તેથી જ આચાર્યચરણ આ જ ગ્રન્થમાં આગળ જણાવે છે કે **हृदास्तु पण्डिताः प्रोक्ता भगवच्छास्त्रतत्पराः'** પંડિત એટલે વિવેકી બુદ્ધિવાળો-જ્ઞાનવાળો.

વિવેકી બુદ્ધિ હોઈને - જ્ઞાન હોઈને પણ લોક પરાયણ કે લોકશાસ્ત્ર પરાયણ થયેલો હોય તો તેવો નહિં એ નિષેધાર્થ જણાવે છે તે ભગવચ્છાસ્ત્રોમાં પરાયણ થયેલો તેવી બુદ્ધિવાળો અને તે મુજબ આચરણવાળો હોવો જોઈએ. કેમ કે બુદ્ધિ એ ઈન્દ્રિયોની અનુગ્રાહક હોવાથી ઈન્દ્રિયો વડે જે વૈષયિક જ્ઞાન સંપ્રાપ્ત કરવામાં આવે છે તેનું બુદ્ધિ વડે અનુગ્રહણ થાય છે, અતઃ ઈન્દ્રિયો વડે જો લૌકિક-વૈષયિક જ્ઞાન સતત સમ્પ્રાપ્ત કરાતું રહેશે તો બુદ્ધિ વડે તેનો જ અનુગ્રહ કરાતાં બુદ્ધિમાં વિષયોનો ભરાવો વિસ્તૃત જ થતો રહેશે તેથી જ દેહ-ઈન્દ્રિય વગેરે વડે લોકપ્રવૃત્તિ નિવૃત્તિ પૂર્વક ભગવત્ પ્રવૃત્તિનું સતત આવર્તન કરવાથી જ ભક્તિવૃદ્ધિ પામીને વ્યસનદશા કિંવા માનસીદશા પર્યન્ત પહોંચી શકાય છે. તેથી જ શ્રીઆચાર્યચરણ ભક્તિવર્દ્ધિનીમાં **बीजदार्ढ्यप्रकारस्तु गृहे स्थित्वा स्वधर्मतः, अव्यावृत्तो भजेत् कृष्णं पूजया श्रवणादिभिः'** એમ જણાવે છે. અવ્યાવૃત્ત અને વ્યાવૃત્ત એમ બે પક્ષોમાં શ્રીઆચાર્યચરણના અભિપ્રાયમાં અવ્યાવૃત્ત પક્ષ જ મુખ્ય છે. તેથી જ ત્યાં પ્રથમ તેનો જ ઉલ્લેખ કરી વ્યાવૃત્તમાં **'अपि'** શબ્દ પ્રયોજીને તેની ગૌણતા દર્શાવી છે. વ્યાવૃત્ત શબ્દમાં વિ-આ-વૃત્ ને લાગીને વ્યાવૃત્ત શબ્દ બને છે જે હટેલું, અલગ કરેલું, રોકાયેલું, વિભકત કરેલું, પરિવર્તિત થયેલું વગેરે અર્થને દ્યોતે છે. એ મુજબ અ+વ્યાવૃત્ત = અવ્યાવૃત્તનો અર્થ ઉપર મુજબ નહિં હટેલું વગેરે અર્થને દ્યોતે છે. આ રીતે અર્થ કરતાં કૃષ્ણ અને કૃષ્ણ ભજનમાંથી અલગ થયા વિનાની સ્થિતિ એ અવ્યાવૃત્ત સ્થિતિ છે અને આને તેનાથી અલગ હટીને અન્યત્ર રોકાણવાળી સ્થિતિ એ વ્યાવૃત્ત સ્થિતિ છે. તેથીજ વ્યાવૃત્ત પક્ષમાં **चित्तं श्रवणादौ यतेत्'** એમ કહ્યું છે. અતઃ બંને પક્ષોમાં અવ્યાવૃત્તદશામાં ચિત્ત કૃષ્ણમાં હોઈને શ્રવણાદિ છે જ્યારે વ્યાવૃત્તદશામાં શ્રવણાદિમાં ચિત્તને જોડવાનો પ્રયત્ન છે. અતઃ ભક્તિવર્દ્ધિનીમાં **'गृहे स्थित्वा'** એટલે ઘરમાં રહીને એટલા જ અર્થમાં કહ્યું છે નહિં કે ગૃહાસક્તિ - કાર્યાસક્તિ-લોકાસક્તિ વગેરે સહિત ઘરમાં રહેવાનું વિધાન છે. કારણ કે નિબન્ધોક્ત ભગવદ્ વાક્ય મુજબ **गृहं सर्वात्मना त्याज्यं तच्चेत्त्यक्तुं न शक्यते,**

कृष्णार्थं तन्नियुञ्जीत कृष्णः संसारमोचकः' અહીં જો ગૃહ છોડવામાં ન આવે ત્યારે ગૃહની - ગૃહ સહિત ગૃહસ્થાશ્રમની કૃષ્ણને અર્થે જ યોજના કરવાની છે, સ્વઅર્થે કે અન્યાર્થે તેની યોજના નથી કરવાની. તેમજ ન તો સ્વ પરત્વે કે અન્ય પરત્વે યા તેવી આસક્તિ યા અહં-મમ ભાવે ગૃહ નિવાસ કરવાનો છે. માત્ર ભગવત્સેવા નિર્વાહને અર્થે જ ગૃહસ્થિતિ જણાવવામાં આવી છે. અતઃ વ્યાપાર વગેરેની પ્રવૃત્તિ એ વ્યાવૃત્ત પક્ષમાં જ જશે-અવ્યાવૃત્ત પક્ષમાં નહિં. આ જ પ્રકાર પૌરાણિકો અને ગાયકોમાં પણ ગ્રહણ કરવો જોઈએ. કારણ કે સિદ્ધાન્તમુકતાવલીમાં પણ **'लोकार्थी चेद्भजेत् कृष्णं क्लिष्टो भवति सर्वथा'** એમ શ્રીઆચાર્યચરણ જણાવે છે. કૃષ્ણભજન કરતો હોય અને તેની સાથે તે લોકકામ પણ હોય ત્યારે તેવાઓના ચિત્તમાં આનન્દ ઉદ્ભવતો નથી પણ ક્લેશ ઉત્પન્ન થાય છે. યદ્યપિ જે લોકો કૃષ્ણ ભજન નથી કરતા તેની અપેક્ષા લોકકામ હોઈને પણ તેની કૃષ્ણ ભજન પ્રવૃત્તિ એ અધમ છે એમ તો નથી છતાં પણ તે ઉત્તમ છે એમ તો ન જ કહી શકાય. જે લોકો વૃત્તિ અર્થે કૃષ્ણભજન કરે છે એટલે કે ગુણગાન યા કથા વડે જ વૃત્તિ ચલાવે છે અને તે હેતુથી જ માત્ર ગાન-કથા કરે છે તે લોકો તો **'दूरतः परिवर्जयेत्'** વાકયથી અધમ જ નહિં પણ તે લોકો તો નક્કી જ અધમાધમ છે. અતઃ જે લોકો વૃત્તિ અર્થે તે હેતુથી ગાન-કથા કરનારા છે તેવાઓનું નિંદ્યપણું તો આથી આગળના ભાવમાં **'क्षेत्र प्रविष्टाः'** માં જણાવ્યું છે. અતઃ અહીં લૌકિક વ્યાવૃત્તિ વિનાના ભગવન્નામમાં જ રસવાળા ગુણ ગાનારા - કથા કહેનારા એમ સમજવું જોઈએ.

હવે છેલ્લે અહીં એ વિચારવું શેષ રહે છે કે ગુણગાનારાઓ ગુણાનુગાન કરે અથવા પૌરાણિકો પુરાણ કથા કરે તેમાં વૃત્તિનો હેતુ રાખ્યા વિના કરે પરન્તુ તે વખતે માંગ્યા વિના કે કામના રાખ્યા વિના પણ અનાયાસ દ્રવ્ય પ્રાપ્તિ થાય - લોકો પોતાની શ્રદ્ધા યા કર્તવ્યથી દ્રવ્ય આપે તો તે સ્વીકારવું કે નહિં ? અને જો સ્વીકારવામાં આવે તો ભગવન્નામ

નિમિત્તથી જ દ્રવ્ય આવેલું હોઈ તેના સ્વીકારમાં ભગવન્નામ વિક્રયનો દોષ પ્રાપ્ત થાય કે નહિં ? આ પ્રશ્નની છણાવટ શ્રીપુરુષોત્તમચરણે **‘क्षेत्रप्रविष्टाः’** ભાવના વ્યાખ્યાનમાં વિસ્તારથી કરી છે તેથી તેનો વિચાર ત્યાં જ કરીશું, અહીં તેની ચર્ચા કરતા નથી.

* * *

શ્લોક ચતુર્થ (પૂર્વાર્ધ)

क्षेत्रप्रविष्टास्ते चापि संसारोत्पत्तिहेतवः ।

અન્યવ :- ते च - (અને તેઓ), **अपि** (પણ), **क्षेत्रप्रविष्टाः** (ક્ષેત્રમાં-ખેતરમાં પ્રવિષ્ટ હોય (તો), **संसारोत्पत्तिहेतवः** (અહન્તા-મમતાત્મક સંસારની ઉત્પત્તિના કારણ (બને છે).

શબ્દાર્થ - તે પૂર્વોક્ત (ગાયકો-પૌરાણિકો) પણ (જો નહેરમાંથી) ખેતરમાં પ્રવિષ્ટ થયેલા (જલ સમાન) હોય (તો તે) સંસારની અહંતા-મમતાની ઉત્પત્તિના હેતુ-કારણ બને છે.

અહીં સર્વ ટીકાકારોનો અભિપ્રાય આ મુજબ છે -

(૧) શ્રીકલ્યાણરાયજી - (આભાસમાં-) तृतीयं भावमाहुः क्षेत्रप्रविष्टा इति’ (વ્યાખ્યાનમાં-) **च पुनस्ते पूर्वोक्ताः । ‘क्षेत्रं पत्नीशरीरयो’रिति कोशाद्देहकुटुम्बयोः पोषार्थं पुराणेतिहासपाठकाः स्वसंसारस्योत्पत्तिहेतवो भवन्तीत्यर्थः । कुल्याजलान्यपि क्षेत्रप्रविष्टानि सम्यक् सारस्यान्नस्योत्पत्तिहेतवो भवन्ति । न बहिरन्तःशुद्धिहेतुस्नानाचमनादौ हेतवस्तथैतेपि न स्वर्गापवर्गहेतवो भवन्ति । अपिशब्दात् क्षेत्रप्रविष्टा गायका अपि संसारहेतवो भवन्तीत्यर्थः । अत एवोक्तं भक्तिहंसे ‘वृत्त्यर्थं चेत् कृषिवल्लौकिक एवे’ति । गीतायां च ‘ये यथा मां प्रपद्यन्त’इति। श्रीभागवते चोक्तम् । ‘यस्त आशिष आशास्ते न स भृत्यः स वै वणिक् । आशासानो न वै भृत्यः स्वामिन्याशिष आत्मनः ॥ त्वत्पादुके ह्यविरतं परि ये चरन्ति ध्यायन्त्यभद्रनशने शुचयो गृणन्ति । विन्दन्ति ते कमलनाभभवापवर्गमाशासते यदि त**

आशिष ईश नान्य'इति ।

અર્થાત્ - (આભાસ-) ત્રીજા ભાવને કહે છે **ક્ષેત્ર પ્રવિષ્ટ** વગેરેથી' **(વ્યાખ્યાન-) 'ચ'** કારથી ફરીથી અહીં એ જ પૂર્વમાં કહેવાયેલ ભાવવાળા (પૌરાણિકો તથા ગાયકો). **'પત્ની અને શરીર બેના અર્થમાં ક્ષેત્ર શબ્દ છે'** એમ કોશમાં કહ્યું હોવાથી દેહ-કુટુમ્બના પોષણ અર્થે પુરાણ-ઈતિહાસને કહેનારાઓ પોતાના સમ્બન્ધી સંસારની ઉત્પત્તિના કારણ થાય છે એમ અર્થ છે. નહેરનું જળ પણ ખેતરમાં પ્રવેશેલું હોય ત્યારે સારી રીતે વાવેલા અન્નને ઉત્પન્ન કરનાર થાય છે, તેવું જળ અન્દર-બહારની શુદ્ધિ હેતુ સ્નાન-આચમન વગેરેમાં કારણરૂપ - ઉપયોગી નથી હોતું, તેમ આવા લોકો પણ સ્વર્ગ કે મોક્ષના હેતુ-તેમાં ઉપયોગી હોતા નથી. **'અપિ'** શબ્દથી ક્ષેત્ર પ્રવિષ્ટ (દેહ-કુટુમ્બના પોષણ અર્થે ગાનારા) ગાયકો પણ સંસારના કારણ થાય છે એમ અર્થ છે. તેથી જ ભક્તિહંસમાં (શ્રીપ્રભુચરણે) કહ્યું છે કે - **(શ્રવણ-કીર્તનાદિ નવક) જો વૃત્તિને અર્થે હોય તો તે ખેતીની માફક લૌકિક જ છે'** ગીતામાં પણ - **'જે લોકો જે પ્રકારે મને પ્રપન્ન થાય છે'** એમ કહ્યું છે. અને શ્રીભાગવતમાં પણ કહ્યું છે કે - **'હે પ્રભુ ! જે લોકો આપનાથી આશિષની આશાવાળા છે તે લોકો નક્કી જ આપના સેવક નથી પણ તેઓ વાણિયા છે, પોતાના સ્વામીમાં ઈચ્છાઓની પૂર્તિની આશા રાખનાર સેવક નથી'** (ભાગ.૭-) **'હે કમલનાભ પ્રભુ ! સમસ્ત અમંગલને દૂર કરનારી એવી આપની પાદુકાજીની જે સદા સેવા કરે છે, જે આપનું ધ્યાન કરે છે અને પવિત્ર થઈ આપનાં નામોને ઉચ્ચારે છે તેને સંસાર છૂટી જાય છે - મોક્ષ પ્રાપ્ત કરે છે અને યદિ કોઈ કદાચિત્ આશા-ઈચ્છા કરે તો તેની કામનાઓ પૂર્ણ થાય છે, બીજાઓને (આ) થતું નથી'** (ભાગ. ૧૦-૭૨-૪) એમ કહ્યું છે

(૨) શ્રીપુરુષોત્તમજી- (આભાસમાં) **अतः परं विकर्याभ्यः स्वाहेति श्रुतिमनुसृत्य तृतीयं भावमाहुः क्षेत्रेत्यादि'** (વ્યાખ્યાન-) **च पुनः ते पौराणिका अपिशब्दाद्गन्धर्वाः क्षेत्रप्रविष्टाः, क्षेत्रशब्देन यथा केदार उच्यते, तथा क्षेत्रं पत्नीशरीरयो'रिति कोशात् 'बले: क्षेत्रे महीभुज' इति 'इदं शरीरं कौन्तेय क्षेत्रमित्यभिधीयत' इत्यादिवाक्याच्च शरीरपत्न्यावप्युच्येते । एवं सति कृत्रिमजलमार्गे कृते तद्द्वारा केदारप्रविष्टाः कुल्याया आपो यथा उप्तस्य बीजस्य वृक्षस्य वा यः संसारः अभिवृद्धिः तदुत्पत्तिहेतवो भवन्ति, तथा पौराणिका गन्धर्वाश्च स्वदेहे पत्न्यां वाभिनिविष्टाः संसारस्याहन्ताममतात्मकस्योत्पत्तिहेतवो भवन्ति । अतस्तेषां भावो विकर्यातुल्यः । कृ विक्षेपे, सृदोरप्, विशेषेण विविधं वा कीर्यते विक्षिप्यते असौ विकरः, केदारे कुल्याजलानयनार्थं कृतो मार्गस्तत्र भवाः विकर्य्याः, ता यथा क्षेत्रिभिः स्वान्नसिद्ध्यर्थं यतस्ततो नीयन्ते तथा तद्भावा अपीति । तादृशा गन्धर्वपौराणिकाः विकरतुल्या इत्यर्थः । एवं च द्वितीयस्कन्धसुबोधिन्यां कामनाकरणमुपक्रम्य 'वसुकामो वसून् देवा' नित्यस्य द्वितीयव्याख्याने यदुक्तम् । 'एवं धनस्यापि, भगवद्भक्तेष्वानत्यर्थं श्रवणादिसिद्ध्यर्थं उपदेशनार्थं वा देयमपेक्ष्यते, साधनरूपश्रवणादिकं तादृशैरेव भवती'ति । तत्रापि धनदातुः सत्फलं प्रतिगृहीतुस्तु संसारोत्पत्तिः । 'भिक्षाशये'ति वाक्यात् । यदि तु तत्त्वविचारार्थमुदरभरणोपयोग्यन्नमात्रं गृह्णाति, तदा तु तीर्थपर्यटितृवन्न दोष इति बोध्यम् । एतदपि तदा यदा पौराणिकानां पारंपर्ययुतत्वं भवति । तदभावे तु वक्तृश्रोत्रोरुभयोरपि संसार एव । स्वबुद्ध्यान्यथाव्याख्याना-न्यथोबोधयोः संभवाच्चेति ज्ञेयम् । ननु ब्रह्मवैवर्ते श्रीकृष्णजन्मखण्डे 'कल्याणसूक्तसामानि हरेर्नामैकमङ्गलम् । कुर्वन्ति विक्रयं ये वै तेषां भारेण पीडिते'ति ब्रह्माणं प्रति**

पृथिवीवाक्यात्, ‘मन्नामविक्रयी विप्रो न हि मुक्तो भवेत् ध्रुवं । मृत्युकाले च मन्नामस्मृतिमात्रं न विद्यते’ इति श्रीनन्दं प्रति भगवद्वाक्याच्च, नामविक्रयस्य दोषत्वे शिष्येभ्यो भगवन्नामोपदेशस्यापि दोषत्वापत्तिः । तत्र शिष्योपढौकितग्रहणेन नामविक्रयसंभवादिति चेत् । सत्यम् । तथापि गुरुत्वस्य साहजिकब्राह्मणवृत्तित्वेनात्याज्यत्वात्, ‘सहजं कर्म कौन्तेय सदोषमपि न त्यजेत् । सर्वारम्भा हि दोषेण धूमेनाग्निरिवावृता’ इति भगवद्वाक्यात् । श्रुतावपि षडाचार्यब्राह्मणारम्भे जनकसमीपे याज्ञवल्क्य आगते जनकेन, ‘याज्ञवल्क्य ! किमर्थमचारीः पशूनिच्छन्न’ ‘एवं ता’निति गोर्थं सूक्ष्मवस्तुनिर्णायकप्रश्नान्मत्तः कारयितुं वागतोसी’ति पृष्टे याज्ञवल्क्येन उभयमेव सम्रा’डित्युक्त्वा, राजप्रश्ने अब्रवी‘न्म उदङ्कः शौल्वायन’ इत्यादिना प्राणब्रह्मविद्योपदिष्टा, ततो जनकेन हस्त्यृषभसहस्रं ददामीत्युक्ते याज्ञवल्क्येन ‘पिता मेमन्यत नाननुशिष्य हरेते’त्युक्त्वा पूर्णा ब्रह्मविद्योपदिष्टा, ततो जनकेन विदेहाः स्वात्मा च याज्ञवल्क्याय समर्पितः, तदा याज्ञवल्क्यस्तदङ्गीकृतवानिति श्रावितत्वेन ब्रह्मविद्योपदेशोत्तरं शिष्योपढौकितग्रहणस्य प्राप्ततया तद्द्वयायस्यात्रापि वक्तुं शक्यत्वाच्च । किञ्च, गीतायामेव सहजकर्मात्यागमुक्त्वा, ‘असक्तबुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः। नैष्कर्म्यसिद्धिं परमां संन्यासेनाधिगच्छती’त्यत्र असक्तबुद्धित्वादिभिस्तत्कर्मसंन्यासेन नैष्कर्म्यसिद्धिप्राप्तिं कथयता भगवता तद्दोषपरिहारोपायस्योक्तत्वाच्च तथा करणे दोषाभावादिति। एवञ्च यत्प्रभुचरणैरुक्तं ‘विचार्यैव सदा देयं कृष्णनाम विशेषतः । अविचारितदानेन स्वयं दाता विनश्यती’ति।

तत्रापि स्वस्य शिष्यस्य चोद्धारं विचार्यैव देयम् । लोभादविचारितदाने तु नामविक्रयापत्त्या दाता स्वयमपराधभाग्भवतीत्यर्थो ज्ञेयः । प्रकृतमनुसरामः । तेन गन्धर्वाणां पौराणिकानां च सङ्गस्तत्स्वरूपं विचार्य कार्य इति बोधितम् ।’

અર્થાત્ - (આભાસમાં-) હવે પછી વિકર્યાભ્યઃ સ્વાહા’ આ શ્રુતિને અનુસરીને તૃતીય ભાવને કહે છે **ક્ષેત્ર** વગેરેથી. (વ્યાખ્યાન-) **‘ચ’** કારથી પુનઃ તે પૌરાણિકો **‘અપિ’** શબ્દથી ગન્ધર્વો ક્ષેત્રપ્રવિષ્ટ (હોય), ક્ષેત્ર શબ્દથી જેમ અન્ન ઉગાડવા માટે બનાવેલ ક્યારાઓ કહેવાય છે, તેમ **‘પત્ની-શરીર બે અર્થમાં ક્ષેત્ર શબ્દ છે’** એમ કહ્યું હોવાથી **‘બલિરાજાના ક્ષેત્રમાં’** સ્ત્રી અર્થમાં ક્ષેત્ર શબ્દને તથા **‘હે કૌન્તેય ! આ શરીર ક્ષેત્ર એમ કહેવાય છે’** (ગીતા. ૧૩-૨) માં શરીર અર્થમાં ક્ષેત્ર શબ્દ કહ્યો છે તેથી ક્ષેત્ર શબ્દ શરીર અને પત્ની બંનેમાં પણ ઉપયુક્ત થયો છે. આ પ્રકારે અર્થ થતાં કૃત્રિમ જલમાર્ગ કરાતાં તેના વડે ખેતરના ક્યારામાં પ્રવેશ થયેલું નહેરનું જળ જેમ વાવેલા બીજની કે (તેમાં સ્થિત) વૃક્ષની સંસાર એટલે અભિવૃદ્ધિનું કારણ થાય છે, તેમ પૌરાણિકો અને ગાનારા ગન્ધર્વો પોતાના દેહમાં કે પત્નીમાં અભિનિવિષ્ટ હોતાં સંસારના એટલે કે અહંતા-મમતાત્મક સંસારને ઉત્પન્ન કરવાના કારણ થાય છે. તેથી તેમનો ભાવ ‘વિકર્યા’ તુલ્ય છે. **कृ** ધાતુ વિક્ષેપ અર્થમાં છે અને ( ) એમ વિશેષ વડે વિવિધ પ્રકારે ઉત્પન્ન કરે અથવા વિવિધ પ્રકારે અંદર નાંખે તે વિકર છે, ક્યારામાં નહેરના જળને લઈ જવા કરેલો માર્ગ તેમાં રહેલ-થયેલ જળ એ વિકર્યા કહેવાય છે. તેને જેમ ખેડૂતો પોતાને માટે અન્ન ઉત્પન્ન કરવા અર્થે જ્યાં-ત્યાં લઈ જાય છે તેમ આમનો ભાવ પણ તે મુજબનો છે. તે પ્રકારના (ક્ષેત્ર પ્રવિષ્ટ) ગન્ધર્વો અને પૌરાણિકો ક્યારામાં રહેલ જળ જેવા છે એમ અર્થ છે. દ્વિતીય સ્કન્ધ સુબોધિનીમાં કામના કરણનો ઉપક્રમ કરીને **‘ધન પ્રાપ્તિની ઈચ્છાવાળાઓ એ વસુ નામના દેવોની ઉપાસના કરવી’** એના બીજા વ્યાખ્યાનમાં જે કહ્યું છે **‘એ પ્રમાણે ભગવદ્ભકતોના સત્કાર અર્થે અથવા**

શ્રવણ વગેરે થઈ શકે તે અર્થે અથવા ઉપદેશ અર્થે ધન આપવાની અપેક્ષા રહે છે, સાધનરૂપ શ્રવણ-કીર્તન વગેરે તેવાઓ વડે જ-તેવાઓ સાથે જ થઈ શકે છે, એમ કહ્યું છે. તેમાં પણ ધન આપનારને સત્ ફલ થાય છે અને ધન ગ્રહણ કરનારને સંસાર-ઉત્પત્તિરૂપ ફલ થાય છે, **‘ભિક્ષાની આશાથી મારું નામ જે લે છે’** એ વાક્ય હોવાથી. અને જો તત્ત્વવિચાર કરવા અર્થે પોતાનું પેટ ભરાય તેટલું જ માત્ર અન્ન ગ્રહણ કરે, ત્યારે તો તીર્થપર્યટન કરનાર (તીર્થ પર્યટન કરનારને એક દિવસ ચાલે તેટલું અન્ન ગ્રહણ કરવામાં દોષ નથી એમ શાસ્ત્ર કહે છે તે-) ની માફક દોષ નથી લાગતો એમ જાણવું. આ મુજબ-આ પ્રકારે - આટલું ગ્રહણ ત્યારે અથવા તે જ કરી શકે છે જ્યારે તે પૌરાણિકોની પરમ્પરાથીયુત થયેલો હોય, તેમ નહિં હોતાં તો વકતા-શ્રોતા બંનેને સંસાર જ ફલ થાય છે. કારણ કે તેમાં (વકતાની) પોતાની (સાધારણ-લૌકિકી) બુદ્ધિથી અન્યથા વ્યાખ્યાન થવું સંભવ હોવાથી વકતાને દોષ થાય છે અને તેવા અન્યથા વ્યાખ્યાન શ્રવણથી અન્યથા બોધ થવો સંભવ હોવાથી શ્રોતાને પણ દોષ થાય છે.

પ્રશ્ન - બ્રહ્મવૈવર્ત પુરાણના શ્રીકૃષ્ણજન્મખંડમાં **‘શ્રીહરિનું એક નામ કલ્યાણરૂપ સૂકતવાળા સામવેદના ગાન બરાબર છે, એવા શ્રીહરિના નામનો જે લોકો વિક્રય-વેચાણ કરે છે તેવા લોકોના ભારથી હું પીડા-કષ્ટ વાળી છું’** એમ પૃથ્વીએ બ્રહ્માજીને કહ્યું હોવાથી, (તેમજ) અને **‘મારા નામનો વિક્રય કરનાર બ્રાહ્મણ નિશ્ચય કરીને તે મુકત થતો નથી, આવા લોકોને મૃત્યુનો સમય ઉપસ્થિત થતાં મારા નામની સ્મૃતિ માત્ર પણ તેમને હોતી નથી’** એમ શ્રીનન્દ પ્રતિ ભગવાનના વચન હોવાથી, નામવિક્રયનું દોષપણું હોતાં તો શિષ્યોને ભગવન્નામનો ઉપદેશ (દીક્ષા) આપવામાં પણ દોષ આવી પડે છે. ત્યાં શિષ્યો વડે (ગુરુ ભેટ વગેરે રૂપમાં) લવાયેલા દ્રવ્ય કે પદાર્થોના ગ્રહણ થકી નામવિક્રય સંભવતો હોવાથી, તો તેનું શું ? સાચી વાત છે. તેમ છતાં પણ ગુરુપણું છે તે વર્ણસહજ (બ્રાહ્મણવર્ણનો સહજ ધર્મ) વૃત્તિપણાથી હોવાથી સ્વવૃત્તિ એ અત્યાજ્ય છે **‘હે કૌન્તેય ! જે સહજ કર્મ છે તે દોષવાળું દેખાય તો પણ**

તેને ત્યાગવું નહિં, કારણ કે જેમ ધુમાડાથી અગ્નિ આવૃત્ત હોય છે તેમ કાર્યમાત્રનો આરંભ દોષથી આવૃત્ત છે’ (ગીતા.૧૮-૪૮) એમ ભગવાનના વચન હોવાથી. શ્રુતિમાં પણ ષડાચાર્ય બ્રાહ્મણના આરંભમાં જનક પાસે યાજ્ઞવલ્કય આવ્યા ત્યારે જનકરાજાએ પ્રશ્ન કર્યો કે યાજ્ઞવલ્કય ! કયા પ્રયોજનથી તમે અહીં આવ્યા છો ? તમે પશુ-ગાયની ઈચ્છાથી આવ્યા છો ? કે પછી સૂક્ષ્મ વસ્તુનો જેમાં નિર્ણય થાય તેવો પ્રશ્ન મારા વડે કરાવવા તમે આવ્યા છો ? એમ પૂછતાં યાજ્ઞવલ્કયે ઉત્તર આપ્યો હે સમ્રાટ ! હું બંને પ્રયોજનથી આવ્યો છું. ત્યારે રાજા વડે પ્રશ્ન કરાતાં યાજ્ઞવલ્કયે પ્રાણ બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપ્યો, ત્યાર પછી હું તમને હાથી જેવા ઉત્તમ એક હજાર વૃષભ આપું છું એમ જનક રાજાએ કહ્યું ત્યારે યાજ્ઞવલ્કયે કહ્યું કે મારા પિતા એમ માને છે કે શિષ્યને કૃતાર્થ કર્યા વિના તેની પાસેથી દક્ષિણા વગેરે રૂપમાં ધન લેવું નહિં એમ જણાવી પૂર્ણ બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપ્યો. ત્યારે કૃતાર્થતા અનુભવ્યા પછી પોતાનું રાજ્ય અને પોતાની જાત યાજ્ઞવલ્કયને સમર્પિત કર્યા ત્યારે યાજ્ઞવલ્કયે તેનો સ્વીકાર કર્યો, એમ ઉપનિષદ્માં કહેવાયેલું હોવાથી બ્રહ્મવિદ્યાના ઉપદેશ અનન્તર શિષ્ય દ્વારા અર્પણ કરાયેલ દ્રવ્ય ગ્રહણ કરવાના રૂપમાં લેવાય છે તે ન્યાયે અહીં પણ (મન્ત્રોપદેશ પછી શિષ્ય દ્વારા દ્રવ્ય અર્પણ થતાં) તેમજ જણાવવું શકય હોવાથી. વળી, ગીતામાં જ સહજ કર્મનો અત્યાગ જણાવીને **‘સર્વત્ર આસકિત વિનાની બુદ્ધિ વાળો, પોતાના અન્તઃકરણને વશમાં કરેલો, દરેક પ્રકારે સ્પૃહા વિનાનો આ રીતે (પોતાના સહજ કર્મને કરે ત્યારે પણ તે) કર્મત્યાગથી જે પરમ એવી નૈષ્કર્મ્યસિદ્ધિ થાય છે તેને પામવાવાળો થાય છે’** અહીં અસકતબુદ્ધિવાળો વગેરે વડે સંન્યાસથી જે નૈષ્કર્મ્યસિદ્ધિ મેળવાય તેની પ્રાપ્તિ કરવાવાળો થાય છે તેમ જણાવનાર ભગવાન વડે જ સહજ કર્મમાં રહેલ દોષના પરિહારનો ઉપાય કહેલો હોવાથી તે મુજબ દ્રવ્ય ગ્રહણ થાય તો તેમાં દોષનો અભાવ છે - દોષ પ્રાપ્ત થતો નથી. તદુપરાન્ત, શ્રીપ્રભુચરણે જે એમ કહ્યું છે કે - **‘કૃષ્ણ નામ વિશેષ પ્રકારે વિચારીને જ સદૈવ આપવું, (કેમકે-) વિચાર કર્યા વિના નામનું દાન કરવાથી સ્વયં આપનારનો નાશ થાય છે’** તેમાં પણ પોતાનો અને શિષ્યનો ઉદ્ધાર વિચારીને જ કૃષ્ણનામ

આપવું, લોભથી અવિચારે દાન આપતાં તો નામવિક્રયનો દોષ આવી પડતો હોવાથી આપનાર સ્વયં અપરાધ ભોગવનારો થાય છે એમ અર્થ જાણવો. પ્રકૃતને વિચારીએ, તેથી કરીને ગન્ધર્વોનો અને પૌરાણિકોનો સંગ તેમનું સ્વરૂપ વિચારીને કરવો એમ બોધ કર્યો છે.

(૩) શ્રીવલ્લભજી - (આભાસમાં-) तादृशा अपि केवलं वृत्त्यर्थमेव पुराणपाठकाः तदा ततोपि हीनत्वमाहुः’ (વ્યાખ્યાનમા) **ते च पुनः क्षेत्रप्रविष्टाः ‘क्षेत्रं पत्नीशरीरयो’रिति स्त्रीपुत्रादिभरणपोषणार्थं पुराणादिपाठे प्रविष्टास्तदा संसारोत्पत्तिहेतवो भवन्ति । यथा कुल्यासंबन्धिन्य आपः क्षेत्रेषु प्रविष्टा यदा तदा संसारोत्पत्तिहेतवो रजोगुणयुक्तत्वेन रतेः पोषकवस्तूत्पादकत्वादविद्याधर्माणामेवोत्पादिका भवन्ति, न तु प्रवहणदशावच्छोधकत्वमुपकारत्वं वा तेषां, तथा तेपि सांसारिकस्त्रीपुत्रादिभरणपोषणमात्रोपयोगित्वेन पुनः पुनर्जन्म-मरणादियुक्ताः एव भवन्ति, न परोपकारकाः स्वात्मशोधका वा भवन्ति । तादृशश्रवणपाठात् शक्तिह्रासे पुराणार्थाः फलदा न भवन्तीति भावः । एतेन तेषां तृतीयमार्गप्रवेशो निरूपितः ।**

અર્થાત્ - (આભાસ-) તેવા પૌરાણિકો કેવળ વૃત્તિને અર્થે જ પુરાણનું પઠન-પાઠન કરતા હોય ત્યારે તો તે (પૂર્વમાં કહેવાયેલ) થી પણ વધુ હીન છે એમ કહે છે - **(વ્યાખ્યાન-)** પુનઃ તે લોકો ક્ષેત્રપ્રવિષ્ટ હોય **‘પત્ની-શરીર બેના અર્થમાં ક્ષેત્ર શબ્દ છે’** એમ સ્ત્રી-પુત્ર વગેરેના ભરણ પોષણને અર્થે પુરાણાદિનો પાઠ-પઠન-પાઠન કરતા હોય ત્યારે સંસારની ઉત્પત્તિના કારણ થાય છે. જેમ નહેર સમ્બન્ધી જળ તેનો જ્યારે ખેતરમાં પ્રવેશ થાય ત્યારે સંસાર ઉત્પત્તિનું કારણ-રતિનું રજોગુણયુકતપણું હોવાને લીધે તે પોષક વસ્તુને ઉત્પન્ન કરનાર હોવાથી તે અવિદ્યા ધર્મો (દેહાધ્યાસ વગેરે અથવા અહં-મમત્વ) ને જ ઉત્પન્ન કરનાર થાય છે, નહિં કે નહેરમાં

પ્રવાહવાળી દશાની માફક તેઓનું શુદ્ધ કરનાર કે ઉપકાર કરનારપણું હોય છે, તેવી જ રીતે તેઓ પણ સાંસારિક સ્ત્રી-પુત્ર વગેરેના ભરણ-પોષણ પૂરતા જ ઉપયોગી હોઈને પુનઃ તેઓ જન્મ-મરણ વગેરેથી જ યુકત થાય છે, નહિં કે તેઓ પરોપકાર કરનારા અથવા પોતાના અન્તઃકરણને શુદ્ધ કરનારા થાય છે. તે પ્રકારના શ્રવણ-પાઠથી શક્તિનો હ્રાસ થતાં પુરાણના અર્થો ફલ આપનાર થતા નથી એમ ભાવ છે. આથી તેઓનો (**जायस्व-म्रियस्व**) તૃતીયમાર્ગમાં પ્રવેશ નિરૂપણ કરાયો છે.

(૪) શ્રીબાલકૃષ્ણજી - (આભાસ-) तृतीयमाहुः क्षेत्रप्रविष्टा इति’ (વ્યાખ્યાન-) **ते च पौराणिकाः । गायकनिरूपणानन्तरं पौराणिकनिरूपणेन पुनश्च गायकनिरूपणेन पुराणोक्त-भगवल्लीलानिरूपका गायका इवेत्यर्थः । गानस्य यथा चित्तहारकत्वम्, तथा पुराणानामपीति तन्मध्यनिरूपणमिति भावः । क्षेत्रप्रविष्टाः स्वकुटुम्बपोषणाजीविकार्थं पुराणनिरूपकाः ये ते संसारोत्पत्तिकुटुम्बपोषणसाधनोत्पत्तिहेतवो भवन्ति इत्यर्थः। चकारेण भगवद्गुणवर्णकानामनुचितः संसारः, तथापि तदर्थमेव कृतत्वात् तथेति भावो बोध्यते । अपिशब्देन संसारोत्पत्तिरपि भगवद्गुणविक्रेतुर्न भवेत्, परं भगवन्माहात्म्यवत्येवेति बोध्यते । यथाल्पसरिदपि क्षेत्रे प्रविष्टा सती संसारोत्पत्तिहेतुरन्नाद्युत्पादिका भवति, न तु स्नानपानयोग्या । तथैतेषां भावोपि पुराणदर्शनेन स्वात्मशोधको न भवति, किन्तु जीविकाहेतुरेव भवतीत्यर्थः । अत एव पुराणोपजीवका नीचा उक्ताः । ‘नीचा पौराणिकाः स्मृता’इति ।**

અર્થાત્ - (આભાસ-) તૃતીયભાવને કહે છે **ક્ષેત્રપ્રવિષ્ટો** વગેરેથી, **(વ્યાખ્યાન-)** ‘તે’ એટલે પૌરાણિકો, ગાયક નિરૂપણના અનન્તર

પૌરાણિકોનું નિરૂપણ થયું છે અને (આના પછી) પુનઃ ગાયક નિરૂપણ વડે પુરાણોમાં નિરૂપાયેલ ભગવલ્લીલાનું નિરૂપણ કરનારા ગાયકો જેવા એમ અર્થ છે. જેમ ગાન ચિત્તને હરી લેનારું છે, તેમ પુરાણોનું પણ છે એમ તે મધ્યમાં નિરૂપણ કરીને જણાવ્યું છે એમ ભાવ છે. ક્ષેત્ર પ્રવિષ્ટો એટલે પોતાના કુટુમ્બનું પોષણ - આજીવિકાને અર્થે પુરાણ નિરૂપણ કરનારા જે છે તે સંસારની ઉત્પત્તિ એટલે કુટુમ્બ પોષણના સાધનોની ઉત્પત્તિના કારણો થાય છે એમ અર્થ છે. **‘ચ’** કાર વડે ભગવદ્ગુણ વર્ણન કરનારાઓને સંસાર ઉચિત નથી, છતાં પણ તે અર્થે જ - લૌકિક હેતુ અર્થે જ ભગવદ્ ગુણગાન કરેલું હોવાથી તેઓ પણ તેવા જ છે એમ ભાવ છે. **‘અપિ’** શબ્દથી સંસારની ઉત્પત્તિ પણ ભગવદ્ગુણ વિક્રય કરનારને ન થાય, પણ તે ભગવન્માહાત્મ્યવાળાને જ (ન થાય) એમ બોધ થાય છે. જેમ નાની નદી (નહેર)નું જળ પણ ખેતરમાં પ્રવેશ થતાં સંસાર ઉત્પત્તિનું કારણ એટલે કે અન્ન વગેરેને ઉત્પન્ન કરનાર થાય છે, નહિં કે તે સ્નાન-પાન યોગ્ય હોય છે, તેમ આ લોકોનો ભાવ પણ પુરાણદર્શન (પઠન-પાઠન) થકી પોતાના અન્તઃકરણને શુદ્ધ કરનાર નથી થતો, કિન્તુ (માત્ર) જીવિકાનું જ કારણ માત્ર થાય છે એમ અર્થ છે. તેથી જ પુરાણથી જીવિકા ચલાવનારાને નીચ-અધમ કહ્યા છે **‘પૌરાણિકોને (શાસ્ત્રમાં) નીચ કહ્યા છે’** એમ કહ્યું છે.

વિવરણ - આ સ્થળે **अपि** શબ્દથી શ્રીકલ્યાણરાયજી તથા શ્રીપુરુષોત્તમજી બંને ‘ગન્ધર્વો’ એમ અર્થ કરી ગન્ધર્વો અને પૌરાણિકો જો ક્ષેત્ર પ્રવિષ્ટ હોય તો તેઓ સંસારવૃદ્ધિનાં જ કારણ થાય છે એમ અર્થ કરે છે, જ્યારે શ્રીવલ્લભજી અને શ્રીબાલકૃષ્ણજી આ સ્થળે માત્ર ‘પૌરાણિકો’ એટલો જ અર્થ ગ્રહણ કરે છે. શ્રીકલ્યાણરાયજીના જણાવ્યા મુજબ આવા ક્ષેત્ર પ્રવિષ્ટ ગાયકો-પૌરાણિકોનો સંગ ભગવત્ ફલ કે ભક્તિફલ તો દૂર રહ્યું વેદોક્ત સ્વર્ગ કે મોક્ષમાં પણ ઉપયોગી નથી તેથી જે લોકો પુણ્યાર્જન હેતુથી સ્વર્ગ કે મોક્ષ વગેરે ફલની કામનાથી પુરાણાદિનું શ્રવણ-કીર્તન વગેરે હેતુથી તેમનો સંગ કરે તો તેવાઓને માટે પણ આવા લોકો બકરીના ગળાના આંચળ જેવા નિરુપયોગી છે એટલું જ નહિં તેથી સંગ કરનારાઓની

સંસારાસક્તિ વધુ દૃઢ થાય છે એ નુકશાનમાં.

ક્ષેત્ર શબ્દથી ચારે ટીકાકારો પત્ની-શરીર અર્થ ગ્રહણ કરીને સ્ત્રી-પુત્ર વગેરેના ભરણ-પોષણના હેતુથી જ પુરાણાદિનું સેવન કરનારા એમ જણાવે છે. તેવી જ રીતે ‘સંસારોત્પત્તિ’ ના અર્થમાં પણ થોડા ઘણા શબ્દોના ફેરફારે પણ ચારે ટીકાકારોનો અભિપ્રાય અહં-મમતાત્મક સંસારમાં જ છે.

શ્રીપુરુષોત્તમજી આ સ્થળે દ્વિતીય સ્કન્ધ સુબોધિનીનાં વાક્યોનો ઉપન્યાસ કરીને જો પૌરાણિકો પરમ્પરામાં રહેલા હોય અને કોઈ શ્રદ્ધાલુ સાધક શ્રવણાદિ અર્થે એમને બોલાવી શ્રવણ કરાવવા તેમને યોજે ત્યારે શ્રવણ કરનાર વક્તાને દ્રવ્ય વગેરે આપે અને જો વક્તા સ્વીકારે તો આપનારને સત્ ફલ થાય છે અને ગ્રહણ કરનારને સંસાર-ઉત્પત્તિરૂપ ફલ થાય છે એમ જણાવે છે. અહીં સત્ એટલે શુભ-પુણ્યરૂપ-ઉત્તમ કર્મ અને તેનાથી થતું ફલ એ સત્ ફલ છે, કારણ કે ગીતામાં **‘प्रशस्ते कर्मणि तथा सच्छब्दः पार्थ युज्यते’** (ગીતા ૧૭-૨૬) અહીં પ્રશસ્ત કર્મમાં સત્ શબ્દની યોજના કહી છે. તેથી જ શ્રીપુરુષોત્તમજી સંસાર સ્વરૂપના ફળથી આ અલગ ફળ કહે છે તે વેદોક્ત પુણ્યકર્મથી થનાર ફળ એમ જ અર્થ લઈ શકાય છે. અતઃ વક્તા તત્ત્વવિચારાર્થ પેટ ભરાય તેટલું જ ગ્રહણ કરનાર હોય અથવા શ્રોતા શ્રવણાદિ અર્થે દાન આપતાં દ્રવ્ય સ્વીકારનાર વક્તા એ બંનેમાં વક્તાનું પરમ્પરાથી યુતપણું હોવું આવશ્યક છે. તેથી જ શ્રીપુરુષોત્તમજી જણાવે છે કે આનો અભાવ હોતાં એટલે કે વક્તાનું પારમ્પરિકપણું ન હોતાં વક્તા-શ્રોતા બંનેને સંસારફલ થાય છે એમ જણાવે છે. કારણ કે વક્તાનું પારમ્પરિકપણું ન હોતાં વિધિનો ભંગ થવાથી વૈદિક સ્વર્ગાદિ ફળ પણ થઈ શકતું નથી અતઃ શ્રોતાને પણ ત્યારે સંસારફળ જ થઈ શકે છે. કોઈ પણ કર્મનો સ્વભાવ જ છે કે તે ફળ આપીને જ શાન્ત થાય છે.

આગળ આ સ્થળે જ શ્રીપુરુષોત્તમજી બ્રહ્મવૈવર્ત પુરાણના બે

વાક્યોને ટાંકીને પ્રશ્ન ઉઠાવે છે કે ગુરુસ્થાનીયો વડે શિષ્યોને ભગવન્નામ દીક્ષા આપવામાં આવે છે ત્યારે તદનન્તર શિષ્યો વડે ગુરુને યથાશક્તિ-યથેચ્છ ધન-દ્રવ્ય વગેરે ભેટ રૂપમાં અર્પણ કરવામાં આવે છે અને એ દ્રવ્યને ગુરુસ્થાનીયો દ્વારા સ્વીકારવામાં પણ આવે છે એમ સર્વત્ર જોવા મળે છે, તો આથી ભગવન્નામ આપવાના બદલામાં આવેલ દ્રવ્ય સ્વીકારવાથી ભગવન્નામ વિક્રયનો દોષ આપનારને પ્રાપ્ત થાય કે દોષ પ્રાપ્તિ નથી થતી ? દેખીતી રીતમાં તો દોષ પ્રાપ્તિ થાય જ છે, તો તેનું શું ? એમ પ્રશ્ન ઉઠાવી ઉત્તરમાં જણાવે છે કે **गुरुत्वस्य साहजिकब्राह्मणवृत्तित्वेन अत्याज्यत्वात्'** આ બ્રાહ્મણવૃત્તિની ચર્ચા ભાગવતના સપ્તમસ્કન્ધ તથા એકાદશસ્કન્ધમાં કરવામાં આવી છે. સપ્તમસ્કન્ધમાં બ્રાહ્મણ વૃત્તિ આ મુજબ જણાવવામાં આવી છે -

वार्ता विचित्रा शालीनयायावरशिलोञ्छनम् ।
विप्रवृत्तिश्चतुर्धेयं श्रेयसी चोत्तरोत्तरा ॥
ऋतामृताभ्यां जीवेत मृतेन प्रमृतेन वा ।
सत्यानृताभ्यां जीवेत न श्ववृत्त्या कथञ्चन ॥
ऋतमुञ्छशिलं प्रोक्तममृतं यदयाचितम् ।
मृतं तु नित्ययाञ्चा स्यात् प्रमृतं कर्षणं स्मृतम् ॥
सत्यानृतं तु वाणिज्यं श्ववृत्तिर्नीचसेवनम् ।
वर्जयेत् तां सदा विप्रो राजन्यश्च जुगुप्सिताम् ॥
(ભાગ. ૭-૧૧-૧૬ તથા ૧૮-૨૦)

અર્થાત્ - બ્રાહ્મણ આજીવિકારૂપ ચાર વૃત્તિઓ છે-કૃષિ વગેરે, શાલીન, યાયાવર, શિલોઞ્છન આમાં ઉત્તરોત્તર એક પછી ની એક શ્રેષ્ઠ છે.

તેવી જ રીતે એકાદશ સ્કન્ધમાં કૃષ્ણ-ઉદ્ધવ સંવાદમાં -

इज्याध्ययनदानानि सर्वेषां च द्विजन्मनाम् ।

प्रतिग्रहोऽध्यापनं च ब्राह्मणस्यैव याजनम् ॥
प्रतिग्रहं मन्यमानस्तपस्तेजोयशोनुदम् ।
अन्याभ्यामेव जीवेत शिलैर्वा दोषदृक् तयोः ॥
(ભાગ. ૧૧-૧૭-૪૦,૪૧)

અર્થાત્ - યજ્ઞ કરવો, વેદાદિ શાસ્ત્રોનું અધ્યયન કરવું અને દાન આપવું એ બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય ત્રણે વર્ણને અધિકાર છે અને તેમાં દાન લેવું, શાસ્ત્રોનું અધ્યાપન કરાવવું-ભણાવવું અને યજ્ઞ કરાવવો એમાં માત્ર બ્રાહ્મણનો જ અધિકાર છે. જે બ્રાહ્મણ એમ માનવાવાળો થાય કે દાન લેવાથી તપ, તેજ અને યશનો નાશ થાય છે ત્યારે એણે બાકીની બે વૃત્તિઓ (અધ્યાપન કરાવવું ને યજ્ઞયાગાદિ કરાવવા) વડે જ જીવન નિર્વાહ કરવો અને એ બે વૃત્તિઓમાં પણ પરાવલમ્બન વગેરે દોષ દેખાય તો ત્યારે શિલવૃત્તિ વડે (ધાન્ય કપાયા પછીથી ખેતરમાં પડેલા અન્નના દાણાઓ વીણી લઈ તેના વડે) જીવન નિર્વાહ કરવો.

ભાગવત એકાદશ સ્કન્ધમાં કહેવાયેલ વૃત્તિ સમ્બન્ધી આ જ વાત મનુસ્મૃતિમાં પણ કહેવાઈ છે કે -

अध्यापनमध्ययनं यजनं याजनं तथा ।
दानं प्रतिग्रहश्चैव षट्कर्माण्यग्रजन्मनः ॥
षण्णां तु कर्मणामस्य त्रीणि कर्माणि जीविका ।
याजनाध्यापने चैव विशुद्धाच्च प्रतिग्रहः ॥
(મનુસ્મૃતિ અ. ૧૦, ૭૪-૭૫)

અર્થાત્ - અધ્યાપન કરાવવું તથા અધ્યયન કરવું, યજ્ઞ-યાગાદિ કરવા તથા યજ્ઞયાગાદિ કરાવવા, દાન આપવું તથા દાન લેવું આ છ કર્મો અગ્રજન્મા - બ્રાહ્મણના છે. આ છના અન્તર્ગત યજ્ઞ કરાવવો અને અધ્યાપન કરાવવું તેમ વિશુદ્ધ દ્વિજોથી દાન લેવું આ ત્રણ કર્મો બ્રાહ્મણની

આજીવિકા છે (આ ત્રણથી બ્રાહ્મણ જીવનનો નિર્વાહ કરી શકે છે.

આ જ બાબત યાજ્ઞવલ્કય સ્મૃતિમાં -

उपनीय गुरुः शिष्यं महाव्याहृतिपूर्वकम् ।
वेदमध्यापयेदेनं शौचाचारांश्च शिक्षयेत् ॥
(યાજ્ઞવલ્કય સ્મૃતિ, આચારાધ્યાય, બ્રહ્મચારિ પ્રકરણ, ૧૫)

અર્થાત્ - ગુરુ શિષ્યને ઉપનયન સંસ્કાર કરીને મહાવ્યાહૃતિઓ સહિત વેદનું અધ્યાપન કરાવે તથા તેને શૌચના આચારોની પણ શિક્ષા આપે.

આ પ્રકારે અહીં ગાયત્રી-ઉપદેશપૂર્વક વેદનું અધ્યાપન ગુરુએ શિષ્યને કરાવવું એમ જણાવી અધ્યાપન કાળમાં બ્રહ્મચર્ય પાલનપૂર્વક જે-જે પણ નિયમો છે તેને જણાવી આગળ તે પછીના વિવાહ પ્રકરણમાં જણાવે છે કે -

गुरवे तु वरं दत्त्वा स्नायाद्वा तदनुज्ञया ।
वेदं व्रतानि वा पणं नीत्वा ह्युभयमेववा ॥
अविप्लुपब्रह्मचर्यो लक्षण्यां स्त्रियमुद्वहेत् ।
अनन्यपूर्विकां कान्तमसपिण्डां यवीयसीम् ॥
(યાજ્ઞવલ્કય સ્મૃતિ, આચારાધ્યાય વિવાહ પ્રકરણ ૫૧,૫૨)

(અધ્યયન કાળ પૂર્ણ થતાં શિષ્યે-) ગુરુને જે અભિલષિત હોય તે યથાશકિત દક્ષિણાના રૂપમાં આપીને, ત્યારબાદ જેનું બ્રહ્મચર્ય સ્ખલિત થયું નથી એવા-એણે આન્તર-બાહ્ય લક્ષણોથી ઉત્તમ એવી તેમજ પૂર્વમાં જેનો બીજા સાથે વિવાહ થયો ન હોય તેમજ જે બીજા વડે ભોગવાયેલી ન હોય તેવી અનન્યપૂર્વિકા, સુન્દરી તેમજ સાપિંડચ સમ્બન્ધમાં ન આવતી હોય તેવી પોતાનાથી વયમાં નાની હોય તેવી સ્ત્રી સાથે વિવાહ કરવો.

ઉપર્યુકત વાકયોમાં અધ્યાપનરૂપ બ્રાહ્મણવૃત્તિમાં જ ગુરુપણાનો સમાવેશ થાય છે. કારણ કે વેદમાં **'अष्टवर्षं ब्राह्मणं उपनयीत-तमध्यापयीत'** એમ ગુરુ વડે પ્રથમ દીક્ષા આપવી અને ત્યારબાદ તેને ભણાવવો એમ આદેશ છે. તેમજ મનુસ્મૃતિમાં પણ **'उपनीय तु यः शिष्यं वेदमध्यापयेद् द्विजः, सकल्पं सरहस्यं च तमाचार्यं प्रचक्षते'** (મનુસ્મૃતિ ૨-૧૪૦) અહીં પણ 'જે બ્રાહ્મણ દીક્ષા આપી આ મુજબ અધ્યાપન કરાવે તેને આચાર્ય જાણવો' એમાં આચાર્ય શબ્દ ગુરુનો જ બોધ કરાવે છે. કારણ કે આ પછીના શ્લોકમાં **'एकदेशं तु वेदस्य वेदाङ्गान्यपि वा पुनः, योऽध्यापयति वृत्त्यर्थमुपाध्यायः स उच्यते'** (મનુસ્મૃતિ ૨-૧૪૧) અહીં બ્રાહ્મણ જો વૃત્તિને અર્થે દક્ષિણા મેળવવાની ઈચ્છાથી-ઉદ્દેશથી ભણાવે (અને ભણાવવાનો બદલો ઈચ્છાપૂર્વક શિષ્યથી લે) ત્યારે તેવા બ્રાહ્મણને ઉપાધ્યાય કહેવામાં આવે છે. આ પ્રકારે આથી આગળ ગુરુ, ઋત્વિગ્ વગેરે જણાવી આગળ ઉપાધ્યાયથી અધિક આચાર્ય, આચાર્યથી અધિક પિતા અને પિતાથી અધિક માતાની શ્રેષ્ઠતા જણાવી ઉત્પન્ન કરનાર અને બ્રહ્મ જન્મ આપનારમાં બીજાને ઉત્તમ જણાવ્યું છે. આ રીતે મનુનું પ્રથમ વાકય એ ગુરુ પ્રકરણમાં કહેવાયું હોઈ ગુરુનાં જ તે લક્ષણો જાણવાં જોઈએ. તેથી શિષ્યથી બદલો મેળવવાની અપેક્ષાથી- તે ઉદ્દેશથી ભણાવનાર અને તેવો ઉદ્દેશ મનમાં રાખ્યા વિના સ્વધર્મપાલન અને શિષ્યને ઉપકૃત કરવાના વિચારે અધ્યાપન કરાવનાર એમ ગુરુના બે અલગ પ્રકારો જણાવ્યા છે. તેમ છતાં પણ યાજ્ઞવલ્કય વાકય મુજબ શિષ્ય સ્વધર્મે ગુરુને દ્રવ્યાદિ અર્પણ કરે તેનો નિષેધ તેથી થતો નથી બલ્કે ગુરુના અસ્વીકારથી શિષ્યધર્મની હાનિ થતી હોવાથી દક્ષિણા આપ્યા વિના ગ્રહણ કરાયેલી વિદ્યા અને દક્ષિણા આપ્યા વિના કરાવાયેલું કર્મ એ નિષ્ફલ છે એમ શાસ્ત્ર વચનો-નિર્ણય હોવાથી તેનો સ્વીકાર શિષ્યના કલ્યાણમાં ગુરુ માટે આવશ્યક પણ છે. અતઃ ભાગવતજીના એકાદશ સ્કન્ધના વાકયમાં **પ્રતિગ્રહ**ને તપ-તેજ-યશનો નાશ કરનાર કહ્યું છે તે વાકય દાન લેવા માત્રમાં જ પ્રાપ્ત થાય છે, અધ્યાપન અનન્તર શિષ્ય દ્વારા અપાયેલ દ્રવ્યને લાગુ થતું નથી. કારણ કે મનુસ્મૃતિના

વાકયમાં બ્રાહ્મણની ત્રણ આજીવિકામાં અધ્યાપનને પણ સ્વતંત્રવૃત્તિ રૂપમાં જણાવીને પ્રતિગ્રહનો ત્રીજાક્રમે તેથી અલગ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કર્મના વિષયમાં પણ યજ્ઞ, તપ વગેરેની માફક દાન એ સ્વતંત્ર કર્મ છે જ્યારે દક્ષિણા એ યજમાનધર્મે કર્મ કરાવનારને આપવારૂપ કર્મનું એક અંગ છે. અતઃ અધ્યાપન એ સ્વતંત્ર બ્રાહ્મણવૃત્તિ છે અને તે દાન લેવા રૂપ વૃત્તિથી અલગ છે. તેમ છતાં પણ દ્રવ્ય મેળવવાની અપેક્ષાથી વૃત્તિ અર્થે-આજીવિકા ચલાવવાને અર્થે જે અધ્યાપન કરાવે અને બદલો મેળવે ત્યારે પણ શિષ્ય દ્વારા અપાયેલ બદલારૂપ દ્રવ્યથી દાનનું ફળ શિષ્યને થતું નથી પણ તેને વિદ્યાસાફલ્ય રૂપ ફળ થાય છે પરન્તુ ત્યારે તે મુજબ દ્રવ્ય લેનાર બ્રાહ્મણને માટે આચાર્ય પદ પ્રયોગ થતો નથી પણ તેને ઉપાધ્યાય કહેવામાં આવે છે, આચાર્ય પદ પ્રયોગ તો ત્યારે જ થાય છે કે જ્યારે બ્રાહ્મણ-ગુરુ સ્વધર્મે અને શિષ્યને ઉપકૃત કરવાના હેતુનું જ ચિત્તમાં અનુસન્ધાન કરીને દીક્ષા આપી અધ્યાપનાદિ કરાવે. આવી સ્થિતિમાં નિષ્કામ ગુરુએ પણ શિષ્યની ઉપકૃતિ અર્થે-શિષ્યના સ્વધર્મના નિર્વાહની સમ્પન્નતા અર્થે શિષ્ય દ્વારા અપાયેલ દ્રવ્યનો સ્વીકાર આવશ્યક હોવાથી તે હેતુથી ગુરુએ શિષ્ય દ્વારા અપાયેલ દ્રવ્યનો સ્વીકાર કરવો એ અર્થમાં શ્રીપુરુષોત્તમજી જણાવે છે કે **‘ગુરુપણું એ સાહજિક બ્રાહ્મણ વૃત્તિ હોવાથી અને એનો ત્યાગ કરવો અયોગ્ય હોવાથી’** એમ જણાવે છે. તેમાં પણ શ્રીપુરુષોત્તમચરણ ઉપનિષદુક્ત યાજ્ઞવલ્કય-જનકના દ્દષ્ટાન્તથી સમજાવે છે કે આ પ્રકારનું દ્રવ્ય પણ શિષ્યની ઉપકૃતિ પછી જ ગ્રહણ કરવું જોઈએ, જેમાં શિષ્ય પર કોઈ પણ પ્રકારનો ઉપકાર ન થતો હોય અથવા જેથી શિષ્ય પોતાના કલ્યાણથી દૂર થતો હોય તે મુજબ તેના કલ્યાણનો વિચાર રાખ્યા વિના દ્રવ્યલોભથી દીક્ષા વગેરે યા કૃષ્ણ નામ વગેરે આપવામાં આવે ત્યારે તેવી સ્થિતિમાં તે કાર્ય આચાર્યકાર્ય નહિં કિન્તુ ઉપાધ્યાય કાર્ય બની જાય છે તેમજ તે રીતે તે કર્મમાર્ગીય બની જતાં ભક્તિમાર્ગીય ભગવન્નામોનું દાન અને તેમાં પણ વિશેષ કરીને પરબ્રહ્મ પરમાત્મા પુરુષોત્તમ પરમાનન્દ લીલાવિહારી શ્રીકૃષ્ણના નામનું દાન કર્મમાર્ગીયા રીતિ પ્રકારે આપવું એ ભક્તિમાર્ગ સ્થિત ગુરુસ્થાનીય માટે અતિશય દોષરૂપ અને આપનાર સ્વયંનો સર્વ રીતે

નાશ કરનાર છે.

તેમ છતાં પણ ગુરુ અને શિષ્ય યા સેવક એમ શબ્દપ્રયોગ થાય છે તે કૃષ્ણનામ આપનાર-લેનાર પ્રયુકત જ થાય છે, એમાં અન્ય કોઈ કારણ હોતું નથી. અતઃ કૃષ્ણનામ આપ્યું તેથી અને ‘મેં કૃષ્ણનામ આનાથી - આના દ્વારા ગ્રહણ કર્યું’ તેમ શિષ્યના ચિત્તબોધ થકી જ શિષ્ય ગુરુને ભેટ વગેરે રૂપમાં દ્રવ્ય અર્પણ કરે છે તેથી કૃષ્ણનામ આપવા લેવાની ક્રિયાથી દ્રવ્ય આવ્યું છે એમ સ્વરૂપ બનતાં આમાં પણ ભગવન્નામ વિક્રયની આપત્તિ તો પ્રાપ્ત થાય છે જે આપનાર લેનાર બંને માટે દોષરૂપ છે. લેનારને એટલા માટે દોષરૂપ છે કારણ કે સર્વનિર્ણય નિબન્ધમાં શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે - **पठनीयं प्रयत्नेन सर्वहेतुविवर्जितम्’** સર્વ પ્રકારના હેતુઓને ત્યાગીને શ્રીભાગવતનો પ્રયત્નપૂર્વક પાઠ કરવો’ અહીં ભાગવતના પાઠમાં સર્વહેતુત્યાગ કહ્યો છે તે શ્રીભાગવત ભગવન્નામાત્મક સાક્ષાત્ શ્રીકૃષ્ણનું વાંગ્મય સ્વરૂપ છે. તેમજ ત્યાં જ નિબન્ધમાં **‘वृत्त्यर्थं नैव युञ्जीत’** ‘વૃત્તિ અર્થે શ્રીભાગવતની યોજના ન જ કરવી’ આ વાકય શ્રોતા-વકતા બંનેને લાગુ થાય છે. ન પોતાની વૃત્તિ અર્થે ભાગવત યોજવું, ન બીજાની વૃત્તિના પોષણ રૂપમાં પણ તદર્થ ભાગવત યોજવું એમ અર્થ છે. તેવી જ રીતે કૃષ્ણનામ દીક્ષા ન વેચાણથી આપવી અને ન તો ખરીદીને લેવી એમ સમજવું જોઈએ. આ ભગવન્નામદાન-ગ્રહણમાં ભક્તિમાર્ગીયા મર્યાદા છે. અતઃ જેમ ભાગવત કથા શ્રવણ કરાવી દ્રવ્ય પ્રાપ્તિની ઈચ્છા રાખતો હોય-દ્રવ્ય પ્રાપ્તિ અર્થે શ્રવણ કરાવતો હોય તેવાઓને દ્રવ્ય આપી કથા શ્રવણ કરવામાં વકતાની સાથે શ્રોતાને પણ દોષ થાય છે એમ **‘क्षेत्रप्रविष्टास्ते चापि संसारोत्पत्ति हेतवः’** થી શ્રીઆચાર્યચરણ જલભેદમાં જણાવે છે તેમ દ્રવ્યપ્રાપ્તિ અર્થે-તેવા હેતુથી ભગવન્નામ દાન કરનાર પાસેથી તે પ્રકારે નામ ગ્રહણ કરતાં ગ્રહણ કરનાર પણ દોષભાગી થાય છે. અતઃ આ દોષના નિવારણ માટે ભગવાને ગીતામાં જે દોષ પરિહાર ઉપાયરૂપે કહ્યું છે તેને શ્રીપુરુષોત્તમજી અહીં ટાંકે છે કે -

असक्तबुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः ।
नैष्कर्म्यसिद्धिं परमां संन्यासेनाधिगच्छति ॥
(ગીતા. ૧૮-૪૯)

અર્થાત્ - (શ્લોક-૪૮ માં સહજ કર્મ દોષવાળું હોય તો પણ ત્યાગવું નહિં એમ કહીને હવે-) બુદ્ધિમાં સર્વત્ર આસક્તિ વિનાનો થઈને, પોતાના અન્તઃકરણને જીતેલો અને સર્વ પ્રકારની સ્પૃહા-કામનાઓ ત્યાગેલો પુરુષ કર્મસંન્યાસ વડે જે નિષ્કર્મનો જેમાં ભાવ રહેલો છે તેવી નૈષ્કર્મ્ય સિદ્ધિને પામે છે.’ આ રીતે દ્રવ્યાદિમાં આસક્તિ વિનાનો હોય, મન-બુદ્ધિ પોતાના વશમાં હોય અને કામના વિનાનો હોય તેવો વ્યક્તિ સહજ કર્મ કરે તો પણ તે દોષને પ્રાપ્ત થતો નથી એમ આ પ્રકારે આસક્તિ કે કામના વિના શિષ્યના કલ્યાણને વિચારી કૃષ્ણનામ આપવામાં આવે અને શિષ્ય દ્વારા અપાયેલ દ્રવ્ય સ્વીકારે તો પણ આપનાર અર્પણ કરાયેલ દ્રવ્યમાં આસક્તિ વિનાનો અને શિષ્ય દ્વારા મને પ્રાપ્તિ થાય તેવી કામના-આશા વિનાનો અને અન્તઃકરણ સ્વવશ હોવાથી મનમાં આ પ્રકારના હેતુ વિનાનો હોય ત્યારે તે કૃષ્ણનામ દીક્ષા માત્ર શિષ્યના કલ્યાણને વિચારીને જ અને તે પણ શિષ્યાસક્તિ રાખ્યા વિનાજ આપશે અતઃ એમાં લોભ વગેરે હેતુઓ ન હોવાથી જે પ્રાપ્ત થતો દોષ છે તેનો પરિહાર થઈ જાય છે.

સર્વનિર્ણય નિબન્ધમાં શ્રીઆચાર્યચરણ તથા શ્રીપુરુષોત્તમજી કૃષ્ણનામદીક્ષા માટે શિષ્ય પરીક્ષણ સૂચવે છે તે પરીક્ષા પણ શિષ્ય અને મંત્રદાતા પોતે એમ બંનેની નિર્દોષતાને અર્થે તથા આવશ્યકતાના જ્ઞાન અર્થે છે. ત્યાં શ્રીઆચાર્યચરણ લખે છે કે- **कृपापरिज्ञानं च मार्गरुच्या निश्चीयते’** (સર્વ.નિ.નિબન્ધ-૨૨૬) ‘આ જીવ પર ભગવાનની કૃપા છે એની સારી રીતની જાણકારી જીવની માર્ગરુચિ વડે નિશ્ચય કરાય છે’ અહીં શ્રીપુરુષોત્તમજી આવરણભંગમાં એક અધ્યાહાર ઉમેરે છે કે **‘अस्माभिरिति शेषः’** અહીં અમારા વડે આટલો અધ્યાહાર સમજવો’ એટલે અમારા વડે નિશ્ચય કરાય છે એમ વાક્ય બનશે. અતઃ આ માર્ગમાં

દીક્ષાના પૂર્વ કૃપાપરિજ્ઞાન ગુરુ વડે થવું આવશ્યક છે. આથી આગળની ૨૨૭ મી કારિકાના આવરણભંગમાં શ્રીપુરુષોત્તમજી લખે છે - **‘प्रथमं कारिकायां कृपापरिज्ञानस्यात्र जिज्ञासायाश्च कथनादेतदुभयं गुरुणापि परीक्ष्यमित्यपि सूचितम्’** પ્રથમ (૨૨૬ મી) કારિકામાં કૃપાપરિજ્ઞાનને અને અહીં (૨૨૭ મી કારિકામાં) જિજ્ઞાસાને કહેલ હોવાથી ગુરુએ પણ આ બંને બાબત (કૃપા ભાગી જીવ છે કે નહિં તથા જિજ્ઞાસાવાળો છે કે નહિં તે બંને બાબત) ની પરીક્ષા કરવી આવશ્યક છે એમ સૂચિત કર્યું છે’ એમ જણાવી તેથી આગળ લખે છે કે - **‘अन्यथा, ‘इदं ते नातपस्काये’ति वाक्यादतादृशाय कथने गुरोरप्याज्ञाभङ्गः प्रसज्येत’** જો ગુરુ ઉપર મુજબ પરીક્ષા ન કરે ત્યારે ‘આ ગીતાવાક્યરૂપ ઉપદેશ જે તારા માટે મેં કહ્યા છે તે તપરહિત મનુષ્યોને કહેવા નહિં’ એમ ભગવદ્વાક્ય હોવાથી કૃપારહિત અને જિજ્ઞાસાવિનાના મનુષ્યને કહેતાં-ઉપદેશ આપતાં ગુરુને (ગુરુસ્થાનીય કાર્યનિર્વાહક) ને પણ આજ્ઞાભંગનો દોષ પ્રાપ્ત થાય છે’ અતઃ આ બધી બાબતો જોઈ વિચારતાં ગુરુએ પણ ભગવન્નામ વિક્રયનો દોષ પ્રાપ્ત ન થાય તેને અર્થે કોઈને પણ શિષ્ય કરતાં પહેલાં તેને ભગવન્નામદીક્ષા આપતા પહેલાં કૃપાપરિજ્ઞાન જિજ્ઞાસા બાબત પરીક્ષણ કરવું તે હોય તો જ આવનારને દીક્ષા આપવી અને તેનો અભાવ હોય ત્યારે તેવાને દીક્ષા ન આપવી જેથી કરીને લોભવશ યા કામનાવશ ભગવન્નામનો દુરુપયોગ કરવાનો દોષ પ્રાપ્ત ન થાય, તેવી પરીક્ષાના અભાવમાં તો તેવા શિષ્યોથી પ્રાપ્ત થનાર દ્રવ્યને અંગીકાર કરતાં શતપ્રતિશત ભગવન્નામ વિક્રયરૂપ દોષ પ્રાપ્ત થાય છે એમ શ્રીપુરુષોત્તમજીના જણાવવાનો આશય છે.

સમ્પ્રદાયમાં કેટલાકો જ નહિં પણ ઘણાં લોકોનું એમ માનવું છે કે જે પુષ્ટિજીવ હોય છે તે જ દીક્ષા લેવા આવે છે. અતઃ જે દીક્ષા લેવા આવે તેની આવ્યો છે એટલું જ પર્યાપ્ત હોવાથી પછી બીજી કોઈ પરીક્ષા અપેક્ષિત રહેતી નથી. તેથી જેને વલ્લભવંશજો દ્વારા બ્રહ્મસમ્બન્ધ દીક્ષા

આપવામાં આવી હોય તે પુષ્ટિદૈવી જીવ જ છે એમ નિશ્ચય કરે છે અને એમાં પ્રમાણ તરીકે શ્રીગુસાંઈજીની બધાઈનું પદ રજુ કરે છે કે - **‘जे जन शरण आये ते तारे’** અહીં જે પણ શરણે આવ્યો તેને શ્રીપ્રભુચરણે ઉદ્ધાર કર્યો એમ જણાવ્યું છે તેમાં પણ શરણે જવું અને દીક્ષા લેવા જવું બેમાં ઘણું મોટું અન્તર છે. શ્રદ્ધા-આદર -નિશ્ચય વગેરે કારણો શરણે જવામાં હોય છે જ્યારે દીક્ષા લેવા જવામાં આ કારણો હોવા જરૂરી નથી, આ વિના પણ કોઈના કહેવાથી-પ્રેરણાથી, બીજાની દેખાદેખી, દીક્ષિતને જ નોકરી મળે તેથી નોકરી મેળવવા, પોતાનાથી મોટા એવા ઘરના બીજા દીક્ષિત પરિવારજનોની અનુકૂલતા યા તેમની પ્રસન્નતાને અર્થે વગેરે કારણો હોઈ શકે છે. અતઃ પુષ્ટિમાર્ગીય ગુરુને શરણે જવામાં પુષ્ટિમાર્ગમા, પુષ્ટિપ્રભુમાં અને પુષ્ટિપદ્ધતિમાં તથા પુષ્ટિમાર્ગીય મૂલગુરુમાં શ્રદ્ધા-આદર-વિશ્વાસ-નિશ્ચય -દ્રઢતા વગેરે લક્ષણો હોતાં તે શરણગમન કરે છે. અહીં શરણે જવાનો અર્થ છે **‘गुरुं मुनिमुपाव्रजेत्’** (ભાગ. ૧૧-) આ એકાદશસ્કન્ધમાં કહેલ વાક્ય અનુસાર સમર્થ ભગવત્સ્વરૂપ ગુરુને પોતાનું સમ્પૂર્ણ જીવન સહિત આત્મસમર્પણ કરવું. બસો બાવન વૈષ્ણવોની વાર્તામાં યદ્યપિ છિતસ્વામી કે જે વૈષ્ણવ થતાં પહેલાં છિતૂ ચૌબેના નામે પ્રસિદ્ધ હતા તેમના પ્રસંગમાં આરંભમાં તેઓ શ્રીપ્રભુચરણ સમક્ષ બનાવટ કરીને ગયા તેમાં તેમનું તે મુજબનું શરણગમન-આત્મસમર્પણ ન હતું, તેમ છતાં પણ શ્રીગુસાંઈજીનો પ્રભાવ પ્રત્યક્ષ નિહાળીને ત્યારબાદ તેમનું શરણગમન પૂર્વોક્ત પ્રકારનું જ હતું અને તેઓ શ્રીગુસાંઈજીથી દીક્ષા ગ્રહણ કરી ઉત્તમ ભગવદીય છિતસ્વામી નામે પ્રસિદ્ધ થયા. વાર્તામાં આ મુજબ જ જણાવ્યું છે અતઃ તેમનામાં દીક્ષાપૂર્વ માર્ગરુચિ પ્રકટ થયા પછી જ તેમને દીક્ષા આપવામાં આવી છે. તેમ છતાં પણ આ પ્રસંગ સમર્થગુરુ શ્રીવિઠ્ઠલેશ્વર સમ્બન્ધનો છે અતઃ આવા બનાવટ કરવા જનારાઓમાં પણ તેમના ઉપર ભગવત્કૃપા છે એ આપશ્રી પરખી શક્યા હતા અને પોતાના અતુલિત ઈશ્વરીય પ્રભાવ દ્વારા તેમના ચિત્તમાંથી સર્વ અવરોધો દૂર કરી તેમને ભગવદીય બનાવ્યા. પરંતુ શ્રીગુસાંઈજીનું આધુનિકમાં કોઈ પણ અનુકરણ

કરી શકે તેમ પણ નથી, અને તેમ કરવું એ તેમનું દુઃસાહસ યા અન્ય જ કંઈ કહેવાશે. તેથી જ શ્રીપુરુષોત્તમજી સર્વનિર્ણય નિબન્ધની ૨૨૬ મી કારિકાના આવરણભંગમાં જણાવે છે કે - **‘अन्येषां तु मार्गरुचि परिज्ञानं वेषवचनाचारैः’** અર્થાત્ - (શ્રીઆચાર્યચરણ-શ્રીપ્રભુચરણ જેવા સમર્થ ગુરુઓ વડે જીવની માર્ગરુચિ જોઈને કૃપાપરિજ્ઞાન કરવામાં આવે છે પરન્તુ તે સિવાયના બીજાઓ માટે ભગવત્કૃપા પરિજ્ઞાન કરવું શક્ય ન બને ત્યારે તેવી સ્થિતિમાં) બીજાઓ વડે માર્ગરુચિનું પરિજ્ઞાન કરવું આવશ્યક છે અને તેવી માર્ગરુચિ જીવને છે કે નહિં તેના અર્થે આવનાર વ્યક્તિનો વેષ, તેની વાણી તથા તેના આચાર-આચરણ વડે નિશ્ચિત થઈ શકે છે કે આ વ્યક્તિને માર્ગરુચિ છે’.

યદ્યપિ માત્ર માર્ગરુચિ જાણવાથી તે ભગવત્કૃપા થયેલો વ્યક્તિ છે એનો નિશ્ચય કરવામાં સન્દેહ રહે છે. કારણ કે રુચિ ભગવત્ કૃપા પ્રાપ્તિરૂપ અધિકારથી પણ સંભવી શકે છે તો ક્યારેક કોઈક ભગવદીયના સંગ યા દેખાદેખીથી પણ સામયિક રુચિ બની શકે છે પરન્તુ તેવી રુચિમાં સ્થિરતા-સ્થાયિત્વ નથી હોતું અતઃ તેવો વ્યક્તિ આરંભમાં ભગવત્સેવામાં યોજાઈને પણ પાછળથી તે સેવા ત્યાગી વિમુખ પણ થઈ શકે છે અને અન્ય માર્ગમાં પ્રવેશી પણ શકે છે, છતાં પણ આધુનિક ગુરુઓમાં માર્ગરુચિ જાણવાથી અધિક ભગવત્કૃપાનું પરિજ્ઞાન કરવું અશક્ય હોવાથી માર્ગરુચિ જોઈ ભગવત્કૃપાનો અંદાજ રાખી તેને દીક્ષા આપતાં આપનારમાં પૂર્વમાં જોઈ ગયા તેમ ગીતામાં જણાવ્યા અનુસાર દીક્ષા આપવા બાબતમાં લોભ વગેરે કારણો ન હોવાથી આપનારને દોષ પ્રાપ્ત થતો નથી- તેને ભગવન્નામવિક્રય કર્યાનો દોષ પ્રાપ્ત થતો નથી એમ નિબન્ધસ્થ શ્રીપુરુષોત્તમજીના કથનનો આશય છે. આ જ બાબતની આપશ્રીએ વિસ્તારથી સિદ્ધાન્ત રહસ્યની ટીકામાં ચર્ચા કરી છે અને અમારા દ્વારા લખાયેલ ‘સિદ્ધાન્ત રહસ્ય વિવરણ’ (ભાગ-૨) માં વિવેચન કરવામાં આવ્યું છે.

માર્ગરુચિ જીવને છે કે નહિં તેનું પરિજ્ઞાન વેષ-વચન-આચારથી

થઈ શકે છે આ બાબતની ચર્ચા શ્રીઆચાર્યચરણે ભાગવત એકાદશ સ્કન્ધ સુબોધિનીના દ્વિતીય અધ્યાયમાં જણાવ્યું છે કે - **‘यथेति कायवाङ्मनोव्यापाराः पृष्टाः, लिङ्गं हि वेषस्तेन रुचेः परिज्ञानम्’** (ભાગ. સુબોધિની ૧૧-૨-૪૪) અહીં કાયા-વાણી અને મનના વ્યાપારથી વ્યક્તિની રુચિ ક્યાં-કેવી છે તેનું પરિજ્ઞાન થાય છે એમ કહ્યું છે, અતઃ આ શ્રીઆચાર્યચરણોક્ત પ્રકારે આવનારની રુચિ જાણવી આચરણ એ કાયિક વ્યાપાર છે, તે જેમ બોલે તે એનો વાણીનો વ્યાપાર છે અને વેષ એ મનોવ્યાપાર છે. આ રીતે આવનારની રુચિ છે તેમ જાણી શકાય છે.

અતઃ કોઈ પણ વ્યક્તિ દીક્ષા લેવા આવે ત્યારે આધુનિકોએ આવ્યો છે માત્રથી ભગવત્કૃપા જાણી દીક્ષા આપવાના આંધળુક્રિયા ન કરવા જોઈએ પરન્તુ તેની માર્ગરુચિ વેષ-વચન-આચારથી પરખ્યા બાદ જ દીક્ષા આપવી જોઈએ અને તેમાં જ આપનાર-લેનાર બંનેનું કલ્યાણ-હિત સમાયેલું છે.

* * * * *

શ્લોક – ૪ (ઉત્તરાર્ધ)

वेश्यादि सहिता मत्ता गायका गर्तसंज्ञिताः ॥ ४ ॥

અન્વય :- वेश्यादिसहिताः (વેશ્યા વગેરે સહિતના), **मत्ताः** (ઉન્મત્ત થયેલા), **गायकाः** (ગાયકો), **गर्तसंज्ञिताः** (ખાડાના સમાન છે).

શબ્દાર્થ :- જે ગાયકો વેશ્યા વગેરે સહિતના મદ-ઉન્મત્ત થયેલા હોય તે ગાયકો જમીનમાં પડેલા મોટા ખાડા સમાન છે.

આ સ્થળે સર્વ ટીકાકારોનો અભિપ્રાય આ મુજબ છે-

(૧) શ્રીકલ્યાણરાયજી - वेश्यादिसहिता इति । आदिपदात् कुलटातत्संगद्यूतादय उच्यन्ते । ‘न तथास्य भवेन् मोहो बन्धश्चान्यप्रसङ्गतः । योषित्सङ्गाद्यथा पुंसो यथा तत्सङ्गिसङ्गत’ इति कपिलदेववाक्यात् । एतादृशा गायका गर्ततुल्यास्तेषां भावस्तज्जलतुल्य इत्यर्थः । यदि विषयैर्बाध्यमाना अपि दुराचारा अपि समयभेदेनापि भगवन्तमेव भजेयुस्तदापि समीचीना भवेयुस्तदपि नास्तीत्याहुः मत्ता इति । अतः स्वस्वाम्यनुसन्धानरहिताः । नह्येते प्रीत्या माहात्म्यधिया वा कृष्णं गायन्ति, किन्तूत्तमस्वरगीतवशात् कदाचिदतो गर्ततुल्या एवेत्यर्थः। अतो नैषां भावस्य कूपकुल्याजलवदाप्यायकत्वादिगुणयोग इत्यर्थः । अमत्तास्तु कूपभेदेषु ज्ञेयाः ॥ ४ ॥

અર્થાત્ - ચતુર્થભાવને કહે છે - **વેશ્યાદિ સહિત** વગેરેથી. **आदि** પદથી કુલટા સ્ત્રીઓ, તેમના સંગવાળા લોકો, જુગાર વગેરે સમજવા. **‘મોહ અને બન્ધન બીજાના સંગથી એ પ્રકારે નથી થતો જે પ્રકારે**

સ્ત્રીઓના સંગથી તથા તેમના સંગીઓના સંગથી થાય છે’ (ભાગ. ૩-એમ શ્રીકપિલદેવજીનું વાક્ય હોવાથી. આ પ્રકારના ગાયકો ગર્ત એટલે કે ખાડાના સમાન છે, તેમનો ભાવ ખાડામાં ભરાયેલા જળ સમાન છે એમ અર્થ છે. યદિ વિષયો વડે તેઓ બાધ્ય થતા હોય તો પણ - દુરાચરણ કરનારા હોય તો પણ સમયના ભેદ થકી (ક્યારેક) ભગવાનનું જ ભજન કરે તો ત્યારે તેઓ સમીચીન થાય પણ ખરા, પરન્તુ આમનામાં તો તેની પણ સંભાવના નથી હોતી એમ જણાવવા કહ્યું છે એ લોકો **मत्त** હોય છે. તેથી કરીને પોતાના સ્વામીના અનુસન્ધાન વિનાના હોય છે. આ લોકો ભગવાનમાં માહાત્મ્ય બુદ્ધિથી અથવા પ્રેમવશ કૃષ્ણનું ગાન નથી કરતા કિન્તુ ક્યારેક (ગાન કરે છે તો તે) ઉત્તમ સ્વર-ગીત વગેરેને વશ થઈને કરે છે અતઃ તેઓ ખાડાના જળ સમાન જ છે એમ અર્થ છે. જે લોકો મદોન્મત્ત નથી તેવા ગાયકો પૂર્વમાં જણાવેલ કૂપભેદમાં જાણવા.

(૨) શ્રીપુરુષોત્તમજી - (આભાસ-) ‘अतः परं ‘अवद्याभ्यः स्वाहे’ति श्रुतिमनुसृत्य चतुर्थं भावमाहुः वेश्यादीत्यादि’ (વ્યાખ્યાન-) आदिपदेन स्वैरिणीसङ्ग्रहः । ईदृशाः गायकाः गर्तसंज्ञिकाः । गर्तलक्षणं तु कात्यायनस्मृतौ ‘धनुःसहस्राण्यष्टौ तु तोयं यासां न विद्यते । न ता नदीशब्दवहा गर्तास्ते परिकीर्तिताः’ इति । आपः नदीसम्बन्धिन्योपि नदीशब्दवहा न, किन्तु ते जलाशया गर्ताः शास्त्रेषु सर्वत्र कीर्तिता इत्यर्थः । तथा च ‘नद्या यच्च परित्यक्त’ मित्यादिवाक्यान्तरात् तज्जलं बहुलमपि न शिष्टानां स्नानपानादियोग्यम् । तथा तादृशां भावोपीत्यर्थः । यद्वा, ‘प्रह्लादो ह वै कायाधवः विरोचन ँ्स्वपुत्रमुदास्यत्, स प्रदरोऽभवत्, तस्मात्प्रदरस्य नाचामे’दिति श्रुतावापस्तम्बस्मृतौ च न वर्षधारास्वाचामेत्तथा च प्रदरोदक इति तज्जलाचमननिषेधात् । तत्र ‘प्रदरो गर्त’ इति सायणीयादौ व्याख्यानात्तेषामापोऽवद्याः,

न उद्यन्त इत्यवद्याः पूर्वोक्तश्रुतिस्मृतिभ्यां तदाधारनिन्दातः ता अपि निन्द्या इत्यर्थः । तादृशां भावस्य दुष्टत्वात्तद्गीता गुणा न समीचीनफलदाः गातृणां श्रोतृणां चेति तादृशां सङ्गो न कर्तव्य इति भावः ॥ ४ ॥

અર્થાત્ - (આભાસ-) હવે પછી **‘अवद्याभ्यः स्वाहा’** આ શ્રુતિના અનુસાર ચોથા ભાવને કહે છે **વેશ્યાદિ** વગેરેથી **(વ્યાખ્યાન-) આદિ** પદથી સ્વૈરિણી (કુલટા સ્ત્રી) સમજવું. આ પ્રકારના ગાયકો ગર્ત-ખાડાની સંજ્ઞાવાળા છે. ‘ગર્ત’ નું લક્ષણ કાત્યાયન સ્મૃતિમાં **‘જેમાં આઠ હજાર ધનુષ (જેટલી લંબાઈમાં) જળ ન હોય (જે આઠ હજાર ધનુષ જેટલી જળયુક્ત ન હોય) તે પ્રવાહને નદી શબ્દ લાગતો નથી (તે પ્રવાહ નદી નથી) કિન્તુ તેને ગર્ત કહેવામાં આવ્યું છે’** જળ નદી સમ્બન્ધી હોઈને પણ તે પ્રવાહ નદી નથી કિન્તુ તે જલાશયો ગર્ત નામે શાસ્ત્રમાં સર્વ કહેવાયા છે એમ અર્થ છે. તેમજ **‘જે જળ નદી વડે ત્યજાયેલું હોય’** ઈત્યાદિ અન્ય વાક્યોથી તે જળ ઘણાં પ્રમાણમાં હોવા છતાં પણ જે શિષ્ટ લોકો છે તેમના સ્નાન-પાનાદિ યોગ્ય હોતું નથી. તેમ આ લોકોનો ભાવ પણ તેમજ સમજવો. અથવા, વેદમાં કહ્યું છે કે - કયાધુના પુત્ર પ્રહ્લાદે વિરોચનનો તિરસ્કાર કર્યો, તે વિરોચન પ્રદર (પૃથ્વીમાં છિદ્ર થવું) થયો, તેથી પ્રદરના જળનું આચમન કરવું નહિં, તેમજ આપસ્તમ્બ સ્મૃતિમાં **‘વર્ષાની ધારામાં અને પ્રદરના જળમાં આચમન કરવું નહિં’** એમ તેના જળનો નિષેધ થયેલો હોવાથી. **‘પ્રદર એ ગર્ત છે’** સાયણભાષ્ય વગેરેમાં વ્યાખ્યાનમાં કહ્યું હોવાથી તેનું જળ નિંદ્ય છે. **‘न उद्यन्ते इति अवद्याः’** એમ પૂર્વમાં કહેવાયેલ શ્રુતિ-સ્મૃતિ વડે તે પ્રકારના આધારની નિન્દા હોવાથી તે આધારમાં રહેલ જળ પણ નિંદ્ય છે એમ અર્થ છે. તે પ્રકારના લોકોનો ભાવ દુષ્ટ હોવાથી તેમના દ્વારા ગવાયેલા ગુણો પણ સમીચીન ફળ આપનાર હોતા નથી તેથી તે પ્રકારના ગાનારા અને તેમને સાંભળનારાઓનો સંગ કરવો નહિં એમ ભાવ છે.

(૩) શ્રીવલ્લભજી - (આભાસ-) 'एवं भेदद्वयमुक्तमतः परं गायकभेदानाहुः (વ્યાખ્યાન-) **पूर्वोक्ता गायकाः भृतकधर्मरहिताः। तेषामन्यधर्माधिकाराभावात् गाने भृतकधर्मराहित्यमात्रमेवोत्तमत्वम् । तादृशाः पुनर्वेश्यादिसहिताः, आदिपदेनान्येपि विधर्माः पानादयः सूचिताः । अत एव मत्ताः, स्वपरधर्मविवेकरहिताश्चेत्तदा गर्ततुल्याः । गर्तोत्र जलरहितान्धकूपः । स यथाधस्तलपर्यन्तगतः दुष्टजीवकङ्कालादिस्थानभूतोन्येषां पतनहेतुश्च भवति, तथैतेपि स्वयं त्वधोगताः एवान्येषामपि पातहेतवो भवन्तीति भावः ॥ ४ ॥**

અર્થાત્ - (આભાસ-) આ પ્રમાણે બે પ્રકારના ભેદ કહ્યા, હવે પછી ગાયક ભેદોને કહે છે - **(વ્યાખ્યાન-)** પહેલા કહેવાઈ ગયેલા ગાયકો ભૃતક ધર્મ (પૈસા લઈ કાર્ય કરવું) થી રહિત હોય છે. તેમનો બીજાના ધર્મમાં (પૈસો લઈ ગાનારાઓના કરતા) અધિકાર નહિં હોવાથી ગાવામાં તેઓ પૈસા લઈને નથી ગાતાં માત્ર આટલી જ એમનામાં ઉત્તમતા છે. તે પ્રકારના વળી પાછા વેશ્યા વગેરે સહિતના, **આદિ** પદથી બીજા પણ જે વિધર્મો સુરાપાન વગેરેનું સૂચન કર્યું છે. તેથી જ તેઓ **મદમાં ઉન્મત્ત** છે, તેવાઓ જો પોતાના અને બીજાના ધર્મના વિવેક વિનાના હોય ત્યારે તેઓ ખાડા સમાન છે. અહીં **ગર્ત** શબ્દથી જળ વિનાનો આંધળો કૂવો અર્થ છે. તે જેમ નીચે તળીયા સુધી દુષ્ટજીવોના અસ્થિપિંજરો-કંકાલ વગેરે સ્થાન બનેલા અને બીજાઓના પડવાના કારણરૂપ હોય છે, તેમ આ લોકો પણ પોતે તો અધોગતિને પામેલા હોય જ છે, તેમ તેઓ બીજાઓના પણ પતનના કારણ હોય છે એમ ભાવ છે.

(૪) શ્રીબાલકૃષ્ણજી - (આભાસ-) 'चतुर्थ भावमाहुः वेश्यादिसहिता इति' (વ્યાખ્યાન-) **वेश्यादिसहिता मत्ता ये गायकास्ते गर्ततुल्या इत्यर्थः । यदि गानस्वरूपज्ञानेन दोषरहिताः**

स्युस्ते नादं ज्ञात्वा मुक्त्यधिकारिणो भवेयुः, परं मत्तत्वाद्विषयाभिनिविष्टास्तेन तेषां भावो गर्तजलतुल्य इत्यर्थः । यथा गृहमध्यकृतगर्तसञ्चितजलस्य सद्गृह एव व्यवहारयोग्यत्वम्, न तु कूपादिवत् सर्वोपयोगित्वं शुद्धिकरत्वं वा; तथैतेषां भावो गानमाधुर्यादिना तद्धृदयानन्दकर एव, न तु पुरुषार्थसाधकोपि, तदर्थमपि नादस्य ब्रह्मात्मकत्वाद्भगवतो गानप्रियत्वात् तद्रसज्ञत्वात्तेष्वपि आनन्दोद्भवो भगवता दीयत इति भावः । मत्तत्वादिदोषरहिताः पूर्वोक्तसहिता गायकाः कूपादितुल्या इति भावः । यथा कूपोदकं गुणैकग्राह्यं भवति, जलग्रहणपर्यन्तमेव गुणकार्यं, न तु तदनन्तरमपि, तथा स्त्रीगानस्य मधुरत्वात् तद्द्वारा नादब्रह्मानन्दानुभवार्थमेतत्साहित्यमिति भावः ॥ ४ ॥

અર્થાત્ - (આભાસ -) ચોથાભાવને કહે છે **વેશ્યાદિ સહિત** વગેરેથી. **(વ્યાખ્યાન-)** વેશ્યા વગેરે સહિતના મત્ત થયેલા જે ગાયકો છે તે ખાડા સમાન છે એમ અર્થ છે. જો તેઓ ભગવદ્ ગુણગાનનું જે સ્વરૂપ છે તેના જ્ઞાન વડે દોષરહિત હોય ત્યારે તો નાદને જાણીને મુક્તિના તેઓ અધિકારી-અધિકારવાળા થાય, કિન્તુ મદમાં ઉન્મત્ત થયેલા હોવાને કારણે વિષયોમાં અભિનિવેશ પામેલા હોય છે તેથી કરીને તેઓનો ભાવ ખાડા સમાન છે એમ અર્થ છે. જેમ ઘરના મધ્યમાં-ઘરની અંદર કરવામાં આવેલો ખાડો એમાં (વર્ષા વગેરેથી) ભેગું થયેલું જળ તે માત્ર તે ઘરના વ્યવહાર પૂરતું જ ઉપયોગી હોય છે, કૂવા વગેરેની માફક સર્વને માટે ઉપયોગી નથી હોતું અથવા ન તેનાથી શુદ્ધિ વગેરે પણ કરી શકાય છે, તેમ આ લોકોનો ભાવ પણ ગાવાની મધુરતા વગેરે વડે તેમના-ગાનારના હૃદયને જ આનન્દ કરનાર હોય છે, તેથી કોઈ પુરુષાર્થની સિદ્ધિ થતી નથી, તેના અર્થે પણ નાદની બ્રહ્માત્મકતા હોવાથી તેમજ ભગવાન ગાનપ્રિય હોવાથી અને તેઓ ગાન રસના-સંગીત રસના જાણકાર હોવાથી તેમનામાં પણ આનન્દનો ઉદ્ભવ ભગવાન વડે દાન કરવામાં આવે છે એમ ભાવ છે. જે ગાયકો

મત્તપણું વગેરે દોષોથી રહિત છે તેવા પૂર્વમાં કહેવાયેલ પ્રકાર સહિતના છે તે લોકો કૂપ વગેરે સમાન છે (તે લોકો ખાડા સમાન નથી) એમ ભાવ છે. જેમ કૂવાનું જળ માત્ર ગુણ થકી જ ગ્રહણ કરવા યોગ્ય હોય છે, જલ ગ્રહણ કરતા સુધી જ ગુણકાર્ય હોય છે તે પછી નહિં, તેમ સ્ત્રી વડે ગાનની મધુરતા હોવાથી તે વડે નાદબ્રહ્મના અનુભવ અર્થે આનું સાહિત્યપણું છે એમ ભાવ છે.

વિવરણ - આ ચતુર્થભાવમાં શ્રીઆચાર્યચરણનો કહેવાનો અભિપ્રાય શો છે તે આધુનિક સમયમાં વૈષ્ણવો અને સમ્પ્રદાયમાં સંચાલકોએ ખૂબ જ સારી રીતે વિચારી જવો આવશ્યક છે. **વેશ્યા વગેરે સહિતના**થી જેમનામાં સચ્ચારિત્ર્યનો અભાવ છે અને **મદમાં ઉન્મત્ત થયેલા**ઓથી નિષિદ્ધ આચરણમાં પરાયણ થયેલા ગાયકો **ગર્ત** એટલે **ખાડાના જળ** જેવા ભાવવાળા છે એમ શ્રીઆચાર્યચરણનું કહેવાનું તાત્પર્ય છે. અને આવાઓનો સંગ કરવો અયોગ્ય પણ છે, અહિતાવહ પણ છે અને વધુમાં પુષ્ટિ સાધનામાં બાધક-અવરોધક પણ છે. ભલે પછી તેઓ અતિશય મધુર કંઠવાળા યા ઉત્તમ સ્વર-તાલ-રાગ-ગાન વગેરેના નિષ્ણાત હોય છતાં પણ જો અહીં કહેવાયેલા પ્રકારના સચ્ચારિત્ર્ય વિનાના અને નિષિદ્ધાચરણ રત હોય તો તેવાઓનું ગાન શ્રવણ (ભલે પછી તે ભજન પ્રકારનું કે કીર્તન પ્રકારનું જ કેમ ન હોય છતાં પણ તે) સાધકોને માટે અયોગ્ય-સાધના-અવરોધક જ છે. કારણ કે તેવાઓનું શ્રવણ કરવામાં શ્રવણ કરનારના ચિત્તમાં રહેલી પ્રિયતા કે આસક્તિ અથવા તેનાથી અનુભવાતો આનન્દ એ બધું જ ભગવદીય-ભક્તિરૂપ નહિં કિન્તુ લૌકિક-વિષયરૂપ જ હોય છે. કારણ કે ત્યારે ચિત્તની દ્રુતિ એ ભગવદ્ગુણથી નથી થઈ કિન્તુ કંઠમાધુર્ય-સ્વર-તાલ ચાતુર્ય વગેરેથી જ થઈ છે. તેમજ તેવા વખતે ગાયનમાં ગવાતા રાધા-કૃષ્ણના કે ગોપી-કૃષ્ણના પ્રણયગીતોમાં પણ ચિત્ત ઉપર રાધાકૃષ્ણના કે ગોપી-કૃષ્ણના પરમ પવિત્ર બ્રહ્માદિ દેવોને પણ પાવક પરમોચ્ચ પ્રેમનો પ્રભાવ નથી પડતો પણ તેમાં જીવની લૌકિકી વાસના ભળીને વાસનાત્મક પ્રેમનો જ પ્રભાવ પડતો હોય છે ફરક માત્ર એટલો જ છે કે જે વાસનાત્મક ભાવને જાહેરમાં નથી નવાજી શકાતો (ભલે તે અન્દરથી પ્રિય કેમ ન હોય) તેને રાધા-કૃષ્ણના બહાનાથી જાહેરમાં નવાજી વાહ-વાહ કહી આનન્દ લૂંટવામાં કંઈ વાંધો આવતો નથી.

બીજાઓની દેખાદેખી આપણા સમ્પ્રદાયના સમારમ્ભો-આયોજનો-સંસ્થાકીય પ્રકલ્પો કે પછી નાના-મોટા કોઈ પણ કાર્યક્રમો એ સાધનાલક્ષી અને તે અર્થમાં પ્રચારલક્ષી સ્વરૂપના હોવા જોઈએ અને તે પણ સમ્પ્રદાયના મૂળભૂત સિદ્ધાન્તોને અબાધ રહીને હોવા જોઈએ, નહિં કે તે સસ્તી લોકપ્રસિદ્ધિલક્ષી કે પછી માત્ર સમાજના મનોરંજનલક્ષી હોવા જોઈએ. આજે મન્દિરોમાં કે સંસ્થાઓમાં જે ભજન વગેરેના આયોજનો ગોઠવવામાં આવે છે એથી લોકોમાં પુષ્ટિભક્તિનો અથવા તો સાધારણભક્તિનો પણ વિકાસ થાય છે કે થઈ રહ્યો છે એમ શું આપણે માનીએ છીએ ? અને હા, તો ભજન ગાવા આવનારા ગાયકો અને તેમના સાજિન્દાઓમાં ભક્તિનો શું એક છાંટો પણ હોય છે ? તેમજ તેવા ભજનના આયોજન પછીથી શ્રોતાઓ ઉપર કલાક-બે કલાક પણ ભક્તિની અસર જોવા મળે છે ? ગુજરાતમાં નવરાત્રીના દિવસોમાં અને હવે તો **બિફોર નવરાત્રી ગરબા**ના આયોજનોમાં ઘણું કરીને કૃષ્ણસમ્બન્ધી અથવા માતાજી સમ્બન્ધી ગાયનોનો પ્રકાર જોવા-સાંભળવા મળે છે. ત્યારે એક ગાયક સાજ-સાજિન્દા સાથે ભજન ગાઈને ગરબે ઘુમાવતો હોય ત્યારે ગરબે ઘુમનારાઓમાં છોકરા-છોકરીઓમાં શું રત્તિભાર પણ ભક્તિનો નશો જોવા મળે છે ? કે પછી .... તો પછી શા માટે આપણે પુષ્ટિમાર્ગીયો પુષ્ટિમાર્ગીય સાધનાપથથી જુદા હટીને શ્રીગુરુવર્ય શ્રીવલ્લભાચાર્યચરણ જેમને ખાડાના જળ જેવા ‘ગર્ત’ શબ્દથી જણાવે છે તેવાઓના આયોજનો પુષ્ટિમાર્ગીય સ્થળોમાં કે પુષ્ટિમાર્ગીય સંસ્થાઓમાં પુષ્ટિપ્રચારના નામે યોજીએ છીએ અને તેવાઓનો પ્રચારના નામે આશ્રય કરીએ છીએ ?

બીજી એક વાત પણ આ સ્થળે વિચારી લઈએ કે આ સોળ

ગ્રન્થોની રચના અલગ-અલગ સમયે શ્રીમહાપ્રભુએ કરી છે તે કોના માટે કરી છે ? કેવા પ્રકારના લોકો માટે કરી છે ? ત્યારે એ તો સ્પષ્ટ જ છે કે જે લોકો માત્ર ચીલાચાલૂ કે દેખાદેખી દીક્ષા લઈને પણ ભક્તિમાર્ગમાં આગળ ચાલવા માંગતા જ નથી અથવા ભક્તિમાર્ગમાં સ્થિતિ કરવા માંગતા જ નથી અને માત્ર સંસારમાં જ અને વિષય વાસનામાં જ રચ્યા પચ્યા રહેવા માંગે છે તેવા તથાકથિત વૈષ્ણવો માટે આ ગ્રન્થોની રચનાનો શ્રીમહાપ્રભુનો પરિશ્રમ નથી, પરન્તુ જે લોકો પુષ્ટિ સાધના પથ પર પ્રવૃત્ત થયેલા છે અને **‘तत्सिद्ध्यै तनुवित्तजा’** પ્રકારે ભગવત્સેવા-કથા-કીર્તન વગેરેમાં પરાયણ થઈને રહેવાની ઈચ્છાવાળા વૈષ્ણવો છે તેમનાં માર્ગદર્શનને અર્થે શ્રીઆચાર્યચરણે આ શ્રમ કરેલો છે. અતઃ પુષ્ટિસાધના પથ પર ચાલનારા સાધકોને શ્રવણભક્તિરૂપ સાધન શુદ્ધ રૂપમાં- ઉપયોગી રૂપમાં - સાધકરૂપમાં ઉપલબ્ધ કરાવવા આ જલભેદ ગ્રન્થ પ્રકટ કર્યો છે. આ સ્થિતિમાં ભક્તિવર્ધિની ગ્રન્થમાં ભક્તિવૃદ્ધિની સાધનામાં ત્યાગ કરીને શ્રવણ કરવાનો, અવ્યાવૃત્તિ કરીને શ્રવણ કરવાનો અને વ્યાવૃત્તિ પક્ષમાં રહીને શ્રવણ કરવાનો એમ ત્રણ પ્રકારો શ્રીઆચાર્યચરણે સૂચવ્યા છે તે ત્રણેમાંથી કયા પ્રકારમાં આવા ગર્ત લોકોનું શ્રવણ સાધક બની શકે છે ? એનો વિચાર કરીએ તો સર્વનિર્ણય નિબન્ધમાં સેવામાં પરાયણ થયેલાઓએ **व्यर्थालापक्रियाध्यानं सर्वथैव परित्यजेत्’** એમ ત્રણ વાતો ત્યાગવાના આ વિધાનને બરાબર વિચારીશું તો વ્યર્થનું બોલવું અને કોઈથી વ્યર્થ બોલાયેલું સાંભળવું, વ્યર્થની ક્રિયા કરવી અને કોઈથી વ્યર્થની થઈ રહેલી ક્રિયાને જોવી તથા વ્યર્થનું ધ્યાન કરવું અને કોઈના વ્યર્થ ધ્યાનને વિચારવું એ છ બાબત ત્યાગવાનું સૂચન છે. ત્યારે આવા ગર્ત પ્રકારોમાં જે ગાવામાં બોલાઈ રહ્યું છે તે પણ વ્યર્થ છે, એમની જે ગાવાની ક્રિયા છે એ પણ વ્યર્થ છે અને ગાનારમાં જે ધ્યાન છે તે પણ વ્યર્થ છે. તેથી આવા લોકો કલાક્ષેત્રે ઉચ્ચ હોઈને પણ સાધકોએ આવા લોકોથી દૂર જ રહેવું એમ કહેવાનો શ્રીમહાપ્રભુનો આશય છે.

જેમ વ્યર્થ બોલવું એ ભક્તિમાં બાધક છે, તેમ વ્યર્થનું સાંભળવું

એ પણ એટલું જ ભક્તિમાં બાધક છે. જેનો ભક્તિમાં કોઈ સંબન્ધ કે ઉપયોગ ન હોય તેવું બોલવા કે સાંભળવાથી દૂર રહેનારો જ ભક્તિસાધનામાં આગળ વધી શકે છે. એ માન્યું કે પુષ્ટિ સમ્પ્રદાયમાં કલાનું મહત્ત્વ પણ છે અને કલાનું રક્ષણ પણ છે અને પ્રાયઃ દરેક કલાને પુષ્ટિસેવા પદ્ધતિમાં વણી લેવામાં આવી છે. તેમ છતાં પણ એ પણ એટલું જ સત્ય છે કે આ સમ્પ્રદાયના સેવા પદ્ધતિના પ્રવર્તકો શ્રીમહાપ્રભુ, શ્રીગોપીનાથચરણ, શ્રીપ્રભુચરણ કે સાત લાલજીઓમાંથી કોઈને પણ ભક્તિવિહોણી કલા સ્વીકાર્ય નથી, તેમજ તેનું રક્ષણ કે પોષણ પણ તેઓ વડે કરવામાં આવ્યું નથી. માટે જ તો શ્રીપ્રભુચરણ દ્વારા તાનસેનને કોડી આપવાનો પ્રસંગ પ્રસિદ્ધ છે. અતઃ પુષ્ટિમાર્ગમાં પુષ્પગુંથન કલા, સંગીતગાન -વાદન કલા, પાકકલા, રંગપૂરણકલા, વગેરે કલાઓનો ઉપયોગ, રક્ષણ, પોષણ જોવા મળે છે, પણ કોઈ સ્ત્રીના કાળા-લાંબા કેશમાં વેણી પહેરાવવાના હેતુ માટે પુષ્પગુંથનનું રક્ષણ નથી, સંગીતમાં પણ સંગીત શાસ્ત્રીય સ્વર-લય-તાલબદ્ધ ભગવલ્લીલા-ગુણ ગાનાત્મક પદોનો જ સ્વીકાર છે, પાક કલામાં પણ શ્રીપ્રભુની રુચિ મુજબના જ પકવાન્ન વગેરેનું વિધાન જોવા મળે છે.

અતઃ આ બધું અને આ પ્રમાણે વિચારતાં આપણા ખર્ચાળ અને બહુ શ્રમસાધ્ય એવા સમારંભો, આયોજનો, પ્રચારનાં કાર્યો કે આપણા ખર્ચાળ અને બહુ સાધન સાધ્ય નિર્માણ કાર્યો પાછળ આપણો શો હેતુ છે અને શો હેતુ હોવો જોઈએ એનો સ્પષ્ટ વિચાર અપેક્ષિત રહે છે. જો સમ્પ્રદાયના પ્રચારની વાત કહીએ તો ભગવાને જે વિચારીને શ્રીમહાપ્રભુને ભૂતલ પર પ્રગટ થવાની આજ્ઞા કરી તથા શ્રીમદ્ ભાગવતના ગૂઢાર્થો પ્રકટ કરવાની આજ્ઞા કરી તેમજ ભૂતલ પર પ્રગટ થઈને શ્રીમહાપ્રભુએ જે ઉદ્દેશથી આ સમ્પ્રદાયની સ્થાપના કરી તથા કૃષ્ણાવતારકાલમાં જે ભક્તિ પ્રકાર પ્રકટ હતો અને તે કાલાન્તરમાં લુપ્ત થઈ ગયેલા પુષ્ટિ ભક્તિમાર્ગને જે ઉદ્દેશથી પુનઃ પ્રકટ કર્યો તે ઉદ્દેશ્યને અનુકૂલ-અનુરૂપ રહીને જ પ્રચાર કાર્યોનું સ્વરૂપ હોવું જોઈએ. ત્યારે પ્રશ્ન એ થાય છે કે આ જે સ્વરૂપમાં પ્રચાર કાર્યો થઈ

રહ્યા છે અથવા તો એને પુષ્ટિપ્રચાર નામ આપવામાં આવી રહ્યું છે તે પ્રચાર કાર્યોની શ્રીમહાપ્રભુના કે શ્રીપ્રભુના પૂર્વોક્ત ઉદ્દેશ્યોની સાથેની અનુરૂપતા, અનુકૂલતા કે અનુસ્યૂતપણું છે ખરું ? અને જો હા, તો તે કેવી રીતે છે ? અને જો ના, તો પછી શ્રીમહાપ્રભુના હૃદયથી ઈતર એવા કયા ઉદાર હેતુથી આ થઈ રહ્યું છે ? આ પ્રશ્ન છે.

બીજું આ પણ આપણે હૃદયમાં વિચારી જોવાનું છે કે આ સમ્પ્રદાયને શ્રીમહાપ્રભુના ઉદ્દેશ્યો અને વિચારે આગળ ચલાવવો કે પછી તેની અવગણના કરીને પણ યુગનો વિચાર કરી યુગપ્રવાહે કે આપણા વિચારે તેને આગળ ચલાવવો ? શું આપણે એ પાકો નિશ્ચય કરી ચુકયા છીએ કે શ્રીમહાપ્રભુના ઉદ્દેશ્યો આધુનિક યુગમાં ઉપયોગી કે કલ્યાણક્ષમ રહ્યાં નથી? અથવા તો તે ઉદ્દેશ્યો આધુનિક યુગમાં સૃષ્ટિની પ્રાવાહિકતાને જોતાં અર્થહીન બની ગયા છે ? અને જો અર્થહીનતા જણાય છે તો પછી મહાપ્રભુના સમ્પ્રદાયને કયા હેતુથી આપણે આગળ ચલાવવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ ? તો પછી અર્થહીન જણાતાં સિદ્ધાન્તો-નિયમો-પ્રકારોને વ્યાખ્યાનો કે પુસ્તકો વગેરે માધ્યમથી પ્રસ્તુત કરવા પાછળ આપણો શો હેતુ છે ? અને છેલ્લે આજે આપણે જે વ્યાખ્યાનોમાં જે કંઈ પણ પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તોને બોલીએ છીએ કે ઉપદેશ આપીએ છીએ અથવા તો લેખનો-પુસ્તકો - સામયિકો વગેરેના માધ્યમથી પ્રસ્તુત કરીએ છીએ તેનો આજે જે પ્રકારે સમ્પ્રદાયને ચલાવી રહ્યા છીએ તે બે વચ્ચે કોઈ સંગતિ કે સમ્બન્ધ જણાય છે ખરો ?

અતઃ જે બાબત શ્રીમહાપ્રભુના સિદ્ધાન્તોથી વિરુદ્ધ યા વિપરીત હોય, અથવા તો જે બાબતનો પુષ્ટિભક્તિમાર્ગમાં ઉપયોગ ન હોય તેવી તમામ બાબતોનો પુષ્ટિમાર્ગના નામ પર થતાં વ્યાખ્યાનો, સમારંભો, આયોજનો, ઉપદેશો, પુસ્તકો-પુસ્તિકાઓ તથા ઈતર પ્રચાર માધ્યમોમાં તેનો સમાવેશ ન કરવો જોઈએ તેમ મારું માનવું છે. તેમ તેવી પૂર્વોક્ત બાબતોનો સમાવેશ કરવાથી આપણી માર્ગીય સાધનાનાં જે સાધનો છે તે

ભેળસેળિયા થઈ જઈને કાલાન્તરમાં આપણી આગવી સાધના પદ્ધતિનો સમૂળગો લોપ થવાની તેમાં પૂર્ણ સંભાવના રહે છે. બલકે આજે એ સંભાવના સામે સાકાર થતી જોઈ પણ શકાય છે. આનાં જ પરિણામે માર્ગીય વૈષ્ણવોની સંખ્યામાં મોટો વસ્તિ વધારો થઈને પણ સાધકોની સંખ્યા નગણ્ય માત્રામાં રહી ગઈ છે અને ત્યાર પછી એવા સાધકો માત્ર આ માર્ગના ઈતિહાસમાં જ રહી જશે.

'વેશ્યા વગેરે સહિતના' થી જેમનામાં સચ્ચારિત્ર્યનો અભાવ છે અને **'મદમાં ઉન્મત્તા થયેલાઓ'** થી નિષિદ્ધ આચરણમાં પરાયણ થયેલા ગાયકો **'ગર્ત'** એટલે ખાડાના જળ જેવા ભાવવાળા છે' એમ અર્થ આપણે આ ચતુર્થ શ્લોકના વિવરણના આરંભે વિચારી ગયા છીએ. તેમજ આવા ગર્ત સદૃશ ભાવવાળાઓ માટે શ્રીકલ્યાણરાયજીના જણાવ્યા મુજબ **'મોહ અને બંધન બીજાના સંગથી એ પ્રકારે નથી થતો, જે પ્રકારે સ્ત્રીઓના સંગથી તથા તેમના સંગીઓના સંગથી થાય છે' આવા પ્રકારના ગાયકો પોતાના સ્વામીના અનુસંધાન વિનાના હોય છે તથા તે લોકો ભગવન્માહાત્મ્ય બુદ્ધિથી કૃષ્ણ અને કૃષ્ણલીલાને ગાતા નથી, પરંતુ માત્ર ઉત્તમ સ્વર-ગીત વગેરેને વશ થયેલી ઈન્દ્રિયો અને ભાવથી ગાતા હોય છે અતઃ તેઓ ગર્ત સદૃશ સંગ માટે અસમીચીન હોય છે'**

શ્રીપુરુષોત્તમચરણના જણાવ્યા અનુસાર - **તે પ્રકારના (ચરિત્ર ભ્રષ્ટ તથા નિષિદ્ધાચરણ રત) લોકોનો ભાવ દુષ્ટ હોવાથી તેમના દ્વારા ગવાયેલા ગુણો પણ સમીચીન ફળ આપનારા હોતા નથી તેથી તે પ્રકારના ગાનારા અને તેમને સાંભળનારાઓનો સંગ કરવો નહીં એમ ભાવ છે'**

શ્રીવલ્લભજીના જણાવ્યા અનુસાર - **'તેમ આ લોકો (વેશ્યાદિ સહિતના-ચારિત્ર્યહીન અને મદિરા પાન વગેરે વિધર્મ પરાયણ) પણ પોતે તો અધોગતિને પામેલા હોય જ છે, તેમ તેઓ બીજાઓના (એમનો શ્રવણાદિ વડે સંગ કરનારાઓના) પણ પતનના કારણ હોય છે એમ**

ભાવ છે'

શ્રીબાલકૃષ્ણજીના જણાવ્યા અનુસાર - **'વેશ્યા વગેરે સહિતના મત્ત થયેલા ગાયકો ... મદમાં ઉન્મત્ત થયેલા હોવાને કારણે વિષયોમાં અભિનિવેશ પામેલા હોય છે, તેથી જેમ ઘરના મધ્યમાં ઘરની અંદર કરવામાં આવેલો ખાડો એમાં ભેગું થયેલું જળ તે માત્ર તે ઘરના વ્યવહાર પૂરતું જ ઉપયોગી હોય છે, કૂવા વગેરેની માફક સર્વને માટે ઉપયોગી નથી હોતું, અથવા ન તો તેનાથી શુદ્ધિ વગેરે પણ કરી શકાય છે, તેમ આ લોકોનો ભાવ પણ ગાવાની મધુરતા વડે તેમના-ગાનારના હૃદયને જ આનન્દ કરનાર હોય છે, તેથી કોઈ પુરુષાર્થની સિદ્ધિ થતી નથી'**

આ ચારે મહાનુભાવોના મન્તવ્યમાં પ્રથમમાં **પ્રકૃષ્ટ મોહ વધારનારા -અસમીચીન'** હોય છે, બીજામાં **'દુષ્ટ ભાવવાળા, અનિષ્ટ ફળ કરનારા, અને આમને સાંભળનારાઓનો પણ સંગ અસમીચીન છે પછી તેમના માટે તો કહેવું જ શું'**. ત્રીજામાં **'પોતે અધોગતિને પામેલા અને તેમનો સંગ કરનારની પણ અધોગતિ કરનારા'** ચોથામાં **'આ લોકો વિષયોમાં અભિનિવિષ્ટ હોય છે તથા તેમને સાંભળવાથી કોઈ પુરુષાર્થની સિદ્ધિ થતી નથી'** આમ ચારેના મન્તવ્યોને સાથે રાખી વિચારતાં જ્યારે એમ મનમાં આવે અથવા તો જે લોકોના મનમાં આમ હોય કે **'ભલે વૈષ્ણવો મહામોહના ગર્તમાં ચાલ્યા જાય' 'ભલે એમનું જે અનિષ્ટ થવું હોય તે થાય' 'ભલે વૈષ્ણવો ઉત્તમગતિથી વંચિત રહી અધોગતિને પામે' 'ભલે કોઈ પુરુષાર્થ સિદ્ધ ન થાય'** ત્યારે જ અને તે લોકોએ જ આવા લોકોનો ઉપયોગ સમ્પ્રદાયમાં વૈષ્ણવજનોના મધ્યે કરવો જોઈએ, જો એમ મનમાં ન હોય તો કદાચિત્ દુઃસંગવશ યા અજ્ઞાનવશ કોઈક સાધક વૈષ્ણવ આવાઓના રવાડે શોખ વગેરેથી ચડી ગયેલો હોય તો તેને એમના સંગથી દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

* * * * *

શ્લોક – ૫ (પૂર્વાર્દ્ધ)

जलार्थमेव गर्तास्तु नीचा गानोपजीविनः ॥ ४ $^{१}/_{२}$ ॥

અન્યવ :- **तु** (કિન્તુ-પરંતુ), **जलार्थमेव** (જલને માટે જ), (અને વળી પાછા), **नीचाः** (નીચ - નીચી જાતિના), **गानोपजीविनः** (ગાન વડે આજીવિકા ચલાવનારા), **गर्ताः** (ખાડાના જળ જેવા જાણવા).

આ સ્થળે સર્વ ટીકાકારોનો અભિપ્રાય આ મુજબ છે :-

(૧) શ્રીકલ્યાણરાયજી - पञ्चमं भावमाहुः जलार्थमेवेति । प्रक्षालनोच्छिष्टजलप्रक्षेपार्थमेव ये गर्तास्तत्तुल्या नीचा गानोपजीविन इत्यर्थः । नीचत्वेन बाह्योत्कर्षाभावाद्गानोपजीवनेनान्तरोत्कर्षाभावादुच्छिष्टजलगर्ततुल्यत्वमेवैषां, तेनोच्छिष्टगर्तजलवत्तेषां भावो न सद्भिर्ग्राह्य इत्यर्थः यद्वा । जलनिःसरणार्थं गर्ता इत्यर्थः । पौराणिकनिरूपणानन्तरं पुनर्यद्गायकनिरूपणं तदेतादृशानां पौराणिकानामेतद्गायकतुल्यत्वज्ञापनार्थम् ।

અર્થાત્ - પાંચમાં ભાવને **'जलार्थमेव'** વગેરે અડધા શ્લોકના વાક્યોથી કહે છે. પ્રક્ષાલન કરેલું કે એઠું જલ તેને નાંખવા માટે જે ખાડાઓ કર્યા હોય તેના સદશ આ ગાઈને આજીવિકા ચલાવનારા નીચ (નીચી જાતિ)ના હોય છે એમ અર્થ છે. નીચપણું હોવાથી તેમનો બાહ્ય રીતે ઉત્કર્ષનો અભાવ હોય છે (અને) ગાઈને આજીવિકા ચલાવતા હોવાથી આન્તર ઉત્કર્ષનો પણ અભાવ હોય છે, તેથી એંઠા જલ માટેના ખાડા સમાન જ આમનો ભાવ હોય છે, અતઃ એંઠા જળને નાંખવા બનાવેલા ખાડામાં ભરાયેલા જળ સમાન હોવાથી સત્પુરુષો વડે આ લોકોનો ભાવ ગ્રહણ કરવા યોગ્ય હોતો નથી. અથવા, જલના નિઃસરણ અર્થે બનાવેલા

ખાડા (જેવા) એમ અર્થ છે. પુરાણ વાંચનારા પૌરાણિકોનું નિરૂપણ કર્યા પછીથી પુનઃ જે ગાયકોનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે (તેથી) આ પ્રકારના (વેશ્યાદિસહિત - મત્ત - કથા કરીને આજીવિકા ચલાવનારા-નીચ જાતિના) જે પૌરાણિકો છે તેઓ પણ આ ગાયકો સમાન ગર્ત-ખાડાના જળ સમાન જ છે એમ જણાવવા માટે છે.

(૨) શ્રીપુરુષોત્તમજી - આભાસ - ‘अतः परं ‘खन्याभ्यः स्वाहे’ति श्रुतिमनुसृत्य पञ्चमं भावं वक्तुमन्यानपि ततो हीनानाहुः जलार्थमित्यादि ।’

(વિવૃતિ)- ‘हस्तपादप्रक्षालनगण्डूषादिदुष्टजलस्य सर्वत्र प्रसाराभावार्थं ये गर्ताः कृतास्तादृशाः । तथा च तज्जलं न समीचां योग्यम् । जात्या नीचाः गानोपजीवनेनैव ये उदरंभरयस्ते यथा तथा तेषां भावोपीति तद्गता गुणा अपि तादृशा इति तत्सङ्गो न कार्य इति भावः । श्रुतौ ‘अवद्याभ्यः स्वाहे’त्यनन्तरं ‘खन्याभ्यः स्वाहे’त्युक्तम् । अत्र खननेन निष्पन्ना आपः खन्या इति व्याख्यानम् । तथा सति तत्सङ्ग्रहार्थमत्रापि प्रकारान्तरेण पुनर्व्याख्येयम् । तुशब्देन तथा सूचनात् । तथा च नीचा गानोपजीविनः जलार्थमेव गर्ताः । तु पुनः नीचा गानोपजीविनः जलार्थमेव गर्ता इति । एतस्मिन् पक्षे चायमर्थः । जलार्थं जलनिष्पादनार्थं खननेन निष्पादिता ये गर्तास्ते जलार्थमेव गर्ताश्चोद्राणीति यावत् । नीचा गानोपजीविनस्तादृशाः तेषु नीचत्वं जातिदोषः, गानोपजीवित्वं च कर्मदोष इति । चोद्रजलं पुनः खननात्कलुषं निर्मलमपि संस्कारं विना नानाजातीयजनोच्छिष्टसंसर्गदोषाच्च यथा शिष्टायोग्यं, तथा तद्भावनिविष्टा गुणा अपि स्वरूपतः फलतश्च दुष्यन्तीति तादृशामपि सङ्गो न कार्य इति बोधितम् । एवं पञ्चविधा भावा उक्ताः । एवमत्र गातृविषयकाः सन्देहा निवारिताः ॥ ४१/२ ॥’ અર્થાત્ - હાથ-પગ ધોયેલું કે કોગળા કરેલું દુષ્ટ જલ સર્વત્ર ન ફેલાય તે માટે બનાવેલા ખાડા સમાન ભાવવાળા. તે જળ જેમ સારા લોકોએ ઉપયોગ કરવા યોગ્ય નથી હોતું. જાતિથી નીચ (અને વળી) ગાવાનો ધંધો કરીને જ પેટ ભરનારા લોકો જેવા હોય છે, તેવો જ તેમનો ભાવ પણ હોય છે અને તેમનામાં રહેલા ગુણો (ભગવાનનું નામ લેવા રૂપ ગુણો) પણ તેમના જેવા જ હોય છે, અતઃ તેમનો સંગ ન કરવો એમ ભાવ છે. શ્રુતિમાં **‘अवद्याभ्यः स्वाहा’** એમ કહ્યા પછી **‘खन्याभ्यः स्वाहा’** એમ કહ્યું છે. અહીં ખોદવાથી નીકળેલું જળ એ **‘खन्याः’** છે એમ વ્યાખ્યાન સમજવું. શ્રુતિમાં તે પ્રમાણે હોતાં તેનો પણ અહીં બીજા પ્રકારે અર્થનો સંગ્રહ કરવા એનું ફરીથી વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. **‘तु’** શબ્દ પ્રયોગથી તેમ સૂચન થાય છે. અતઃ નીચ ગાયનથી જ આજીવિકા ચલાવનારા લોકો જલને અર્થે જ કરેલા ખાડા સમાન છે. એટલે કે જલ પેદા કરવા માટે જ જમીન ખોદીને ખાડા કરેલા હોય છે જેને લોકભાષામાં વીરડા કહેવાય છે, તેવી રીતના નીચ પુરુષો ગાયનથી (ગાઈને) આજીવિકા ચલાવનારા હોય છે. તેમાં તેમનામાં નીચપણું એ જાતિદોષ છે અને ગાઈને આજીવિકા ચલાવવું એ એમનો કર્મ દોષ છે. વીરડાનું જલ ખોદવાથી કલુષિત - ડોળાયેલું હોય છે, કદાચિત્ તે ડોળાયેલું ન પણ હોય ત્યારે પણ શુદ્ધતાના સંસ્કાર કર્યા વિનાનું હોય છે અને જુદી-જુદી જાતિના લોકો અને તેને પીને ઉચ્છિષ્ટ કરેલું હોવાથી સંસર્ગ દોષવાળું પણ હોય છે કે જેથી શિષ્ટ સારા લોકોના ઉપયોગ માટે એ જળ અયોગ્ય હોય છે, તેમ આવા ભાવવાળા લોકોમાં (ભગવન્નામ ગાવાના) ગુણો ગયા હોવા છતાં સ્વરૂપથી અને ફળથી તે ગુણ પણ દોષયુક્ત થાયછે, તેથી કરીને તેવા લોકોનો સંગ ન કરવો એમ બોધિત કર્યું છે. આ પ્રમાણે (અહીં સુધીમાં) પાંચ પ્રકારના ભાવો જણાવ્યા છે. આ પાંચના નિરૂપણ વડે ગાનારાઓ વિષયમાં જે સંદેહો હતા તેનું નિવારણ કર્યું છે. ॥ ૪ ૧/૨ ॥

(૩) શ્રીવલ્લભજી - આભાસ - 'एवं चतुर्थं भावमुक्त्वा पञ्चमं भावमाहुः ।' વિવૃતિ - **'गर्ता अपि बहुविधा' इति ये जलार्थं जलसङ्ग्रहार्थमेव क्रियन्ते, गानोपजीविनो भृतकाध्यापनवत् गन्धर्वास्तत्तुल्याः । यथा तज्जलस्य प्रयोजनमुपजीवनमेव, नान्यत्, कर्माद्युपयोगित्वाभावात्तीर्थरूपत्वाभावाच्च । तथा तेषामपि तेन गानोनोपजीवनमेव भवति, न तु कश्चन विशिष्टो धर्मो भवति, प्रत्युत पापमपि भवेन्निषिद्धत्वात्तस्येति भावः । एवं गन्धर्वाणां त्रयो भेदा उक्ताः'** આ પ્રમાણે ચોથા ભાવને કહીને (હવે આગળ) પાંચમા ભાવને કહે છે. **(વિવરણ)** ગર્ત એટલે કે ખાડાઓ પણ ઘણા પ્રકારના હોય છે, તેમાં જે ખાડાઓ જલ માટે- જલના સંગ્રહ માટે જ કરવામાં આવે છે, ગાનોપજીવી એટલે પૈસા લઈને બદલો મેળવીને ભણાવનારાઓની માફક પૈસા લઈને ગાનારાઓ-ગંધર્વો પણ તેમના જેવા જ છે. જેમ ખાડા ખોદીને મેળવેલું જળ એમાં જળનું પ્રયોજન આજીવિકા-જીવનયાત્રા ચલાવવાનું સાધન જ છે, એનું બીજું (તીર્થ-ધર્મ વગેરે બીજું) પ્રયોજન નથી હોતું, આવું જળ કર્મ વગેરેમાં ઉપયોગી નથી બની શકતું અને એવું જળ તીર્થરૂપ (પવિત્ર કરનાર) પણ નથી હોતું. તેમ આવા લોકો વડે ગવાતા ગાનનું પણ પ્રયોજન માત્ર આજીવિકા જ હોય છે, તેથી કરીને આવા લોકો વડે (ભગવન્નામાદિનું) ગાન થઈને એમને પણ આજીવિકા ચાલવાનું જ ફળ થાય છે, તેનાથી કોઈ પણ પ્રકારનો વિશિષ્ટ ધર્મ સિદ્ધ થતો નથી, બલ્કે તેમને પાપરૂપ ફળ થાય છે કારણ કે એનું (ભગવન્નામ વિક્રય કરવો એ) નિષેધ પણ શાસ્ત્રો વડે કરાયો છે, એમ ભાવ છે. આ પ્રમાણે ગન્ધર્વોના ત્રણ ભેદો જણાવ્યા છે. ॥ ૪ ૧/૨ ॥

(૪) શ્રીબાલકૃષ્ણજી - (આભાસ-) 'पञ्चमं भावमाहुः जलार्थमेव गर्तास्त्विति ।' વિવૃતિ- **'तुशब्दः पूर्वगतसाम्यत्वं निराकरोति । प्रक्षालनोच्छिष्टजलनिःसरणार्थं ये गर्ताः तत्तुल्या गानोपजीविन इत्यर्थः । यथा गर्तजलं नीचादिस्पर्शयोग्यमेव, न तु शुद्ध्यादिकरं, तथैतेषां भावोपीत्यर्थः । नीचत्वादेतेषां गानश्रवणमपि भगवद्भक्तैर्न कार्यमिति भावः, तद्गानस्यानन्दराहित्यादित्यर्थः।'** તુ શબ્દ પૂર્વમાં (ચોથા શ્લોકના ઉત્તરાર્ધમાં) કહેવાયેલ ગર્ત-ખાડાથી જુદા પ્રકારનું આ ગર્ત છે એમ જણાવે છે. પ્રક્ષાલન કરેલું કે એઠું જળ એના નિકાલ માટે બનાવેલ જે ખાડાઓ તેના સમાન આ ગાન વડે આજીવિકા ચલાવનારા છે એમ અર્થ છે. જેમ ખાડાનું જળ નીચ લોકોના સ્પર્શ યોગ્ય હોય છે, નહીં કે તેથી કોઈ શુદ્ધિ થઈ શકે છે, તેમ આ લોકોનો ભાવ પણ તેવો જ છે એમ અર્થ છે. આ લોકોમાં નીચપણું હોવાથી ભગવદ્‌ભક્તોએ આવા લોકો વડે ગવાયેલ સાંભળવું પણ ન જોઈએ તેમ ભાવછે, કારણ કે આવા લોકો વડે ગવાયેલામાં (વાસ્તવિક-ભગવત્સ્વરૂપાત્મક) આનન્દ હોતો નથી એમ અર્થ છે.

વિવરણ - શ્રીઆચાર્યચરણ ચતુર્થ તથા પંચમ એમ બંને ભાવોમાં ગર્ત તુલ્યતા બતાવે છે તેથી એક વખત એમ ભ્રમ થઈ શકે છે કે **'वेश्यादिसहिता'** થી **'गानोपजीविनः'** પર્યન્તમાં એક જ ભાવ કહ્યો છે. પરન્તુ તૈત્તિરીય શ્રુતિમાં **'अवद्य'** અને **'खन्य'** નામથી બે જુદા ભાવો કહ્યા હોવાથી ચારે ટીકાકારો આને ચોથા તથા પાંચમા ભાવે સ્વીકારે છે. તેમજ બન્ને સ્થળે ગર્ત શબ્દનો અર્થ પણ પોત પોતાની વિશિષ્ટ શૈલીમાં અલગ-અલગ અર્થે બતાવે છે. શ્રીપુરુષોત્તમજી પ્રથમ ગર્તનો અર્થ 'પ્રદર' લે છે, જ્યારે શ્રીવલ્લભજી 'આંધળો-જળરહિત કૂવો' લે છે, શ્રીબાલકૃષ્ણજી ઘરમાં ઉપયોગ અર્થે ઘરના મધ્યમાં (ઘરમાં) જલસંચયાર્થ કરેલો ખાડો લે છે, શ્રીકલ્યાણરાયજી સ્પષ્ટ અર્થ જણાવતા નથી. પાંચમા ભાવમાં ગર્ત શબ્દના અર્થમાં શ્રીકલ્યાણરાયજી પ્રક્ષાલન કરેલા કે ઉચ્છિષ્ટ જલના નિકાલ માટેના ખાડા એમ અર્થ લે છે, શ્રીપુરુષોત્તમજી તથા શ્રીબાલકૃષ્ણજી પ્રાયઃ કરીને આ સ્થળે શ્રીકલ્યાણરાયજીનું જ અનુસરણ કરે છે, જ્યારે શ્રીવલ્લભજી ગૃહોપયોગ માટે જલસંગ્રહને અર્થે કરવામાં આવતા ખાડા એમ અર્થ લે છે. શ્રીવલ્લભજી તથા શ્રીબાલકૃષ્ણજી ગર્ત શબ્દના અનેક અર્થો પૈકી શ્લોકમાં જણાવાયેલ ગાયકોના પ્રકાર સાથે બંધબેસતા બે અલગ અર્થો

ગ્રહણ કરે છે. જ્યારે શ્રીપુરુષોત્તમજી તથા શ્રીકલ્યાણરાયજી શ્રુતિમાં કહેવાયેલ જલના નામો સાથે સંગત રહીને શ્લોકોક્ત ગાયકોના ભાવ સાથે સરખાવતાં ગર્ત શબ્દના બે અલગ અર્થો ગ્રહણ કરે છે. અવદ્ય એટલે નિંદ્ય, જેની નિંદા કરવામાં આવી છે તે અને ખન્ય ખોદેલા - ખોદીને બનાવેલા. અવદ્ય એટલે નદીના સંબન્ધવાળા હોઈને પણ નદીના મુખ્યપ્રવાહથી અલગ થયેલા જલાશયો કે જેનું જળ સ્નાનાચમનાદિ શુભ કાર્ય માટે શાસ્ત્રોમાં નિષિદ્ધ કરાયું છે તેવા નિષિદ્ધ જલવાળા, તેમ સૂરદાસ-મીરા-નરસિંહ વગેરે ભક્તો દ્વારા રચિત ભગવલ્લીલાદિ નિરૂપક પદોને ગાઈને પણ ગાનાર પોતે ચરિત્રહીન હોય અને નિષિદ્ધ આચરણમાં રત હોય આવા લોકો પૈસા લીધા વિના - ગાવાનો બદલો લીધા વિના જ ગાતા હોય તો પણ આધારની દુષ્ટતાને કારણે ગુણો પણ દોષયુક્ત થતા હોઈ તેમનો ગાનાદિ શ્રવણરૂપ સંગ કરવો નહીં એમ જણાવ્યું છે. જ્યારે પાંચમો ભાવ તો તેનાથી પણ વધુ હીન છે કારણ કે ચોથા ભાવમાં તો મુખ્ય પ્રવાહથી અલગ થવારૂપ જ દોષ છે તેથી વેશ્યાદિ સહિતપણું અને મત્તપણું એમ સાહિત્યથી દોષ છે, જ્યારે પાંચમા ભાવમાં તો દુષ્ટ જળના નિઃસારણ અર્થે જ ખાડા કરવામાં આવ્યા છે અને તેમાં તેવું જ દુષ્ટજળ ભરેલું હોય છે, તેમ આ પાંચમા ભાવવાળા તો માત્ર આજીવિકા અર્થેજ ગાતા હોય છે અને વળી પાછા તે નીચ હોય છે.

શ્રીકલ્યાણરાયજી આ સ્થળે એક વિશેષ ધ્યાન ખેંચે છે કે પૌરાણિકોના નિરૂપણ પછીથી તરત જ જે ગાયકોનું નિરૂપણ છે તેથી જે પુરાણાદિની કથા વાંચનારા અથવા તો ભાગવત વાંચનારા કથા કહેનારા લોકો છે તેઓ જો આજીવિકાર્થ પૈસા લઈને જો કથા કરતા હોય ત્યારે તે પૌરાણિકો પણ કૂપ કે કૂલ્ય ભાવ સમાન ન હોઈ તેમને પણ આ ખન્યના ભાવ સમાનજ દુષ્ટ જલના ખાડા સમાન જ ગણવા જોઈએ એમ શ્રીઆચાર્યનો આશય તેઓ જણાવે છે. તેમજ આવા ગાયકો કે પછી પૌરાણિકો હોય તેમનો સત્પુરુષોએ - વૈષ્ણવોએ - સાધકોએ સંગ ન કરવો. મને તો એમ લાગે છે કે અહીં ચારે વાતોનો સંગ્રહ કરવો જોઈએ કે - ચરિત્રહીન હોય, નિષિદ્ધાચરણરત હોય, નીચ હોય યા ભગવન્નામોપજીવી હોય આ ચારેમાં એક-બે યા ચારે હોય ત્યારે પણ તેવા પૌરાણિકોનો વૈષ્ણવોએ સંગ ન કરવો એમ જણાવવાનો આપશ્રીનો આશય છે.

શ્રીપુરુષોત્તમજીના જણાવ્યા મુજબ તો જે લોકો અન્ય કંઈ આજીવિકાનું સાધન ન રાખી માત્ર ભગવન્નામ -રૂપ વિક્રયથી જ આજીવિકા ચલાવનારા ભગવન્નામ વિક્રયથી જ પેટ ભરનારાઓ સર્વથા અસમીચીન છે તેથી તેઓ સ્વરૂપ અને ફલ બંનેથી દુષ્ટ હોવાથી તેમનો સંગ સર્વથા ન કરવો. ભગવન્નામાદિ વિક્રયથી આજીવિકા ચલાવનાર માટે તેઓ અંતઃ ઉત્કર્ષ વિનાના ખોખલા એમ શ્રીકલ્યાણરાયજી જણાવે છે અને શ્રીપુરુષોત્તમજી ભગવન્નામાદિ વિક્રયથી આજીવિકા ચલાવનાર માટે તેઓ કર્મથી દુષ્ટ છે એમ જણાવે છે. સેવા-કથા વગેરે ઉત્તમ કર્મરૂપ દેખાવા છતાં પણ જો તેઓ ભગવદ્રૂપ-નામ-ગુણ વિક્રય કરનારા છે તો તેવું તેમનું સેવારૂપ કે કથારૂપ કર્મ પણ દુષ્ટ જ છે એમ **‘गानोपजीवित्वं च कर्मदोष इति’** વાક્યથી જણાવે છે. સમાન દેખાતા બે કર્મો પણ તેમાં રહેલા હેતુઓના ભેદથી તેનાં સ્વરૂપ અને ફલનો ભેદ થઈ જાય છે. જેમ એક ડોક્ટર હૃદયરોગીની છાતી પર ધારદાર ચપ્પૂ ચલાવે અને એક ગુંડો - બદમાશ કોઈની છાતી ચીરે તેમાં એકમાં સારવારનો હેતુ હોવાથી તે ચપ્પૂ ચલાવવાનું કર્મ ઉત્તમ છે અને મારી નાખવા-લૂંટી લેવાના હેતુથી ગુંડો છાતી ચીરે તે કર્મ સર્વથા હીન-નિંદ્ય-દુષ્ટ છે. આ જ વાત જુદી રીતે શ્રીભાગવત તૃતીય સ્કન્ધના કપિલાખ્યાનમાં કહેવાઈ છે કે જુદા-જુદા પ્રકારના લોકો વડે થનારી ભક્તિસદશ ક્રિયામાં હિંસા-દંભ-માત્સર્ય વગેરેનું અભિસંધાન કરી કરવામાં આવતી ભક્તિ સદશ ક્રિયા તામસી ભક્તિ નામે આલેખાય છે, વિષયોનું અભિસંધાન કરી કરવામાં આવતી ભક્તિસદશ ક્રિયા રાજસી ભક્તિ નામે આલેખાય છે, ફલાકાંક્ષારહિત કર્તવ્યભાવે કરવામાં આવતી ભક્તિ સદશ ક્રિયા સાત્ત્વિકી ભક્તિ નામે આલેખાય છે અને ફલનું અનુસંધાન કર્યા વિનાની , દેશ-કાલના વ્યવધાન રહિતા-લોક-વેદમાં નિંદ્ય ન હોય અને સ્તુત્ય હોય તેવા દ્રવ્યથી કરાતી અને તે પણ

પુરુષોત્તમ પરબ્રહ્મમાં મનની અવિચ્છિન્ન ગતિ સ્વરૂપની સાહજિકી ભક્તિ સદશ ક્રિયાને નિર્ગુણાભક્તિ કહેવામાં આવે છે. આ ચાર પૈકી પહેલાંની ત્રણ ક્રિયાને ભક્તિ સદશ હોવાથી ઉપચાર માત્રથી ભક્તિ કહેવામાં આવે છે, વર્ના તો ભક્તિ નથી જ, નિગુર્ણલક્ષણવાળી ભક્તિને જ ભક્તિ કહી શકાય છે એમ શ્રીભાગવત અને શ્રીમહાપ્રભુ બંને જણાવે છે. તેવી જ રીતે સેવા-કથા-સ્મરણ-કીર્તન- વંદન વગેરેમાં ભક્તિસદશતા દેખાવા છતાં પણ યદિ દ્રવ્યપ્રાપ્તિ -પ્રતિષ્ઠા-સાંસારિક ફલાર્થિતા વગેરે હેતુઓથી જો કરવામાં આવતું હોય ત્યાં ભક્તિનો છાંટોયે નથી તેમ જાણવું જોઈએ અને તેવા લોકોનો સંગ એ સત્સંગ નહીં પણ દુઃસંગ જ કહેવાશે. આ વાતને સ્પષ્ટ કરવા અને આવા લોકોના દંભમાં ભક્તિના નામે વૈષ્ણવો ભોળવાઈ દુઃસંગના ગર્તમાં ઢકેલાઈ ન જાય તે માટે તેવા લોકોથી સાધક વૈષ્ણવને સતર્ક કરવા ત્રીજો - ચોથો - પાંચમો ભાવ શ્રીમહાપ્રભુ આ ગ્રન્થમાં જણાવે છે.

શ્રીપુરુષોત્તમજીની આ સ્થળની ટીકાના અન્તમાં તેઓ લખે છે કે **‘एवमत्र गातृविषयकाः सन्देहा निवारिताः’ ‘આ મુજબ ગાનારાઓના વિષયમાં થનારા સંદેહોનું નિવારણ કરવામાં આવ્યું’** એટલે કે એક જ ભગવલ્લીલાનું ગાન ભક્તમુખે, પેટભરુના મુખે અને નટ-નટીઓના મુખે સાંભળવા છતાં પણ - દરેકમાં એક જ ભગવાનના ગુણો ગવાયા છતાં પણ એકનું ફળ ભક્તિ ઉત્પત્તિ, એકનું ફળ અહંકાર વગેરેની ઉત્પત્તિ અને એકનું ફળ સાંસારિક વાસનાઓની ઉત્પત્તિરૂપ અલગ-અલગ કેમ થયું ? એમ સંદેહનું નિવારણ આ ભાવોને જાણવાથી થાય છે.

શ્રીપુરુષોત્તમજીના આ વાકયનો જે ઉપર મુજબ ધ્વનિ છે, તેના પ્રતિધ્વનિને સાંભળીએ તો ગાનાર ગાયક વિષયના સંદેહના નિવારણની સાથે ગાન વિષયના સંદેહોનું પણ નિવારણ થઈ જાય છે, એમ છે. ભક્ત-વૈષ્ણવના મુખે પણ જો લૌકિકી રચનાઓ ભલે પછી તે ભક્તિ દર્શાવતા શબ્દોથી ગુંથાયેલી હોય છતાં પણ જો તેવું ગાન થતું હોય તો તે ગાનાર-સાંભળનાર બંનેમાં ભક્તિ નહીં પ્રગટાવશે પણ લૌકિક ભાવોને જ ઉત્પન્ન

કરશે. તેથી પોતે કંઇ ગાવાની ઈચ્છા રાખે યા કોઈથી ગાન સાંભળવાનો પ્રસંગ આવે યા કોઇને ગાન સંભળાવવાનો પ્રસંગ આવે ત્યારે જેમને ભક્તિ સિદ્ધ થઈ છે તેવા ભક્તોની જ ભાવપૂર્ણ રચનાના ઉપયોગનો આગ્રહ રાખવો તેમ પણ આથી પ્રતિધ્વનિત થાય છે.

* * * * *

શ્લોક -૫ (ઉત્તરાર્દ્ધ)

ह्रदास्तु पण्डिताः प्रोक्ता भगवच्छास्त्रतत्पराः ॥ ५ ॥

અન્વય : **‘तु’** (કિન્તુ-પરંતુ), **‘भगवच्छास्त्रतत्पराः’** (ભગવત્ શાસ્ત્રમાં પરાયણ થયેલા), **‘पण्डिताः’** (પંડિતો), **‘ह्रदाः’** (નદીના એકદેશમાં બનેલ અગાધ જલાશય સમાન), **‘प्रोक्ताः’** (કહ્યા છે).

શબ્દાર્થ : પરંતુ ભગવત્ શાસ્ત્રમાં પરાયણ થયેલા એવા પંડિતો નદીના એકદેશમાં બનેલ અગાધ જલાશય સમાન કહ્યા છે.

આ સ્થળે સર્વ ટીકાકારોનો અભિપ્રાય આ મુજબ છે -

(૧) શ્રીકલ્યાણરાયજી :- **‘षष्ठं भावमाहुः ह्रदास्त्विति । तुशब्दः पण्डितप्रकरणबोधनार्थः । भगवच्छास्त्रं गीताभागवतादिकं तत्र तत्पराः । न तु मायावादादिमते । एतादृशाः पण्डिता ह्रदतुल्यास्तेषां भावो ह्रदजलतुल्य इत्यर्थः । यथा ह्रदजलमन्तःशीतलत्वादगाधत्वाच्च नातपेन पश्वादिभिश्च तापयितुं कलुषयितुं वा शक्यमेवमेषां भावोपि सांसारिकतापेन कुतर्कादिभिश्च न तापयितुं कलुषयितुं वा शक्य इति भावः ।’**

અર્થાત્ - છઠ્ઠા ભાવને કહે છે **હ્રદો તો** વગેરેથી. અહીં જે **‘तु’** શબ્દપ્રયોગ છે તે પંડિત પ્રકરણનો બોધ કરાવવા અર્થે છે. ભગવત્ શાસ્ત્ર એટલે ગીતા-ભાગવત વગેરે શાસ્ત્રો તેમાં પરાયણ થયેલા, નહીં કે માયાવાદ વગેરે મતોમાં પરાયણ થયેલા. આવા પંડિતો હ્રદ તુલ્ય છે તેમનો ભાવ હ્રદજલ સમાન છે એમ અર્થ છે. જેમ હ્રદનું જલ અન્તઃ શીતલ હોવાથી અને અગાધ હોવાથી સૂર્યના તાપથી તપવું અથવા પશુઓ વગેરે વડે

ડહોળાવું શક્ય નથી, એમ આ લોકોનો ભાવ પણ સંસારના તાપથી તપવો કે કુતર્ક વગેરે વડે ડહોળાવો શક્ય નથી એમ ભાવ છે.

(૨) શ્રીપુરુષોત્તમજી - (આભાસ -) ‘अतः परं कीर्तयितृविषयकांस्तान् निवारयितुं ‘ह्यद्याभ्य स्वाहे’ति श्रुतिमनसृत्योत्तमं षष्ठं भावमाहुः ह्रदास्त्वित्यादि ।’

(વિવૃતિ-) **‘अत्र तु शब्दः प्रकरणं भिनत्ति । पण्डा शास्त्रजन्या बुद्धिः स्वाभीष्टार्थग्राहिका च तद्धन्तः पण्डिताः प्रकर्षेण पुराणादिषूक्ताः । शास्त्रदर्शित्वेपि विशेषमाहुः भगवच्छास्त्रतत्परा इति । भगवता प्रोक्तं शास्त्रं गीताश्रीभागवतपञ्चरात्रवाराहपुराणादि तन्निष्ठाः ये ते ह्रदाः । ‘जलाशयो जलाधारस्तत्रागाधजलो ह्रद’ इति कोशात् महान् जलाशयो ह्रदः, परं नद्येकदेशभूतो नदीसंलग्नः । कालिन्द्यां कालीयस्यासीत् ह्रद’ इति शुष्यद्ध्रदाः कृशतटा बत सिन्धुपत्न्य’ इत्यादौ तादृशेष्वेव ह्रदपदप्रयोगात् । तथा च तेषां भावे निविष्टा भगवद्गुणा अपि ह्रद्यजलतुल्याः । तद्यथा सर्वकार्येषु स्वरूपतः प्रशस्तं फलतश्चोत्तमं, तथा तैर्विचार्यमाणास्तेभ्यः श्रूयमाणाश्च गुणाः स्वरूपतः फलतश्चोत्तमा इत्यर्थः अत्रापि ‘विचारयन्ति ये शास्त्रं वेदाभ्यासरताश्च ये’ इति पूर्वोपन्यस्तमाघमाहात्म्योक्तं स्वरूपवाक्यं फलवाक्यं चानुसन्धेयम् ।’**

અર્થાત્ - (આભાસ-) હવે પછી આગળ કીર્તન કરનારાઓના વિષયના (જે સંદેહો) તેનું નિવારણ કરવા **‘ह्यद्याभ्यः स्वाहा’** એ શ્રુતિના અનુસાર ઉત્તમ એવો છઠ્ઠો ભાવ છે તેને **‘ह्रदास्तु’** વગેરે વાક્યોથી કહે છે.

(વિવૃતિ) અહીં જે **‘तु’** શબ્દ છે તે પ્રકરણનો ભેદ કરે છે.

‘पण्डा’ એટલે શાસ્ત્ર વડે થયેલી બુદ્ધિ અને તે પણ પાછી વળી પોતાના અભીષ્ટ એવા અર્થનું ગ્રહણ કરવાવાળી, એવી બુદ્ધિવાળા પંડિતો, **‘प्र+उक्ताः’** પ્રકર્ષે પુરાણાદિમાં કહ્યા છે. તેમાં પણ તેઓનું માત્ર શાસ્ત્રદર્શી હોવું પર્યાપ્ત નથી, તેથી તેમાં પણ વિશેષ કહે છે **ભગવચ્છાસ્ત્રતત્પરો.** ભગવાન વડે પ્રકર્ષે કહેવાયેલ શાસ્ત્ર ગીતા-શ્રીભાગવત-પંચરાત્ર-વારાહ પુરાણ વગેરે, તેમાં જે નિષ્ઠ થયેલા છે તે હ્રદો છે. **‘જલનો આધાર બનેલી જગ્યાને જલાશય કહેવાય છે તેમાં અગાધ જલવાળું જલાશય તે હ્રદ છે’** એમ શબ્દકોષમાં જણાવ્યા અનુસાર મહાન - ખૂબ જ મોટું જલાશય હ્રદ છે, પરન્તુ જો તે જલાશય નદીના કોઈ એકદેશમાં નદીથી સંલગ્ન રહીને બનેલું હોય તો. **‘कालिन्द्यां कालीयस्यासीत् ह्रदः’** તેમજ **‘शुष्यत् ह्रदाः कृशतटा बत सिन्धुयत्न्यः’** વગેરે સ્થળોએ નદી એકદેશભૂત જે જલાશયો છે તેમના માટે જ હ્રદ પદ પ્રયોગ થયેલો હોવાથી (નદીના કોઈ એકદેશમાં નદીથી સંલગ્ન એવા જલાશયને જ હ્રદ કહેવાય). તેથી કરીને આ પ્રકારના ભાવવાળાઓમાં નિવિષ્ટ થયેલા ભગવદ્ ગુણો પણ હ્રદજલ સમાન છે. તે હ્રદજલ જેમ સર્વકાર્યો અર્થે સ્વરૂપથી પ્રશસ્ત છે અને ફલથી ઉત્તમ છે, તેમ આ ભાવવાળાઓ વડે વિચારાતા અને તેવાઓ વડે સાંભળવામાં આવતા ભગવદ્‌ગુણો પણ સ્વરૂપથી અને ફલથી (બંને રીતે) ઉત્તમ છે, અહીં પણ **‘જે લોકો શાસ્ત્રને વિચારતા રહે છે તથા જે લોકો વેદના અભ્યાસમાં રત થયેલા છે’** એમ જ પહેલાં (શ્લોક-૩ ના વ્યાખ્યાનમાં) ઉપન્યાસ કરવામાં આવ્યો છે એ પદ્મપુરાણના માહાત્મ્યમાં કહેલ (પૌરાણિકોના) સ્વરૂપ સંબંધી વાક્ય તથા તેમના ફલસંબંધી વાક્ય તેનું અહીં (પણ) અનુસંધાન કરવું.

(૩) શ્રીવલ્લભજી - (આભાસ-) ‘एवं विषयिणां भावानुक्त्वा मुमुक्षूणां भावान्निरूपयन्तः षष्ठं भावमाहुः’ અર્થાત્ (આભાસ-) આ પ્રમાણે વિષયવાળાના ભાવોને જણાવીને મોક્ષ પ્રાપ્તિની ઈચ્છાવાળાઓના ભાવોનું નિરૂપણ કરતાં હવે છઠ્ઠા ભાવને કહે છે.

(વિવૃતિ) ‘ह्रदास्त्विति । पूर्वे तु सन्मतित्वाभावादपण्डिताः, एते तु पण्डिताः धर्माधर्मविवेकिनः कर्ममार्गीया यद्यपि गृहादिसंसक्तास्तथापि निवृत्तिमुखाः । अत एव मोक्षेच्छया भगवच्छास्त्रे तत्परा जाताः । तादृशास्ते ह्रदा ह्रदतुल्या इत्यर्थः । अत्रापि सामान्यतो ह्रद उक्तो, न तु कश्चन विशेषः । तेन ह्रदो यथा प्रवाहधर्मरहितो निर्मलः, तथा तेपि प्रवाहधर्मान्निवृत्ता निर्मलप्रज्ञा इति सूचितम् । तत्परत्वकथनेन तद्धर्मजिज्ञासैवास्ति, न तु निःसन्दिग्धं धर्मा ज्ञाता इति ज्ञाप्यते। एतेन तेषां प्रथमप्रवृत्तिः सूचिता ।’ પૂર્વમાં જણાવેલાઓમાં સન્મતિનો અભાવ હોવાથી તેઓ પંડિત નહીં- અપંડિત છે, જ્યારે આ (છઠ્ઠાભાવવાળાઓ) તો પંડિત છે, જો કે તેઓ ધર્મ-અધર્મનો વિવેક જાણનારા-જાળવનારા કર્મમાર્ગીયો છે અને તેથી તેઓ ઘર વગેરેમાં સારી રીતે આસક્ત થયેલા છે, તેમ છતાં પણ તેઓ નિવૃત્તિમુખ (એટલે કે જે દિશાએ જવાથી સંસારની નિવૃત્તિ થઈ મોક્ષપ્રાપ્ત થયા તે તરફ અભિમુખ છે). તેથી જ તેઓ મોક્ષની ઈચ્છાને લઈને ભગવત્ શાસ્ત્રમાં તત્પર થયેલા છે. આવા જે લોકો છે તે હ્રદો છે - એટલે કે હ્રદ સમાન છે એમ અર્થ છે. અહીં પણ સામાન્યપણાએ જ હ્રદ કહ્યો છે, તેમાં કંઈ વિશેષ કહ્યું નથી. તેથી કરીને જેમ હ્રદ પ્રવાહ ધર્મરહિત (પ્રવાહ વિનાના) નિર્મલ હોય છે. તેમ આ લોકો પણ પ્રવાહ ધર્મથી નિવૃત્ત થયેલા (સંસારના જન્મ-મરણ રૂપ પ્રવાહ જેથી બને તેવા ધર્મથી નિવૃત્ત થયેલા) નિર્મલ બુદ્ધિવાળા છે એમ સૂચિત કર્યું છે. તે લોકો ભગવત્ શાસ્ત્રમાં પરાયણ થયેલા છે એમ કહ્યું હોવાથી ભગવત્ શાસ્ત્રમાં કહેલા ધર્મને જાણવાની જિજ્ઞાસાવાળા જ છે, નહીં કે તેઓ સંદેહરહિત ધર્મને જાણનારા છે એમ જ્ઞાપન કર્યું છે. આ પ્રમાણે તેમની જે પ્રથમ પ્રવૃત્તિ છે તેનું સૂચન કર્યું છે.

(૪) શ્રીબાલકૃષ્ણજી -‘षष्ठं भावमाहुः ह्रदास्त्विति ।

भगवच्छास्त्रगीतापञ्चरात्रश्रीभागवतादिषु तत्परास्तदेकनिष्ठाः पण्डिताः ह्रदाः प्रोक्तास्तेषां भावो ह्रदजलतुल्य इत्यर्थः । तुशब्देन भगवच्छास्त्राभ्यासरतो न त्वन्य इत्यर्थो ज्ञाप्यते । यथा ह्रदजलं तरङ्गावर्तादिरहितं अन्तःशीतलं जलक्रीडादियोग्यं भवति, तथैतेषां भावोपि पण्डिततत्वात् चाञ्चल्यरहितमनोनिवर्तनाद्यनुपहतो भगवच्छास्त्रतत्परत्वात् अनिरूपितभगवत्क्रीडानिरूपणयोग्य इति भावः ।' અર્થાત્ - છઠ્ઠાભાવને કહે છે **'ह्रदास्तु'** વગેરેથી. ભગવચ્છાસ્ત્ર એટલે કે ગીતા-પંચરાત્ર-શ્રીભાગવત વગેરેમાં તત્પર થયેલા એટલે કે તેમાં જ એક માત્ર નિષ્ઠાવાળા પંડિતો હ્રદ કહેલા છે, તેમનો ભાવ હ્રદ સમાન છે એમ અર્થ છે. **'तु'** શબ્દના પ્રયોગ વડે તેઓ ભગવત્ શાસ્ત્રના અભ્યાસમાં જ રત થયેલા છે, તેથી ઈતર બીજા શાસ્ત્રોમાં નહીં તેમ અર્થ જણાવ્યો છે. જેમ હ્રદજલ તરંગો-ભમરી વગેરે વિનાનું અન્તઃ શીતલ અને જલક્રીડા વગેરે માટે યોગ્ય હોય છે, તેમ આમનો ભાવ પણ તેઓ પંડિત હોવાથી ચંચળતા વગેરે તેમજ વિષયાસક્તિથી ભટકવાથી હણાયેલા મન વિનાના (સ્થિર મનવાળા) હોય છે તેમજ ભગવત્ શાસ્ત્રમાં તેઓ પરાયણ થયેલા હોવાથી નિરૂપણ નહીં થયેલી એવી ભગવાનની ક્રીડાનું નિરૂપણ કરવા યોગ્ય તેઓ હોય છે એમ ભાવ છે.

વિવરણ - શ્લોકમાં પ્રયોજાયેલ **'तु'** શબ્દ પૂર્વમાં ચાલતા પ્રકરણથી હવે જૂદું પ્રકરણ ચાલૂ થાય છે એમ પ્રકરણભેદને સૂચવે છે એમ શ્રીકલ્યાણરાયજી, શ્રીપુરુષોત્તમજી તથા શ્રીવલ્લભજી સ્વીકારે છે જ્યારે શ્રીબાલકૃષ્ણજી તેવો કોઈ ઉલ્લેખ કરતા નથી. તેમ છતાં પણ ચારે ટીકાકારોના મતે પૂર્વમાં કહેવાયેલા ભાવો કરતાં આ ઉત્તમ ભાવ છે એમ એકમતિ છે.

આ છઠ્ઠો ભાવ હ્રદજલ સમાન ભાવવાળાઓનો આ મર્યાદાભાવ છે. પુષ્ટિભાવ આઠમા ભાવમાં કહેવાશે. શ્રીપુરુષોત્તમજીના જણાવ્યા અનુસાર પંડા એટલે શાસ્ત્રથી બનેલી બુદ્ધિ. શબ્દમાં આવેલ પંડ્ ધાતુ સંગ્રહ

કરવાના અર્થને દ્યોતે છે. પંડ્‌ને અચ્‌થી પંડઃ એમ શબ્દ બને છે જેનો અર્થ નપુંસક થાય છે અને પંડને ટાપ્ લાગીને સ્ત્રીલિંગ શબ્દ પંડા થાય છે જેનો અર્થ બુદ્ધિમત્તા-સમજ-જ્ઞાન-વિજ્ઞાન વગેરે થાય છે, પંડાને મતુલ્ લાગીને પંડાવત્ શબ્દ બને છે જેનો અર્થ બુદ્ધિમાન અથવા વિદ્વાન થાય છે અને પંડાને ઈતચ્ લાગીને જે શબ્દ બને છે તે શબ્દ છે પંડિત જેના અર્થો વિદ્વાન, બુદ્ધિમાન, સૂક્ષ્મબુદ્ધિવાળો, ચતુર, દક્ષ, પ્રવીણ, કુશલ વગેરે થાય છે. પંડઃ શબ્દ જે નપુંસકલિંગમાં થાય છે તેનો અર્થ જે જ્ઞાન પુરુષ-સ્ત્રીના ભેદ વિનાનું છે તેનો જ સંગ્રહ જેની બુદ્ધિમાં છે એવા જ્ઞાનવાળાને પંડઃ કહેવાય છે. તેથી જ ભેદદષ્ટિરહિતને ભગવાન ગીતામાં પંડિત શબ્દથી નવાજે છે **'शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः'** (ગીતા.) અતઃ વેદ-ઉપનિષદ્ વગેરેમાં જણાવેલ જ્ઞાનથી જેની બુદ્ધિમાંથી ભેદદર્શન ચાલ્યું ગયું છે તેવા પંડિતો એમ અર્થ છે. તેથી જ શ્રીપુરુષોત્તમજીના વાક્યમાં શાસ્ત્રથી બનેલી બુદ્ધિ અને તેમાં પણ પોતાને જે અભીષ્ટ છે તેવા અર્થને ગ્રહણ કરનારી બુદ્ધિવાળા એમ કહ્યું છે. અહીં જે અભીષ્ટ અર્થ છે તે બુદ્ધિમાંથી ભેદદષ્ટિ મટવું છે. હવે જો વેદાદિ શાસ્ત્રોના પોતાની મનમાની રીતે અભીષ્ટ અર્થ ગ્રહણ કરતાં અર્થમાંથી શાસ્ત્રનું તાત્પર્ય ખોવાઈ જવાની પૂરેપૂરી શક્યતા રહે છે. કારણ કે વેદશ્રુતિઓમાં જુદા જુદા સ્થળે જુદી જુદી વાતો કહેવાયેલી હોવાથી એ પૈકીમાંથી કોઈ એક વાતથી પોતાનો અભીષ્ટ અર્થ ગ્રહણ કરી લેવામાં આવે ત્યારે બીજી શ્રુતિના બાધનું પણ નિરાકરણ સર્વથા અપેક્ષિત રહે છે. બ્રહ્મ આનંદમય છે ત્યારે 'મયટ્' પ્રત્યયનો એક અર્થ વિકાર પણ થાય છે અને બીજો અર્થ પ્રચુરતા પણ થાય છે, ત્યારે બ્રહ્મપ્રતિપાદન કરનારી બીજી શ્રુતિઓને વિચારતાં આનન્દમય શબ્દમાં મયટ્ નો કયો અર્થ ગ્રહણ કરવો એ નિશ્ચય કરવો જરૂરી હોય છે, ઉતાવળે વિકાર અર્થ ગ્રહણ કરવો એ અયોગ્ય છે. જેમકે **'अपाणिपादो जवनो ग्रहीता'** આ શ્રુતિવાક્યમાં બ્રહ્મમાં હાથ-પગ વગેરે નથી એમ કહ્યું છે, માત્ર આટલું જ વાક્ય ગ્રહણ કરી પાણિ-પાદનો બ્રહ્મમાં નિષેધ સ્વીકારી શ્રીકૃષ્ણ એ હાથ-પગવાળા છે તેથી તે નિર્ગુણ બ્રહ્મ નથી પણ સગુણ બ્રહ્મ છે, એમ માનતાં

જાણે કે અજાણે શ્રીકૃષ્ણ પ્રત્યેનો મહાન અપરાધ થઈ જાય છે. કારણ કે બીજી શ્રુતિમાં **‘सर्वतः पाणिपादं तत् सर्वतोऽक्षिशिरो मुखम्’** બ્રહ્મમાં સર્વતઃ પાણિ-પાદ-આંખ-મસ્તક-મુખ છે એમ કહ્યું છે. તેથી બંને શ્રુતિઓને સાથે રાખી એકબીજાનો વિરોધ ન રહે તે રીતના બ્રહ્મસ્વરૂપનું જ્ઞાન જ બ્રહ્મજ્ઞાન કહી શકાય છે. ત્યારે પ્રથમ શ્રુતિવાક્યમાં સામાન્યરૂપે બ્રહ્મમાં પાણિ-પાદ છે જ નહીં એમ કહેવાનું શ્રુતિનું તાત્પર્ય નથી, પરંતુ બ્રહ્મ પાણિપાદવાળું સાકાર જ છે પણ તે પાણિ-પાદ વગેરે પ્રાકૃત-પ્રકૃતિના બનેલા નથી - તે અપ્રાકૃત છે તેમજ જણાવવાનું તાત્પર્ય છે. તેથી શ્રીકૃષ્ણ-આકાર એ ત્રિગુણાત્મિકા પ્રકૃતિથી બનેલો નથી, પણ આનન્દ જ શ્રીકૃષ્ણ-આકારરૂપે છે અને એ આનન્દ પણ ક્ષુદ્ર યા ગણિત આનન્દ નહીં પણ પરમાનન્દ જ છે તેથી આનન્દમયથી આનન્દ પ્રચુર શ્રીકૃષ્ણ છે એમ જણાવવાનું શ્રુતિનું તાત્પર્ય છે.

આ સ્થિતિમાં શ્રુતિઓનો અર્થ કેમ કરવો એ બાબતમાં શ્રીઆચાર્યચરણ સર્વનિર્ણયનિબન્ધમાં આજ્ઞા કરે છે કે **‘ये धातुशब्दा यत्रार्थे उपदेशे प्रकीर्तिताः । तथैवार्थो वेदराशेः कर्तव्यो नान्यथा क्वचित्’** (સ.નિ.નિ. ૭૪). આમ જણાવી માત્ર આટલાથી જ વેદનો તાત્પર્યાર્થ ગ્રહણ થઈ શકતો નથી, યદ્યપિ ઉપર્યુક્ત કથન મુજબ અર્થ કરતાં વેદશ્રુતિઓનો અન્યથા અર્થ થવાનો ખતરો ઘટી જાય છે, તેમ છતાં આટલા માત્રથી તાત્પર્યાર્થ તો શક્ય નથી હોતો. અતઃ આ બાબતમાં વેદનું તાત્પર્ય શ્રીકૃષ્ણે અને શ્રીવ્યાસજીએ ગીતા-વ્યાસસૂત્ર-શ્રીભાગવતમાં જે પ્રકટ કર્યું હોય તેને જ માન્ય કરતાં જણાવે છે કે - **‘उत्तरं पूर्वसन्देहवारकं परिकीर्तितम् (उत्तरोत्तरं पूर्वपूर्वस्य सन्देहवारकं प्रकर्षेण कीर्तितम्)’** (શાસ્ત્રાર્થ પ્રકરણ -૮) બે જુદી-જુદી વાત કહેતી શ્રુતિ વડે જ્યારે શું માનવું એમ સન્દેહ થાય ત્યારે તેનો નિર્ણય ગીતા-બ્રહ્મસૂત્ર-શ્રીભાગવતથી કરવો એમ જણાવે છે.

અતઃ શાસ્ત્રથી બનેલી અને અભીષ્ટગ્રાહિકા બુદ્ધિ જો કૃષ્ણ-

વ્યાસની સમ્મતિ વિરુદ્ધ મનસ્વિતાથી અર્થ ગ્રહણ કરે અને તેવા ભાવવાળા હોય ત્યારે તેઓ હ્રદ સમાન નથી. તેથી જ શ્રીઆચાર્યચરણ આ ભાવને જણાવતાં પંડિતનું વિશેષણ કહે છે કે **‘भगवच्छास्त्रतत्पराः’** એટલે કે તેઓ ભગવત્ શાસ્ત્રમાં પરાયણ થઈ-ભગવત્ શાસ્ત્રના અનુસાર અભીષ્ટ અર્થ ગ્રહણ કરનારા હોય ત્યારે તેવા પંડિતો હ્રદ તુલ્ય છે. આ જ વાતને જણાવવા શ્રીકલ્યાણરાયજી લખે છે - **‘भगवच्छास्त्रं गीताभागवतादिकं तत्र तत्पराः । न तु मायावादादिमते’** પંડિત હોય એટલે કે શાસ્ત્રજન્યા અને અભીષ્ટાર્થગ્રાહિકા બુદ્ધિવાળો હોવા છતાં પણ જો તે ભગવત્ શાસ્ત્રોનું અનુસરણ કર્યા વિના સ્વચ્છન્દ રીતે અથવા તો જેમનો વાદ ખરા અર્થમાં વાદ જ નથી એવા માયાવાદ વગેરે મતોને અનુસરતા હોય અને તે મતો મુજબ વેદાર્થગ્રહણ કરતા હોય ત્યારે તો તેઓને પંડિત સંજ્ઞા લાગીને પણ વાસ્તવમાં તેઓ પોતાને ખોટી રીતે માની બેઠેલા પંડિતંમન્ય જ છે, હ્રદસમાન નથી. આવા લોકો માટે શ્રીપુરુષોત્તમજી શબ્દ પ્રયોજે છે **‘शास्त्रदर्शित्वेपि’** આ લોકો શાસ્ત્રદૃષ્ટા-શાસ્ત્રને જોનારા હોય છે અને શાસ્ત્રપ્રમાણથી વાતો કરતા હોય છે, પરંતુ આ લોકો શાસ્ત્ર તાત્પર્ય ગ્રહણ કરનારા નથી હોતા. એ તો ત્યારે જ થાય છે કે જ્યારે શ્રીપુરુષોત્તમજીના શબ્દોમાં **‘शास्त्रदर्शित्वेपि विशेषमाहुः भगवच्छास्त्रतत्परा इति’** અહીં **‘शास्त्रदर्शित्वेपि’** પછી **‘ह्रदजलसमानत्वाय’** આટલું અધ્યાહાર સમજવું જોઈએ. મને તો અહીં એમ લાગે છે કે ભગવત્ શાસ્ત્રપરાયણનું પંડિત એ વિશેષણ છે. એટલે કે ભગવત્ શાસ્ત્રમાં પરાયણતા થકી ભગવત્ શાસ્ત્રજન્યા-પંડા-બુદ્ધિ છે જેમની એવા તે પંડિતો. અહીં **‘भगवच्छास्त्रपरायणाः’** એમ નહીં કહી **‘तत् पराः’** એમ જે કહ્યું છે તેથી **‘तत्’** નિર્દેશનો ભગવત્ શાસ્ત્ર સાથે સંબન્ધ કરીને અર્થ કરતાં ભગવત્ શાસ્ત્રમાં નિર્દિષ્ટ એવા અને એ ભગવાનમાં પરાયણ થયેલા ભગવચ્છાસ્ત્ર તત્પરો, ભગવત્ શાસ્ત્ર એટલે ભગવાન વડે કહેલું ભગવત્ શાસ્ત્ર અથવા ભગવાન જ જેનો એકમાત્ર પ્રતિપાદ્યવિષય છે એવા ભગવત્ શાસ્ત્રો. તેથી

એવા શ્રીપુરુષોત્તમજીના કહ્યા અનુસાર ગીતા શ્રીભાગવત-પંચરાત્ર-વારાહપુરાણ વગેરે ભગવત્ શાસ્ત્રો એમાં પ્રતિપાદ્ય વિષય એવા પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાનને જ બુદ્ધિમાં કેન્દ્રમાં રાખી તે શાસ્ત્રોમાં જણાવ્યા મુજબ વિચારનારા, કરનારા અને કહેનારા ભગવચ્છાસ્ત્રતત્પરપંડિતો. શ્રીકલ્યાણરાયજીના વાક્યમાં **ગીતા-શ્રીભાગવતાદિક** એમાં આદિથી શ્રીપુરુષોત્તમચરણે જણાવેલ શાસ્ત્રો અને શ્રીપુરુષોત્તમચરણના વાક્યમાં **ગીતા-શ્રીભાગવત-પંચરાત્ર-વારાહ પુરાણ વગેરે** માં આદિથી **'अर्थोऽयमेव निखिलैरपि वेदवाक्यै रामायणैः सहितभारतपञ्चरात्रैः । अन्यैश्च शास्त्रवचनैः सह तत्त्वसूत्रैर्निर्णीयते सहृदयं हरिणा सदैव'** (શાસ્ત્રાર્થ પ્ર.૧૦૪) અહીં જણાવ્યા મુજબના અથવા **'अविरुद्धं तु यत्त्वस्य प्रमाणं तच्च नान्यथा। एतद्विरुद्धं यत्सर्वं न तन्मानं कथञ्चन'** (શાસ્ત્રાર્થ પ્ર.૮) અહીં જણાવેલ વિવેક મુજબ શાસ્ત્રવચનો ગણવા એમ મારું માનવું છે.

તેથી જે લોકો પ્રયત્નપૂર્વક વિશેષ શ્રવણ કરવાની ઈચ્છાવાળા છે તેમણે આવા હ્રદજલ સમાન ભાવવાળાઓનું શ્રવણ કરવાથી તેઓ લાભાન્વિત થઈ શકે છે. આથી ઉતરતી કક્ષાના પૂર્વમાં કહેવાઈ ગયેલી કક્ષાના ભાવવાળાઓથી શ્રવણ કરવાથી આવા લોકોને કોઈ લાભ થઈ શકતો નથી, બલ્કે એવા ઉતરતી કક્ષાના વકતાઓથી શ્રવણ કરતાં ક્યારેક સ્વમાર્ગવિરોધી વાતો કે વિચારોનું બુદ્ધિમાં સંસ્કારરૂપે સ્થાપન થવાની પણ શક્યતા રહે છે.

કેવલ કોઈ એકાદ ભગવત્ શાસ્ત્રમાં માત્ર ડોકિયું કરીને બોલનારા અવિચારક વકતાથી શ્રવણ કરતાં સાંભળવામાં એવા ભવાડા થવા પણ સંભવ છે કે 'વૈષ્ણવો આપણે તો શ્રીકૃષ્ણનો અને કૃષ્ણરૂપ શ્રીભાગવતનો જ આશ્રય કરવો, બીજા શાસ્ત્રોમાં જણાવેલા ઉપાયો એ અન્યાશ્રય છે અને ભાગવતમાં કહેલા ઉપાયો એ અનન્યાશ્રય સંગત છે, તેથી પોતાની કોઈ પણ લૌકિક-અલૌકિક જરૂરિયાત કે ઈચ્છાપૂર્તિ અર્થે ફક્ત ભાગવતમાં જણાવેલ મત્સ્યાવતાર અધ્યાય, નારાયણ કવચ, પુંસવન વ્રત, લક્ષ્મી પ્રાદુર્ભાવ શ્લોકો, પંચમ સ્કન્ધસ્થ નૃસિંહાદિ મંત્રો, રુકિમણી હરણ ચરિત્ર, સ્યમન્તકોપાખ્યાન વગેરેનું જ અનુષ્ઠાનાદિ કરવું પણ બીજા શાસ્ત્રોમાં કહેલા ઉપાયો કરવા નહીં અથવા પોતાના મૃતપિતૃઓની સદ્ગતિ અથવા કોઈ પણ કામના સિદ્ધિ અર્થે શ્રીભાગવતના જુદા-જુદા પ્રકારે સપ્તાહાદિ અનુષ્ઠાનો કરવા' આવા ભવાડાઓના સંસ્કારો આપણી બુદ્ધિમાં ન થાય તે માટે આવા સાધારણ વકતાઓથી દૂર રહી હ્રદજલ સમાન ભાવવાળા ભગવચ્છાસ્ત્રોનું પરિશીલન કરેલા અને કરનારા પંડિત કક્ષાના લોકોથી શ્રવણ કરવું જોઈએ. પુષ્ટિમાર્ગીય ગમે તેવો મોટો **પ.ભ. (પરમ ભગવદીય)** તરીકે પ્રસિદ્ધિ પામેલો હોય તો પણ જો આ ભાવમાં જણાવેલ જેટલી યોગ્યતા ન ધરાવતો હોય તેવાઓથી પણ ભૂલેચૂકે પણ સત્સંગ શ્રવણ નહીં કરવા જોઈએ.

* * * * *

શ્લોક – ૬ (પૂર્વાર્દ્ધ)

सन्देहवारकास्तत्र सूदा गंभीरमानसाः ।

અન્વય - ‘तत्र’ (તેમાં), **‘सन्देहवारकाः’** (સન્દેહનું વારણ કરનારા), **‘गंभीरमानसाः’** (ગંભીર મનવાળા), **‘सूदाः’** (સુન્દર જલવાળા હ્રદસમાન છે).

શબ્દાર્થ - તેમાં ભગવચ્છાસ્ત્રમાં (થનાર) સન્દેહનું વારણ કરનારા ગંભીર મનવાળાઓનો ભાવ સુન્દર જલવાળા હ્રદસમાન છે.

આ સ્થળે સર્વ ટીકાકારો આ મુજબ લખે છે -

(૧) **શ્રીકલ્યાણરાયજી - ‘सप्तमं भावमाहुः सन्देहेति । भगवच्छास्त्रे सन्देहवारकाः गम्भीरं मानसं येषामित्यन्तर्निष्ठा एतादृशाः पण्डिताः । सुष्ठु उदकं येषां तादृशह्रदविशेषतुल्यास्तेषां भावस्तज्जलतुल्य इत्यर्थः । यथोत्तमोदकानां जलं मनःप्रसादहेतुरप्येवं भगवच्छास्त्रसन्देहवारकानामन्तर्निष्ठानां भावोपि मनःप्रसादहेतुरपीति भावः । वाप्यो वा सूदा उच्यन्ते ।’**

અર્થાત્ - સાતમા ભાવને જણાવે છે **સન્દેહ** વગેરેથી. ભગવચ્છાસ્ત્રમાં (થનાર) સન્દેહનું વારણ કરનારા (અને તેમાં) ગંભીર છે મન જેનું તેવા અન્તર્નિષ્ઠ બનેલા એવા પંડિતો. સુન્દર છે જળ જેનું તેવા હ્રદ વિશેષના સમાન તેમનો ભાવ હોય છે, એટલે કે સુંદર જળવાળા હ્રદના જળ સમાન તેઓ હોય છે એમ અર્થ છે. જેમ ઉત્તમ જલવાળા એવા હ્રદનું જળ મનને પ્રસન્ન કરનાર હોય છે, તેમ ભગવચ્છાસ્ત્રના સંદેહોનું નિવારણ કરનારા અન્તર્નિષ્ઠાનો ભાવ પણ મનને પ્રસન્ન કરનાર હોય છે એમ ભાવ છે. અથવા **‘सूदाः’** એટલે **‘वापि’** = વાવડી એમ સમજવું.

(૨) **શ્રીપુરુષોત્તમજી - આભાસ - ‘सूद्याभ्यः स्वाहेति श्रुतिमनुसृत्य तस्मादुत्कृष्टं सप्तमं भावमाहुः सन्देहेत्यादि ।’** વિવૃતિ- **‘तत्र तेषु भगवच्छास्त्रतत्परेषु येऽज्ञानां श्रोतृणां भगवच्छास्त्रविषयकं सन्देहं वारयन्ति, ते सूदाः, सुष्ठु समीचीनं स्वादु सद्गुणं उदमुदकं येषां ते सूदाः । तत्र हेतुमाहुः गंभीरमानसा इति । अगाधं दुरवगाहं हृदयं येषां तादृशाः । तथा च श्रोतुर्हृदयं बुद्ध्वा तदधिकारानुसारेण तद्धितं बोधयन्ति, न तु सर्वं शास्त्रार्थमित्यर्थः । तेन यादृशं जलमुक्तं तादृशास्तेषां भावः स्वरूपतः फलतश्चोत्तम इति तादृशां सङ्गः कर्तव्य इति भावः । अत्रापि पूर्वोक्त‘ज्ञानमज्ञाय यो दद्यादि’ति वाक्यं ‘गच्छन्ति ब्रह्मणो लोक’मिति तत्फलवाक्यं चानुसन्धेयम् । एवमत्र मर्यादामार्गीयं भावद्वयमुक्तम् । श्रीकल्याणरायास्तु ‘सूदा इत्यनेन वाप्योदा उच्यन्त’ इति पक्षान्तरमाहुः । तदा तस्मिन् पक्षे गंभीरत्वं निम्नत्वं सन्देवारकत्वं च तत्र सोपानस्थानापन्नं ज्ञेयम् । तत्रैव श्रोतृणां विशेषस्तत्सङ्गादिति ।’**

અર્થાત્ - (આભાસ) ‘सूद्याभ्यः स्वाहा’ એ શ્રુતિના અનુસાર પૂર્વમાં કહેવાયેલ ભાવથી ઉત્કૃષ્ટ સપ્તમ ભાવને કહે છે **સંદેહ** વગેરેથી. **(વિવૃતિ-)** તેમાં ઉપર કહેવાયેલ ભગવત્ શાસ્ત્રમાં તત્પર ભાવવાળાઓમાં જે લોકો અજાણ એવા શ્રોતાઓના ભગવત્ શાસ્ત્ર વિષયક સંદેહનું નિવારણ કરે છે તે લોકો **‘सूदाः’** એટલે કે સુષ્ઠુ સમીચીન સ્વાદવાળું અને સદ્ગુણવાળું જેનું જળ છે તેવા (સુંદર જલવાળા હ્રદ સમાન) તે **‘सूदाः’** છે. તેમાં (પૂર્વ ભાવ કરતાં આમની ઉત્તમતામાં) હેતુ કહે છે કે આ લોકો **ગંભીર મનવાળા** હોય છે. એટલે કે અગાધ જેને પામી ન શકાય તેવું હૃદય છે જેમનું તેવા. તેથી કરીને શ્રોતાના હૃદયને જાણીને, શ્રોતાના અધિકાર અનુસાર તેનાં હિતનો બોધ કરનારા, નહીં કે (તેના અધિકાર બહારનો)

સર્વશાસ્ત્ર-અર્થ કહે છે. અતઃ આ ભાવમાં જે પ્રકારનું જલ કહ્યું છે તે મુજબનો તેમનો ભાવ સ્વરૂપથી અને ફલથી ઉત્તમ છે તેથી તેમનો સંગ કરવો એમ ભાવ છે. અહીં પણ પૂર્વમાં (દ્વિતીય ભાવના વ્યાખ્યાનમાં) કહી ગયા તેમ **‘જે અજ્ઞને જ્ઞાન આપે છે’** એમ વાક્ય અને **‘તે લોકો બ્રહ્મલોકને પામે છે’** એ ફલવાક્યનું અનુસંધાન કરવું. આ પ્રમાણે અહીં મર્યાદામાર્ગીય બે પ્રકારના (છઠ્ઠા-સાતમા ભાવથી) ભાવ જણાવ્યા છે. શ્રીકલ્યાણરાયજી **‘सूदाः એટલે વાવડી સમજવું’** એમ પક્ષાન્તરથી જણાવે છે. જ્યારે આ અર્થ લેવામાં આવે ત્યારે તે પક્ષમાં જેમ વાવડીના ઊંડાણમાં નીચેથી જળ મેળવવું પડે અને નીચે જવા પગથિયા હોય છે, તેમ એમના હૃદયની ગંભીરતા એ ઊંડાણ છે તેથી તેમના ભાવને મેળવવા તેમના હૃદયના ઊંડાણમાં જવું પડે અને એમની સંદેહ વારકતા એ પગથિયા સમાન છે એમ જાણવું. કારણ કે તેમનો વિશેષ પ્રકારનો સંગ શ્રોતાઓને તેમના ઊંડાણમાં જવાથી જ થઈ શકે છે.

(૩) શ્રીવલ્લભજી - આભાસ - ‘ततोग्रेतनभावविशिष्टं स्वरूपं निरूपयन्तः सप्तमं भावमाहुः’ વિવૃતિ - **‘तत्र भगवच्छास्त्रेषु ये सन्देहवारकाः, बहूनां मतानां कथनात्तेषु सन्देहा उत्पद्यन्ते, तेषां ये निवारकास्ते सूदाः। सुष्ठु शोभनमुदकं येषां तादृशा ह्रदास्तद्रूपाः। शोभनत्वकथनेन गुणविशेष उक्तः । किञ्च, गम्भीरमानसा इति गंभीरं मानसं येषां, भगवद्धर्मज्ञानेनान्यथाभावनाविपरीतभावनादिना कलुपितं न भवतीति भावः । पूर्वेषु गंभीरत्वसूदत्वादिगुणाभावात्सामान्यत्वमुक्तम् । तत्र विशिष्टधर्मत्वात्ततो विशेष उक्तः, तथा दार्ष्टान्तिकेपि सन्देहवारकात्वविशेषः । परन्तु ज्ञानस्यैव विशेषो न क्रियाया इति दृष्टान्तेन सूचितं भवति ।’**

અર્થાત્ - (આભાસ-) તેથી આગળના વિશિષ્ટ ભાવનું સ્વરૂપ

નિરૂપણ કરતાં સાતમાં ભાવને કહે છે -

(વિવૃતિ-) ત્યાં ભગવત્ શાસ્ત્ર તત્પર લોકોમાં જે લોકો ભગવત્ શાસ્ત્રમાં થનારા સંદેહનું નિવારણ કરનારા છે, ઘણાં બધાં મતો કહેલા હોવાથી ભગવત્શાસ્ત્રોમાં (પણ) સન્દેહ ઉત્પન્ન થાય છે, તેવા સંદેહનું જે નિવારણ કરનારા છે તે **‘सूदाः’** છે. એટલે કે સુષ્ઠુ-શોભનવાળું જળ જેનું તેવા હ્રદો, તે હ્રદરૂપ - તેના સમાન આ ભાવવાળા હોય છે. જળનું શોભન પણું કહ્યું હોવાથી તેમનો વિશેષ ગુણ કહ્યો છે. વળી તેઓ ગંભીર મનવાળા એટલે કે ગંભીર છે મન જેમનું તેવા તે છે. તેથી કરીને તે લોકો ભગવદ્ધર્મના જ્ઞાન વડે કરીને અન્યથા ભાવના-વિપરીત ભાવના વગેરેથી તેમનું મન કલુષિત થતું નથી એમ ભાવ છે. પૂર્વમાં (છઠ્ઠા ભાવમાં) કહેવાયેલાઓમાં ગંભીરપણું-સુષ્ઠુજલપણું વગેરે ગુણોનો અભાવ હોવાથી તેઓ સામાન્ય છે એમ જણાવ્યું છે. તે લોકો પૈકી આ ભાવવાળાઓમાં વિશિષ્ટ ધર્મ રહેલો હોવાથી તે પૂર્વ કરતાં આ ભાવવાળા વિશેષ છે એમ કહ્યું છે. દાર્ષ્ટ્રાન્તિકમાં પણ સન્દેહવારકપણું વિશેષ છે. પરન્તુ તે વિશેષપણું તેમના જ્ઞાનનું જ છે, તેમની ક્રિયાનું નહીં એમ દૃષ્ટાન્તથી સૂચિત થાય છે.

(૪) શ્રીબાલકૃષ્ણજી - આભાસ - **‘सप्तमं भावमाहुः सन्देहवारका इति ।’** વિવૃતિ- **‘तत्र भगवच्छास्त्रसन्देहवारकाः सर्वमतनिराकरणपूर्वकभगवन्मार्गस्थापका गम्भीरं मनो येषां ते सूदाः सुष्ठु उदकं येषामेतादृशा ह्रदविशेषतुल्याः । तेषां भावस्तद्ह्रदोदतुल्य इत्यर्थः । जले शुक्तिशैवालाद्यावरणरहिताः गम्भीरमानसोक्त्या अन्तः कालुष्यान्याश्रयादिदोषरहिता इति भावः । यथा ह्रदजलं गम्भीरत्वे घर्मकालेऽन्तःशीतलं उपरि तप्तश्च भवति; तथैतेषां भावोप्यन्तर्भगवत्सम्बन्धाच्छीतलो बहिर्लौकिकनिवृत्त्यर्थं सन्तप्त इति भावः ।’**

અર્થાત્ - (આભાસ) સાતમા ભાવને કહે છે **સન્દેહવારકો**

વગેરેથી. **(વિવૃતિ-)** તે ભગવત્ શાસ્ત્ર તત્પરોમાં ભગવત્ શાસ્ત્રમાં થનારા સંદેહનું વારણ કરનારા એટલે કે (અન્ય) સર્વ મતોનું નિરાકરણ કરતા ભગવન્માર્ગનું સ્થાપન કરનારા એવા ગંભીર છે મન જેનું એવા તે **'सूदाः'** એટલે કે સુષ્ઠુ છે જલ જેનું એવા હ્રદ વિશેષ સમાન. તેમનો ભાવ હ્રદજલ સમાન છે એમ અર્થ છે. રેતી - શૈવાલ (લીલ) વગેરે આવરણ વિનાના જલ સમાન ગંભીર મનવાળા એમ ઉક્તિ વડે અન્તઃકાલુષ્ય અન્યાશ્રય વગેરે દોષ વિનાના એમ ભાવ છે. જેમ હ્રદજલ ગંભીર હોતાં ઉષ્ણકાલમાં અન્દરથી શીતલ હોય છે અને ઉપરથી તપેલું હોય છે, તેમ આમનો ભાવ પણ અન્તઃ ભગવત્સંબન્ધ રહેલો હોવાથી શીતલ હોય છે અને બહાર લૌકિક નિવૃત્તિ અર્થે સંતપ્ત હોય છે એમ ભાવ છે.

વિવરણ - શ્રીપુરુષોત્તમજીના જણાવ્યા અનુસાર આ ભાવ પણ મર્યાદાભાવ જ છે, પરંતુ છઠ્ઠાભાવ કરતાં આ ઉત્કૃષ્ટ પ્રકારનો છે. બધા જ ટીકાકારો આ સાતમા ભાવને છઠ્ઠા ભાવ કરતાં ઉત્કૃષ્ટ પ્રકારમાં સ્વીકારે છે. તેમજ બધા ટીકાકારોના મતે છઠ્ઠા ભાવના પંડિતપણું અને ભગવત્ શાસ્ત્ર તત્પરપણું એ ગુણોને કાયમ રાખતાં ભગવત્ શાસ્ત્રમાં થનારા સંદેહનું નિવારકપણું અને ગંભીર હૃદયપણું એમ બે ગુણો પૂર્વ કરતાં આમાં અધિક છે એ જ એમની વિશેષતા છે. આમ હોતાં શ્રીવલ્લભજીના જણાવ્યા અનુસાર છઠ્ઠા ભાવવાળાઓ પ્રવાહધર્મથી નિવૃત્ત થયેલા અને મોક્ષની ઈચ્છાથી **'मोक्षमिच्छेज्जनार्दनात्'** એ વાક્ય અનુસાર ભગવચ્છાસ્ત્રમાં તત્પર થયેલા હોવાથી એ ભાવ ઉત્તમ જરૂર છે, તેમ છતાં પણ તેમના માટે **'तत्परः'** એમ કહ્યું હોવાથી તે લોકો આ ભાવ દશામાં માત્ર ભગવદ્ધર્મોને જાણવાની જિજ્ઞાસાવાળા જ છે, પણ હજુ તેમણે સંદેહરહિત ભગવદ્ધર્મોને જાણ્યા નથી, તેથી જ તેમનામાં સંદેહવારકપણું નથી. સન્દેહવારકપણું સાતમા ભાવમાં કહ્યું છે, તેથી એમ જાણી શકાય છે કે આ ભાવવાળાઓએ સંદેહરહિત પ્રકારે ભગવદ્ધર્મોને સારી રીતે જાણ્યા છે. ત્યારે જ તો તેઓ બીજા અજ્ઞજનોના સન્દેહનું વારણ કરી શકે છે, પોતે જ સંદેહવાળો હશે તે બીજાના સંદેહને કેમ કરીને દૂર કરી શકશે ? ન જ કરી શકશે. આ રીતે ભગવચ્છાસ્ત્રોમાં તત્પર થયેલાઓ પૈકી જેઓ સન્દેહવારણ કરનારા છે એમ સર્વ ટીકાકારોના અભિપ્રાયથી શ્રીવલ્લભજીના આ અભિપ્રાયની સંગતિ પણ છે.

ભગવચ્છાસ્ત્ર તત્પરો પૈકી સન્દેહવારણ કરનારાઓમાં જે સન્દેહવારકપણું છે તે બાબતમાં શ્રીપુરુષોત્તમજીના અભિપ્રાયે તેઓ શ્રોતાના અધિકાર અનુસાર સંદેહનું વારણ કરે છે, નહીં કે સર્વ શાસ્ત્રાર્થ કહી દે છે. આમ કહેવાથી તેઓ ઉચ્ચ અધિકારવાળા છે અને તેથી જ તેઓ શ્રોતાઓનો અધિકાર જોઈ પણ શકે છે અને અધિકાર અનુસાર તેમના સંદેહોનું વારણ પણ કરી શકે છે.

સાતમા ભાવવાળાઓ ચાહે ઉચ્ચ અધિકારવાળા હોય, અથવા ચાહે છઠ્ઠા ભાવવાળા તેથી થોડી ઉતરતી કક્ષાના અધિકારવાળા હોય પણ બંનેમાં જે અધિકારપણું છે તે ભગવચ્છાસ્ત્ર તત્પરતાથી જ છે. ભગવચ્છાસ્ત્રપરાયણતાને શ્રીઆચાર્યચરણ અક્રુર સ્તુતિ સુબોધિનીમાં અન્તિમ જન્મ જ્ઞાપક લક્ષણ તરીકે જણાવે છે. **'अतः सत्सेवारुचिः भगवत्स्वरूपज्ञानेच्छा भगवच्छास्त्रपरत्वं च अन्तिमजन्मज्ञापकम्'** (ભાગ. સુબો. ૧૦-૩૭-૨૮). આ વિષય દશમ સ્કન્ધ પૂર્વાર્દ્ધ અક્રુર સ્તુતિમાં **'सोऽहं तवाङ्ध्र्युपगतोऽस्म्यसतां दुरापं तच्चाप्यहं भवदनुग्रह ईश मन्ये'** ના વ્યાખ્યાનમાં કહેવાઈ છે. ત્યાં જ શ્રીઆચાર્યચરણ જણાવે છે કે **'शरणगमनमेव भगवतोऽनुग्रहः सत्सेवानुग्रह इति स्वरूपसत्त्वमेव नियामकं, तथैव ते उत्पादिता इति मूलेच्छात्र नियामिका' .... यर्हि पुंसः भगवदिच्छया संसरणापवर्गःस्यात् । सृष्टिसमये हि भगवान् सर्वानेव विचारयति इममित्थं करिष्यामीति । तत्र यं मोचयिष्यामीति मन्यते तत्र जन्मानि अवधिमन्ति करोति । तथा सति यदैवान्तिमं जन्म भवति स संसरणापवर्ग उच्यते, अग्रे संसरणाभावात् । .... तदा तस्मिन्**

जन्मनि भगवति मतिर्भवति, ‘तमेव विदित्वातिमृत्युमेती’ति नियमात् । ‘ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम्’ इति भगवद्वाक्याच्च भगवज्ज्ञानमावश्यकम् । तत्र सतां बोधकत्वेन उपदिश्यमानत्वेन च शास्त्रोपयोगः । साधनेनैव सर्वं करोति ....’

ઉપર મુજબ સુબોધિનીના વાક્યોમાં પ્રથમ ભગવાનને શરણે જીવ ત્યારે જઈ શકે છે કે જ્યારે ભગવાનનો તેના ઉપર અનુગ્રહ હોય અને ત્યારે જ ભગવાનની ઈચ્છાથી તેને એવો જન્મ મળે છે કે અન્તિમ જન્મ હોય, તે પછી બીજો કોઈ જન્મ શેષ રહેતો નથી. જ્યારે જે જીવનો જે જન્મ ભગવાને અન્તિમ વિચારી રાખ્યો હોય છે ત્યારે જ તેની ભગવાનમાં (ભગવાનના શરણે જવાની) મતિ થાય છે. શ્રુતિ વાક્ય અને ગીતાવાક્યથી એમ જાણી શકાય છે કે ભગવાનમાં મતિ થવામાં અને અન્તિમ જન્મ સિદ્ધ થવામાં ભગવદ્ જ્ઞાન આવશ્યક છે, ત્યારે જ તે ફલ થાય છે અને ભગવદ્ જ્ઞાન માટે ભગવત્સ્વરૂપ-ગુણ જ્ઞાતા એવા સંતો અને એ સંતો દ્વારા ઉપદેશ થનારા ભગવત્સ્વરૂપ-ગુણ પ્રતિપાદક ભગવત્ શાસ્ત્રો. કારણ કે યદ્યપિ બધું જ ભગવાન કરે છે. પણ તે સાધન વડે જ બધું સિદ્ધ કરાવે છે. ભગવાન જ્યારે જીવને શરણે લે છે અથવા જ્યારે શરણે ગયેલા જીવને શરણાગતિ સિદ્ધ થાય છે ત્યારે જીવના સકલ સંઘાતો ભગવાનને અનુકૂલ થાય છે અને એવા ભગવદનુકૂલ સંઘાતવાળાઓને ભગવદ્નુગ્રહે તેવા સંતોની (તેવા સંતો એટલે જેઓ માત્ર આગન્તુક ગુણથી સન્ત નામે પ્રસિદ્ધ થયેલા નહીં કિન્તુ જેઓ સ્વરૂપથી જ સન્ત છે તેવા સંતોની) પ્રાપ્તિ પણ ભગવાન જ કરાવે છે અને તેવા સન્તોથી ભગવત્ શાસ્ત્રોક્ત ભગવદ્ જ્ઞાન પ્રાપ્ત થઈ ભગવાનમાં મતિ થઈ જીવને સાયુજ્ય થાય છે અને આમ તેનો આ જન્મ અન્તિમ સિદ્ધ થાય છે. આ અન્તિમ જન્મ છે કે નહીં એ કેમ નક્કી થાય તો શ્રીઆચાર્યશ્રી કહે છે કે સત્પુરુષોની સેવામાં પોતાને રુચિ થતી હોય, ભગવાનનું સ્વરૂપ સારી રીતે જાણું એમ પોતાને ઈચ્છા થતી હોય અને ભગવત્ શાસ્ત્રોમાં પરાયણતા પોતાની દેખાતી હોય ત્યારે માનવું કે આ મારો અન્તિમ જન્મ છે.

આ પ્રકારે સુબોધિનીનો ભાવાર્થ વિચારતાં ભગવચ્છાસ્ત્રતત્પરતા એ ભગવત્ શરણાગત ભગવત્સ્વરૂપ જિજ્ઞાસુ મુમુક્ષુનું અન્તિમ જન્મ જ્ઞાપક લક્ષણ છે. અતઃ છઠ્ઠાભાવવાળાઓ માટે પણ આ જ લક્ષણ કહી શકાય છે. આ જ વાત શ્રીવલ્લભજી પોતાના વ્યાખ્યાનમાં જણાવે છે કે **‘ભગવચ્છાસ્ત્રમાં તેમની તત્પરતા કહી હોવાથી તેઓ ભગવદ્ધર્મની જિજ્ઞાસાવાળા જ છે, નહીં કે તેઓ સંદેહરહિત પ્રકારે ભગવદ્ધર્મને જાણનારા હોય છે’** શ્રીપુરુષોત્તમજીના જણાવ્યા અનુસાર **‘ભગવાન વડે કહેલું શાસ્ત્ર ભગવચ્છાસ્ત્ર-ગીતા-શ્રીભાગવત-પંચરાત્ર-વારાહ પુરાણ વગેરે, એમાં નિષ્ઠા (ગતિ) વાળા’** અહીં આદિ શબ્દથી અગ્નિપુરાણ તથા વાયુપુરાણનો સંગ્રહ કરવો જોઈએ. આ ભગવત્ સ્વરૂપ પ્રતિપાદક ભગવત્ શાસ્ત્રોમાં જ જેની નિષ્ઠા એટલે કે ગતિ છે તેવા, શ્રીકલ્યાણરાયજીના વાક્યને પુરુષોત્તમજીના વાક્યમાં અધ્યાહાર કરીને વાંચીએ તો - ભગવત્ શાસ્ત્રોમાં જ જેની નિષ્ઠા-ગતિ છે, નહીં કે માયાવાદ વગેરે મતોમાં નિષ્ઠાવાળા, આમ વાંચી શકાય છે. આ પ્રકારે જોતાં માત્ર ગીતા-ભાગવતાદિના વકતા માત્રને અથવા તો તેના નિષ્ણાત પંડિતને આ ભાવમાં સમજવા ન જોઈએ, જો તેમજ હોતે તો આ સ્થળે **‘भगवच्छास्त्रतत्पराः’**-ની જગ્યાએ શ્રીઆચાર્યચરણ **‘भगवच्छास्त्रपण्डिताः’** એમ જ જણાવતે. તેથી અહીં ગીતા ભાગવતાદિના પંડિતો-કુશલ વકતાઓ નહીં પણ તેમાં તત્પર બુદ્ધિવાળા એમ અર્થ છે. તેથી કોઈ પંડિતંમન્ય ગીતા-ભાગવતાદિને કહેતા હોય તેટલા માત્રથી તેમનો સંગ ન કરવો. ગુજરાતના એક સુપ્રસિદ્ધ ભાગવત વકતા એમ કહેતા હતા કે મને તો ભાગવતમાં પદે-પદે માયાવાદ જ દેખાય છે. ત્યારે જેમને ભાગવતના પદે-પદે માયાવાદ દેખાતો હશે તે લોકો દશમ સ્કન્ધ કૃષ્ણ ચરિત્રની રસાત્મિકા લીલાઓને પણ ભક્તિના શબ્દોનો ઓપ આપીને પણ છેવટે તો તેઓ રામ કૃષ્ણને કિંવા તેમની લીલાઓને પરમાર્થમાં મિથ્યા છે તેમ જણાવી કહેવાયેલી ભક્તિની બધી જ વાતોને મિટિયામેટ કરી નાંખશે.

યદ્યપિ છઠ્ઠાભાવવાળાઓમાં ભગવદ્ધર્મોનું કે ભગવત્સ્વરૂપનું

નિઃસંદિગ્ધ જ્ઞાન નહીં હોવાથી શ્રોતાના સંદેહોનું તેથી નિવારણ થઈ શકતું નથી, તેથી જે લોકો ભક્તિ સાધના માટે કૃતસંકલ્પ થઈ વિશેષ પ્રકારે સાધનામાં આગળ જવાની ઈચ્છા રાખનારા લોકોને માટે એટલે કે ભક્તિવર્ધિનીમાં જણાવેલ અવ્યાવૃત્તિ કરી પૂજા-શ્રવણાદિ વડે આસક્તિની દઢતા અર્થે યત્નશીલ લોકોને માટે આ પ્રકારના ભાવવાળાઓ વિશેષ ઉપકારક બની શકતા નથી, તેમ છતાં પણ આ ભાવવાળા લોકો શ્રીપુરુષોત્તમચરણના જણાવ્યા અનુસાર **‘આ લોકો વડે વિચારાતાં અને તેમના વડે સાંભળવામાં આવતાં ભગવદ્‌ગુણો સ્વરૂપથી અને ફલથી ઉત્તમ છે’** એમ જણાવે છે તેમાં તેમની શાસ્ત્રજન્યા બુદ્ધિ એટલે કે ગીતામાં કહ્યા મુજબ - **‘यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः । न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् । तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्मकर्तुमिहार्हसि’** (ગીતા. ૧૬-૨૩-૨૪) શાસ્ત્રના તમામ વિધાનોને નેવે મૂકી માત્ર કામના-વાસનાથી જ જીવનમાં સર્વ કંઈ કરનારા અને વર્તનારા લોકો કે જેઓ પરિણામે પોતાના જ સિદ્ધિ, સુખ અને પરાગતિને મિટિયામેટ કરી નાંખે છે તેવા નહીં કિન્તુ પોતે શું કરવું અને શું ન કરવું એમાં શાસ્ત્રમાં જણાવ્યા અનુસાર જ વિધાન કર્યા મુજબ જ સર્વ કર્મ કરનારા અને પરિણામે સિદ્ધિ, સુખ અને પરાગતિને પામનારા એવા લોકો. અતઃ તેઓ સ્વરૂપથી સાધારણતયા ઉત્તમ છે અને તેમાં પણ વળી તેઓ ભગવચ્છાસ્ત્રમાં નિષ્ઠાવાળા હોવાથી તેઓ વિશેષરૂપે સ્વરૂપથી ઉત્તમ છે અને માયાવાદ વગેરે ભ્રાન્ત મતોથી રહિતબુદ્ધિવાળા એકમાત્ર ભગવચ્છાસ્ત્ર ગીતા-ભાગવતાદિમાં જ નિષ્ઠા-ગતિવાળા હોવાથી તેવાઓનો સંગ કે તેવાઓથી કરાયેલું શ્રવણ એ ભલે આગળ થનારા સંદેહનું નિવારણ ન કરી શકે પરન્તુ સાંભળનારમાં ભક્તિના ભાવોને તો ઉત્પન્ન કરે જ છે તથા ભક્તિમાં બાધક વિચારોનું તો આરોપણ નથી જ કરતા, આ અર્થમાં તેમની ફલમાં સાધકપણાના રૂપમાં ફલથી પણ તેમની ઉત્તમતા કહી છે. આ જ વાતને શ્રીકલ્યાણરાયજીના વાક્યો વધુ સ્પષ્ટ કરે છે કે - **‘એમ આમનો ભાવ પણ**

સંસારના તાપના પ્રભાવમાં આવી જઈ તપેલો-સંસાર તપ્ત બનતો નથી કે બુદ્ધિમાં ઉત્પન્ન થતાં કુતર્ક વગેરેથી કલુષિત થતો નથી’ આમની આવી બૌદ્ધિકી દઢતા એ ભગવચ્છાસ્ત્ર તત્પરતાને કારણે છે.

તેથી જે લોકો ભક્તિવર્ધિનીમાં કહેવાયેલ અવ્યાવૃત્તિ કરવા અસમર્થ હોય અથવા તો જેમણે હજુ અવ્યાવૃત્તિ પક્ષ ગ્રહણ કર્યો નથી અથવા તો સર્વનિર્ણય નિબંધમાં જણાવ્યા મુજબના **‘सर्वथा वृत्तिहीनश्चेदेकं यामं हरौ नयेत्’** પ્રકારના લોકો હોય તેમણે અંતઃકરણમાંથી સંસારની ગાંઠ ઢીલી કરવા જરૂર પૂરતી વ્યાવૃત્તિ કરીને ૩ કલાક ભગવત્સેવાનો સમય છોડીને બાકીનો સમય જે શ્રવણાદિમાં જોડવાનો છે તેમાં ગમે તેવા અથવા તો આ ગ્રન્થમાં પૂર્વમાં કહેવાયેલા કેટલાક ભાવો પ્રકારના લોકોનો સંગ કરવામાં આવે તો ગાંઠ ઢીલી થવાને બદલે બંધન વધુ દઢ થવાનો ખતરો રહે છે. તેથી છઠ્ઠા ભાવમાં બતાવ્યા પ્રકારના લોકો સાથે શ્રવણ-કીર્તનાદિ કરવા- તેમનો સંગ કરવો વધુ હિતાવહ છે.

અહીં છઠ્ઠા, સાતમા, આઠમા ભાવમાં ત્રણેમાં સમાન ગુણો રહી ઉત્તરોત્તર પૂર્વથી અધિક વિશિષ્ટ ગુણને કારણે અલગથી ત્રણ ભાવો કહ્યા છે. તેમાં છઠ્ઠા ભાવમાં પંડિતપણું અને ભગવચ્છાસ્ત્ર તત્પરતા એમ બે ગુણો છે, સાતમામાં તે બંને કાયમ રહી સન્દેહવારકપણું અને ગંભીરમાનસપણું પૂર્વ કરતાં અધિક છે, આઠમામાં તે ચારે કાયમ રહી પાંચમો વિશિષ્ટ ગુણ તેઓ સર્વ લૌકિક રાગથી નિવૃત્ત થયેલા એવા પ્રેમથી યુક્ત છે. આ સ્થિતિમાં આ ત્રણે એક જ અધિકારના છે કે અધિકારભેદ છે તે બાબત વિચારવામાં શ્રીમત્પ્રભુચરણનો અભિપ્રાય સરખાવવામાં આવે ત્યારે તેઓશ્રી સ્વકૃત ભક્તિહંસ ગ્રન્થમાં શ્રવણાદિ નવક બાબત લખે છે કે -

‘श्रवणादिनवकमप्यधिकारिभेदेन क्रियमाणं सत् कर्मज्ञानोपासनाभक्तिमार्गीयत्वेन अनेकविधं भवति.’

શ્રવણ-કીર્તન-સ્મરણ-પાદસેવન-અર્ચન-વંદન-દાસ્ય-સખ્ય-આત્મનિવેદન આ નવક પણ કર્મમાર્ગીય, જ્ઞાનમાર્ગીય, ઉપાસનામાર્ગીય, ભક્તિમાર્ગીય વગેરે જુદા-જુદા અધિકારીઓ દ્વારા કરાતાં તે શ્રવણાદિ નવક પણ તે-તે માર્ગના જ અનેકવિધ થાય છે.

'तथा हि । श्रीभागवतसहस्रनामादिश्रवणकीर्तनयोः फलत्वेन हि चत्वारोऽप्यर्था उच्यन्ते'

જેમકે શ્રીભાગવત-સહસ્રનામ વગેરેના શ્રવણ-કીર્તનના ફલપણાએ ધર્મ-અર્થ-કામ-મોક્ષ એમ ચારે પુરુષાર્થો કહ્યા છે.

'तत्र त्रिवर्गकामेन क्रियमाणः श्रवणादिः कर्ममार्गीय एव। तत्रापि अर्थादि-अर्थिभिः विहितत्वेन कृतश्चेत्तदा स तथा.'

તેમાં ધર્મ-અર્થ-કામની કામનાથી કરવામાં આવેલ શ્રવણ-કીર્તન વગેરે એ કર્મમાર્ગીય શ્રવણાદિ છે. તેમાં પણ ધર્મ-અર્થ વગેરે પામવાની ઈચ્છા- અભિલાષાવાળા વ્યક્તિ વડે જ્યારે શાસ્ત્રમાં વિધાન કર્યા મુજબ કરાયેલા હોય ત્યારે તે કર્મમાર્ગીય હોય છે.

'वृत्त्यर्थं चेत् कृषिवल्लौकिक एव । शौचार्थिगङ्गास्पर्शवच्च। न हि तस्य मलनिवृत्ति-अतिरिक्तो धर्म उत्पद्यते । प्रत्युत निषिद्धाचरणात्पापमपि । एतेन विहितजातीयं कर्म यथाकथञ्चित्कृतं उक्तफलायेति निरस्तम्'

જો વૃત્તિ-જીવનને અર્થે-આજીવિકાને અર્થે શ્રવણ-કીર્તનાદિ કરવામાં આવ્યા હોય ત્યારે તો તે (કર્મમાર્ગીય પણ નથી હોતા પણ તે માત્ર ખેતીની માફક (દાણા વાવો અને પછી લણોની માફક) લૌકિક જ છે. જેમ શૌચ જવાની ઈચ્છાવાળો વ્યક્તિ ગંગામાંથી લોટો ભરીને જતાં તે જેમ ગંગાનો સ્પર્શ કરે છે તેની માફક, એવો લોટો ભરીને ગંગાસ્પર્શ કરનારને

મલનિવૃત્તિ-સફાઈ થવાથી અલગ બીજો કોઈ પુરુષાર્થ-ધર્મ સિદ્ધ થતો નથી. બલ્કે શૌચ સફાઈ જેવા અપવિત્ર કાર્યમાં ગંગાજળનો ઉપયોગ કરવાથી નિષિદ્ધનું આચરણ કરવાથી તેને પાપ પણ લાગે છે. આથી જેનું શાસ્ત્રમાં વિધાન કરાયું છે તેવું કર્મ પણ (સ્વેચ્છાચારે) ગમે તેમ કરવાથી પણ પુરુષાર્થ સાધે છે એ વાત નિરસ્ત થઈ જાય છે.

'तुरीयाश्रमे ज्ञानोदयहेतुचित्तशुद्धिहेतुत्वेन क्रियमाणः श्रवणादि ज्ञानमार्गीयः । यथा 'यथाऽऽत्मा परिमृज्यतेऽसौ मत्पुण्यगाथाश्रवणाभिधानैः' इत्यादिवाक्यैः'

તુરીય-ચોથા (સંન્યાસ) આશ્રમમાં જ્ઞાનોદય થાય તે માટે ચિત્તશુદ્ધિ અર્થે કરવામાં આવતા શ્રવણાદિ જ્ઞાનમાર્ગીય છે. 'મારી પુણ્યગાથાના શ્રવણ વગેરે વડે જેમ જેમ અન્તઃ પરિમાર્જિત-સારી રીતે મંજાતું જાય છે, તેમ તેમ તે સૂક્ષ્મ પદાર્થનું દર્શન કરનારો થાય છે (ભાગ. ૧૧-૧૪-) વગેરે વાક્યો વડે (આ જ્ઞાનમાર્ગીય શ્રવણાદિ છે એમ જાણી શકાય છે).

'साक्षान्मोक्षसाधनत्वेन तान्त्रिकदीक्षापूर्वकं क्रियमाणः श्रवणादिः उपासनामार्गीयः । अयमेव वैष्णवमार्ग इत्युच्यते । विष्णुधर्मेष्वेव निष्ठावत्त्वात् । मुक्तिसाधनत्वप्रतिपादकवाक्यैरेवमवसीयते । 'अर्चायामेव हरय' इत्यादिवाक्यानां अयमेव विषयः'

સાક્ષાત્ મોક્ષસાધનપણાએ તાંત્રિક દીક્ષાપૂર્વક કરાતાં શ્રવણાદિ ઉપાસનામાર્ગીય છે. આ જ વૈષ્ણવમાર્ગ એમ કહેવામાં આવે છે. આ માર્ગનું તેમજ આ માર્ગ પર ચાલનારાઓનું વિષ્ણુના ધર્મોમાં જ નિષ્ઠાપણું હોવાથી. મુક્તિના સાધનાપણાનું પ્રતિપાદન કરનારા વાક્યો (**'मोक्षमिच्छेज्जनार्दनात्'**વગેરે વાક્યો) વડે એમ જાણી શકાય છે.

ભાગવત એકાદશ સ્કન્ધમાં યોગેશ્વર વાકયમાં **'માત્ર અર્ચના કરતી વખતે જ શ્રદ્ધા વડે મૂર્તિમાં હરિની પૂજા કરે છે, હરિના ભકતોમાં કે બીજામાં શ્રદ્ધા નથી રાખતો (મૂર્તિમાં જે ભગવાન છે તે જ ભગવાન ભકતોમાં અને બીજામાં પણ છે તેવી શ્રદ્ધા નથી રાખતો તે ભકત પ્રાકૃત છે** (પ્રાકૃત એટલે બીજામાં ભગવદ્‌ભાવનો અભાવ હોવાથી તે જ્ઞાની પણ નથી, ભકત અને અભકત બન્નેને એક ત્રાજવે તોલતો હોવાથી ભક્તિમાર્ગીય પણ નથી અને ભકત કહ્યો હોવાથી તે કર્મમાર્ગીય પણ નથી તેમજ હરિની મૂર્તિમાં શ્રદ્ધાવાળો હોવાથી વિષ્ણુધર્મોમાં નિષ્ઠાવાળો હોવાથી અને તેને પ્રાકૃત ભકત કહ્યો હોવાથી તે જ્ઞાનિ ભકતની અપેક્ષા હીન અધિકારવાળો છે). આ એકાદશ સ્કન્ધના વાકયનો વિષય આ લોકો છે.

'भक्तिमार्गीयभक्तकृतभक्तिसाम्प्रदायिकदीक्षापूर्वकं मोक्षसाधनत्वेन क्रियमाणः श्रवणादिः प्रावाहिकी भक्तिरुच्यते । अत एव कपिलदेवेन 'न युज्यमानया भक्त्या भगवत्यखिलात्मनि। सदृशोऽस्ति शिवः पन्था योगिनां ब्रह्मसिद्धये' इत्युपक्रम्य सतां लक्षणमुक्त्वा 'त एते साधवः साध्वि सर्वसङ्गविवर्जिताः । सङ्गस्तेष्वथ ते प्रार्थ्यः सङ्गदोषहरा हि ते । सतां प्रसङ्गान्मम वीर्यसंविदो भवन्ति हृत्कर्णरसायनाः कथाः । तज्जोषणादाश्वपवर्गवर्त्मनि श्रद्धा रतिर्भक्तिरनुक्रमिष्यती'त्यादि निरूपितम्। अत्र अपवर्गवर्त्मनीति पदेनोक्तरूपत्वमवधेयम्'

ભકિતમાર્ગીય ભકત (આચાર્ય) પ્રવર્તિત ભકિત સમ્પ્રદાય અનુસારની દીક્ષાપૂર્વક મોક્ષસાધનપણાએ કરાતાં શ્રવણાદિ પ્રાવાહિકી ભકિત કહેવાય છે. તેથી જ કપિલદેવજીએ **'યોગીઓને બ્રહ્મની સિદ્ધિ માટે સર્વના આત્મા એવા ભગવાનમાં યોજાયેલ ભકિતના બરાબર બીજો કોઈ કલ્યાણકર માર્ગ નથી.** એમ ઉપક્રમ કરીને ત્યારબાદ **'સંસારમાં પ્રકૃષ્ટ થયેલો સંગ એ ક્યારેય જીર્ણ ન થાય તેવો આત્માનો પાશ છે એમ કવિઓ-જ્ઞાનીઓ જાણે છે, તે જ સંગ સત્પુરુષોમાં કર્યો હોય તો તે ખુલ્લું મોક્ષનું દ્વાર છે'** વગેરે વાક્યોથી સત્પુરુષોના સંગની પ્રશંસા કરતાં સત્પુરુષોનું લક્ષણ કહીને **' હે સાધ્વી ! આ મુજબના લક્ષણવાળા સર્વપ્રકારના સંગ-આસક્તિને છોડી ચુકેલા સાધુઓ-સત્પુરુષો છે; તેથી તમારે તે સત્પુરુષો સમક્ષ સંગની પ્રાર્થના કરવી, કેમકે તેઓ (સાંસારિક) સંગદોષને હરનારા છે** (એમ સત્પુરુષોનો સંગ કરવો એમ જણાવી એમના સંગથી જે ફળ થાય છે તે કહે છે-) **'સત્પુરુષોના પ્રકૃષ્ટ સંગથી મારા પરાક્રમોનું સારી પેઠેનું જ્ઞાન થાય છે અને (જેને સાંભળવાથી) હૃદય તથા કાનને અમૃતરૂપ-અમૃતમય કરનાર એવી કથાઓ (વારંવાર) થાય છે, તેના સેવનથી મોક્ષના માર્ગમાં અને મોક્ષના માર્ગરૂપ ભગવાનમાં અનુક્રમે (એક પછી એક) પ્રથમ શ્રદ્ધા, પછી પ્રીતિ અને પછી ભક્તિ ઉત્પન્ન થશે'** અહીં મોક્ષના માર્ગમાં શ્રદ્ધા ઈત્યાદિ કહી હોવાથી આ પ્રાવાહિકી ભક્તિ છે એમ જાણવું (અહીં પ્રાવાહિકતા એ **'जायस्व म्रियस्व'** સ્વરૂપના પ્રવાહમાર્ગથી નથી કહ્યું પરંતુ જેમ લોકમાં દરેકને ફલરૂપમાં મોક્ષ જ અભિસંમત છે તેમ આને પણ લોક સમાન મુક્તિ જ આના હૃદયમાં વસેલી હોવાથી આ પ્રાવાહિક છે).

'प्रेमात्मकभक्तिसाधनत्वेन क्रियमाणः श्रवणादिः भक्तिमार्गे मर्यादाभक्तिरित्युच्यते । 'श्रद्धामृतकथायां म' इत्युपक्रम्य 'एवं धर्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनाम् । मयि सञ्जायते, भक्तिः कोऽन्योऽर्थोस्यावशिष्यते' 'भक्त्या सञ्जातया भक्त्ये, त्यादिवाक्यैस्तत्साधनत्वं ज्ञेयम्'

પ્રેમાત્મક ભક્તિના સાધનપણાથી કરાતાં શ્રવણાદિ ભક્તિમાર્ગમાં મર્યાદાભક્તિ એમ કહેવાય છે. **'મારી અમૃત સ્વસ્વરૂપા - ભક્તિ સ્વરૂપા કથામાં શ્રદ્ધા રાખવી, મારા ચરિત્ર-ગુણોનું સદૈવ કીર્તન કરવું, મારી પૂજામાં સર્વ પ્રકારે નિષ્ઠા રાખવી, ભગવચ્છાસ્ત્રોમાં કે ભકતો વડે કરાયેલ મારી વિવિધ સ્તુતિઓ વડે મારું સ્તવન કરવું, મારી પરિચર્યામાં (ભગવત્**

સ્વરૂપની અપ્રત્યક્ષસ્થિતિમાં અથવા સાક્ષાત્ સ્વરૂપની સેવા સિવાયની સેવામાં) પૂર્ણ આદર રાખવો (તેને સાક્ષાત્ કરતાં નીચી ન માનવી), મને સર્વાંગે - સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા, મારા ભક્તની પૂજા સર્વ પ્રકારે અધિકથી અધિક કરવી, સર્વ પ્રાણિમાત્રમાં મારી બુદ્ધિ રાખવી, પોતાના સર્વ અંગોથી થતી ચેષ્ટા મારા અર્થે કરવી, વાણીથી મારા ગુણો ઉચ્ચારવા, મારામાં મનને અર્પિત કરવું, મનમાંથી સર્વ કામનાઓ ત્યાગવી, મારા અર્થે પોતાના સર્વ અર્થનો તેમજ પોતાના ભોગ અને સુખનો સર્વપ્રકારે ત્યાગ કરવો, યજ્ઞ-દાન-હવન -જપ-વ્રત-તપ વગેરે જે થાય છે તે સર્વ મારા અર્થે કરવું, હે ઉદ્ધવ ! મને આત્મનિવેદન કરેલો વ્યક્તિ જ્યારે ઉપર પ્રમાણેના ધર્મોનું આચરણ કરે છે ત્યારે તેના વડે તેને મારામાં સારી રીતે ભક્તિ થાયછે, ત્યાર પછી તેને બીજા કયો પ્રાપ્ત કરવા યોગ્ય અર્થ બાકી રહે છે ? (કશો જ બાકી નથી રહેતો)’ (ભાગ. ૧૧-૧૯-૨૦), તેમજ **‘પાપોના સમૂહને હરનારા શ્રીહરિનું પરસ્પર સ્મરણ કરતાં-કરાવતાં ભક્તિ વડે સારી રીતે (સુદૃઢ) ઉત્પન્ન થયેલી ભક્તિ વડે તે લોકો રોમાંચિત શરીરને ધારણ કરે છે’** (ભાગ. ૧૧-૩-૩૧) વગેરે વાક્યો વડે શ્રવણાદિનું પ્રેમાત્મિકા ભક્તિનું સાધનપણું છે એમ જાણવું.

અત્રોક્ત છઠ્ઠો, સાતમો, આઠમો, ત્રણે ભાવોને ઉપર્યુક્ત ભક્તિહંસના શ્રીપ્રભુચરણના અભિપ્રાયને સાથે રાખી વિચારતાં -

છઠ્ઠાભાવવાળો - જો તેમાં જણાવેલા ગુણો જેમાં સામે દેખાતા હોય તેવો શાસ્ત્રજન્યાબુદ્ધિવાળો આજીવિકાને અર્થે અથવા તો ઈતર લૌકિક લાભ-પૂજાદિ અર્થે ભગવચ્છાસ્ત્ર ભાગવતાદિમાં પરાયણ (અહીં પરાયણ એટલે ભાગવતાદિની કથામાં સતત વ્યસ્ત રહેનારો) હોય ત્યારે તો તે જ્ઞાનકર્માદિ કોઈ પણ માર્ગનો ન રહી તે ખેતીની માફક - વાવવું અને લણવું એમ લૌકિક જ છે અને આવી વર્ષોની ભગવચ્છાસ્ત્રમાં વ્યસ્તતા રહીને પણ લૌકિક લાભ-પૂજા-દ્રવ્યાદિની પ્રાપ્તિથી ઈતર તેમનો કોઈ પુરુષાર્થ કે કોઈ ધર્મ સિદ્ધ થતો નથી, બલકે ભગવન્નામ વિક્રય કરવારૂપ નિષિદ્ધના

આચરણથી તેઓ પાપના પણ ભાગીદાર થાય છે અને તેવી જ રીતે આવાઓનો સંગ કરનાર કે એમનાથી શ્રવણ કરનારની પણ એ મુજબ જ સ્થિતિ સમજવી. તેથી શ્રીભાગવતાદિનું કથન-શ્રવણ વગેરે સ્વેચ્છાચારે ગમે તે પ્રકારે કરવાથી પાપનિવૃત્તિ, પુરુષાર્થોની સિદ્ધિ કે ભગવત્પ્રાપ્તિ રૂપ ફળ થાય છે તેમ સમજવું નહીં.

યદિ તે ધર્મસિદ્ધિ, અર્થસિદ્ધિ કે કામસિદ્ધિ અર્થે-પુરુષાર્થત્રયની સિદ્ધિ અર્થે ભગવચ્છાસ્ત્રોમાં વિધાન કર્યા અનુસાર જો તે શ્રવણાદિ કરે છે એટલે કે જેમ કે મત્સ્યાવતારનો પાઠ, નારાયણ કવચનો પાઠ, બાલરક્ષા સ્તોત્રનો પાઠ, પુંસવન વ્રત, પયોવ્રત, સુદર્શન સ્તુતિનો પાઠ, સ્યમન્તકોપાખ્યાનનો પાઠ, **‘कृष्णाय वासुदेवाय’** વગેરે ભાગવતોક્ત શ્લોકોનો જપ, પંચમ સ્કન્ધોક્ત રામમંત્ર-નૃસિંહમંત્ર વગેરેનો જપ-સ્મરણ વગેરે. આ બધું પણ લૌકિક દુર્હેતુઓની પૂર્તિ અર્થે નહીં પણ પુરુષાર્થત્રયની સિદ્ધિ અર્થે ભાગવતાદિમાં તે-તે સ્થળે ફલશ્રુતિ વગેરેમાં બતાવ્યા અનુસાર જ્યારે કરે ત્યારે તેવા શ્રવણ-કીર્તન-સ્મરણાદિ કર્મમાર્ગીય હોય છે અને તે મુજબ ભાગવતાદિ ભગવચ્છાસ્ત્રોમાં પરાયણ થયેલાઓનો અધિકાર કર્મમાર્ગીય છે.

આયુષ્યના ૧૦૦, ૧૦૮ કે ૧૨૦ વર્ષ અનુસાર એના ચાર ભાગ કરતાં આયુષ્યના ત્રણ ભાગો ત્રણ આશ્રમોમાં વ્યતીત કરી ચોથા ભાગની વયમાં પૂર્વાશ્રમને ત્યાગી વિવિદિશા સંન્યાસદીક્ષા ગ્રહણ કરેલો સંન્યાસી પોતાનામાં જ્ઞાનનો ઉદય થાય તે માટે જ્ઞાન જેમાં પ્રગટે છે તે ચિત્ત છે, તે જો શુદ્ધ ન હોય તો જ્ઞાન ન થાય માટે ચિત્તશુદ્ધિને અર્થે શ્રવણ-કીર્તન-સ્મરણ વગેરે કરવામાં આવે તે જ્ઞાનમાર્ગીય શ્રવણાદિ છે અને ચિત્તશુદ્ધિને અર્થે જે કોઈ પણ ભાગવતાદિનું શ્રવણ કરે કે શ્રવણ કરાવે ત્યારે તેવા બંને જ્ઞાનમાર્ગના અધિકારી છે. જેમ યોગમાર્ગમાં સાતમું અંગ ધ્યાન છે અને આ અંગ સમાધિ માટે રજોગુણ-તમોગુણના વિક્ષેપ-લયરૂપ ખલેલ વિનાની ચિત્તની સ્થિરતા આવશ્યક છે, તે ધ્યાન અંગથી સિદ્ધ થાય છે. તેમાં ધ્યાનમાં

ઈશ્વરની માનસમૂર્તિનું ધ્યાન કરવામાં આવે છે કે જેનાથી બીજી બધી જ ખલેલ દૂર થઈ જાય છે અને જ્યારે ધ્યાન સ્થિર થઈ જાય છે ત્યારે સમાધિમાં આ માનસમૂર્તિ પણ ખલેલ હોવાથી ધીમે રહીને સાવચેતીપૂર્વક તેને પણ બુદ્ધિમાંથી ખસેડી દેવામાં આવે છે. તેવી જ રીતે જ્ઞાનોદય કે જ્ઞાનપ્રાપ્તિમાં સમ્યક્તયા કરેલો ત્યાગ = સંન્યાસ એ સહુથી મહત્ત્વપૂર્ણ આવશ્યક સાધન છે માટે જ ચતુર્થઆશ્રમરૂપ નિત્ય સંન્યાસના કુટીચક, બહૂદક, હંસ, પરમહંસ એમ ચાર ભેદો છે, જેમાં હંસ એટલે જ્ઞાની અને પરમ હંસ એટલે પરમજ્ઞાની એમ અર્થ છે. અને એ સાધનામાં ચિત્તશુદ્ધ્યર્થ ભગવાનના ચરિત્ર-ગુણ વગેરેનું શ્રવણ-કીર્તનાદિ એ સાધનાનો વિષય છે. અતઃ સંન્યાસ લઈ કે જેને શાસ્ત્રમાં વિવિદષા (જ્ઞાન માટેની ઈચ્છા સ્વરૂપનો) સંન્યાસ કહે છે તે લઈ જ્યારે શ્રવણાદિ કરવામાં આવે ત્યારે તે જ્ઞાનમાર્ગીય કહેવાય છે. તેથી ચતુર્થાશ્રમના નિયમે સંન્યાસ ગ્રહણ કરેલો વ્યક્તિ ભાગવતાદિ શ્રવણ કરે અથવા તેવો સંન્યાસી સંન્યાસીથી ભાગવતાદિનું શ્રવણ કરે ત્યારે તે બંને જ્ઞાનમાર્ગના અધિકારી હોય છે. જ્ઞાનોદય કે ચિત્તશુદ્ધિના હેતુ વિના સંન્યાસ લીધેલો શ્રવણ-કીર્તનાદિ કરે કે તે હેતુ વિના સંન્યાસીથી શ્રવણ કરવામાં આવે તે બંનેનું તો જ્ઞાનમાર્ગીયપણું પણ કહી શકાય તેમ નથી.

સાક્ષાત્ એટલે કે વચમાં જ્ઞાનના વ્યવધાન વિના કેવલ શુદ્ધ ભાવના માત્રથી મોક્ષ સાધનપણાએ પંચરાત્રાદિ તાંત્રિકી (ગોપાલમંત્રાદિ-રામમંત્રાદિની) દીક્ષા ગ્રહણ કરીને તંત્રશાસ્ત્રમાં વિધાન કર્યા મુજબ ભાગવતાદિ ભગવચ્છાસ્ત્રોનું શ્રવણાદિ કરવામાં આવે તે ઉપાસનામાર્ગીય છે. એટલે કે જ્ઞાન વડે જ મોક્ષસિદ્ધિ છે તેમ જાણનારાઓ જ્ઞાનોદય માટે ચિત્ત શુદ્ધિ સાધવાના પ્રયત્નો કરે છે તેમ જ્ઞાનના વ્યવધાન વિના મોક્ષને આપનાર એકમાત્ર ભગવાન જનાર્દન વિષ્ણુ જ છે એમ જાણીને વિષ્ણુના સંબન્ધી ધર્મોમાં જ નિષ્ઠા-ગતિવાળા થઈ વિષ્ણુના ધર્મોમાંજ નિષ્ઠાવાળા એવા પંચરાત્રાદિમાં જણાવેલ ગોપાલમંત્ર વગેરે એટલે કે જ્ઞાન વડે જ મોક્ષસિદ્ધિ છે તેમ જાણનારાઓ જ્ઞાનોદય માટે જેમ ચિત્તશુદ્ધિ સાધવાના પ્રયત્નો કરે છે તે મુજબ જ્ઞાનના વ્યવધાન વિના વૈષ્ણવશાસ્ત્રોમાં શ્રદ્ધા વડે એકમાત્ર ભગવાન જનાર્દન વિષ્ણુ જ મોક્ષને આપનારા છે અને તેમના થકી જ તેમની આરાધના આદિથી પ્રસન્ન થયેલા વિષ્ણુ જ મુક્તિ આપી શકે છે તેમ વૈષ્ણવશાસ્ત્રથી બનેલી બુદ્ધિવાળા પંડિત થઈને વિષ્ણુના સંબન્ધી ધર્મોમાં જ નિષ્ઠા ગતિવાળા થઈ, વિષ્ણુ ધર્મથી ઈતર અન્યત્ર નિષ્ઠાવાળા એવા શાક્ત-શૈવ વગેરે આગમોને સર્વથા ત્યાગી વિષ્ણુના જ ધર્મોમાં નિષ્ઠા-ગતિવાળા એવા પંચરાત્ર વગેરેમાં જણાવેલ ગોપાલમંત્ર રામમંત્ર વગેરેની દીક્ષા ગ્રહણ કરીને તે વૈષ્ણવ આગમોમાં વિધાન કર્યા અનુસાર વિષ્ણુની પ્રસન્નતાને અર્થ કરાતાં શ્રવણ-કીર્તન-સ્મરણ અર્ચન વગેરે એ ઉપાસના માર્ગીય છે અને તે મુજબ ભાગવતાદિ ભગવચ્છાસ્ત્રોને કહેનારા અને તેવાઓને સાંભળનારા એ ઉપાસના માર્ગના અધિકારી છે.

આ પ્રકારના અધિકારવાળા ઉપાસનામાર્ગીય વક્તાઓ-શ્રોતાઓ એમનું વક્તાઓ વડે ભગવત્કથાનું કીર્તન કરવું અને શ્રોતાઓ વડે ભગવદ્ગુણોનું સાંભળવું એ માત્ર એમની ઉપાસનાનું જ એક અંગ હોય છે. અતઃ તેઓ માત્ર ઉપાસનાના સમયે અને બાબતોમાં જ વિષ્ણુના ધર્મોમાં નિષ્ઠાવાળા હોય છે. આ મુજબ વિચારતાં અહીં છઠ્ઠા ભાવની બાબતમાં જે વક્તાઓ કે શ્રોતાઓ પોતાની નિર્ધારિત વ્યવસ્થા મુજબ ભગવત્કથા કહેતી વખતે યા શ્રવણ કરતી વખતે જ માત્ર ભાગવતાદિ ભગવચ્છાસ્ત્રોમાં નિષ્ઠા-ગતિ આદર, ભાવવાળા હોય છે, બાકીના સમયમાં કે સ્થળમાં કે પોતાના નિર્ધારથી અતિરિક્ત અન્ય સ્થળ, સમય કે વ્યક્તિની સ્થિતિમાં ભગવચ્છાસ્ત્રમાં નિષ્ઠા-આદર કે ભાવવાળા નથી હોતા ત્યારે તેવા વક્તા કે શ્રોતા ઉપાસનામાર્ગીય હોય છે. કારણ કે મૂર્તિની માફક તેઓ સમયના એક દેશમાં જ ભગવચ્છાસ્ત્રમાં નિષ્ઠા, આદર, ભાવવાળા હોય છે. આ પ્રકારના લોકોને ભગવત્ શાસ્ત્ર તરીકે ભાગવતાદિ પ્રત્યે આદરભાવ હોય છે, પરંતુ ભગવત્ શાસ્ત્રીય ભાગવતાદિમાં કહેલ જ્ઞાનમાં તેમની નિષ્ઠા ગતિ નથી હોતી.

મર્યાદાભક્તિમાર્ગીય આચાર્યો દ્વારા પ્રવર્તિત જે ભક્તિ સમ્પ્રદાયો છે તે સમ્પ્રદાયોની નારાયણ અષ્ટાક્ષર-વાસુદેવ દ્વાદશાક્ષર-ગોપાલ અષ્ટાદક્ષાક્ષર વગેરેની દીક્ષાપૂર્વક મોક્ષસાધનપણાએ કરાતાં શ્રવણાદિ એ પ્રાવાહિક ભક્તિમાર્ગીય છે. યદ્યપિ ઉપાસનામાર્ગ અને પ્રાવાહિક ભક્તિમાર્ગ એમ બંનેમાં વિહિતપણું અને મોક્ષસાધનપણું શ્રવણાદિમાં સમાન છે, તેમ છતાં પણ ઉપાસનામાર્ગમાં ઉપાસનાના અંગપણાએ શ્રવણાદિ કરવામાં આવે છે, તેથી તેમાં ભગવાનમાં કે ભગવાનના શ્રવણાદિમાં રતિ-પ્રીતિ-ભક્તિ વગેરે કંઇ પણ હોતું નથી જ્યારે આ પ્રાવાહિક ભક્તિમાર્ગના શ્રવણાદિમાં ભગવાન અને ભગવાનના શ્રવણાદિમાં રતિ-પ્રીતિ હોય છે. એક વાત નિશ્ચિત માનવી કે જ્યાં ભક્તિ શબ્દ આવ્યો ત્યાં **‘यत्र यत्र धूमस्तत्र तत्र अग्निः’** ની માફક અલ્પ કે અધિક માત્રામાં સ્નેહબીજ છે જ એમ સ્વીકારવું જોઈએ. કારણ કે જ્યાં સ્નેહબીજ છે ત્યાં જ માહાત્મ્યજ્ઞાન સ્નેહને પ્રગટ કરે છે. અન્યથા જ્યાં સ્નેહબીજ નથી ત્યાં માહાત્મ્ય જ્ઞાન માત્ર ચિત્તશુદ્ધિ સાધી અન્તઃકણમાં બ્રહ્મપ્રકાશ પ્રાપ્ત કરાવે છે. તેથી **‘मद्भक्तिं लभते पराम्’** એ ગીતાવાક્યમાં પણ જ્યાં બીજરૂપે સ્નેહની સત્તા છે ત્યાં જ ભક્તિ લાભ છે એમ સમજવું જોઈએ. તેથી શ્રીભાગવત તૃતીયસ્કન્ધના શ્રીકપિલદેવજીના વાક્યમાં આ પ્રકારની ભક્તિના પરિણામે મોક્ષના માર્ગરૂપ ભગવાનમાં પ્રથમ શ્રદ્ધા, પછી રતિ અને પછી ભક્તિ એમ અનુક્રમે થાય છે એમ કહ્યું છે અને એ ભક્તિના ફલરૂપે મોક્ષ થાય છે. આ ભક્તિનું પ્રવાહપણું એ કંઈ પ્રવાહમાર્ગ **‘जायस्व म्रियस्व’** પ્રકારે નથી, પણ લોકમાં જેમ મુખ્યફલરૂપમાં દરેકને મુક્તિ જ અભિમત છે તેમ અહીં આ અધિકારીના ભજનકર્તાના હૃદયમાં મુક્તિ રહી હોવાથી પ્રાવાહિકતા કહી છે. આ પ્રકારમાં શ્રવણાદિનું વિહિતપણું અને મોક્ષસાધનપણું રહેલું હોવાથી આટલી ઉપાસના માર્ગની તુલ્યતા હોવાથી ઉપાસના મિશ્રપ્રવાહ સ્વરૂપનો ભક્તિ પ્રકાર કહી શકાય છે. અહીં ભક્તિપ્રકાર છે તે ભક્તિમાર્ગીય આચાર્યો દ્વરા પ્રવર્તાવાયેલ ભક્તિ સમ્પ્રદાયની દીક્ષા લઈને તે-તે ભક્તિ સમ્પ્રદાયોમાં વિધાન કર્યા મુજબના

શ્રવણાદિ હોવાથી અને તે તે ભક્તિ સમ્પ્રદાયોમાં વિહિતા-સગુણા ભક્તિનો જ પ્રકાર સ્વીકારેલો હોવાથી તે - તે સમ્પ્રદાયો પણ ઉપાસનાદિમિશ્ર ભક્તિના પ્રકારવાળા હોવાથી, જેને તૃતીયાસ્કન્ધ સુબોધિનીમાં **‘भेदः पारमार्थिक इति शास्त्रं पुरस्कृत्य त्रिविधो भक्तियोग उक्तः । ते च साम्प्रतं विष्णुस्वाम्यनुसारिणः, तत्त्ववादिनः, रामानुजाश्चेति तमोरजःसत्त्वैर्भिन्नाः । अस्मत्प्रतिपादितश्च नैर्गुण्यः । एवं चतुर्विधोपि (भक्तियोगः) भगवता प्रतिपादितः’** (સુબો. ૩-૩૨-૩૭) શ્રીઆચાર્યચરણ જણાવે છે, તેથી ભક્તિનો આ પ્રકાર ઉપાસનામિશ્ર પ્રાવાહિક છે. તૃતીયસ્કન્ધ બત્રીસમા અધ્યાયના સુબોધિની વાક્યને વિચારતાં તામસ-ઉપાસનામિશ્રભક્તિનો પ્રકાર વિષ્ણુસ્વામીનો કે જેને અહીં ભક્તિહંસમાં પ્રાવાહિકી ભક્તિ કહી છે, **‘रजः कर्मणि भारत’** એ ગીતાવાકયાનુસાર રાજસ-કર્મ મિશ્ર ભક્તિનો પ્રકાર તત્ત્વવાદિઓ (અથવા તો માધ્વોનો), સાત્ત્વિક-જ્ઞાનમિશ્રભક્તિનો પ્રકાર રામાનુજનો. આ પૈકી શ્રીવિષ્ણુસ્વામી અનુસારનો જે ઉપાસના મિશ્ર ભક્તિનો પ્રકાર છે તેને જ અહીં શ્રીપ્રભુચરણ પ્રાવાહિકી ભક્તિ નામે જણાવે છે.

પ્રાવાહિકી ભક્તિથી આગળનો મર્યાદાભક્તિનો પ્રકાર શ્રીપ્રભુચરણ જણાવે છે -

પ્રેમાત્મક ભક્તિના સાધનપણાએ એટલે કે જે ભક્તિનું સ્વરૂપ પ્રેમ છે તેવી પ્રેમાત્મક ભક્તિને પોતાનામાં પ્રકટાવવા માટે તેના સાધન સ્વરૂપમાં જે શ્રવણ-કીર્તનાદિ કરવામાં આવે છે તે મર્યાદા ભક્તિ છે. આ શ્રવણાદિ પ્રેમને લઈને નથી થયા પરંતુ પ્રેમ-ભક્તિના સાધનરૂપમાં કરાય છે તેથી જ્યાં સાધન આવ્યું ત્યાં મર્યાદા આવી જ જાય છે. પ્રેમ- ભક્તિ એ પુષ્ટિ છે, અને એ ભગવાનના વિશેષ અનુગ્રહ વિના શક્ય ન હોવાથી જેમનામાં પ્રેમ-ભક્તિનું બીજ છે પણ તે અપ્રકટરૂપમાં - અંકુર વગેરે ભાવ સ્વરૂપ વિનાનું હોવાથી જો તે બીજ કોઈ પણ પ્રકારના સાધન કર્યા વિના માત્ર વિશેષ ભગવદનુગ્રહે પ્રેમ સ્વભાવે જ અંકુરાદિ ભાવને પામતાં

ઉત્તરોત્તર વૃદ્ધિને પામતું જાય ત્યારે તે શુદ્ધપુષ્ટિભક્તિ કહેવાય છે. પરન્તુ જ્યારે ભગવાનનો અનુગ્રહ જ તેવો હોય કે આ જીવો ભક્તિમાર્ગીય સાધનો કરીને પ્રેમ-ભક્તિને પામો ત્યારે સાધનરૂપ મર્યાદાનું મિશ્રણ હોવાથી આ ભક્તિને ભક્તિમાર્ગમાં મર્યાદાભક્તિ નામે જાણવામાં આવે છે.

પૂર્વમાં કહેવાયેલી પ્રાવાહિકી ભક્તિ અને અહીં કહેવાયેલ મર્યાદા ભક્તિ બેમાં જે મુખ્યભેદ છે તેમાં પ્રથમ પ્રાવાહિક ભક્તિનો અધિકારી મોક્ષસાધનપણાએ શ્રવણાદિ સાધન કરે છે તેથી ત્યાં શ્રવણાદિ એ સગુણરૂપના મોક્ષના સાધન છે, જ્યારે અહીં મર્યાદાભક્તિનો અધિકારી પ્રેમને પામવા પ્રેમાત્મિકા ભક્તિનો લાભ થાય તે માટે શ્રવણાદિ સાધન કરે છે તેથી સાધનમાં પણ ભક્તિ સિવાયનો બીજો હેતુ ન હોવાથી અહીં શ્રવણાદિ સાધનો પણ નિર્ગુણાભક્તિ સ્વરૂપના જ હોય છે.

બીજું અંતર એ છે કે પ્રાવાહિક ભક્તિમાં આત્મનિવેદન એ પણ શ્રવણાદિ નવકમાં હોવાથી તે ભક્તિમાં કરાતું આત્મનિવેદન એ પણ મોક્ષના સાધનરૂપ હોવાથી સગુણ છે, જ્યારે અહીં મર્યાદાભક્તિમાં ભાગવત એકાદશ સ્કન્ધના **‘एवं धर्मैर्मनुष्याणामुद्धवाऽऽत्मनिवेदिनाम् । मयि सञ्जायते भक्तिः’** વાક્ય અનુસાર આત્મનિવેદન પૂર્વક શ્રવણાદિ સાધનો આચરે છે તેથી આમાં કરાતું આત્મનિવેદન પણ અન્ય કામનાઓ વિના પ્રેમ-ભક્તિબીજ થકી થયું હોવાથી તે આત્મનિવેદન પણ પ્રેમ સ્વરૂપનું જ સંસ્કારરૂપ છે, જેમ અગ્નિ પ્રગટાવવા માટેનું સાધન ચિનગારી એ પણ અગ્નિરૂપ જ છે, જેમ અગ્નિ પ્રગટાવવા અગ્નિ જ મુખ્ય સાધન છે તેમ આ ભક્તિનું પણ મુખ્ય સાધન ભક્તિરૂપથી અલગ હોઈ શકતું નથી.

ત્રીજો ભેદ એ છે કે પ્રાવાહિકી ભક્તિનો અધિકારી અને મર્યાદા ભક્તિનો અધિકારી એ બંને જુદા-જુદા અધિકારના છે. તેથી તે બંને વડે કરાતાં આત્મનિવેદનમાં પણ જુદાપણું આવે છે. પ્રાવાહિક ભક્તિમાર્ગમાં કરાતું આત્મનિવેદન એ શ્રવણાદિ નવકના અન્તર્ગત એક ભાગ માત્ર છે, જ્યારે મર્યાદાભક્તિમાં કરાતું આત્મનિવેદન એ માત્ર નવકના અંતર્ગતનો

એક ભાગ માત્ર નહીં, પણ તે સર્વપ્રથમ મુખ્ય છે અને તે આત્મનિવેદનપૂર્વક તે શ્રવણાદિ કરે છે. અનાત્મનિવેદી દ્વારા કરાતાં શ્રવણાદિ એ પ્રેમાત્મિકા ભક્તિના ભાવોને પ્રગટ કરી શકતાં નથી. અતઃ પ્રાવાહિકમાં તે સાધનો પૈકી માત્ર એક સાધન છે જ્યારે મર્યાદામાં આત્મનિવેદન એ દીક્ષા સ્થાનીય છે. પ્રાવાહિકમાં ભક્તિમાર્ગીય આચાર્યપ્રવર્તિત (ગુણમિશ્ર) ભક્તિ સમ્પ્રદાયની દીક્ષાપૂર્વક મોક્ષસાધનત્વેન તન્માર્ગ વિહિત શ્રવણાદિ છે જે ભગવન્નામરૂપ વૈદિક-તાંત્રિક મંત્રની દીક્ષાપૂર્વક છે. જ્યારે મર્યાદામાં શુદ્ધભક્તિમાર્ગીય આચાર્ય પ્રવર્તિત શુદ્ધ નિર્ગુણ ભક્તિમાર્ગીય સમ્પ્રદાય અનુસારની શરણાત્મિકા તથા આત્મનિવેદનાત્મિકા દીક્ષા છે.

એક વાત નક્કી છે કે બીજા દેશના નાગરિકને ભારતમાં આવવા-રહેવા માટે ભારતીય રાજ્ય સત્તા જ અધિકૃત કરી શકે છે, તેમાં પણ ભારતનો કોઈ પણ નાગરિક અધિકૃત કરી શકે નહીં, રાજ્ય સત્તામાં બીજો કોઈ અધિકારી પણ તે કરી શકે નહીં, પણ જેનામાં અધિકૃત કરવાની સત્તા છે તે જ અધિકારી અધિકૃત કરી શકે છે. તેવી રીતે જે આત્મનિવેદનને શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ **‘સાક્ષાત્ ગોકુલેશભજનાધિકારરૂપ’** જણાવે છે તે પુષ્ટિભક્તિ અધિકાર સંપાદક આત્મનિવેદન એ પોતાના સ્વૈચ્છિક પ્રકારે યા કોઈ અનધિકૃત અન્ય દ્વારા કરવામાં આવે ત્યારે તેવા આત્મનિવેદનથી પુષ્ટિભક્તિના અધિકારનું સમ્પાદન થતું નથી, પરન્તુ જેને શ્રીગોકુલેશજી જણાવે છે કે **‘ब्रह्मसम्बन्धकरणंनाम एतन्मार्गाचार्यद्वारा भगवन्निवेदनम्’** તે અનુસાર પુષ્ટિભક્તિમાર્ગાચાર્ય દ્વારા ભગવદુક્ત વાક્યો વડે કરાતું આત્મનિવેદન જ પુષ્ટિભક્તિનો અધિકાર સંપાદન કરી શકે છે.

અતઃ પુષ્ટિભક્તિ સમ્પ્રદાય પ્રવર્તક પુષ્ટિમાર્ગાચાર્ય દ્વારા આત્મનિવેદન દીક્ષાપૂર્વક એક માત્ર પ્રેમોત્પત્તિ અર્થે પ્રેમના સાધનપણાએ શ્રવણકીર્તનાદિ આ ભક્તિમાર્ગનો પ્રકાર છે. મર્યાદાભક્તિમાર્ગ એમ કહેવાથી અહીં જે મર્યાદા છે તે પ્રેમોત્પત્તિમાં સાધન કરવારૂપ મર્યાદા છે, અહીં મર્યાદાભાવ કહેવાનો આશય નથી. એટલે કે તેઓ મર્યાદાભાવવાળા

છે તેમ કહેવાનો આશય નથી. એ મર્યાદામાર્ગ તો કર્મ - જ્ઞાન- ઉપાસના માર્ગના નિરૂપણમાં જ કહેવાઈ ગયો છે અને મર્યાદાભાવ મિશ્ર જે ભક્તિમાર્ગ છે તેની વાત પ્રાવાહિક ભકિતમાર્ગમાં કહેવાઈ ગઈ છે. તેથી અહીં જે મર્યાદા પદનો પ્રયોગ છે તે પ્રેમાત્મક ભક્તિની સાધનતા આમાં કહેવાઈ હોવાથી છે. તેમજ આમાં તે સાધનો પણ શ્રવણ-કીર્તનાદિ ભકત્યાત્મક સાધનો જ છે. અતઃ અહીં જે ભકિત ઉત્પન્ન થાય છે તે શ્રવણાદિ ભક્તિરૂપ સાધનો વડે જ થાય છે. જ્યારે મર્યાદાભાવ મિશ્ર ભક્તિમાર્ગમાં **‘बहुजन्मविपाकेन तपोध्यानसमाधिभिः । नराणां क्षीणपापानां कृष्णे भक्तिः प्रजायते’** તેમજ **‘दानव्रततपोहोमजप-स्वाध्यायसंयमैः। श्रेयोभिर्विविधैश्चान्यैः कृष्णेभक्तिर्हि साध्यते’** વગેરે વાકયો અનુસાર પાપનાશના અનન્તર કે જ્ઞાનોદયના અનન્તર કર્માત્મક કે જ્ઞાનાત્મક સાધનો વડે ભકિત પ્રાકટ્ય થાય છે. આ જ ભક્તિને વિહિતા અથવા તો વિદ્યારૂપા નામે જાણવામાં આવે છે કે જે વિદ્યારૂપા ભક્તિ પૂર્વના ચાર વૈરાગ્ય-સાંખ્ય-યોગ-તપ સાથે સંલગ્ન છે.

આ પ્રમાણે શ્રીપ્રભુચરણના ભક્તિહંસના વિષયને વિચાર્યા પછીથી ભક્તિહંસમાં જણાવેલ છ પ્રકારો (૧) લૌકિક પ્રકારાત્મક શ્રવણાદિ, (૨) કર્મમાર્ગીય, (૩) જ્ઞાનમાર્ગીય, (૪) ઉપાસનામાર્ગીય, (૫) પ્રાવાહિક ભક્તિમાર્ગીય, (૬) મર્યાદાભક્તિમાર્ગીય આ છ પ્રકારો પૈકી કયા કયા પ્રકારો સાથે જલભેદોક્ત છઠ્ઠો-સાતમો-આઠમો એમ ત્રણે ભાવોની કયાં સંગતિ થાય છે તે વિચારવું શેષ રહે છે.

જલભેદોક્ત છઠ્ઠાભાવવાળા લોકો શાસ્ત્રજન્યાબુદ્ધિ ઉપરાંત ભગવચ્છાસ્ત્રમાં તત્પર છે એમ કહ્યું છે તેથી તેઓ વૃત્ત્યર્થ ભગવન્નામાદિનું શ્રવણ-કીર્તનાદિ નથી કરતા એમ તો સ્પષ્ટ જણાય છે, તેથી તેઓ લૌકિક પ્રકારના નથી એ સમજી શકાય છે.

આ ભાવવાળાઓ ભગવત્ શાસ્ત્રો ગીતા-ભાગવતાદિમાં તત્પર છે

એમ કહ્યું હોવાથી આ લોકો ધર્મ-અર્થ-કામ ત્રિવર્ગને અર્થે શ્રવણ-કીર્તનાદિ કરનારા નથી એમ જાણી શકાય છે. ગ્રન્થોક્ત ભગવત્શાસ્ત્રતત્પર પદના આશયને જણાવતાં શ્રીકલ્યાણરાયજી શ્રીપુરુષોત્તમજી શ્રીવલ્લભજીનાં વાક્યોની પણ સંમતિ છે. શ્રીકલ્યાણરાયજીના વાકયમાં **‘આ લોકો સાંસારિક તાપથી તપતા નથી તથા શ્રીપુરુષોત્તમજીના વાક્યમાં તેમના વડે વિચારાતાં અને સાંભળવામાં આવતા ભગવદ્ગુણો એ સ્વરૂપથી અને ફલથી ઉત્તમ છે’** આમાં ફલથી ઉત્તમ એટલે ધર્મ-અર્થ-કામની સિદ્ધિથી સિદ્ધ થનાર ફલથી ઉત્તમ ફલનું સંપાદન કરવામાં સમર્થ છે એમ અર્થ છે અને શ્રીવલ્લભજીના વાક્યમાં યદ્યપિ આમને કર્મમાર્ગીય તરીકે આલેખ્યા છે, છતાં પણ તેમના કર્મમાર્ગીયપણામાં બીજી ત્રણ વાતો કહી છે (૧) ગૃહસ્થાશ્રમમાં સંસક્ત, (૨) ધર્મ-અધર્મના વિવેકવાળા, (૩) નિવૃત્તિમુખ. અહીં એમની જે ગૃહાદિમાં સંસકિત છે તે ચિત્તગત ગૃહાસક્તિ નહીં કિન્તુ ધર્મ-અધર્મના વિવેકવાળા થઈને અધર્મથી નિવૃત્તિપૂર્વક માત્ર ધર્મની કૃતિવાળા રૂપમાં તેમની સંસક્તિ કહી છે. જો એમ ન હોય તો નિવૃત્તિમુખ એટલે ગૃહાસ્થાશ્રમમાં સિદ્ધ થનારા ધર્મ-અર્થ-કામ અર્થેની પ્રવૃત્તિથી નિવૃત્તિ તરફ ઢળેલા-વૈરાગ્યવાળા એ વાકયથી વિરોધ આવશે. વળી, આ લોકો નિવૃત્તિમુખ હોવાના કારણે જ મોક્ષ મેળવવાની ઈચ્છાથી ભગવત્ શાસ્ત્રમાં તત્પર થયેલા છે, તેથી આમના વડે થનારા શ્રવણ-કીર્તનાદિ એ ત્રિવર્ગ અર્થે એ નિશ્ચય હોવાથી વર્તમાનમાં તેઓ કર્મમાર્ગમાં સ્થિતિ કરીને રહેલા નથી એમ શ્રીવલ્લભજીનો આશય જણાય છે. અતઃ છઠ્ઠાભાવવાળા કર્મમાર્ગીય પણ નથી.

આ જ્ઞાનમાર્ગીય પણ નથી. કારણ કે જ્ઞાનમાર્ગમાં કૈવલ્યજ્ઞાન જ મુખ્ય પ્રાપ્તવ્ય હેતુરૂપ છે. ત્યાં ભગવત્સ્વરૂપ અને ભગવત્ ચરિત્રો એ તો માત્ર ચિત્તશુદ્ધિ સાધવા પૂરતા જ સાધનો છે તેથી જ્ઞાનમાર્ગીઓ ભગવત્ શાસ્ત્રના જરૂર જેટલા ઉપયોગ કર્તા હોઈ શકે છે પરન્તુ તેઓ ભગવત્ શાસ્ત્રમાં તત્પર હોઈ શકતા નથી.

આ ઉપાસના માર્ગીય પણ નથી કારણ કે શ્રીપ્રભુચરણના

જણાવ્યા અનુસાર **‘કેવલ અર્ચામાં જ શ્રીહરિ પ્રત્યે શ્રદ્ધા રાખનારો, પણ શ્રીહરિના ભક્તો બીજામાં શ્રદ્ધા નહીં રાખનારો એ ભક્ત પ્રાકૃત છે’** એમ એકાદશ સ્કન્ધના વાક્ય મુજબ કેવલ શ્રીહરિની પ્રતિમામાં જ શ્રદ્ધાવાળો થઈ ભગવદ્ભક્તોમાં શ્રદ્ધા ન હોવી એમ જણાવ્યું હોવાથી જલભેદોક્ત છઠ્ઠાભાવવાળો એ ભગવત્ શાસ્ત્રમાં તત્પર કહ્યો છે તેથી ભાગવત એકાદશ સ્કન્ધ ના ભક્તિપ્રકરણસ્થ **‘मद्भक्तेषु पूजाभ्यधिका’** વગેરે વાક્યો તથા ગીતામાં ઠેકાણે ઠેકાણે ભક્તની પ્રશંસા ભગવાને કરી છે અને **‘यो मद्भक्तः स मे प्रियः’** વગેરે વાક્યોથી ભગવત્ પ્રિયજનોમાં ભાવ-શ્રદ્ધા ન હોવા એ ભગવચ્છાસ્ત્રોક્ત ભક્તિમાર્ગના અધિકારીનું લક્ષણ ન હોવાથી અને છઠ્ઠા ભાવવાળા ભગવચ્છાસ્ત્ર તત્પર હોવાથી ઉપાસનામાર્ગીયોથી છઠ્ઠાભાવવાળા અળગા છે એ નક્કી થાય છે.

પ્રાવાહિકી ભક્તિ એટલે ઉપાસનામિશ્ર ભક્તિનો પ્રકાર. આ પ્રકારમાં શ્રીપ્રભુચરણ તૃતીયસ્કન્ધસ્થ કપિલદેવ વાક્યોને ટાંકે છે. તે આધાર પર પ્રાવાહિક ભક્તિમાર્ગમાં ભક્તિમાર્ગીય આચાર્યો દ્વારા પ્રવર્તિત સમ્પ્રદાયનો આ અધિકારી છે, તેમજ તેનાં શ્રવણાદિ પણ તે-તે સમ્પ્રદાય અનુસારના છે તેથી તેના શ્રવણાદિ ભક્તિરહિત કેવળ ઉપાસનામાર્ગ પ્રકારના નથી, વળી તૃતીયસ્કન્ધ અનુસાર આ લોકો અખિલાત્મા ભગવાન્ સર્વ અપ્રાકૃતધર્મયુક્ત સાકાર પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમમાં ભક્તિથી જોડાયેલા છે, વળી તેઓ સર્વ પ્રકારનો સંગ-આસક્તિ ત્યાગેલા છે, વળી આવા લોકોના પ્રકૃષ્ટ સંગથી જેમાં ભગવાનના અલૌકિક પરાક્રમોનું જ્ઞાન રહેલું છે તેવી કથા થાય છે. અહીં આ સ્થળની સુબોધિનીમાં શ્રીઆચાર્યચરણ જણાવે છે - **‘यद्यपि भगवत्कथाः सर्वत्र भवन्ति, तथापि न ता भगवत्पराक्रमप्रतिपादकाः, तेषां मुखाद् भगवतः सामर्थ्यं लौकिकं निर्गतं भवति । सतामेव तु प्रसङ्गाद्भगवत्पराक्रमप्रतिपादिका भवन्ति । तैरेव वीर्याणि ज्ञायन्ते’** (સુબો.૩-૨૫-૨૫) શ્રીસુબોધિનીના આ વાક્યોથી એમ જાણી

શકાય છે કે આ લોકોના મુખથી નીકળતી ભગવત્કથા - ભગવદ્ગુણો એ ભગવાનના અલૌકિક પરાક્રમોને અભિવ્યક્ત કરે છે, જ્યારે બીજાઓના મુખે જે ભગવાનના ચરિત્રો કહેવાય છે તેમાં ભગવાનનું સામર્થ્ય લૌકિક રીતિથી જ કહેવાતું હોય છે. (જેમ કે **‘असम्भवं हेममृगस्य जन्म तथापि रामो लुलुभे मृगाय, प्रायः समापन्नविपत्तिकाले धियोऽपि पुंसां मलिना भवन्ति’** અથવા જેમ કે **‘जातस्य हि ध्रुवो मृत्युः’** ઉપર બોલતા હોય ત્યારે કહે ‘ભાઈ ! જન્મ-મરણના ચક્કર જ એવા અનિવાર્ય છે કે ભગવાન પણ જો જન્મ લે તો ભગવાને પણ જવું પડે છે એમ ભગવાનના અવતારોના ચરિત્રમાં જોવા મળે છે’, વગેરે પ્રકારે), તેમજ આમના સંગથી મોક્ષના માર્ગરૂપ આત્મા- ભગવાનમાં અનુક્રમે શ્રદ્ધા-રતિ-ભક્તિ થાય છે, આ ભક્તિને આ સ્થળે સુબોધિનીમાં શ્રીઆચાર્યચરણ વિદ્યારૂપાભક્તિ જણાવે છે. તેથી આ લોકો વિહિતા ભક્તિને કરનારા અને તે પણ મોક્ષના સાધનપણાએ એ શ્રીપ્રભુચરણની વાત સાથે સંગતિ બેસે છે. અતઃ ઉપાસના માર્ગમાં સાધનપણું છે તે અક્ષરોપાસનાદિ પ્રકારે સાધનપણું છે. ઉપાસના માર્ગ એટલે વેદમાં નિર્દેશ થયેલા અંશ-કલાદિ અવતારો, અન્તર્યામિ આદિ વિભૂતિઓ તથા વિવિધ ઈન્દ્રાદિદેવો એમની ઉપાસનાનો માર્ગ એ ઉપાસના માર્ગ. એટલે કે એમનું સ્વરૂપ સાધન અને એમની ઉપાસનાથી થનારું ફલ જેમાં રહેલું છે તે. તે-તેની ઉપાસના એ એ માર્ગમાં સાધન છે અને જેની ઉપાસના કરવામાં આવે છે તેમના સમ્બન્ધી સામીપ્ય- સારુપ્ય-સાલોક્ય-સાર્ષ્ટિ-સાયુજ્ય રૂપ મુક્તિ ફલ એ એ માર્ગમાં ફલ છે. આ બધા પૈકીમાંથી જે લોકો **‘मोक्षमिच्छेज्जनार्दनात्’** વગેરે વાક્યોના આધારે વિષ્ણુને જ મોક્ષમાં નિયામક માની અન્યનિષ્ઠાથી ઉપર ઊઠી વિષ્ણુના સંબન્ધી ધર્મોમાં નિષ્ઠાવાળા બની વિહિત એટલે કે તાંત્રિક દીક્ષાપૂર્વક તાંત્રિક પ્રકારે વિષ્ણુની ઉપાસના વડે સાધના પરાયણ બને છે ત્યારે તેવા સાધનાપથને વૈષ્ણવમાર્ગ નામે ઓળખવામાં આવે છે. આ જ સાધના પથને શ્રીભાગવતમાં ક્રિયાયોગના નામે કહેવામાં આવ્યો છે. તેમજ જેને એકાદશસ્કન્ધમાં **‘सात्त्विक्याध्यात्मिकी श्रद्धा’** થી આધ્યાત્મિકી

શ્રદ્ધા કહેવાઈ છે તેવી શ્રદ્ધાવાળા આ માર્ગના અધિકારી લોકો હોય છે. અતઃ આ લોકોમાં તેમની સાધનામાં હેતુરૂપે પ્રેમના અભાવ પૂર્વક માત્ર મોક્ષપ્રાપ્તિની ઈચ્છા હોય છે. અતઃ આ અધિકારીના હૃદયમાં ભગવદ્ભાવ યા પ્રેમનો અભાવ હોવાથી આ ભક્તિમાર્ગીય અધિકારી નથી. સાધનદશા-સિદ્ધદશા બંનેમાં ભગવદ્ભાવ - પ્રેમનો અભાવ રહેવાથી વિષ્ણુધર્મોમાં નિષ્ઠાવાળો હોઈને પણ આને (વિષ્ણુધર્મનિષ્ઠ ઉપાસનામાર્ગને ભક્તિમાર્ગ કહ્યો નથી.

પ્રાવાહિક ભક્તિમાર્ગની ઉપાસના માર્ગથી ભિન્નતા એ છે કે પ્રાવાહિક ભક્તિમાર્ગ એમ કહેતાં માત્ર પ્રવાહરૂપતા એની આરંભદશામાં હોય છે, જ્યારે સિદ્ધ દશામાં તે ભગવદ્ભાવ- પ્રેમ સંપત્તિવાળો બને છે અને તેથી ફલદશામાં તે ભગવદનુગ્રહે અક્ષર સાયુજ્યથી શ્રેષ્ઠ પુરુષોત્તમ સાયુજ્યની પ્રાપ્તિ કરનારો બને છે. આ બે સ્થિતિની ભિન્નતાને દર્શાવવા જ ભગવત્કથાનાં શ્રવણાદિ વગેરેથી અનુક્રમે શ્રદ્ધા, ત્યારબાદ રતિ અને ત્યારપછી ભક્તિ ઉત્પન્ન થાય છે તેમ કહ્યું છે. શ્રદ્ધા એટલે ભક્તિ માટે અપેક્ષિત નિર્ગુણા શ્રદ્ધા. તેથી તેનાં પૂર્વ તે આરંભમાં આધ્યાત્મિકી શ્રદ્ધાવાળો હોય છે. રતિ એટલે **‘रतिर्देवादिविषया भाव इत्यभिधीयते’** અનુસાર ભગવદ્ભાવ. ભક્તિ એટલે ભગવદ્‌ભાવ પૂર્વકનો સ્નેહ, અથવા ભગવદ્ભાવ-સ્નેહપૂર્વકની કૃતિ.

પ્રાવાહિકી ભક્તિ, મર્યાદાભક્તિ, પુષ્ટિભક્તિ ભક્તિના આ ત્રણે પ્રકારના અધિકારી લોકો માટેનો જે માર્ગ એ ભક્તિમાર્ગ કહેવાય છે. તેથી પ્રાવાહિકી ભક્તિનો અધિકારી પણ ભક્તિમાર્ગી છે. તેમાં પ્રાવાહિક ભક્તિમાર્ગ તથા તેનો અધિકારી તથા તેનું ફલ તૃતીયસ્કન્ધના કપિલાખ્યાનમાં **‘देवानां गुणलिङ्गानाम्’** થી આરંભી **‘सखा गुरुः सुहृदो दैवमिष्टम्’** પર્યન્તમાં અધ્યાય ૨૫ મા શ્લોક ૩૨ થી ૩૮ પર્યન્તમાં જણાવ્યું છે.

તૃતીય સ્કન્ધના આ પ્રકરણ ઉપરના સુબોધિનીના સ્વારસ્યે મને તો એમ જણાય છે કે **‘दानव्रततपोहोमजपस्वाध्यायसंयमैः, श्रेयोभिर्विविधैश्चान्यैर्कृष्णे भक्तिर्हिसाध्यते,** એમ દશમસ્કન્ધ પૂર્વાર્દ્ધના ઉદ્ધવ વાક્યમાં કહેવાયા મુજબનો ભક્તિપ્રાપ્ત અધિકારી એ પ્રાવાહિકી ભક્તિ પ્રાપ્ત અધિકારી છે. આવો અધિકારી પૂર્વજન્મોમાં **‘देवानां गुणलिङ्गानां आनुश्रविककर्मणाम्’** યથાવિધિ પૂર્વ-ઉત્તરકાંડોક્ત કર્મ વડે **‘सत्त्व एवैक मनसो वृत्तिः स्वाभाविकी तु या’** શુદ્ધ અન્તઃકરણ થતાં ફલરૂપ જન્મમાં તેને ભક્તિ લાભ થાય છે અને તે મુજબ ભગવદ્ભાવવાળો થઈ પ્રેમપૂર્વક ભક્તિ કરે છે, તે ભક્તિનો સાધનરૂપ પ્રકાર **‘नैकात्मतां मे’** થી અને તે ભક્તિનો ફલરૂપ પ્રકાર **‘पश्यन्ति ते मे’** થી અને તે ભક્તિથી થનારું ફલ એને **‘तैर्दर्शनीयावयवैः’** તથા **‘अथो विभूतिम्’** થી જણાવ્યું છે. આમની સાધન-ફલરૂપા બંને પ્રકારની ભક્તિ એ વર્તમાન જીવનમાં જ સમ્પન્ન કરે છે એમ **‘जीवतां साधनावस्था फलरूपा तथा परा’** તત્રસ્થા સુબોધિની કારિકાથી જાણી શકાય છે. તેમજ **‘पश्यन्ति’** ના સુબોધિનીના અન્તમાં **‘जीवन्त एवैते एतस्मिन्नेव लोके भगवता सह स्पृहणीयां वाचं वदन्ति, यथा मित्रैः सह इष्टालापाः क्रियन्ते’** (સુબો.૩-૨૫-૩૫) વાક્યથી જાણી શકાય છે.

આ પ્રમાણે તૃતીયસ્કન્ધોક્ત પ્રાવાહિકી ભક્તિનો અધિકારી અને સુબોધિનીમાં જણાવ્યા અનુસાર એનામાં પૂર્વજન્મમાં કરાયેલ સાધનાનો પ્રકાર એમાં પ્રગટેલી ભક્તિ તથા તેના બીજા જન્મમાં તેમની સાધન-ફલરૂપાભક્તિનું સ્વરૂપ અને તેનું ફલ એને સામે રાખતાં અહીં ૬-૭-૮ માં કહેવાયેલ વક્તાની તે સાથે સમાનતા છે એમ જણાય છે.

તેમાં ભાગવતમાં **‘आनुश्रविककर्मणाम्’** થી વેદમાં કહેવાયેલા જ કર્મોમાં જેની ઈન્દ્રિયોની પ્રવૃત્તિ છે તથા રાજસ્-તામસ્ રહિત જેનું સાત્ત્વિક મન છે તેવા વ્યક્તિને ભગવદનુગ્રહે વિશુદ્ધસત્ત્વસ્વરૂપ ભગવાન

વિષ્ણુમાં જ જેની ઈન્દ્રિયોની સ્વાભાવિકી વૃત્તિ બની છે એટલે કે વિષ્ણુમાં જ નિષ્ઠાને પામેલી બની છે તેવો અધિકારી. આટલાને જલભેદોક્ત છઠ્ઠા ભાવવાળા વક્તાના લક્ષણ સાથે વિચારતાં તેમાં ત્રણ લક્ષણ જણાવ્યાં છે. એક નિર્મલ જલથી યુક્ત **હૃદ સમાન** રાજસ્-તામસ્ રહિત શુદ્ધ સાત્ત્વિક અન્તઃકરણવાળા, બીજું **પંડિત** એટલે કે જેની બુદ્ધિ શાસ્ત્રજન્યા પંડા હોવાથી શાસ્ત્રોક્ત કર્મમાં જ રહેલી છે અને તેથી જેની ઈન્દ્રિયો દેવભાવને પામેલી શાસ્ત્રાજ્ઞા મુજબના કાર્યોમાં જ પ્રવૃત્ત છે તેવો, ત્રીજું લક્ષણ **ભગવત્ શાસ્ત્ર તત્પર** થી જેની સર્વવૃત્તિઓ એક માત્ર વિશુદ્ધ સત્ત્વસ્વરૂપ ભગવાન્ વિષ્ણુમાં નિષ્ઠાને પામેલી હોવાથી તે વેદના **ભગવાન જનાર્દનથી જ મોક્ષ થાય છે** તેમ તાત્પર્યને જાણીને વેદોક્ત અન્ય માર્ગોમાં નિષ્ઠા નહીં ધરાવીને માત્ર વિષ્ણુના જ માર્ગમાં નિષ્ઠાવાળો બની વિષ્ણુમાર્ગ પ્રતિપાદક ભગવત્ શાસ્ત્ર એટલે કે ભક્તિશાસ્ત્રમાં તે પરાયણ થયેલો છે. આ રીતે ઈન્દ્રિય-મનની આસુરી વૃત્તિઓને જીતી લઈ અધર્માચરણત્યાગી દૈવી વૃત્તિ થકી વેદશાસ્ત્રનિર્દિષ્ટ કર્મમાં જ પ્રવૃત્તિ કરવાવાળો રાજસ્-તામસ્રહિત શુદ્ધ સાત્ત્વિક અન્તઃકરણવાળો અને ભગવદનુગ્રહ પ્રાપ્ત-ભગવદનુગ્રહે વિશુદ્ધસત્ત્વરૂપ ભગવાન વિષ્ણુમાં જ નિષ્ઠા પામેલ વૃત્તિવાળો, મુમુક્ષુ, મોક્ષને અર્થે ભગવત્ શાસ્ત્રમાં જ તત્પરતાવાળો વૈષ્ણવાચાર્યકૃત વૈષ્ણવ દીક્ષાથી દીક્ષિત ઉપાસનામિશ્ર - પ્રાવાહિકી ભક્તિવાળો અધિકારી જલભેદમાં છઠ્ઠાભાવથી કહ્યો છે.

અધર્મમાં અરુચિવાળો, ધર્મમાં રુચિવાળો, રજોગુણ-તમોગુણ વિનાનો નિર્મળ-સાત્ત્વિક, ભગવાનમાં જ અન્તઃકરણવાળો મોક્ષનો સાધક, ભગવત્ શાસ્ત્રમાં તત્પર થયેલો, આ ગુણોવાળો હોવાથી આ વક્તાનો સંગ સર્વેને માટે ઉપકારક છે, કમસે કમ તેના સંગથી કોઈ હાનિ નહીં થાય એ નક્કી છે તે કારણથી દરેક ટીકાકારો આનો સંગ ઉત્તમ માને છે.

ત્યાર પછી **સાતમો ભાવ** છઠ્ઠાભાવમાં કહેલા બધા જ ગુણોને કાયમ રાખી વધુમાં જ્ઞાનના ઊંડાણવાળા, ગમ્ભીરમન-અન્તઃકરણવાળા અને શ્રોતાને શ્રવણ કરતાં સંદેહ થાય તેનું નિવારણ કરનારા ત્રણ ગુણો પૂર્વ કરતાં અધિક કહ્યા છે.

આ ભાવવાળો પણ ભક્તિહંસ અનુસાર પ્રાવાહિકી ભક્તિવાળો જ છે અને તૃતીયસ્કન્ધમાં **‘अनिमित्ता भागवती भक्तिः सिद्धेर्गरीयसी’** ની સુબોધિનીમાં કહ્યા અનુસારનો છે, જેને સુબોધિનીમાં **‘फलरूपे जन्मनि सा अनिमित्ता भवति, स्वतंत्रा, भगवन्निमित्तावा .... या अनिमित्ता सा भक्तिर्भवति इति उत्तरेण सम्बन्धः । किञ्च, सा चेद् भागवती भवति, साक्षाद्भगवन्तं विषयी करोति, भगवद्भावं वा षड्गुणरूपतामापद्यते । पूर्वं सत्त्वरूपे देवे विष्णौ वृत्तिः, सैव जन्मान्तरे भागवती भवतीति वा ।’** (સુબો.૩-૨૫-૩૩) આ મુજબ પૂર્વજન્મમાં વિશુદ્ધસત્ત્વરૂપ વિષ્ણુમાં નિષ્ઠા વૃત્તિવાળો તેવી સ્થિતિમાં જ દેહત્યાગતાં ભગવદનુગ્રહે બીજા જન્મમાં એ **‘अनिमित्ता’** એટલે કે મોક્ષનું પણ જેમાં નિમિત્ત નથી એવી કોઈ પણ હેતુના અનુસંધાન વિનાની ભક્તિવાળો એ થાય છે. અને તેમાં પણ તેવી ભક્તિથી પ્રસન્ન ભગવાનના વિશેષ અનુગ્રહે તે **‘भागवती’** એટલે કે સાક્ષાત્ ભગવાનને વિષય કરેલી - ભગવદ્ ભાવરૂપતાના સ્વરૂપની ભગવાનના ષડ્ગુણરૂપતાને પામેલી ભક્તિ પામેલો તે થાય છે.

આ પ્રકારે ફલરૂપ-અન્તિમજન્મ પ્રાપ્ત કરેલા ભક્તિવાળા અધિકારીની તેના જીવનની ઐહિક-પારલૌકિક ભોગના ભેદ વડે બે પ્રકારે વ્યવસ્થા સમજાવતાં શ્રીઆચાર્યચરણ સાધનાવસ્થા-ફલાવસ્થા એમ બે પ્રકારે જણાવે છે. તેમાં સાધનાવસ્થામાં તેઓ **‘नैकात्मतां मे स्पृहयन्ति केचित् मत्पादसेवाभिरता मदीहाः, येऽन्योऽन्यतो भागवताः प्रसज्ज्य सभाजयन्ते मम पौरुषाणि’** (ભાગ.૩-૨૫-૩૪) અર્થાત્ - આ અધિકારી તેની સાધનાવસ્થામાં એટલે કે ફલરૂપ અવસ્થાની પૂર્વ

અવસ્થામાં, એટલે કે ફલરૂપ ભગવાન તેનાં ઈન્દ્રિયગોચર બને તે પૂર્વની અવસ્થામાં તે ભગવાનમાં સાયુજ્યની પણ સ્પૃહા વિનાના અને દરેક પ્રકારે માત્ર ભગવત્કાર્ય જ કરવું તેમ ભગવત્સેવા-ભગવત્કાર્યમાં જ સુખ માનનારા ભગવત્સેવાપરાયણ મનોવૃત્તિવાળા, તેમજ જેની કાયિક સર્વ ચેષ્ટાઓ ભગવત્ સમ્બન્ધની જ છે તેવા, તથા વાણીથી પોતાના સમાન ભગવદીયો સાથે ભેગા મળી પરસ્પર એકબીજાને ભગવત્ ચરિત્રો કહેનારા આ પ્રમાણે તેમની પૂર્વાવસ્થા જણાવી છે. આ પ્રકારના સપ્તમ ભાવમાં કહેવાયેલા **‘સન્દેહ વારણ કરનારા, તેમજ વાવડી-ઊંડા જલાશય સમાન હૃદયના ઊંડાણવાળા, તથા ગંભીર મન હૃદયવાળા’** (અહીં સાધનાવસ્થા કહેવાથી ફલ થવામાં મુખ્ય સાધન ફલરૂપા ભક્તિ એટલે કે આસુરી સ્વભાવને જીતી ચુકેલ દૈવી મનવાળા એક મનસ્ પુરુષની સર્વ ઈન્દ્રિયોની ભગવાનમાં સ્વાભાવિકી વૃત્તિ સ્વરૂપની માનસી-ફલરૂપા ભક્તિ). શ્રવણકરનારના સન્દેહનું વારણ તે જ કરી શકે જે સ્વયં સર્વ સન્દેહરહિત થઈ નિઃસન્દેહપણાએ ભગવચ્ચરિત્રકીર્તન કરતો હોય અને એ ત્યારે જ શક્ય છે કે જ્યારે તે સ્વયં ભક્તિયુક્ત અન્તઃકરણવાળો હોય. માત્ર શાસ્ત્ર વાંચી યા બીજાઓથી માત્ર સાંભળીને જ કહેનારો હોય ત્યારે તો તે સ્વયં પણ સન્દેહવાળો હોવાની સંભાવના રહે છે. અતઃ ભક્તિયુક્ત મનવાળો ભક્તિને કારણે સન્દેહ વિનાનો હોય છે. અને ભક્તિ માટે શ્રીમહાપ્રભુ તૃતીયસ્કન્ધના આ જ પ્રકરણમાં લખે છે - **‘अत एकमेकस्वभावापन्नं मनो यस्य, तस्यैव भक्तिः, अन्येषां तु यथाकथञ्चित् क्रियमाणा भगवति खण्डशो वृत्तिः .....’** જેનું એક દૈવીસ્વભાવમાં જ આવી પડેલું મન છે તેને જ - સર્વ ઈન્દ્રિયોની ભગવાનમાં સ્વાભાવિકી વૃત્તિસ્વરૂપની ભક્તિ થાય છે, બીજાઓને જેમ તેમ પ્રકારે ભગવાનમાં ખંડશઃ - અખંડ નહીં એવી વૃત્તિ હોય છે. આસુરભાવવાળું - આસુર ભાવ સહિતનું અન્તઃકરણ હોય ત્યારે જ ભગવદ્ વિષયમાં સન્દેહ થાય છે. નિશ્ચય એ દૈવી સ્વભાવવાળાઓની - ભક્તોની બુદ્ધિનું લક્ષણ છે. **‘દૃઢ નિશ્ચયવાળા’** એમ ગીતાના બારમાં અધ્યાયમાં ભક્તલક્ષણમાં કહ્યું હોવાથી

તેમજ સંશય અને વિપર્યાસ એ રાજસ્-તામસ્ સ્વભાવવાળાઓની આસુરી સ્વભાવવાળી બુદ્ધિનું લક્ષણ છે. કારણ કે **‘अयथावत् प्रजानाति’** (ગી.૧૮-૩૧) માં યથાર્થ નહીં જાણવું-સંશયયુક્ત જાણવું રાજસી બુદ્ધિનું અને **‘सर्वार्थान् विपरीतांश्च बुद्धिः सा पार्थ तामसी’** (ગી. ૧૮-૩૨) માં વિપરીત દર્શન તામસીબુદ્ધિનું લક્ષણ કહ્યું છે. અતઃ સંદેહનિવારણ કરનારા એમ કહેવાથી ભગવાનના માર્ગમાં દૃઢ નિશ્ચયવાળા અને ભગવાનમાં સર્વ ઈન્દ્રિયોની સ્વાભાવિકી વૃત્તિવાળા એમ અર્થ જાણી શકાય છે.

તેવી જ રીતે **‘ઊંડા જલાશય સમાન ગંભીર મનવાળા’** એમ કહ્યું છે તેથી જેમ જળાશયમાં માટી-કચરો-કીચડ વગેરે ભરેલા હોય ત્યારે ઊંડાણ ઘટેલું હોય છે અને એ ન હોય તો જ ઊંડાણ શક્ય છે. તેમજ જ્યાં ઊંડાણ છે ત્યાં જ સ્થિરતા-ગંભીરતા છે અને જ્યાં ઊંડાણ નથી ત્યાં અસ્થિરતા - ચંચળતા વગેરે હોય છે, તેમ મન પણ જ્યારે વિવિધ પ્રકારની સુખ-ભોગની કામનાઓના કીચડ વગેરેથી ભરેલું હોય છે ત્યારે તે મન ઊંડાણથી ભાવ સભર નથી હોતું પણ ઔપચારિક ભાવ માત્ર હોય છે અને મનમાં કામનાના ભાવોના કચરાથી તે ગંભીર નહીં પણ અસ્થિર-ચંચળ હોય છે. કામનાઓ રૂપી કીચડથી ખદબદતું મન બ્રહ્માનુભવ યા ભગવદનુભવ માટે અયોગ્ય હોય છે. તેથી જ ઉપનિષદ્માં કહ્યું છે - **‘यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि स्थिताः, अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते’** (કઠોપનિષદ્ ૨-૩-૧૪) અહીં કામનાઓના પૂર્વ સર્વ શબ્દનો પ્રયોગ થયેલો છે તેથી ‘મારા માટે મોક્ષ સિદ્ધ થાઓ’ એ મુમુક્ષા પણ એક પ્રકારની કામના જ છે, ભલે તે સાત્ત્વિક પ્રકારે સુખાસક્તિ સ્વરૂપની હોય છતાં પણ - નિર્મલ, પ્રકાશક - રોગરહિત હોય છતાં તેવી આસક્તિ પણ બંધનકારક - અશુદ્ધિ જ છે તેથી બ્રહ્માનુભવમાં મોક્ષની ઈચ્છા પણ અયોગ્ય છે. સુખ-દુઃખના દ્વન્દ્વરૂપ જ્ઞાનમાંથી ઉદ્ભવેલી આ ઈચ્છા અદ્વૈતસિદ્ધિમાં પણ બાધક છે. કારણ કે ગીતાના પંદરમા અધ્યાયમાં

‘દરેક પ્રકારના સુખ-દુઃખ વગેરે દ્વન્દ્વથી રહિત’ને માટે જ અમૂઢ પદ પ્રયોગ થયો છે, તેથી તે જેનામાં છે તે અમૂઢ નથી અને જે મૂઢ છે તેઓ અવ્યય પદને પામવા અયોગ્ય છે. જ્યારે ભક્તિમાર્ગમાં અધિકૃત થયેલો જઘન્યાધિકારી પણ અવ્યયપદ પ્રાપ્તિમાં જ નહીં અપિતુ પુરુષોત્તમ સમ્બન્ધી સાયુજ્યાદિ મોક્ષની પણ સ્પૃહા રાખતો નથી. શ્રીઆચાર્યચરણ આ સ્થળે સુબોધિનીમાં લખે છે - **‘भगवत एकात्मतां सायुज्यरूपं फलं न स्पृहयन्ति । प्रार्थना दूरे’** (ભાગ. સુબો. ૩-૨૫-૩૪) અતઃ આ સાતમા ભાવવાળો અધિકારી મન-હૃદયની અશુદ્ધિઓથી રહિત શુદ્ધ અન્તઃકરણવાળો, ભાવરૂપજળના ઊંડાણવાળો, ભગવદ્‌ભાવના આધિક્યથી ગંભીર મનવાળો છે એમ તૃતીયસ્કન્ધ સુબોધિની વાક્યોથી સંગતિ કરીને જાણી શકાય છે.

આ પ્રમાણે સાતમા ભાવમાં કહેલા વકતા પણ પ્રાવાહિક ભક્તિમાર્ગના જ અધિકારી છે તેમજ તેઓ છઠ્ઠાભાવમાં કહેલા પ્રાવાહિક ભક્તિમાર્ગના અધિકારી હોઈને છઠ્ઠાભાવ કરતાં આગળની દશામાં પહોંચેલા - ઉત્કૃષ્ટ પ્રકારના છે. પૂર્વમાં તેઓ વિષ્ણુધર્મોમાં નિષ્ઠાવાળા હોવાથી તેમજ મોક્ષના અર્થે જ તેમનાં સર્વ સાધનો હોવાથી તેઓ મર્યાદામાં અધિકૃત છે તેમ જાણી શકાય છે અને તેમનામાં ભક્તિ પ્રકટ થતી હોવાથી તેમનામાં પુષ્ટિ પણ દેખાય છે. તેથી આ અધિકારી વકતાનો મૂલ અંગીકાર મર્યાદામાં હોઈ ભગવાનના વિશેષ અનુગ્રહે **‘ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति, समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम्’** (ગીતા.૧૮-૫૪) આ ગીતાવાક્ય અનુસાર જ્ઞાનના અનન્તર તેને ભક્તિલાભ થાય છે. અહીં જ્ઞાન-ભક્તિના વચમાં કંઈક કહેવું બાકી છે અને તે છે **‘વિશેષ ભગવદનુગ્રહે’**. જો એમ ન માનીએ તો પ્રત્યેક જ્ઞાનપ્રાપ્તને ભક્તિલાભ થવો અનિવાર્ય થશે અને તેમ હોતું નથી. આ પ્રમાણે સાતમા ભાવવાળો મર્યાદા-પુષ્ટિ અધિકારી છે. આ મર્યાદા - પુષ્ટિ અધિકારી છે તેથી તેને જે ફલ થાય છે તે બંને ગીતા-ભાગવતમાં મોક્ષરૂપ ફલ થાય છે તેમ

કહ્યું છે. મર્યાદા-પુષ્ટિ અધિકારીનું લક્ષણ શ્રીકલ્યાણરાયજી પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થની સ્વકૃત ટીકામાં પંદરમા શ્લોકના વ્યાખ્યાનમાં **‘मर्यादामार्गीया: पुष्टिमिश्रिता: माहात्म्यज्ञानात् भगवत्प्रीत्यर्थं कर्मकर्तारो भवन्ति’** મૂલ અધિકાર મર્યાદામાર્ગમાં હોઈને પુષ્ટિથી મિશ્રિત થયેલાઓ ભગવાનનું માહાત્મ્યજ્ઞાન થઈને માહાત્મ્ય જ્ઞાન વડે ભગવત્ પ્રીતિ-પ્રસન્નતાને અર્થે કર્મ કરનારા થાય છે, મર્યાદામિશ્રિત મર્યાદા અધિકારવાળા સ્વર્ગ વગેરે અર્થે અને પ્રવાહમિશ્રિત મર્યાદા અધિકારવાળા લૌકિક ફલને અર્થે કર્મ કરનારા થાય છે.

આ મુજબ સર્વ વિચારતાં સાતમાભાવવાળાઓ એ પ્રાવાહિક ભક્તિમાર્ગના અધિકારી હોઈને પણ છઠ્ઠાભાવવાળા પ્રાવાહિક ભક્તિમાર્ગના અધિકારી કરતાં ઉત્કૃષ્ટ છે અને તેમની એ ઉત્કૃષ્ટતા શ્રીસુબોધિની વાક્ય મુજબ અન્તિમ જન્મને પ્રાપ્ત કરેલા તેમજ અનિમિત્તા ભાગવતી ભક્તિને પ્રાપ્ત કરેલા છે. અનિમિત્તા ભક્તિવાળા છે તેથી જ તેઓ એકાત્મતાની સ્પૃહા વિનાના છે અને ભાગવતી ભક્તિવાળા છે તેથી જ તેઓ ગોવિન્દ ચરણની સેવામાં રત રહેલા માત્ર ભગવદર્થે જ સર્વ ચેષ્ટાવાળા છે. તેવી જ રીતે દશમ પૂર્વાર્દ્ધ અક્રૂર સ્તુતિમાં શ્રીસુબોધિની વાક્ય અનુસાર અન્તિમ જન્મ જ્ઞાપક લક્ષણ **‘સત્સેવાભિરુચિ, ભગવત્સ્વરૂપજ્ઞાનેચ્છા, સચ્છાસ્ત્રપરતા’** એમ ત્રણ લક્ષણો જણાવ્યા છે. તેમાં સત્ પુરુષો એટલે કે ભગવદ્ ભક્તો તેમની સેવા એટલે કે શુશ્રૂષા અથવા તો તેમનો સંગ તેમાં જ સર્વ પ્રકારે રુચિવાળા, આ જ લક્ષણ તૃતીયસ્કન્ધ વાક્યમાં **‘येऽन्येऽन्यतो भागवता: प्रसज्य’** એક-બીજા ભગવદ્ ભક્તો ભેગા મળીને મારા દિવ્ય-રસપૂર્ણ ચરિત્રોની પરસ્પર ચર્ચા કરે છે આની સાથે સંગત થાય છે. સત્ શાસ્ત્રો એટલે ભક્તિશાસ્ત્રો. એ ભક્તિશાસ્ત્રો કે જેમાં ભગવત્પ્રસન્નતા-ભગવત્પ્રિયતા જેથી થાય તે તેમાં જણાવાયું હોય. તેમજ આવા ભક્તિશાસ્ત્રોમાં પરાયણતાથી જ ભગવત્સેવા પરાયણતા સિદ્ધ થાય છે. આ જ લક્ષણને તૃતીયસ્કન્ધમાં **‘મારા ચરણની સેવામાં રત થયેલા’** થી જણાવેલ છે, તેમજ **‘ભગવત્સ્વરૂપ જ્ઞાનેચ્છા’** લક્ષણને તૃતીય

સ્કન્ધમાં **‘પરસ્પર ભેગા મળી મારા ચરિત્રોની ચર્ચા કરે છે’** થી જણાવ્યું છે. કારણ કે પારસ્પરિક ચર્ચામાં ભગવત્કૃપાપ્રાપ્ત ભક્તોના હૃદયમાં પ્રકટ થતા વિવિધ ભાવરૂપ ભગવત્સ્વરૂપનું તેનાથી જ જ્ઞાન શક્ય બને છે. અને તેથી જ તેઓ માત્ર કહેવામાં જ રુચિવાળા નથી કિન્તુ સાંભળવાની પણ રુચિ-જિજ્ઞાસાવાળા છે.

આ પ્રમાણે સાતમા ભાવવાળા તૃતીયસ્કન્ધ સુબોધિની કારિકા અનુસાર **जीवतां साधनावस्था फलरूपा तथा परा** પૈકી સાધનાવસ્થાપન્ન **‘સત્સેવામાં અભિરુચિવાળા, ભગવત્સ્વરૂપ જ્ઞાનની ઈચ્છાવાળા, ભક્તિશાસ્ત્રમાં પરાયણ થયેલા, અનિમિત્ત-ભાગવતી ભક્તિવાળા, મોક્ષને પણ’ शेमुषि भक्तिरूपा** એમ શ્રીરામાનુજાચાર્યના જણાવ્યા મુજબ **મોક્ષને તુચ્છ કરેલા,** અથવા શ્રીવેદાન્તદેશિકના જણાવ્યા મુજબ **यावदात्मनियतत्वत्यारतंत्र्योचिता (शरणागतिः)** મુજબના **‘ગોવિન્દ ચરણસેવામાં જ રત થયેલા, ભગવદર્થે જ સર્વ ચેષ્ટાવાળા, ભક્ત સમુદાયમાં પરસ્પર મારી ચર્ચા કરનારા’** લક્ષણોથી યુક્ત હોય છે.

* * * * *

શ્લોક-૬ (ઉત્તરાર્દ્ધ)

सरःकमलसम्पूर्णाः प्रेमयुक्तास्तथा बुधाः ॥ ६ ॥

અન્વય :- सरःकमलसम्पूर्णाः કમલથી ભરપૂર સરોવર જેવા (સરોવરના જળ જેવા), **प्रेमयुक्ताः -** પ્રેમથી યુક્ત થયેલા, **तथा -** તેમજ, **बुधाः** - જ્ઞાનવાળા

શબ્દાર્થ :- (પૂર્વમાં કહેવાયેલ ભગવચ્છાસ્ત્ર તત્પર, પંડિત, સન્દેહવારણ કરનારા એવા) જ્ઞાનવાળા તેમજ કમલથી ભરપૂર સરોવર જેવા (સરોવરના જળ જેવા) પ્રેમથી યુક્ત થયેલા.

(१) श्रीकल्याणरायजी - अष्टमं भावमाहुः सरःकमलसम्पूर्णा इति । भगवच्छास्त्रे सन्देहवारकाः अन्तर्निष्ठा वा ज्ञातारः प्रेमयुक्ताः सन्तः, सरःसम्बन्धिकमलानि सम्पूर्णानि यासु तादृश्य आप एतत्तुल्यभावा इत्यर्थः । जलाशयं विहायात्र जलदृष्टान्तकरणादेतेषामपि भावतुल्यत्वं सूचितम् । यथा एतादृश्य आपः सकलेन्द्रियसुखहेतवः कमलसौरभभृङ्गसारसादिसाहित्यात् तथैतेषां भावा अपीति भावः ॥ ६ ॥

અર્થાત્ - આઠમા ભાવને કહે છે **‘સરઃકમલસમ્પૂર્ણ’** વગેરેથી. ભગવત્ શાસ્ત્રમાં થનારા સન્દેહનું વારણ કરનારા અન્તર્નિષ્ઠ થયેલા એવા અથવા એવા જ્ઞાનવાળા-જાણનારાઓ (જો) પ્રેમથી યુક્ત થયેલા હોય (તો તે) કમલોથી ભરપૂર સરોવર સમ્બન્ધી (એવા સરોવરના) જળ એ જળના સમાન ભાવવાળા છે એમ અર્થ છે. (અત્યારસુધી જલના આધારની સમાનતાએ જણાવી હવે આ ભાવમાં) જલાધારના દૃષ્ટાન્તને છોડી જલને જ જે દૃષ્ટાન્તરૂપે કહ્યું છે તેથી આ પ્રકારના ભાવવાળાઓમાં રહેલો ભાવ પણ આ જળ (સરોવરના જળ) સમાન છે એમ સૂચિત કર્યું છે. જેમ

કમલથી ભરપૂર સરોવરનું જળ સકલ ઈન્દ્રિયોને સુખનું કારણ હોય છે, કમલની સુગન્ધ-ભમરાઓ-સારસ વગેરે સહિતનું હોય છે, તેમ આમનો ભાવ પણ તેવો જ હોય છે એમ કેહવાનો આશય છે ॥ ૬ ॥

શ્રીપુરુષોત્તમજી :- **‘अतः परं ‘सरस्याभ्यः स्वाहे’ति श्रुत्यनुसारेण तत उत्कृष्टं पुष्टयनुसृतमष्टमं भावमाहुः सर इत्यादि। भगवति प्रेम्णा युक्ताः निवृत्तलौकिकरागाः, तथा पूर्वोक्तवत् बुधाः भगवच्छास्त्रतत्पराः श्रोतुः सन्देहवारकाः ये ते सरःकमलसम्पूर्णाः, सरसि यानि कमलानि तैः सम्पूर्णा सम्यग्भरिता या आपस्तादृशाः । न च श्रुतौ सरस्यापदेन सरोधिकरणत्वमात्रलाभादत्र कमलसम्पूर्णत्वस्य कुत उक्तिरिति शंक्यम् । सरस्यापदस्य ‘सारसं सरसीरूह’ मिति कमलनामस्मारणेन तत्सम्बन्धार्थमेव तत्प्रयोगात् । अन्यथा हृद्यासूद्याभ्यां विशेषाभावात्तदनुल्लेखापत्तेरिति बोध्यम् । अत्र पूर्वं जलधाराणां दृष्टान्तत्वमुक्त्वात्र यदाप दृष्टान्तत्वेन सूचितास्तेन तेषां भावव्याप्तत्वं सूच्यते । तथा च यथा ता आपः सौगन्ध्यभ्रमरझंकारप्रभृतिभिः सर्वेन्द्रियाह्लादिन्यस्तथा तेषां भावोपि श्रोतृषु ज्ञानभक्ती संक्रामयन् तेषां सर्वेन्द्रियाह्लादी भवति, फलतश्च उत्कृष्यत इति तद्गता गुणास्तथेत्यर्थः । अत एवैकादशस्कन्धे संवादसमाप्तौ भगवतोक्तं ‘य एतन्मम भक्तेषु सम्प्रदद्यात्सुपुष्कलं तस्याहं ब्रह्मदायस्य ददाम्यात्मानमात्मनेति ॥ ६ ॥’**

અર્થાત્ :- હવે પછી **‘सरस्याभ्यः स्वाहा (सरसि भवाः सरस्याः)’** એ શ્રુતિ અનુસાર પૂર્વથી ઉત્કૃષ્ટ એવો પુષ્ટિને અનુસરતો ભાવ કહે છે **સરઃ** વગેરેથી. (પ્રેમયુક્ત એટલે) પ્રેમ વડે ભગવાનમાં યોજાયેલા, એટલે કે જેનો લૌકિક રાગ નિવૃત્ત થઈ ગયો છે તેવા, તેમજ પૂર્વમાં (છઠ્ઠા-સાતમા ભાવમાં) કહેવાઈ ગયેલા તેવા બુધો એટલે કે જાણકારો એટલે કે ભગવત્ શાસ્ત્રમાં તત્પર થયેલા અને સાંભળનારના સર્વસંદેહોનું નિવારણ કરનારા જે છે તે લોકો **‘सरःकमलसम्पूर्णाः’** એટલે કે સરોવરમાં રહેલા જે કમળો તેનાથી સમ્પૂર્ણ એટલે સારી રીતે ભરપૂર જળ, તેના જેવા. અહીં શ્રુતિમાં માત્ર સરોવરનું જળ જ કહ્યું છે તેથી સરોવરનું અધિકરણ જ માત્ર સમજવું જોઈએ જ્યારે અહીં કમલથી સારી રીતે ભરપૂરની વાત કહેવાઈ રહી છે તે કેવી રીતે ? એમ શંકા કરવી નહીં. (કારણ કે) સરસ્યા પદ વડે **‘सारसं सरसिरूहम्’ ‘સરોવરના કમળને સારસ નામે ઓળખાય છે’** એમ કમળનું નામ કહેવાયેલ હોવાથી શ્રુતિમાં (જળ સાથે) કમળના સમ્બન્ધને જણાવવા માટે જ (સરોવરના બીજા નામો નહીં કહીને) સરસ્યા નામનો પ્રયોગ કર્યો છે. જો એમ નહીં માનવામાં આવે તો હૃદ્ય અને સૂદ્ય નામના ભાવોથી આ ભાવમાં કંઈ પણ વિશેષ ન રહેવાથી તેનો અનુલ્લેખ જ હોવો બરાબર હતો, આ આપત્તિ આવે છે તેમ જાણવું. અહીં આ પહેલાના ભાવોમાં જલ-આધારના દૃષ્ટાન્તે કહીને આ ભાવમાં જે જળના દૃષ્ટાન્તને કહ્યું છે તેથી કરીને તેમના - આ ભાવવાળાના ભાવની વ્યાપ્તિ જણાવી છે. અતઃ કમળથી ભરપૂર સરોવરનું જળ જેમ સુગંધીવાળું, ભ્રમરોનો ઝંકાર થવો વગેરે વડે સર્વ ઈન્દ્રિયોને આહ્લાદ આપનાર જળ હોય છે, તેમ આ ભાવવાળાઓ પણ પોતાનામાં રહેલા જ્ઞાન-ભક્તિને શ્રોતામાં પ્રવેશ કરાવતાં તેમની સર્વ ઈન્દ્રિયોને આહ્લાદ કરનાર થાય છે, તેમજ સાંભળનારનો ફળથી પણ ઉત્કર્ષ થાય છે, એમ તેમનામાં રહેલા ગુણો આવા હોય છે. તેથી જ એકાદશ સ્કન્ધમાં સંવાદની સમાપ્તિમાં ભગવાને કહ્યું છે કે - **‘હે ઉદ્ધવ ! જે આ પૂર્ણ-સમૃદ્ધ એવા જ્ઞાનને મારા ભક્તોમાં સારી રીતે આપશે તે ઉપદેષ્ટાને મારા સ્વરૂપનું દાન કરું છું.’** (ભાગ. ૧૧-૨૯-૨૬)

શ્રીવલ્લભજી :- **‘अतः परं पूर्वतो विशिष्टमष्टमं भावमाहुः सरःकमलसम्पूर्णा इति । पूर्वं तु शास्त्रज्ञानेन पूर्णा उक्ताः,**

गम्भीरमानसत्वकथनेन ज्ञानस्थैर्यमप्युक्तम् । एते तु बुधाः ज्ञानिनः पुनः प्रेमयुक्ता भक्तियुक्ता इति सरःसम्बन्धिन्यः कमलैश्च सम्पूर्णाः आच्छादिताः तादृश्य आपस्तद्रूपाः । सरस्तु विहितं भवति । तत्र कमलं भक्तिरूपं, तेन पूर्णा आपः रसरूपाः । तत्तुल्यत्वकथनेन विहितभक्तिसहितप्रेमयुक्ताः ज्ञानेन च वासितास्तादृशास्त इति सूचितम् । तेनात्र क्रियापि सूचिता । रसस्य विहितसरःसम्बन्धित्वेन विहितभक्त्यनुसार्येव प्रेमापि तेष्विति सूचितम् । एवमेते त्रयोपि क्रमत उत्तरोत्तर-विशिष्टधर्मसहिताः सामान्यतो विहितभक्तिमार्गीया उक्ताः ॥६॥

અર્થાત્ - હવે પછી પૂર્વથી (છઠ્ઠા-સાતમા ભાવથી) વિશિષ્ટ એવો આઠમો ભાવ કહે છે - **'સરઃકમલ સમ્પૂર્ણા'** વાક્યથી. પૂર્વમાં (છઠ્ઠા ભાવમાં) તો શાસ્ત્રજ્ઞાન વડે પૂર્ણ એવા કહ્યા, (સાતમા ભાવમાં) ગંભીર માનસપણું કહીને જ્ઞાનની (તેમનામાં) સ્થિરતા પણ જણાવી. આ (આઠમા ભાવવાળા) તો બુધો એટલે કે જ્ઞાનિઓ અને વળી પાછા પ્રેમથી યુક્ત થયેલા એટલે કે ભક્તિથી યુક્ત થયેલા છે એમ સરોવર સંબન્ધી કમલો વડે સમ્પૂર્ણ એટલે કે આચ્છાદિત થયેલ જળ-તેના જેવા તદ્રૂપ છે. સરોવર એ વિહિત એટલે કે બનાવેલું હોય છે. તેમાં કમળ એ ભક્તિરૂપ છે, તેનાથી પૂર્ણ જળ એટલે કે રસરૂપ છે. તેની તુલ્યતા-સરખામણી કહેવાથી (તેઓ) વિહિત ભક્તિસહિત પ્રેમથી યુક્ત થયેલા અને જ્ઞાન વડે પ્રસિદ્ધ થયેલા તેવા તે લોકો હોય છે એમ સૂચિત કર્યું છે. તેથી કરીને અહીં ક્રિયાનું પણ સૂચન કર્યું છે. રસને અહીં બનાવેલા સરોવર સમ્બન્ધી જણાવેલ હોવાથી વિહિત ભક્તિ અનુસારનો જ તેમનો પ્રેમ છે એમ પણ સૂચિત કર્યું છે. આ પ્રમાણે ત્રણેય (છઠ્ઠા-સાતમા-આઠમા ભાવવાળા) ઉત્તરોત્તર એકબીજાથી વિશિષ્ટ ધર્મસહિતના, સામાન્ય રીતે (ત્રણે) વિહિત ભક્તિમાર્ગીયો જણાવ્યા છે. ॥ ૬ ॥

શ્રીબાલકૃષ્ણજી :- **अष्टमं भावमाहुः सरःकमलसम्पूर्णा इति। यथा पूर्वोक्तप्रकारकसन्देहवारकाः बुधाः प्रेमयुक्ताः सन्तः सरःसम्बन्धिकमलपरिपूर्णाः, परन्तु नादगायकतुल्यास्तेषां भावस्तज्जलतुल्य इत्यर्थः । यथा तज्जलं सुरभिशीतलयुक्तत्वात् लक्ष्मीनिवासयुक्तभगवत्सेवोपयोग्यं, तथैतेषां भावोपि । सौरभवत् प्रसररूपः परतः पावनो हृत्कमले व्रजसीमन्तिनी-भावस्थितिसहितभगवत्सेवोपभोग्यो भगवच्चरणाब्जमकरन्द पानमत्तमद्युपायितचित्रकुन्तलालिश्चेति भावः ॥ ६ ॥**

અર્થાત્ - આઠમા ભાવને કહે છે **'સરઃકમલ સમ્પૂર્ણાઃ'** વાક્યથી. જેમ પહેલાં કહ્યા મુજબ પ્રકારના સન્દેહવારણ કરનારા જ્ઞાનીઓ, તેઓ પ્રેમયુક્ત થયેલા હોય તો ત્યારે સરોવર સમ્બન્ધી કમલથી ભરપૂર જળ સમાન છે, પરન્તુ તેઓ નાદરૂપે ગાન કરનારાઓ સમાન તેમના ભાવ સમાન તે જલ સમાન છે એમ અર્થ છે. જેમ તે જળ સુગંધ-શીતલતાથી યુક્ત હોવાથી લક્ષ્મીના નિવાસવાળું ભગવત્સેવામાં ઉપયોગ યોગ્ય હોય છે, તેમ આમનો ભાવ પણ તેવો જ હોય છે. સુગંધની માફક પ્રસરવાવાળો અને પ્રસરીને પવિત્ર કરનારો હૃદયકમળમાં વ્રજસીમન્તિનીઓના ભાવની સ્થિતિ સહિતનો ભગવત્સેવામાં ઉપયોગ યોગ્ય ભગવાનના ચરણકમલ મકરન્દના પાનમાં મત્ત બનેલો.

વિવરણ - શ્રીપુરુષોત્તમજી આ આઠમા ભાવને પુષ્ટિનું અનુસરણ કરતો ભાવ છે એમ જણાવે છે. શ્રીકલ્યાણરાયજી છઠ્ઠા અને સાતમા ભાવ સાથે જ આની સંગતિ જણાવે છે. શ્રીવલ્લભજી છ-સાત-આઠમા ભાવને ઉત્તરોત્તર એકબીજાથી વિશિષ્ટ ધર્મવાળા તેમજ આ ત્રણે ભાવોને વિહિત ભક્તિમાર્ગીય તરીકે જણાવે છે.

આ ભાવવાળા શ્રીવલ્લભજીના જણાવ્યા અનુસાર ઉત્તરોત્તર વિશિષ્ટધર્મ સહિતના છે તેથી આ લોકો રજોગુણ-તમોગુણ રહિત હૃદસમાન

નિર્મલ અન્તઃકરણવાળા, શાસ્ત્રથી સિદ્ધ થયેલી બુદ્ધિવાળા, ભગવત્ શાસ્ત્રમાં તત્પર થયેલા, વિષ્ણુના ધર્મોમાં નિષ્ઠાવાળા, જેમનું અન્તઃકરણ ખૂબ જ ઊંડાણવાળું છે તેવા ગંભીર મનવાળા, ભગવત્ શાસ્ત્રમાં થતા સન્દેહોનું નિવારણ કરનારા જ્ઞાની એમ પૂર્વના બે ભાવોના લક્ષણને કાયમ રાખી વધુમાં પ્રેમથી યુક્ત થયેલા એટલે કે પ્રેમ વડે ભગવાનમાં યોજાયેલા હોય છે. શ્રીવલ્લભજીના કહ્યા અનુસાર આમનો પ્રેમ પણ શુદ્ધપુષ્ટિમાર્ગીય પ્રેમ નહીં પણ વિહિત ભક્તિમાર્ગ અનુસારનો જ હોય છે અને શ્રીપુરુષોત્તમજીના અભિપ્રાયે આ પુષ્ટિને અનુસરતો ભાવ છે એમ બેની સંગતિ કરીને વિચારવામાં આવે ત્યારે પુષ્ટિને અનુસરતો ભાવ એમ કહેવાથી આ પુષ્ટિભાવ છે એમ કહેવાનો શ્રીપુરુષોત્તમજીનો આશય નથી, નહીં તો એમ જ કહેતે કે આ પુષ્ટિભાવ છે, ત્યારે અનુસરતો એ કારણ વિનાનો વધારે પડતો શબ્દ પ્રયોગ કહેવાશે. અતઃ શ્રીપુરુષોત્તમજીના વાકયમાં જે પુષ્ટિપ્રયોગ થયો છે એ **भक्तिमार्गस्य कथनात् पुष्टिस्तीति निश्चयः** એમ શ્રીઆચાર્યચરણની ઉક્તિ અનુસાર આ પ્રકાર યા આ ભાવ એ ભક્તિમાર્ગીય હોવાથી આમ કહ્યું છે. અહીં જે ભાવની મુખ્યતા છે કે જે પૂર્વના બે ભાવોથી વિશિષ્ટ છે તે પ્રેમ ભાવ છે અને એ પ્રેમભાવને જ શ્રીપુરુષોત્તમજી પુષ્ટિને અનુસરતો ભાવ છે એમ કહે છે. તેથી શ્રીપુરુષોત્તમજીના કથનમાં જે પુષ્ટિ શબ્દ છે તેને જ શ્રીવલ્લભજી વિહિતભક્તિ શબ્દથી જણાવે છે અતઃ બંનેની સંગતિથી અર્થ કરતાં વિહિત ભક્તિને અનુસરતો પ્રેમ એમ અર્થ છે. વિહિત ભક્તિ એટલે શ્રીમદ્ ભાગવતાદિમાં જેનું **‘तस्माद् भारत सर्वात्मा भगवान् हरिरीश्वरः, श्रोतव्यः कीर्तितव्यश्च स्मर्तव्यश्चेच्छताभयम्’** (ભાગ.૨-૧-૫) વગેરેથી ભક્તિશાસ્ત્રોમાં વિધાન કરાયેલા શ્રવણાદિ પ્રકારની ભક્તિ. જેને શ્રીપ્રભુચરણ ભક્તિહંસમાં **‘तेन भक्तिपदस्य शक्तिः स्नेह एव । श्रवणादिषु तद्धेतुत्वेन तत्प्रयोगो भाक्तः’** એટલે કે ભક્તિપદની શક્તિ એ સ્નેહ જ છે, પરંતુ જે શ્રવણ વગેરેને ભક્તિ કહેવામાં આવે છે તે શ્રવણ વગેરેથી પ્રભુમાં સ્નેહ થતો હોવાથી મુખ્ય-ગૌણના ભેદે ગૌણ અર્થ પ્રકારે ભક્તિ એમ કહેવામાં આવે

છે. આ મુજબ જલભેદ ગ્રન્થસ્થ પ્રેમ શબ્દનો પ્રયોગ પણ ભક્તિસૂત્રોક્ત **‘गुणरहितं कामनारहितं प्रतिक्षणवर्धमानमविच्छिन्नं सूक्ष्मतरमनुभवस्वरूपम्’** વગેરે વિશેષણોથી વિશિષ્ટ થયેલ મુખ્ય અર્થરૂપ પ્રેમ નહીં પણ ગૌણ અર્થે પ્રેમ શબ્દ પ્રયોગ છે. એ ગૌણ અર્થ શ્રીપુરુષોત્તમજીની ટીકામાં જોવા મળે છે કે - **‘भगवति प्रेम्णायुक्ताः निवृत्तलौकिकरागाः’** પ્રેમનો અર્થ લૌકિક રાગ નિવૃત્ત થયેલો જેમાં છે તેવો પ્રેમ એમ અર્થ જણાવે છે, ભક્તિસૂત્રોક્ત વિશેષણોથી વિશિષ્ટ થયેલો પ્રેમ નહીં. આ ગૌણ અર્થને જ શ્રીવલ્લભજી **વિહિતભક્તિના અનુસારનો પ્રેમ** એમ જણાવે છે.

આ રીતે વિચારતાં ભક્તિહંસમાં પ્રાવાહિકી ભક્તિને જણાવતાં શ્રીપ્રભુચરણ તૃતીય સ્કન્ધના જે વાક્યો ટાંકે છે તે **‘न युज्यमानया भक्त्या’** (ભાગ.૩-૨૫-૧૯) થી આરંભી **‘श्रद्धा रतिर्भक्तिरनुक्रमिष्यति’** (ભાગ.૩-૨૫-૨૫) પર્યન્તમાં જણાવ્યા મુજબનું લક્ષણ જણાવે છે. તેની ૨૫ મા શ્લોક ઉપરની સુબોધિનીમાં **‘तस्माद्धेतोर्मम वीर्यज्ञापिकाः कथा भवन्ति । तासां प्रीतिपूर्वकसेवया क्रमेण श्रद्धा, रतिः भक्तिश्च भवति’** તેમજ ત્યાં જ આગળ **‘तदा आशु सर्वलोकनिवृत्तिरूपे आत्मनि, मोक्षाख्ये, भगवति वा, तन्मार्गे वा,प्रथममास्तिक्यबुद्धिर्भवति । ततो रतिः स्नेहो भवति, सर्वथैतत्प्राप्तव्यमिति । ततो वक्ष्यमाणा भक्तिर्भवति इत्यर्थः । विषयास्त्यक्ता अपि वासनया हृदि स्थिता रागापगम एव गच्छन्ति। स च भगवति स्नेहेन, संजातया सेवया, फलरूपं प्राप्तया, इतरविस्मारिकया निवर्तते । तदा जातविरागो भवति ।’** અર્થાત્ - (સત્ પુરુષોના પ્રકૃષ્ટ સંગથી) તે કારણથી મારા પરાક્રમોને જણાવનારી કથાઓ થાય છે. તે કથાઓના પ્રીતિપૂર્વક સેવન વડે ક્રમે શ્રદ્ધા, રતિ અને ભક્તિ થાય છે. ... ત્યારે શીઘ્રતાથી સર્વ લોક નિવૃત્તિરૂપમાં, આત્મામાં, મોક્ષાખ્યમાં, અથવા ભગવાનમાં, અથવા તેવા (મોક્ષાખ્ય) ભગવાનના

માર્ગમાં પ્રથમ શ્રદ્ધા એટલે કે આસ્તિકી બુદ્ધિ થાય છે. ત્યાર પછી રતિ એટલે સર્વથા આવા ભગવાન પ્રાપ્ત કરવા જોઈએ એમ સ્નેહ થાય છે, ત્યાર પછી અહીં (આ સ્થળે) કહેવાઈ રહેલી ભક્તિ થાય છે એમ અર્થ છે. વિષયો ત્યાગેલા હોવા છતાં પણ વાસના વડે હૃદયમાં રહેલા રાગ જતાં જ તે જાય છે. અને તે રાગોનો નાશ ભગવાનમાં સ્નેહ વડે થનારી ફલરૂપને પામેલી સેવા વડે કે જે ઈતર સર્વ કંઈનું વિસ્મરણ કરાવનારી છે તેના વડે થાય છે. જ્યારે રાગ વિનાશ થાય છે ત્યારે તે જાતવિરાગ (જેને વિરાગ થયેલો છે તેવો) થાય છે.

ઉપર મુજબ સુબોધિનીના સ્વારસ્યે વિચારતાં લોકત્યાગ કરેલી શાસ્ત્રથી સિદ્ધ થયેલી બુદ્ધિવાળો જ્યારે મોક્ષની અભિલાષાએ વિષ્ણુના ધર્મોમાં નિષ્ઠાવાળો થાય છે ત્યારે વૈષ્ણવ શાસ્ત્રોમાં પરાયણ બની રહે છે. તે સત્પુરુષો-ભગવદીયોનો સંગ કરે છે જેથી તેવા ભગવદીયો વડે ભગવાનના પરાક્રમ જણાવનારી કથાના પ્રીતિપૂર્વક સેવન વડે તેનામાં અનુક્રમે આસ્તિકી બુદ્ધિરૂપ શ્રદ્ધા થાય છે કે આ જ ભગવાન વિષ્ણુ મોક્ષના માર્ગરૂપ છે, બીજો કોઈ નથી. તેથી તે વિષ્ણુના ધર્મોમાં નિષ્ઠાવાળો થઈ તે ધર્મોના આચરણમાં પ્રવૃત્ત થાય છે એટલે કે તે અન્ય સર્વ નિષ્ઠા છોડી માત્ર તે વૈષ્ણવ ધર્મના આચરણમાં પ્રવૃત્ત થાય છે આટલા સુધીમાં **છઠ્ઠા ભાવવાળો** જાણવો જોઈએ. ત્યારપછી તેને વૈષ્ણવધર્મના આચરણ સહિત સત્સંગ વડે ભગવાનમાં રતિ એટલે કે સ્નેહ થાય છે. આ સ્નેહ સંકલ્પરૂપ છે. એટલે કે જ્યારે તે ભગવાન વિષયમાં સર્વ સન્દેહોથી રહિત થાય છે ત્યારે તેનામાં નિશ્ચય પૂર્વકનો સંકલ્પ થાય છે કે કોઈ પણ પ્રકારે આ મોક્ષના માર્ગરૂપ ભગવાનને પ્રાપ્ત કરવા જ જોઈએ કે જેથી મોક્ષ નિશ્ચિત જ બને. આવો સંકલ્પ જ એનાં ભાવનું ઊંડાણ જણાવે છે. અહીં સુધીમાં સાતમા ભાવવાળો જાણવો જોઈએ.

ત્યારપછી સત્સંગ અને ભગવાનના પરાક્રમોને જણાવનારી કથાના સેવનથી સર્વનું જેમાં વિસ્મરણ થઈ જાય છે તેવી નિવૃતરાગરૂપા-

જાતવિરાગરૂપા-જાતવિરાગરૂપા ભક્તિ કે જેને શ્રીઆચાર્યચરણ સુબોધિનીમાં (ભાગ.૩-૨૫-૨૬માં) **‘ફલરૂપને પ્રાપ્ત થયેલી અને સ્નેહ વડે ઉત્પન્ન થયેલી’** એમ જણાવે છે તેમજ ત્યાં જ આવી ભક્તિના ભાવવાળાને **‘જાતવિરાગવાળો’** જણાવે છે તેને જ જલભેદમાં શ્રીપુરુષોત્તમજી અને શ્રીવલ્લભજીના અભિપ્રાયે નિવૃત્તરાગરૂપ-વિહિતપ્રેમથી યુક્ત થયેલા એમ આઠમા ભાવવાળાને જણાવે છે, એમ જલભેદનો આઠમો ભાવ અને સુબોધિની-ભક્તિહંસનાં વાક્યો સાથે સંગતિ થાય છે. તેમજ આવા અધિકારીના ફલને પણ સુબોધિનીમાં જણાવ્યું છે તેમ **‘अयं पूर्वोक्तोधिकारी । मां प्रत्यगात्मानमिहैव देहे जन्मनि, ब्रह्माण्डभेदनादिकमकृत्वा अवरुन्धे; सद्योमुक्तिं प्राप्नोतीत्यर्थः’** **અર્થાત્ -** આ એટલે પૂર્વમાં (મોક્ષના માર્ગરૂપ ભગવાનમાં અનુક્રમે શ્રદ્ધા-રતિ-ભક્તિ થાય છે તે) કહેવાયેલ અધિકારી. **‘મને-પ્રત્યગાત્માને’** એટલે અન્તર્મુખતા વડે ચારેબાજુથી-સર્વતરફથી સ્ફુરિત થઈ રહેલા એવા મને આ જ દેહમાં એટલે આ જ જન્મમાં બ્રહ્માંડભેદન નહીં કરીને સદ્યોમુક્તિને પ્રાપ્ત કરે છે એમ આનું ફળ પણ ભક્તિહંસમાં જણાવ્યા મુજબ તેના અધિકારનો નિશ્ચય કરનાર લક્ષણ **‘મોક્ષના સાધનપણાએ કરાતા શ્રવણાદિ’** એના અનુકૂલ જ છે. અતઃ આ સર્વ બાબતોને વિચારતાં આ આઠમા ભાવવાળો એ પ્રાવાહિકી ભક્તિવાળો છે એમ નિશ્ચય થાય છે.

* * * * *

શ્લોક-૭ (પૂર્વાર્દ્ધ)

अल्पश्रुताः प्रेमयुक्ता वेशन्ताः परिकीर्तिताः ।

અન્વય :- **‘अल्पश्रुताः’** ઓછું શ્રવણ કરેલા અથવા ઓછું અધ્યયન કરેલા, **‘प्रेमयुक्ताः’** (અને) પ્રેમથી યુક્ત થયેલા, **‘वेशन्ताः’** નાના સરોવર (જેવા), **‘परिकीर्तिताः’** કહેવાયેલા છે.

શબ્દાર્થ :- ઓછું શ્રવણ કરેલા અથવા ઓછું અધ્યયન કરેલા (છતાં પણ) (ભગવદ્ વિષયક) પ્રેમથી યુક્ત થયેલા (એ) નાના સરોવર જેવા (ભાવવાળા) છે.

અહીં સર્વ ટીકાકારોનો અભિપ્રાય આ મુજબ છે -

(૧) શ્રીકલ્યાણરાયજી - ‘नवमं भावमाहुः अल्पेति । अल्पं श्रुतमध्ययनं येषां ते प्रेमयुक्ताः सन्तो वेशन्तः अल्पसरस्तत्तुभ्यास्तेषां भावस्तज्जलतुल्य इत्यर्थः ।’ અર્થાત્ - નવમા ભાવને કહે છે **અલ્પ** વગેરેથી. **અલ્પ** એટલે ઓછું **श्रुतं** એટલે અધ્યયન છે જેનું તેવા પ્રેમથી યુક્ત થયેલા **વેશન્તઃ** એટલે નાના સરોવર જેવા, તેમનો ભાવ તે જળના સમાન છે એમ અર્થ છે.

(૨) શ્રીપુરુષોત્તમજી - ‘अतः परं वैशन्तीभ्यः स्वाहेति श्रुतिमनुसृत्य ततो न्यूनं भावमाहुः अल्पश्रुता इत्यादि । अल्पं श्रुतमध्ययनं श्रवणं वा सत्पुरुषवाक्यसम्बन्धि येषां ते अल्पश्रुताः भगवद्विषयकप्रेमयुक्ताश्च । ते वेशन्ताः अल्पसरतुल्याः । वेशन्तः पल्वलं चाल्पसरे इति कोशात् । विशप्रवेशने विशन्त्यस्मिन् भेकादय इति निरुक्तेश्च । अत्र चाल्पश्रुतप्रेमयुक्तपदयोः समभिव्याहाराद्भक्तावपि स्वल्पत्वं सूच्यते । तेन वैशन्तीभ्यः

स्वाहेति श्रुत्युक्ता या आपस्तत्तुल्यस्तेषां भाव इति बोधितम् । तथा च प्रेमवत्त्वेन पूर्वोक्तजातीयत्वेप्यल्पत्वाद्यथा तज्जलं महिषादिभिरवगाढं कलुषं भवति, तथा तद्भावोपि श्रुतप्रेम्णोरल्पत्वाद्विजातीयशास्त्रादि संसर्गेण कलुषितो भवतीति तत्सङ्गोऽप्रयोजक इवेत्यर्थः ।’ અર્થાત્ - હવે પછી **‘वैशन्तीभ्यः स्वाहा’** એ શ્રુતિને અનુસરી તેથી છઠ્ઠા-સાતમા-આઠમા ભાવથી) ઉતરતો-ન્યૂન નવમો ભાવ કહે છે **અલ્પશ્રુતા** વગેરેથી. અલ્પ એટલે થોડું સાંભળેલું છે - અધ્યયન કર્યું છે અથવા થોડું સત્પુરુષોના વાક્યો સમ્બન્ધી શ્રવણ કર્યું છે જેમણે તે અલ્પશ્રુતો છે અને વળી ભગવદ્‌વિષયક પ્રેમથી યુક્ત થયેલા છે, તેઓ વેશન્ત એટલે નાના સરોવર સમાન છે. **‘વેશન્ત અને પલ્વલ એ બન્ને શબ્દો નાના સરોવરને માટે છે’** એમ કોશમાં કહેવાયું હોવાથી. તેમજ વિશ ધાતુ પ્રવેશના અર્થમાં છે - એટલે કે આમાં દેડકાઓ વગેરે પ્રવેશે છે એમ નિરુક્તિ હોવાથી. અહીં જે અલ્પશ્રુત અને પ્રેમયુક્ત એમ બે શબ્દો સાથે કહેલા હોવાથી આ લોકોની ભક્તિમાં પણ અલ્પતા સૂચિત કરી છે. તેથી કરીને **‘વૈશન્તીભ્યઃ સ્વાહા’** એ શ્રુતિમાં કહેલ જે જળ છે તેના સમાન આ ભાવવાળા છે એમ બોધ કરાવ્યો છે. તેથી કરીને પ્રેમવાળા કહેવાથી પૂર્વમાં (આઠમા ભાવમાં) જણાવેલા ભાવનો સજાતીય આ ભાવ હોઈને પણ જે તે (નાના સરોવરનું) જળ ભેંસ વગેરે વડે અતિગાઢું કાદવવાળું ગન્દુ થાય છે, તેમ આમનો ભાવ પણ સાંભળેલું અને પ્રેમ બન્નેની આ લોકોમાં અલ્પતા હોવાના કારણે ભક્તિમાર્ગ સિવાયના બીજા શાસ્ત્રોના સંસર્ગથી કલુષિત થાય છે તેથી આ લોકોનો ભાવ અપ્રયોજક જેવો છે એમ અર્થ છે.

શ્રીવલ્લભજી - ‘अतः परमेतेषाप्यवान्तरभेदान्निरूपयन्तो नवमं भावमाहुः । पूर्वोक्तेषु सरोदृष्टान्तीयेषु केचनाल्पं श्रुतमध्ययनं येषामेतादृशाः, परन्तु भगवद्‌गुणेषु प्रेमयुक्ताः, ते वेशन्ताः अल्पसरोरूपाः परिकीर्तिताः । प्रेमयुक्तत्वेपि विहितत्वेन प्रवृत्तत्वात् सम्पूर्णभगवद्‌धर्मज्ञानं विना भक्तिर्दृढा न

भवतीत्यल्पसरोदृष्टान्त उक्तः । यथाल्पसरो नष्टमपि भवेत्तथैतेषां भावा अपीति भावः । एतेन पूर्वापेक्षया हीनभावत्वमुक्तम् । एतदेवोक्तं तत्त्वार्थदीपे शास्त्रज्ञानाभावेपि प्रेम्णा भजते स मध्यम इति । एवं सर्वमित्यत्र ।’

અર્થાત્ - હવે પછી આ બધાઓમાં પણ રહેલા અવાન્તર ભેદોનું નિરૂપણ કરતાં નવમો ભાવ કહે છે. પહેલા સરોવરના દૃષ્ટાન્તથી કહેવાઈ ગયેલાઓમાં કેટલાક અલ્પશ્રુત એટલે કે થોડું અધ્યયન છે જેમનું તેવા, પરન્તુ ભગવદ્ ગુણોમાં પ્રેમ વડે યોજાયેલા, તે વેશન્ત એટલે કે નાના સરોવરરૂપે કહેવાયેલા છે. આ લોકો પ્રેમથી યુક્ત હોઇને પણ વિહિતપણાએ પ્રવૃત્ત થયેલા હોવાથી સમ્પૂર્ણ ભગવદ્ધર્મના જ્ઞાન વિના ભક્તિ દૃઢ થતી નથી તેથી આ ભાવવાળા તેવા (અદૃઢભક્તિવાળા) હોવાથી તેમને નાના સરોવરના દૃષ્ટાન્તે કહ્યા છે. જેમ નાનું સરોવર હોય તેનો નાશ પણ થાય છે, તેમ આમનો ભાવ પણ નાશ થનારો હોય છે. આમ જણાવીને પૂર્વની (છ-સાત-આઠની) અપેક્ષાએ આ હીનભાવવાળા છે એમ જણાવ્યું છે. આ જ વાતને તત્ત્વાર્થદીપનિબન્ધમાં કહી છે - **‘શાસ્ત્રજ્ઞાનના અભાવમાં પણ પ્રેમથી ભજન કરનાર મધ્યમ છે.’** આ પ્રમાણે અહીં બધું સમજવું.

શ્રીબાલકૃષ્ણજી - ‘अल्पं श्रुतमध्ययनं येषां ते प्रेमयुक्ताः सन्तो वेशन्ताः सरस्तद्वत् परिकीर्तिताः । तेषां भावस्तज्जलतुल्य इत्यर्थः । यथा तज्जलं वर्षाशरत्काले निर्मलं धर्मकाले पश्चात्प्रसङ्गाच्च कलिलं भवति, तथैतेषां भावोपि भगवत्सेवादिषु प्रेमयुक्तत्वान्निर्मलो भवति, परमल्पाध्ययनत्वात् असकृल्लौकिक-तापादिना कालुष्यादिकमाप्नोति इत्यर्थः ।’

અર્થાત્ - થોડું શ્રુત એટલે અધ્યયન છે જેમનું તે પ્રેમથી યુક્ત થયેલા નાના સરોવરના સમાન કહ્યા છે. તેમનો ભાવ તે જળ સમાન છે

એમ અર્થ છે. જેમ તે જળ વર્ષા-શરદ્ ઋતુમાં નિર્મળ અને ઉષ્ણકાલમાં અને પછી પ્રસંગ થકી ડહોળાયેલું થાય છે, તેમ આમનો ભાવ પણ ભગવત્સેવા વગેરેમાં પ્રેમયુક્ત હોવાથી નિર્મળ હોય છે, પરંતુ થોડું અધ્યયન કરેલ હોવાથી વારંવારના લૌકિક તાપ વગેરે વડે કલુષિતતાને પામે છે એમ અર્થ છે.

વિવરણ - શ્રીઆચાર્યચરણ આ નવમ ભાવવાળાઓને જલના દૃષ્ટાંતમાં વેશન્ત જાતિના જણાવીને તેમના બે લક્ષણો બતાવે છે. એક તો અલ્પ શ્રવણ કરેલા અને બીજું પ્રેમથી યુક્ત થયેલા, શ્રીકલ્યાણરાયજી પોતાની ટીકામાં આ સ્થળે અલ્પશ્રુતનો અર્થ અલ્પ અધ્યયનવાળા એમ જણાવે છે. શ્રીપુરુષોત્તમજી પોતાની ટીકામાં આ સ્થળે અલ્પશ્રુતનો અર્થ અલ્પ અધ્યયનવાળા અથવા અલ્પ શ્રવણ કરેલા એટલે સત્ પુરુષોના વાક્યોનું શ્રવણ જેમનું ઘણું અલ્પ છે તેવા તેમ જણાવે છે. તેઓશ્રી પ્રેમયુક્તોમાં ભગવદ્ વિષયક પ્રેમથી યુક્ત જણાવે છે. શ્રીવલ્લભજી પોતાની ટીકામાં આ સ્થળે શ્રીકલ્યાણરાયજીની માફક જ અલ્પ અધ્યયનવાળા એમ જણાવે છે. તેઓશ્રી પ્રેમયુક્તોમાં ભગવાનના ગુણોમાં પ્રેમથી યુક્ત એમ અર્થ કરી બન્ને વાક્યોને સાથે રાખી અર્થ કરતાં જણાવે છે કે તે લોકો પ્રેમથી યુક્ત હોઇને પણ એમની ભગવદ્ વિષયમાં પ્રવૃત્તિ શાસ્ત્રમાં વિધાન કર્યા અનુસારની વિહિત સ્વરૂપની હોય છે તેથી આ લોકો સમ્પૂર્ણ ભગવદ્ધર્મના જ્ઞાન વિનાના અને અદૃઢ ભક્તિવાળા હોય છે એમ જણાવે છે. શ્રીલાલુભટ્ટજી પોતાની ટીકામાં આ સ્થળે અલ્પશ્રુતનો અર્થ અલ્પ અધ્યયન કરી પ્રેમયુક્તોનો અર્થ ભગવત્સેવા વગેરે ભક્તિના પ્રકારોથી યુક્ત એમ જણાવી આવા લોકો જ્યારે ભગવત્સેવાદિમાં પ્રેમથી યુક્ત થાય છે ત્યારે તેમનો ભાવ નિર્મલ થાય છે અને તેમનાં અલ્પ અધ્યયનને કારણે વધુ પડતા લૌકિક તાપ વગેરે વડે તેમનો ભાવ કલુષિત પણ થાય છે.

આ ભાવમાં શ્રીકલ્યાણરાયજી અલ્પશ્રુતથી ઓછું અધ્યયન કરેલા છતાં પ્રેમથી યુક્ત થયેલા અને વેશન્તઃથી નાના સરોવર સમાન ભાવવાળા

એમ જણાવે છે. જ્યારે શ્રીપુરુષોત્તમજી અને શ્રીવલ્લભજી બન્ને પૂર્વમાં કહેવાયેલ ૬-૭-૮માં ભાવવાળાઓની અપેક્ષા આ નવમા ભાવવાળાને ન્યૂન ભાવવાળા જણાવે છે. શ્રીપુરુષોત્તમજીના કહ્યા મુજબ અલ્પશ્રુત અને પ્રેમયુક્ત બે શબ્દો સાથે કહ્યા હોઈ આ લોકો ભક્તિમાં પણ અલ્પતાવાળા હોય છે. તેથી કરીને આવા લોકો પ્રેમવાળા હોઈને પણ પ્રેમ-શ્રવણ અલ્પ હોવાથી બીજા શાસ્ત્રોના સંસર્ગથી આમનો ભાવ કલુષિત થાય છે. શ્રીવલ્લભજીના જણાવ્યા મુજબ આ લોકો વિહિતપણાએ પ્રવૃત્ત હોય છે તથા ભગવદ્ધર્મના પૂર્ણ જ્ઞાન વિનાના હોય છે તથા આ લોકો અદ્દઢ ભક્તિવાળા હોય છે તેથી નિબન્ધમાં શ્રીઆચાર્યચરણે જણાવ્યા મુજબ શાસ્ત્રજ્ઞાનના અભાવવાળા હોઈને પણ પ્રેમથી ભજન કરનારા તેઓ મધ્યમ પ્રકારના છે એમ જણાવે છે. જ્યારે શ્રીબાલકૃષ્ણજીના કહ્યા મુજબ આ લોકોને ભગવત્સેવામાં ભાવ પ્રેમયુક્ત હોવાથી નિર્મળ હોય છે, છતાં પણ વારંવારના લૌકિક તાપ વગેરેથી કલુષિત થાય છે.

સર્વ ટીકાકારોના નવમા ભાવવાળાઓ માટેના અભિપ્રાયને સામે રાખતાં મને એમ લાગે છે કે શ્રીઆચાર્યચરણોએ આ ભાવવાળાઓ માટે જે **‘પ્રેમયુક્ત’** એમ કહ્યું છે તેમાં શ્રીપુરુષોત્તમજીએ જણાવેલી સ્પષ્ટતા કે ભક્તિમાં પણ અલ્પ છે એ વાત ઘણી સુસંગત લાગે છે. તેથી આધુનિકમાં જે કેટલાક વૈષ્ણવો સમ્પ્રદાયનો સિદ્ધાન્ત-સેવા વગેરે ઉચિત જ્ઞાન વિનાના હોઈ પોતાના શ્રીઠાકોરજીમાં અને તેમની સેવામાં પ્રેમથી વર્તે છે તે પ્રેમ પણ **‘અલ્પભક્તિ’** પ્રકારનો જ જાણવો જોઈએ અને આવા વૈષ્ણવોએ પણ જેમ નાના સરોવરનું જળ સ્વચ્છ-નિર્મળ હોઈને પણ ગાય-ભેંસ વગેરે પશુઓના પ્રવેશથી ડહોળાયેલું-ગંદુ થાય છે તેમ વૈષ્ણવેતર શાસ્ત્રો, વૈષ્ણવેતર ગુરુજનો, વૈષ્ણવેતર વિદ્વાનોની કથાઓ-વ્યાખ્યાનો વગેરે તથા તેવાં પુસ્તકો વગેરેથી તેમનો ભાવ પણ કલુષિત-ડહોળાયેલો બનવો સંભવ હોવાથી તેવાઓએ પોતાના ભાવ-પ્રેમ ઉપર અતિવિશ્વાસ નહીં રાખી આવાઓથી સદા બચતા રહેવું જ એમના આધ્યાત્મિક-આધિદૈવિક હિતમાં છે. તેમજ આવાઓએ ભક્તિવર્દ્ધિનીમાં શ્રીઆચાર્યચરણે જણાવ્યા મુજબ **‘व्यावृत्तोऽपि हरौ चित्तं श्रवणादौ यतेत् सदा’** વૈષ્ણવ શાસ્ત્રો, માર્ગીય શ્રીવલ્લભ સિદ્ધાન્તને બરાબર જાણેલા અને તે મુજબ વર્તનારા ગુરુજનો, તેવા માર્ગીય વિદ્વાનો દ્વારા થનાર કથાઓ- વ્યાખ્યાનો તથા તેવાઓ દ્વારા લખાયેલ પુસ્તકોનું વાંચન, માર્ગીય પ્રાચીન આચાર્યોના ગ્રન્થોના અનુવાદોનું વાંચન વગેરે પ્રવૃત્તિઓમાં યથાશક્ય વધુમાં વધુ પ્રવૃત્ત રહેવું હિતાવહ છે. મને તો એમ લાગે છે કે સર્વનિર્ણય નિબન્ધમાં શ્રીઆચાર્યચરણે **‘कृष्णसेवापरम्’** વગેરે વાક્યોથી ગુરુસ્થાનીયનાં લક્ષણો બતાવ્યાં છે કે કૃષ્ણસેવામાં પરાયણ થયેલા, દંભ વગેરેથી રહિત થયેલા, શ્રીભાગવતના તત્ત્વને જાણનારા આ લક્ષણો ભલે પૂર્ણરૂપે કોઈનામાં ન પણ હોય છતાં પણ ઘણાં બધા અંશે રહેલા હોય અને વધુમાં શ્રીઆચાર્યચરણના સ્વરૂપમાં અને આપશ્રીના સિદ્ધાન્તોમાં દ્દઢ વિશ્વાસવાળા હોય તેવા વિદ્વાનો તથા આધુનિકમાં પરમ ભગવદીય નામે ઓળખાતા વૈષ્ણવો હોય પણ તે આ લક્ષણોવાળા હોય તેમના દ્વારા જ સમ્પ્રદાયના સિદ્ધાન્તો જાણવા-સમજવાનો આગ્રહ રાખવો જોઈએ. પરન્તુ જે લોકો આ લક્ષણો વિનાના હોય તેવા ભલે પ.ભ. (પરમ ભવાડેબાજ) નામે પ્રસિદ્ધ હોય તેવા વૈષ્ણવો કે વિદ્વાનો સમ્પ્રદાયના હોય તો પણ તેમની સાથે જયશ્રીકૃષ્ણ કહેવાનો વ્યવહાર માત્ર રાખી શક્ય તેટલું તેમનાથી **‘दूरतः परिवर्जयेत्’** દૂરથી જ અળગા રહેવું હિતાવહ છે.

* * *

શ્લોક-૭ (ઉત્તરાર્ધ)

कर्मशुद्धाः पल्वलानि तथाल्पश्रुतभक्तयः ॥ ७ ॥

અન્વય :- कर्मशुद्धाः - કર્મ વડે શુધ્ધ થયેલા, **तथा** - તેમજ (પૂર્વ ભાવમાં કહ્યા મુજબના), **अल्पश्रुतभक्तयः** - થોડું શ્રવણ કરેલા (અને) થોડી ભક્તિવાળા (એવા તે), **पल्वलानि** - નાના સરોવર (જેવા છે).

શબ્દાર્થ :- કર્મ વડે શુધ્ધ થયેલા તેમજ (પૂર્વભાવમાં કહ્યા મુજબના) થોડું શ્રવણ કરેલા (અને) થોડી ભક્તિવાળા, (અથવા-થોડું શ્રવણ કરેલા હોવાથી થોડી ભક્તિવાળા) (એવા તે) નાના સરોવર (જેવા છે).

અહીં સર્વ ટીકાકારોનો અભિપ્રાય આ મુજબ છે -

(૧) **શ્રીકલ્યાણરાયજી - दशमं भावमाहुः कर्मशुद्धा इति । कर्मभिः शुद्धाः, कर्माणि कृत्वेश्वरे ये समर्पयन्ति तेषां कर्म चित्तशोधकं भवतीति कर्मशुद्धाः । 'यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् । यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणमि'ति भगवद्वाक्यात् । एते पल्वलमल्पसरोवरविशेषस्तत्तुल्यास्तेषां भावस्तज्जलतुल्य इत्यर्थः । अल्पा श्रुतिः पुराणादिश्रवणं येषाम्, अल्पश्रुत्या वा भक्तिर्येषामिति तेपि तथा, पल्वल जलतुल्या इत्यर्थः । यथा वेशन्तपल्वलयोरल्पतडागत्वात्तज्जलं पूर्वं निर्मलमपि वराहाद्यवगाहितं कलुषं भवति, तथा अग्निहोत्रं जुहुयात् स्वर्गकामः' 'अग्निष्टोमेन स्वर्गकामो यजते' त्यादिवाक्यात् सकाम नामेव यागाद्यधिकारात् फलाश्रवणेपि**

विश्वजिद्न्यायेन फलकल्पनान्नेश्वरार्पणार्थं कर्म कर्तव्यम्, किन्तु फलार्थमेव, यागानधिकारिणामेव भक्तावधिकार इत्यादिभिः कर्मजडानामसद्वादैस्तेषामपि भावः कलुषो भवति । 'तेषां मत्कर्मपरमो भव', 'मदर्थमपि कर्माणि कुर्वन् सिद्धिमवाप्स्यसि', 'मन्मना भवे'त्यादि प्रमाणानामज्ञानादित्यर्थः । वेशन्तपल्वलयोर्लोके पर्यायत्वेपि वेशन्तीभ्यः स्वाहा, पल्वल्याभ्यः स्वाहेति श्रुत्या तयोर्जलयोर्भेदनिर्देशात् । स्वादुसौरभादितदभावाभ्यां वा भेदो ज्ञेयः ।

અર્થાત્ - દશમા ભાવને કહે છે **'કર્મશુદ્ધો'** વાક્યથી. કર્મ વડે શુધ્ધ થયેલા, કર્મો કરીને જે ઈશ્વરમાં સમર્પણ કરે છે તેનું કર્મ ચિત્તને શુધ્ધ કરનારું થાય છે એમ **'કર્મશુદ્ધો'**. **'તૂ જે કરે છે, જે ભોગ કરે છે. જે હવન કરે છે, જે દાન આપે છે, જે તપ કરે છે તે બધું જ હે કૌન્તેય ! મને અર્પણ કર'** (ગીતા. ૯-) એમ ભગવદ્વાક્ય હોવાથી. આ ભાવવાળાઓ પલ્વલ એટલે નાનું સરોવર વિશેષ તેના જલ સમાન તેમનો ભાવ હોય છે એમ અર્થ છે. અલ્પ શ્રુતિ એટલે થોડું પુરાણ વગેરેનું શ્રવણરૂપ ભક્તિ જેની છે, અથવા થોડું સાંભળેલુ હોવાથી જેમની (થોડી) ભક્તિ છે તેવા તે લોકો પલ્વલ જળ સમાન છે એમ અર્થ છે. જેમ વેશન્ત અને પલ્લવ એ બન્ને નાના સરોવર હોવાથી તેમનું જળ પૂર્વમાં નિર્મલ હોઈને પણ ડુક્કર વગેરેના પ્રવેશ-સ્નાનથી કલુષિત થાય છે, તેમ અગ્નિહોત્ર-હવન કરવું, જેને સ્વર્ગની કામના છે તેણે અગ્નિષ્ટોમ વડે, સર્ગની કામનાવાળાએ યજન કરવું વગેરે વાક્યોથી યાગમાં સકામોનો જ અધિકાર છે તેથી (ક્યાંક ફલ ન પણ કહેવાયું હોય તો પણ) વિશ્વજિત્ ન્યાયે ફલ કલ્પના થતી હોવાથી ઈશ્વરને અર્પણ કરવા કર્મ ન કરવું, કિન્તુ ફલને અર્થે જ કર્મ કરવું, જેમને યાગ કરવાનો અધિકાર નથી તેવાઓનો જ ભક્તિમાં અધિકાર છે વગેરે વડે કર્મજડોના અસદ્વાદ વડે તે લોકોનો પણ ભાવ કલુષિત થાય છે. તે લોકોને મારા અર્થે કર્મમાં પ્રવૃત્ત થા, મારા અર્થે પણ કર્મ કરતાં તું સિદ્ધિને પ્રાપ્ત કરીશ, મારામાં

મનવાળો થા વગેરે પ્રમાણોનું અજ્ઞાન હોવાથી (તેઓ અસદ્‌વાદના શિકાર થાય છે) એમ અર્થ છે. વેશન્ત અને પલ્વલ એ બન્ને શબ્દો પરસ્પર પર્યાયવાચિ હોઈને પણ વેશન્તીભ્યઃ સ્વાહા. અને પલ્વલ્યાભ્ય સ્વાહા એમ શ્રુતિ વડે તે બન્નેના જળ વચ્ચે ભેદનો નિર્દેશ થયો હોવાથી એકનું (વેશન્તનું) જળ સ્વાદવાળું અને સુગન્ધીવાળું તથા બીજાનું (પલ્વલનું) જળ તેના અભાવ વડે બે વચ્ચે ભેદ જાણવો.

(૨) શ્રીપુરુષોત્તમજી - अतः परं पल्वल्याभ्यः स्वाहे ति श्रुत्यनुसृतं वेशन्तसजातीयं दशमं भावमाहुः कर्मेत्यादि । श्रुतं च भक्तिश्च श्रुतभक्ती, तथा पूर्वोक्तवदल्पे श्रुतभक्ती येषां ते तथाल्पश्रुतभक्तयः । पूर्वोक्ताद्विशेषः कर्मशुद्धा इति । भगवदर्पितेन फलासङ्गरहितेन कर्मनिर्हारोद्देशतो वा कृतेन कर्मणा शुद्धाः तदनुरूपचित्तशुद्धियुक्ताः पल्वलानि । वेशन्तपल्वलयोः शक्यतावच्छेकतौभ्येपि श्रुतौ पल्वल्याभ्यः स्वाहेति निर्देशभेदात् पलगतौ पलति पल्यते वेति निरुक्तिभेदाच्च तयोः कश्चित् भेदो वाच्यः । स चात्र कर्मशुद्धिभेदादवगन्तव्यः । तेनैवं पूर्वस्मादाधिक्येपि गन्तृत्वान्महिषादिगम्यतया कालुष्याच्च तत्तुल्यकक्षत्वमेव । तथा च तेषां भावस्तज्जलतुल्य इति तत्सङ्गोप्यप्रयोजक इवेत्यर्थः । एवमत्र कीर्तयितृविषयकः सन्देहा निवारिताः । कीर्तयितृषु च श्रोतृणामुपकाराय वाच एव प्राधान्यात्तस्याश्च बहिरिन्द्रियत्वात्तदाधारभूतस्थूलदेहे प्राधान्येन गुणाधारा एव जलाधारसाम्येन निरूपिताः ।

અર્થાત્ - હવે પછી **‘પલ્વલ્યાભ્યઃ સ્વાહા’** એ શ્રુતિનું અનુસરણ કરતો વેશન્તનો સજાતીય દશમો ભાવ કહે છે **‘કર્મ’** વગેરેથી. સાંભળેલું અને ભક્તિ એટલે **‘શ્રુતભક્તી’**, એમ પહેલાનાં ભાવમાં કહી ગયા તેમ થોડું છે

સાંભળેલું અને ભક્તિ તે મુજબના અલ્પ-શ્રુત-ભક્તિવાળા. પૂર્વના ભાવથી આ ભાવમાં જે વિશેષ છે તે **‘કર્મશુદ્ધ’**પણું છે. ભગવાનમાં અર્પિત કર્યા પ્રકારે કર્મનું ફલ અને કર્મમાં આસક્તિ એ બન્નેથી રહિત થઈને અથવા કર્મનિર્હારિના ઉદ્દેશથી કરાયેલા કર્મથી શુદ્ધ થયેલા તેના અનુરૂપ ચિત્તશુદ્ધિ થયેલા એ પલ્વલ સમાન છે. વેશન્ત અને પલ્વલ બંનેના અર્થોની નિર્ધારિણામાં સમાનતા હોઈને પણ શ્રુતિમાં **‘પલ્વલ્યાભ્યઃ સ્વાહા’** એમ નિર્દેશ કરીને ભેદ દર્શાવ્યો હોઈ તેમજ નિરુક્તિ અનુસાર **‘પલ’** ધાતુ **‘ગતિ’** અર્થમાં હોઈ **‘पलति पल्यते’** એમ પરસ્મૈપદમા-આત્મનેપદમાં રૂપ બનતા હોઈ ભેદ સિદ્ધ થતો હોઈ બન્ને ભાવો વચ્ચે કંઈક ભેદ કહેવો જરૂરી છે. તે અહીં (ગ્રન્થમાં) કર્મશુદ્ધિ જાણાવી છે તેનાથી તે ભેદ જાણવો. તેથી કરીને આ પ્રમાણે પૂર્વના ભાવથી આ ભાવમાં અધિકતા કહી હોવા છતાં પણ આ ભાવમાં દૃષ્ટાન્તમાં જઈ શકવાપણું અને તેથી આ જળમાં ભેંસ વગેરેના જવાથી જળ કલુષિત બનવાથી પૂર્વભાવના સમાન જ ભાવ છે. તેથી તેમનો ભાવ તે જળના સમાન છે અતઃ તેમનો પણ સંગ અપ્રયોજક જેવો છે એમ અર્થ છે. આ પ્રમાણે અહીં (સુધીમાં) કીર્તન કરનારાઓના વિષયના સન્દેહોનું નિવારણ કર્યું છે. તેમજ કીર્તન કરનારાઓમાં શ્રોતાઓ માટે ઉપકારક તેમની વાણીનું જ પ્રાધાન્ય હોવાથી અને તે વાણી બાહ્ય ઈન્દ્રિય હોવાથી તે બાહ્ય ઈન્દ્રિયના આધાર એવા સ્થૂલ દેહમાં પ્રધાનતા ગુણના આધારો જ જલના આધારની સમાનતાથી (દૃષ્ટાન્તે) નિરૂપણ કર્યા છે.

(૩) શ્રીવલ્લભજી - अतोपि हीनत्वेन दशमं भावमाहुः कर्मशुद्धा इति । कर्मणैव शुद्धाः निष्कामकर्मादिना चित्तशुद्धियुक्ताः, नतूत्पन्नज्ञानभक्त्यादयः, ते तु पल्वलतुल्याः । यद्यपि वेशन्तपल्वलयोर्न भेदस्तथापि वेदे यथेन्द्रमहेन्द्रयोर्भेदः स्वीकृतस्तथा वेशन्तपल्वलयोरपि वेशन्तीभ्यः स्वाहा, पल्वल्याभ्यः स्वाहे त्यत्र भेदनिर्देशः कृत इति तथात्वेन दृष्टान्तः । परं तत्रैतावान्

विशेषः । पल्वलमपि द्विविधम् । एकं कमलादिरहितम्, अपरं तत्सहितम् । पूर्वोक्तेषु भक्तित्वात् कमलसहितवेशन्तदृष्टान्त उक्तः, कर्मशुद्धेषु विहितैकनिष्ठेषु तद्रहितदृष्टान्त इति, यथा पल्वलं स्वल्पं सर्वदा स्थिरजलं न तिष्ठति, वर्षाकाले पुनः पूर्णं भवति, तदपि स्वरूपतः स्वल्पं, तथा कर्मपूर्तौ पूर्णता, तस्य क्षये शुष्कतेति जन्ममरणादिसहिता निरूपिताः । पूर्वोक्तेषु कमलादिसहित-वेशन्तदृष्टान्तेन भक्तिमत्त्वेन जन्ममरणाद्यभावोपि संभवति । यथा कमलादिसम्पत्तिशोभादर्शनादिना कदाचित्तस्य महत्त्वं रक्षां च कश्चित् कारयति तथेत्यर्थः । एतेषु तदभावान्न तथेति भावः । कदाचित् जन्मान्तरे तादृशो ज्ञानी भवतीति निबन्धे निरूपितम्। किञ्च, यथा एतादृशाः पल्वलरूपाः प्रोक्तास्तथा वेशन्तदृष्टान्तीयानां पूर्वमल्पश्रुतत्वं प्रेमयुक्तत्वं च निरूपितम् । ते पुनरल्पश्रुतभक्तयो भवन्ति, तदा पल्वलतुल्या एवेति भावः । श्रुतं तु पूर्वमप्यल्पमेव केवलं प्रेमयुक्तत्वेन कमलसहितवेशन्तदृष्टान्त उक्तः । तदभावात् पल्वलतुल्यत्वं युक्तमेव ।

અર્થાત્ - (પૂર્વના નવમાભાવને કહેવાયેલ) તેનાથી પણ વધુ હીનતાએ દશમા ભાવને કહે છે **'કર્મશુદ્ધ'**થી. કર્મ વડે જ શુદ્ધ થયેલા નિષ્કામ કર્મ વગેરેથી ચિત્તશુદ્ધિથી યુકત થયેલા, નહીં કે ઉત્પન્ન થયેલ જ્ઞાન-ભક્તિવાળા, તે લોકો પલ્વલ તુલ્ય-સમાન છે. યદ્યપિ વેશન્ત અને પલ્વલ વચ્ચે ભેદ નથી, તેમ છતાં પણ જેમ વેદમાં ઈન્દ્ર અને મહેન્દ્ર વચ્ચે ભેદ સ્વીકારેલો છે, તેમ વેશન્ત અને પલ્વલ વચ્ચે પણ **'વેશન્તીભ્યઃ સ્વાહા, પલ્વલ્યાભ્યઃ સ્વાહા'** એમ અહીં ભેદનો નિર્દેશ કરેલો છે તેથી તે ભેદ હોવાથી અહીં (ગ્રન્થમાં) દૃષ્ટાન્તમાં જુદા-જુદાપણું છે. પરન્તુ પૂર્વના (નવમા) ભાવમાં આટલું વિશેષ સમજવું. પલ્વલ-નાનું તળાવ પણ બે પ્રકારનું છે જે પૈકી એક કમલ વગેરે વિનાનું છે અને બીજું કમલ વગેરે સહિતનું છે. પૂર્વમાં કહેવાયેલ નવમા ભાવવાળામાં ભક્તિ રહી હોવાથી કમલસહિત એવા વેશન્તનું દૃષ્ટાન્ત કહ્યું છે, (જ્યારે) વિહિતમાં જ એકમાત્ર નિષ્ઠાવાળા કર્મશુદ્ધોમાં કમલ વગેરે રહિતવાળું દૃષ્ટાન્ત કહ્યું છે તેથી જેમ પલ્વલ નાનું હોવાથી તેમાં સદા એક સરખું જળ નથી હોતું (ગરમીના દિવસોમાં પાણી ઘટી જાય છે અને) પુનઃ વર્ષાકાલમાં ભરપૂર પાણીથી છલકાઈ જાય છે (અને) ભરપૂર થઈને પણ તે સ્વરૂપથી તો નાનું જ હોય છે, તેમ આ ભાવવાળામાં કર્મપૂર્તિ થતાં પૂર્ણતા અને તેના ક્ષયમાં શુષ્કતા એ આ ભાવવાળાઓ જન્મ-મરણસહિતના નિરૂપણ કરેલા છે. નવમાં ભાવવાળામાં કમલ વગેરે સહિતના વેશન્તના દૃષ્ટાન્ત વડે તેઓ ભક્તિવાળા હોઈ તેમનામાં જન્મ-મરણ વગેરેનો અભાવ પણ સંભવે છે. જેમ કમલ વગેરે રૂપ સમ્પત્તિ-શોભાના દર્શન વગેરે વડે કયારેક તેનું મહત્ત્વ અને રક્ષા કોઈક કરાવે છે (જે તળાવની સમ્પત્તિ-શોભા વગેરે નથી તેનું મહત્ત્વ પણ નથી હોતું અને કોઈને પણ રક્ષા કરવાની પણ ઈચ્છા થતી નથી) તેમ અર્થ છે. આ પલ્વલ સમાનોમાં તેવી સમ્પત્તિ-શોભાનો અભાવ હોવાથી તે લોકો જન્મ-મરણધર્મવાળા હોય છે તેમ ભાવ છે. આ લોકો કયારેક આગળના જન્મોમાં તેવા જ્ઞાની થાય છે એમ નિબન્ધમાં નિરૂપણ કરેલું છે. વળી, જેમ આવા ભાવવાળાને પલ્વલરૂપ કહ્યા છે તેમ વેશન્ત દૃષ્ટાન્તવાળાઓને માટે પૂર્વમાં અલ્પશ્રુત-થોડું સાંભળેલા અને પ્રેમથી યુકત થયેલા જણાવ્યું છે. તેઓ જ્યારે થોડું સાંભળેલા-થોડી ભક્તિવાળા હોય ત્યારે તેઓ પલ્વલના સમાન જ છે એમ કહેવાનો ભાવ છે. નવમા ભાવવાળા પણ થોડું જ સાંભળેલા છે, ફકત તેઓ પ્રેમયુકત હોવાથી કમલ સહિતના વેશન્તનું દૃષ્ટાન્ત તેમના માટે કહ્યું છે અને તેના અભાવે જ પલ્વલ સમાનપણું છે તે વાત યોગ્ય જ છે.

(૪) શ્રીબાલકૃષ્ણજી - दशमं भावमाहुः कर्मशुद्धा इति । कर्मत्वेन ये भगवत्परिचर्यां कुर्वन्ति ते कर्मशुद्धाः, अत एव भगवतोक्तं 'मत्कर्मपरमो भवे'त्यादि । अन्यथा कर्मणा न शुद्धत्वकारणं स्यात् । अत एव 'यस्य स्मृत्या'दि स्मर्यते । तस्मात्

सर्वोत्कृष्टत्वयज्ञकर्मात्मकत्वमेव सेवायज्ञत्वात् सेवन्ते, ते कर्मशुद्धास्तेषां भावः पल्वलमल्पसरोविशेषस्तत्तुल्य इत्यर्थः । यथाल्पसरोजलं पानयोग्यं भवति, न तु स्नानावगाहनयोग्यं, तथैतेषां भावोपि भगवत्पूजाकर्मत्वाद्यत्किञ्चित् फलदो, न तु भगवदवगाहनयोग्य इति भावः । तथैवाल्पश्रुतिभक्तयः अल्पं श्रुतिः श्रवणं भागवतादिषु भगवन्माहात्म्यस्य, तया भक्तिः येषां तेपि तत्तुल्या एवेत्यर्थः । अल्पश्रुत्युत्पन्नभक्तित्वेनादृढत्वात् तथेत्यर्थः ।

અર્થાત્ - દશમા ભાવને કહે છે **'કર્મશુદ્ધ'** વાક્યથી. કર્મપણાએ જેઓ ભગવત્ પરિચર્યા કરે છે તે કર્મશુદ્ધો. તેથી જ ભગવાને કહ્યું છે કે **'મારા અર્થેના કર્મમાં પરાયણ થા'** વગેરે. અન્યથા-ભગવદર્થેના-ભગવત્કર્મ વિનાના બીજા કર્મો વડે શુદ્ધતાનું કારણ થતું નથી. તેથી જ **'જેની સ્મૃતિ વડે'** વગેરે (કર્માન્તે) સ્મરણ કરાય છે. તેથી સેવારૂપ યજ્ઞ એ સર્વોત્કૃષ્ટ યજ્ઞ કર્મ હોવાથી જે સેવા કરે છે, તે કર્મશુદ્ધો, તેમનો ભાવ પલ્વલ એટલે કે નાના સરોવરવિશેષ સમાન છે એમ અર્થ છે. જેમ નાના સરોવરનું જલ પાન કરવા યોગ્ય હોય છે, નહીં કે સ્નાન-તે જલમાં પ્રવેશ કરવા યોગ્ય હોય છે, તેમ આમનો ભાવ પણ ભગવત્ પૂજા કર્મ કરવાથી કંઈક ફળ આપનારો હોય છે, નહીં કે ભગવત્ પ્રવેશયોગ્ય હોય છે એમ ભાવ છે. તેવી જ રીતે અલ્પશ્રુતિભક્તયઃ એટલે થોડું શ્રુતિ એટલે શ્રવણ કરેલું છે ભાગવત વગેરેમાંથી ભગવાનના માહાત્મ્યનું તેના વડે જેને ભક્તિ થઈ છે તેવાઓ પણ તે અલ્પ સરોવરના સમાન જ છે એમ અર્થ છે. થોડું સાંભળવાથી ઉત્પન્ન થયેલી ભક્તિ હોવાથી તે ભક્તિ અદૃઢ હોવાથી તેઓ નાના તળાવ સમાન છે એમ અર્થ છે.

વિવરણ - નવમો ભાવ વેશન્તના દૃષ્ટાન્તથી જણાવી દશમો ભાવ પલ્વલના દૃષ્ટાન્તથી જણાવે છે. વેશન્ત અને પલ્વલ એ બન્ને શબ્દોનો

એક જ અર્થ નાનું તળાવ થાય છે તેમ છતાં પણ શ્રુતિમાં **'वेशन्तीभ्यः स्वाहा'** અને **'पल्वल्याभ्यः स्वाहा'** એમ બે અલગથી જણાવેલા હોઈ શ્રીઆચાર્યચરણે તેમના ભાવમાં કંઈક ફેરફાર જણાવી અહીં બંને નવમા અને દસમા ભાવે અલગથી જણાવ્યા છે એમ સર્વ ટીકાકારો જણાવે છે. **'वेशन्त'** શબ્દને વ્યાકરણથી વિચારતાં **विश्** ધાતુને **झच्** પ્રત્યય લાગી શબ્દ બને છે અને તે વિશ્ ધાતુ તુદાદિ ગણનો પરસ્મૈપદી અકર્મક છે અને તેના **विशति** વગેરે રૂપો બને છે તેમજ વિશ્ ધાતુ **'विश् प्रवेशने'** પ્રવેશ કરવાના અર્થમાં વપરાય છે. **'वेशन्त'** શબ્દ નાનું તળાવ અને આગ બન્ને અર્થમાં ઉપયોગમાં આવે છે. તેવી જ રીતે **'पल्वल'** શબ્દ **'पल्'** એ અકર્મક ક્રિયાપદ છે જેનો અર્થ જવું અથવા રક્ષણ કરવું અથવા **'पल् गतौ'** થી ગતિના અર્થમાં આવે છે. અને **'पल्' ने व लच्** લાગી **'पल्वल'** શબ્દ બને છે જે નાના તળાવના અર્થમાં વપરાય છે. આના ઉપરથી જ બનેલા બીજા બે પદો **પલ્વલાવાસ** એટલે નાના તળાવમાં રહેનાર કાચબો અને **પલ્વલપંક** એટલે તળાવનું દળદળ-કીચડ થાય છે. આ બાબતમાં શ્રીકલ્યાણરાયજીના જણાવ્યા અનુસાર બન્ને શબ્દો પર્યાયવાચિ હોઈને પણ વેશન્તનું જળ સ્વાદવાળું અને સુગંધીવાળું હોય છે જ્યારે પલ્વલનું જળ તે બન્ને વિનાનું હોય છે. શ્રીપુરુષોત્તમજી યદ્યપિ પૂર્વભાવ કરતાં આ ભાવમાં અધિકતા જણાવી હોવા છતાં પણ ભેંસ વગેરેના પ્રવેશથી જળ કલુષિત થતું હોવાથી તે સમાનભાવવાળાઓનો ભાવ અપ્રયોજક છે એમ જણાવે છે. શ્રીવલ્લભજીના અનુસાર નવમા (વેશન્ત) ભાવમાં ભક્તિ હોવાથી કમલ સહિતનું જળ સમજવાનું છે જ્યારે દશમા (પલ્વલ) ભાવમાં વિહિત કાર્યોમાં જ એકમાત્ર નિષ્ઠાવાળા કર્મથી શુદ્ધ (નહીં કે તેઓ ભક્તિથી શુદ્ધ થયેલા હોય છે) લોકો કમલ વગેરેથી રહિત જળ સમાન છે તેમ સમજવું એમ જણાવે છે. શ્રીબાલકૃષ્ણજીના જણાવ્યા અનુસાર આ ભાવવાળાઓ અલ્પ શ્રવણ કરવાથી જે પ્રકારની ભક્તિ ઉત્પન્ન થાય તેવી અદૃઢભક્તિવાળા હોવાથી આ ભાવવાળાઓને નાના તળાવના સમાન કહ્યા છે.

અહીં વિશેષ ધ્યાન એ ખેંચવાનું છે કે આ ભાવવાળાઓમાં જે **કર્મશુદ્ધ** કહ્યા છે તેમાં કર્મનું ફલ અને કર્મમાં આસક્તિ બંનેથી રહિત ભગવદર્પણ પ્રકારે અથવા કર્મનિર્હાર માટે કર્મ કરનારા છે. તેમજ આ ભાવવાળાઓ સર્વ ટીકાકારોના અભિમતે પુષ્ટિભક્તિની સાધના કરનારાઓ માટે અપ્રયોજક છે. ઘણી વખત આ સમ્પ્રદાયના કેટલાક લોકો (ઉપદેષ્ટાઓ) ભગવદર્પણ પ્રકારે કર્મમાં રત જોવામાં આવતા હોય છે. અને દરેક કર્મ શ્રીપ્રભુની આજ્ઞા લઈ આરંભ કરે અને અન્તે તે કર્મ ભગવાનને અર્પણ કરે. એને જોઈ ઘણી વખત ઘણાં લોકોને આવાઓ માટે પરમભક્તની ભ્રાન્તિ થઈ શકે છે. પરંતુ આમની આંતર નિષ્ઠા માત્ર વિહિત કર્મમાં એટલે કે શાસ્ત્રમાં વિધાન કરાયેલ કર્મમાં જ હોય છે તેથી આ લોકો ભગવત્ સંબન્ધી પણ કંઈ પણ કરે છે તો પોતાના શ્રેય માટે જ કરે છે, તેમાં ભગવાન પ્રત્યેનો સ્નેહભાવ કારણ નથી હોતો. ઉપરાંત આ ભાવવાળાઓ અલ્પશ્રુત હોવાથી ભગવત્સ્વરૂપના માહાત્મ્ય જ્ઞાનમાં અત્યન્ત અધુરપવાળા હોય છે તેથી તેમની ભગવત્ શ્રદ્ધા પણ કર્માનુરૂપ-કર્માનુકૂલ હોય છે. આ પ્રકારના કર્મને ગીતામાં સાત્ત્વિક કર્મ તરીકે જણાવ્યું છે અતઃ આ કર્મ પણ પ્રાકૃત ત્રિગુણાત્મક છે, અપ્રાકૃત નિર્ગુણ ભક્તિ સ્વરૂપનું નથી. ગીતામાં

अफलाकाङ्क्षिभिर्यज्ञो विधिदृष्टो य इज्यते ।
यष्टव्यमेवेति मनः समाधाय स सात्त्विकः ॥

(ગીતા. ૧૭-૧૧) તથા

नियतं सङ्गरहितं अरागद्वेषतः कृतम् ।
अफलप्रेप्सुना कर्म यत् तत् सात्त्विकमुच्यते ॥

(ગીતા ૧૮-૨૩)

ફલની આકાંક્ષા વિનાનો, વિધાન કર્યા મુજબ કરનારો, કર્તવ્ય બુદ્ધિવાળા દ્વારા જ્યારે નિયત, આસક્તિરહિત પ્રકારે તેમજ રાગ-દ્વેષ વિના ફલની ઈચ્છા રાખ્યા વિના કરાયેલા કર્મને ગીતામાં સાત્ત્વિક કર્મ કહેવાયું છે અને આ પ્રકારે સાત્ત્વિક કર્મ કરાતાં ચિત્તમાં રહેલ ભોગવાસના અને અનન્ત કામનાઓ રૂપી મલિનતા દૂર થઈ ચિત્તશુદ્ધ સત્ત્વગુણવાળું બને છે અને એને જ અહીં **કર્મશુદ્ધ** એટલે કે કર્મથી શુદ્ધ ચિત્ત થયેલા કહેવાયા છે, તેમજ તેવું ચિત્ત **‘सत्त्वात् सञ्जायते ज्ञानम्’** (ગીતા ૧૪-૧૭) અનુસાર જ્ઞાનપૂર્ણ બને છે અને તે જ્ઞાનમાં જ સાધકનો મોક્ષસિદ્ધ થાય છે. જ્યારે પુષ્ટિભક્તિમાં તો **‘दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जनाः’** (ભાગ.૩-૨૯-૧૩) મોક્ષ મેળવવાના પ્રયત્નની વાત તો દૂર રહી આ પુષ્ટિભક્તોને મોક્ષ આપવામાં પણ આવે તો પણ તેને સ્વીકારતા નથી, તેથી આ ભાવવાળાઓના સંગમાં રહેવાથી અથવા તેમની વાતો શ્રવણ કરતા રહેવાથી પુષ્ટિભક્તિની સાધનામાં લાભ ન થાય તો કંઈ નહીં પણ આવાથી ચિત્તભ્રમ થઈ માર્ગભ્રષ્ટ-પથભ્રષ્ટ થવાની સંભાવના રહે છે તેથી આવા વક્તાઓ પુષ્ટિભક્તિ સાધનામાં સર્વથા અપ્રયોજક છે.

* * * * *

શ્લોક – આઠમો (પૂર્વાર્ધ)

योगध्यानादिसंयुक्ता गुणा वर्ष्याः प्रकीर्तिताः ।

અન્વય - **योग** - અષ્ટાંગયોગ, **ध्यान** - પ્રયત્નપૂર્વકનું ચિત્તવ્યાપાર રૂપ અન્તઃપ્રાદેશમાત્રમાં કરાતું સ્મરણ, **आदि** વગેરે, **गुणाः** ગુણો, **वर्ष्याः** - વૃષ્ટિના જળ સમાન, **प्रकीर्तिताः** - કહેવાયેલા છે.

શબ્દાર્થ - અષ્ટાંગયોગ અને ધ્યાન એટલે પ્રયત્નપૂર્વકનું ચિત્તના વ્યાપારરૂપ અન્તઃ પ્રાદેશમાત્રમાં કરાતું સ્મરણ વગેરે ગુણો વૃષ્ટિના જળસમાન કહેવાયેલા છે.

અહીં સર્વ ટીકાકારોનો અભિપ્રાય આ મુજબ છે -

(૧) શ્રીકલ્યાણરાયજી - एकादशभावमाहुः योगध्यानादीति। योगोष्टाङ्गः, ध्यानं प्रादेशमात्रादेः, आदिपदात् बाह्यपदार्थास्मृतिः, एतत्समानाधिकरणगुणा भावा वर्ष्याः प्रकीर्तिताः । वृष्टिजलतुल्याः कथिता इत्यर्थः । यथा वृष्टिसमये वृष्टिजलं सर्वदेशं व्याप्नोति, सर्वत्र सुलभमाधारणगुणमादाय कार्यविशेषमन्नादिकं च जनयति, तथैतेषां योगादिसमय एव भगवद्भावो देहेन्द्रियादिसर्वं व्याप्नोति, सुलभः पात्रविशेषे स्वसजातीयं भावविशेषं च जनयति, अत एव संयुक्ता इत्यनेन सम्यग्योगो निरूपित इति भावः ।

અર્થાત્ - અગિયારમા ભાવને કહે છે **‘યોગધ્યાનાદિ’** વાક્યથી. **‘યોગ’** એટલે અષ્ટાંગયોગ, **‘ધ્યાન’** એટલે પ્રાદેશમાત્ર વગેરેમાં થતું, **‘આદિ’** પદથી બહાર રહેલા પદાર્થની અસ્મૃતિ, આ સમાન આધારમાં રહેલા **‘ગુણો’** એટલે ભાવો **‘વર્ષ્યાઃ’** કહેલા છે. એટલે કે વૃષ્ટિના જળ

સમાન કહેલા છે એમ અર્થ છે. જેમ વૃષ્ટિના સમયમાં વૃષ્ટિનું જળ સર્વ દેશમાં-સર્વ જગ્યાએ વ્યાપીને રહે છે, સર્વત્ર સુલભ હોય છે અને આધાર ગુણને લઈને કાર્ય વિશેષ અન્ન વગેરે ઉત્પન્ન કરે છે, તેમ આમને યોગ વગેરેના સમયમાં જ ભગવદ્ ભાવ તેમના દેહ-ઈન્દ્રિય વગેરે સર્વમાં વ્યાપીને રહે છે. વિશેષ પાત્રમાં તે સુલભ હોય છે અને પાત્ર વિશેષમાં તે પોતાના સજાતીય ભાવવિશેષને ઉત્પન્ન કરે છે, તેથી જ અહીં (ગ્રન્થમાં) **संयुक्ताः** પદથી સમ્યગ્ પ્રકારના યોગનું (આ ભાવવાળામાં) નિરૂપણ કર્યું છે એમ ભાવ છે.

(૨) શ્રીપુરુષોત્તમજી - (આભાસ) **अतः परं भावयितृविषयकान् सन्देहान् वारयितुं तेषु लिङ्गशरीरस्य मनस एव प्राधान्याद् गुणा विशेषतो बहिर्न निर्गच्छन्तीति दुर्लभत्वाद् गुणानामेव जलतुल्यत्वं निरूपयन्तो वर्षाभ्यः स्वाहेति श्रुतिमनुसृत्य पूर्वस्माद्विलक्षणमेकादशं भावमाहुः योगेत्यादि ।** (વિવૃતિ -) **योगश्चित्तवृत्तिनिरोधो, यमाद्यष्टाङ्गसहितः । यथा द्वितीयस्कन्धे प्रथमाध्याये ‘गृहात्प्रवृजितो धीर’ इत्यादिना स्थूलभगवद्विषयकधारणावानुक्तः । ‘यतः सन्धार्यमाणायां योगिनो भक्तिलक्षणः । आशु सम्पद्यते योग आश्रयं भद्रमीक्षत’ इत्यनेन तस्यापि भक्तिसाधकत्वोक्तेः । ध्यानं सप्रयत्नश्चित्तव्यापारः । यथा ‘केचित्स्वदोन्तर्हृदयावकाशे प्रादेशमात्रं पुरुषं वसन्तम् । चतुर्भुजं कञ्जरथाङ्गशंखगदाधरं धारणया स्मरन्ती’त्यादिषूक्तं, आदिपदेन धारणा, एतैस्त्रिभिः समुच्चितैरेकैकेन वा संयुक्ता भगवतो गुणा योगप्रभावादयो रूपलीलादयश्च । कपिलदेवैः ‘स्थितंव्रजन्तमासीनं शयानं वा गुहाशय’मिति ध्यानविषये लीलानामप्युक्तत्वात् । तादृशा गुणा वर्ष्याः वृष्टिर्वषस्तत्सम्बन्धिन्य आपो वर्ष्याः, ता यथा दिव्याः भूमौ**

पतन्त्यो जलाशयान् स्वकाल एव भरन्ति, तथा योगादियुक्ता भगवद्गुणा अपि योगिषु वर्तमानाः भूमौ दुर्लभाः अधिकारिविशेषान् कृतार्थयन्ति, न सर्वान् इत्यर्थः । यद्यपि वृष्टिजलं क्षेत्रादौ पतितं सत् संसारहेतुर्भवति, तथापि सोंशो नात्र दृष्टान्तफलतयाभिप्रेतः । तेषां योगित्वादन्तर्निष्ठत्वेन तथात्वस्य वक्तुमशक्यत्वात्, कुयोगित्वापातेन विदूरकाष्ठत्वापाताच्च, 'वैराग्यं सांख्ययोगौ च तपो भक्तिश्च केशवे, पञ्चपर्वेति विद्येयं यया विद्वान् हरिं विशेत्' इति निबन्धे योगस्य विद्यापर्वत्वेनोक्ततयात्रोत्कर्षार्थं तद् ग्रहणाच्च । दार्ष्टान्तिकतयात्र गुणानामेवोक्तत्वाच्च । अन्यथा तु भावकथनस्योपक्रान्तत्वेन तद्विरोधापत्तेश्च । तस्मात्पूर्वोक्तमेव दृष्टान्तफलं ग्राह्यम् । इतः पूर्वं कर्मशुद्धानामुक्तत्वादत्र तत्प्रसङ्गेन योग स्मरणं, योगस्यापि कर्मविशेषत्वादिति ।

અર્થાત્ - (આભાસ)- હવે (આથી આગળ) આના પછી ભાવના કરનારાઓના વિષયના થનારા સંદેહોના નિરાકરણ અર્થે તેમનામાં લિંગશરીરરૂપ મનનું જ પ્રાધાન્ય હોવાથી ઘણું કરીને તેમના ગુણો બહાર પ્રકટ થતા નથી તેથી તે ગુણોનું દુર્લભપણું હોવાથી તેમના ભાવોને નહીં કહીને તેમના ગુણોની જ જલ સમાનતાનું નિરૂપણ કરતાં **'वर्ष्याभ्यः स्वाहा'** એ શ્રુતિવાક્યને અનુસરીને પૂર્વ કહેવાયેલ કર્મશુદ્ધ વકતાઓથી વિલક્ષણતાએ અગિયારમા ભાવને કહે છે - યોગ-ધ્યાન આદિ વગેરે વાક્યોથી.

વ્યાખ્યાન - યમ-નિયમ વગેરે આઠ અંગો સહિતનો ચિત્તવૃત્તિનો નિરોધ સ્વરૂપનો યોગ-યોગનો અર્થ છે. જેમ ભાગવત દ્વિતીયસ્કન્ધના પ્રથમ અધ્યાયમાં મૃત્યુનો સમય પાસે આવતાં ભય વિના ધૈર્યને ધારણ કરીને ઘરનો ત્યાગ કરીને તીર્થજળમાં સ્નાન કરવું અને પવિત્ર-એકાન્ત સ્થળમાં આસનમાં બેસવું (ભાગ. ૨-૧-૧૬) વગેરે વાક્યો વડે સ્થૂલ ભગવદ્

વિષયક ધારણાવાળો જણાવ્યો છે તેમ જણાવી ત્યાંથી આગળ ધારણા સ્થિર થઈ જતાં ધ્યાનમાં યોગી જ્યારે ભગવાનને જુએ છે ત્યારે તેવા ભક્તિલક્ષણવાળા યોગીને ખૂબ જ શીઘ્રતાથી યોગસિદ્ધ થઈ જાય છે અને ભગવદાશ્રયરૂપ કલ્યાણના દર્શન કરનારો થાય છે (ભાગ. ૨-૧-૨૧) એમ ત્યાં યોગની પણ ભક્તિસાધકતા જણાવી છે. પ્રયત્નસહિતનો ચિત્તનો વ્યાપાર એ ધ્યાન છે. જેમ 'કેટલાક લોકો પોતાના જ દેહમાં અન્દર રહેલા હૃદયાવકાશમાં વાસ કરી રહેલા પ્રાદેશમાત્ર પુરુષનું ચતુર્ભુજ સ્વરૂપ અને ચારે ભુજાઓમાં શંખ-ચક્ર-ગદા-પદ્મ ધારણ કરેલા સ્વરૂપમાં ધારણા કરીને સ્મરણ કરે છે' (ભાગ. ૨-૨-૮) વગેરેમાં કહેવાયું છે. યોગધ્યાનાદિ માં **આદિ** પદ વડે ધારણા સમજવી. આ ત્રણે વડે (યોગ-ધ્યાન-ધારણા) એક એક વડે યા ત્રણે સાથે મળીને ત્રણેથી સંયુક્ત ભગવાનના યોગપ્રભાવ-રૂપલીલા વગેરે ગુણો (જે વકતામાં પ્રકટ થાય છે તે વર્ષાના જલ સમાન હોય છે). કપિલદેવજીએ 'સ્થિર અવસ્થામાં-ચાલતાં, સૂતાં હૃદયમાં અન્તર્યામિરૂપે બિરાજેલા એમના સ્વરૂપનું વિશુદ્ધભાવે ધ્યાન કરવું' (ભાગ.૩-૨૮-૧૯) એમાં લીલાઓનું પણ ધ્યાન કરવાનું કહ્યું છે. તેવા ગુણો **'वर्ष्याः' वर्ष्य** એટલે કે વૃષ્ટિ-વરસાદ તેનાં સમ્બન્ધનું જળ એ વર્ષ્ય કહેવાય છે. તે જળ જેમ દિવ્ય એટલે કે આકાશમાંથી આવે છે અને ભૂમિ ઉપર પડીને પોતાના વર્ષાકાલમાં જ જલાશયોને ભરી દે છે, તેમ યોગ આદિથી યુક્ત એવા ભગવદ્ ગુણો પણ યોગીજનોમાં રહીને પણ ભૂમિ ઉપર તે દુર્લભ હોય છે અને તે વિશેષ પ્રકારના અધિકારી લોકોને જ કૃતાર્થ કરે છે, બધાને નહીં એમ અર્થ છે. યદ્યપિ વરસાદનું જળ ખેતર વગેરેમાં પડેલું સંસાર એટલે કે સૃષ્ટિ થવાનું કારણ જે અન્ન છે તેને જ ઉત્પન્ન કરવાનું કારણ બને છે પરન્તુ તેટલો ભાગ અહીં દૃષ્ટાન્તમાં ફલરૂપે કહેવાનો અભિપ્રાય નથી. કારણ કે તે લોકો યોગી હોવાથી તેમનું આન્તરનિષ્ઠપણું હોવાથી તે પ્રકારે સંસાર વધારવાપણું તેમનામાં છે એમ કહેવું શકય નથી. કારણ કે તેમ કહેવાથી તે લોકોને કુયોગી માનવા પડશે અને કુયોગિઓ ભગવાનથી ઘણાં જ દૂરના લક્ષ્યમાં ભટકેલા હોય છે. 'વૈરાગ્ય-સાંખ્ય -

યોગ-તપ - ભગવાન કેશવમાં ભક્તિ આ પાંચ વિદ્યાના પર્વો છે જેના વડે વિદ્વાન-જ્ઞાની શ્રીહરિમાં પ્રવેશે છે’ એમ નિબન્ધમાં યોગને વિદ્યાના પર્વ રૂપમાં અને યોગીનો ઉત્કર્ષ જણાવવા કહેલા છે. કેમ કે દાર્ષ્ટાન્તતાએ અહીં યોગીના ગુણો જ કહેલા છે. અન્યથા વક્તાઓના ભાવકથન કહેવામાં દોષ કહેવાથી તે વાતનો વિરોધ આવશે. તેથી અહીં પ્રશંસારૂપમાં જ દૃષ્ટાન્ત છે એમ સમજવું જોઈએ. આના પૂર્વમાં કર્મશુદ્ધોને જણાવ્યા હોવાથી અહીં તે જ પ્રસંગ હોવાથી યોગ પણ એક કર્મ જ હોવાથી યોગનું સ્મરણ કરાયું છે ॥

(૩) શ્રીવલ્લભજી - **एवं कर्ममार्गीयानां स्वरूपमुक्त्वा योगादिभावानां स्वरूपं निरूपयन्तः एकादशं भावमाहुः । योगोऽष्टाङ्गः । तत्र ध्यानादिः कल्पितमूर्तेस्तेन संयुक्ता ये गुणास्ते वर्ष्याः वर्षासम्बन्धिजलतुल्या इत्यर्थः । वर्षा यथा शून्यावलम्बिन्यः, न स्वरूपावलम्बिन्यस्तत्रापि फलस्याल्पत्वात् ता अपि प्रथमोद्भूता विरलाः पतनमात्रेण शुष्का भवन्ति, न तु क्वचिदार्द्रतां सम्पादयन्ति, तथा तादृशा अपि न भक्तिफलाधिकारिणः । किन्तु तत्साधनानुसारिफलाधिकारिण इति भावः ।**

અર્થાત્ - આ પ્રમાણે કર્મમાર્ગીયોનું સ્વરૂપ કહીને યોગ વગેરે ભાવોના સ્વરૂપનું નિરૂપણ કરતાં અગિયારમા ભાવને કહે છે. **‘યોગ’** એ અષ્ટાંગયોગ. તે યોગમાં **‘ધ્યાન વગેરે’** કલ્પિત મૂર્તિ વડે કરાતું ધ્યાન તેના વડે સંયુકત થયેલા જે ગુણો તે **‘વર્ષ્યાઃ’** એટલે વર્ષા સમ્બન્ધી જળ સમાન છે એમ અર્થ છે. જેમ વર્ષા શૂન્યનું અવલમ્બન કરેલ હોય છે, સ્વરૂપનું અવલમ્બન કરેલ નથી હોતી, તેમાં પણ ફલની અલ્પતા હોવાથી તે પણ પ્રથમ ઉદ્ભૂત થયેલી (એકદમ આરંભમાં આવેલી) નહીંના બરાબર હોય છે અને પડતાંની સાથે જ સૂકાઈ જાય છે, તેનાંથી ક્યાંય ભિનાશ-નરમાશ

સમ્પાદન થતી નથી, તેમ તેવા લોકો પણ ભક્તિફલના અધિકારી નથી હોતા, કિન્તુ યોગનું જે સાધન છે તેના અનુસારના ફલના અધિકારી હોય છે એમ ભાવ છે.

(૪) શ્રીબાલકૃષ્ણજી - एकादशभावमाहुः योगध्यानादिना संयुक्ता इति । योगोऽष्टाङ्गाः, ध्यानं प्रादेशाङ्गुष्ठमात्रादेः । तत् संयुक्ताः गुणाः भावाः वर्ष्याः तज्जलतुल्याः प्रकीर्तितास्तेषां भावस्तत्तुल्य इत्यर्थः । यथा वर्षाकाले जलं सर्वत्र सुलभं परमचिरस्थायि तथैतेषामपि योगादिसमय एव भगवद्भावो, न सर्वदेति भावः ।

અર્થાત્ - અગિયારમા ભાવને કહે છે - **‘યોગધ્યાન વગેરેથી સંયુકત થયેલા’** વાક્યથી. **‘યોગ’** એટલે અષ્ટાંગયોગ, **‘ધ્યાન’** એટલે પ્રાદેશ એટલે અંગૂઠા માત્ર જેટલામાં વગેરે. તે સારી રીતે યુકત થયેલા **‘ગુણો’** એટલે ભાવો **વર્ષ્યા** તે જળ સમાન કહેલા છે. તેના ભાવના સમાન એમ અર્થ છે. જેમ વર્ષાકાલમાં જલ સર્વત્ર સુલભ હોય છે પરંતુ લાંબા સમય સુધી તે ટકતું નથી તેમ આમને પણ યોગ વગેરેના સમયે જ ભગવદ્ભાવ હોય છે, સર્વદા નથી હોતો એમ ભાવ છે.

વિવરણ - આ પ્રમાણે પૂર્વમાં કીર્તન કરનારા-કહેનારા લોકોના ભાવોની ચર્ચા કર્યા પછી હવે અગિયારમા ભાવમાં ભાવોના ભાવયિતા એટલે કે જે લોકો મન પ્રધાન છે અને તેમના ગુણો ઘણું કરીને બહાર નથી જતા તેથી તે દુર્લભ હોવાથી તેના ભાવયિતા વિષયના ગુણોને દૃષ્ટાન્તસહ જણાવે છે.

શ્રીકલ્યાણરાયજી તથા શ્રીબાલકૃષ્ણજીના જણાવ્યા અનુસાર આ ભાવવાળાઓ યોગ-ધ્યાન વગેરેના સમયે જ તેમના દેહ-ઈન્દ્રિય વગેરેમાં વ્યાપીને રહેલા ભગવદ્ભાવવાળા હોય છે. અન્ય સમયમાં નહીં તેમજ

યોગ-ધ્યાન સમ્બન્ધી જે સજાતીયભાવ એટલે કે એનાથી દેહ-ઈન્દ્રિય-આત્મામાં વ્યાપ્ત થઈ રહેનારો જે ભાવ છે તેને જ વિશેષ અધિકારી પાત્રમાં ઉત્પન્ન કરે છે, સર્વમાં નહીં એમ જણાવે છે, શ્રીપુરુષોત્તમજી પણ આ જ વાતને જણાવે છે, વધુમાં તેઓશ્રી જણાવે છે કે આના પૂર્વમાં કર્મશુદ્ધોની વાત કર્યા પછી પ્રસંગોપાત્ત યોગને વિચારવામાં આવ્યો છે, કારણ કે યોગ પણ એક વિશેષ પ્રકારનું કર્મ જ છે તેથી યોગની અહીં ચર્ચા છે. શ્રીપુરુષોત્તમજીની આ વાતથી એમ સમજી શકાય છે કે જેમ પૂર્વમાં ભગવદર્પિત કર્મ દ્વારા શુદ્ધ ચિત્ત બનેલા કર્મશુદ્ધો તેમ અહીં પણ યોગ-ધ્યાનની સાધના વડે શુદ્ધચિત્ત થયેલા યોગીઓ. કારણ કે યોગશાસ્ત્રમાં યોગનું સ્વરૂપ **‘योगश्चित्तवृत्तिनिरोधः’** (પા.યો.સૂ.) અને યોગધ્યાનનું ફલ **‘तदा दृष्टुः स्वरूपे अवस्थानम्’** (પા.યો.સૂ.) જણાવેલું છે જે ચિત્તવૃત્તિનો નિરોધ થવો એ યોગ સ્વરૂપ છે અને ધ્યાનમાં-સમાધિમાં દ્રષ્ટા-સાધકનું પોતાના મૂલ આત્મસ્વરૂપમાં અવસ્થાન થવું એ ફલ છે અતઃ આ ભાવવાળાઓ પણ યોગશુદ્ધ-યોગ વડે શુદ્ધચિત્ત છે એમ કહી તેનું ફલ તો મોક્ષ જ છે, જ્યારે પુષ્ટિભક્તિમાં પૂર્વમાં જોઈ ગયા તેમ સાક્ષાત્ સ્વરૂપ સેવા જ તેમને અભીષ્ટ ફલ હોવાથી આ વક્તાઓ પણ પુષ્ટિભક્તિના સાધકો માટે અપ્રયોજક જ છે. શ્રીઆચાર્યચરણે **‘तत्सिद्ध्यै तनुवित्तजा’** વાક્યથી જે તનુવિત્તજાસેવાને ઉલ્લેખી છે તે સેવાનો આચાર્યચરણનિર્દિષ્ટ પ્રકાર એટલે કે **‘जनशिक्षाकृतेकृष्णभक्तिकृत्’** અને **‘निखिलेष्टदः’** સર્વોત્તમ-સ્તોત્રમાં કહેવાયેલ શ્રીઆચાર્યચરણ. આ બે નામથી શ્રીઆચાર્યચરણે પોતે સ્વયં જે પ્રકારે કૃષ્ણસેવા કરીને પોતાના સ્વીયજનોને સેવાની શિક્ષા પ્રદાન કરી છે તે પ્રકાર પોતાનામાં પૂર્ણ છે અને તેને બીજા કોઈ માર્ગ-સાધન વગેરેની અપેક્ષા નથી તેથી જ તો કહ્યું કે માનસી-મનની શ્રીપ્રભુમાં સ્થિરતા યા મનમાં શ્રીપ્રભુની શાશ્વત સ્થિતિ માટેનું એકમાત્ર આ જ સાધન છે અને તે છે તનુવિત્તજા પ્રકારની સેવા. આ પ્રકારની સેવા વડે યોગમાં યમથી લઈને સમાધિ સુધીના આઠ અંગોથી જે કંઈ પણ લાભ થાય છે યા જે કંઈ પણ સધાય છે તે બધું શ્રીઆચાર્યચરણ નિર્દિષ્ટ સેવા પ્રકારથી પૂર્ણરૂપે આપોઆપ

સિદ્ધ થઈ જાય છે. ઉપરાંત યોગના આ આઠ અંગો વડે જે સિદ્ધ થાય છે તે ફલ સર્વ ઉપાધિઓથી રહિત પોતાના આત્મસ્વરૂપમાં અવસ્થાન થવું તે ફલથી ઘણું અધિક એવું સર્વોત્તમ-સર્વોત્કૃષ્ટ ફલ પરમાનન્દ-અગણિતાનંદ સાક્ષાત્ પરમ ફલાત્મક શ્રીકૃષ્ણનાં સાક્ષાત્ સેવન રૂપ ફલ થાય છે અને તે પણ સ્વાધીનરૂપે કે જેને સર્વોત્તમસ્તોત્રમાં **‘निखिलेष्टदः’** થી જણાવ્યું છે. નિખિલ એટલે જે કંઈ પણ ભગવત્ સ્વરૂપ સમ્બન્ધી સર્વોત્કૃષ્ટ અભીષ્ટ સ્વ-સ્વભાવ અનુસારના મનોરથો છે તે સકલ મનોરથોને પૂર્ણ કરી આપનારા શ્રીઆચાર્યચરણ છે, જેમ કારાવાસમાં શ્રીકૃષ્ણના દર્શન કરતાં શ્રીદેવકીજીના મનમાં મનોરથ પ્રકટ થયો કે આ કૃષ્ણને હું મારા વાત્સલ્યનું-સ્તનનું પાન કરાવું. અતઃ યોગપ્રાપ્ય ફલથી ઘણું અધિક એવું સ્વરૂપ સમ્બન્ધી ફલ આ પ્રકારની સેવાથી થાય છે. અતઃ પુષ્ટિભક્તિ સાધકે યમ-નિયમાદિ, ધ્યાન-સમાધિ વગેરે સાધનોની કોઈ અપેક્ષા જ નથી રહેતી તેથી આ ભાવવાળાઓ પણ ઉત્તમ હોઈને પણ પુષ્ટિભક્તિ સાધનામાં અપ્રયોજક છે.

* * * * *

શ્લોક – આઠમો (ઉત્તરાર્ધ)

तपोज्ञानादिभावेन स्वेदजास्तु प्रकीर्तिताः ।। ८ ।।

અન્વય - **तु** - પરન્તુ **तपोज्ञानादि** - તપ-જ્ઞાન વગેરે, **भावेन** - ભાવ વડે (ભાવવાળાઓ), **स्वेदजाः** - પરસેવાના જળ (સમાન), **प्रकीर्तिताः** - કહેલા છે.

શબ્દાર્થ - પરન્તુ તપ-જ્ઞાન વગેરે ભાવ વડે (ભાવવાળાઓ) પરસેવાના જળ (સમાન) કહેલા છે.

અહીં સર્વ ટીકાકારોનો અભિપ્રાય આ મુજબ છે -

(१) શ્રીકલ્યાણરાયજી - द्वादशं भावमाहुः तपोज्ञानादिभावेनेति । तपः पञ्चाग्निसहनादि, ज्ञानं जीवात्मनः, आदिपदाद्वर्णाश्रमाचारश्च, प्रत्येकमेतान्येव भावस्तपोज्ञानादिभिर्वा यो भावस्तेनोपलक्षिताः स्वेदजतुल्याः कथितास्तेषां भावः स्वेदजतुल्य इत्यर्थः । केचित् तपसैव भगवानाराध्य इति मन्यन्ते। वस्तुतो भक्तिप्राप्य एव । 'मन्ये धनाभिजनरूपतपःश्रुतौजस्तेजः प्रभावबलपौरुषबुद्धियोगः । नाराधनाय हि भवन्ति परस्य पुंसो भक्त्या तुतोष भगवान् गजयूपपाये' त्यादिवाक्यैः । केचिदितरभिन्नत्वेन स्वात्मज्ञानान्मोक्ष इति तदेव भजनमितिमन्यन्ते । वस्तुतस्तु 'तमेवं विद्वानमृत इह भवती' त्यादेर्भगवज्ज्ञानमेव मोक्षसाधनम् । 'श्रेयः स्रुतिं भक्तिमुदस्य ते विभो क्लिश्यन्ति ये केवलबोधलब्धय' इति वाक्ये केवलात्मज्ञानस्य निन्दितत्वाच्च । केचित्तु 'वर्णाश्रमाचारवता पुरुषेण परः पुमान् । विष्णुराराध्यते पन्था नान्यत् तत्तोषकारण'मिति वाक्याद्वर्णाश्रमाचारमेव भगवद्भजनं मन्यन्ते । तदपि न विचारक्षमम् । वर्णाश्रमाचारस्याधिकारिविशेषणत्वादाराधनं तु श्रवणादिरूपं भिन्नमेव । 'धर्मः सत्यदयोपेतः' 'धर्मः स्वनुष्ठितः पुंसाम्' 'विप्राद्द्विषड्गुणयुतादरविन्दनामपादारविन्दविमुखात् श्वपचं वरिष्ठम् । मन्ये तदर्पितमनोवचने हितार्थः प्राणं पुनाति स कुलं न तु भूरिमान' इत्यादिभिर्भगवद्भजनाभावे भगवद्वैमुख्ये च धर्मस्याप्रयोजकत्वनिरूपणात् । 'वर्णाश्रमवतां धर्म एष आचारलक्षणः । स एव मद्भक्तियुक्तो निःश्रेयसकरः पर' इति भगवतोद्धवं प्रत्याचारभक्त्योर्भेदेन निरूपणात् । द्विजपत्न्यनुग्रहे द्विजैर्भगवद्वैमुख्ये त्रिवृद्विद्यादीनां धिक्कारोक्तेश्च । 'ये त्विहासक्तमनस' इत्यादिवाक्यैः सर्वकर्माणि कुर्वतामपि भगवद्वैमुख्योक्तेश्च । अत एव परमापदमापन्नो हर्षे वा समुपस्थिते। नैकादशीं त्यजेद्यस्तु यस्य दीक्षास्ति वैष्णवी' 'समात्मा सर्वजीवेषु निजाचारादविच्युतः । विष्णवर्पिताखिलाचारः स हि वैष्णव उच्यते' इत्येभिः पुराणवाक्यैर्माधवाचार्यैः कालमाधवीये वैष्णवलक्षणमभिधाय वैष्णवस्मार्तयोर्भेदो निरूपितः । वर्णाश्रमाचारस्यैव भजनरूपत्वे सम्प्रत्युक्तसकलविरोधात् । यथा स्वेदजलं न शुद्धिहेतुस्नानाचरमनाद्युपयोगि तर्षनिवर्तकं तापहारकं वा भवति, तथैतेषां भावोपीति भावः ।

અર્થાત્ - બારમા ભાવને કહે છે **'તપોજ્ઞાનાદિ ભાવેન'** એમ વાક્યથી. **'તપ'** એટલે પાંચ પ્રકારના અગ્નિ સહન કરવા વગેરે, **'જ્ઞાન'** એટલે જીવાત્માનું અને **'આદિ'** પદથી વર્ણાશ્રમ સમ્બન્ધી આચાર સમજવો. બધામાં આ એક-એક તપ-જ્ઞાન-વગેરે વડે થયેલો જે ભાવ છે તે ભાવ વડે ઉપલક્ષિત થનારાઓ સ્વેદજ એટલે પરસેવા (પસીનો)ના જળ

સમાન કહ્યા છે, તે લોકોનો ભાવ પરસેવાના જળ સમાન છે એમ અર્થ છે. કેટલાક લોકો તપ વડે જ ભગવાનની આરાધના થઈ શકે છે એમ માને છે. વાસ્તવમાં તો ભગવાન ભક્તિ વડે જ પ્રાપ્ત થનારા છે.

‘ધન, કુલીનતા, રૂપ, તપ, વિદ્યા, ઓજ, તેજ, પ્રભાવ, બલ, પૌરુષ, બુદ્ધિ વગેરે આ બધું પણ પરમપુરુષ ભગવાનની આરાધના માટે ઉપયુક્ત નથી એમ હું માનું છું કારણ કે ભગવાન ગજેન્દ્ર ઉપર માત્ર એની ભક્તિથી જ સંતુષ્ટ થયા હતા’ (ભાગ. ૭-૯-૯) વગેરે વાક્યોથી જાણી શકાય છે. કેટલાક લોકો બીજાથી ભિન્નતા વડે પોતાના આત્માના જ્ઞાનથી મોક્ષ થાય છે એમ માની આ પ્રકારનું આત્મજ્ઞાન જ ભગવાનની આરાધના છે એમ માને છે. વાસ્તવમાં તો **‘તે પરબ્રહ્મને આ મુજબ જાણનારો અહીં અમૃત-મોક્ષપ્રાપ્ત થાય છે’ (નૃસિંહ પુ. ૧-૬)** વગેરે વાક્યો વડે જાણી શકાય છે કે ભગવદ્ જ્ઞાન જ મોક્ષનું સાધન છે. **‘હે પ્રભો ! જે લોકો આપની ભક્તિને છોડી કેવલ જ્ઞાન પ્રાપ્તિ માટે જ પ્રવૃત્તિ કરે છે તે લોકો ક્લેશને જ પ્રાપ્ત થાય છે’** - આ વાક્યમાં કેવલ આત્મજ્ઞાનની નિન્દા થયેલી હોવાથી. કેટલાક લોકો તો **‘વર્ણાશ્રમના આચારનું આચરણ કરતા પુરુષો વડે (વર્ણાશ્રમના આચારના આચરણ વડે) પરમપુરુષ એવા વિષ્ણુની આરાધના કરે છે, વિષ્ણુના સંતોષનું કારણ આ સિવાયનો બીજો કોઈ માર્ગ નથી’** આ વાક્યથી વર્ણાશ્રમના આચારને જ ભગવદ્ ભજન માને છે. આ એમની માન્યતા વિચારપૂર્ણ નથી. કારણ કે વર્ણાશ્રમનો આચાર એ એના અધિકારીનું વિશેષણ હોવાથી જે ભગવાનનું આરાધન છે તે તો શ્રવણ વગેરે રૂપનું જુદું જ છે. **‘સત્ય દયા સહિતનો ધર્મ પણ મનુષ્યને સમ્યગ્ પવિત્ર કરતો નથી. સારી રીતે અનુષ્ઠાન કરાયેલો ધર્મ પુરુષને ભગવાન કમલનાભના ચરણારવિન્દથી વિમુખ થયેલા અને ભગવાનના છ ગુણોથી વિપરીત ગુણવાળા એવા બ્રાહ્મણોથી શૂદ્રો શ્રેષ્ઠ છે.’** વગેરે વાક્યો વડે ભગવદ્ ભજનના અભાવમાં અને ભગવાનની વિમુખતા હોતાં ધર્મની અપ્રયોજકતાનું નિરૂપણ થયેલું હોવાથી. **‘વર્ણાશ્રમવાળાઓનો આ આચાર લક્ષણવાળો ધર્મ, તે જ ધર્મ મારી ભક્તિથી યુત થયેલો હોય**

ત્યારે નિતરાં શ્રેયને કરનારો છે’ એમ ભગવાન વડે ઉદ્ધવ પ્રતિના ઉપદેશમાં આચાર અને ભક્તિનું ભેદ વડે નિરૂપણ કરેલું છે. તેમજ (દશમ સ્કન્ધમાં) દ્વિજપત્નીઓ ઉપરના ભગવાનના અનુગ્રહના પ્રસંગમાં ભગવાનથી વિમુખતામાં ત્રિવૃત્ વિદ્યા વગેરેને માટે દ્વિજોએ ધિક્કારની ઉક્તિ કહેલી છે. **‘જે લોકો અહીં આસક્ત મનવાળા છે’** વગેરે વાક્યો વડે સર્વકર્મોને કરતાં પણ ભગવદ્વિમુખતાની ઉક્તિ છે. તેથી જ **‘વિશેષ આપત્તિમાં આવી પડેલો હોય અથવા હર્ષનો પ્રસંગ ઉપસ્થિત થતાં પણ જેને વૈષ્ણવી દીક્ષા છે તેણે એકાદશી (નું વ્રત) ત્યાગવી નહીં’ ‘સર્વજીવોમાં સમાન હૃદયવાળો અને પોતાના આચારથી ચ્યુત નહીં થયેલો તેમજ પોતાના અખિલ આચાર વિષ્ણુને અર્પણ કરેલા છે (વિષ્ણુને અર્પણ ભાવથી જેના સર્વ આચાર છે) તે જ વૈષ્ણવ કહેવાય છે.’** આ બધાં પુરાણ વાક્યો વડે માધવાચાર્યે કાલ-માધવીય (ગ્રન્થ)માં વૈષ્ણવનું લક્ષણ જણાવીને વૈષ્ણવ અને સ્માર્તનો ભેદ નિરૂપણ કરેલો છે. વર્ણાશ્રમના આચારને જ ભજનરૂપ કહેતાં તે સામે સકલ શાસ્ત્રોનો વિરોધ પ્રાપ્ત થાય છે. (તેથી) પરસેવાનું જળ જેમ શુદ્ધિ હેતુ સ્નાન-આચમન વગેરે અર્થે ઉપયોગી નથી તેમજ તે જળ તરસ મટાડવાવાળું કે તાપ દૂર કરવાવાળું નથી હોતું, તેમ આમનો ભાવ પણ તે મુજબનો જ છે એમ ભાવ છે.

(૨) **શ્રીપુરુષોત્તમજી - अतः परमवर्ष्याभ्यः स्वाहे ति श्रुतिमनुसृत्य कर्मसम्बन्धिनमेव द्वादशं भावमाहुः तप इत्यादि । तुः प्रकरणभेदकः । तप सन्तापे शरीरेन्द्रियादिकं तपति यत्कर्म कृच्छ्रचान्द्रायणानशनादिरूपं तत्तपः, ज्ञानं सेश्वरसांख्यादिसिद्धं, आदिपदेन त्यागः, तेषां भावेन विद्यमानतया संयुक्ता ये गुणास्ते स्वेदजाः प्रकीर्तिताः । अत्र योगध्यानादिसंयुक्तपदैकदेशमूलं संयुक्तं पदमनुषज्जते । तथा च तादृशा गुणाः स्वेदजाः प्रकीर्तिताः, ष्विदा गात्रप्रक्षरणे, धर्मश्रमादिना सन्तप्तात् गात्रात्प्रसृतं यज्जलं सः स्वेदस्तस्माज्जाता वर्षजलभिन्नत्वेपि बिन्दुरूपत्वाद्धर्षतुल्या**

अवर्ष्याः या आपो वस्त्रादावेकीभूतास्तत्तुल्याः । ता यथा न समीचीनव्यवहारयोग्याः, किन्तु तद्गात्रस्यैव तापनिवारकाः, नान्यस्य, एवं तद्गता गुणा अपीत्यर्थः । तेन तादृशामपि सङ्गो न प्रकृतोपयोगी । तपआदिष्वेव विशेषाभिनिवेशेन गुणानां गौणत्वात्क्वचिन्मुख्यत्वेपि प्रकृतानुपयोगित्वादिति । अवर्ष्यत्वं च वर्ष्यभिन्नत्वे सति तत्समानत्वं, तच्च भूयः प्रक्षरणाद् बोध्यम् ।

सायणीये तु वर्ष्यनैरपेक्ष्येण भूमाववस्थिता अवर्ष्या इति व्याख्यातम्, तन्नास्माकं रोचते । पर्युदासस्य सदृग्ग्राहित्वेन भूमाववस्थिते तत्सदृशत्वाभावात् । अतस्तदर्थं तत्र स्वेदजलमेव ग्राह्यं, भूयः सादृश्यादिति ।

અર્થાત્ - હવે પછી **'અવર્ષ્યાભ્યઃ સ્વાહા'** એ શ્રુતિને અનુસરીને કર્મસમ્બન્ધવાળો જ બારમો ભાવ કહે છે **'તપ'** વગેરેથી. **'તુ'** એ પ્રકરણભેદ કરનાર શબ્દ છે. **'તપ સન્તાપના અર્થમાં'** એ અર્થે જે કર્મ શરીર-ઈન્દ્રિય વગેરેને તપાવે છે કે જે કૃચ્છ્રચાન્દ્રાયણ-અશન નહીં કરવું રૂપે જે કર્મ છે તે તપ છે. **'જ્ઞાન'** એટલે સેશ્વર સાંખ્ય મત વગેરેથી સિદ્ધ થતું જ્ઞાન, **'આદિ'** પદથી ત્યાગ અર્થ ગ્રહણ કરવો. તેમના તપ-જ્ઞાન વગેરે ભાવ વડે તેમની વિદ્યમાનતાથી સારી રીતે યુકત થયેલા જે ગુણો તે સ્વેદજ (પરસેવા જેવા) કહેવાયેલા છે. અહીં **'યોગધ્યાનાદિસંયુક્ત'** એમ સળંગ પદ પૈકીનું એક દેશમાં રહેલું જે સંયુક્ત પદ છે તે વિદ્યમાનતાનો સમ્બન્ધ દર્શાવે છે. તેથી તેવા (તપ-જ્ઞાનની વિદ્યમાનતાથી સંબન્ધ કરેલા) ગુણો સ્વેદજ કહેલા છે. **'સ્વિદ ધાતુ અંગોના ચૂવવાના અર્થમાં છે'** એ મુજબ ગરમી-શ્રમ વગેરે વડે સારી રીતે તપેલા ગાત્રો-અંગોથી ઝરતું જે જળ તે સ્વેદ તેના વડે ઉત્પન્ન થયેલ જળ વરસાદના જળથી તે જુદું હોઈને પણ (વરસાદના સમાન) બિન્દુરૂપ હોવાથી વર્ષાના તુલ્ય-સમાન છે અતઃ નહીં વરસેલું જે જળ (વરસ્યા વિના પ્રાપ્ત થતું જળ) કે જે વસ્ત્ર વગેરેમાં ભેગું

થયેલું હોય તેના સમાન સ્વેદજ છે. તે પરસસેવાનું જળ જેમ સમીચીન વ્યવહાર યોગ્ય નથી હોતું. કિન્તુ જેનાં અંગમાથી પરસેવો આવ્યો હોય તેનાં જ અંગોનું તાપ નિવારણ કરનાર હોય છે, બીજાના તાપનું નિવારણ નથી કરતું, તેમ આ ભાવવાળામાં રહેલા ગુણો પણ તેવા જ છે એમ અર્થ છે. તેથી તેવા લોકોનો પણ સંગ પ્રકૃતમાં ઉપયોગી નથી. તપ વગેરેમાં જ તેમના વિશેષ અભિનિવેશ વડે ગુણોની ગૌણતા હોવાથી અને કયાંક ગુણોની મુખ્યતા હોઈને પણ પ્રકૃતમાં તે લોકો અનુપયોગી હોવાથી તેમનો સંગ પણ અનુપયોગી છે. આ જળને શ્રુતિમાં **'અવર્ષ્ય'** નામે કહ્યું છે કે વર્ષાથી ભિન્નતા હોઈને તેના સમાનપણું હોવાથી કહ્યું છે અને તે ઘણું કરીને અંગોથી ઝરેલું એમ જાણવું.

સાયણીય વેદભાષ્યમાં તો વર્ષાની નિરપેક્ષાએ પૃથ્વિ પર રહેલું જળ એ અવર્ષ્ય છે એમ વ્યાખ્યાન કર્યું છે તે અર્થ અમને રુચિકર નથી. અપવાદને સદ્દષ્ટિથી ગ્રહણ કરતાં ભૂમિ પર રહેલા જળનું વર્ષાજળના સમાનપણું નહીં હોવાથી (તે અમને રુચિકર નથી). તેથી શ્રુતિના અર્થને માટે ત્યાં સ્વેદજલ એમ જ અર્થ ગ્રહણ કરવો. કારણ કે તેમાં ઘણું કરીને સદશતા રહેલ હોવાથી.

(૩) શ્રીવલ્લભજી - **अतः परं द्वादशं भावमाहुः तपोज्ञानादीति । केचन तप एव परं मत्वा कुर्वन्ति, केचन ज्ञानमेव केवलं परं मन्यन्त इति तेषां स्वरूपमाहुः - तपः पञ्चाग्निसाधनादीनि, ज्ञानं केवलं, तत्र प्रवृत्तानां भावाः स्वेदजा स्वेदजतुल्याः कथिता इत्यर्थः । यथा श्रमेण स्वेदजलं स्रवति । ऊष्मणा वा । अपवित्रमप्रयोजकं च भवति, तथैवेते भावाः श्रमसाधकाः, न तूत्कृष्टफलदाः । अग्रेपि तापकारकाः संसारकरणादिति भावः । अत एव 'रहूगणैतत्तपसा न याति न चेज्यया निर्वणाद्गृहाद्वा । न छन्दसा नैव जलाग्निसूर्यैर्विना**

महत्पादरजोभिषेक' मित्युक्तम् ।

અર્થાત્ - હવે પછી બારમા ભાવને કહે છે - **'તપોજ્ઞાનાદિ'** વાક્યથી. કેટલાક લોકો તપને જ પરમ માની તપ કરે છે, કેટલાક લોકો કેવળ જ્ઞાનને જ પરમ માને છે એમ તેમનું સ્વરૂપ જણાવે છે - **'તપ'** એટલે પંચાગ્નિ સાધનો વગેરે, **'જ્ઞાન'** એટલે કેવલ જ્ઞાન, તેમાં પ્રવૃત્ત થયેલાઓનો ભાવ **'સ્વેદજ'** એટલે સ્વેદજલ સમાન કહ્યો છે એમ અર્થ છે. જેમ શ્રમ કરવાથી સ્વેદજલ સ્રવે છે-ઝરે છે અથવા ગરમીના કારણે સ્રવે છે અને એવું (પરસેવાનું) શ્રવેલું જળ અપવિત્ર અને અપ્રયોજક હોય છે, તેવી જ રીતે આ ભાવો શ્રમ વડે સાધક (અથવા આ ભાવોમાં માત્ર શ્રમ જ સધાય છે) નહીં કે આ ભાવો કોઈ ઉત્કૃષ્ટ ફલને આપનારા છે. આગળ પણ સંસારને વધારીને તાપ કરનારા છે એમ ભાવ છે. તેથી જ **'હે રહૂગણ ! આ પરમાત્મ જ્ઞાન મહાપુરુષોના ચરણોની રજથી પોતાનો અભિષેક કર્યા વિના તપ કરવાથી નથી થતું, યજ્ઞાદિ કર્મ, અન્ન વગેરેનું દાન આપવું, ગૃહસ્થોચિત ધર્મને પાળવાથી, વેદના અધ્યયનથી, થતું નથી તેમજ જલ-અગ્નિની સૂર્યની ઉપાસનાથી પ્રાપ્ત થતું નથી'** (ભાગ.૫-૧૨-૧૨) એમ કહ્યું છે.

(૪) શ્રીબાલકૃષ્ણજી - **द्वादशं भावमाहुः तपोज्ञानादिभावेनेति । तपः कृच्छ्रादि, ज्ञानं जीवात्मनः । आदिपदेन विद्याविद्या बन्धमोक्षज्ञानं षोडशपदार्थज्ञानं लौकिकैः (कर्म)भिर्यो भावस्तेन संयुक्ताः स्वेदजास्तु प्रकीर्तिताः स्वेदजतुल्याः कथिताः इत्यर्थः । तेषां भावः स्वेदजतुल्य इत्यर्थः। केचित् तपसैव भगवान् प्राप्यत इति ज्ञात्वा तप एव कुर्वन्ति, केचित् ज्ञानेन जीवात्मज्ञानेन मोक्षो भवति, 'ज्ञानादेव हि कैवल्य मि'ति ज्ञात्वा ज्ञानार्थमेव यतन्ते । केचित् षोडशपदार्थज्ञानेनैव मोक्ष इति तज्ज्ञानार्थं न्यायादिकं पठन्ति, ते सर्व एवाज्ञाः । यतो भगवत्प्राप्तिस्तुभक्त्यैव, न तैः, अत एव भगवतोक्तं 'नाहं वेदैर्न तपसे' त्यारभ्य 'भक्तया त्वनन्यया शक्य' इत्यन्तम् । 'रहूगणैतत्तपसे ति'च । तस्मात् तेषां भावस्तज्जलतुल्य इत्यर्थः । यथा स्वेदजं जलं स्नानाद्ययोग्यं, अस्वादु, तापकरं, तथैतेषां भावोपि नात्मशोधकः, नापिभगवत्प्राप्तिकरः, तापक्लेशादिकर एवेत्यर्थः। जलसाम्यत्वेन हेयार्थश्च वर्णित इत्यर्थः ।**

અર્થાત્ - બારમા ભાવને કહે છે **'તપોજ્ઞાનાદિ ભાવ વડે'** વાક્યથી. **'તપ'** કૃચ્છ્ર વગેરે, **'જ્ઞાન'** જીવાત્માનું, **'આદિ'** પદથી વિદ્યા-અવિદ્યા, બન્ધ-મોક્ષનું જ્ઞાન ષોડશ પદાર્થ જ્ઞાન એમ લૌકિક કર્મો વડે જે ભાવ તેનાથી સારી રીતે યુકત થયેલા તો સ્વેદજ કહ્યા છે એટલે કે સ્વેદજ સમાન કહેલા છે એમ અર્થ છે. તેમનો ભાવ સ્વેદજ સમાન છે એમ અર્થ છે. કેટલાક લોકો તપ વડે જ ભગવાન પ્રાપ્ત કરી શકાય છે એમ જાણી તપ જ કરે છે, કેટલાકો જ્ઞાન વડે એટલે કે જીવાત્મ જ્ઞાન વડે મોક્ષ થાય છે **'જ્ઞાન વડે જ જેમાં કેવલનો ભાવ છે તેવો મોક્ષ થાય છે'** એમ જાણી જ્ઞાનને અર્થે જ યત્ન કરે છે. કેટલાકો ષોડશ પદાર્થ જ્ઞાન વડે જ મોક્ષ થાય છે એમ જાણી તેવા જ્ઞાન અર્થે ન્યાય વગેરે શાસ્ત્રોને ભણે છે, તે બધા જ અજ્ઞ-સાચું નહીં જાણનારા છે. જેથી (સાચું તો એ જ છે કે) ભગવત્ પ્રાપ્તિ તો ભક્તિ વડે જ થાય છે, જ્ઞાન-તપ વગેરેથી નહીં. તેથી ભગવાને **'હું વેદો-તપ વગેરે વડે પ્રાપ્ત નથી** ત્યાંથી આરંભી **પરન્તુ અનન્યા ભક્તિ વડે હું પ્રાપ્ય છું'** એમ કહ્યું છે. (ભાગવતમાં પણ) **'હે રહૂગણ આ તપ વડે પણ પ્રાપ્ત થતું નથી'** એમ કહ્યું છે. તેથી તેમનો ભાવ તેના સમાન જ છે એમ અર્થ છે. જેમ સ્વેદથી ઉત્પન્ન થતું જળ સ્નાન વગેરે માટે અયોગ્ય, સ્વાદ વિનાનું તાપ કરનાર હોય છે, તેમ આમનો ભાવ પણ આત્મા-અન્તઃકરણનો શોધક નથી હોતો, ન તો ભગવત્ પ્રાપ્તિ કરાવનારો હોય છે, તે માત્ર તાપ-કલેશને જ કરનારો હોય છે એમ અર્થ છે. (આવા) જળની સમાનતાએ હેય અર્થમાં આ ભાવ વર્ણવ્યો છે એમ અર્થ છે.

વિવરણ - અહીં શ્રીઆચાર્યચરણના વાક્યમાં **‘स्वेदजाः’** એટલે કે **‘स्विद्’** ધાતુને **‘घञ्’** પ્રત્યય લાગી બનેલો શબ્દ પરસેવો-પસીનો અર્થને દ્યોતે છે. મૂલ શ્રુતિમાં **‘वर्ष्याभ्यः’** થી વર્ષાના જળને કહીને પછી **‘अवर्ष्याभ्यः’** જે જળનો ઉલ્લેખ કર્યો છે તે સાયણાચાર્યે સ્વકૃત વેદભાષ્યમાં આ સ્થળે વર્ષાની નિરપેક્ષાએ પૃથ્વિ પર રહેલું જળ એમ અર્થ કર્યો છે પણ તે અર્થને શ્રીઆચાર્યચરણ સ્વીકાર કરતા નથી. કારણ કે અવર્ષ્ય એમ કહેવાથી નહીં વરસેલું એટલે કે વર્ષાજળના સમાન નહીં વરસેલું એમ જ અર્થ ગ્રહણ કરવો જોઈએ, નહીં તો વર્ષ્ય શબ્દનો અહીં પ્રયોગ વ્યર્થ થઈ જશે. અને તેવું વર્ષાના બિન્દુ સમાન બિન્દુ સ્વરૂપનું જળ તે પરસેવો જ હોઈ શકે છે. લગભગ આ જ અર્થ ચારે ટીકાકારો પણ સ્વીકારે છે.

વધુમાં શ્રીપુરુષોત્તમજી આની ઉત્થાનિકામાં જણાવે છે કે આ બારમો ભાવ પણ પૂર્વમાં દશમા-અગિયારમા ભાવમાં જણાવ્યા મુજબનો કર્મ સમ્બન્ધવાળો જ છે તેથી આ ભાવવાળાઓ પણ પુષ્ટિભક્તિ સાધનામાં અપ્રયોજક છે. આ ભાવવાળાઓનો પણ વિશેષ અભિનિવેશ **તપ** એટલે કે પંચાગ્નિવિદ્યા (આ છાન્દોગ્ય ઉપનિષત્ પ્રમાણે સૂર્ય-મેઘ-પૃથ્વિ-પુરુષ-સ્ત્રી આ પાંચનો સમૂહ - પંચાગ્નિ, અને સાધકને સેવન કરવાની પાંચ અગ્નિ-ગાર્હપત્ય-આહવહનીય-દક્ષિણ-સભ્ય-અને આવસથ્ય આ પાંચઅગ્નિ છે) પ્રકારે પાંચ પ્રકારની અગ્નિથી પોતાને - પોતાના શરીર-ઈન્દ્રિયને તપાવવું વગેરે તપમાં અભિનિવેશવાળા હોય છે. વ્યાકરણ શાસ્ત્રમાં **‘तप सन्तापे’**-થી સારી રીતે તપવાના કે તપાવવાના અર્થમાં તપ શબ્દ પ્રયોજાય છે. તેથી સામે ચાલીને પણ દુઃખ ન આવે તો મથામણ કરીને પણ દુઃખ અનુભવવાની માનસિકતાવાળા તપ કરનારા હોય છે, જ્યારે પુષ્ટિભક્તિ સાધનામાં તો **‘प्रतीकारो यदृच्छातः सिद्धश्चेन्नाग्रही भवेत्’** એમ વિવેકધૈર્યાશ્રયમાં શ્રીઆચાર્યચરણ જણાવીને એ દર્શાવી રહ્યા છે કે દુઃખ આવી પડે ત્યારે પણ દુઃખને દૂર કરવાની મથામણમાં કે દુઃખના ભયથી બુદ્ધિનું લક્ષ્યબિન્દુ ભગવાન પરથી ન હટાવતાં ભગવાન પર જ બુદ્ધિને સ્થિર રાખી બધું જ

સહન કરવું પણ સહન કરવા ઉપર પણ બિન્દુ સ્થિર ન કરવું પણ દુઃખ આપોઆપ ટળી જતું હોય ત્યારે દુઃખને નહીં વિચારતાં-તેનો આગ્રહ ન રાખતાં ભગવાન પર જ બુદ્ધિ સ્થિર રાખવી એ પુષ્ટિમાર્ગીય ધૈર્ય છે, જ્યારે આ તપ કરનારાઓની બુદ્ધિનું કેન્દ્રબિન્દુ તો શરીર-ઈન્દ્રિયને કષ્ટ આપવા ઉપર સ્થિર છે, તેથી આવા લોકોના સંગમાં કે તેમની વાતો સાંભળવાના પ્રભાવમાં આપણી બુદ્ધિ પણ ભક્તિમાર્ગથી ખસી એમના જેવી બનવી શક્ય હોવાથી આ ભાવવાળાઓ અપ્રયોજક છે એટલે કે જેમ પરસેવાનું જળ એ બીજાઓ માટે કોઈ જ ઉપયોગનું હોતું નથી તેમ આ લોકોનો ભાવ પણ બીજાઓ માટે કોઈ જ લાભકર્તા હોતો નથી.

* * * * *

શ્લોક - નવમો

अलौकिकेन ज्ञानेन ये तु प्रोक्ता हरेर्गुणाः ।
कादाचित्काः शब्दगम्याः पतच्छब्दाः प्रकीर्तिताः ॥ ९ ॥

અન્વય :- (ભગવાનની કૃપા અથવા મોટાઓના અનુગ્રહથી ઉત્પન્ન થયેલ) **अलौकिकेन** – અલૌકિક (લોકવિલક્ષણ), **ज्ञानेन** – જ્ઞાન વડે (યુક્ત થયેલા લોકો) (કે જે), **कादाचित्काः** – ક્યારેક જ શ્રોતાઓને (સાંભળવા મળતા) **तु** – અને, **शब्दगम्याः** – તેમના મુખથી નીકળેલા શબ્દોથી જ જાણી શકાય તેવા, **ये** – જે, **हरेः** – સર્વ દુઃખહર્તા શ્રીહરિના, **गुणाः** – ગુણો (ભાવરૂપે જેમના હૃદયમાં સ્થિત છે તેવા લોકો), **पतत् शब्दाः** – પહાડ પરથી ધારારૂપે નીચે પડતાં ચારે બાજુ ફેલાઈને પ્રવાહિત થતા શબ્દ કરનારા એવા ધોધના જળના શબ્દ સમાન, **प्रकीर्तिताः** – કહેલા છે ॥ ૯ ॥

શબ્દાર્થ - (ભગવાનની કૃપા અથવા મોટાઓના અનુગ્રહથી ઉત્પન્ન થયેલ) અલૌકિક (લોકવિલક્ષણ) જ્ઞાન વડે (યુક્ત થયેલા લોકો) (કે જે) ક્યારેક જ શ્રોતાઓને (સાંભળવા મળતા) અને તેમના મુખથી નીકળેલા શબ્દોથી જ જાણી શકાય તેવા જે સર્વ દુઃખહર્તા શ્રીહરિના ગુણો (ભાવરૂપે જેમના હૃદયમાં સ્થિત છે તેવા લોકો) પહાડ પરથી ધારારૂપે નીચે પડતાં ચારે બાજુ ફેલાઈને પ્રવાહિત થતા શબ્દ કરનારા એવા ધોધના જળના શબ્દ સમાન કહેલા છે ॥ ૯॥

(સારાંશમાં - મોટાઓના અનુગ્રહથી પ્રાપ્ત કરેલ જ્ઞાન વડે ક્યારેક જ તેમના મુખે સાંભળવા મળતા એવા પ્રભુના ગુણોના વક્તાઓ પહાડ પરથી પડતાં ઝરણાના શબ્દ સમાન છે) ॥ ૯ ॥

અહીં સર્વ ટીકાકારોનો અભિપ્રાય આ મુજબ છે -

(૧) શ્રીકલ્યાણરાયજી - त्रयोदशं भावमाहुः अलौकिकेनेति । महदनुग्रहादिना प्राप्तज्ञानेन ये सर्वदुःखहर्तुर्गुणा

ऐश्वर्यादयः प्रोक्ताः कदाचिदेव प्रतीयमानाः वेदादिगम्यास्ते गुणाः दूरात् पर्वतादेर्धारारूपेण पततां जलानां ये शब्दास्तत्सदृशाः प्रकीर्तिताः कथिता इत्यर्थः । यथा धाराजलशब्दाः (पर्वतपतित) धाराजलानां ज्ञापकास्तथोच्यमाना भगवद्गुणा अपि वक्तृणां धाराजलसदृशभावज्ञापका इत्यर्थः । यथा धाराजलं नैर्मल्यशैत्यमाधुर्याविच्छेदयोगाद्दर्शनस्पर्शनस्नानाचमनपानादिभिर्मनोहारि तापहारि सौहित्यसुखकारि, तथैतेषां काव्यादिषु प्रतीयमानो भावोपीति भावः ।

અર્થાત્ - તેરમા ભાવને કહે છે **‘અલૌકિકેન’** વાક્યથી. મોટાઓના અનુગ્રહ વગેરે વડે પ્રાપ્ત થયેલા જ્ઞાન વડે જે સર્વ દુઃખોનું હરણ કરનારા (શ્રીહરિના) ઐશ્વર્ય વગેરે ગુણો કહ્યા છે કે જે ક્યારેક જ પ્રતીયમાન થાય છે તેમજ જે વેદ વગેરેથી જ જાણી શકાય તેવા છે કે જે દૂરથી પર્વત વગેરેથી ધારારૂપે પડતાં જળનો જે શબ્દ થાય છે તે શબ્દના સમાન કહેલા છે એમ અર્થ છે. જે ધારાના જલનો શબ્દ (પર્વતથી પડતી જલધારાને જણાવનાર (ક્યાંક આસપાસમાં જલધારા છે એમ) છે તેમ અહીં કહેવાઈ રહેલા ભગવદ્ગુણો પણ વક્તાઓના ધારાજલ સમાન ભાવને જણાવનાર છે એમ અર્થ છે. જેમ ધારાજલ નિર્મલતા, શીતલતા, મધુરતા વગેરે ગુણો ભેગા મળી જોવામાં, સ્પર્શવામાં, સ્નાન, આચમન, પાન વગેરે વડે મનોહારિ, તાપહારિ, સારી રીતે હિત કરનાર, સુખકારિ હોય છે, તેમ આ લોકોનો કાવ્ય વગેરેમાં પ્રતીયમાન ભાવ પણ તેવો જ હોય છે એમ ભાવ છે.

(૨) શ્રીપુરુષોત્તમજી - अतः परं ह्लादुनीभ्यः स्वाहेति श्रुतिमनुसृत्य कीर्तयितृनिष्ठमुत्कृष्टं त्रयोदशं भावमाहुः अलौकिकेने त्यादि । तुः पूर्वोक्तसादृश्यभेदकः । अलौकिकं भगवत्कृपाजन्यं महदनुग्रहजन्यं वा अलौकिकार्थ-

प्रकाशकत्वाल्लोकविलक्षणं यत् ज्ञानं, तेन प्रत्यासत्तिभूतेन मनसि तेषां भानात्तेनैव श्रोतुरधिकारस्यापि भानात् प्रकर्षेण तदधिकारानुसारेणोक्ताः कादाचित्काः श्रोतृणां कस्मिंश्चित्कालविशेष एव बुद्धिगोचराः शब्दगम्या आप्तवाक्यादेव ज्ञायमाना ईदृशा ये हरेः सर्वदुःखहर्तुर्गुणाः रूपलीलाऽविशेषाः प्रकर्षेण कीर्तिताः । पत्लृ गतौ पतन् सर्वतो गच्छन् शब्दो ह्यागो यासामपां ताः पतच्छब्दास्तादृशाः प्रकर्षेण कीर्तिताः । तथा च भगवतो रहस्या ये गुणास्ते तादृशेभ्य एव कीर्तयितृभ्यः श्रोतृभिः प्राप्यन्ते, न सर्वैः । अतस्तादृशाधिकारसम्पत्तौ तादृशां कीर्तयितृणां सङ्गः सर्वथा कार्य एवेति भावः ।

અર્થાત્ - હવે પછી **'હ્રાદુનીભ્યઃ સ્વાહા'** એ શ્રુતિને અનુસરીને કીર્તન કરનારાઓમાં નિષ્ઠા પામેલો ઉત્કૃષ્ટ તેરમો ભાવ કહે છે **'અલૌકિક-વડે'** વગેરેથી.

'તુ' પહેલા કહેવાઈ ગયેલાની સમાનતામાં ભેદ કરનાર (તેથી જુદા પ્રકારના) છે. **'અલૌકિક'** એટલે ભગવાનની કૃપાથી થયેલું અથવા મોટાઓના અનુગ્રહથી થયેલું હોવાથી અલૌકિક અર્થનો પ્રકાશ કરનારું હોવાથી લોકથી તે વિલક્ષણ-જુદા જ લક્ષણનું હોય છે તેવું જે જ્ઞાન, તે જ્ઞાનની મનમાં ઊંડાણપૂર્વકની અતિશય નિકટતા વડે કરીને મનમાં તેનું જ ભાન રહેવાથી અને તેના વડે જ શ્રોતાના અધિકારનું પણ ભાન હોવાથી પ્રકર્ષે તેમના (શ્રોતાના) અધિકાર અનુસાર કહેલા કે જે **'કાદાચિત્ક'** એટલે કે કોઈક કાલવિશેષમાં જ શ્રોતાઓને બુદ્ધિગોચર થઈ શકનારા **'શબ્દગમ્યા'** એટલે આપ્તવાક્ય વડે જ જાણવામાં આવતા એવા જે સર્વદુઃખ હરનારા **'હરિના'** ગુણો કે જે રૂપલીલા વિશેષ સંબન્ધી તે પ્રકર્ષે કહેવાલા છે. **'પત્લૃ ધાતુ ગતિ અર્થે છે'** પડતાં સર્વ તરફથી જતાં જે જળનો શબ્દ-અવાજ થાય છે તે **'પતચ્છબ્દાઃ'** તેવા પ્રકર્ષે કહેલા છે. આ પ્રમાણે કહેતાં

ભગવાનના જે રહસ્ય એવા ગુણો છે તે તેવા જ (ઉપર જણાવ્યા મુજબના જ) કીર્તન કરનારાઓથી શ્રોતાઓને પ્રાપ્ત થાય છે, (બીજા) બધાથી તે પ્રાપ્ત નથી થતા. તેથી તેવા અધિકારની સમ્પત્તિ હોતાં તેવા કીર્તન કરનારાઓનો સંગ સર્વથા કરવો જ એમ ભાવ છે.

(૩) શ્રીવલ્લભજી - अन्ये केचन वेदमाहात्म्यज्ञानैकनिष्ठास्तेषां स्वरूपं कथयन्तस्त्रयोदशं भावमाहुः ।

अलौकिकेन ज्ञानेन वेदोक्तार्षज्ञानेनेत्यर्थः । ब्राह्मणानां वेद एवस्तदभ्यास एव तेषां धर्म इति तत्पाठकरणरूपा ये गुणाः प्रोक्ताः तेपि कादाचित्काः, न सर्वदा स्थिराः, तेपि शब्देनैव गम्याः, शब्द एव गम्यो येषां, न त्वर्थ इति वा, तादृशास्ते पतन्तः उच्चतः पतन्तो ये जलौघास्तेषां शब्दा इव । अथवा दूरात् कर्णे पतन्तः शब्दा इव प्रकीर्तिताः । यथा ते निरर्थकाः, दूरात् पतनजशब्दैनैव ज्ञायन्ते, न तु ते प्राप्तुं शक्यन्ते, तथा ते वेदपाठका एव न तु ते वेदार्थं जानन्ति, न मुख्यफलं प्राप्नुवन्तीति भावः। आपाततो ज्ञानेपि कादाचित्कत्वेन न मुख्यफलमितिभावः ।

અર્થાત્ - બીજા કેટલાક વેદમાં કહેવાયેલ માહાત્મ્યજ્ઞાનમાં જ એકમાત્ર નિષ્ઠા પામેલા તેમના સ્વરૂપને જણાવતાં તેરમો ભાવ કહે છે.

અલૌકિક જ્ઞાન વડે એટલે વેદમાં કહેવાયેલ આર્ષ જ્ઞાન વડે એમ અર્થ છે. બ્રાહ્મણોને વેદમાં જ તેનો અભ્યાસ જ તેઓનો ધર્મ છે એમ વેદનો પાઠ કરવારૂપ જે ગુણો કહ્યા છે, તે પણ ક્યારેક જ અચાનક પ્રકટ થનારા, નહીં કે સર્વદા સ્થિર રહેનારા, તે પણ શબ્દ વડે જ જાણી શકાતા, શબ્દથી જ જે ગમ્ય છે, અથવા તો જેમનો અર્થ ગમ્ય નથી, તેવા પ્રકારના લોકો ઊંચેથી પડતો જલનો પ્રવાહ તેના શબ્દ જેવા હોય છે. અથવા દૂરથી કાનમાં આવી પડતા શબ્દ જેવા કહેલ છે. જેમ તે સંભળાયેલા શબ્દો નિરર્થક હોય

છે, અને તે દૂરથી પડવાથી થતા શબ્દ વડે જ (જલ છે તેમ) જાણી શકાય છે, પરન્તુ તે પ્રાપ્ત કરવા શકય નથી હોતા, તેમ તેઓ માત્ર વેદનું પઠન કરનારા જ હોય છે, નહીં કે તેઓ વેદના અર્થને જાણતા હોય છે, તેથી તેઓ મુખ્ય ફલને પ્રાપ્ત કરતા નથી તેમ ભાવ છે. આપાતતઃ જ્ઞાનમાં પણ સહસા ક્યારેક જ ગુણો પ્રકટ થતાં હોવાથી તેમને મુખ્યફલ થતું નથી એમ ભાવ છે.

(૪) શ્રીબાલકૃષ્ણજી - त्रयोदशं भावमाहुः अलौकिकेन ज्ञानेनेति अलौकिकेन भगवद्दत्तेन महत्तमचरणरजोभिषेकजेन वा ज्ञानेन हरेरकारणसर्वदुःखहर्तुः कादाचित्काः कदाचिदेव स्वीयानां दर्शनतापनिवृत्त्यर्थं प्रकटीकृताः प्रतीयमाना गुणाः शब्दगम्याः वेदादिगम्याः श्रुतिरूपव्रजवरवधूरूपैकगम्याः ये वर्णयन्ति ते पतच्छब्दाः पर्वतशिखराद्धारापतने ये शब्दाः तत्सदृशाः प्रकीर्तिताः निरूपिताः इत्यर्थः । तेषां भावस्तज्जलतुल्य इत्यर्थः । यथा धाराजलशब्दाः तत्र जलस्थितिज्ञापकास्तथा तद्वर्णनमपि तद्धृदि भगवत्स्थितिं बोधयतीत्यर्थः । धारा अपि शब्दगम्या भवन्ति, भावा अपि तथैवेत्यर्थः ।

અર્થાત્ - તેરમા ભાવને કહે છે **‘અલૌકિક જ્ઞાન વડે’** વાકયથી. **‘અલૌકિક’** એટલે ભગવાને આપેલ અથવા મહાપુરુષોના ચરણરજના અભિષેક વડે થયેલ જ્ઞાન વડે **‘હરિ’**-અકારણ સર્વદુઃખને હરનારાના **કાદાચિત્ક** એટલે ક્યારેક જ - સહસા પોતાના જનોના દર્શન તાપની નિવૃત્તિ અર્થે પ્રકટ કરેલા પ્રતીયમાન થતાં ગુણો **‘શબ્દગમ્યા’** એટલે વેદ વગેરેથી ગમ્ય એવા શ્રુતિરૂપ વ્રજવર સ્વામિની રૂપે જ એકમાત્ર ગમ્ય (એવા જે ગુણો) વર્ણન કરે છે તે **‘પતચ્છબ્દ’** એટલે પર્વતના શિખરથી ધારારૂપે પડીને જે શબ્દ થાય છે તેના જેવા **‘પ્રકીર્તિત’** એટલે નિરૂપણ કરાયેલા છે એમ અર્થ છે. તેમનો ભાવ તે જલના સમાન છે એમ અર્થ છે. જે ધારાથી પડતા જલનો શબ્દ તે જળ છે એમ જળની સ્થિતિને જાણાવનાર હોય છે

(શબ્દથી જાણી શકાય છે કે અહીં પાસે જલ છે) તેમ તેમના વડે કરાયેલ (ભગવદ્ ગુણોનું) વર્ણન પણ તેમના હૃદયમાં ભગવાનની સ્થિતિનો બોધ કરાવે છે એમ અર્થ છે. ધારા પણ (જેમ) શબ્દથી જાણી શકાય તેમ હોય છે, તેમ તેમનો ભાવ પણ તેમ જ છે એમ અર્થ છે.

વિવરણ - આ તેરમા ભાવને શ્રુતિમાં **‘ह्रादुनीभ्यः’**થી જણાવ્યું છે. **‘ह्राद्’** ધાતુ ભ્વાદિ આત્મનેપદનો છે અને તેનો અર્થ શબ્દ કરવો, દહાડવું થાય છે. **‘ह्राद्’** ધાતુને **‘णिनि’** લાગીને **‘ह्रादिन्’** શબ્દ બને છે જેનો અર્થ શબ્દાયમાન્-દહાડવાવાળો થાય છે અને **‘ह्रदिन्’** ને **‘ङीप्’** લાગી **‘ह्रादिनी’** શબ્દ બને છે જેનો અર્થ થાય છે ઈન્દ્રનું વજ્ર-વિજળી-નદી-શલ્લકી નામનું એક વૃક્ષ.

અહીં આ ભાવવાળાઓ માટે શ્રીકલ્યાણરાયજી, શ્રીપુરુષોત્તમજી તથા શ્રીબાલકૃષ્ણજીના મન્તવ્યે આ ભાવવાળાઓ ઉત્તમ છે અને તેમનો સંગ-શ્રવણ વગેરે ભક્તિસાધકોને માટે ઉપકારક છે એમ જણાવે છે, જ્યારે શ્રીવલ્લભજીના મન્તવ્યે આ ભાવવાળાઓ **‘पतच्छब्दाः’** થી ઉપરથી ધારાપ્રવાહે નીચે પડતા જલથી થનારા શબ્દ સમાન છે એમ કહ્યું હોવાથી પડવાથી જલ છે તેમ માત્ર જાણી જ શકાય છે પણ તે પ્રાપ્ત કરવા શક્ય નથી તેમ આ લોકો વેદનું માત્ર પઠન કરનારા જ હોય છે પણ વેદના અર્થને નહીં જાણનારા હોય છે તેથી તેઓને મુખ્ય ફલ થતું નથી. આમ તેઓશ્રીના મન્તવ્યે આ ભાવવાળાઓ ભક્તિસાધનામાં અપ્રયોજક છે. આ બન્ને મન્તવ્યોમાં મને પોતાને પ્રથમ મન્તવ્ય વધુ પ્રતીતિકર-યોગ્ય લાગે છે. **‘अलौकिकेन ज्ञानेन’** માં અલૌકિક જ્ઞાન એટલે શ્રીકલ્યાણરાયજી-મોટાઓના અનુગ્રહ વડે પ્રાપ્ત જ્ઞાન, શ્રીપુરુષોત્તમજી-ભગવાનની કૃપાથી અગર મોટાઓના અનુગ્રહથી થયેલું જ્ઞાન, શ્રીબાલકૃષ્ણજી-ભગવાને આપેલ અથવા મહાપુરુષોના ચરણરજના અભિષેક વડે થયેલ જ્ઞાન એમ આ ત્રણેના મન્તવ્યો સુરુચિકર-પ્રતીતિકર છે જ્યારે શ્રીવલ્લભજી-વેદમાં

કહેવાયેલ આર્ષજ્ઞાન વડે એમ અર્થ જણાવી આ લોકો માત્ર વેદપાઠન કરનારા જ છે, અર્થ જ્ઞાનવાળા નહીં, તો પછી અહીં જ્ઞાન શબ્દનો પ્રયોગ ન થઈ અલૌકિક શબ્દ વડે એમ હોવું વધારે ઠીક બેસે. તેથી અલૌકિક જ્ઞાન વડે એટલે કે ભગવાન કે મહાપુરુષોના અનુગ્રહે જ આ જ્ઞાન પ્રાપ્ત થવું શક્ય છે અને તે જ્ઞાન જેને છે તેવા આ ભાવવાળા એટલે કે ભગવાન અને મહાપુરુષોનો અનુગ્રહ પ્રાપ્ત કરેલા આ ભાવવાળા છે એમ સમજી શકાય છે. તેથી જ શ્રીપુરુષોત્તમજી જણાવે છે કે **‘ભગવાનના જે રહસ્ય એવા ગુણો છે તે આવા જ કીર્તન કરનારાઓ-વકતાઓથી જ શ્રોતાઓને પ્રાપ્ત થાય છે, બીજા બધાથી તે પ્રાપ્ત નથી થતા તેથી તેવા (ઉત્તમ) અધિકારની સમ્પત્તિ હોતાં તેવા કીર્તન કરનારાઓનો સંગ સર્વથા કરવો જ એમ ભાવ છે.’**

* * * * *

દશમો શ્લોક (પૂર્વાર્દ્ધ)

देवाद्युपासनोद्भूताः पृष्वा भूमेरिवोद्गताः ।

અન્વય - देवादि-उपासना-उद्भूताः - દેવ વગેરેની ઉપાસનાથી (ઉપાસકમાં) ઉદ્ભવ પામેલા (ગુણો), **भूमेः-इव-उद्गताः -** જમીનમાંથી જાણે કે ફૂટી નિકળ્યા હોય તેવા, **पृष्वाः -** ઓસની બૂંદો (જેવા છે).

શબ્દાર્થ - દેવ વગેરેની ઉપાસનાથી (ઉપાસકમાં) ઉદ્ભવ પામેલા (ગુણો) જમીનમાંથી જાણે કે ફૂટી નિકળ્યા હોય તેવા ઓસની બૂંદો (જેવા છે).

અહીં સર્વ ટીકાકારોનો અભિપ્રાય આ મુજબ છે -

(૧) શ્રીકલ્યાણરાયજી - चतुर्दशं भावमाहुः देवा इति । श्रीपुरुषोत्तमव्यतिरिक्तानां देवानामादिपदात् पितृमातृपतिज्येष्ठ-भ्रात्रादय उच्यन्ते । एतेषामेव उपासनेऽयमेव देवः परमेश्वरो, वयं परमेश्वरभजनमेव कुर्मः । पितैवास्माकमीश्वरः, पितृसेवां विष्णुभजनमेव कुर्म इत्येवमादयो ये उद्भूता भावास्ते, अथ च देवाः शिवादयः आदिपदात् यक्षरक्षःपिशाचादयः । तेषां देवादीनामुपासनमुद्भूतमुद्गतं येषु भगवद्भावेषु ते भावा देवाद्युपासनेन सह वोद्भूता भगवद्भावास्ते च भूमेरुद्गताः पृष्वा इव। अवश्यायजन्याः पृष्वा इति वेदभाष्ये । पृष्वा जलबिन्दवस्तुषारकणाः जलबुद्बुदा वा त इवेत्यर्थः । तेषां भ्रान्त्या भजनात्तुल्यतयैव सर्वभजनाच्च । महापुरुषाणां भगवद्भक्तानां भजनं तु भगवत्प्रीतिभक्तिशुद्ध्यादिसाधकत्वाद्भिन्नरूपमेव । अत

एव श्रीभागवते ‘मद्भक्तपूजाभ्यधिका’ ‘तुलयाम लवेनापि न स्वर्गं नापुनर्भवम् । भगवत्सङ्गिसङ्गस्य मर्त्यानां किमुताशिषः’ । ‘प्रसङ्गमजरं पाशमात्मनः कवयो विदुः । स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम्’ । ‘सतां प्रसङ्गान्ममवीर्यसंविदः’ । ‘न तथा ह्यघवान् राजन् पूयेत तप आदिभिः । यथा कृष्णार्पितप्राणस्तत्पूरूषनिषेवया’ । ‘किरातहूणान्ध्र’ त्यादि । पित्रादि सेवायाः स्वर्गादिसाधकत्वान्न भगवत्फलसाधकत्वम् । अत एव भगवता गीतायं ‘ये प्यन्यदेवताभक्ता’ इत्यत्र, स्वभजने विधिपूर्वकत्वाभाव उक्तो, विध्यभावे कर्मणि फलाभाववदत्रापि भगवत्फलं न भवतीत्याशयेन ‘यान्ति मद्याजिनोपि माम्’ ‘देवान्देवयजो यान्ती’ति वाक्यैः पुरुषोत्तमभजनकर्तुरेव पुरुषोत्तमप्राप्तिस्तस्यैव भगवान् योगक्षेमं वहतीति पुरुषोत्तमप्राप्तौ पुरुषोत्तम भजनमेव विधिर्न तु केनापि प्रकारेणान्यभजनमित्यत्र विध्यभावात् फलाभावो युक्त इति भावः) यथा बिन्दवस्तुषारकणाः बुद्बुदजलं वा न स्नानाचमनपानादिभिः शुद्धितृप्त्यादिसाधकं तथैतेषां भावोपि न शुद्ध्यादिसाधक इत्यर्थः ।

અર્થાત્ - ચૌદમા ભાવને કહે છે **‘દેવાદિ’** વગેરેથી. **‘દેવો’** એટલે શ્રીપુરુષોત્તમથી વ્યતિરિક્ત એવા દેવો, **‘આદિ’** પદથી પિતા, માતા, પતિ, જેઠ, ભાઈઓ વગેરે સમજવા. આ બધાની જ ઉપાસનામાં આ જ દેવ છે. આ જ પરમેશ્વર છે, અમે (આમના ભજન વડે) પરમેશ્વરનું જ ભજન કરીએ છીએ, (આ દુનિયામાં પુત્ર માટે) પિતા જ અમારા ઈશ્વર છે તેથી પિતૃસેવા વડે અમે વિષ્ણુનું જ ભજન કરીએ છીએ આ પ્રમાણેના આવા ઉદ્‌ભવ પામેલા જે ભાવો છે, તેમજ **‘દેવ’** એટલે શિવ વગેરે, **‘આદિ’** પદથી યક્ષ, રાક્ષસ, પિશાચ વગેરે, જે ભગવદ્ ભાવોમાં તે દેવ વગેરેનું ઉપાસન ઉદ્‌ભવ પામેલું હોય એટલે કે ઉદ્‌ગત થયેલું હોય તે ભાવો, અથવા,

દેવ વગેરેની ઉપાસનાની સાથે ઉદ્‌ભવ પામેલા જે ભગવદ્‌ભાવો તે ભાવો ભૂમિથી ઉદ્‌ગત થયેલા ઓસના બિન્દુ જેવા છે. **‘ઓસથી ઉત્પન્ન થયેલા બિન્દુઓ પૃષ્વા (કહેવાય) છે’** એમ વેદભાષ્યાં કહ્યું છે. તેથી પૃષ્વા તુષારકણરૂપ જલના બિન્દુઓ અથવા જલના બુદ્‌બુદોના જેવા છે એમ અર્થ છે. તેની ભ્રાન્તિ વડે ભજન હોવાથી તેમનું કરેલું સર્વ ભજન તેવી ભ્રાન્તિની સમાનતાથી જ છે. મહાપુરુષો-ભગવદ્ ભક્તોનું ભજન તો ભગવત્ પ્રીતિ, શુદ્ધિ વગેરે સાધક હોવાથી જુદા સ્વરૂપનું જ છે. તેથી જ શ્રીભાગવતમાં **‘મારા ભક્તની પૂજા અધિક કરવી’**, (ભાગ.) **‘ભગવાનમાં આસક્તિવાળાના સંગ તુલનામાં અમે સ્વર્ગ અને અપુનર્ભવ-મોક્ષને પણ ગણતા નથી; તો પછી મરણધર્મવાળા મનુષ્યસંબંધી ભોગોની તો વિસાત જ શી છે !’** (ભાગ.૧-૧૮-૧૩) **‘આસક્તિ એ જીવાત્માને ક્યારેય નહીં ઢીલું થનારું બંધન છે એમ વિદ્વાનો જાણે છે, તે જ જો સાધુજનોમાં કરાયેલ હોય તો ખુલ્લું મોક્ષનું દ્વાર છે.’** (ભાગ.) **‘સત્‌પુરુષોના પ્રકૃષ્ટસંગથી મારા પરાક્રમોનું જ્ઞાન કરાવનારી તથા હૃદય-કાનને પ્રિય રસાયનરૂપ કથા થાય છે’** (ભાગ. ૩-૨૫-૨૫) **‘હે રાજન્ ! તપ વગેરે વડે પાપી પુરુષ તેટલો પવિત્ર થતો નથી, જેટલો કે તે કૃષ્ણને અર્પણ કરેલા છે પ્રાણ જેને તેવા ભક્તોની સેવાથી પવિત્ર થાય છે** (ભાગ. ૬-૧-) **કિરાત, હૂણ, આન્ધ્ર વગેરે.’** (ભાગ.) પિતા વગેરેથી સેવા એ સ્વર્ગ વગેરે ફલને સાધનારી હોવાથી તે ભગવત્ ફલને સાધનારી નથી હોતી. તેથી જ ભગવાને ગીતામાં કહ્યું છે - **‘જે પણ બીજા દેવતાના ભક્તો’** (ગીતા.) અહીં આ પ્રકારે બીજા દેવતાઓની ઉપાસના એ મારું જ ભજન છે છતાં પણ તે વિધિપૂર્વકનું નથી એમ કહ્યું છે. વિધિના અભાવમાં કર્મમાં ફલ થતું નથી તેની માફક અહીં પણ ભગવત્ ફલ નથી થતું તેમ આશય છે (**મને ભજનારા મને પામે છે દેવતાઓનું યજન કરનારા દેવોને પામે છે** (ગીતા.) વગેરે વાક્યો વડે પુરુષોત્તમનું ભજન કરનારને જ પુરુષોત્તમની પ્રાપ્તિ થાય છે અને તેનું જ ભગવાન યોગક્ષેમ વહન કરે છે તેથી પુરુષોત્તમની પ્રાપ્તિમાં પુરુષોત્તમનું ભજન જ વિધિ છે, નહીં કે કોઈ પણ પ્રકારે અન્ય ભજન પણ વિધિ છે. તેથી અહીં વિધિનો અભાવ

હોવાથી ફલનો અભાવ એ યુકત જ છે એમ ભાવ છે). જેમ જલના બિન્દુઓ - ઝાકળના કણો-બુદ્ બુદ્ જલ એ સ્નાન-આચમન-પાન વગેરે વડે શુદ્ધિ-તૃપ્તિ વગેરે સાધનારું બનતું નથી તેમ આમનો ભાવ પણ શુદ્ધિ વગેરેને સાધનાર નથી બનતો એમ અર્થ છે.

(૨) શ્રીપુરુષોત્તમજી - अतः परं ‘पृष्वाभ्यः स्वाहे’ति श्रुतिमनुसृत्य चतुर्दशं जघन्यं भावमाहुः देवेत्यादि । देवाः श्रौताः पौराणिकाश्च शिवदुर्गाणपतिप्रभृतय आदिशब्देनान्ये पितृमात्रादयस्तेषामुपासनं स्वरूपचिन्तनं सेवनं वा तेनोद्भूता उपासके उद्गताः स्वयमन्यैश्चानुभूयमाना इति यावत् । ईदृशा ये गुणाः ज्ञानबलसामर्थ्यादयस्ते पृष्वाः अवश्यायजन्या आपः पृष्वा इति सायणभाष्ये व्याख्यातं, तत्तुल्याः । ता यथा पाषाणभूमौ पतिताः, तत उद्गता इव भासन्ते, न तु तास्तदीयाः, एवं तेऽपि गुणा भगवदीया एव, ‘यद्यद्विभूतिमत्सत्वं श्रीमदूर्जितमेव वा, तत्तदेवावगच्छ त्वं मम तेजोंशसम्भवमि’ति गीतावाक्योक्तन्यायात् । परन्तु तानुपासकाः स्वीयत्वेन देवीयत्वादिना वा भ्रमान्मन्यन्ते, तेन च उत्सिच्यन्ते साहंकारा भवन्तीति यावत् । अतस्तेषां स्वरूपं फलं च जघन्यमेव । ‘नीहारेण प्रावृता’ इति श्रुतौ नीहारस्य ज्ञानतिरोधायकत्वेनोक्तत्वादिति तेषूत्कर्षबुद्धिस्तादृशां सङ्गश्च न कार्य इत्यर्थः ।

અર્થાત્ - હવે પછી **‘પૃષ્વાભ્યઃ’** એ શ્રુતિ અનુસાર ચૌદમા જઘન્ય ભાવને કહે છે - **દેવાદિ** વગેરે વાકયથી. **દેવ** શ્રૌત-પૌરાણિક શિવ-અગ્નિ-દુર્ગા-ગણપતિ વગેરે **આદિ** શબ્દથી બીજા પણ પિતૃ-માતૃ વગેરે તેમનું **ઉપાસન** એટલે તેમનું સ્વરૂપ ચિન્તન અથવા સેવન, તેનાથી **ઉદ્ભૂત** ઉપાસકમાં ઉદ્ગત થયેલા સ્વયં પોતે અને બીજાઓ વડે અનુભવ કરાતા એવા

જે ગુણો જ્ઞાન-બલ-સામર્થ્ય વગેરે તે **પૃષ્વા** એટલે કે ઝાકળમાં ઉત્પન્ન થયેલા જળ એમ સાયણભાષ્યમાં જણાવ્યું છે, તેના સમાન. તે જેમ પત્થરાળી ભૂમિમાં પડેલા ત્યાંથી જ જાણે કે ઉગેલા હોય તેમ ભાસિત થતા, નહીં કે તે પાષાણમાંથી ઉદ્ભવેલા છે, તેમ તે જ્ઞાન-બલ-સામર્થ્ય વગેરે ગુણો પણ ભગવદીય ગુણો જ છે. **‘જે-જે પણ (ચેતન-અચેતન) વસ્તુમાત્ર-સત્ત્વ (જે પણ) ઐશ્વર્યયુકત, સમ્પત્તિયુકત, શોભાયુકત અથવા કોઈ પણ પ્રકારે ઉત્કૃષ્ટતાને પ્રાપ્ત-રમણીયતર (છે) તેને તું મારા અનુભાવથી થયેલ જાણ’** એમ ગીતાના કહ્યા મુજબના ન્યાય અનુસાર. પરન્તુ દેવતાઓના ઉપાસકો ભ્રમવશ પોતાના અથવા દેવોના માની બેસે છે તેથી કરીને તે લોકોમાં અહંકાર ઉદ્ભવે છે. તેથી તેવા જ્ઞાન-બલ-સામર્થ્યનું સ્વરૂપ અને ફલ બન્ને જઘન્ય જ હોય છે. **‘કોહરાથી ઢંકાયેલા જ્ઞાનવાળા’** (તૈત્તિરીય સંહિતા) એમ શ્રુતિમાં જ્ઞાનનું તિરોધાન કરનાર રૂપમાં કહ્યું હોવાથી તેથી તેવા લોકોમાં ઉત્કર્ષ બુદ્ધિ ન રાખવી કે તેવાઓનો કયારેય સંગ પણ ન કરવો એમ અર્થ છે ॥ ૯ ૧/૨ ॥

(૩) શ્રીવલ્લભજી - **ननु तेपि देवाद्युपासनां कुर्वन्ति, वेदार्थाज्ञाने तु साङ्गोपासना न भवेदित्याशङ्कानिरासाय चतुर्दशं भावमाहुः । यद्यपि केचन देवादीनामुपासनां कुर्वन्ति । न ह्येतावानेव वेदार्थ इति तावन्मात्रज्ञानेन क्रियमाणा सा न परमफलदायिनीति तादृशा गुणा भावाः भूमेरुद्गताः पृष्वा जलबिन्दवो बुद्बुदास्तद्रूपाः । यथा ते यत्रैवोत्पन्नास्तत्रैव लीना भवन्ति, तथा यस्य देवस्योपासना तत्रैव पर्यवस्यन्ति, न तु ब्रह्मपर्यवसाना इत्यर्थः ।**

અર્થાત્ - પ્રશ્ન- તે લોકો પણ દેવ વગેરેની ઉપાસના કરે છે. પરન્તુ વેદના અર્થનું અજ્ઞાન હોતાં અંગસહિતની ઉપાસના નથી થતી ? એમ શંકાના નિરાકરણમાં ચૌદમા ભાવને કહે છે -

યદ્યપિ કેટલાક લોકો દેવ વગેરેની ઉપાસના કરે છે. નિશ્ચયે આટલો જ વેદાર્થ નથી તેમ છતાં પણ તેટલા જ માત્ર જ્ઞાન વડે કરાતી ઉપાસના તે પરમફલને આપનારી હોતી નથી તેથી તેટલા જ માત્ર જ્ઞાનવાળાના ગુણો-ભાવો ભૂમિથી ઉદ્ગત થયેલા ઝાકળના જળનાં બિન્દુઓ-બુદ્બુદો તે રૂપના છે. જેમ તે બિન્દુઓ જ્યાં ઉત્પન્ન થાય છે ત્યાં જ પાછા લીન થાય છે, તેમ જેની દેવ ઉપાસના છે તેનું ત્યાં જ પર્યવસાન થાય છે, નહીં કે તેનું પર્યવસાન બ્રહ્મમાં થાય છે એમ અર્થ છે ।। ૯$^{૧}/_{૨}$ ।।

(૪) શ્રીબાલકૃષ્ણજી - चतुर्दशं भावमाहुः देवाद्युपासनोद्भूता इति । देवाः शिवादयः आदिपदादुमादुर्गाभैरवादयः, तेषां उपासने प्रोद्भूताः तत्र भगवत्त्वेन सर्वेश्वरत्वेन मोक्षसाधकत्वेन ये भावास्ते भूमेः सकाशादुत्पन्नाः तुषारजलकणा इवेत्यर्थः । तेषां भावास्तज्जलतुल्य इत्यर्थः । तेषां तद्भजनेन किञ्चित्फलं, किन्तु भगवतोऽन्यथा चिन्तितत्वान्नरकः । अत एव 'योन्यथा सन्त'मित्युक्तम् । यथा तज्जलं न स्नानादियोग्यं किन्तु स्वाधारमपि पंकिलं करोति, तथैतेषां भावोपि न शुद्ध्यादिकमुत्पादयति, मोक्षसाधको वा भवति, परं देवानां भक्तत्वात् स्वाधिसाम्यतया भजंस्तमनुकारयति इत्यर्थः ।

ચૌદમા ભાવને કહે છે - **'દેવ વગેરેની ઉપાસનાથી ઉદ્ભૂત થયેલા'** વાક્યથી. દેવો શિવ વગેરે, આદિ પદથી ઉમા-દુર્ગા-ભૈરવ વગેરે. તેમની ઉપાસના કરાતાં પ્રકૃષ્ટતાએ ઉદ્ભવેલા ત્યાં (તે દેવોમાં) ભગવત્પણાએ, સર્વેશ્વરપણાએ, મોક્ષને સાધનાર રૂપે જે ભાવો છે તે ભૂમિની નિકટતાથી ઉત્પન્ન થયેલા ઝાકળના જળ કણ સમાન એમ અર્થ છે. તેમનો ભાવ તે જળ સમાન છે એમ અર્થ છે. તે લોકોને તેવા ભજન વડે કંઈક ફલ થાય છે, કિન્તુ જે ધર્મો ભગવાનના છે તે ધર્મો ભગવાનના નહીં જાણી દેવતાઓના છે તેમ ચિન્તન હોવાથી નરક પ્રાપ્ત થાય છે. તેથી જ **'જે પરમાત્માને અન્યથા સમજે છે-માને છે'** (મહાભારત ઉદ્યોગપર્વ) તેમ કહ્યું છે. જેમ તે ઝાકળનું જળ સ્નાન કરવા યોગ્ય નથી હોતું કિન્તુ પોતાના આધાર-ભૂમિને પણ કીચડવાળું બનાવે છે તેમ આમનો ભાવ પણ શુદ્ધિ વગેરેને સાધનાર અથવા મોક્ષને સાધનાર હોતું નથી, તેમ છતાં પણ દેવોએ ભગવાનના ભક્ત હોવાથી પોતાના સમાન ભક્ત બનાવે છે અને તેવો ભાવ ભજન કરતાં તે દેવોનું અનુકરણ કરાવે છે એમ અર્થ છે ।। ૯।।

વિવરણ - શ્રુતિમાં **'पृष्वाभ्यः'** થી કહેવાયેલ ઓસના જલ સમાન ચૌદમા ભાવવાળાઓને ભક્તિસાધનામાં અપ્રયોજક રૂપે શ્રીઆચાર્યચરણ જણાવે છે. **દેવ** શબ્દની વ્યાખ્યામાં પ્રાયઃ સર્વ ટીકાકારો પુરુષોત્તમથી અતિરિક્ત શ્રુતિઓમાં અને પુરાણોમાં કહેવાયેલા શિવ-અગ્નિ-દુર્ગા-ગણપતિ વગેરેને સ્વીકારે છે જ્યારે **આદિ** પદથી શ્રીકલ્યાણરાયજી પિતા-માતા-પતિ-જેઠ-ભાઈઓ વગેરેને જણાવે છે, શ્રીપુરુષોત્તમજી પિતા-માતા વગેરેને જણાવે છે. શ્રીવલ્લભજી કંઈ જણાવતા નથી, શ્રીબાલકૃષ્ણજી ઉમા-દુર્ગા-ભૈરવ વગેરેને જણાવે છે. આ બધા ચારે ટીકાઓમાં દેવ-આદિ બન્ને પદથી જણાવેલાઓમાં અમારા માટે તો આ જ ભગવાન-પરબ્રહ્મ પરમાત્મા છે એમ માનનારા અને તેમ માનીને તેમની ઉપાસના-સેવામાં શ્રદ્ધાપૂર્વક પ્રવૃત્ત રહેનારા આ ભાવવાળાઓ હોય છે. તેમ જ આજના સમયમાં આવા ભાવવાળાઓ અત્યધિક સંખ્યામાં રહેલા છે. એટલું જ નહીં પરન્તુ આપણા સમ્પ્રદાયમાં પણ આવી ભ્રાન્ત માન્યતાવાળાઓની ઓછપ નથી. શાસ્ત્રીય ભાષામાં કહેવાયેલ વાક્ય **'पतिरेव गुरुः स्त्रीणाम्'** તેમજ લોક વ્યવહારમાં **'पति परमेश्वर'** વગેરે વાક્યોનો આધાર લઈ ઘણી સ્ત્રીઓ પતિસેવાને જ દેવસેવા માનતી હોય છે, ઘણાં લોકો માતા-પિતાની સેવાને જ ભગવત્સેવા માનતા હોય છે, ઘણાં લોકો સમાજસેવાને કે માનવસેવાને કે ગરીબોની સેવાને જ ઈશ્વરસેવા માનીને તેમાં જ સમ્પૂર્ણરૂપે પ્રવૃત્ત રહે છે, તો ઘણા લોકો ગુરુની સેવાને જ પરમાત્મસેવા સ્વીકારતા હોય છે. પરંતુ આ બધું જ શાસ્ત્રના વાક્યોનું તાત્પર્ય નહીં જાણી અનર્થ સ્વરૂપના જ્ઞાન (અજ્ઞાન) વડે જ બોલતા-

આચરતા હોય છે. વેદોમાં જે **'मातृदेवो भव - पितृदेवो भव-आचार्यदेवो भव'** (તૈ.ઉપ.શિક્ષાવલ્લી) વગેરેથી જે કહેવાયું છે તેમાં ભગવદ્‌ગીતા માં **'न तत्समश्चाभ्यधिकश्च श्रूयते'** (ગીતા.) તે પરબ્રહ્મના સમાન યા તેથી અધિક કંઈ-કોઈ નથી એમ સ્પષ્ટ સ્વીકારેલું હોવાથી પૂર્વોક્ત જે તૈત્તિરીય ઉપનિષદ્ નું વાક્ય છે તેનો વિરોધ આવે છે. અતઃ માતા-પિતા કે ગુરુ એ બધું જ વાસ્તવમાં ભગવાન જ છે અને ભગવાને તે-તે કાર્ય માટેની પોતાની શક્તિ જેને-જેનામાં સ્થાપિત કરી છે તે શક્તિ વડે જ તે-તે લોકો તે-તે કાર્ય કરવા સમર્થ બને છે. જેમ રાષ્ટ્રપતિ શબ્દથી કોઈ વ્યક્તિ રાષ્ટ્રનો પતિ-સ્વામી નથી પરન્તુ જે રાષ્ટ્રપતિનું સ્થાન છે ત્યાંનું કાર્ય કરવા સંવૈધાનિક રીતે જે વ્યક્તિ નિયુકત થાય છે તેને રાષ્ટ્રપતિ તરીકે જાણવામાં આવે છે. અને તે મુજબ તેમને રાષ્ટ્ર તરફથી સમ્માન આપવામાં આવે છે. તેવી જ રીતે કોઈ વસ્તુ - વ્યક્તિને ઉત્પન્ન કરવું અથવા તો ઉત્પન્નનું પોષણ કરવું આ બન્ને શક્તિઓ એક માત્ર પરમાત્માની જ છે, બીજા કોઈની નથી, ત્યારે બાપે દીકરાને ઉત્પન્ન કર્યો એમ કહીએ ત્યારે દીકરાની ઉત્પત્તિનું મૂલ કારણ પુરુષમાં રહેલ શુક્રાણુ છે જેને પ્રથમ ઉત્પત્તિ પણ કહી શકાય છે, આ શુક્રાણુની ઉત્પત્તિ પિતાના શરીરમાં થઈ છે પણ તેની ઉત્પત્તિ પિતાએ નથી કરી તે તો ભગવાન દ્વારા જ છે અને જો અનુવંશ સિદ્ધાન્તને વિચારવામાં આવે તો જે સર્વ પ્રથમ પિતા હશે તેમનામાં કોનો અનુવંશ આવ્યો અને કોણે આપ્યો ? તો ત્યાં પણ ભગવાનને જ વિચારવા પડશે. તેવી જ રીતે માતાએ ૧૦ મહિના ઉદરમાં પોષણ કર્યું પણ - વિકસાવ્યું તો તે કાર્ય પણ શોણિત એટલે કે અંડ (ઓવરી) દ્વારા જ થાય છે તો તેમાં પણ શોણિતની કાર્યશક્તિ એ માતાની પોતાની નથી પણ ઈશ્વરદત્ત છે. તેવી જ રીતે કોઈ પણ જ્ઞાનનો કોઈને બોધ કરાવવો કે સંસ્કાર રૂપે સ્થાપવું તે શક્તિ પણ માત્ર પરબ્રહ્મની જ છે એ પરમાત્મા ગુરુરૂપે જ્યારે આધારરૂપ બનેલા ગુરુમાં સ્થિતિ કરે છે ત્યારે જ તે વ્યક્તિ બીજાને જ્ઞાન-સંસ્કાર આપી ઉપકૃત કરી શકે છે. અતઃ માતા-પિતા ગુરુ વગેરે આધારોમાં માતૃશક્તિ-પિતૃશક્તિ-ગુરુશક્તિરૂપે જ્યારે ભગવાન સ્થિતિ કરે છે ત્યારે જ

તે-તે કાર્યો થવા સંભવ બને છે. અતઃ માતા-પિતા ગુરુમાં જે જે ભગવત્ શક્તિ છે તેને વેદવાક્યો દ્વારા નવાજવામાં આવ્યું છે, નહીં કે કોઈ વ્યક્તિ માત્રને નવાજવામાં આવ્યું છે. અતઃ જે લોકો આવી ભ્રાન્તબુદ્ધિથી ભ્રાન્તમાન્યતાએ ઈશ્વર ભજન કરનારા છે તેવા લોકોનો સંગ કરવો કે તેવા વ્યક્તિઓથી કંઈ પણ શ્રવણ કરવું તેનાથી આપણા સ્વયંમાં પણ ભ્રાન્તિઓ પેસી જવાની અને તેવી ભ્રાન્તિથી સ્વમાર્ગ-સ્વકર્તવ્યથી ચ્યુત થવાની પૂર્ણ સંભાવના રહે છે. આ જ પ્રકારે પુષ્ટિમાર્ગમાં પણ આધુનિકમાં ઘણા વૈષ્ણવો એમ માનતા-કહેતા હોય છે કે અમે તો વૈષ્ણવોની યા વલ્લભકુલની સેવા કરીએ છીએ એમાં બધું જ આવી ગયું. પરન્તુ વલ્લભકુલની પણ સેવા જરૂર કરવી જોઈએ અને વૈષ્ણવની પણ સેવા જરૂર કરવી જોઈએ પણ આ બન્ને પ્રકારની સેવાને ભગવત્સેવાનો વિકલ્પ નહીં માનવો જોઈએ. ઉપનિષદ્‌માં પણ જણાવ્યું છે કે - **'यस्य देवे परा भक्तिः यथा देवे तथा गुरौ, तस्यैतेकथिताह्यर्थाः प्रकाशन्ते महात्मनः'** અહીં જેવી દેવમાં પ્રેમપૂર્વિકા ભક્તિ છે. તેવી જ પ્રેમપૂર્વિકા ગુરુમાં ભક્તિ રાખવાનું વિધાન છે, તેથી બન્ને ભક્તિ સ્વતંત્ર છે કોઈ પણ એક બીજાનો વિકલ્પ નથી. તેવી જ રીતે શ્રીઆચાર્યચરણના વાકયમાં પણ **'यथा भक्तिः स्वतंत्रोक्ता गुरुसेवापि तादृशी'** (ભાગ. સુબો.૧૧-) એમ અહીં ભગવાનની અને ગુરુની બન્ને પ્રકારની ભક્તિનો શ્રીઆચાર્યચરણ સ્વતંત્ર એટલે કે સ્વતઃપુરુષાર્થરૂપા જણાવે છે, આ વાકયમાં પણ બેમાંથી કોઈ એકનો વિકલ્પ નથી. તેથી આવા પ્રકારના લોકો ભલે પુષ્ટિમાર્ગીય હોય છતાં પણ તેમનો સંગ શ્રીઆચાર્યચરણના સિદ્ધાન્તથી ભ્રષ્ટ કરી શકે છે તેથી તેવાઓથી પણ દૂર રહેવું હિતાવહ છે.

* * * * *

શ્લોક - ૧૦

साधनादिप्रकारेण नवधाभक्तिमार्गतः ॥ १० ॥
प्रेमपूर्त्या स्फुरद्धर्माः स्यन्दमानाः प्रकीर्तिताः ॥ १० $^{१}/_{२}$ ॥

અન્વય - साधन-आदि प्रकारेण - (નિષ્કામભાવે વર્ણ-આશ્રમના ધર્મોનું પાલન કરવાનો જે મર્યાદામાર્ગીય પ્રકાર, તે) સાધનોપૂર્વક - તેનું આચરણ કરતાં, **नवधा** – નવ પ્રકારની (શ્રવણ-કીર્તન-વિષ્ણુનું સ્મરણ-પાદસેવન-અર્ચન-વન્દન-દાસ્ય-સખ્ય અને આત્મનિવેદન) ભક્તિનો ભગવત્ પ્રાપ્તિ ઉપાયરૂપ માર્ગ તેનાથી - તેનું આચરણ કરવાથી, **प्रेमपूर्त्या** – હૃદયમાં પ્રેમની વ્યાપ્તિ વડે, **स्फुरद्धर्माः** – જેમનામાં ભગવદ્ ધર્મો સ્ફુરાયમાન થાય છે તેઓ, **स्यन्दमानाः** – પહાડમાંથી ઝરતા ઝરણાના જળ સમાન કહેવાયેલા છે ॥ ૧૦ $^{૧}/_{૨}$ ॥

શબ્દાર્થ - (નિષ્કામભાવે વર્ણ-આશ્રમના ધર્મોનું પાલન કરવાનો જે મર્યાદામાર્ગીય પ્રકાર, તે) સાધનોપૂર્વક - તેનું આચરણ કરતાં નવ પ્રકારની (શ્રવણ-કીર્તન-વિષ્ણુનું સ્મરણ-પાદસેવન-અર્ચન-વન્દન-દાસ્ય-સખ્ય અને આત્મનિવેદન) ભક્તિનો ભગવત્ પ્રાપ્તિ ઉપાયરૂપ માર્ગ તેનાથી - તેનું આચરણ કરવાથી હૃદયમાં પ્રેમની વ્યાપ્તિ વડે જેમનામાં ભગવદ્ ધર્મો સ્ફુરાયમાન થાય છે તેઓ પહાડમાંથી ઝરતા ઝરણાના જળ સમાન કહેવાયેલા છે ॥ ૧૦ $^{૧}/_{૨}$ ॥

શ્રીકલ્યાણરાયજી - पञ्चदशं भावमाहुः साधनादिप्रकारेण इति । साधनं आदिः फलात् यस्मिन् प्रकारे तेन प्रकारेण नवधा भक्तिरेव मार्गो भगवत्प्राप्तिसाधनं तस्मात् क्रमेण प्रेमपूर्त्या स्फुरन्तो धर्मा येषां श्रवणादयो नटवेशादयो वा ते स्यन्दमानाः प्रस्त्रवणजलतुल्यभावाः प्रकीर्तिता इत्यर्थः । भक्तिमार्गे मर्यादया भगवदङ्गीकारादकामोपहतैरखिलवर्णाश्रमधर्मैः सत्त्वशुद्धौ भगवद्भक्तिरेव पुरुषार्थ इति शास्त्रार्थनिश्चयाच्छ्रवणादिभिस्तेषां भाव

इति। यथा पर्वतोपरि वृष्टितडागादिसद्भावे प्रस्त्रवणजलं वर्धते तदभावे ह्रसत इति तत्सापेक्षं शुद्ध्यादिहेतुश्च, तथैतेषां भावोपि साधनानुसारी शुद्ध्यादिहेतुश्चेति भावः । इदमेवोक्तं भक्तिहंसे । ‘आद्यस्तु तत् साधने भवति प्रवृत्तस्तथैव तद्वरणात्, परन्तु स्नेहोत्पत्तिपर्यन्तं विधिरेव तत्र प्रयोजकस्तदुत्पत्त्यनन्तरं च रागादेव तत् सम्बन्धिपदार्थे यतिष्यत इति विधेरप्रयोकत्वमिति’ । एकादशस्कन्धे च ‘भक्तियोगः पुरैवोक्तः प्रीयमाणाय तेनघ । पुनश्च कथयिष्यामि मद्भक्तेः कारणं परम् ॥ श्रद्धामृतकथायां मे शश्वन्मदनुकीर्तनम् । परिनिष्ठा तु पूजायां स्तुतिभिः स्तवनं मम ॥ आदरः परिचर्यायां सर्वाङ्गैरभिवन्दनम् । मद्भक्तपूजाभ्यधिका सर्वभूतेषु मन्मतिः ॥ मदर्थेष्वङ्गचेष्टा च वचसा मद्गुणेरणम् । मय्यर्पणं च मनसः सर्वकामविवर्जनम् ॥ मदर्थेऽर्थपरित्यागो भोगस्य च सुखस्य च । इष्टं दत्तं हुतं जप्तं मदर्थं यद् व्रतं तपः ॥ एवं धर्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनाम् । मयि सञ्जायते भक्तिः कोऽन्योऽर्थोस्यावशिष्यते’ इत्यादिभिर्निरूपितम् । नवधा भक्तिस्तु ‘श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् । अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥ इति पुंसार्पिता विष्णोर्भक्तिश्चेन्नवलक्षणा। क्रियते भगवत्यद्धा तन्मन्येऽधीतमुत्तमम्’ इति प्रह्लादैर्निरूपिता ॥

અર્થાત્ - પંદરમા ભાવને કહે છે **‘સાધનાદિ પ્રકાર વડે’** વગેરે વાક્યથી. જે પ્રકારમાં ફલના પૂર્વ સાધન આવશ્યક છે તે પ્રકારે નવધાભક્તિ જ માર્ગરૂપ ભગવત્પ્રાપ્તિનું સાધન છે તેથી અનુક્રમે પ્રથમ પ્રેમ પ્રગટ થઈ તે પ્રેમની વૃદ્ધિએ પૂર્ણ પ્રેમ થતાં તેઓ શ્રવણાદિ નવકમાં પ્રેમવશ પ્રવૃત્ત થતાં જેમનામાં શ્રવણાદિ ધર્મો સ્ફુરિત થાય છે અથવા તો ભગવાનના નટવર વગેરે સ્વરૂપે કરેલી લીલાઓ સ્ફુરિત થાય છે તેઓ **‘સ્યન્દમાનાઃ’** એટલે

કે વહેતા જળના સમાન ભાવવાળા કહેવામાં આવ્યા છે એમ અર્થ છે. જીવનો જ્યારે ભગવાન ભક્તિમાર્ગમાં મર્યાદા વડે અંગીકાર કરે છે ત્યારે સર્વ પ્રકારની કામનાઓ વિના સમ્પૂર્ણ વર્ણાશ્રમ ધર્મના આચરણ વડે સત્ત્વશુદ્ધિ થતાં ભગવદ્ ભક્તિની ઉપલબ્ધિ જ પુરુષાર્થ છે એમ શ્રવણાદિ વડે શાસ્ત્રના તાત્પર્યનો નિશ્ચય થતાં જે ભાવ પ્રગટે છે તે ભાવ આમનો છે. જેમ પર્વત ઉપર વૃષ્ટિ-તળાવ વગેરે હોતાં પર્વતોથી વહેતું જળ વૃદ્ધિને પામે છે અને વૃષ્ટિ-તળાવ વગેરેના અભાવમાં ઘટે છે તેમજ આવું જળ શુદ્ધિ વગેરે માટે પણ ઉપયોગમાં આવી શકે છે તેમ આમનો ભાવ પણ શ્રવણાદિ સાધનોના સ્વરૂપ પ્રકાર અનુસાર વધતો-ઘટતો રહે છે તથા આવા વકતાઓથી શ્રવણ કરાતાં સાંભળનારની શુદ્ધિ કરનાર પણ થાય છે એમ ભાવ છે. આજ વાત ભક્તિહંસ ગ્રન્થમાં શ્રીપ્રભુચરણે કહી છે. **‘ભગવાન વડે વરણમાં બે પ્રકાર રહેલા છે, મર્યાદા અને પુષ્ટિ ભેદે. તે પૈકી આદ્ય (જેનું મર્યાદામાં વરણ થયું છે) તે ભક્તિ પ્રાપ્તિના સાધનોમાં પ્રવૃત્ત થાય છે, તે મુજબ જ તેનું વરણ થયું હોવાથી. પરન્તુ ભગવાનમાં સ્નેહ ઉત્પન્ન થાય ત્યાં સુધી તેને માટે વિધિ જ પ્રયોજક છે અને સ્નેહ ઉત્પન્ન થયા પછી તો ભગવાનમાં અનુરાગ વશ જ ભગવત્ સમ્બન્ધી (અથવા ભગવત્ સેવા સમ્બન્ધી) પદાર્થમાં જ તે પ્રવૃત્તિશીલ બનશે તેથી તે પછી તેને માટે વિધિ અપ્રયોજક બની જાય છે.’** ભાગવત એકાદશ સ્કન્ધમાં પણ **‘હે ઉદ્ધવ ! ભક્તિયોગ તો મેં તને પહેલા જ (અધ્યાયમાં) કહ્યો છે તેમ છતાં પણ ભક્તિયોગમાં પ્રીતિવાળા એવા તને ફરીથી મારી ભક્તિનું કારણ (જેથી મારી ભક્તિ પ્રગટે છે તે કારણ) હું તને કહીશ. મારી અમૃતકથામાં શ્રદ્ધા રાખવી, નિરન્તર મારું જ કીર્તન કરવું, મારી પૂજામાં જ સર્વ પ્રકારે સ્થિતિ કરીને રહેવું, સ્તોત્રો દ્વારા મારું સ્તવન કરવું, મારી પરિચર્યામાં આદર રાખવો, પોતાના સર્વ અંગો સહિત મને વન્દન કરવા, મારા ભકતની પૂજા મારાથી પણ અધિક કરવી, સર્વ પ્રાણીમાત્રમાં મારો જ ભાવ રાખવો, પોતાના અંગોથી થનારી સર્વચેષ્ટાઓ મારા અર્થે જ કરવી, વાણીથી મારા ગુણો જ બોલવા, પોતાનું મન મારામાં જ અર્પણ કરવું**

તેમજ મનમાંથી સર્વ કામનાઓ ત્યાગવી, મારા અર્થે પોતાના ધન-ભોગ અને સુખનો પરિત્યાગ કરવો, યજ્ઞ-દાન-હવન-જપ-વ્રત-તપ જે કરવામાં આવે તે બધું મારા અર્થે જ કરવું, આ પ્રમાણેના ધર્મોના આચરણ વડે આત્મનિવેદન કરેલા મનુષ્યોમાં મારી ભક્તિ પ્રકટ થાય છે (તે પછીથી તેને) બીજું શું પ્રાપ્ત કરવું રહી જાય છે ? (કંઈ જ નહીં).’ (ભાગ.૧૧-૧૯-૧૯ થી ૨૪) વગેરે વાક્યો વડે નિરૂપણ કરાયું છે, નવધા ભક્તિ તો **‘શ્રવણ-કીર્તન-સ્મરણ-પાદસેવન-અર્ચન-વંદન-દાસ્ય-સખ્ય-આત્મનિવેદન આ નવ લક્ષણોવાળી ભક્તિ પુરુષ (દેહધારીજીવ) દ્વારા વિષ્ણુને અર્પિત થાય તો તેને હું ઉત્તમ અધ્યયન કરેલું માનું છું’** (ભાગ. ૭-૫-૨૩,૨૪) એમ પ્રહ્લાદે નિરૂપણ કરી છે.

શ્રીપુરુષોત્તમજી - **‘अतः परं स्यन्दमानाभ्यः स्वाहेति श्रुतिमनुसृत्य पञ्चदशं भावमाहुः साधनेत्यादि । साधनानि वर्णाश्रमधर्मास्ते आदयो यस्य तादृशो यः प्रकारो मर्यादामार्गीयो निष्कामतत्करणरूपस्तेन प्रकारेण यो नवधा भक्तिमार्गः । ‘श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् । अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ।। इति पुंसार्पिता विष्णौ भक्तिश्चेन्नवलक्षणे’ति वाक्योक्तो मार्गो भगवत्प्राप्त्युपायः । ततो या प्रेम्णः भगवद्भक्तिरूपस्य पूर्तिः हृदये व्याप्तिः तया कृत्वा स्फुरन्तो भगवद्धर्मा येषु ते स्यन्दमानाः प्रकीर्तिताः । स्यन्दू प्रस्रवणे प्रस्रवणरूपा या आपस्तादृशाः । ता यथा स्नानपानाचमनादौ प्रशस्ताः स्वसंयुक्तां भूमिं शीतलां कुर्वन्ति, सर्वानुपकुर्वन्ति च, तथा तादृशगुणाधाराः पुरुषा अपि पूर्वोक्तप्रकारेण सर्वान् श्रोतॄन् द्रष्टॄंश्च स्वात्मनश्च भगवदुपयोगिनः कुर्वन्तीति तादृशां सङ्गः कार्य इत्यर्थः ।।’**

અર્થાત્ - હવે પછીથી **‘स्यन्दमानाभ्यः स्वाहा’** એ શ્રુતિ અનુસાર પંદરમો ભાવ કહે છે - **‘સાધન’** વગેરે વાક્યોથી. સાધનો એટલે વર્ણાશ્રમ ધર્મો તે આદિ છે જેના તેવો જે પ્રકાર કે જે મર્યાદામાર્ગીય છે કે જે નિષ્કામભાવે કરવાના સ્વરૂપનો તે પ્રકાર વડે જે નવધા ભક્તિમાર્ગ એટલે કે **‘શ્રવણ-કીર્તન-વિષ્ણુનું સ્મરણ - પાદસેવન-અર્ચન-વન્દન-દાસ્ય-સખ્ય- આત્મનિવેદન, આ પ્રકારે નવલક્ષણા ભક્તિ જો વિષ્ણુને અર્પિત થયેલી હોય’** (ભાગ. ૭-૫-૨૩,૨૪) આ વાક્યમાં કહેવાયેલ માર્ગ એટલે કે ભગવત્ પ્રાપ્તિનો ઉપાય તેના થકી (વર્ણાશ્રમધર્મના આચરણ સહિત નવધાભક્તિરૂપ સાધન થકી) ભગવદ્ ભક્તિ રૂપ જે પ્રેમ છે તે પ્રેમની હૃદયમાં પૂર્તિ એટલે કે વ્યાપ્તિ તે વ્યાપ્તિ થકી પ્રકટ થનારા ભગવદ્ધર્મો જેમાં છે તેઓ સ્યન્દમાન એટલે પર્વતમાંથી ઝરતા જળ જેવા છે. **‘स्यन्द् प्रस्रवणे’** થી વહેતા સ્વરૂપનું જે જળ તેના જેવા. તે જળ જેમ સ્નાન-પાન-આચમન વગેરેમાં પ્રશસ્ત મનાયું છે અને પોતાની સાથે સંયુક્ત ભૂમિને શીતલ કરે છે તેમજ બધાના માટે ઉપકારી છે, તેમ આવા ગુણના આધારવાળા લોકો પણ પૂર્વમાં કહ્યા પ્રકારે શ્રોતાઓને-જોનારાઓને તેમજ પોતાને પણ ભગવદુપયોગી કરે છે તેથી તેવાઓનો સંગ કરવો એમ અર્થ છે ॥

શ્રીવલ્લભજી - **‘अतः परं वैष्णवधर्मनिष्ठस्य भावान्निरूपयितुं पञ्चदशं भावमाहुः साधनादीति । देशादिसाधनेषु भूतशुद्ध्यादिप्रकारेण नवधा भक्तिमार्गतः श्रवणकीर्तनादि द्वारा प्रेमपूर्त्या स्फुरन्तो धर्मा अश्रुपुलकादिरूपा येषां तादृशाः स्यन्दमाना भूमितः प्रस्रवणशीला आपः तद्रूपाः । पूर्वापेक्षया प्रस्रवणशीलत्वात् किञ्चिदुपकारकत्वं सूच्यते । तेनोपासनायामपि तान्त्रिकरीत्या विष्णूपासना ज्ञेया । परन्तु वृद्धिक्षयसहिताः, श्रवणस्याल्पत्वाद्विभूतिपर्यवसानत्वाच्च ततोप्या-**

गमनगमनादिकं संभवतीति सूचितम् । एतेन सकामतापि सूचिता ॥ १० $^{१}/_{२}$ ॥

અર્થાત્ - હવે પછીથી વૈષ્ણવધર્મમાં નિષ્ઠાવાળાઓના ભાવોનું નિરૂપણ કરવા પંદરમા ભાવને કહે છે - **‘સાધનાદિ’** વગેરે વાક્યોથી. દેશ-કાલ-દ્રવ્ય-મન્ત્ર-કર્તા-કર્મ વગેરે સાધનોમાં ભૂતશુદ્ધિ વગેરે પ્રકારે અને ભક્તિમાર્ગ પ્રકારે શ્રવણ-કીર્તન-વગેરે (નવધા ભક્તિ) દ્વારા સ્ફુરિત-પ્રકટ થનારા ધર્મો અશ્રુ-રોમાંચ વગેરે સ્વરૂપના જેમના છે તેવાઓ **‘સ્યન્દમાનાઃ’** એટલે કે ભૂમિથી વહેતા રહેવાના સ્વભાવવાળું જળ તે સ્વરૂપના. પૂર્વમાં કહેવાયેલની અપેક્ષાએ આ લોકો વહેતા રહેવાના સ્વભાવવાળા હોવાથી કંઈક ઉપકાર કરવાપણું આમનામાં છે એમ સૂચિત થાય છે. તેથી કરીને આમના વડે કરાતી ઉપાસના પણ તન્ત્રશાસ્ત્રમાં કહ્યા પ્રકારની વિષ્ણુની ઉપાસના જાણવી. પરન્તુ આમનો ભાવ વૃદ્ધિ-ક્ષય સહિતનો છે, આમનું શ્રવણ અલ્પ હોવાથી તેમજ તેમનું ભગવાનની વિભૂતિમાં જ પર્યવસાન હોવાથી તેથી કરીને તેમનું આવવું-જવું (જન્મ-મરણ) પણ સંભવે છે એમ સૂચિત કર્યું છે. આ રીતે આ લોકો સકામ છે એમ પણ સૂચિત કર્યું છે ॥ ૧૦ ॥

શ્રીબાલકૃષ્ણજી - **पञ्चदशं भावमाहुः । साधनादिप्रकारेण अग्निहोत्रनित्यकर्मादिसहित श्रवणादिनवधाभक्तिरूपो मार्गस्तेनैव प्रेमपूर्त्या ये स्फुरद्धर्मास्ते स्यन्दमानास्ते प्रस्रवणतुल्याः प्रकीर्तिता इत्यर्थः । तेषां भावस्तज्जलतुल्य इत्यर्थः । यथा तज्जलं पर्वतादिवृष्टिबाहुल्यात् वर्धते, आतपादिषु च हीयते, तथैतेषां भावोपि साधनसत्सङ्गैर्वर्धते, दुःसङ्गादिभिश्च गौणतां प्राप्नोतीत्यर्थः । अत एव कपिलदेवैः साधनत्वेन देवहूतिं प्रति सत्सङ्ग उक्तः ‘सङ्गस्तेष्वथ ते प्रार्थ्य’ इति । यद्वा, नवधाश्रवणादिरूपभक्तिमर्यादामार्गीयसाधनादि प्रकारेण**

स्फुरद्धर्माः दानव्रततपोहोमेत्यादिरूपाः येषु तेषां भावः स्यन्दमानजलतुल्य इत्यर्थः । यथा तज्जलं वृष्ट्यादिसापेक्षं तथैतेषां भावोपि धर्मसापेक्ष इति भावः ॥

અર્થાત્ - પંદરમા ભાવને કહે છે. **'સાધનાદિ પ્રકારે'** એટલે કે અગ્નિહોત્ર-નિત્યકર્મ વગેરે સહિત શ્રવણ વગેરે નવધાભક્તિરૂપ માર્ગ તેના વડે જ પ્રેમપૂર્તિ થકી સ્ફુરિત થતા જે ધર્મો તે **'સ્યન્દમાના:'** એટલે કે વહેતા જળ સમાન કહેવામાં આવ્યા છે એમ અર્થ છે. તેમનો ભાવ તે જળ સમાન છે એમ અર્થ છે. તે જળ પર્વતના ઉપરના ભાગમાં વૃષ્ટિની બહુલતાથી વધે છે અને ગરમી -તડકો વગેરેથી ઘટે છે, તેમ આમનો ભાવ પણ સાધનો અને સત્સંગથી વધે છે અને દુ:સંગ વગેરેથી ગૌણતાને પ્રાપ્ત થાય છે એમ અર્થ છે. તેથી જ કપિલદેવજીએ સાધનના રૂપમાં દેવહૂતિ પ્રતિ સત્સંગને જ જણાવ્યું છે - **'તેમના સંગ માટે તમારે પ્રાર્થના કરવી'** (ભાગ. ૩-૫-૨૪). અથવા, નવધા શ્રવણ વગેરે ભક્તિ કે જે મર્યાદામાર્ગીય સાધન વગેરે પ્રકાર થકી પ્રકટ થનારા ધર્મો કે જે દાન-વ્રત-તપ-હોમ વગેરે સ્વરૂપના જેમનામાં છે તેમનો ભાવ વહેતાજળ સમાન છે એમ અર્થ છે. જેમ તે જળ વૃષ્ટિ વગેરેનું સાપેક્ષ છે તેમ આમનો ભાવ પણ ધર્મ સાપેક્ષ છે એમ ભાવ છે ॥ ૧૦ $^{૧}/_{૨}$ ॥

વિવરણ : પ્રેમાત્મક ફલ થવાના પૂર્વ જેમાં સાધન આવશ્યક છે તેવા પ્રકારના અને તે સાધનો સહિત નવધા ભક્તિમાર્ગે પ્રેમની પૂર્તિ વડે જેમનામાં પ્રેમસ્વરૂપના અશ્રુ-રોમાંચ વગેરે ધર્મો સ્ફુરાયમાન છે તેવાઓને શ્રીઆચાર્યચરણ અહીં પંદરમા ભાવમાં **'स्यन्दमानाभ्यः'** થી શ્રુતિમાં જણાવેલ વહેતા જળ સમાન જણાવે છે.

'साधनादि' જેમાં ફલના પૂર્વ સાધન આવશ્યક છે, સાધનો એટલે સર્વ ટીકાકારોના અભિપ્રાયને ભેગા કરીને વિચારતાં નિષ્કામભાવે વર્ણાશ્રમધર્મ સંબન્ધી સર્વ કર્મ-આચરણ-ભૂતશુદ્ધિ વગેરે-અગ્નિહોત્ર, નિત્યકર્મ વગેરે સાધનો વડે ચિત્તશુદ્ધિ સધાતાં નવધા ભક્તિમાર્ગ (શ્રવણ-કીર્તન-સ્મરણ-પાદસેવન-અર્ચન-વન્દન-દાસ્ય-સખ્ય-આત્મનિવેદન) પર અનુસરણ કરતાં ક્રમે કરીને હૃદયમાં અને સર્વ દેહ-ઈન્દ્રિય-પ્રાણમાં પ્રેમ છલોછલ ભરાતાં શ્રવણ-કીર્તન વગેરેમાં જ રુચિ-પ્રવૃત્તિ રહેવી વગેરે ધર્મો અથવા અશ્રુ-રોમાંચ વગેરે ધર્મો જેમનામાં સ્ફુરાયમાન દેખાય છે તેવા લોકો વહેતા જળ સમાન છે. શ્રીવલ્લભજી પોતાની ટીકામાં જે **'ઉપાસનામાં પણ તાન્ત્રિક રીતે વિષ્ણુની ઉપાસના જાણવી'** એમ જણાવેછે તેમાં **તાન્ત્રિક** એટલે નારદપંચરાત્ર-વૈખાનસ વગેરે વૈષ્ણવતંત્રો સમજવા, બીજા તંત્ર શાસ્ત્રો નહીં. શ્રીપુરુષોત્તમજીના વાકયમાં **'સાધનો એટલે વર્ણાશ્રમધર્મો આદિ છે જેનો નિષ્કામ કરણરૂપ જે મર્યાદામાર્ગીય પ્રકાર'** એટલે આને જ શ્રીપ્રભુચરણ ભક્તિહંસ ગ્રન્થમાં **'तुरीयाश्रमे ज्ञानोदयहेतुचित्तशुद्धिहेतुत्वेन क्रियमाणः श्रवणादिः ज्ञानमार्गीयः'** એટલે વર્ણાશ્રમ ધર્મસમ્બન્ધી વર્ણ-આશ્રમને અનુકૂલ સન્ધ્યાવન્દનાદિ નિત્યકર્મો સહિત ચિત્તશુદ્ધિને અર્થે કરાતાં શ્રવણ કીર્તનાદિ એ જ્ઞાનમાર્ગીય છે. એટલે મર્યાદામાર્ગીય સાધન સહિત પ્રેમોત્પત્તિને અર્થે કરાતાં શ્રવણ-કીર્તન વગેરે મર્યાદાભક્તિ સ્વરૂપના છે એમ ભક્તિહંસનો અભિપ્રાય છે. અહીં એટલું સમજી લેવાનું છે કે મર્યાદા માર્ગ અને મર્યાદાભક્તિમાર્ગ એ બન્ને અલગ બાબતો છે. જ્ઞાનમાર્ગ-કર્મમાર્ગ અને ઉપાસના માર્ગને મર્યાદામાર્ગ તરીકે જાણવામાં આવે છે જ્યારે ભક્તિહંસના અભિપ્રાયે **'वरणे चास्तिप्रकारद्वयम् मर्यादापुष्टिभेदेन'** એ અનુસાર શુદ્ધપુષ્ટિ અને પુષ્ટિમાં મિશ્રણ એમ શુદ્ધપુષ્ટિજીવોનો માર્ગ અને સાધનાદિ પ્રકારે પ્રેમમાં પરિવર્તિત કરનારો મિશ્રપુષ્ટિ (મર્યાદામાં મિશ્રપુષ્ટિના, નહીં કે પુષ્ટિમાં મિશ્ર મર્યાદાના) જીવોનો જે માર્ગ તેને અહીં **'नवधाभक्तिमार्गतः'** માં સમજવું જોઈએ. આ લોકોમાં વર્ણાશ્રમાદિ ધર્મોનું આચરણ ચિત્તશુદ્ધિ હેતુ છે અને નવધાભક્તિનું આચરણ પ્રેમોત્પત્તિહેતુ છે એમ મને લાગે છે. સારાંશમાં આવા ભાવવાળા લોકો એટલે સાધનદશાપન્ન નહીં કિન્તુ ફલદશામાં-પ્રેમની વ્યાપ્તિવાળી દશામાં

રહેલા લોકોનો સંગ-શ્રવણ વગેરે જેમ વહેતું જળ સ્નાન-પાન-આચમન વગેરે માટે ઉપયુક્ત હોય છે તેમજ આ જળ પોતાના આધારને શીતલ નિર્મળ રાખે છે અને બીજાઓને માટે પણ ઉપકારક બને છે તેમ આ ફલદશામાં પહોંચેલા લોકો પોતાને પણ કૃતાર્થ કરે છે અને તેમનો સંગ-શ્રવણ વગેરે કરનારને પણ કૃતાર્થ કરે છે તેથી આવાઓનો સંગ કરવો એમ ભાવ છે.

* * *

શ્લોક – ૧૧

यादृशास्तादृशा प्रोक्ता वृद्धिक्षयविवर्जिताः ॥ ११ ॥
स्थावरास्ते मया ख्याता मर्यादैकप्रतिष्ठिताः ॥११ $^{१}/_{२}$ ॥

અન્વય - यादृशाः – (ઉપરના ૧૫ માં ભાવમા) જે પ્રકારના, **प्रोक्ताः** – કહ્યા છે, **तादृशाः** – તે પ્રકારના (ભગવદ્‌ગુણના આધાર બનેલા લોકો જો), **वृद्धिक्षयविवर्जिताः** – વૃદ્ધિ-ક્ષય રહિત (જેમનામાં ભાવની વૃદ્ધિ કે ક્ષય થતો ન હોય તે પ્રકારના), **मर्यादैकप्रतिष्ठिताः** – કેવલ મર્યાદામાં જ એકમાત્ર સ્થિત થયેલા હોય તો, **ते** – તેઓ, **स्थावराः** – સ્થિરજલ સમાન, **मया** – મારા વડે, **ख्याताः** – કહેલા છે ॥ **૧૧** $^{૧}/_{૨}$ ॥

શબ્દાર્થ - (ઉપરના ૧૫ મા ભાવમાં) જે પ્રકારના કહ્યા છે તે પ્રકારના (ભગવદ્‌ગુણના આધાર બનેલા લોકો જો) વૃદ્ધિ-ક્ષય રહિત (જેમનામાં ભાવની વૃદ્ધિ કે ક્ષય થતો ન હોય તે પ્રકારના) (કેવલ જે છે તે) મર્યાદામાં જ એકમાત્ર સ્થિત થયેલા હોય તો તેઓ સ્થિરજલ સમાન મારા વડે કહેલા છે ॥ ૧૧ $^{૧}/_{૨}$ ॥

શ્રીકલ્યાણરાયજી - **षोडशं भावमाहुः यादृशा इति । यादृशाः पूर्वमव्यवधानेन प्रोक्तास्तादृशा वृद्धिक्षयविवर्जिताश्चेत्, मर्यादैकप्रतिष्ठिताः मर्यादायामेव केवलाः प्रतिष्ठिताः, न तु ततोधिकविशेषाङ्गीकारयुक्तास्ते स्थावरा आपः स्थिरजल-तुल्यभावाः समाख्याता इत्यर्थः । यद्वा । ये केचित् येनकेनचित् प्राप्तवृद्धिक्षयविवर्जितप्रेमाणस्ते तथाप्रोक्ता इत्यर्थः । अत एव प्रेमस्वरूपं श्रूयते । 'आविर्भावदिने न येन गणितो हेतुस्तनीयानपि क्षीयेतापि न चापराधविधिना नत्या न यद्वर्धते । पीयूषप्रतिवादिनस्त्रिजगतीदुःखद्रुहः सांप्रतं प्रेम्णस्तस्य गुरोः किमद्य करवै वाङ्निष्ठता लाघव' मिति । यथैतज्जलं नातपेन**

शुष्यति स्नानादिहेतुश्च भवति, तथैतेषां भावोपि न संसारतापकुतर्कादिभिर्गच्छति शुद्ध्यादिहेतुश्च भवतीति भावः ॥ ११$^{१}/_{२}$ ॥

અર્થાત્ - સોળમા ભાવને કહે છે - **'યાદશાઃ'** વગેરે વાક્યોથી. આના પૂર્વ જે વક્તાઓ અખંડપ્રવાહરૂપ અવ્યવધાનથી કહ્યા છે તેવાઓ જો વૃધ્ધિ-ક્ષય વિનાના હોય, **'મર્યાદૈકપ્રતિષ્ઠિતાઃ'** એટલે કે મર્યાદામાં જ કેવળ પ્રતિષ્ઠિત હોય, નહીં કે તેથી અધિક વિશેષ અંગીકારથી યુક્ત - તેથી વિશેષ અધિકારવાળા હોય તે લોકો **'સ્થાવરાઃ'** સ્થિર જળ સમાન ભાવવાળા સારી રીતે કહેવાયેલા છે એમ અર્થ છે. અથવા, જે કેટલાક લોકો કોઈ પણ પ્રકારના પ્રાપ્ત કારણોથી જેમના ભાવ-પ્રેમમાં વૃધ્ધિ કે ક્ષય થતો નથી અને જે એક સરખો સ્થિર રહે છે તે લોકો સ્થિરજળ સમાન કહ્યા છે એમ અર્થ છે. તેથી જ પ્રેમનું સ્વરૂપ ઉક્તિઓમાં સાંભળવા મળે છે કે - **'જે દિવસે હૃદયમાં પ્રેમ પ્રગટ્યો તે દિવસે તેમાં- પ્રગટવામાં નાનામાં નાનું પણ કોઈ કારણ ન હોય, પ્રેમીના કોઈ અપરાધથી તે ઘટતો ન હોય અને પ્રશંસા વગેરેથી વધતો ન હોય, પ્રેમ એ સમ્પૂર્ણ જગતમાં અમૃત સમાન છે અને દુઃખોનો તત્કાલ નાશ કરનાર છે,** જેમ આ જલ તડકા-ગરમીથી સુકાતું નથી અને સ્નાન વગેરે અર્થે ઉપયોગી થાય છે, તેમ આમનો ભાવ પણ સંસારનો તાપ-કુતર્ક વગેરેથી જતો નથી-ઘટતો યા નાશ થતો નથી તેમજ તેમનો ભાવ બીજાની તથા પોતાની શુધ્ધિમાં કારણ બને છે એમ ભાવ છે. ॥ ૧૧ $^{૧}/_{૨}$ ॥

શ્રીપુરુષોત્તમજી - (આભાસ) अतः परं 'स्थावराभ्यः स्वाहे'ति श्रुतिमनुसृत्य षोडशं भावमाहुः यादृशा इत्यादि । (વ્યાખ્યાન) यादृशाः साधनादीत्यारभ्य धर्मा इत्यन्तेन यत्प्रकारकाः सिद्धास्तादृशास्तत्प्रकारकाः सन्तः प्रोक्ताः प्रकर्षेण शास्त्रे उक्ताः, ये गुणाधारा वृद्धिक्षयविवर्जिताः न वर्धन्ते, न वा क्षीयन्ते, किन्त्वेकरूपास्तिष्ठन्ति । किञ्च, मर्यादैकप्रतिष्ठिताः । एके मुख्यान्यकेवलाः मर्यादायामेव एके च ते प्रतिष्ठिताश्च एकप्रतिष्ठिताः मुख्याः प्रतिष्ठां च प्राप्ताः ते गुणाधारा मया स्थावरा एकत्र प्रतिष्ठिता या आपस्ताः स्थावराः तत्तुल्याः ख्याताः प्रकथिताः । ता यथा एकत्रैव तिष्ठन्ति स्वाधारमेव च शीतलीकुर्वन्ति, गुणवत्तया ख्यापयन्ति च । न तु स्वत उद्यम्यान्यानुपकुर्वन्ति, तथा ते गुणाधाराः पुरुषा अपि स्वसम्बद्धान् स्वाधारं च ख्यापयन्ति । तेन तादृशां सङ्गस्तावन्मात्रगुणकः, न तु विशेषानुग्रहफलक इत्यर्थः । अत्र मयेत्युक्त्या नान्येषां सम्मतिरिति बोधितम् । अन्येषां मर्यादाप्रतिष्ठितत्वेन पुष्टिस्वरूपस्याज्ञानान्मार्यादिकेषूत्कृष्टबुद्धेरिति ॥ ११ $^{१}/_{२}$ ॥

અર્થાત્ - હવે પછી **'સ્થાવરાભ્યઃ સ્વાહા'** એ શ્રુતિ અનુસાર સોળમા ભાવને કહે છે - **'યાદશાઃ'** વગેરે વાક્યોથી. **'યાદશાઃ'** એટલે દશમ શ્લોકમાં **'સાધનાદિ પ્રકારેણ'** થી આરંભી **'પ્રેમપૂર્ત્યા સ્ફુરદ્ધર્માઃ'** પર્યન્તમાં જે પ્રકારના નક્કી કરાયેલા છે **'તાદશાઃ'** એટલે તે પ્રકારના થઈને **પ્રોક્તાઃ** એટલે પ્રકર્ષે શાસ્ત્રમાં કહેલા છે, તેવા જે ગુણોના આધારરૂપ વક્તાઓ **વૃધ્ધિક્ષયવિવર્જિતાઃ** એટલે જે વધતા નથી અને જે ઘટતા નથી કિન્તુ એકરૂપ-એક સરખા જ રહે છે. વળી, **'મર્યાદૈક પ્રતિષ્ઠિતાઃ'** સંસ્કૃત વ્યાકરણ અનુસાર-શબ્દકોશ અનુસાર **'એક'** શબ્દના ત્રણ અર્થો મુખ્ય-અન્ય-કેવલ એમ થાય છે. એટલે મર્યાદામાં જ કેવલ પ્રતિષ્ઠિત થયેલા તેવા ગુણાધાર રૂપ લોકો મારા વડે **'સ્થાવરાઃ'** એટલે કે એક સ્થળે એકત્ર થયેલા જળ સમાન પ્રકર્ષે કહ્યા છે. તેવું જળ જેમ એકત્ર જ રહે છે અને પોતાનો જે (એકત્ર જે સ્થળે રહે તે) આધાર છે તેને જ શીતલ કરે છે અને પોતાનું જે સ્થાન છે તેની પણ ગુણવત્તાથી ખ્યાતિને વધારે છે, નહીં કે સામે ચાલીને બીજા ઉપર ઉપકાર કરે છે (આપોઆપ વહીને બીજાના ઉપયોગમાં

આવતું નથી) તેમ આવા ગુણાધાર ભાવવાળા પુરુષો પણ પોતાની સાથે સમ્બન્ધવાળાની અને પોતાના આધારની ખ્યાતિ બનાવે છે. તેથી કરીને તેવાઓનો સંગ તેટલો જ ગુણ કરનાર છે, નહીં કે વિશેષ અનુગ્રહના ફળને કરનાર હોય છે એમ અર્થ છે. અહીં **‘મયા’** એટલે **મારા વડે** એમ કહ્યું છે તેથી આમાં બીજાની સમ્મતિ નથી એમ જણાવ્યું છે. બીજા લોકો મર્યાદામાં પ્રતિષ્ઠિત હોવાથી તેમને પુષ્ટિસ્વરૂપનું અજ્ઞાન હોવાથી તેમની માર્યાદિકોમાં જ ઉત્કૃષ્ટ બુદ્ધિ હોય છે ।। ૧૧ $^{૧}/_{૨}$ ।।

શ્રીવલ્લભજી - एते तु वृद्धिक्षयसहिताः, ते एव पुनर्वृद्धिक्षयरहिता भवन्ति, तेषां भावमाहुः षोडशम् । यादृशाः पूर्वं प्रोक्तास्तादृशा वृद्धिक्षयविवर्जिताश्चेत्तदा स्थावराः स्थिरजलतुल्याः स्थिरजलाशयाः स्थिरप्रवाहा नदीरूपा वा, तत्सदृशाः । स्थिर स्वरूपमाहुः मर्यादैकप्रतिष्ठिता इति । यावत्प्रमाणमर्यादया विहितास्तावन्मर्यादया सर्वदा स्थिराः । अत एव तावति धर्मे वृद्धिक्षयरहितत्वमुक्तम् । तेन निरन्तरपूजाप्रवाहसहिताः स्वमर्यादाधर्मयुक्तास्तादृशा भक्ताः जन्ममरणादिरहिता मोक्षपर्यवसायिनः स्वमर्यादयेति ज्ञापितम् । यथा तादृश्यो नद्योपि परंपरया नद्यन्तरसङ्गेन समुद्रगामिन्यस्तथेति भावः । जलाशयपक्षे वृद्धिक्षयराहित्यमेव जन्ममरणाभाव इति तथात्वम् ।। ११ $^{१}/_{२}$ ।।

અર્થાત્ - (આભાસ) આ બધા તો વૃદ્ધિક્ષય સહિત છે તે લોકો જ, જો વૃદ્ધિ ક્ષયરહિત થાય છે તેમના ભાવને ૧૬ મા ક્રમે કહે છે. **(વ્યાખ્યાન)** પૂર્વમાં જણાવેલ ભાવવાળા વૃદ્ધિ-ક્ષય સહિતના છે, તે જ લોકો જ્યારે વૃદ્ધિ-ક્ષય વિનાના થાય છે, તેમનો ભાવ સોળમા પ્રકારે કહે છે. જે પ્રકારના પૂર્વમાં કહેલા છે તેવાઓ જો વૃદ્ધિ-ક્ષય રહિત થાય ત્યારે **‘સ્થાવરાઃ’** સ્થિરજળ સમાન એટલે કે સ્થિર જલાશય-સ્થિર પ્રવાહ અથવા નદીરૂપ તેના સમાન હોય છે. સ્થિરપણાનું સ્વરૂપ જણાવે છે -

મર્યાદૈકપ્રતિષ્ઠિતાઃ વાક્યથી. એમની સ્થિરતાની જેટલી મર્યાદા છે - તેમાં બંધાયેલા છે તેટલી મર્યાદામાં જ- તેટલા જ વિસ્તારમાં સર્વદા સ્થિર રહે છે. તેથી જ તેમનામાં જેટલો ધર્મ યા ભાવ છે તેટલામાં જ તેઓ વૃદ્ધિ-ક્ષય રહિત હોય છે એમ કહ્યું છે. તેથી કરીને નિરન્તર પૂજા પ્રવાહમાં રહેનારા અને પોતાના મર્યાદાધર્મથી જોડાઈને રહેલા ભક્તો જન્મ-મરણ વગેરેથી રહિત અને અન્તે પોતાની મર્યાદા વડે મોક્ષમાં પર્યવસાન પામનારા એમ જ્ઞાપિત કર્યું છે. જેમ તેવી નદીઓ પણ પરમ્પરાએ બીજી નદીમાં મળીને નદીના સંગે સમુદ્રમાં મળનારી હોય છે તેમ આમનો ભાવ છે એમ કહ્યું છે. સ્થાવરના અર્થોમાં નદી અર્થ ન લઈ કોઈ જલાશયનો અર્થ લેવામાં આવે ત્યારે તેમનું વૃદ્ધિ-ક્ષય રહિતપણું જ જન્મ-મરણનો અભાવરૂપ મોક્ષ છે એમ જાણવું ।। ૧૧ $^{૧}/_{૨}$ ।।

શ્રીબાલકૃષ્ણજી - षोडशं भावमाहुः यादृशाः पूर्वमुक्तास्तादृशाः सङ्गादिना वृद्धिक्षयविवर्जिताः सम्यक् प्रकारेण प्रसिद्धा इत्यर्थः । निरूपिता वा । यथा नवधाभक्तिमार्गमर्यादायामेव मुख्यतया प्रतिष्ठिताश्चेत् तदा ते स्थावराः समाख्याताः सम्यक् प्रकारेण प्रसिद्धा इत्यर्थः । निरूपिता वा । यथा तज्जलं नातपादिभिर्ह्रासं प्राप्नोति, न वा वृष्ट्यादिभिर्वर्धितं, न तरङ्गफेनावर्तादिभिः क्षुब्धं भवति तथैतेषां भावोपि दुःसङ्गादिभिर्न क्षीणतां भजति, न वा भक्तसङ्गेन वर्धते, तद्दर्शनेन न क्षुब्धो भवतीत्यर्थः ।। ११ $^{१}/_{२}$ ।।

(આભાસ) સોળમા ભાવને કહે છે. **‘યાદશાઃ’** જે પ્રકારના આના પૂર્વમાં કહેવાઈ ગયેલા **‘તાદશાઃ’** સંગ વગેરે વડે કરીને **વૃદ્ધિ-ક્ષય વિનાના** સારી રીતે પ્રકૃષ્ટતાએ સિધ્ધ થયેલા એમ અર્થ છે. અથવા તો નિરૂપણ કરાયેલા છે. જેમ જો નવધા ભક્તિમાર્ગરૂપ મર્યાદામાં મુખ્યરૂપે પ્રતિષ્ઠિત થયેલા હોય તો ત્યારે તેઓ **‘સ્થાવરાઃ’** સ્થાવર નામે

‘સમાખ્યાતાઃ’ સમ્યક્ પ્રકારે પ્રસિદ્ધ છે એમ અર્થ છે. અથવા નિરૂપણ થયેલા છે. જેમ તે જળ તડકા-ગરમી વગેરેથી ઘટતું નથી અને વૃષ્ટિ વગેરેથી વધતું નથી, તરંગ-ફેણ-આવર્ત વગેરેથી ક્ષોભને પામતું નથી તેમ આમનો ભાવ પણ દુઃસંગ વગેરેથી ક્ષીણ થતો નથી તેમજ ભકતોના સંગ વગેરેથી વધતો નથી અને તેમના દર્શનથી ક્ષુબ્ધ થતો નથી એમ અર્થ છે॥૧૧$^{૧}/_{૨}$ ॥

વિવરણ - શ્રુતિ અનુસાર **‘સ્થાવરાભ્યઃ’** એ સોળમા ભાવને પૂર્વના પંદરમા ભાવથી કંઈક ફેરફાર જણાવી આ ભાવવાળાઓને જણાવે છે. પંદરમા ભાવમાં વૃધ્ધિ-ક્ષય છે એટલે કે ભકતજનોના સંગથી આ લોકોનો ભાવ પ્રેમ વધે છે અને દુઃસંગ વગેરેથી ઘટે છે, જ્યારે આ ભાવવાળાઓનો ભાવપ્રેમ સત્સંગથી વધતો નથી અને દુઃસંગથી ઘટતો નથી જે-જેટલો છે તે-તેટલા પ્રમાણમાં જ સ્થિર રહેછે, તેથી સ્થાવર એટલે સ્થિરજલાશય જેવા એટલે કે જેમ તેવું જલાશય સદાય પોતાની બંધાયેલી મર્યાદામાં ભરપુર રહે છે તેમાં જલની વધ-ઘટ થતી નથી ચોમાસામાં વધતુ નથી અને ગરમીમાં સૂકાતું નથી તેમ આ ભાવવાળાઓ હોય છે. વધુમાં આ ભાવવાળાઓ **‘કેવલ મર્યાદામાં જ પ્રકૃષ્ટતાએ સ્થિતિ કરેલા હોય છે’** એમ કહ્યું છે તેથી તેઓ મર્યાદાથી અધિક ભગવાન વડે તેમનો અંગીકાર નથી તેથી તેઓ તેથી અધિક અધિકારવાળા નથી, તો જેમ તેવું સ્થિર જળ પોતાના આધારને શીતલ કરે છે અને તે સ્થળની ખ્યાતિને વધારે છે તેમ આવાઓનો સંગ કરનારની ખ્યાતિને જ તેઓ વધારે છે તેથી અધિક કોઈ વિશેષ અનુગ્રહ નથી હોતો. ઉપર પ્રથમ જણાવ્યા મુજબ આમનો ભાવ દુઃસંગથી જરૂર ઘટતો નથી પણ મહત્ત્વનું એ છે કે તેમનો ભાવ સત્સંગથી વધતો પણ નથી. જો વિશેષ પાત્રતા યા અધિકાર હોય તો સત્સંગથી ભાવની વૃધ્ધિ થવી જ જોઈએ, પણ નથી થતી તે તેમના અધિકારની ઉણપને દર્શાવે છે. અષ્ટછાપ યા ૮૪-૨૫૨ જેવા ભગવદીયોના સંગે રહીને, તેમનાથી શ્રવણ કરીને, તેમની વાતોથી પણ જો કોઈના ભાવમાં વૃધ્ધિ ન થાય તો ત્યારે માનવું જ પડશે કે જો જળના સંગમાં રહીને પણ ગોળો ભીંજાયો નથી અને જેવો ને તેવો જ રહ્યો છે તો નક્કી તે ગોળો માટીનો નહીં પણ પત્થરનો જ હોવો જોઈએ. આમ વિચારતાં શ્રીકલ્યાણરાયજીએ જે પોતાના વ્યાખ્યાનમાં એમ જણાવ્યું છે કે **‘તેમનો ભાવ બીજાની તથા પોતાની શુધ્ધિમાં કારણ બને છે’** તે શુધ્ધિ મર્યાદા પ્રકારની જ મોક્ષ ફળને સાધનારી એવી શુધ્ધિ સમજવી, ભગવત્ સેવા અર્થેની જે શુધ્ધિ છે તે આવાઓના સંગથી નથી સધાતી કે જે શુધ્ધિ પુષ્ટિભક્તિમાં જે પ્રકારના સ્નેહની આવશ્યકતા છે તેમાં વચમાં પ્રતિબન્ધક બનતા એવા આન્તર-બાહ્ય કારણરૂપ અશુધ્ધિને દૂર કરવાના સ્વરૂપની છે. તેમ છતાં પણ જેમને પુષ્ટિભક્તિ સાધના નથી કરવી અને મોક્ષફલની ઈચ્છાવાળા છે તેવા લોકોને માટે આ ભાવવાળાઓનો સંગ ઉપકારક બની શકે છે.

* * * * *

શ્લોક – ૧૨,૧૩

अनेकजन्मसंसिद्धा जन्मप्रभृति सर्वदा ॥ १२ ॥
सङ्गादिगुणदोषाभ्यां वृद्धिक्षययुता भुवि ।
निरन्तरोद्‌गमयुता नद्यस्ते परिकीर्तिताः ॥ १३ ॥

અન્વય - अनेकजन्मसंसिद्धाः – (પૂર્વના) અનેક જન્મો (માં તપ-જ્ઞાન-સમાધિ વગેરેમાં સત્‌કર્મ-સત્ પ્રયત્નો)થી સારી રીતે સિદ્ધ થયેલા-સિદ્ધિને પામેલા, **जन्मप्रभृति** – (આ જન્મમાં) જન્મથી આરંભીને, **भुवि** – પૃથિવીમાં, **सर्वदा** – હમેશાં-સર્વ સમયે, **संगादिगुणदोषाभ्याम्** - સંગ વગેરે (સત્સંગ-દુઃસંગ વગેરે) ગુણ-દોષો વડે કરીને, **वृद्धि-क्षययुताः** – (જેમનો ભાવ) વૃદ્ધિ અને ક્ષય (વધ-ઘટ)ને પ્રાપ્ત થતો રહે છે તેવા (તેમ છતાં પણ) **निरन्तर-उद्‌गमयुताः** – નિરન્તર ભાવનો ઉદ્‌ગમ થતો રહે છે (એવા ગુણોવાળા), **ते** – તેવા ભગવદ્‌ગુણ કહેનારા-વક્તાઓ, **नद्यः** – નદીઓના સમાન, **परिकीर्तिताः** – કહેલા છે ॥ ૧૩ ॥

શબ્દાર્થ - (પૂર્વના) અનેક જન્મો (માં તપ-જ્ઞાન-સમાધિ વગેરેમાં સત્‌કર્મ-સત્ પ્રયત્નો)થી સારી રીતે સિદ્ધ થયેલા-સિદ્ધિને પામેલા (આ જન્મમાં) જન્મથી આરંભીને પૃથિવીમાં હમેશાં-સર્વ સમયે સંગ વગેરે (સત્સંગ-દુઃસંગ વગેરે) ગુણ-દોષો વડે કરીને (જેમનો ભાવ) વૃદ્ધિ અને ક્ષય (વધ-ઘટ)ને પ્રાપ્ત થતો રહે છે તેવા (તેમ છતાં પણ) નિરન્તર ભાવનો ઉદ્‌ગમ થતો રહે છે, (એવા ગુણોવાળા) તેવા ભગવદ્‌ગુણ કહેનારા-વક્તાઓ નદીઓના સમાન કહેલા છે ॥ ૧૩॥

શ્રીકલ્યાણરાયજી - **सप्तदशं भावमाहुः अनेकजन्मेति । ये भावा अनेकजन्मसु ‘जन्मान्तरसहस्रेषु तपोध्यानसमाधिभिः । नराणां क्षीणपापानां कृष्णे भक्तिः प्रजायते’ इति वाक्यात् तपोध्यानसमाधिभिः सम्यक् सिद्धाः तज्जन्मारभ्य सदा भुवि**

आधारभूते चात्मनि सङ्गः सत्सङ्गः आदिपदादन्नकाल-विशेषदेशविशेषाः दुष्टसङ्गादयश्च तेषां यौ गुणदौषौ ताभ्यां क्रमेण वृद्धिक्षययुताः, निरन्तर उद्गम उद्भवो गमनं च तेन युताः । एतादृशास्ते भावा नद्यः स्वतोऽसमुद्रगामिनदीजलतुल्याः परिकीर्तिता इत्यर्थः । यथा नदीजलं वृष्टयातपाभ्यां वृद्धिक्षयवद्भवति, भूमिपर्वतादिगुणदोषाभ्यां गुणदोषवद्भवति, शुद्धितृप्त्यादिहेतुश्च भवति, तथैते भावा अपि तपोध्यानसमाधि-साध्यपापक्षयद्वारा जनिता इति शुद्ध्यादिहेतवः सत्सङ्गादिभिर्गुणवन्तो भवन्ति, वर्धन्ते च, दुष्टसङ्गादिभिर्दोषवन्तः भवन्ति, हीयन्ते चेति भावः ॥ १३ ॥

અર્થાત્ - સત્તરમા ભાવને કહે છે - **‘અનેક જન્મ’** વગેરે વાક્યોથી. જે ભાવો અનેક જન્મોમાં **‘હજારો જન્મોના સમયમાં તપ-ધ્યાન-સમાધિ વડે જેમના પાપ ક્ષીણ થઈ ગયા છે તેવા મનુષ્યોને કૃષ્ણમાં ભક્તિ ઉત્પન્ન થાય છે’** આ વાક્યથી તપ-ધ્યાન-સમાધિ વડે સારી રીતે સિદ્ધ થયેલ ભાવ તે જન્મથી આરંભીને સદા (અન્ત સુધી) તે ભાવના આધારભૂત બનેલા એવા તેમનામાં બન્યા રહે છે અને **સંગઃ** એટલે સત્સંગ **આદિ** પદથી અન્નવિશેષ-કાલવિશેષ - દેશવિશેષ-દુષ્ટોનો સંગ વગેરે તેમના સંબન્ધી જે ગુણો અને દોષો તેના વડે કરીને ક્રમે વૃદ્ધિ-ક્ષયથી યુત થયેલા, **‘નિરન્તરોદ્‌ગમ’** નિરન્તર ઉદ્‌ગમ એટલે કે ઉદ્‌ભવ થવો અને ગમન થવું તેના વડે યુત થયેલા (ભાવ આવવો અને જવો તેવા), આવા ભાવો **‘નદ્યઃ’**, સીધી પોતાની મેળે સમુદ્રમાં નહીં મળનારી એવી નદી સમાન કહેવાયેલા છે એમ અર્થ છે. જેમ આવી નદીનું જળ વૃષ્ટિથી વધે છે અને ગરમીમાં સૂકાય છે તેમજ ભૂમિ-પર્વત વગેરે સમ્બન્ધી ગુણ-દોષો વડે કરીને તે નદીઓ ગુણ અને દોષવાળી થાય છે, તેમજ શુદ્ધિ કરવી-તૃપ્તિ કરવી વગેરેનું કારણ થાય છે, તેમ આ ભાવો પણ તપ-ધ્યાન-સમાધિથી સધાયેલા પાપક્ષય દ્વારા ઉત્પન્ન થયેલા છે તેથી શુદ્ધિ વગેરેના કારણ બને છે. સત્સંગ

વગેરે વડે ગુણવાળા પણ થાય છે, ભાવમાં વૃદ્ધિ થાય છે અને દુષ્ટના સંગ વગેરે વડે તે ભાવો દોષવાળા પણ થાય છે, અને ઘટે પણ છે એમ ભાવ છે ॥ ૧૨-૧૩ ॥

શ્રીપુરુષોત્તમજી - **अतः परं 'नादेयीभ्यः स्वाहे'ति श्रुतिमनुसृत्य सप्तदशं भावं सार्धेनाहुः अनेकेत्यादि । अनेकेषु जन्मसु संसिद्धाः सम्यक्सिद्धाः पूर्वानुरूपतया सिद्धाः । जन्मप्रभृतीति क्रियाविशेषणम् । एतज्जन्मारभ्य, सर्वदा सर्वस्मिन्काले सङ्घातगुणदोषाभ्यां, आदिशब्देन कालकर्मदेशस्वभावास्तत्कृतौ यौ गुणदोषौ ताभ्यां कृत्वा भुवि भवनं भूः उत्पत्तिर्विद्यमानता वा तस्यां वृद्धिक्षययुताः सत्सङ्गेन समीचीनदेशकालकर्मस्वभावैर्वृद्धिमन्तः दुःसंगादसमीचीनकालकर्मदेशस्वभावैः क्षयं प्राप्नुवन्तः, ईदृशाः सन्तोपि निरन्तरोद्गमयुता निरन्तरो यदुद्गमः प्रवाहस्तेन युतास्तादृशा ये गुणास्ते नादेयीनामपामाधारभूता या नद्यस्तत्तुल्याः कीर्तिताः । तथा च नद्यो यथा काश्चित्स्वभावतः शुभाः काश्चिद्दुष्टाः, यथा गङ्गादयः कर्मनाशादयश्च, काश्चन कालतः, यथा कलौ वेत्रवती गङ्गेति । गङ्गा च न पूर्ववत्स्नामात्रेण कुष्ठं हरतीति, तथा देशतः, यथा भागीरथी महानदी च प्रवाहदेशभेदात् । एवं संगादपि ज्ञेयाः, यथा श्रीयमुनासङ्गेन गंगा उत्कृष्टा जाता, तासां जलं च तादृशमेव, तथा तद्भावा अपीति तन्निष्ठा गुणा अपि तत्स्वरूपा इति तादृशां संगो न निश्चयेनोत्तमफलद इत्यर्थः । अत्र च नदीनामेतावद्विशेषणकथनं दार्ष्टान्तिके एतेषामेव धर्माणां प्राप्त्यर्थम् । तेन भावेषु गुणेषु तदाधारेषु चैत एव धर्मा अतिदेष्टव्याः, नेतर इति सूचितम् । अन्यथैतावत्कथनवैय-र्थ्यापत्तेरिति ॥ १३ ॥**

અર્થાત્ - અનેકો જન્મોમાં **સંસિદ્ધ** એટલે સમ્યક્ પ્રકારે સિદ્ધ થયેલા પૂર્વમાં કહેવાયેલ ભાવની અનુરૂપતાએ સિદ્ધ થયેલા. **જન્મપ્રભૃતિ** એ ક્રિયાનું વિશેષણ છે. એટલે કે આ જન્મથી આરંભીને સર્વદા સર્વકાલમાં સંઘાત (દેહ-ઈન્દ્રિય-પ્રાણ-અન્તઃકરણ) સમ્બન્ધી ગુણ-દોષો વડે, **આદિ** શબ્દથી કાલ-કર્મ-દેશ-સ્વભાવ વગેરે સમ્બન્ધી જે ગુણ-દોષો છે તેથી કરીને થનાર ગુણો તથા દોષો તે ગુણ-દોષો વડે કરીને **ભુવિ-ભવનમ્** પૃથ્વી પર ઉત્પન્ન થયેલ અથવા **ભૂઃ** ઉત્પત્તિ અથવા વિદ્યમાનતા એટલે કે તે ગુણ-દોષો સહિતના પૃથ્વી પર ઉત્પન્ન થયેલા અથવા પૃથ્વી પર વિદ્યમાન લોકો **વૃદ્ધિક્ષયયુતાઃ** એટલે કે સત્સંગ વડે તેમજ સુયોગ્ય-સમીચીન દેશ-કાલ-કર્મ-સ્વભાવ વડે વૃદ્ધિવાળા બને છે અને દુઃસંગ થકી અયોગ્ય-અસમીચીન દેશ-કાલ-કર્મ-સ્વભાવ વડે ક્ષયને પ્રાપ્ત થનારા હોય છે. આવા હોઈને પણ **'નિરન્તરોદ્ગમયુતાઃ'** એટલે કે નિરન્તર જે ઉદ્ગમ એટલે કે પ્રવાહ તેના વડે યુત થયેલા-જોડાયેલા તેવા જે ગુણો **નાદેયી** એટલે કે નાની નદીઓ જેમાંથી નીકળે છે તેવી સતત પ્રવાહવાળી જે નદી તેના સમાન તે લોકો કહેવાયેલા છે. તેમજ કેટલીક નદીઓ **સ્વભાવથી** જ મૂલ સ્વરૂપે જ શુભ હોય છે. કેટલીક સ્વભાવથી જ દુષ્ટ હોય છે, જેમ ગંગા નદી-કર્મનાશા વગેરે, કેટલીક **કાલથી** જેમ **કલિયુગમાં વેત્રવતી નદી ગંગા સ્વરૂપ છે.** ગંગા પણ આ યુગમાં પૂર્વ યુગોની માફક સ્નાનમાત્રથી કુષ્ઠ રોગને હરતી નથી. તેવી જ રીતે **દેશ**થી, જેમ ભાગીરથી અને મહા નદી બે જુદા-જુદા પ્રવાહ ભેદે અલગ નામથી પ્રખ્યાત છે, એવી જ રીતે **સંગ**થી પણ જાણવું, જેમ શ્રીયમુનાના સંગથી ગંગા ઉત્કૃષ્ટ બની, આ બધી નદીઓમાં તે-તે નદીઓનું જળ તેમના-તેમના ગુણો અનુસારનું જ - તેવું જ હોય છે, તેમ તે-તે જળ સમાન લોકોના ભાવો પણ તે-તે ગુણ અનુસારના જ તન્નિષ્ઠ જ હોય છે અને ગુણો પણ તે-તે સ્વરૂપના જ હોય છે તેથી આ ભાવવાળાઓનો સંગ નક્કી જ ઉત્તમ ફળ કરશે તેમ કહી શકાય તેમ નથી એમ અર્થ છે. અહીં નદીઓના (અમે) જેટલા પણ વિશેષણો જણાવ્યા છે તે બધા જ વકતાઓમાં પણ દેશ-કાલાદિ આદિ થકી થનારા ધર્મો રહેલા હોય છે. તેથી કરીને ભાવોમાં, ગુણોમાં, તેના આધારરૂપ લોકોમાં આ બધા

જ ધર્મોનો અતિદેશ કરવો, બીજાનો નહીં એમ સૂચિત કર્યું છે, નહીંતર શ્રીઆચાર્યચરણનું આ મુજબનું નદીના દષ્ટાન્તથી કહેવું વ્યર્થ જવાની આપત્તિ આવે છે ॥ ૧૨-૧૩ ॥

શ્રીવલ્લભજી - अथ भक्तिमार्गीयभेदान् वक्तुं सप्तदशं भावमाहुः । प्रथमजन्मारभ्यानेकजन्मसाधनैः सम्यक् सिद्धिं प्राप्ताः । सर्वदेति साधनैरन्तर्यमुक्तम् । तेन 'जन्मान्तरसहस्रेषु तपोध्यानसमाधिभिरि'त्युक्तसाधनसिद्धाः प्रावाहिकभक्तिमन्तो भक्ताः सामान्यतः प्रोक्ताः । ते प्रथमं साधनदशायां सङ्गादिगुणदोषाभ्यां वृद्धिक्षययुक्ता भवन्ति, परन्तु निरन्तरमुद्गम उदयस्तेन युता भगवद्धर्मप्रयत्नवन्तः सङ्गदोषेण क्षयेपि तद्धर्मनिष्ठां न त्यजन्ति । तादृशा नद्यः नदीरूपा नदीजलतुल्या इत्यर्थः । यथा नद्यः वर्षाजलेन वर्धन्ते, ग्रीष्मसङ्गेन क्षीणा भवन्ति, परन्तु मूलतः प्रवाहस्य निरन्तरमुद्‌गमस्तिष्ठति, तेन परंपरया समुद्रगामिन्यो भवन्ति, तथा तादृशभावा अपि सत्सङ्गेन वर्धन्ते, असत्सङ्गेन क्षीयन्ते, तथापि निरन्तरं भगवद्धर्मनिष्ठात्यागाभावात् कदाचिद्भगवत्समुद्रगामिनो भविष्यन्तीति भावः । पूर्वोक्तापेक्षया हीनाधिकार उक्तः ॥ १३ ॥

(આભાસ) - હવે પછી ભક્તિમાર્ગીય ભેદોને કહેવા સત્તરમો ભાવ કહે છે - **(વ્યાખ્યાન)** પ્રથમ જન્મથી આરંભીને અનેક જન્મોમાં આચરેલા સાધનો વડે સારી રીતે સિદ્ધિને પ્રાપ્ત કરેલા. **'સર્વદા'** એમ કહ્યું છે તેથી તેમાણે નિરન્તર એકસરખું સાધન આચર્યું છે તેમ જણાવ્યું છે. તેથી કરીને **'હજારો જન્મોમાં તપ-ધ્યાન-સમાધિ વડે જેમના પાપ ક્ષીણ થઈ ગયા છે તેવા મનુષ્યોની કૃષ્ણમાં ભક્તિ પ્રકટ થાય છે.'** આ વાકયમાં કહ્યા મુજબના સાધનોથી સિદ્ધ થયેલા પ્રાવાહિક ભક્તિવાળા ભક્તો સામાન્ય રીતે (અહીં) કહ્યા છે. આ લોકો પ્રથમ સંગ વગેરે ગુણ-દોષો વડે વૃદ્ધિ-

ક્ષયવાળા થાય છે, પરન્તુ તેમનામાં ભાવનો નિરન્તર ઉદ્‌ગમ થતો રહેતો હોવાથી તેનાથી યુત હોઈ ભગવદ્ધર્મ માટે પ્રયત્નવાળા થઈને સંગદોષને લઈ ભાવક્ષય થઈને પણ તેઓ ભગવદ્ધર્મમાં પોતાની નિતરાં સ્થિતિને છોડતા નથી. તેવાઓ **નદ્યઃ** એટલે નદી રૂપ નદીના જળ સમાન છે એમ અર્થ છે. જેમ નદીઓ વર્ષાના જળથી વધે છે અને ઉનાળો લાગતાં ક્ષીણ થાય છે, પરંતુ મૂલતઃ ભાવ પ્રવાહનો નિરન્તર ઉદ્‌ગમ થવો તેમનામાં બન્યો રહે છે. તેથી કરીને પરંપરાએ (બીજી મોટી નદીમાં મળીને) સમુદ્રમાં મળનારી થાય છે, તેવી રીતે તેમના (તે લોકોના) ભાવો પણ સત્સંગથી વધે છે અને અસત્સંગથી ક્ષીણ થાય છે, તેમ છતાં પણ નિરન્તર-સતત ભગવદ્ધર્મમાં પોતાની નિતરાં સ્થિતિ નહીં છોડી હોવાથી કયારેક તેઓ ભગવાનરૂપી સમુદ્રમાં મળનારા થશે એમ ભાવ છે. પૂર્વમાં કહેવાયેલા ભાવવાળાઓની અપેક્ષા આમનો હીનાધિકાર છે એમ જણાવ્યું છે ॥ ૧૨-૧૩ ॥

શ્રીબાલકૃષ્ણજી - सप्तदशं भावमाहुः अनेकजन्मसंसिद्धा इति । अनेकजन्मभिः कृत्वा सम्यक्प्रकारेण सत्सङ्गादिभिः भगवत्कृपया वा सिद्धाः साक्षात् सेवायोग्यं जन्म प्राप्तवन्तः जन्मप्रभृति आजन्मतो भगवद्भजनतत्पराः सर्वदा सर्वजन्मसु एतादृशाः भगवद्भक्ताः समुद्रगामिनदीतुल्याः परिकीर्तिताः कथिता इत्यर्थः । तेषां भावस्तज्जतुल्य इत्यर्थः । यथा तेषां जलानां वर्षादिजलवृद्धिसापेक्षत्वं, स्वतश्च समुद्रगामित्वं, तथैतेषां भावोपि सापेक्षो भगवद्गामी चेत्यर्थः ॥ १३ ॥

અનેક જન્મો વડે કરીને સમ્યક્ પ્રકારે સત્સંગ વગેરે વડે અથવા ભગવત્ કૃપા વડે સિદ્ધ થયેલા સાક્ષાત્ સેવા કરવાને યોગ્ય જન્મ પ્રાપ્ત કરેલા **'જન્મપ્રભૃતિ'** જન્મથી જ ભગવદ્ ભજનમાં તત્પર થયેલા અને **'સર્વદા'** સર્વ જન્મમાં આ જ પ્રકારના એવા ભગવદ્‌ભકતો સમુદ્રમાં મળનારી નદીઓના સમાન **'પરિકીર્તિતાઃ'** કહેવાયા છે એમ અર્થ છે. તેમનો ભાવ

તે જળના સમાન છે એમ અર્થ છે. જેમ તેવી નદીઓનું જળ વર્ષા વગેરેના જળની અપેક્ષાવાળું હોય છે તેમજ પોતે સ્વતઃ જ સમુદ્રમાં મળનારું હોય છે, તેમ આમનો ભાવ પણ (સત્સંગાદિ) સાપેક્ષ અને ભગવાનમાં મળનારો હોય છે એમ અર્થ છે ॥ ૧૨-૧૩ ॥

વિવરણ - અનેક જન્મોમાં સાધના વડે સારી રીતે સિદ્ધ થયેલા ગુણોવાળા તથા આ જન્મથી આરંભી દેહ-ઈન્દ્રિય-પ્રાણ-અન્તઃકરણ-દેશ-કાલ-કર્મ-સ્વભાવ સમ્બન્ધી જે ગુણ-દોષો છે તે ગુણ-દોષો સહિત પૃથ્વી પર જન્મેલા ભાવવાળાને શ્રીઆચાર્યચરણ શ્રુતિમાં કહેવાયેલ ‘**नादेयीभ्यः**’ના દૃષ્ટાન્તથી જેમાંથી નાની-નાની અનેક નદીઓ ઉત્પન્ન થાય છે તેમ છતાં પણ જે સીધી સમુદ્રને નહીં મળતાં કોઈક મહાનદીમાં મળીને તેના દ્વારા અન્તે સમુદ્રને મળનારી તેવી નદીના દૃષ્ટાન્તથી જણાવે છે.

આ સત્તરમા ભાવવાળાઓ માટે શ્રીપુરુષોત્તમજીનો અભિપ્રાય એમ છે કે આ ભાવવાળાઓનો સંગ નક્કી જ ઉત્તમ ફળ કરશે તેમ કહી શકાય તેમ નથી (એટલે કે મધ્યમ યા કનિષ્ઠ ફળ પણ થાય અને ક્યારેક તેથી વધુ કંઈ થવાની સંભાવના રહે છે) કારણકે આ ભાવવાળાઓ વહેતી નદી સમાન છે પરંતુ દેશ-કાલ-કર્મ-સ્વભાવ વગેરે સમ્બન્ધી ગુણો અને દોષોથી યુક્ત હોવાથી આ લોકો શુભ-પવિત્ર દેશમાં એટલે કે જગન્નાથજી, વિઠ્ઠલનાથજી પંઢરપુર, શ્રીરંગજી, તિરુપતિબાલાજી, દ્વારિકા, નાથદ્વારા, વ્રજ, ચમ્પારણ્ય, બદ્રિનારાયણ વગેરે દેશોમાં સ્થિતિ થકી આ લોકોના ભાવમાં વૃદ્ધિ થાય છે અને કાશ્મિર વગેરે હિલસ્ટેશનો, ભારત બહારના કેટલાક મ્લેચ્છોથી આક્રાન્તિત પાપના ધામ સમા અપવિત્ર દેશોમાં સ્થિતિ થકી આ લોકોનો ભાવ ક્ષીણ થાય છે, તેવી જ રીતે પ્રાતઃ કાલમાં દેખાતો તેમનો ભાવ અને સાયંકાલ યા રાત્રિમાં દેખાતો તેમનો ભાવ તેમાં વધ-ઘટ સ્પષ્ટ જોવા મળતી હોય છે, કોઈક જીવનના પૂર્વકાલમાં ભગવન્નિષ્ઠ પ્રેમભાવવાળા રહીને જીવનના ઉત્તરકાલમાં ઘણો બધો તેથી વિપરીત ફરક જોવા મળે છે, તેવી જ રીતે કેટલાક લોકો સત્‌પુરુષોના નામે ખ્યાતિ પામીને પણ શ્રીમહાપ્રભુના શબ્દોમાં **‘અહંકારમાં વિશેષ પ્રકારે મૂઢ બનેલા, પાપનું અનુવર્તન કરનારા, પોતાને લાભ થાય અને પોતાની સર્વત્ર પૂજા થાય તે માટેના જ પ્રયત્નમાં ગળાડૂબ રહેનારા’** ભગવત્સેવા, ભગવત્‌કથા, ભગવત્કીર્તન, વારંવાર જ્યાં ત્યાં ભગવાનને વંદન-પ્રણામ કરવાના સત્‌ સ્વરૂપના કર્મોમાં પ્રવૃત્ત રહીને પણ તેની પાછળનો તેમના મનમાં રહેલો હેતુ યા સ્થિતિ ઉપર શ્રીમહાપ્રભુના શબ્દોમાં જણાવ્યા પ્રકારની જ હોય છે, અતઃ આવા લોકો દોષયુક્ત કર્મવાળા હોય છે, ત્યારે કેટલાક આથી વિપરીત દંભ વગેરેથી સર્વથા દૂર રહી અંદરથી તેઓ ભગવદ્ ભક્તિ-પરોપકાર-સ્વકર્તવ્ય પાલન-શાસ્ત્ર મર્યાદાના પાલન વગેરેથી શુદ્ધ-ગુણયુક્ત કર્મવાળા હોય છે, ત્યારે કેટલાક લોકોનો સ્વભાવ જ એવો હોય છે કે જેથી એમનો સાધારણ પણ સંગ સંગ કરનારને જીવનમાં મહત્ત્વપૂર્ણ ઉપકારક બની જાય છે, જ્યારે કેટલાકનો સ્વભાવ જ એવો હોય છે કે જેથી જેમનું બોલવું, ચાલવું, કરવું, આવવું, જવું વગેરે સર્વ એટલું બધું સ્વકેન્દ્રિત અને સ્વાર્થી હોય છે કે એનો સંગમાત્ર પણ એવી હાનિ કરે છે જેને આ જન્મના અન્ત સુધી તો ઠીક પણ બીજા જન્મમાં પણ એ દોષ નડતરરૂપ બની જાય છે. આ રીતે આ ભાવવાળાઓ ગુણ-દોષથી યુક્ત હોવાથી આ લોકો ક્યારે ગુણવાળા હશે કે ક્યારે કયા દોષવાળા હશે તે દરેકને જાણવું શક્ય ન હોવાથી તેમજ આ ગુણ-દોષો **નિરન્તર ઉદ્ગમવાળા** એટલે કે ગુણ-દોષ બન્ને સતત પ્રવાહની માફક નિરન્તર -સદા બન્યા રહેતા હોવાથી જેમ આપણા રક્તમાં સારા અને રોગના બન્નેના કારણો સાથે રહેલા હોવાથી ક્યારે કયો રોગ ઉથલો મારશે તે જાણવું શક્ય ન હોવાથી આ ભાવવાળાઓનો સંગ સારું જ ફળ આપશે એમ કહેવું ઘણું ઉતાવળ ભર્યું કહેવાશે.

* * * * *

શ્લોક - ૧૩ $^{૧}/_{૨}$

एतादृशाः स्वतन्त्राश्चेत् सिन्धवः परिकीर्तिताः ॥१३ $^{१}/_{२}$॥

અન્વય : एतादृशाः – આ પ્રકારના (૧૭ મા ભાવમાં કહ્યા મુજબના), **चेत्** – જો, **स्वतंत्राः** – (સત્સંગ-દુઃસંગથી ભાવની વધ-ઘટ થાય તેવા નહીં પણ) સ્વતંત્ર (પોતાના જ ભાવવાળા હોય તો તેઓ), **सैन्धवः** – સમુદ્રમાં મળનારી મહાનદી (અથવા નદ) સમાન, **परिकीर्तिताः** – કહેવામાં આવ્યા છે ॥

શબ્દાર્થ - આ પ્રકારના (૧૭ મા ભાવમાં કહ્યા મુજબના)જો (સત્સંગ-દુઃસંગથી ભાવની વધ-ઘટ થાય તેવા નહીં પણ) સ્વતંત્ર (પોતાના જ ભાવવાળા હોય તો તેઓ) સમુદ્રમાં મળનારી મહાનદી (અથવા નદ) સમાન કહેવામાં આવ્યા છે॥ ૧૩ $^{૧}/_{૨}$ ॥

શ્રીકલ્યાણરાયજી - **अष्टादशं भावमाहुः एतादृशा इति । अव्यवधानेनोक्ता भावाः स्वतन्त्राः निरुपाधिकाश्चेत्तदा ते सिन्धवः स्वतःसमुद्रगामिन्यो महानद्यस्तज्जलतुल्याः परिकीर्तिता इत्यर्थः । सिन्धुषु नदा अपि गृह्यन्ते । यथा महानदीजलप्रविष्टाः समुद्रं प्रविशन्ति, तथैतद्भावानुसारिणोपि दयासमुद्रं भगवन्तं प्रविशन्ति, महानदीजलवदेते भावाः शुद्ध्यादिहेतवोपि भवन्तीति भावः ।**

(આભાસ) - અઢારમા ભાવને કહે છે - **'एतादृशाः'** વગેરે વાક્યોથી - **(વ્યાખ્યાન) -** વૃદ્ધિ-ક્ષય થવાના વ્યવધાન વિનાના કહેલા ભાવો સ્વતંત્ર હોય, કામના વગેરે વિનાના ઉપાધિ રહિત નિરુપાધિક હોય ત્યારે તે ભાવો **'સિન્ધવઃ'** એટલે કે સ્વતઃ પોતાની મેળે સમુદ્રમાં મળનારી મહાનદીઓના સમાન કહેવાયેલા છે એમ અર્થ છે. સિન્ધુ શબ્દથી નદ અર્થ પણ ગ્રહણ કરવામાં આવે છે. જેમ મહાનદીમાં મળેલ પદાર્થ અન્તે સમુદ્રમાં પ્રવેશે છે, તેમ આવા વકતાઓના ભાવનું પણ અનુસરણ કરનારા શ્રોતાઓ અન્તે દયાસમુદ્ર એવા ભગવાનમાં પ્રવેશે છે, તેમજ મહાનદીના જળની માફક આ ભાવો શુદ્ધિ વગેરે સાધનારા પણ થાય છે એમ ભાવ છે.

શ્રીપુરુષોત્તમજી - अतः परं 'सैन्धवीभ्यः स्वाहे'ति श्रुतिमनुसृत्याष्टादशं भावमाहुः एतादृशा इत्यादि । अत्रैतादृशा इत्यनेनाद्यन्तविशेषणयोः संग्रहः । स्वतन्त्रा इत्यनेन मध्यविशेषणनिरासः क्रियते । तथा चैतादृशा अनेकजन्मसंसिद्धा निरन्तरोद्गमयुताः स्वतन्त्राः जन्मप्रभृति सर्वदा संगगुणदोषाभ्यां वृद्धिक्षयरहिताश्चेत्स्युः तदा ते जीवाः सिन्धवः समुद्रगामिन्यो महानद्यो महानदाश्च तत्तुल्याः परिकीर्तिताः । तेषां भावो महानदीजलतुल्यः । तद्यथा दृष्टं स्पृष्टं समीचीनव्यवहारेण शुभफलं गृहादावानीतमपि शुभम्, तथा तद्गता गुणा अपि स्वरूपतः फलतश्चोत्तमा इति तादृशां संगः कर्तव्य इति भावः ॥ १३ ॥

અર્થાત્ - (આભાસ) - હવે પછી **'સૈન્ધવીભ્યઃ સ્વાહા'** એ શ્રુતિને અનુસરીને અઢારમો ભાવ કહે છે - **'એતાદશાઃ'** વગેરે વાક્યોથી. **(વ્યાખ્યાન) -** અહીં **'એતાદશાઃ'** આ વાક્યથી પૂર્વના ભાવમાં કહેવાયેલ આદિ અને અન્ત (અનેક જન્મ સંસિદ્ધ-નિરન્તર ઉદ્‌ગમયુક્તઃ એમ બે વિશેષણોનો અહીં સંગ્રહ-સમાવેશ કર્યો છે. **સ્વતન્ત્રાઃ** એમ કહ્યું હોવાથી મધ્યવિશેષણ (સંગાદિ ગુણ-દોષ વડે વૃદ્ધિ-ક્ષયયુત) ને આ ભાવમાંથી હટાવ્યું છે. તેથી કરીને અનેક જન્મોમાં આચરણથી સારી રીતે સિદ્ધ થયેલા, નિરન્તર ભાવના ઉદ્‌ગમવાળા, ગુણ-દોષો વડે થનાર વૃદ્ધિ-ક્ષયથી રહિત સ્વતંત્ર, એવા જે તે જીવો **'સિન્ધવઃ'** સમુદ્રમાં મળનારી મહાનદીઓ અને મહાનદોના સમાન કહેવાયા છે. તેમનો ભાવ મહાનદીના સમાન છે. તે જેમ જળ જોવામાં, સ્પર્શવામાં અને તેના પ્રત્યે સમીચીન વ્યવહાર વડે શુભ ફલ આપનારું હોય છે તેમજ પોતાના ઘરે વગેરે સ્થળે

લાવેલું પણ શુભ જ હોય છે, તેમ આ ભાવવાળાઓમાં રહેલા ગુણો પણ સ્વરૂપથી અને ફલથી ઉત્તમ હોય છે તેથી તેમનો સંગ કરવો જોઈએ એમ ભાવ છે ॥ ૧૩ ॥

શ્રીવલ્લભજી - **अतः परं शिष्टान् निरूपयन्तोष्टादशं भावमाहुः । एतादृशा पूर्वोक्तधर्मवन्तः प्रवाहमार्गीयाः स्वतन्त्राश्चेत् न केनचिद्वृद्धिं क्षयं वा प्राप्नुवन्ति, ते समुद्रपर्यन्तं समुद्रगप्रवहणशीलाः सिन्धवः महानद्यो नदा वा तद्रूपा ज्ञेयाः । यथा तादृश्यो नद्यः स्वयमप्रतिबद्धाः सत्यः समुद्रं प्रविशन्ति, तथा तादृशा भक्ता अपि स्वमार्गानुसारेण भगवन्तं प्राप्स्यन्तीति भावः।**

અર્થાત્ - (આભાસ) - હવે પછી બાકી રહેલા વકતાઓનું નિરૂપણ કરતાં અઢારમો ભાવ કહે છે - **(વ્યાખ્યાન)** - **'એતાદશાઃ'** આ પ્રકારના પૂર્વમાં કહેવાયેલા ધર્મવાળા પ્રવાહમાર્ગીયો (વૃદ્ધિ-ક્ષયરહિતઃ સ્વતંત્ર હોય કે જે કોઈથી વૃદ્ધિને યા ક્ષયને પ્રાપ્ત થતા ન હોય, તે લોકો સમુદ્ર પર્યન્ત-સમુદ્રમાં મળતા સુધી પ્રવાહ સ્વભાવની **'સિન્ધવઃ'** મહાનદીઓ અથવા નદોના સમાન-તદ્રૂપ જાણવા. જેમ તે પ્રકારની નદીઓ પોતે સ્વયં કોઈથી પણ રોકાયા વિનાની થઈને સમુદ્રમાં પ્રવેશે છે, તેમ તેવા ભાવવાળા ભકતો પણ પોતાના માર્ગ અનુસાર ભગવાનને પ્રાપ્ત કરી લેશે એમ ભાવ છે ॥ ૧૩ ॥

શ્રીબાલકૃષ્ણજી - **अष्टादशं भावमाहुः एतादृशा इति । एतादृशाः पूर्वोक्ताः स्वतन्त्राः श्रवणसङ्गाद्यपेक्षारहिता निरुपाधिकाः । स्वतन्त्रा एव भगवद्भजनपराः सिन्धवः समुद्रगामिनदीतुल्या इत्यर्थः । तेषां भावस्तज्जलतुल्य इत्यर्थः । यथैतज्जलं न वृष्ट्यादिजलसापेक्षं स्वतः समुद्रगामि, तथैतेषां भावोपि नान्यसापेक्षो दयासमुद्रं भगवन्तं प्रविशतीति भावः ।**

અઢારમા ભાવને કહે છે - **'એતાદશાઃ'** વગેરે વાક્યોથી. **એતાદશાઃ** એટલે પૂર્વભાવમાં કહેવાયેલા **સ્વતંત્રાઃ** એટલે શ્રવણ-સંગ વગેરેની અપેક્ષારહિત નિરુપાધિકો. જે સ્વતંત્રો છે તે જ ભગવદ્ ભજનમાં પરાયણ થયેલાઓ **સિન્ધવઃ** એટલે સમુદ્રમાં મળનારી નદી સમાન છે એમ અર્થ છે. તેમનો ભાવ તેવી નદીના જળ સમાન છે એમ અર્થ છે. જેમ તે જળ વૃષ્ટિ વગેરે જલની અપેક્ષા વિનાનું અને સ્વતઃ (કોઈ બીજી નદીમાં મળ્યા વિના) સમુદ્રમાં મળનારું હોય છે, તેમ આમનો ભાવ પણ કોઈ પણ બીજાની અપેક્ષા વિના દયાસમુદ્ર એવા ભગવાનમાં પ્રવેશે છે એમ ભાવ છે ॥ ૧૩ ॥

વિવરણ - શ્રુતિ અનુસાર **'सैन्धवीभ्यः'** એટલે કે મહાનદીઓ (અથવા નદ) કે જે બીજે ક્યાંય રોકાયા વિના સીધી સમુદ્રમાં મળતી હોય તે સમાનના ૧૮ મા ભાવવાળાઓને જણાવવામાં આવે છે. શ્રીપુરુષોત્તમજી આ સ્થળે જણાવે છે કે ૧૭ મા ભાવમાં કહેવાયેલ વિશેષણો પૈકી પહેલું અને છેલ્લું વિશેષણ અહીં ગ્રહણ કરવાનું છે એટલે કે **અનેકજન્મસંસિદ્ધ** અને **નિરન્તર ઉદ્‌ગમયુક્ત** એ બેનું અહીં ગ્રહણ કરવાનું છે અને વચલું **સંગ વગેરેથી થનાર ગુણદોષો થકી વૃદ્ધિ-ક્ષયયુત** એ વિશેષણ અહીં લેવાનું નથી. લગભગ થોડા શબ્દોના ફેરફારે પણ શ્રીકલ્યાણરાયજીની આ મુજબ જ સમ્મતિ છે.

વળી પાછા આ ભાવવાળાઓ સ્વતંત્ર એટલે કે વૃદ્ધિ-ક્ષય વિનાના, કામના વિનાના ઉપાધિ રહિત (શ્રવણ-સંગ વગેરેની અપેક્ષારહિત) નિરુપાધિક, લોકો ક્યાંય વચમાં રોકાયા વિના શ્રીભાગવત તૃતીયસ્કન્ધમાં શ્રીકપિલ વાકયમાં જણાવ્યા મુજબ **'मनोगतिरविच्छिन्ना यथा गङ्गाम्भसोऽम्बुधौ'** પર્વતની હારમાળ-ઊંચી-નીચી જગ્યાઓ મોટા-મોટા પત્થરો વગેરે વચમાં આવતા દરેક પ્રતિબન્ધોને પાર કરીને જેમ ગંગા સમુદ્રજલમાં પ્રવેશે છે તેમ આ ભાવવાળાઓ પણ ભગવાન સુધી પહોંચવામાં વચમા આવતા સર્વ પ્રતિબન્ધોને પાર કરી જઈ સીધા દયાસમુદ્ર એવા ભગવાનમાં પ્રવેશે છે. અહીં **વૃદ્ધિ રહિત** એટલે

સત્સંગથી ભાવમાં વૃદ્ધિ નથી થતી તેમ દોષ જાણવાનો નથી પણ તેઓ પોતે જ ભાવથી પરિપૂર્ણ હોય છે તેથી વૃદ્ધિ-વધવાનો પ્રશ્ન જ નથી રહેતો તેમ સમજવું. આવા ભાવવાળાઓ સાથે રહી શ્રવણ-સત્સંગ વગેરેથી તે કરનાર પણ જેમ ગંગામાં પડેલી કોઈ વસ્તુ અન્તે એ પણ સમુદ્રમાં જ મળે છે તેમ સંગ કરનારને પણ ભગવત્ પ્રવેશ રૂપ ઉત્તમ ફલ થયાય છે.

* * * * *

શ્લોક-૧૪

पूर्णा भगवदीया ये शेषव्यासाग्निमारुताः ॥ १४ ॥
जडनारदमैत्राद्यास्ते समुद्राः प्रकीर्तिताः ॥१४ $^{१}/_{२}$ ॥

અન્વય :- शेषव्यासाग्निमारुताः – શેષ (સનતકુમારોને ઉપદેશ આપનારા સંકર્ષણ), વ્યાસ (ભગવાનનો જ્ઞાનાવતાર બાદરાયણ વ્યાસ), અગ્નિ (અગ્નિપુરાણના વક્તા), મારુત (વાયુપુરાણના વક્તા), **जडनारदमैत्राद्याः** – જડ (રહુગણરાજાને ઉપદેશ આપનાર જડભરતજી), નારદ (જે પ્રસિદ્ધ છે, સનતકુમારના શિષ્ય અને પ્રાચીન બર્હિના ગુરુ), મૈત્ર (વિદુરને ઉપદેશ આપનારા મૈત્રેય) આદિ (શિવ) વગેરે, **ये** – જેઓ, **पूर्णाः** – પૂર્ણ, **भगवदीयाः** – ભગવદીયો છે, **ते** – તેઓ, **समुद्राः** – સમુદ્ર જલ સમાન, **प्रकीर्तिताः** – કહેલા છે ॥ ૧૪ $^{૧}/_{૨}$ ॥

શબ્દાર્થ - શેષ (સનતકુમારોને ઉપદેશ આપનારા સંકર્ષણ), વ્યાસ (ભગવાનનો જ્ઞાનાવતાર બાદરાયણ વ્યાસ), અગ્નિ (અગ્નિપુરાણના વક્તા), મારુત (વાયુપુરાણના વક્તા), જડ (રહુગણરાજાને ઉપદેશ આપનાર જડભરતજી), નારદ (જે પ્રસિદ્ધ છે, સનતકુમારના શિષ્ય અને પ્રાચીન-બર્હિના ગુરુ), મૈત્ર (વિદુરને ઉપદેશ આપનારા મૈત્રેય) આદિ (શિવ) વગેરે જેઓ પૂર્ણ ભગવદીયો છે તેઓ સમુદ્ર જલ સમાન કહેલા છે ॥ ૧૪ $^{૧}/_{૨}$ ॥

શ્રીકલ્યાણરાયજી - **एकोनविंशं भावमाहुः पूर्णा भगवदीया इति । ये भगवदीयाः भक्त्या सेवया पूर्णा ‘भगवदीयत्वेनैव परिसमाप्तसर्वार्थाः’ येषामात्मादिकं भगवदर्थमपेक्षितं नत्वात्माद्यर्थे भगवान् सेव्यस्ते समुद्राः रत्नाकरतुल्याः प्रकीर्तितास्तेषां भावस्तज्जलतुल्य इत्यर्थः । भगवदीयशब्दस्तु नामधेयस्य विकल्पेन वृद्धत्वाच्छेषार्थे छप्राप्तौ बहुलं छन्दसीति**

छसो विधानात् सिद्धः, पुराणप्रसिद्धोपि, वाचस्पत्यादिवल्लोके ज्ञेयः । तान् प्रसिद्धान् गणयन्ति शेषव्यासाग्निमारुता इति । जडनारदमैत्राद्या इति । शेषो भगवद्गुणपरः शय्यादिभावेन भगवन्तं सेवते विभूतिरूपश्च । 'अनन्तश्चास्मि नागाना'मिति वाक्यात् । व्यासः कलावतारः सदा भगवद्धर्मनिरूपणपरो यस्य पूर्णभगवद्धर्मनिरूपणेनात्मप्रसादः । अग्निर्भगवदास्यरूपाः स्वयमेव येषां सर्वांशे सर्वस्वरूपः कृष्ण एव। मारुतो हनुमान् श्रीरघुनाथतद्गुणतत्परः । जडो जडभरतो योन्तःपूर्णभावाद्बहिर्जड इव प्रतीयते । नारदः सदा पुरुषोत्तमगुणगानैकतानः । मैत्रो मैत्रेयः पराशरशिष्यो भगवद्धर्मवक्ता । आद्यपदादुद्धवादयः । समुद्रदृष्टान्तेन यथा चन्द्रदर्शनादब्धिरुत्तुङ्गतरलिततरङ्गो भवति, तथा भगवन्मुखचन्द्रदर्शनादेतेपि प्रवर्धमानभावा भवन्तीति भावः। अयमेव भावः कपिलदेवैरुक्तः 'सालोक्यसार्ष्टिसामीप्य-सारूप्यैकत्वमप्युत । दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जनाः। स एव भक्तियोगाख्य आत्यन्तिक उदाहृत' इति ॥ १४ ॥

અર્થાત્ - (આભાસ) - ઓગણિસમા ભાવને કહે છે - **'પૂર્ણા ભગવદીયાઃ'** વગેરે વાક્યોથી. જે ભગવદીયો ભક્તિ વડે-સેવા વડે પૂર્ણ છે **'ભગવદીયપણાથી જ જેમના બધા પુરુષાર્થો પરિસમાપ્ત થઈ ગયા છે'** (ભાગ.૫-૬-૧૭) જેમને આત્મા (શરીર-અંતઃકરણ-જીવાત્મા) વગેરે ભગવાનના અર્થે જ અપેક્ષિત છે, પોતાને અર્થે આ કંઈ પણ અપેક્ષિત નથી તેમજ ભગવાનની સેવા પણ ભગવાન અર્થે જ કરે છે, પોતાના કોઈ અર્થ માટે નહીં એવા વક્તાઓ **'સમુદ્રાઃ'** એટલે કે રત્નાકર-સમુદ્ર સમાન કહેવાયેલા છે, તેમનો ભાવ પણ તે જળ સમાન જ છે એમ અર્થ છે. ભગવદીય શબ્દમાં આવેલ ભગવત્ શબ્દ છે તે નામવાચી છે તેની વ્યાકરણ અનુસાર વિકલ્પે વૃદ્ધસંજ્ઞા થઈ **'છ'** પ્રાપ્ત થતાં **'बहुलं छन्दसी'**

સૂત્રાનુસાર **છસ્** પ્રત્યય થઈ **ઈય** આદેશ થઈ ભગવદીય શબ્દ બને છે, ભગવદીય શબ્દ પુરાણોમાં પણ પ્રસિદ્ધ છે, લોકમાં જેમ વાચસ્પતિ વગેરે શબ્દો બને છે તેમ અહી આ શબ્દમાં જાણવું. તે પ્રસિદ્ધ ભગવદીયોને ગણે છે - **'શેષ-વ્યાસ-અગ્નિ-મારુત** એમ. **'જડ-નારદ-મૈત્ર'** વગેરે એમ, **શેષ -** ભગવદ્ ગુણગાનમાં તત્પર રહે છે અને ભગવાનની શય્યા વગેરે રૂપે ભગવાનને સેવે છે અને તેઓ ભગવાનના વિભૂતિરૂપ છે. **'નાગોમાં હું અનન્ત છું'** (ગીતા. ૧૦.૨૮) એ વાક્યથી. **વ્યાસ -** ભગવાનની કલાના અવતાર છે અને તેઓ સદા ભગવદ્ધર્મનું નિરૂપણ કરવામાં પરાયણ રહે છે અને જેમને પૂર્ણ ભગવદ્ધર્મ નિરૂપણ કરવા વડે આત્મપ્રસાદ છે, **અગ્નિ-** ભગવાનના મુખારવિન્દરૂપ છે કે જેઓ સ્વયં શ્રીઆચાર્યચરણ જ છે કે જેઓ સર્વાંશે સર્વરૂપ કૃષ્ણ જ છે, **મારુત -** શ્રીહનુમાન છે કે જેઓ રઘુનાથ શ્રીરામચન્દ્રપ્રભુના ગુણગાનમાં પરાયણ રહે છે, **જડ-**એ જડભરતજી છે કે જેમના અન્દર પૂર્ણભાવની વ્યાપ્તિ થકી તેઓ બહાર જડ જેવા પ્રતીત થાય છે, **નારદ-** સદા પુરુષોત્તમના ગુણગાનમાં એકતાન બન્યા રહે છે, **મૈત્ર-** પરાશરના શિષ્ય મૈત્રેય છે અને તેઓ ભગવદ્ધર્મના વક્તા છે, **આદિ** પદથી ઉદ્ધવજી વગેરે જાણવા, અહીં સમુદ્રના દૃષ્ટાન્તથી એમ સમજવાનું છે કે જેમ ચન્દ્રનો ઉદય થતાં ચન્દ્રના દર્શનથી સમુદ્ર ગગનસ્પર્શી-ઊંચી મોટી-મોટી લહેરોના તરંગોવાળો થાય છે, તેમ ભગવાનના મુખચન્દ્રના દર્શન વડે આ ભગવદીયો પણ પ્રતિક્ષણ વધનારા ભાવવાળા થાય છે એમ ભાવ છે. આ જ ભાવને શ્રીકપિલદેવજીએ કહ્યો છે - **'સાલોક્ય-સાર્ષ્ટિ-સામીપ્ય-સારૂપ્ય-એકત્વ સ્વરૂપની મુક્તિ પણ જો પ્રેમી ભગવદીયોને આપવામાં આવે તો પણ તેનો તેઓ મારી સેવાથી અતિરિક્ત મુક્તિને સ્વીકારતા નથી, આ જ ભક્તિયોગ નામે પ્રસિદ્ધ આત્યન્તિ કહેવાયો છે'**(ભાગ.૩-૨૯-૧૩,૧૪) એમ. ॥ ૧૪ ॥

શ્રીપુરુષોત્તમજી - **अतः परं 'समुद्रियाभ्यः स्वाहे'ति श्रुतिमनुसृत्य तत उत्तममूनविंशं भावमाहुः पूर्णाइत्यादि ।**

पूर्णाः ज्ञानक्रियाभक्तिसाफल्ययुक्ताः भगवदीया भगवत्सम्बन्धिनः । भगवदीयशब्दो अव्युत्पन्नो वैडूर्यादिशब्दवद्रूढो ‘भगवदीयत्वेनैव परिसमाप्तसर्वार्थां’ इति श्रीभागवतपञ्चमस्कन्धे प्रयोगादवगन्तव्यः । य इति दुर्लभत्वं तेषां सूच्यते । तान् गणयन्ति शेषत्यादि । शेषः संकर्षणः सनत्कुमारोपदेष्टा । व्यासो भगवान् बादरायणः, भगवतो ज्ञानावतारः, समाधौ भगवत्स्वरूपं लीलां चानुभूय श्रीभागवमुक्तवान्, शुकं च पाठितवान् । अग्निरग्निपुराणवक्ता, मारुतो वायुपुराणवक्ता, जडो रहूगणोपदेष्टा, नारदः प्रसिद्ध एव, सनत्कुमार शिष्यः प्राचीनबर्हिर्गुरुः । मैत्रो मैत्रेयः विदुरोपदेष्टा, आदिपदेन शिवादिसङ्ग्रहः । ते समुद्राः प्रकीर्तितास्तेषां भावः समुद्रजलतुल्यः। समुद्रजलं यथातिगम्भीरं अक्षोभ्यं रत्नानामाकरभूतं तथा तेषां भावोप्यत्यन्तगम्भीरोऽक्षोभ्यो नानाविधभावाकरश्चेति तन्निष्ठा गुणा अपि तथेति तादृशां संगः सेवा च स्वरूपतः फलतश्चोत्तमेति सा कार्येत्यर्थः ॥ १४ ॥

અર્થાત્ - (આભાસ) - હવે પછી **‘સમુદ્રિયાભ્યઃ સ્વાહા’** એ શ્રુતિને અનુસરીને પૂર્વ કરતાં ઉત્તમ એવા ઓગણિસમા ભાવને કહે છે **‘પૂર્ણાઃ’** વગેરે વાક્યોથી. **(વ્યાખ્યાન) - ‘પૂર્ણાઃ’** એટલે જ્ઞાન-ક્રિયા-ભક્તિમાં સફલ-ફલ પ્રાપ્ત કરી ચુકેલા **‘ભગવદીયાઃ’** ભગવાનના સમ્બન્ધવાળા, ભગવદીય શબ્દની સંસ્કૃત વ્યાકરણમાં કોઈ વ્યુત્પત્તિ નથી તેથી તે વૈડૂર્ય વગેરે શબ્દોની માફક રૂઢ **‘ભગવદીયપણાએ જ જેમના સર્વ પુરુષાર્થો પરિસમાપ્ત છે’** (ભાગ.૫-૬-૧૭) એમ શ્રીભાગવત પંચમ સ્કન્ધમાં કરાયેલા પ્રયોગથી જાણવું. **‘યઃ જે-** એમ કહી તેમની દુર્લભતા સૂચિત કરી છે, તે બધાને ગણે છે - **‘શેષ’** વગેરે વાક્યોથી. **શેષ** - સંકર્ષણ છે કે જેઓ સનત્કુમારોને ઉપદેશ આપનારા છે, **વ્યાસ** - ભગવાન્

બાદરાયણ કે જેઓ ભગવાનની જ્ઞાન કલાના અવતાર છે તેમજ જેમણે સમાપ્તિમાં ભગવાનનું સ્વરૂપ અને લીલાને અનુભવીને શ્રીભાગવત કહ્યું અને તે શુકદેવજીને ભણાવ્યું, **અગ્નિ**-અગ્નિ પુરાણના વક્તા છે, **મારુત** - વાયુપુરાણના વક્તા છે, **જડ-જડભરતજી**-રહૂગણને ઉપદેશ કરનારા છે, **નારદ-** પ્રસિદ્ધ જ છે, તેઓ સનત્કુમારોના શિષ્ય અને પ્રાચીનબર્હિના ગુરુ છે, **મૈત્ર-** મૈત્રેય કે જેઓ વિદુરને ઉપદેશ કરનારા છે, **આદિ**-પદથી શિવ વગેરે જાણવા. તે બધા સમુદ્ર (સમાન) કહેવાયા છે અને તેમનો ભાવ પણ સમુદ્ર જલ સમાન છે. જેમ સમુદ્રનું જલ અતિગંભીર-ક્ષોભ નહીં પામનારું - રત્નોની ખાણ બનેલું હોય છે તેમ તેમનો ભાવ પણ અત્યન્ત ગંભીર-ક્ષોભ નહીં પામનારો તેમજ અનેકવિધ ભાવોની ખાણ જેવો હોય છે તેથી તેમનામાં નિતરાં સ્થિતિ કરીને રહેલા ગુણો પણ તે પ્રકારના જ હોય છે, તેથી તેમનો સંગ-તેમની સેવા સ્વરૂપથી અને ફલથી ઉત્તમ હોય છે તેથી તેમની સેવા કરવી એમ અર્થ છે ॥ ૧૪ ॥

શ્રીવલ્લભજી - **अतः परं केवलं भगवद्धर्मैकपूर्णान् निरूपयन्त एकोनविंशं भावमाहुः पूर्णा इति । एते सर्वे भगवदीयाः भगवद्धर्मैकनिष्ठाः ज्ञातारो वक्तारश्च सर्वदा तदेकरसपूर्णाः, न तु कदाचिदपि न्यूनभावयुताः शेषादयः । तत्र शेषो गुणगानपरः सर्वदा भगवद्धर्मवक्ता । व्यासः सकलपुराणकर्ता, तद्द्वारा समस्तधर्मवक्ता । अग्निः स्वयमेव । अयं भावः । श्रीमदाचार्यस्वरूपे अंशद्वयमस्ति, मर्यादामार्गोपदेष्टृत्वं पुष्टिमार्गोपदेष्टृत्वं च । तेन स्वरूपमपि द्विविधम् ।एवं सति मर्यादामार्गीयान् प्रति तादृग्रूपस्यैव प्राकट्यं भवति, न त्वलौकिकस्य वल्लभाष्टकसर्वोत्तमाद्युक्तस्येति तादृशस्य तन्मध्यपातित्वेन गणना कृता, अत एव ‘व्यासोस्माकं गुरु’रित्युक्तम्। अन्यथा पुष्टिमार्गगुरवस्तु स्वामिन्य इति तद्भावात्मकभगवन्मुखारविन्दाधिष्ठा-**

त्रलौकिकाग्निरूपस्य स्वस्य व्यासगुरुत्वं न संभवतीति न तथोक्तं स्यात् । एवं सति शेषादिमध्यपातित्वेन भगवद्गुणनिरूपण-साम्याद्युक्तैव गणनेति सर्वमनवद्यम् । केचित्त्वग्निः रुद्राग्निरिति वदन्ति । रुद्रस्य भक्तत्वात् । मारुतो हनूमान् परमभक्तः । जडो जडभरतः । नारदः पञ्चरात्रागमप्रवर्तकः । मैत्रो मैत्रेयो धर्मवक्ता। एते सर्वे मर्यादामार्गीया भक्ता गुणज्ञाः, न तु स्वरूपनिष्ठैकभावा इति समुद्ररूपाः प्रकीर्तिताः । समुद्रो यथा स्वमर्यादायामेव तिष्ठति, तथैतेपीति भावः । अत्र समुद्रोपि शुद्धोदो ज्ञेयः । अन्यानग्रे वक्ष्यन्तीति । किञ्च, एतेषु सामान्यतः समुद्रदृष्टान्त उक्तो, न तु कश्चन गुणदोषविशिष्टो धर्मस्तस्योक्त इति प्रवाहमार्गाद्भिन्नत्वं पूर्णत्वागाधत्वादयो धर्माश्च सूचिताः । यथा समुद्रमध्ये रत्नानि सारभूतानि, तथैतेषां हृदयेषु भगवद्धर्मा इति भावः ॥ १४ ॥

અર્થાત્ - (આભાસ) - હવે પછી કેવલ ભગવદ્ધર્મથી જ પૂર્ણ એવાઓનું નિરૂપણ કરતાં ઓગણિસમા ભાવને કહે છે **'પૂર્ણાઃ'** વગેરે વાક્યોથી. **(વ્યાખ્યાન)** - આ બધા ભગવદીયો એકમાત્ર ભગવદ્ધર્મમાં જ નિતરાં સ્થિતિ કરેલા-ભગવદ્ધર્મને જાણનારા અને ભગવદ્ધર્મને કહેનારા તેમજ એકમાત્ર ભગવદ્ધર્મ રસથી જ પૂર્ણ હોય છે, નહીં કે ક્યારેય તેઓ ન્યૂનભાવવાળા હોય છે, જેમ શેષ વગેરે. તે ભગવદીયોમાં **શેષ**-ગુણગાનમાં પરાયણ રહેનારા સર્વદા ભગવદ્ધર્મને કહેનારા છે, **વ્યાસ**-સકલ પુરાણોના કર્તા અને તે દ્વારા સમસ્ત ધર્મને કહેનારા, **અગ્નિ**-(શ્રીઆચાર્યચરણ) પોતે જ છે, અહીં આમ ભાવ છે, ક્ષીમદ્આચાર્યચરણના સ્વરૂપમાં બે અંશ છે, મર્યાદામાર્ગનો ઉપદેશ કરનારા અને પુષ્ટિમાર્ગનો ઉપદેશ કરનારા, તેથી કરીને આપશ્રીનું સ્વરૂપ પણ બે પ્રકારનું છે. એમ હોતાં મર્યાદામાર્ગીઓ પ્રતિ તે પ્રકારના રૂપનું જ પ્રાકટચ થાય છે, નહીં કે અલૌકિકનું કે જે વલ્લભાષ્ટક-સર્વોત્તમ સ્તોત્ર વગેરેમાં કહેવાયેલા સ્વરૂપનું પ્રાકટચ થાય છે, તેથી મર્યાદામાર્ગીયરૂપ તે મર્યાદામાર્ગીઓના વચમાં જ રહેલું હોવાથી અહીં મર્યાદામાર્ગીઓમાં ગણના કરી છે, તેથી જ તો શ્રીઆચાર્યચરણે કહ્યું છે કે **'વ્યાસ અમારા ગુરુ છે'**, નહીંતર પુષ્ટિમાર્ગના ગુરુઓ તો સ્વામિનીઓ-શ્રીગોપીજનો છે તેથી તે ભાવસ્વરૂપ અલૌકિક ભગવન્મુખારવિન્દના અધિષ્ઠાત્રિ અલૌકિક અગ્નિ રૂપનું-પોતાનું વ્યાસનું ગુરુપણું સંભવતું નથી તેથી પુષ્ટિમાર્ગ પ્રકારે વ્યાસનું ગુરુત્વ નથી કહ્યું. એમ હોતાં શેષ વગેરેના વચમાં ભગવદ્ ગુણ નિરૂપણ કરવાની સમાનતાથી જ એમ કહ્યું છે. અહીં ગણના કરી છે તેથી અહીં કંઈ પણ અનુચિત નથી. કેટલાક લોકો તો અગ્નિ એટલે રુદ્રાગ્નિ એમ કહે છે કારણ કે રુદ્ર ભક્ત હોવાથી. **મારુત** - હનૂમાન-પરમભક્ત, **જડ**-જડભરત, **નારદ**-પંચરાત્ર આગમના પ્રવર્તક, **મૈત્ર** - મૈત્રેય -ધર્મના વક્તા. આ બધા જ મર્યાદામાર્ગીય ભક્તો છે અને ફક્ત ભગવાનના ગુણોને જાણનારા છે, નહીં કે એકમાત્ર સ્વરૂપમાં જ નિતરાં સ્થિતિના ભાવવાળા છે તેથી આમને સમુદ્રરૂપે કહ્યા છે. સમુદ્ર જેમ પોતાની મર્યાદામાં જ રહે છે, તેમ આમનો ભાવ પણ તેવો જ હોય છે, અહીં સમુદ્રમાં પણ શુદ્ધોદ-મીઠા જળનો સમજવો. બીજાઓનું કથન આગળ કહેવામાં આવશે. વળી આ બધામાં સમુદ્રનું દૃષ્ટાંત કહ્યું છે, કોઈ ગુણદોષથી વિશિષ્ટ ધર્મ તેમનો કહ્યો નથી તેથી આ લોકોનું પ્રવાહમાર્ગથી જુદાપણું-પૂર્ણપણું - અગાધપણું વગેરે ધર્મો સૂચિત કર્યા છે. જેમ સમુદ્રના મધ્યમાં રત્નો સારરૂપ રહેલા હોય છે, તેમ આ લોકોના હૃદયમાં પણ સારરૂપે ભગવદ્ધર્મ રહેલો હોય છે એમ ભાવ છે ॥ ૧૪॥

શ્રીબાલકૃષ્ણજી - **एकोनविंशं भावमाहुः पूर्णा भगवदीया इति । ये पूर्णा भगवदीया भगवत्तोषं विना नान्यं जानन्ति, येषां सेवयैव तापापगमः, भगवदाज्ञाकारिणस्ते समुद्राः प्रकीर्तिताः कथिता इत्यर्थः । तेषां भावो रत्नाकरतुल्य इत्यर्थः । तानेव वर्णयन्ति शेषव्यासाग्निमारुताः इति । शेषो भगवत्सेवापरः स्वसुखादिकमविचार्य शय्यादिभावेन भगवन्तं सेवते, तेनैव**

चात्मसुखं मन्यते । व्यासः कलावतारः सर्वोद्धारार्थं भगवद्गुणनिरूपणपरः, यस्य साक्षात् समाधिलब्धभगवद्दर्शनानन्तरं भक्तिशास्त्रनिरूपणेनात्मप्रसादः । अग्निर्महादेवो यः सर्वविरुद्धमोहशास्त्रमपि सृष्ट्याद्यर्थं भगवदाज्ञया स्वस्य तदीयत्वेन कृतवान् । अत एव 'वैष्णवानां यथा शम्भुः' इति श्रीभागवते । अत्र महादेवस्य नाम विहायाष्टमूर्तिस्थाग्नित्वकथनेन मोहशास्त्रकरणे जयापदहकत्वमुक्तम् । मारुतो हनुमान् श्रीकोशलेन्द्रचरणसेवनपरः । जडो जडभरतः भगवल्लग्नमानसत्वाज्जडवत् तिष्ठति । नारदः सदा भगवद्गुणगानेन भगवतोप्यानन्दजनकः । अत एव श्रुतिः 'यदा खलु वै पुरुषः श्रियमश्नुते तदा वीणाऽस्मै वाद्यत' इति । मैत्रो मैत्रेयः पराशरशिष्यो भगवद्धर्मवक्ता । आद्यपदात् प्रह्लाददयः । तेषां भावो समुद्रतुल्यः रत्नाकरतुल्य इत्यर्थः । यथा समुद्रोन्तः रत्नमयस्तथा चैतेप्यन्तर्भावयुक्ताः, अत एव कपिलैरुक्तं 'भक्तियोगो बहुविधो मार्गैर्भामिनि भाव्यते' इति ।

અર્થાત્ - (આભાસ) - ઓગણિસમા ભાવને કહે છે - **'પૂર્ણા ભગવદીયા'** વગેરે વાક્યોથી. **(વ્યાખ્યાન) -** જે લોકો પૂર્ણ ભગવદીય છે તે લોકો જેમાં ભગવત્ સંતોષ છે તેથી અલગ બીજું કંઈ જાણતા નથી, જેમનો સેવા વડે જ તાપ દૂર થાય છે અને તેઓ ભગવાનની આજ્ઞા મુજબ જ વર્તનારા હોય છે આવા લોકો સમુદ્ર કહેવાયા છે એમ અર્થ છે. તેમનો ભાવ રત્નની ખાણ એવા સમુદ્ર જેવો હોય છે એમ અર્થ છે. તેવા લોકોને જ વર્ણવે છે - **'શેષ-વ્યાસ-અગ્નિ-મારુત'** વગેરે વાક્યોથી. **શેષ-** ભગવત્સેવામાં પરાયણ પોતાના સુખને નહીં વિચારી શય્યા વગેરે ભાવે (બની) ભગવાનને સેવે છે, તેનાથી જ પોતાનું સુખ માને છે. **વ્યાસ -** જ્ઞાનકલાવતાર છે અને સર્વના ઉદ્ધાર અર્થે ભગવદ્ગુણોનું નિરૂપણ કરવામાં

પરાયણ છે, જેમને સાક્ષાત્ સમાધિમાં લબ્ધ ભગવદ્ દર્શનના અનન્તર ભક્તિશાસ્ત્રના નિરૂપણ વડે આત્મપ્રસાદ થયેલો છે. **અગ્નિ-**મહાદેવ છે જે સર્વ શાસ્ત્રવિરુદ્ધ એવા મોહશાસ્ત્ર (માયાવાદ)નું પણ સૃષ્ટિને આગળ ચલાવવા વગેરે અર્થે પોતે તદીય-ભગવદીય-તેમના જ હોવાથી ભગવદાજ્ઞા થકી નિર્માણ કર્યું. તેથી જ **'વૈષ્ણવોમાં જેમ શંભુ છે'** (ભાગ.૧૨-૧૩-૧૬) એમ શ્રીભાગવતમાં કહ્યું છે. અહીં મહાદેવ નામ ન કહીને મહાદેવજી દ્વારા સ્થાપિત આઠ મૂર્તિઓ પૈકી અગ્નિ નામ કહ્યું હોવાથી મહાદેવજીએ મોહશાસ્ત્ર કે જે ભગવાનથી વિમુખ કરનાર છે તેવા શાસ્ત્રનું નિર્માણ કર્યું હોવાથી એમની જ ઉત્પન્ન કરેલી જયા નામની માતૃકા દ્વારા એમની અવગણના કરવામાં આવી હતી તે જણાવ્યું છે. **મારુત** - હનૂમાન્ કે જેઓ કોશલેન્દ્ર શ્રીરામના ચરણની સેવામાં પરાયણ રહે છે. **જડ-**ભરત કે જેઓ ભગવાનમાં જ સંલગ્ન મનવાળા હોવાથી જડ જેવા રહે છે. **નારદ-**સદા ભગવદ્ ગુણગાન વડે ભગવાનને પણ આનન્દ આપનારા છે, તેથી જ શ્રુતિમાં **'નિશ્ચય કરીને જ્યારે પુરુષ શ્રીનો ભોગ કરે છે ત્યારે એના માટે વીણા વગાડાય છે. મૈત્ર** - મૈત્રેય પરાશર ઋષિના શિષ્ય અને ભગવદ્ધર્મના વક્તા છે. **'આદ્ય'** પદથી પ્રહ્લાદ વગેરે સમજવા. તે બધાના ભાવો સમુદ્ર સમાન રત્નોની ખાણ સમાન છે એમ અર્થ છે. જેમ સમુદ્ર અન્દરથી રત્નમય છે તેમ આ લોકો પણ અન્તઃ ભાવયુક્ત છે. તેથી જ કપિલદેવજીએ કહ્યું છે - **'હે માતા દેવહૂતિ ! અનેક પ્રકારના ભાવવાળા લોકો અનુસાર ભક્તિયોગ પણ અનેક પ્રકારનો ભાવિત થાય છે'** (ભાગ. ૩-૨૯-૭) એમ. ॥ ૧૪ ॥

વિવરણ - હવે અહીં ઓગણિસમા ભાવમાં સમુદ્રના દૃષ્ટાન્તથી પૂર્વમાં કહેવાયેલા ભાવોથી ઉત્તમ એવા વક્તાઓને જણાવવામાં આવે છે. અહીં સમુદ્રના દૃષ્ટાન્તે ૭ ભગવદીયો ૧-શેષ, ૨-વ્યાસ, ૩-અગ્નિ, ૪ -વાયુ, ૫-જડ, ૬-નારદ, ૭-મૈત્રેય ના નામો ગણાવ્યા છે અને આથી આગળના શ્લોકમાં છ સમુદ્રો ખારા-ખાટા વગેરે (અને સાતમો શુદ્ધોદ) જણાવ્યા છે, તેથી એમ નથી માનવાનું કે આગળના શ્લોકમાં જણાવેલા

છ ભાવો અને સાતમા શુદ્ધોદ તે સાત આ શ્લોકમાં નામથી ગણાવ્યા છે. એમ અર્થ કરતાં શેષ એ ક્ષારોદ, વ્યાસ એ દધિમંડોદ અને અગ્નિ (ભગવન્મુખરૂપ) સુરોદ સમાન ભાવવાળા છે તેમ કહેવું પડશે જે ઘણો અનર્થ છે, તેથી તે ક્ષારોદ વગેરે છથી અલગ આ સાત છે અને આ બધાનો સમાવેશ શુદ્ધોદ-શુદ્ધ જળના સમુદ્ર સમાન ગણવો.

આ ગ્રન્થના ટીકાકાર શ્રીવલ્લભજીના જણાવ્યા અનુસાર **‘एते सर्वे मर्यादामार्गीया भक्ताः गुणज्ञाः, न तु स्वरूपनिष्ठैकभावा इति समुद्ररूपाः प्रकीर्तिताः । समुद्रो यथा स्वमर्यादायामेव तिष्ठति, तथा एतेपि इति भावः’** અર્થાત્ - આ બધા મર્યાદામાર્ગીય ભક્તો ભગવાનના ગુણોને જાણનારા છે, નહીં કે સ્વરૂપમાં જ એકમાત્ર નિષ્ઠાના ભાવવાળા છે તેથી તેમને સમુદ્રરૂપ કહ્યા છે. જેમ સમુદ્ર પોતાની મર્યાદામાં જ રહે છે તેમ આમનો પણ ભાવ તેમજ હોય છે. અહીં જે આ બધાને માટે મર્યાદામાર્ગીય કહ્યું છે તે જેને શ્રીપ્રભુચરણે ભક્તિહંસગ્રન્થમાં **‘भक्तिमार्गीय भक्तकृतभक्तिसाम्प्रदायिकदीक्षापूर्वकमोक्षसाधनत्वेन क्रियमाणः श्रवणादिः प्रावाहिकी भक्तिरुच्यते’** અર્થાત્ - (મર્યાદા) ભક્તિમાર્ગીય ભક્ત દ્વારા પ્રવર્તિત ભક્તિ સમ્પ્રદાયની દીક્ષા કરીને મોક્ષ પ્રાપ્તિના સાધનરૂપમાં કરાતાં શ્રવણ વગેરે પ્રાવાહિકી ભક્તિ કહેવાય છે. આમાં જે ભક્તિસમ્પ્રદાય પ્રવર્તક ભક્તો કહ્યા છે તે સમજવા.

અહીં શેષ, વ્યાસ, અગ્નિ, વાયુ, જડભરત, નારદ, મૈત્રેય વગેરે (વગેરેથી ઉદ્ધવ, શિવ, પ્રહ્લાદ વગેરે) આ બધાને માત્ર ભગવદીયો જ નહીં પણ પૂર્ણ ભગવદીય શબ્દથી શ્રીઆચાર્યચરણ જણાવે છે. ભગવદીય એટલે ભગવાનના સમ્બન્ધવાળા અથવા ભગવાનના ભક્તો. ત્યારે આગળ પૂર્ણ શબ્દ લાગતાં પૂર્ણ ભગવત્સંબન્ધવાળા અથવા પૂર્ણભક્તો એમ અર્થ થાય છે. ત્યારે સમ્બન્ધ યા ભક્તપણામાં પૂર્ણતા એટલે શું ? તેને વિચારીએ તો આ બાબતમાં શ્રીકલ્યાણરાયજી લખે છે - **‘જે ભગવદીયો ભક્તિ વડે એટલે કે સેવા વડે પૂર્ણ છે, ભગવદીયપણાએ જ જેમના સર્વ પુરુષાર્થો**

પૂર્ણ થયેલા છે જેમને પોતાનો આત્મા વગેરે પણ ભગવાનને અર્થે જ અપેક્ષિત છે, નહીં કે પોતાના અર્થે તેમને માટે ભગવાન સેવ્ય છે તેવા શ્રીપુરુષોત્તમજી લખે છે - **પૂર્ણ એટલે જ્ઞાન-ક્રિયા-ભક્તિમાં સફળ થયેલા ભગવદીય એટલે ભગવત્સંબન્ધવાળા ભગવદીયપણાએ જ જેમના સર્વ પુરુષાર્થો પૂર્ણ થયેલા છે એ ભાગવતમાં કહ્યા અનુસારના** શ્રીવલ્લભજી લખે છે - **આ બધા જાણનારા, ભગવદ્ધર્મમાં જ એકમાત્ર નિતરાં સ્થિતિવાળા ભગવદ્ધર્મને જાણનારા, ભગવદ્ધર્મના વક્તા-કહેનારા અને તેમાં જ એકમાત્ર રસપૂર્ણ રહેનારા છે, તેઓ ક્યારેય પણ તેથી ન્યૂન ભાવવાળા હોતા નથી** શ્રીબાલકૃષ્ણજી (લાલૂ ભટ્ટજી) લખે છે - **તેઓ ભગવાનને જેથી સંતોષ થાય તેથી અલગ બીજું કંઈ જાણતા નથી. જેમનો તાપ એવા વડે દૂર થાય છે અને તેઓ સદૈવ ભગવાનની આજ્ઞા મુજબ જ બધું કરનારા હોય છે.**

આ ચારે ટીકાકારોના અભિપ્રાયોને સાથે રાખીને વિચારતાં (૧) જેમને બધું જ ભગવાનને-ભગવાનની સેવાને અર્થે જ અપેક્ષિત છે, તે સિવાયનું તેમને કંઈ પણ-પોતાનો આત્મા પણ પોતાના અર્થે અપેક્ષિત નથી (૨) ભગવત્સમ્બન્ધે જ્ઞાન-ક્રિયા-ભક્તિ ત્રણેમાં સફલ થયેલા એટલે કે નૈષ્કર્મ્યપૂર્વક અચ્યુત ભાવવાળા, **‘कर्माप्येकं तस्य देवस्य सेवा’** મુજબ તેમના જીવનની કોઈ પણ કૃતિ-ક્રિયા ભગવત્સેવા સ્વરૂપની જ હોય તેવા તથા માત્ર ભગવાનમાં જ ચિત્તવાળા (૩) એકમાત્ર ભગવદ્ધર્મમાં જ નિષ્ઠાવાળા, ભગવદ્ધર્મને જાણનારા, ભગવદ્ધર્મને જ કહેનારા વક્તા તથા તેમાં જ રસપૂર્ણ રહેનારા, (૪) ભગવાનને જેથી સંતોષ થાય તેને સારી રીતે જાણનારા, ભગવત્સેવા માટે તાપવાળા તથા સેવાથી જ માત્ર જેમનો તાપ નિવૃત્ત થાય છે તેવા તથા ભગવાનની આજ્ઞા અનુસાર જ સદૈવ સર્વ કરનારા. આ બધા લક્ષણો **પૂર્ણ ભગવદીયો** માટે કહેવાયેલા છે. એટલે કે આ લક્ષણોવાળાઓ પૂર્ણ ભગવત્સમ્બન્ધવાળા હોય છે.

ઉપર જણાવેલ ભગવદીયોમાં **અગ્નિ**ને પણ ગણવામાં આવ્યા છે

અને શ્રીકલ્યાણરાયજી ટીકામાં જણાવે છે કે - **‘अग्निर्भगवदास्यरूपाः येषां सर्वांशे सर्वस्वरूपः कृष्ण एव’** તથા શ્રીવલ્લભજી ટીકામાં લખે છે- **‘अग्निः स्वयमेव’** આમ આ બન્ને ટીકાકારોના મતે અગ્નિ એટલે સ્વયં ભગવન્મુખાવતાર શ્રીવલ્લભાચાર્યજી છે. આ બાબતમાં સામે આવતા પ્રશ્નો અને તેનું નિરાકરણ અમે **જલભેદપૂર્વપીઠિકા**માં આપી ચુકયા છીએ તેથી એનું અહીં પુનરાવર્તન કરવામાં આવતું નથી તે જિજ્ઞાસુજનોએ ત્યાંથી જોઇ લેવું.

* * * * *

શ્લોક – ૧૫

लोकवेदगुणैर्मिश्रभावेनैके हरेर्गुणान् ॥ १५ ॥
वर्णयन्ति समुद्रास्ते क्षाराद्याः षट्प्रकीर्तिताः ॥१५ $^{१}/_{२}$ ॥

અન્વય : एके – કેટલાક, **लोकवेदगुणैः** – લોક-વેદ અને ગુણોના, **मिश्रभावेन** – મિશ્રભાવે, **हरेः** – શ્રીહરિના, **गुणान्** – ગુણોને, **वर्णयन्ति** – વર્ણવે છે, **ते** – તેઓ, **क्षाराद्याः** – ખારો વગેરે (૧-ક્ષારોદ (ખારો), ૨-દધિમંડોદ (મઠાનો ખાટો), ૩-સુરોદ (માદક), ૪-ધૃતોદ (ઘીનો), ૫-ઈક્ષુરસોદ (શેરડીના રસનો), ૬- ક્ષીરોદ (દૂધનો), **षट्** – (ઉપર જણાવેલ) છ, **समुद्राः** – સમુદ્રો, **प्रकीर्तिताः** – કહેલા છે ॥ **૧૫ $^{૧}/_{૨}$** ॥

શબ્દાર્થ - કેટલાક લોક-વેદ અને ગુણોના મિશ્રભાવે શ્રીહરિના ગુણોને વર્ણવે છે તેઓ ખારો વગેરે (૧-ક્ષારોદ (ખારો), ૨-દધિમંડોદ (મઠાનો ખાટો), ૩-સુરોદ (માદક), ૪-ધૃતોદ (ઘીનો), ૫-ઈક્ષુરસોદ (શેરડીના રસનો), ૬- ક્ષીરોદ (દૂધનો), (ઉપર જણાવેલ) છ સમુદ્રો કહેલા છે ॥ **૧૫ $^{૧}/_{૨}$** ॥

શ્રીકલ્યાણરાયજી - **पूर्णभावान् स्वरूपज्ञानभेदेन विलक्षणान्निरूपयन्ति लोकवेदगुणैरिति । एके लोकमिश्रभावेन । एके वेदमिश्रभावेन । एके गुणैर्मिश्रभावेन हरिगुणान् वर्णयन्ति । ते क्रमेणोच्यन्ते । रामकृष्णादयो मनुष्या एव, परं बलादिनाधिका इति ज्ञात्वैके हरेर्गुणान् वर्णयन्ति । ते क्षारसमुद्रतुल्यास्तेषां भावस्तु तज्जलतुल्य इत्यर्थः । यथा क्षारजलं न तृषादिनिवर्तकं न वा तृप्तिसुखकारि तथैतेषां भावोपीति भावः । एके तू‘द्धृतासि वराहेण कृष्णेन शतबाहुना’ इत्यादिना वेदे भूम्युद्धारादेः कृष्णकर्तृकत्वेन निरूपणात् जगत्कर्तैव विविधशरीरेषु आविश्य कार्यं कृत्वा तानि त्यजतीति ज्ञात्वा हरेर्गुणान् वर्णयन्ति । ते**

दधिमण्डोदतुल्यास्तेषां भावस्तज्जलतुल्य इत्यर्थः । यथा दधिमण्डस्यासारत्वान्न पुष्टिहेतुत्वम् । तथैतेषां भावस्यापीति भावः। मायागुणैर्विना भगवतः कर्तृत्वाभावात्तद्गुणैरेव भगवान् सर्वं करोतीति ज्ञात्वा हरेर्गुणान् ये वर्णयन्ति ते सुरोदतुल्यास्तेषां भावः सुरातुल्य इत्यर्थः। यथा सुरायाः स्वरूपविस्मारकत्वं दोषजनकत्वं तथैतद्भावस्यापीति भावः । भगवान् सर्वेश्वरः सर्वं कर्तुं समर्थ इति ज्ञात्वा ये हरेर्गुणान् वर्णयन्ति ते क्षीरोदतुल्यास्तेषां भावः क्षीरतुल्य इत्यर्थः । यथा क्षीरं स्वादु मधुरं पुष्टिजनकं तथायं भावोपीति भावः। भगवान् महावीर्यः स्वभक्तानपि वीर्यवतः करोतीति ज्ञात्वा ये हरेर्गुणान्वर्णयन्ति ते घृतोदतुल्यास्तेषां भावो घृततुल्य इत्यर्थः । यथा घृतं वीर्यहेतुस्तथायं भावोपीति भावः । 'तं यथा यथोपासत'इतिश्रुतेः भगवान् लक्ष्मीकलत्रः सेवितो भुक्तिं मुक्तिं च यच्छतीति ज्ञात्वा ये हरेर्गुणान्वर्णयन्ति ते त्विक्षुरसोदतुल्यास्तेषां भाव इक्षुरसतुल्य इत्यर्थः । यथेक्षुरसो मधुरोन्तस्तापनिवर्तकस्तथायं भावोपीति भावः । 'यशःस्वानुद्धरेत् कृष्णो यादृशांस्तादृशानपि । सर्वथा शरणं यातानतः सेव्यः स एव ही'ति ज्ञात्वा ये हरेगुर्णान्वर्णयन्ति ते शुद्धोदतुल्यास्तेषां भावः शुद्धोदकतुल्य इत्यर्थः । यथा शुद्धोदकं तापनिवृत्तिनैर्मल्य-तृप्त्यादिहेतुस्तथायं भावोपीति । भगवान् चिद्रूपो ज्ञानपूर्णो ज्ञानगम्यः सर्वसमो मोक्षार्थं सेव्य इति ज्ञात्वा ये हरेर्गुणान्वर्णयन्ति ते दधिमण्डोदतुल्यास्तेषां भावो दधिमण्डतुल्य इत्यर्थः । भगवान् वैराग्यपूर्णो न किञ्चिदपेक्षते गृह्णाति वा सर्वैः पावित्र्यार्थं विहितत्वात्सर्वं समर्प्यते स्तूयते चेति ज्ञात्वा ये हरेर्गुणान्वर्णयन्ति ते क्षारोदतुल्यास्तेषां भावः क्षारजलतुल्यो, भगवद्वैराग्यस्य भिन्नरूपत्वादिति भावः । केवलसमुद्रदृष्टान्ते क्षारोदः शुद्धोदो वा

ज्ञेयः ॥ १५ ॥

(આભાસ) - પૂર્ણ ભાવવાળાઓને સ્વરૂપજ્ઞાનના ભેદ વડે એકબીજાથી વિલક્ષણ એવાઓનું નિરૂપણ કરે છે - **'લોકવેદગુણૈઃ'** વગેરે વાક્યોથી. **(વ્યાખ્યાન)** - એક પ્રકારના લોકો લોકમિશ્રભાવવડે, બીજા પ્રકારના લોકો વેદમિશ્રભાવવડે, ત્રીજા પ્રકારના લોકો ગુણો વડે મિશ્રભાવ વડે હરિના ગુણોનું વર્ણન કરે છે, તે અહીં અનુક્રમે કહેવામાં આવે છે. રામ-કૃષ્ણ વગેરે મનુષ્યો જ છે, પરંતુ બળ વગેરેથી બીજાથી અધિક છે એમ જાણી લોકમિશ્રભાવવાળાઓ હરિના ગુણોનું વર્ણન કરે છે, તે લોકો ખારા પાણીના સમુદ્ર સમાન છે અને તેમનો ભાવ તેવા જળ સમાન છે એમ અર્થ છે. જેમ ખારું પાણી તરસ વગેરે મટાડી શકતું નથી, ન તો તેનાથી તૃપ્તિ યા સુખ થાય છે તેમ આમનો ભાવ પણ તેવો જ જાણવો. બીજા કેટલાક લોકો તો વેદમિશ્રભાવવાળાઓ **'અનેક બાહુઓવાળા વરાહરૂપ કૃષ્ણ દ્વારા (પૃથ્વી) ઉદ્ધૃત થયેલી છે'** (મહા. નારા. ઉપ.૪-૫) વગેરે વાક્યો વડે વેદમાં ભૂમિનો ઉદ્ધાર વગેરે કૃષ્ણકર્તૃક છે એમ જણાવ્યું હોવાથી જે જગતના કર્તા છે તે જ જુદા-જુદા શરીરોમાં પ્રવેશીને સ્વકાર્ય કરીને તે શરીરને ત્યજી દે છે એમ જાણી હરિના ગુણોનું વર્ણન કરે છે. તે લોકો દધિમંડોદ (દહીંના મઠાનો સમુદ્ર) સમાન છે અને તેમનો ભાવ તે જલ સમાન છે એમ અર્થ છે. જેમ દહીંનો મઠો અસાર હોવાથી પુષ્ટિકારક નથી હોતો, તેમ આમનો ભાવ પણ તેવો જ છે એમ ભાવ છે. ગુણો વડે મિશ્ર ભાવવાળા વક્તાઓ માયાના ગુણ વિના ભગવાનમાં કર્તૃત્વનો અભાવ હોવાથી તે-તે ગુણો વડે જ ભગવાન સૃષ્ટિ વગેરે બધું કરે છે એમ જાણીને હરિના ગુણોનું જે લોકો વર્ણન કરે છે તેઓ સુરોદ (મદિરાનો સમુદ્ર) સમાન છે અને તેમનો ભાવ પણ મદિરા તુલ્ય છે એમ અર્થ છે. જેમ મદિરા સ્વરૂપનું વિસ્મરણ કરાવે છે - દોષ ઉત્પન્ન કરે છે, તેમ આમનો ભાવ પણ તેવો જ છે એમ ભાવ છે. ભગવાન સર્વેશ્વર છે અને બધું જ કરવા સમર્થ છે એમ જાણીને જે હરિના ગુણોનું વર્ણન કરે છે તેઓ ક્ષીરોદ (દૂધનો સમુદ્ર) હોય છે અને તેમનો ભાવ પણ દૂધના સમાન હોય છે. જેમ દૂધ

સ્વાદિષ્ટ-મધુર અને પોષણ કરનાર હોય છે તેમ આમનો ભાવ પણ તેવો જ હોય છે. ભગવાન મહાવીર્ય-અતિ શક્તિશાલી છે અને પોતાના ભક્તોને પણ શક્તિવાળા કરે છે એમ જાણીને જે હરિના ગુણોનું વર્ણન કરે છે તેઓ ધૃતોદ (ઘીનો સમુદ્ર) સમાન હોય છે અને તેમનો ભાવ પણ ઘી સમાન હોય છે. જેમ ઘી શક્તિ આપનાર હોય છે તેમ આમનો ભાવ પણ તેવો જ હોય છે. **'તેને જે-જે પ્રકારે ઉપાસે છે** (મુદ્ગલ ઉપ.૩) એ શ્રુતિ અનુસાર **'ભગવાન લક્ષ્મીના પતિ છે તેમની સેવા કરાતાં ભોગ અને મોક્ષ બન્ને પ્રદાન કરે છે'** એમ જાણીને જે હરિના ગુણોને વર્ણવે છે તેઓ તો ઈક્ષુરસોદ (શેરડીના રસનો સમુદ્ર) સમાન છે અને તેમનો ભાવ પણ શેરડીના રસ સમાન છે. જેમ શેરડીનો રસ મધુર અને અન્દરના તાપનું નિવારણ કરનાર છે, તેમ આમનો ભાવ પણ તેવો જ છે એમ ભાવ છે. **'જે લોકો પોતાને શરણે આવેલા છે તેવા કોઈ પણ પ્રકારના યશવાળાઓનો કૃષ્ણ ઉદ્ધાર કરે છે તેથી તે શ્રીકૃષ્ણ જ સેવ્ય છે'** એમ જાણી જે હરિના ગુણોને વર્ણવે છે તેઓ શુદ્ધોદ (મીઠા જળના સમુદ્ર) સમાન છે અને તેમનો ભાવ પણ શુદ્ધોદ સમાન છે એમ અર્થ છે. જેમ શુદ્ધ જળ તાપનિવૃત્તિ-નિર્મલતા-તૃપ્તિ કરનાર હોય છે તેમ આમનો ભાવ પણ તેવો જ હોય છે. ભગવાન ચિદ્રૂપ-જ્ઞાનપૂર્ણ અને જ્ઞાનગમ્ય છે તેમજ સર્વ સમર્થ છે તેથી મોક્ષને અર્થે તે જ સેવ્ય છે એમ જાણી જે હરિના ગુણોને વર્ણવે છે તેઓ દધિમંડોદ (દહીંના મઠાના સમુદ્ર) સમાન છે અને તેમનો ભાવ પણ દધિમંડોદ સમાન હોય છે એમ અર્થ છે. ભગવાન વૈરાગ્યપૂર્ણ છે તેઓ કંઈ પણ અપેક્ષા કરતા નથી ન કંઈ પણ ગ્રહણ કરે છે, બધા લોકો ભગવાનને પદાર્થો સમર્પે છે તે પોતાને કે પદાર્થને પવિત્ર કરવા માટે ભગવાનને સમર્પીને ઉપયોગ કરવાનું શાસ્ત્રોમાં વિધાન હોવાથી પવિત્રતાને માટે સમર્પે છે તેમજ બધા તે અર્થે જ ભગવાનની સ્તુતિ કરે છે એમ જાણીને જે હરિના ગુણોને વર્ણવે છે તેઓ ક્ષારોદ (ખારા જળના સમુદ્ર) સમાન છે, ભગવાનનો વૈરાગ્ય ધર્મ જુદા સ્વરૂપનો છે (કે જેને તેઓ જાણતા નથી) એમ ભાવ છે. જ્યાં (ગ્રન્થમાં) કેવલ સમુદ્રનુ દૃષ્ટાન્ત છે ત્યાં ક્ષારોદ અથવા શુદ્ધોદ છે એમ જાણવું ।। ૧૫।।

श्रीपुरुषोत्तमजी - पूर्वं भावनिरूपणारम्भे श्रुतिपुराणसिद्धाः गन्धर्वाः कूपभेदास्त्वित्यर्धेन यथा नानाभेदा उक्तास्तथा अन्ते पुराणादिप्रसिद्धान् भगवदीयानपि नानाभेदान् द्वाभ्यामाहुः लोकेत्यादि । लोकश्च वेदश्च गुणाश्च लोकवेदगुणास्तैर्मिश्रभावेन मिलितत्वेन एके मुख्यभगवदीयाः हरेः सर्वदुःखहर्तुर्भगवतो गुणान् वर्णयन्ति । यथा वाल्मीकी रामायणे रामगुणान् लोकमिश्रानुक्तवान् । यथा चाध्यात्मरामायणे शिवो रामगुणान् वेदमिश्रान् । यथा विष्णुपुराणे पराशरः सत्त्वगुणमिश्रान् । यथा च मनुःस्मृत्यारम्भे रजोमिश्रान् । 'स्वयंभुवे नमस्कृत्ये'त्युक्त्वा पश्चादग्रे सृष्टिं वर्णयिष्यन् 'ब्रह्मा नारायणाख्यस्तु सुष्वाप सलिले तदे'त्युक्तवान् । यथा च वायुर्वायवीये शिवरूपमेव ब्रह्मत्वेनोक्तवान् । न च मनोर्भगवदीयत्वाभावः शंक्यः । तृतीयस्कन्धे तस्य तथात्वसाधनात् । न वा वायोः । हनुमदवतारे तस्य रामभक्तत्वेनैव सुप्रसिद्धत्वादिति । न च गुणमिश्रवर्णने गुणाभिमानिवर्णनमिति शंक्यम् । तत्र तदुक्तेषु ब्रह्मविष्णुमहेश्वरेषु अभिमानित्वापादकस्य कालभयस्यानुक्तत्वात् । अतो गुणावतारा एव तत्रोच्यन्ते, न जीवाः । एवमत्र लोकवेदगुणमिश्रभावेन पञ्चैव सिध्यन्ति, न षष्ठः, अतो लोकवेदगुणैरुपलक्षितान् मिश्रभावेनोपलक्षितान् हरेर्गुणान् वर्णयन्तीति व्याख्येयम्, तथा सति संकीर्णपुराणवक्तारः षष्ठा भविष्यन्तीति तैः संख्यापूर्तिः । एवञ्च तत्तद्भावस्तत्तज्जलतुल्योवगन्तव्यः । तज्जलं यथा क्षाराम्लमादनाव्यक्तमधुरस्नेहव्यक्तमधुरगुणकम्, तथा तेषां भावोपीति तन्निष्ठा गुणा अपि लोकादिप्रधानास्तदनुरूपफलदा इति तत्संगोपि तथेत्यर्थः । न च गुणाद्युपलक्षिता गुणा न मूलगुणा इति शंक्यम् ।

‘यदादित्यगतं तेज’ इति न्यायेन तेषामपि भागवतत्वे बाधकाभावादापाततः प्रतीतेरप्रयोजकत्वाच्च, अत एव निबन्धे ‘सर्वस्वरूपी कृष्णस्तु कर्ता तेषु तथोदित’ इति स्थितमिति न काचिच्छङ्का ।’

અર્થાત્ - (આભાસ) - પૂર્વમાં ભાવનિરૂપણ કરવાના આરંભે શ્રુતિ-પુરાણ સિદ્ધ એવા ગન્ધર્વોને **‘કૂપભેદાસ્તુ’** એમ અડધા શ્લોક વડે જે પ્રકારે અનેકવિધ ભેદો કહ્યા છે તેમ અન્તમાં પુરાણ વગેરેમાં પ્રસિદ્ધ એવા ભગવદીયોના પણ અનેકવિધ ભેદોને બે શ્લોક વડે કહે છે - લોક વગેરે વાક્યોથી. **(વ્યાખ્યાન્) - ‘લોક’** અને વેદ અને (ત્રણ) ગુણો એમ **લોક-વેદ-ગુણો** તે ત્રણેથી મળેલા મિશ્રભાવવડે મુખ્ય ભગવદીયો **‘હરેઃ’** સર્વદુઃખહર્તા ભગવાન શ્રીહરિના ગુણોને વર્ણવે છે. જેમ વાલ્મીકી રામાયણમાં રામના ગુણોને લોકમિશ્રરૂપે કહ્યા છે. જેમ અધ્યાત્મ રામાયણમાં શિવજીએ રામના ગુણોને વેદમિશ્રરૂપમાં કહ્યા છે, જેમ વિષ્ણુપુરાણમાં પરાશરઋષિએ સત્ત્વગુણમિશ્રરૂપમાં કહ્યા છે, જેમ મનુસ્મૃતિના આરંભે રજોમિશ્રરૂપે કહેવાયા છે, તેમાં **‘સ્વયંભુને નમસ્કાર કરીને’** એમ કહીને તે પછીથી આગળ સૃષ્ટિનું વર્ણન કરતાં **‘નારાયણાખ્ય બ્રહ્મા જળમાં શયન કરતા હતા ત્યારે’** એમ કહ્યું છે, જેમ વાયુપુરાણમાં વાયુદેવતાએ શિવરૂપને જ બ્રહ્મરૂપે કહ્યું છે. તેથી કરીને મનુમાં ભગવદીયપણું ન હતું એવી શંકા કરવી નહીં, કારણ કે તૃતીય સ્કન્ધમાં મનુને ભગવદીય તરીકે બિરદાવવામાં આવ્યું છે, તેવી જ રીતે વાયુદેવતા માટે પણ ભગવદીય ન હતા તેવી શંકા કરવી નહીં, કારણ કે વાયુના જ હનુમાન તરીકેના અવતારમાં તેઓ રામભક્તનારૂપમાં સુપ્રસિદ્ધ હોવાથી. આ ત્રણેએ ગુણમિશ્રભાવે વર્ણન કર્યું છે તેમાં ગુણાભિમાની દેવતાઓનું વર્ણન છે તેવી શંકા ન કરવી- તેમ માનવું નહીં. કેમકે ત્યાં તે લોકોએ કહેલી વાતોમાં બ્રહ્મા-વિષ્ણુ-મહેશમાં કાલનો ભય ક્યાંય કહેવા-બતાવવામાં ન આવ્યો હોવાથી (અને દેવતાઓને કાલભય હોય છે તેથી) અભિમાની દેવતાઓ નહીં પણ ગુણાવતારરૂપે બ્રહ્મ જ ત્યાં કહેવામાં આવ્યું છે. આ

પ્રમાણે અહીં લોક-વેદ-ગુણમિશ્રભાવે પાંચની જ સંખ્યા બને છે (લોકમિશ્ર-વેદમિશ્ર-સત્ત્વગુણમિશ્ર-રજોગુણમિશ્ર-તમોગુણમિશ્ર) છની સંખ્યા બનતી નથી, તેથી લોક-વેદ-સત્ત્વ-રજો-તમો આ પાંચ પ્રકારે ઉપલક્ષિત થતા તથા આ પાંચેથી મિશ્રભાવે ઉપલક્ષિત થતા હરિના ગુણોને વર્ણવે છે એમ વ્યાખ્યા કરવી, તેમ હોતાં પુરાણો તથા ઉપપુરાણોના વક્તાઓ છઠ્ઠા થશે તેના વડે છ ની સંખ્યા પૂર્તિ સમજવી. તેમજ તેમનો-તેમનો ભાવ પણ તે-તે જલના સમાન જાણવો. તે જલ જેમ ખારું-અમ્લ-માદક-અવ્યક્તમધુર-સ્નિગ્ધ-વ્યક્ત મધુર ગુણવાળું હોય છે તેમ તેઓના ભાવો પણ તે મુજબના જ અને તેમનામાં રહેલા ગુણો પણ લોક વગેરેની પ્રધાનતાવાળા અને તેના અનુરૂપ જ ફલને આપનારા હોય છે, તેથી તેમનો ભાવ તે મુજબનો જ હોય છે એમ અર્થ છે. ગુણોથી ઉપલક્ષિત થનારા ગુણો મૂલ-ભગવાનના ગુણો નથી એમ શંકા કરવી નહીં. **‘જે આદિત્યમાં રહેલું તેજ છે જેથી આખું જગત પ્રકાશે છે, જે ચન્દ્રમામાં છે અને જે અગ્નિમાં છે તે મારું જ તેજ છે તેમ તૂં જાણ’** (ગીતા. ૧૫-૧૨) એ ન્યાયે તેમના પણ ભાગવતપણામાં બાધકનો અભાવ હોવાથી તત્ક્ષણ એકવાર આ ભગવાનના ગુણો નથી એમ પ્રતીતિ થાય તો પણ તેવી પ્રતીતિનું અપ્રયોજકપણું છે. તેથી જ નિબન્ધમાં શ્રીઆચાર્યચરણે **‘શિવ-બ્રહ્મા વગેરેરૂપમાં કૃષ્ણ જ કર્તા તરીકે તેમનામાં રહેલા છે તેમ શાસ્ત્રસિદ્ધ છે’** (સર્વનિર્ણય પ્ર.-૫૨) એમ કહ્યું હોવાથી કોઈ પણ પ્રકારની શંકા રહેતી નથી ।। ૧૫ ।।

શ્રીવલ્લભજી - **अतः परं समुद्रा अप्यनेकविधा इति तद्भेदान्निरूपयन्तो विंशं भावमाहुः । अयं भावः । एके भगवतो गुणा लोकसमाना एव, लोको यथा प्राकृतस्तथा भगवद्गुणा अपि प्राकृता एव, भगवानपि नास्ति, कर्मणैव सर्वं भवतीति मन्यन्ते, ते क्षारोदतुल्याः, न काचन तैः पुरुषार्थसिद्धिरिति भावः । केचन वेदानुसारेण धर्मान् मन्यन्ते, ज्ञानेच्छादयो जगत्कर्तृत्वादयो धर्मा**

भगवति सन्तीति तादृशा दधिमण्डोदतुल्याः । उभयांशसत्त्वात्ततुल्यता । तेपि तावन्मात्रधर्मानेव मन्यन्ते, न तु स्वरूपमवतारादिकं चेति तादृशा भावा न पुरुषार्थसाधका इति भावः । अपरे गुणैः प्रकृतिगुणैरविद्याधर्मैः कृत्वा धर्मा भासन्ते, वस्तुतो धर्मा एव न सन्तीति मन्यन्ते, ते सुरोदतुल्याः, स्पर्शमात्रेपि धर्मनाशका मिथ्यावादिनः पुरुषार्थनाशका इति सर्वथा त्याज्या एवेत्यर्थः । एते त्रयोप्यमिश्राः । अथ मिश्रानाहुः । केचित्तु ये धर्मा लौकिकभावसहितास्ते लौकिका एव, ये ब्रह्मधर्मास्तेऽलौकिकाः सर्वे सन्तीति मन्यन्ते, ते मिश्राः क्षीरोदतुल्याः । स यथा स्वरूपतो ह्युत्तमस्तथापि मथनानन्तरं निःसारो जातः, सकलरत्नानां निर्गमात्, तथा तेषां तावन्मात्रधर्मवत्त्वेपि परमपुरुषार्थो न सिध्यतीति, न ते ग्राह्या इति भावः । यतो भगवतो लोकवल्लीलापि कैवल्य मित्युक्तत्वात् तत्रालौकिकबुद्धि-निष्ठाभावात् न सत्सम्मता इत्यर्थः । अन्ये वेदोक्तधर्मा जगत्कर्तृत्वादयो यद्यपि सन्ति, तथापि न वास्तवाः अविद्यासंवलिताः, ब्रह्म तु निर्विकारमेवेति मन्यन्ते, ते घृतोदतुल्याः, घृतं विकृतं भवति, क्षीरपरिणामो दधि तत्परिणामो घृतमतस्तेपि विकृतत्वाङ्गीकारान्न ग्राह्याः, पुरुषार्थासाधकत्वात् । एके पुनर्भगवति धर्माः सन्ति, परं त्ववतारादिधर्मास्तु प्राकृता इति मन्यन्ते, ते इक्षु रसोदतुल्याः, यथेक्षुरसः स्वरूपतो मधुरः, परन्तु परिणामविरसस्तथैते धर्मा अपि परिणामे विरसत्वाङ्गीकारान्न पुरुषार्थसाधका इति भावः । पूर्वापेक्षया षण्णामेतेषां हीनभावत्वमुक्तम् । एवं विंशतिधा जीवाधिकारानुसारिणो भावा निरूपिताः । साधनसाध्या लोकवेदप्रसिद्धा इति ॥ १९ ॥

અર્થાત્ - **(આભાસ)** - હવે પછી સમુદ્રો પણ અનેક પ્રકારના છે તેથી તેના ભેદોનું નિરૂપણ કરતાં વિસમો ભાવ કહે છે. **(વ્યાખ્યાન)** - અહીં આ ભાવ છે. આ પૈકી એક પ્રકારના લોકો એમ જાણતા હોય છે કે ભગવાનના ગુણો **લોક** સમાન જ છે, જેમ લોક પ્રાકૃત છે તેમ ભગવાનના ગુણો પણ પ્રાકૃત જ છે, ભગવાન નામની કોઈ વસ્તુ જ નથી, તેઓ એમ માને છે કે બધું કર્મ વડે જ થાય છે, એવા ભાવવાળા જે લોકો છે તેઓ ક્ષારોદ (ખારા જળના સમુદ્ર) સમાન છે, તેમનાથી કોઈ પણ પ્રકારના પુરુષાર્થની સિદ્ધિ થઈ શકે તેમ નથી એમ ભાવ છે. કેટલાક લોકો **વેદ**ના અનુસાર ધર્મોને માને છે, જ્ઞાન-ઈચ્છા-જગતનું કર્તાપણું વગેરે ધર્મો ભગવાનમાં છે એમ માનવાના ભાવવાળાઓ દધિમંડોદ (દહીંના મઠાના સમુદ્ર) સમાન છે. તેમનામાં લૌકિક-વૈદિક બન્ને પ્રકારની આશા રહેલી હોવાથી તે દધિમંડોદ (દહીં અને પાણી) સમાન છે, તે લોકો પણ તેટલા જ ધર્મોને જ માને છે, નહીં કે તેઓ ભગવાનનું સ્વરૂપ-અવતાર વગેરેને માને છે, તેથી તેમનો ભાવ પણ પુરુષાર્થને સાધનારો નથી હોતો એમ ભાવ છે. બીજા કેટલાક લોકો **'ગુણૈઃ'** એટલે કે અવિદ્યાના ધર્મરૂપ એવા પ્રકૃતિના ગુણો વડે કરીને ભગવાનમાં ધર્મો ભાસે છે, વાસ્તવમાં તેવા કોઈ ધર્મો જ નથી એમ તેઓ માને છે, તેવા લોકો સુરોદ (મદિરાના સમુદ્ર) સમાન છે, આવા લોકો મદિરા સમાન સ્પર્શ માત્રથી પણ ધર્મનો નાશ કરનારા, મિથ્યાવાદને કહેનારા, પુરુષાર્થનો નાશ કરનારા હોય છે તેથી તેવાઓ સર્વથા ત્યાગવા યોગ્ય હોય છે એમ અર્થ છે. આ ત્રણે પણ મિશ્રણ વિનાના અમિશ્ર છે. હવે પછી મિશ્ર પ્રકારવાળાઓને જણાવે છે - કેટલાક લોકો જે ધર્મો લૌકિકભાવ સહિતના છે તે બધા લૌકિક જ હોય છે. જે બ્રહ્મધર્મો છે તે બધા જ અલૌકિક હોય છે એમ માને છે. તે મિશ્ર પ્રકારવાળાઓ ક્ષીરોદતુલ્ય (દૂધના સમુદ્ર) સમાન છે, તે જેમ સ્વરૂપથી ઉત્તમ હોઈને પણ સમુદ્રમન્થન થયા પછી (૧૪ રત્નો નીકળી જવાથી) નિઃસાર-સાર વિનાનો થઈ ગયો, બધા જ રત્નો નીકળી જવાથી, તેમ તેમનો ભાવ પણ તેટલા પૂરતા ભગવાનના ધર્મોને સ્વીકારીને પણ (બીજા ધર્મોને લૌકિક માનતા હોવાથી) તેમનાથી પરમ પુરુષાર્થ (ભક્તિ) સિદ્ધ થતો નથી, તેથી

તેમનો ભાવ ગ્રહણ કરવા યોગ્ય હોતો નથી એમ ભાવ છે. કારણ કે ભગવાનની **‘લોકવત્ ભગવાન જે કરે છે તે પણ ભગવાનની જ લીલા માત્ર છે’** (બ્ર.સૂ.૨-૧-૩૩) એમ કહ્યું હોવથી તે લીલામાં અલૌકિકતાની બુદ્ધિની નિતરાં સ્થિતિનો અભાવ હોવાથી તે ભાવો સમ્મત નથી એમ અર્થ છે. બીજા કેટલાક લોકો વેદમાં કહેવાયેલા ધર્મો જગતનું કર્તાપણું વગેરે યદ્યપિ બ્રહ્મમાં છે, તેમ છતાં પણ તે વાસ્તવિક નથી, અવિદ્યાથી સારી રીતે મળેલા હોય છે અને બ્રહ્મનો આ બધા વિકારી ધર્મોથી અલગ સર્વથા નિર્વિકાર જ હોય છે એમ માને છે, તેઓ ઘૃતોદ (ઘીના સમુદ્ર) સમાન છે, ઘી એ વિકૃત હોય છે, એટલે કે દૂધનું પરિણામ દહીં અને તેનું પરિણામ ઘી હોય છે તેથી ઘૃતને પણ વિકારના રૂપમાં અંગીકાર-સ્વીકાર કરાયું હોવાથી તે ભાવ ગ્રહણ કરવા યોગ્ય નથી. કારણ કે તેનાથી પરમ પુરુષાર્થ સધાતો નથી. વળી પાછા કેટલાક લોકો ભગવાનમાં ધર્મો છે, પરંતુ અવતાર વગેરે ધર્મો છે તે પ્રાકૃત છે એમ માને છે, તે લોકો ઈક્ષુરસ (શેરડીના રસના સમુદ્ર) સમાન છે, જેમ શેરડીનો રસ સ્વરૂપથી મધુર પરંતુ પરિણામે વિરસ હોય છે, તેમ આમના ધર્મો પણ પરિણામે વિરસરૂપમાં અંગીકાર-સ્વીકાર કરાયા હોવાથી તે પરમ પુરુષાર્થને સાધનારા હોતા નથી એમ ભાવ છે. પૂર્વમાં કહેવાયેલ પૂર્ણ ભગવદીયોના ભાવની અપેક્ષાએ આ છએ તેથી હીન-ઉતરતા છે તેમ જણાવ્યું છે. આ પ્રકારે વિશ પ્રકારના જીવના અધિકાર અનુસારના ભાવોનું નિરૂપણ કરાયું છે અને આ બધા ભાવો સાધનોથી સિદ્ધ થનારા અને લોકો તથા વેદમાં પ્રસિદ્ધ છે એમ જણાવ્યું છે ॥ ૧૫॥

શ્રીબાલકૃષ્ણજી - **पूर्णभावान् मार्गस्वरूपज्ञानभेदेन विशेषतो वर्णयन्ति लोकवेदगुणैरिति । एके लोकमिश्रभावेन एके वेदमिश्रभावेन हरेर्गुणान् वर्णयन्ति । ते यथाक्रमं क्षाराद्याः क्षार आदिर्येषां ते षट्संख्याकाः प्रकर्षेण कीर्तिताः कथिता इत्यर्थः । तेषां तेषां भावो भिन्नभिन्नतया तत्तत्समुद्रजलतुल्य इत्यर्थः । रामकृष्णौ मनुष्यावेव परं बलतेजोधिकाविति देवौ वेति ज्ञात्वा**

गुणवर्णनपराः क्षारसमुद्रतुल्यास्तेषां भावस्तज्जलतुल्य इत्यर्थः । यथा क्षारजलं न तृषानिवर्तकं, नापि स्नानादिसुखकारि, किन्तु गम्भीरं मलादिनिवर्तकं तथैतेषां भावोपि न संसारतापनिवर्तको, नापि श्रवणेऽन्येषां भक्तिसम्पादकः, किन्तु देवादिज्ञानेन तत्स्वरूपशोधकः । बलाधिक्यादिगुणश्रवणेनान्येषां मर्यादाभक्तानां यत्किञ्चिदानन्दकारीति भावः । ये तु वेदरक्षार्थं भगवदवतारः, न तु भगवानान्दमयः श्रीकृष्ण एवेति ज्ञात्वा गुणवर्णनपरास्ते दधिमण्डोदतुल्यास्तेषां भावस्तज्जलतुल्य इति भावः । यथा दधिमण्डस्यासारत्वात् न प्राणपोषकत्वं न वा चित्ततापनिवर्तकत्वं, तथैतेषां भावस्यापि सच्चिदानन्दमयज्ञानाभावान्न मोक्षौपयिकत्वं न वा संसारनिवर्तकत्वमिति भावः। मायया सत्त्वादिगुणैर्गुणमयं देहमाश्रित्य भगवान् सृष्ट्यादिकं करोति न स्वत इति ये गुणान् वर्णयन्ति तेषां भावः सुरोदतुल्य इत्यर्थः । यथा सुरा स्वरूपविस्मारिका पानकर्तुरिन्द्रियदोषजनिका, तथैतेषां भावोपि भगवद्गुणानां सम्बन्धित्वेपि मायामोहनस्वरूपविस्मारणं कारयति, स्वसम्बन्धेनान्यस्यापि तथात्वं सम्पादयतीति भावः । हरिः सर्वदुःखहर्ता स सर्वज्ञः सर्वशक्तिरित्यादिश्रुतिगोचरात् कारणभूतः सर्वं स्वेच्छयैव करोतीति ये गुणान् वर्णयन्ति ते क्षीरोदतुल्यास्तेषां भावस्तज्जलतुल्य इत्यर्थः । यथा क्षीरे स्वादुत्वं वीर्यजनकत्वमग्नितप्तत्वे माधुर्याधिक्यं, तथैतेषां भावस्यापि मनोहरत्वमधिकगुणगानार्थं शुद्ध्याधिक्यं तापानन्तरं च रसात्मकलीलाकर्तृत्वज्ञानान्तरं तन्निरूपणेन माधुर्यत्वमिति भावः। भगवानलौकिकवीर्यवान् स्वीयान् साधनरहितान् अपि स्ववीर्येणैव मोचयतीति ये गुणान् वर्णयन्ति तेषां भावो

घृतोदतुल्यः इत्यर्थः । यथा घृतं अन्यसम्बन्धं विनापि स्वपानेन बलवन्तं रोगमुक्तं च करोति, तथैतेषां भावोपि संसारसागरतरणाय योग्यदेहं करोतीति भावः । भगवान हरिः शिवदुर्गाप्रभृतिभिः प्राप्तस्थानलक्षणस्तैर्मुहुरभिप्रार्थ्यचरणरेणुरिति चतुर्वर्गार्थं स एव सेव्य इति ये गुणगानपरास्तेषां भाव इक्षुरसतुल्य इत्यर्थः । यथेक्षुरसो मधुरोन्तस्तापनोदी, तथैतेषां भावोपि सर्वसेव्यत्वज्ञानेन मधुरः सेवनप्रवृत्तौ च त्रिविधतापनिवारकश्चेति भावः । 'अन्ये चांशकलाः पुंसः कृष्णस्तु भगवान् स्वयम्' इत्यादिवाक्येभ्यः पुराणपुरुषोत्तमो भगवान् एवाल्पाश्रयरहितोऽसौ भक्त्यर्थं सेव्य इति ये गुणवर्णनपरास्ते शुद्धोदतुल्यास्तेषां भावः शुद्धोदतुल्य इत्यर्थः । यथा शुद्धोदं तृषादिनिवर्तकं स्नानादिना मलनिवर्तकं तापापहारी च, तथैतेषां भावोपि तृष्णादिनिवारकः पापनिवर्तकस्तापनिवर्तक इति भावः ॥ १५ ॥

અર્થાત્ - (આભાસ) - પૂર્ણ ભાવવાળાઓને માર્ગસ્વરૂપના જ્ઞાનના ભેદે કરીને વિશેષરૂપે વર્ણન કરે છે **'લોકવેદગુણૈઃ'** વગેરે વાકયોથી. **(વ્યાખ્યાન)** - એક પ્રકારના લોકો લોકમિશ્ર ભાવવડે અને બીજા પ્રકારના લોકો વેદમિશ્રભાવવડે હરિના ગુણોને વર્ણવે છે. તે અનુક્રમે **'ક્ષારાદ્યાઃ'** એટલે ક્ષાર જેમાં આદિ છે તેવા છ પ્રકારના પ્રકર્ષે **'કીર્તિતાઃ'** કહેવાયા છે એમ અર્થ છે. તેમના-તેમના ભાવો ભિન્ન-ભિન્ન રૂપે તે-તે સમુદ્ર જલ સમાન છે એમ અર્થ છે. રામ-કૃષ્ણ એ બન્ને મનુષ્ય જ છે પરંતુ બળ-તેજમાં બન્ને અધિક છે એમ અથવા તો આ બન્ને દેવ છે એમ જાણીને વર્ણન કરવામાં પરાયણ થયેલાઓ ક્ષારસમુદ્ર (ખારા સમુદ્ર) સમાન છે અને તેમનો ભાવ પણ તે જળ સમાન છે એમ અર્થ છે. જેમ ખારું પાણી તરસ મિટાવી શકતું નથી, તેમજ સ્નાન વગેરેમાં પણ સુખકર હોતું નથી કિન્તુ ગંભીર અને મલ વગેરેની શુદ્ધિ કરનારું હોય છે, તેમ આમનો ભાવ પણ સંસારના તાપનું

નિવારણ કરનારો હોતો નથી ન તેનું શ્રવણ કરાતાં બીજામાં ભક્તિનું સમ્પાદન કરનારો હોય છે, કિન્તુ દેવ વગેરેની જ્ઞાન વડે શ્રોતાઓના સ્વરૂપને શુદ્ધ કરનારું હોય છે તેમજ બલની અધિકતા વગેરે ગુણોના શ્રવણ વડે બીજા જે મર્યાદા ભક્તો તેમને યત્ કિંચિત્ આનન્દ આપનારું હોય છે એમ ભાવ છે. જે લોકો વેદની રક્ષાને અર્થે ભગવાનનો અવતાર થાય છે, આનન્દમય ભગવાન શ્રીકૃષ્ણ જ છે એમ નહીં જાણીને જે લોકો ગુણવર્ણન કરવામાં પરાયણ થયેલા છે તે દધિમંડોદ (દહીંના મઠાના સમુદ્ર) સમાન છે અને તેમનો ભાવ પણ તેના સમાન જ હોય છે એમ ભાવ છે. જેમ દધિમંડ (મઠો) અસાર હોવાથી તે પ્રાણપોષક પણ નથી હોતો ન ચિત્તના તાપનું નિવર્તન કરનાર પણ હોય છે, તેમ આ લોકોનો ભાવ પણ ભગવાન શ્રીકૃષ્ણ સચ્ચિદાનંદમય છે એમ જ્ઞાનનો અભાવ હોવાથી મોક્ષને અર્થે પણ ઉપયુક્ત નથી ન તેનાથી સંસાર તાપનું પણ નિવર્તન થઈ શકે છે એમ ભાવ છે. માયાના સત્ત્વ વગેરે ગુણો વડે ગુણમય દેહને ધારણ કરી ભગવાન સૃષ્ટિ વગેરે કરે છે, પોતે સ્વતઃ નથી કરતા એમ જે ગુણોને વર્ણવે છે તેમનો ભાવ સુરોદ (મદિરાના સમુદ્ર) સમાન છે એમ અર્થ છે. જેમ મદિરા સ્વરૂપનું વિસ્મરણ કરાવનારી છે અને મદિરાનું પાન કરનારની ઈન્દ્રિયોમાં દોષને ઉત્પન્ન કરે છે, તેમ આમનો ભાવ પણ ભગવદ્ ગુણોના સમ્બન્ધવાળો હોઈને પણ માયા મોહ વડે કરીને સ્વરૂપનું વિસ્મરણ કરાવે છે, પોતાના સમ્બન્ધે બીજાને પણ તેવા જ બનાવે છે તેમ ભાવ છે. ભગવાન શ્રીહરિ સર્વ પ્રકારના દુઃખોનું હરણ કરનારા છે, **'તે સર્વદા છે, તે સર્વશક્તિ છે'** (મુંડ.ઉપ.૧-૨-૯) વગેરે શ્રુતિમાં કહ્યા અનુસાર એ સર્વના કારણભૂત છે અને બધું જ તે પોતાની ઈચ્છાથી જ કરે છે એમ જે ગુણોને વર્ણવે છે તેઓ ક્ષીરોદ (દૂધના સમુદ્ર) સમાન છે અને તેમનો ભાવ પણ તેના સમાન જ છે એમ અર્થ છે. જેમ દૂધ સ્વાદવાળું, શક્તિને ઉત્પન્ન કરનાર અને અગ્નિ ઉપર ગરમ કરાતાં અધિક મધુર થઈ જાય છે, તેમ આમનો ભાવ પણ મનોહર, અધિક ગુણગાનને અર્થે વધુ શુદ્ધિ કરનાર અને તાપના અનન્તર ભગવાન રસાત્મક લીલાના કર્તા છે તેવું જ્ઞાન થયા પછી તેના નિરૂપણ વડે અતિમધુર હોય છે એમ ભાવ છે. ભગવાન અલૌકિક શક્તિવાળા છે તેમજ

પોતાના નિજ લોકો કે જેઓ સાધનરહિત છે તેવાઓને પણ પોતાની શક્તિથી મુક્ત કરે છે એમ જે ગુણોને વર્ણવે છે તેમનો ભાવ ઘૃતોદ (ઘીના સમુદ્ર) સમાન છે એમ અર્થ છે. જેમ ઘી બીજા કોઈ સંબન્ધ વિના પણ ઘીનું પાન કરનારને બળવાળા અને રોગમુક્ત કરે છે, તેમ આમનો ભાવ પણ સંસાર સાગરને તરવા માટે યોગ્ય દેહનું સંપાદન કરનારો હોય છે એમ ભાવ છે. પોતપોતાના સ્થાનને પ્રાપ્ત પોતપોતાના લક્ષણોવાળા શિવ-દુર્ગા વગેરે વડે વારંવાર જેમના ચરણની રેણુની પ્રાર્થના કરાય છે તેવા ભગવાન શ્રીહરિ જ ચારે પુરુષાર્થો અર્થે સેવા કરવા યોગ્ય છે એમ જે ગુણગાનમાં પરાયણ થયેલા છે તેમનો ભાવ ઈક્ષુરસ (શેરડીના રસ) સમાન છે એમ અર્થ છે. જેમ શેરડીનો રસ મધુર, આન્તર તાપને દૂર કરનાર હોય છે, તેમ આમનો ભાવ પણ ભગવાન શ્રીહરિ જ સર્વ વડે સેવા કરવા યોગ્ય છે તેવા જ્ઞાન વડે મધુર અને તેમના ભાવનું સેવન કરાતાં ત્રણે પ્રકારના તાપનું નિવારણ કરનાર હોય છે એમ ભાવ છે. **'આ બધા તો પુરુષના અંશ-કલા રૂપ અવતારો છે જ્યારે કૃષ્ણ તો સ્વયં ભગવાન છે'** વગેરે વાક્યો વડે પુરાણ પુરુષોત્તમ ભગવાન જ અલ્પઆશ્રયરહિત પૂર્ણ છે તેથી સાયુજ્યને અર્થે સેવા કરવા યોગ્ય છે એમ જે ગુણવર્ણનમાં પરાયણ છે તે લોકો શુદ્ધોદ (મીઠા જળના સમુદ્ર) સમાન છે અને તેમનો ભાવ શુદ્ધોદ સમાન છે એમ અર્થ છે. જેમ શુદ્ધોદ તરસ વગેરેને મટાડનાર છે અને સ્નાન વગેરેથી મલને દૂર કરે છે તથા તાપને દૂર કરે છે, તેમ આમનો ભાવ પણ તૃષ્ણા વગેરેને દૂર કરનાર, પાપને દૂર કરનાર તથા તાપનું નિવર્તન કરનાર હોય છે એમ ભાવ છે ॥ ૧૫ ॥

વિવરણ - શ્રીહરિના ગુણોને લોકમિશ્ર-વેદમિશ્ર અને ગુણમિશ્ર ભાવ વડે કેટલાક વર્ણન કરે છે તેઓ ખારો વગેરે સમૃદ્ધ સમાન કહેવાયેલા છે. અહીં હરિના ગુણોને એટલે આ લોકમાં અથવા બ્રહ્માંડમાં ક્યાંય શ્રીહરિના જન્મ-કર્મ-ચરિત્ર વગેરે ગુણોને, અથવા ઐશ્વર્ય-વીર્ય-યશ-શ્રી-જ્ઞાન-વૈરાગ્ય એમ છ ધર્મોને.

અહીં દૃષ્ટાન્તમાં છ સમુદ્રો છે. સમુદ્ર એટલે સાગર યા મહાસાગર અને સમુદ્ર શબ્દ **સમ્-ઉદ્ રા ક** થી બનેલો છે તેથી **સમ્** - સારી રીતે **ઉદ્**-શ્રેષ્ઠ તર્ક-શબ્દ વગેરેથી **રા** (**રા**-એટલે આપવું-રાતિ) (બોધ) આપનાર યા કરાવનાર એટલે કે સારી રીતે શ્રેષ્ઠતર્ક - શબ્દ વગેરેથી સામાવાળાને પોતે કહેવાની વાતનો બોધ કરાવનાર એમ અર્થ થાય છે. અતઃ અહીં સમુદ્ર શબ્દથી વિશાલતા-ગહનતા-જલપરિપૂર્ણતા-વૃદ્ધિ-ક્ષય દોષરહિત - રત્નોની ખાણ સમા- વગેરે જે પૂર્વ શ્લોકમાં કહેવાયેલા છે તે અહીં ગ્રહણ કરવાના નથી પરન્તુ ઉપર જણાવ્યા મુજબ સમુદ્ર શબ્દના અર્થને ગ્રહણ કરીને ખાટા-ખારા વગેરે તેમના ગુણોને તે-તે અનુસાર સમજવાના છે.

આ ગ્રન્થ ઉપરના ચાર ટીકાકારોના મતમાં ખારા-ખાટા વગેરે સમુદ્ર સમાન દૃષ્ટાન્તમાં આ સ્થળે તેમની ટીકાઓમાં કંઈક એકબીજાથી જુદાપણું જોવામાં આવે છે. પરન્તુ મને એમ લાગે છે જુદાપણું દેખાઈને પણ તેમના મતમાં પરસ્પર વિરોધ નથી. કારણ કે ભગવાન શ્રીરામ શ્રીકૃષ્ણ વગેરે ભગવાનના અવતારો કે જે આ લોકમાં જેમના જન્મ-કર્મ છે તેને મૂલવવામાં કેટલાક લોકો ભગવાન જેવું કંઈ છે જ નહીં, પરન્તુ રામ-કૃષ્ણ વગેરે બળ બુદ્ધિ-ગુણો વગેરેમાં બીજા માનવો કરતાં શ્રેષ્ઠ છે એમ વિચારી ચરિત્ર નિરૂપણ કરે છે, તો કેટલાક લોકો ભગવાન-પરબ્રહ્મ છે પરન્તુ તે કંઈ કરતા નથી, બધું જ માયા વડે યા પ્રકૃતિના ગુણો વડે થાય છે તેથી રામ-કૃષ્ણનું ચરિત્ર એ માયિક અથવા પ્રાકૃત છે, કેટલાક લોકો બ્રહ્મમાં કર્તાપણું સ્વીકારી જુદા-જુદા પ્રાકૃત શરીરોમાં રહી બ્રહ્મ જ કરે છે તેથી રામ-કૃષ્ણના શરીર પ્રાકૃત હોઈને પણ બ્રહ્મ જ અન્દર રહીને સર્વ ચરિત્ર કરે છે તેથી તે ચરિત્ર બ્રહ્મનું જ છે, તો કેટલાક લોકો એમ માને છે કે ભગવાન પરમાનન્દ છે અને તેઓ જે કંઈ પણ કરે છે તે આનન્દપૂર્વક જ કરે છે તેથી તેમનું કંઈ પણ કરવું એ લોક સદશ દેખાઈને પણ તે લૌકિક-પ્રાકૃત નથી પણ અલૌકિક-અપ્રાકૃત-આનન્દપૂર્ણ લીલા માત્ર છે. આ પ્રકારના જુદા-જુદા વિચારોવાળા લોકો દ્વારા ભગવત્ ચરિત્રો પર નાનું-મોટું કંઈ પણ કહેવા-લખવામાં આવે ત્યારે તેમના-તેમના કહેવા-લખવામાં પોતપોતાના

વિચારોનું પ્રભુત્વ હોવાથી એક જ ચરિત્ર અનેક વિચારે અનેક પ્રકારે નિરૂપણ થાય છે, ત્યારે તે - તે પ્રકારના નિરૂપણોને શ્રીઆચાર્યચરણે સમુદ્રના દૃષ્ટાન્તથી છ ભાગે જણાવે છે. તેથી ટીકાકારોએ ઉપર જણાવેલા જે-જે વિચારોવાળાઓને ચિત્તમાં રાખી લખ્યું તેથી જુદાપણું જોવાય છે, છતાં પણ પરસ્પર વિરોધ નથી. બુદ્ધિની દૃષ્ટિથી લેખન-કથનમાં ભેદ ઉત્પન્ન થાય છે. જેમ કે દશમ સ્કન્ધ તામસ પ્રમાણ પ્રકરણમાં મૃત્સ્નાભક્ષણ લીલામાં શ્રીયશોદાજીને ભગવાન કહે છે - **‘नाहं भक्षितवानम्ब सर्वे मिथ्याभिशंसिनः’** (ભાગ.૧૦-૮-૩૫) ભગવાન કહે છે મેં માટી ખાધી નથી અને મને માટી ખાતા જોનારા વેદ સ્વરૂપ બલદેવજી તેમ વ્રજવાસીઓ સત્ય બોલતા નથી, આ ભગવદ્ વાકયને ભાગવતના ટીકાકાર શ્રીજીવ ગોસ્વામી પોતાની વૈષ્ણવતોષિણી નામની ટીકામાં લખે છે - **‘नाहं भक्षितवानिति श्रीकृष्णवाक्यं बाल्यकेलौ मिथ्योक्तेः अपि अदोषत्वात् प्रत्युत वर्णनश्रवणाभ्यां श्रीशुकादिसाधुगणसुखहेतुत्वेन गुणत्वात्’** અર્થાત્ - મેં માટી ખાધી નથી એ શ્રીકૃષ્ણનું વાકય બાલક્રીડામાં જૂઠુ બોલવું એ દોષરહિત છે બલ્કે તેવું વર્ણન કરીને-તેવું સાંભળવું શ્રીશુક વગેરે સાધુ લોકોને માટે સુખનું કારણ હોવાથી તે ગુણરૂપ છે. આમ શ્રીજીવગોસ્વામીજીના વિચારે ભગવાને માટી ખાધી છે બાલ સ્વભાવવશ જૂઠું બોલ્યા છે. જ્યારે શ્રીવલ્લભાચાર્યજી આ સ્થળની સ્વકૃત સુબોધિની ટીકામાં લખે છે - **‘हे अम्ब इति सम्बोधनं अप्रतारणाय अनेन तस्यां महती कृपा प्रदर्शिता, अहं तु न भक्षितवान् बालकैर्भक्षितमिति भावः । एवं सम्बोधनेन स्ववाक्यप्रामाण्यमप्युक्त्वा विरोधिवाक्यस्याप्रामाण्यमाह सर्व इति’** (ભાગ. સુબો. ૧૦-૮-૩૫) અર્થાત્ - હે અમ્બ (હે માતા) ! આ પ્રકારનું સમ્બોધન અપ્રતારણા એટલે કે ઉત્તર આપવામાં છેતરપિંડી નથી તે જણાવવા માટે છે. આ રીતે યશોદા ઉપર પ્રભુની ઘણી મોટી કૃપા દર્શાવી છે. (ભગવાન કહે છે-) મેં માટી ખાધી નથી (પૂતનાવધ સમયે પૂતનાએ જે બાળકોના પ્રાણ લીધા હતા તે બાળકોના પ્રાણ પૂતનાના સ્તનપાન દ્વારા ભગવાને પોતાનામાં સ્થાપેલા હતા તેમના કલ્યાણાર્થ ભગવાને સ્વચરણસ્પર્શવાળી માટી તે બાળકોને આપી) તે માટી બાળકોએ ખાધી છે એમ ભાવ છે. આ પ્રમાણેના સમ્બોધન વડે પોતે કહેલ વાત જ પ્રામાણિક છે, ગોપીઓ-બલરામજી-વ્રજવાસી બાળકો વગેરેની વાતો અપ્રામાણિક છે તે કહે છે (આ) બધા જ મિથ્યા બોલી રહ્યા છે. આ રીતે શ્રીવલ્લભાચાર્યજીના મતે મેં માટી નથી ખાધી એ વાકય સર્વથા સત્ય છે-બીજાઓના વાકયો મિથ્યા છે. તેમજ માટી ખનાર બાળકો છે, ભગવાને તો તેમને માટી આપી છે અને તે પણ તેમના કલ્યાણાર્થે.

આ બે મહાનુભાવોની જગ્યાએ જો કોઈ આધુનિક મેડીકલ સાયન્સ ભણેલો અને તેમાં નિષ્ઠાવાળો વ્યક્તિ ભગવાનના આ ચરિત્રને કહે યા લખે તો એમ જ કહેશે લખશે કે બાળકમાં જ્યારે કેલ્શિયમની ઊણપ હોય છે ત્યારે બાળક માટી ખાવા પ્રેરાય છે તેથી તેવી ઊણપને કારણે કૃષ્ણે માટી ખાધી. એક વખત (ઈ.સ.૧૯૬૬માં) હું ઉદયપુર (રાજસ્થાન) ગયો હતો ત્યારે ત્યાં એક વિદ્વાને મને કહ્યું કે ભગવાનને માખણ આટલું બધું પ્રિય એટલા માટે હતું કારણ કે પૂતનાના પ્રસંગમાં ભયાનક વિષ ચોપડેલા પૂતનાના સ્તનોનું કૃષ્ણે પાન કર્યું તેમ છતાં તેમની જીવન હાનિ તો ન થઈ પરન્તુ વિષની અતિશય ઉષ્ણતા અને ઉગ્રતા શરીરમાં વધી જવાથી તેની શાન્તિ અર્થે શ્રીકૃષ્ણને માખણ અતિપ્રિય હતું. આ રીતે એક જ ચરિત્રને પોતાના મનમાં પડેલા ભગવાન માટેના ભાવો અને પોતાની માનસિક-બૌદ્ધિક-સ્થિતિના આધારે અલગ-અલગ રૂપે ચરિત્ર મૂલવવામાં આવે છે. આમ ભગવત્ ચરિત્રને જુદા-જુદા ભાવવાળાઓ પોત-પોતાની માનસિક-બૌદ્ધિક વાસ્તવિકતાના આધાર પર જે કહે-લખે છે તેમના અનેકોમાંથી સારાંશ રૂપ છ ભેદો શ્રીઆચાર્યચરણે છ સમુદ્રના દૃષ્ટાન્તથી જણાવ્યા છે અને આ છએ પ્રકારો પૂર્વશ્લોકમાં કહેવાયેલ **શેષ વગેરે પૂર્ણ ભગવદીયોથી** જુદા છે એમ જાણવું ॥ ૧૫ ॥

* * * * *

શ્લોક - ૧૬ તથા ૧૭

गुणातीततया शुद्धान् सच्चिदानन्दरूपिणः ॥ १६ ॥
सर्वानेव गुणान्विष्णोर्वर्णयन्ति विचक्षणाः ।
तेऽमृतोदाः समाख्यातास्तद्वाक्पानं सुदुर्लभम् ॥ १७ ॥

અન્વય :- ये – જે, **विचक्षणाः** – સર્વજ્ઞ-બુદ્ધિમાનો, **गुणातीततया** – ગુણાતીતરૂપે (અથવા પોતાની ગુણાતીતતા વડે), **शुद्धान्** – લોક-વેદ-ગુણના મિશ્રાણ વિના) શુદ્ધ, **सच्चिदानन्दरूपिणः** – સચ્ચિદાનન્દરૂપ એવા, **विष्णोः** – વિષ્ણુના (અથવા વિષ્ણુના સચ્ચિદાનન્દાત્મક એવા), **सर्वान्** – બધા, **एव** – જ, **गुणान्** – ગુણોનું, **वर्णयन्ति** – વર્ણન કરે છે, **ते** – તેઓ, **अमृतोदाः** – અમૃતજલ (શુદ્ધોદ સમુદ્ર) સમાન, **समाख्याताः** – સારી રીતે કહેલા છે, **तत्** – તેમની, **वाक्पानम्** – વાણીનું પાન, **सुदुर्लभम्** – અત્યન્ત દુર્લભ છે ॥ **૧૭** ॥

શબ્દાર્થ - જે સર્વજ્ઞ-બુદ્ધિમાનો ગુણાતીતરૂપે (અથવા પોતાની ગુણાતીતતા વડે) લોક-વેદ-ગુણના મિશ્રાણ વિના) શુદ્ધ સચ્ચિદાનન્દરૂપ એવા વિષ્ણુના (અથવા વિષ્ણુના સચ્ચિદાનન્દાત્મક એવા) બધા જ ગુણોનું વર્ણન કરે છે તેઓ અમૃતજલ (શુદ્ધોદ સમુદ્ર) સમાન સારી રીતે કહેલા છે તેમની વાણીનું પાન અત્યન્ત દુર્લભ છે ॥ **૧૭** ॥

શ્રીકલ્યાણરાયજી - **पूर्णभगवदीयेष्वत्युत्तमान्निरूपयन्ति गुणातीततयेति । ये भगवदीयाः 'तमु स्तोतारः' 'यस्मात्क्षरमतीतोहम्' 'मन्निष्ठं निर्गुणं स्मृतम्' 'लोकवत्तु लीला कैवल्यमित्यादिश्रुतिस्मृतिपुराणन्यायैर्भगवन्नामरूपधर्माणां गुणातीतत्वं निश्चित्य भगवन्नाम सच्चिदानन्दात्मकं, भगवान् क्षराक्षरातीतः पुरुषोत्तमो, भगवन्निष्ठं सर्वं निर्गुणं, भगवतो लोकवदपि या लीला**

सैव कैवल्यं मोक्षः फलरूपा गुणातीता स्मरणादिनान्येषां मोक्षसाधिका चेत्येवं निरूपणेन विष्णोः पुरुषोत्तमस्य सर्वानेव गुणान्नवनीतादिचौर्यगोचारणवेणुवादनगोवर्धनोद्धरणादीनपि शुद्धान्गुणातीतत्वेन मायासंबन्धरहितान्नित्यान्सच्चिदानन्दरूपवतो वर्णयन्ति तेऽमृतोदाः सुधासमुद्रतुल्याः समाख्याताः कथितास्तेषां भावः सुधातुल्य इत्यर्थः । ते भगवच्चौर्यादिप्रयोजनज्ञातारो, यतो विचक्षणाः, ततस्तद्वाक्यानां तेषां वचनामृतस्य पानमन्तर्निवेशनं तत उपदेशग्रहणं सादरश्रवणं च सुदुर्लभं सुतरां दुःप्रापम् । अत एव नामस्वरूपज्ञानार्थमेतादृशानामुपदेष्टृणामुपसत्तिः कार्येत्याशयेनाह श्रुतिः 'महस्ते विष्णो सुमतिं भजामहे' इति । ते त्वत्संबन्धिनं सुमतिं निर्दोषपूर्णगुणत्वेन भगवन्तं जानन्तं भगवद्भक्तमित्यर्थः । अत एव तत्त्वसागरेप्युक्तं 'दुर्लभे सद्गुरूणां तु स्यात्तत्सङ्ग उपस्थिते । तदनुज्ञा यदा लब्धा स दीक्षावसरो महानि'ति । अत एव नित्यानन्दमयपुरुषोत्तमत्वेन भगवत्स्वरूपाज्ञाने ज्ञानकर्मादिकं व्यर्थमित्याह 'भगवानवजानन्ति मां मूढा' इत्यारभ्य 'प्रकृतिं मोहिनीं श्रिता' इत्यन्तेन । नित्यानन्दमयपुरुषोत्तमत्वेन भगवज्ज्ञाने सर्ववित्त्वं सर्वभावेन स्वभजनं चोक्तं भगवता 'यो मामेवमसंमूढ' इति श्लोकेन' ।

અર્થાત્ - (આભાસ)- પૂર્ણ ભગવદીયોમાં અતિ ઉત્તમ એવાઓનું નિરૂપણ કરે છે **गुणातीततया** વગેરે વાક્યોથી. **(વ્યાખ્યાન) -** જે ભગવદીયો **'સ્તુતિ કરનારાઓ તેને'** (ૠગ્વેદ ૧-૧૫૬-૩), **જેથી કરીને હું અક્ષરથી અતીત છું** (ગીતા ૧૫-૧૮), **મારામાં નિષ્ઠાવાળું નિર્ગુણ કહ્યું છે (ભાગ.૧૧-૨૫-૨૪) ભગવાનની લોકવત્ ક્રિયા તેમની લીલામાત્ર છે** (બ્ર.સૂ.૨-૧-૩૩) વગેરે શ્રુતિ-સ્મૃતિ-પુરાણોના ન્યાયે ભગવાનના નામ, રૂપ, ધર્મોનું ગુણાતીતપણું નિશ્ચય કરીને ભગવન્નામ

સચ્ચિદાનન્દાત્મક છે, ભગવાન ક્ષર અને અક્ષરથી અતીત પુરુષોત્તમ છે, ભગવન્નિષ્ઠ બધુંજ નિર્ગુણ છે, ભગવાનની લોકસમાન જે લીલા તે જ કૈવલ્ય-મોક્ષ છે તે ગુણાતીતા લીલા સ્મરણ વગેરે વડે ફલરૂપા છે, તેમજ તેથી અલગ બીજાઓને માટે મોક્ષને સાધનારી છે એ પ્રકારે નિરૂપણ વડે વિષ્ણુ-પુરુષોત્તમના બધા જ ગુણોને માખણચોરી-ગોચારણ-વેણુવાદન-ગોવર્ધન ઉદ્ધરણ વગેરે શુદ્ધને પણ ગુણાતીતપણાએ કે જે માયા સમ્બન્ધથી રહિત છે, નિત્ય છે તથા તે સચ્ચિદાનંદરૂપ છે એમ વર્ણન કરે છે તેઓ **અમૃતોદ** (અમૃતના સમુદ્ર) સુધા-સમાન સારી રીતે કહેવાયા છે, તેમનો ભાવ સુધા સમાન છે એમ અર્થ છે. તે લોકો ભગવાન વડે ચોરી કરવી વગેરેના પ્રયોજનને જાણનારા હોય છે તેથી તે લોકો વિચક્ષણ છે, તેથી તેમના વાક્યોનું-તેમના વચનામૃતોનું પાન એટલે કે તેને હૃદયંગમ કરવું, તેમનાથી ઉપદેશ ગ્રહણ કરવો, તેમનું આદરપૂર્વક શ્રવણ કરવું સુદુર્લભ એટલે કે સુતરાં અતિકષ્ટે પ્રાપ્ત કરી શકાય તેવું હોય છે, તેથી જ નામ સ્વરૂપના જ્ઞાન અર્થે આવા પ્રકારના ઉપદેશ આપનારાઓની સમીપમાં રહીને તેમનો આશ્રય કરવો જોઈએ એ આશયથી શ્રુતિ કહે છે - **'હે વિષ્ણુ! તમારી સુમતિ - તમને નિર્દોષ-અલૌકિક ગુણયુક્ત જાણનારા એવા સુમતિ-ભક્તનું ભજન કરીએ છીએ'** (ઋગ્વેદ ૧-૧૫૬-૩) એટલે કે તમારા સમ્બન્ધવાળા એવા **સુમતિ** એટલે કે ભગવાન નિર્દોષ પૂર્ણગુણવાળા છે એમ જાણનારા ભગવદ્ ભક્તો એમ અર્થ છે. તેથી જ તત્ત્વસાગર માં પણ કહ્યું છે - **દુર્લભ એવા સદ્ગુરુનો જ્યારે સંગ-સમાગમ પ્રાપ્ત થાય ત્યારે તેમની દીક્ષા માટેની અનુજ્ઞા પ્રાપ્ત થાય તે જ દીક્ષા ગ્રહણ કરવાનો મહાન અવસર છે.** તેથી જ ભગવાનનું સ્વરૂપ નિત્ય આનન્દમય પુરુષોત્તમ છે એમ અજ્ઞાન હોતાં જ્ઞાન-કર્મ વગેરે બધું જ વ્યર્થ છે એમ ભગવાન કહે છે - **મને મૂઢ લોકો જાણતા નથી** ત્યાંથી આરંભી **જે આ પ્રકારે મોહિત થયેલા છે** (ગીતા. ૯-૧૧,૧૨) સુધીમાં કહ્યું છે. નિત્ય-આનન્દમય-પુરુષોત્તમ સ્વરૂપે ભગવજ્જ્ઞાન હોતાં **'જે મને આ પ્રમાણે અસંમૂઢ જાણે છે તે સર્વ જાણેલો છે-તે સર્વભાવે મારું ભજન કરે છે'** (ગીતા. ૧૫-૧૯) એમ ભગવાને કહ્યું છે ॥ ૧૭ ॥

શ્રીપુરુષોત્તમજી - **एवं षट् समुद्रतुल्यान् भगवदीयानुक्त्वा सर्वत उत्तमान् सप्तमानाहुः गुणातीततयेत्यादि । स्वस्य गुणातीततया शुद्धान् लोकवेदगुणामिश्रान् सच्चिदानन्दरूपिणः सच्चिदानन्दात्मकान् विष्णोरित्यस्य वा विशेषणं, तथा च सच्चिदानन्दरूपिणो विष्णोः, तादृशान् शुद्धान् सर्वान् गुणान् स्वयं गुणातीततया विचक्षणाः सर्वज्ञातारः सन्तो ये वर्णयन्ति, ते अमृतोदाः शुद्धोदसमुद्रतुल्याः सम्यक्प्रकारेण आख्याताः कथिताः । अतस्तादृशां भावो गुणातीत एवेति । तत्र भगवद्गुणा अपि स्वस्य यथावत्स्वरूपतया प्रकाशमाना भवन्तीति तेषां संगो दुर्लभ इति तद्वाक्यानां तेषां या वाचस्तासां स्वान्तःप्रवेशनं सुतरां दुर्लभमित्यर्थः । अत्र शुद्धोदा इत्यनुक्त्वा यदमृतोदा इत्युक्तं तेन श्वेतद्वीपादिपरिखाभूतावरण्याख्यौ 'अरश्च ह वैण्यश्चार्णवौ ब्रह्मलोके' इति श्रुत्युक्तौ 'अरनामामृतांभोधिर्ण्यनामामृतसागर' इति वाराहपुराणोपबृंहितौ समुद्रावपि संगृहीतौ ज्ञेयौ । किञ्च, कूप्याभ्य इत्यादि श्रुतौ सर्वाभ्यः स्वाहेति समाप्तावुक्तम् । तत्र सर्वशब्दस्य पूर्वोक्तसंग्राहकत्वे अपां ऊनविंशति भेदा एव भवन्तीत्यभिप्रेत्य सर्वशब्दस्य समुद्रजल एव निवेशः कृतः । एतदभिप्रायेणैव 'नद्यः प्रसन्नसलिला' इत्यस्य सुबोधिन्यामापो बहुविधा एकोनविंशति भेदा' इत्युक्तम् । न च पूर्वं शेषादीन् सप्तोक्त्वा ततो लोकेत्यादि सार्धद्वयेन समुद्रविभागस्योक्तत्वाच्छेषादय एव सप्तात्र ग्राह्याः, नेतर इति शंक्यम् । तत्र यथायथं क्रमेण ग्रहणे शेषव्यासयोः क्षारदधिमण्डोदतुल्यत्वापत्त्या प्रतिलोमग्रहणे च मैत्रेयनारदयोस्तथात्वापत्त्या निकर्षापत्तेः । अतस्तत्राद्यशब्दोक्ता इतर एव किञ्चित्तद्धर्मसाम्येन षड् ग्राह्याः ।**

तेन पूर्वोक्ताः सप्तामृतोदेष्वेव प्रविशन्तीति मम प्रतिभाति ॥ १७ ॥

અર્થાત્ - (આભાસ) - આ પ્રમાણે છ સમુદ્ર સમાન ભગવદીયોને જણાવીને સર્વથી ઉત્તમ એવા સાતમા પ્રકારને કહે છે -**‘ગુણાતીતતયા’** વગેરે વાક્યોથી. **(વ્યાખ્યાન)** જે ભગવદીય પોતે ગુણાતીત હોઈ લોક-વેદ-ગુણથી અમિશ્ર એવા સચ્ચિદાનન્દરૂપ - સચ્ચિદાનન્દાત્મક ગુણોને ગાય છે, અથવા **‘સચ્ચિદાનંદરૂપિણઃ’** એ **વિષ્ણોઃ**નું વિશેષણ લઈએ ત્યારે સચ્ચિદાનંદરૂપ એવા વિષ્ણુના તેવા શુદ્ધ સર્વ ગુણોને ગાય છે - પોતે ગુણાતીત હોઈ વિચક્ષણ અને સર્વ જાણનાર હોઈ જે ગુણો વર્ણવે છે તે લોકો **‘અમૃતોદાઃ’** એટલે કે શુદ્ધોદ (મીઠા જળના સમુદ્ર) સમાન સારી રીતે કહેવાયેલા છે. તેથી તેમનો ભાવ પણ ગુણાતીત જ છે. તે લોકોમાં ભગવાનના ગુણો પણ પોતાના યથાવત્ સ્વરૂપમાં પ્રકાશિત થાય છે તેથી તેવાઓનો સંગ **દુર્લભ** એટલે કે તેમના વાક્યોનો - જે તેમની વાણી તેનો પોતાના હૃદયમાં પ્રવેશ થવો સુતરાં દુર્લભ છે એમ અર્થ છે. અહીં **શુદ્ધોદ** એમ નહીં કહી **અમૃતોદ** એમ કહ્યું છે તેથી કરીને શ્વેતદ્વીપની ચારે બાજુ ફેલાયેલ **‘અર’** અને **‘ણ્ય’** નામના **‘અર અને ણ્ય નામના બે સમુદ્રો બ્રહ્મલોકમાં છે’** એમ શ્રુતિમાં કહેલા તેમજ **‘અર નામક અમૃતનો સમુદ્ર અને ણ્ય નામના અમૃતસાગર છે’** એમ વારાહ પુરાણમાં કહેવાયેલા બે સમુદ્રોનો પણ અહીં સંગ્રહ કરેલો જાણવો. વળી, **‘કૂપ્યાભ્યઃ’** વગેરે શ્રુતિમાં **‘સર્વાભ્યઃ સ્વાહા’** એમ સમાપ્તિમાં કહ્યું છે. ત્યાં સર્વ શબ્દને પૂર્વોક્ત ભાવોમાં મેળવતાં જળના ઓગણીસ જ ભેદો થાય છે તે અભિપ્રાયે સર્વ શબ્દનો સમુદ્રજલમાં જ નિવેશ કરાયો છે. આ અભિપ્રાયથી જ **‘નદ્યઃ પ્રસન્ન સલિલા’** (ભાગ.૧૦-૩-૩) આની સુબોધિનીમાં **‘જળ અનેકવિધ ઓગણીસ ભેદે છે’** એમ કહ્યું છે. અહીં એવી શંકા ન કરવી જોઈએ કે પૂર્વમાં શેષ-વ્યાસ વગરે સાતને જણાવીને ત્યાર બાદ **‘લોક-વેદ-ગુણૈઃ’** વગેરે વાક્યોથી અઢી શ્લોક દ્વારા સમુદ્રના વિભાગને કહેલા હોવાથી સાત સમુદ્રોમાં શેષ-વ્યાસ વગેરે સાતને જ સમજવા જોઈએ ? જો આ ભગવદીયોની તુલના અનુક્રમે સમુદ્ર સાથે સરખાવવામાં આવે ત્યારે શેષ અને

વ્યાસની ખારા પાણીના અને દહીં મઠાના સમુદ્ર સાથે તુલના કરવાની અનુચિત આપત્તિ પ્રાપ્ત થાય છે અને જો ઊંધા ક્રમે લેવામાં આવે તો મૈત્રેય અને નારદની ખારા પાણીના અને દહીના મઠાના સમુદ્ર સાથે તુલના કરવાની અનુચિત આપત્તિ આવી પડે છે. તેથી ત્યાં **‘આદ્ય’** શબ્દ વડે કંઈક કંઈક ધર્મના સામ્યે બીજા જ છ ગ્રહણ કરવા જોઈએ. અતઃ પૂર્વમાં કહેવાયેલા સાતે ભગવદીયોનો સમાવેશ અમૃતોદમાં જ થાય છે એમ મને લાગે છે ॥ ૧૭ ॥

શ્રીવલ્લભજી - अतः परं लोकवेदातीतः साधनासाध्यो भगवद्दानेनैवोत्पद्यते, नान्यथेत्येतादृशोपि कश्चन भावो वर्तत इति स्वकीयानां ज्ञापनार्थं कृपया तादृशभावस्य यथार्थस्वरूपं वदन्त एकविंशमपि भावं लक्षयन्ति । ये पुनर्विष्णोर्व्यापकस्य रसात्मकस्य च भगवतः सर्वे गुणाः, लोकानुसारिणो बालचरित्रादयो, वेदानुसारिणो माहात्म्यप्रतिपादकाः ब्रह्मधर्माः गुणानुसारिणः स्थित्युद्भवप्रलयरूपाः रसात्मकलीलारूपाश्च, गुणातीता एव शुद्धा दोषरहिता निर्विकाराः सच्चिदानन्दरूपिणः सन्तीति मन्यन्ते, ते भक्ता अमृतोदतुल्याः, यथा अमृतस्य षड्रसात्मत्वेपि मधुरत्वमेवैवं भगवद्धर्माणामपि तत्तद्रूपत्वेपि सच्चिदानन्दरूपत्वमेव, न त्वन्यथा। यथा स्वरूपमानन्दरूपं रसात्मकम्, तथा गुणा अपीति निरूपितम्। किञ्च, समुद्रस्यामृतरूपत्वेनान्येभ्यो विशेष आधिक्यं दूरत्वमगाधत्वं मरणादिदोषनिवर्तकत्वं देवोत्तमैरेव भोग्यत्वं चोक्तं यथा, तथैते धर्माअप्येतावद्धर्मवन्त एतदधिकारिभिरेव भोग्या इति सूचितम् । अत एवाधिकारिविशेषणं विचक्षणा इत्युक्तम् । तथा चोक्तं ‘मुहुरहो रसिका भुवि भावुकाः’ इति । अत एव रसिकजनानुभवैकवेद्यत्वादेते भावाः सर्वोत्तमाः । तादृग्भाववन्तो भक्ता अपि सर्वोत्तमा इति सर्वोत्तमाद्युक्तस्वरूपाग्रेः कथनमेतेषु

युक्तम्, न तु पूर्वोक्तेषु शेषादिषु सर्वसाधारणत्वात् । अतस्तत्राग्निशब्दस्य तथा निरूपणं कृतम् । यद्यग्निशब्दस्य कश्चनान्योप्यर्थो भवेत्तदा स एवोत्तमः, नास्माकं तत्राग्रहः । यथा विरोधो न भवेत्तथा ग्रन्थार्थो व्याख्येय इति भावः । एवं स्वतन्त्रभक्तिभावस्वरूपनिर्देशमपि कृत्वा तस्य दुर्लभत्वमाहुः तद्वाक्पानं सुदुर्लभमिति । अत एव 'भक्तिः स्वतन्त्रा शुद्धा च दुर्लभेत्यु'क्तत्वादत्रापि ते भावा नोच्यन्ते इति भावः । अत एव 'शुद्धा प्रेम्णातिदुर्लभा' इत्यप्युक्तम् ॥ १७ ॥

અર્થાત્ - (આભાસ) - હવે પછી લોકવેદાતીત અને સાધનોથી અસાધ્ય તથા ભગવાન દાન કરે ત્યારે જ પ્રકટ થાય, બીજા કોઈ રીતે નહીં તેવો પણ કોઈક ભાવ છે એમ પોતાના નિજજનોને જ્ઞાપન કરાવવા અર્થે કૃપાપૂર્વક તેવા ભાવનું યથાર્થ સ્વરૂપ જણાવતાં એકવીસમાં પ્રકારના ભાવને કહે છે. **(વ્યાખ્યાન)** - વળી જે લોકો **'વિષ્ણોઃ'** એટલે કે વ્યાપક અને રસાત્મક ભગવાનના સર્વ ગુણો લોકાનુસારી બાલચરિત્ર વગેરે, વેદાનુસારી માહાત્મ્યનું પ્રતિપાદન કરનારા બ્રહ્મધર્મો, ગુણાનુસારી ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલયરૂપના, રસાત્મક લીલારૂપ એ બધા જ ગુણાતીત જ શુદ્ધ-દોષરહિત-વિકાર વિનાના-સચ્ચિદાનંદરૂપ જ (ગુણો) છે એમ માને છે તે ભક્તો અમૃતોદ (અમૃતના સમુદ્ર) સમાન છે, જેમ અમૃતનું ખડ્ રસાત્મક (ખાટું-ખારું વગેરે) હોઈને પણ એનું મધુરપણું જ છે, તેમ ભગવદ્ધર્મો પણ તે - તે રૂપના હોઈને પણ એની સચ્ચિદાનંદરૂપતા જ છે, અન્યથા રૂપ નથી. જેમ સ્વરૂપ આનન્દરૂપ રસાત્મક છે, તેમ ગુણો પણ આનન્દરૂપ રસાત્મક છે એમ નિરૂપણ કર્યું છે. વળી જેમ સમુદ્ર અમૃત હોવાથી બીજાઓથી (બીજા સમુદ્રોથી) વિશેષ અધિકપણું દૂરદૂર સુધી ફેલાયેલો, અગાધ, મરણ વગેરે દોષનું નિવારણ કરનાર, ઉત્તમ દેવો વડે જ ભોગ કરવા યોગ્ય કહેવાયો છે, તેમ આ ધર્મો પણ ઉપર કહેલા (ગુણાતીત-શુદ્ધ-સચ્ચિદાનંદરૂપ) ધર્મવાળા આના અધિકારીઓ વડે જ ભોગ કરવા-

અનુભવવા યોગ્ય હોય છે એમ સૂચિત કર્યું છે. તેથી જ અધિકારીના વિશેષણમાં **'વિચક્ષણો'** એમ કહ્યું છે. આ જ વાત **'ભૂતલ પર રસિકજનો-ભાવુકો વારંવાર ભાગવતરૂપ રસનું પાન કરે'** (ભાગ.૧-૧-૩) એમ કહ્યું છે. તેથી જ રસિકજનોના જ અનુભવ વડે જાણી શકાય તેવા આ ભાવો સર્વોત્તમ છે. તેવા પ્રકારના ભાવવાળા ભક્તો પણ સર્વોત્તમ છે તેથી સર્વોત્તમ સ્તોત્ર વગેરેમાં કહેવાયેલ (શ્રીઆચાર્યચરણનું) અગ્નિ સ્વરૂપ આ સ્થળે (અમૃતોદ સ્થળે) કહેવું યોગ્ય છે, નહીં કે પૂર્વમાં કહેવાયેલ શેષ-વ્યાસ વગેરેમાં માનવું યોગ્ય છે. કારણ કે તે ભગવદીયોનું તો સર્વ સાધારણપણું હોવાથી. તેથી જ અમે ત્યાં અગ્નિ શબ્દનું નિરૂપણ સર્વસાધારણ રૂપમાં જ કર્યું છે. યદિ અગ્નિ શબ્દનો કોઈક બીજો પણ અર્થ થતો હોય ત્યારે તે જ ઉત્તમ છે, તેમાં અમારો કોઈ હઠાગ્રહ નથી. જે રીતે વિરોધ ન આવે તે પ્રકારે ગ્રન્થના અર્થનું વ્યાખ્યાન કરવું જોઈએ એમ ભાવ છે. આ પ્રમાણે સ્વતંત્ર ભક્તિના ભાવના સ્વરૂપનો નિર્દેશ કરીને તે ભાવની દુર્લભતાને કહે છે **'તેમનું વાક્પાન સુદુર્લભ છે.'** તેથી જ **'ભક્તિ સ્વતંત્ર, શુદ્ધ, દુર્લભ છે તે અહીં કહેવામાં આવતી નથી'** (સર્વનિર્ણય પ્ર. -) એમ કહ્યું હોવાથી અહીં પણ તે ભાવો કહેવામાં નથી આવ્યા એમ ભાવ છે. તેથી જ **'પ્રેમ વડે શુદ્ધ અતિદુર્લભ છે'** (પુષ્ટિપ્રવાહ મર્યાદા ભેદ) એમ ત્યાં કહ્યું છે ॥ ૧૭ ॥

શ્રીબાલકૃષ્ણજી - **पूर्णभगवदीयेषु मुख्यान्निरूपयन्ति गुणातीततयेति । ये गुणातीतभावनाशुद्धाः केवलं सच्चिदानन्दरूपिणो भगवद्रूपाः गुणा इति ये सर्वानेव गुणान् न्यूनाधिकाभावेन सर्वान् एव, श्रीयशोदायामाविर्भावमारभ्य रासोत्सवप्रभृत्यानृतपर्यन्तं विष्णोर्व्यापकस्य सर्वत्र तत्तद्रूपस्य ये वर्णयन्ति विचक्षणाः भगवल्लीलादिकरणरसज्ञातारः ते अमृतोदाः समाख्याताः सम्यक् प्रकारेण कथिताः । तेषां भावः सुधासम इति भावः । यथा सुधायाः अमृतसम्पादकत्वं देवभोग्यत्वं**

तथा एतेषां भावस्यापि भगवत्सेवायोग्यदेहसम्पादकत्वं भगवद्भोग्यत्वं तदितराभोग्यत्वं चेति भावः । एतादृशानां तद्वाक्पानं तेषां वचनामृतस्य पानं श्रवणं सादरं मनसा ग्रहणं अन्तर्निवेशनं सुदुर्लभं सुतरां दुष्प्राप्यं, सुदुर्लभत्वोक्त्या तत्सङ्गस्य भगवत्प्रापकत्वमुक्तमिति भावः । अत एव भगवतोक्तं 'सत्सङ्गेनैवे'त्यारभ्य 'सिद्धा मामीयुरञ्जसे'त्यन्तेन, 'अधीते' इत्यारभ्य 'सत्सङ्गान्मामुपागत' इत्यन्तं च ।

અર્થાત્ - (આભાસ) પૂર્ણ ભગવદીયોમાં મુખ્યોનું નિરૂપણ કરે છે **'गुणातीतया'** વગેરે વાક્યોથી. **(વ્યાખ્યાન) -** ભગવાનના સર્વ ગુણો ગુણાતીત ભાવનાત્મક શુદ્ધ અને કેવલ સચ્ચિદાનંદરૂપ ભગવદ્રૂપ ગુણો છે (એમ જાણી) જે ભગવાનના બધા જ ગુણોને, નહીં કે કોઈકને ન્યૂન અને કોઈકને અધિક ભાવે જાણી, બધા જ શ્રીયશોદા સમીપે ભગવાનના આવિર્ભાવથી આરંભી રાસોત્સવ વગેરેના નૃત્ય પર્યન્ત **'વિષ્ણોઃ'** એટલે વ્યાપકના સર્વત્ર તે-તે રૂપને જે વર્ણવે છે તેવા **'વિચક્ષણાઃ'** એટલે ભગવાનની લીલા વગેરે કરણને જાણનારાઓ તેઓ અમૃતોદ રૂપે સારી રીતે કહેવાયેલા છે. તેમનો ભાવ સુધા સમાન છે એમ ભાવ છે. જેમ સુધા અમૃતનું સમ્પાદન કરે છે અને તે દેવભોગ્ય છે તેમ આમનો ભાવ પણ ભગવત્સેવાને યોગ્ય દેહનું સમ્પાદન કરનાર અને શ્રવણ કરનારને ભગવદ્ભોગ્ય બનાવે છે અને બીજાઓ માટે તેને અભોગ્યપણાનું સમ્પાદન કરે છે એમ ભાવ છે. આવા લોકોનું **'તદ્વાક્પાનમ્'** તેમના વચનામૃતનું પાન, શ્રવણ, આદરસહિત મન વડે ગ્રહણ કરવું. તેનો હૃદયમાં નિવેશ થવો, **'સુદુર્લભ'** એટલે કે સુતરાં દુષ્પ્રાપ્ય છે, સુદુર્લભ પણું કહ્યું હોવાથી આવાઓનો સંગ પણ ભગવાન પ્રાપ્ત કરાવે ત્યારે જ શક્ય છે એમ ભાવ છે. તેથી જ ભગવાને કહ્યું છે કે **'સત્સંગ વડે જ'** થી આરંભી **'ખૂબ જ શીઘ્રતાથી મને પ્રાપ્ત થયા છે'** (ભાગ. ૧૧-૧૨-૩ થી ૭) પર્યન્તમાં તેમજ **'અધીત'** થી આરંભી **'સત્સંગથી જ મને પ્રાપ્ત થયા છે'** (ભાગ.૧૧-૧૨-૭) પર્યન્તમાં કહ્યું છે ॥ ૧૭ ॥

વિવરણ - પૂર્વમાં કહેવાયેલ પૂર્ણ ભગવદીયોમાં પણ જે સર્વોત્તમ છે એટલે કે જેને પુષ્ટિપ્રવાહમર્યાદાગ્રન્થમાં **'शुद्धा प्रेम्णातिदुर्लभाः'** પ્રેમ વડે જ જેમનો અતિશુદ્ધ-જેમનો ભાવ અતિશુદ્ધ છે તેવાઓ અતિદુર્લભ હોય છે એવા પ્રકારના લોકો અમૃતોદ-અમૃતના સમુદ્ર સમાન કહેવાયેલા છે. પ્રેમ વડે જ અતિશુદ્ધ એટલે **'तस्य प्रियमेव शिरः'** એમ તૈત્તિરીય ઉપનિષદ્માં કહ્યા મુજબ પ્રેમ એ રસાત્મક બ્રહ્મનો ધર્મ છે. **'प्रिञ्'** ધાતુને **'इमनिच्'** પ્રત્યય લાગી પ્રેમ શબ્દ બને છે તેથી પ્રિયતા એટલે પ્રેમ એ રસાત્મક ભગવાનનો ભગવદ્ધર્મ છે. અતઃ રસાત્મક પ્રભુ પ્રેમરૂપ રસાત્મક ધર્મ સ્વરૂપે જેના હૃદયમાં ભાવરૂપે વ્યાપ્ત થાય છે ત્યારે જેમ અગ્નિમાં ગયેલી કોઈ પણ વસ્તુમાત્રને તેના ધર્મ-સ્વરૂપને દૂર કરી અગ્નિ ધર્મવાળી-અગ્નિ સ્વરૂપ બનાવી દે છે તેમ પ્રેમરૂપ રસાત્મક ધર્મની વ્યાપ્તિ વડે તે પ્રેમ જ તેમનામાં રહેલી અશુદ્ધિઓ -પ્રાકૃત ગુણરૂપતાને દૂર કરી રસાત્મક બનાવી દે છે તેવા અપ્રાકૃત-અલૌકિક-રસાત્મક ભાવ અને સ્વરૂપવાળા જે છે તે અમૃતોદ છે. ભગવાન પોતાના જે સ્વરૂપે-ધર્મે જેનામાં વ્યાપ્ત થાયછે તે તે સ્વરૂપ અને ધર્મવાળો થાય છે. તેથી જ તૈત્તિરીય આરણ્યકમાં **'तस्मात् पुरुषो यन्मनसाभिगच्छति तद्वाचा वदति तत्कर्मणा करोति'** પુરુષ-જીવ મન વડે જ્યાં જાય છે તે જ વાણી વડે બોલે છે અને તે મુજબના જ કર્મોને કરે છે એમ કહ્યું છે. એટલે કે વ્યક્તિના વાણી અને ક્રિયાના વિષયોનું મૂલ મનમાં રહેલું હોય છે. સચ્ચિદાનન્દ ભગવાન જ્યારે પોતાના ચિદ્ અને આનંદનો તિરોભાવ કરીને ભાવરૂપે સદ્ સ્વરૂપે કોઈમાં વ્યાપ્ત થાય છે ત્યારે તે ભગવદ્ભાવવાળો બનીને પણ તે માત્ર આ ભગવાનની લોકવત્ ક્રિયા છે એટલું જ હૃદયથી અનુભવી શકે છે યા જાણી શકેછે કિન્તુ તેનું તાત્પર્ય વાસ્તવિક સ્વરૂપ અનુભવી નથી શકતો. જ્યારે ભગવાન કોઈમાં ભાવરૂપે ચિદ્ સ્વરૂપે વ્યાપ્ત થાય છે ત્યારે તે વેદ-શાસ્ત્રમાં બતાવ્યા અનુસાર બ્રહ્મ એટલે સર્વત્ર વ્યાપક રૂપે લૌકિક-અલૌકિક ભેદરહિત

ભગવાન જ ક્રીડા કરી રહ્યા છે, જેમ નરસિંહ મહેતાએ ગાયું **'બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે'** એમ અનુભવનારો થાય છે અને જ્યારે કોઈમાં ભગવાન પોતાના પૂર્ણ આનન્દ સ્વરૂપે ભાવમાં વ્યાપ્ત થાય છે ત્યારે તે ભગવાનની કોઈ પણ કૃતિ-કોઈ પણ વાણીને આનન્દ-રસ સ્વરૂપમાં અનુભવનારો થાય છે, જેમ **'નાગરી દાન દે' 'સૂર ખવૈયો ધીકો' 'મૈયા મોહે દાઉ બહુત ખિજાયો' 'નન્દદાસ વે ક્યોં નહીં આવત ઉનકે પાયન કછુ મેંદી દઈ રી' 'કબહુ આપ સંગ મિલ ઝુલે કબહુ ઉતરી ઝુલાવે હો, ભોજન કર દોઉ થાર એક ઝારી દોઉ મિલ ખાય ખવાવે હો'** વગેરે કીર્તન સાહિત્યમાં જણાવેલા ભાવોને અનુભવનારો થાય છે. અતઃ પૂર્ણ ભગવદીયો એટલે ભગવાનની ભાવરૂપે જેમનામાં વ્યાપ્તિ છે તેવા અને અમૃતોદ એટલે જેમનામાં પૂર્ણ આનન્દ સ્વરૂપે ભગવાન ભાવરૂપે વ્યાપ્ત છે તેવા એમ બે ભેદ સમજી શકાય છે. લગભગ આ જ ભેદ મર્યાદામિશ્ર ભક્તિવાળામાં અને સર્વથી અમિશ્ર શુદ્ધ પુષ્ટિભક્તિવાળાઓ વચ્ચે રહેલો છે.

શ્રીપુરુષોત્તમજી આ સ્થળે ટીકામાં જણાવે છે કે - **'અહીં શુદ્ધોદ એમ નહીં કહી અમૃતોદ એમ કહ્યું છે તેથી કરીને શ્વેતદ્વીપની ચારે બાજુ ફેલાયેલા 'અર' અને 'ણ્ય' નામના શ્રુતિમાં કહેલા તેમજ વારાહપુરાણમાં અમૃતનો સમુદ્ર અને અમૃતનો સાગર કહેવાયેલા બે સમુદ્રોનો અહીં સંગ્રહ જાણવો'** એમાં **'અર'** શબ્દ **'ઋ'** ધાતુ પરથી અને **'અય્'** પ્રત્ય લાગી બનેલો છે અને **ઋ** ધાતુ ભ્વાદિ-જુહોત્યાદિ અને સ્વાદિ ત્રણે ગણોમાં પર. સક. છે અને એ હાલવું-ઉઠવું-પ્રાપ્ત કરવું-ઉત્તેજિત કરવું-આપવું વગેરેમાં ઉપયોગ થાય છે. અર નો અર્થ રથના પૈંડા અને નેમિ એટલે કે પરિધિના વચ્ચેની લાકડીનો થાય છે. તેથી અમૃતોદ સમાન ભાવવાળા એમ કહેતાં **'અર'** ની સાથે સરખાવવામાં આવે ત્યારે પૈંડુ એટલે આનન્દમય ભગવાનની અનેકવિધ અનન્ત લીલાઓનું ચક્ર જે સતત નિરન્તર ચાલ્યા જ કરે છે તેની નાભી મધ્યકેન્દ્ર રસાત્મક ભગવાન સ્વયં અને નેમિ એની પરિધિ એટલે લૌકિકતા યા પ્રાકૃતતાથી રહિત ત્યારે નાભિ-નેમિના વચ્ચે રહેલ હોવાથી ભગવાન અને તેમની લીલાઓને સારી રીતે જાણનારા-અનુભવનારા એવા અમૃતોદ અને **'ણ્ય'** સાથે સરખાવતાં **'નખ્'** ધાતુને **યડ્** પ્રત્યય લાગી બનેલો **ણ** શબ્દ તેને **યત્** લાગી બનેલો **ણ્ય** શબ્દ તેમાં ધાતુનો અર્થ ચાલવું થાય છે અને શબ્દનો અર્થ બ્રહ્મલોકનો એક સમુદ્ર થાય છે. તેવી જ રીતે **નખ્** ધાતુને ડ લાગી બનેલો **ણ** શબ્દ નિર્ણય-આભૂષણ-શિવ-દાન વગેરે અર્થને દ્યોતે છે. તેથી **ણ્ય** ની સમાનતાથી અમૃતોદના અર્થને લેતાં બ્રહ્મલોક એટલે પરમાનન્દ પ્રભુના ચરણારવિન્દરૂપ અક્ષર કે જે અક્ષર ગણિતાનંદ નહીં પણ અગણિતાનન્દ છે અને પરમાનન્દના આધાર રૂપ હોવાથી અક્ષર કહેવાય છે. આ ચરણારવિન્દને જ શ્રીવ્રજભક્તો પોતાના સ્તન-હૃદય પ્રદેશ પર પધરાવવા પ્રભુને પ્રાર્થના કરે છે - **'प्रणतकामदं पद्मजार्चितम्'** (ભાગ.સુબો.૧૦-૨૮-૧૩) વગેરે વાક્યોથી. એ ચરણારવિન્દ કે જેનું પ્રેમે સેવન કરનારમાં સકલ ગુણોને સ્થાપન કરનાર છે એવા ચરણારવિન્દમાં જેમની નિરન્તર ગતિ છે એવા અમૃતોદ.

શ્રીવલ્લભજીએ જણાવ્યા અનુસાર જે ભાવો લોકવેદાતીત છે, સાધનોથી અસાધ્ય છે તથા ભગવાન દાન કરે ત્યારે જ પ્રકટ થાય છે તે ભાવવાળાઓ અમૃતોદ છે' આ વાત પૂર્વમાં કહેવાઈ ગયેલ વાત સાથે સંગત થાય છે. મને એમ લાગે છે કે કઠોપનિષદ્‌માં કહેવાયેલ **'तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम्'** અર્થાત્ - આ આત્મા-આનન્દરૂપે સર્વત્ર વ્યાપ્ત આત્મા તેનું-તે જીવનું પોતાના તનુરૂપમાં વિશેષ પ્રકારે વરણ કરે છે (તેથી તનુરૂપમાં તેનું વરણ કરી તેની પાસેથી જે કરાવવા માંગે છે તે તેના દેહ-ઈન્દ્રિય-પ્રાણ-અન્તઃકરણમાં વ્યાપીને તેના પ્યારા ભગવાન જ સર્વકાર્ય કરે છે તેથી તેની કોઈ પણ કૃતિ-વાણી વગેરે તેની ન હોઈ ભગવાનની જ હોય છે. આ શ્રુતિમાં જણાવેલા દુર્લભ કૃપાપાત્ર જીવોનો આ અમૃતોદમાં સમાવેશ કરવો જોઈએ.

અહીં આ ભાવવાળાઓ માટે શ્રીઆચાર્યચરણ **વિચક્ષણ** એટલે કે જેનો અર્થ સ્પષ્ટ જોનારા એવો થાય છે. **ચક્ષ્** ધાતુ ને પૂર્વમાં **વિ** ઉપસર્ગ

લાગી ઉત્તરમાં **લ્યુટ્** પ્રત્યય લાગી **વિચક્ષણ** શબ્દ બને છે. **ચક્ષ્** ધાતુ જોવું-પ્રત્યક્ષ કરવું-કહેવું-બતાવવું વગેરે અર્થમાં પ્રયોજાય છે. તેથી સ્પષ્ટ-પ્રત્યક્ષ જોનારા અને જે જોયું અનુભવ્યું છે તે મુજબ જ કહેનારા-બતાવનારા એમ અર્થ થાય છે. વિચક્ષણ શબ્દનો ભક્તો માટેનો ઉપયોગ શ્રીભાગવતમાં પણ કરવામાં આવ્યો છે - **‘विचक्षणा यत् चरणोपसादनात् सङ्गं व्युदस्योभयतोऽन्तरात्मनः । विन्दन्ति हि ब्रह्मगतिं गतक्लमाः तस्मै सुभद्रश्रवसे नमो नमः ॥’** (ભાગ.૨-૪-૧૬) અર્થાત્ - જે વિચક્ષણ પુરુષો જેમના ચરણકમલનું શરણ ગ્રહણ કરીને પોતાના અન્તઃકરણથી આ લોક તથા પરલોકની સર્વ આસક્તિ ત્યાગીને કોઈ પણ વિશેષ આયાસ યા શ્રમ વિના જ બ્રહ્મગતિને પ્રાપ્ત કરી લે છે તેવા મંગલમય કીર્તિવાળા પ્રભુ શ્રીકૃષ્ણને વારંવાર નમસ્કાર છે. એટલે કે અન્ય કોઈ પણ પ્રકારના સાધનોનો આશ્રય નહીં કરીને સર્વ પ્રકારના સાધનોના મૂલમાં પણ એકમાત્ર ભગવાનની કૃપા જ કારણરૂપ છે તેમ સ્પષ્ટ જોનારા, સકલ બ્રહ્માંડની સર્વ સમ્પદા ભગવાનના શ્રીચરણારવિન્દમાં જ છે તેમ **‘जयति तेऽधिकं जन्मना व्रज श्रयत इन्दिरा शश्वदत्र हि’** એમ શ્રીગોપીજનોની માફક સ્પષ્ટ જોનારા અને તેથી બ્રહ્માંડની સર્વસમ્પદા-શ્રીમાંથી આસક્તિને ત્યાગીને એકમાત્ર ભગવાનમાં જ આસક્ત થયેલાઓને શ્રીભાગવત યા શ્રીશુકદેવજી **વિચક્ષણ** નામે-શબ્દે જણાવે છે. આવા જ વિચક્ષણોને શ્રીમદ્ ભાગવતના આરંભમાં **‘रसिकाः भुवि भावुकाः’** થી **રસિક** અને **ભાવુક** નામે કહ્યા છે. આવા રસિક - ભાવુકજનો જ શ્રીભાગવતનું શ્રવણ નથી કરતા તેઓ શ્રીભાગવતમાં બિરાજતું જે દ્રવિભૂત રસાત્મક ભગવત્સ્વરૂપ છે તેનું રસપાન કરનારા હોય છે. **રસિક** એટલે **‘रसः अस्य अस्ति’** એ વ્યુત્પત્તિએ **ઠન્** લાગીને **રસિક** વિશેષણ બને છે. જેનો અર્થ રસને જાણનાર-રસને ચાખનાર-રસનો પારખી વગેરે થાય છે. અને **ભાવુક** એટલે **ભૂ (ભવને)** ધાતુને **ઉકઞ્** લાગીને **ભાવુક** વિશેષણ બને છે જેનો અર્થ થાય છે સમૃદ્ધ-પ્રસન્ન-ગુણગ્રાહી વગેરે થાય છે. આ બન્ને શબ્દોની **વિચક્ષણ** શબ્દ સાથે સંગતિ કરી વિચારવામાં આવે ત્યારે રસને-

આનન્દને જાણનારા-રસને ચાખનારા-રસને પરખવાની શક્તિવાળા રસભાવથી સમૃદ્ધ-ભગવદ્રસમાં જ પ્રસન્નતાવળા-ભગવાનની સર્વ પ્રકારની લીલામાં ગુણ એટલે કે રસને ગ્રહણ કરનારા થાય છે. તેથી જ શ્રીઆચાર્યચરણ જલભેદમાં આ સ્થળે **‘પોતે ગુણાતીત હોઈ લોક-વેદ ગુણથી અમિશ્ર એવા સચ્ચિદાનન્દરૂપ-સચ્ચિદાનન્દાત્મક ગુણોને ગાય છે, વર્ણવે છે.’** એમ જણાવ્યું છે. આની જ સ્પષ્ટતા શ્રીવલ્લભજીએ પોતાની ટીકામાં કરી છે કે **‘વ્યાપક અને રસાત્મક ભગવાનના સર્વ ગુણો લોકાનુસારી બાલચરિત્ર વગેરે, વેદાનુસારી માહાત્મ્યનું પ્રતિપાદન કરનારા બ્રહ્મધર્મો, ગુણાનુસારી ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલયરૂપના, રસાત્મક લીલારૂપ એ બધા જ ગુણાતીત જ શુદ્ધ-દોષરહિત-વિકાર વિનાના-સચ્ચિદાનન્દરૂપ જ (ગુણો) છે એમ માને છે તે ભક્તો અમૃતોદ (અમૃતના સમુદ્ર) સમાન છે.’** ભગવાનની અનેકવિધ લીલાઓમાં ક્યાંક લોકાનુસારી, ક્યાંક વેદાનુસારી તો ક્યાંક ગુણાનુસારી પ્રતીતિ થઈને પણ ભગવાનની બધી જ લીલાઓ લોક-વેદ અને પ્રકૃતિના ગુણોથી અતીત અપ્રાકૃત-અલૌકિક આનન્દમયી સચ્ચિદાનન્દસ્વરૂપા-ભગવદ્રૂપા જ હોય છે અને તે બધી જ લીલાઓ તેમના હૃદયમાં પ્રકટ થઈ પરમાનન્દનો તેમને અનુભવ કરાવે છે તેથી અમૃતોદ એટલે આવા પ્રકારના ઉચ્ચતમ અધિકારી લોકોના મુખથી ઉચ્ચારાતી ભગવાનની સર્વ પ્રકારની લીલાઓ પણ શ્રવણ કરનારને લોક-વેદ-ગુણમાં નિષ્ઠાવાળા ન કરી આનન્દમય ભગવાનમાં જ નિષ્ઠાવાળા બનાવે છે. તેથી જેમ આ પ્રકારનો ભાવ ભગવાન જ્યારે દાન કરે ત્યારે જ શક્ય છે, તે વિના અન્ય કોઈ સાધનથી શક્ય નથી, તેમ આવા ભાવવાળાઓનો સંગ તેમનાથી ભગવલ્લીલાનું શ્રવણ એ પણ જ્યારે ભગવાન કૃપા કરે ત્યારે જ શક્ય છે તે જણાવવા તેમની વાણીનું પાન સુદુર્લભ છે એમ શ્રીઆચાર્યચરણ જણાવે છે ॥ ૧૭ ॥

* * * * *

શ્લોક - ૧૮

तादृशानां क्वचिद्वाक्यं दूतानामिव वर्णितम् ।
अजामिलाकर्णनवद्बिन्दुपानं प्रकीर्तितम् ॥ १८ ॥

અન્વય :- तादृशानाम् – તેવાઓના (પણ), **क्वचित्** – (કોઈક અપરાધ વગેરેથી ભગવાનથી અલગ થયેલાને તેવા મહાપુરુષો દ્વારા ઉદ્ધાર કરવાનું ભગવાને વિચાર્યું હોય ત્યારે) ક્યારેક, **वाक्यम्** - (તેવા મહાપુરુષોના મુખથી નીકળેલા ભગવત્ પ્રેરિત) વાક્યો, **दूतानाम्** – (ભગવાનના) દૂતોનાં વાક્યોની, **इव** – માફક (સાંભળવા મળે છે એમ), **वर्णितम्** – ભાગવતના છઠ્ઠા સ્કન્ધમાં) વર્ણવામાં આવ્યું છે, (તે મુજબ) **अजामिलाकर्णनवत्** – (બન્નેની પરસ્પર ચર્ચામાં યમદૂતો પ્રતિ વિષ્ણુ દૂતોનાં વાક્યો) અજામિલે સાંભળ્યાં તેની માફક (જો સાંભળવા મળે તો તેવું સાંભળેલું પણ), **बिन्दुपानम्** – બિન્દુપાન સમાન (તરસ્યાને એક શીતલ બિન્દુના પાન સમાન), **प्रकीर्तितम्** – કહેવાયેલ છે ॥ ૧૮ ॥

શબ્દાર્થ - તેવાઓના (પણ) (કોઈક અપરાધ વગેરેથી ભગવાનથી અલગ થયેલાને તેવા મહાપુરુષો દ્વારા ઉદ્ધાર કરવાનું ભગવાને વિચાર્યું હોય ત્યારે) ક્યારેક (તેવા મહાપુરુષોના મુખથી નીકળેલા ભગવત્ પ્રેરિત) વાક્યો (ભગવાનના) દૂતોનાં વાક્યોની માફક (સાંભળવા મળે છે એમ) ભાગવતના છઠ્ઠા સ્કન્ધમાં) વર્ણવવામાં આવ્યું છે, (તે મુજબ) (બન્નેની પરસ્પર ચર્ચામાં યમદૂતો પ્રતિ વિષ્ણુ દૂતોનાં વાક્યો) અજામિલે સાંભળ્યાં તેની માફક (જો સાંભળવા મળે તો તેવું સાંભળેલું પણ) બિન્દુપાન સમાન (તરસ્યાને એક શીતલ બિન્દુના પાન સમાન) કહેવાયેલ છે ॥ ૧૮ ॥

શ્રીકલ્યાણરાયજી - **तद्वाचो महिमानमाहुः तादृशानामिति। पूर्णभगवदीयानां वाक्यं क्वचित् यत्र प्रसन्नतया स्वेच्छया वदन्ति, नत्वनुरोधेन प्रेरणया वा, तत्र दूतानां सन्देशहराणामिव वर्णितं ज्ञेयं, यथा दूतमुखेन राजा वदति, तथा तन्मुखेन भगवानपि**

दूतानामिव प्रभूत्कर्षवर्णने तेषां न शङ्का चेति भावः । अतो भगवत्कृपया फले भाविन्येतादृशानां समागमो भवति । अत एव श्रीभागवते ‘भवापवर्गो भ्रमतो यदा भवेज्जनस्य त्तर्ह्यच्युतसत्समागमः । सत्सङ्गमो यर्हि तदैव सद्गतौ परावरेशेत्वयि जायते मतिः’ । ‘मदद्विचलनं नृणा’मित्यादि । अत एवैतद्वचनामृतबिन्दुपानमेभ्य उपदेशग्रहणं श्लोकमात्रश्रवणं शिक्षा वाप्यजामिलाकर्णनवत् । अजामिलस्य यदाकर्णनं विष्णुदूतेभ्यो भगवद्धर्मबलश्रवणं शिक्षा वा तद्वत् प्रकीर्तितम् । यथाजामिलस्य तदनन्तरं न पुनर्नरकसम्बन्धो भगवद्धर्माचरणेनोत्कृष्ट फलप्राप्तिस्तथैतद्बिन्दुपानकर्तुरपीति भावः । यद्वा । अजामिलस्याकर्णनं यस्मिन् तदजामिलोपाख्यानं तेन यथा भगवद्रूपनामादिमाहात्म्यं ज्ञातं भवति, तथैतबिन्दुपानेनापि भवतीति भावः । अत एव श्रीभागवते किराहूणान्ध्रेति ‘यत्पादपङ्कजेति’ ।

અર્થાત્ - (આભાસ) - તેમની વાણીની મહિમાને કહે છે **‘तादृशानम्’** વગેરે વાક્યોથી. **(વ્યાખ્યાન) -** પૂર્ણ ભગવદીયોના વાક્ય ક્યારેક જ્યાં પ્રસન્નતાપૂર્વક પોતાની ઈચ્છાથી બોલે છે, કોઈકના અનુરોધ યા પ્રેરણાથી નહીં, તે વાક્યો **દૂતાના** એટલે કે સન્દેશ લાવનાર-લઈ જનારના વાક્ય સમાન વર્ણન કરાયેલા જાણવા, જેમ દૂતના મુખે રાજા બોલે છે, તેમ તે ભગવદીયોના મુખે ભગવાન પણ દૂતોની માફક સંદેશ ભક્તને મોકલે છે તેથી તેવાઓ દ્વારા પ્રભુના ઉત્કર્ષનું વર્ણન કરે તેમાં કોઈ શંકા કરવા જેવું નથી એમ ભાવ છે. તેથી ભગવત્ કૃપાથી ભવિષ્યમાં ફલ થવાનું હોય ત્યારે આવા ભગવદીયોનો સમાગમ થાય છે. તેથી જ શ્રીભાગવતમાં **‘સંસારમાં ભ્રમણ કરતા જીવનો જ્યારે જન્મ-મરણના ફેરાથી છૂટવાનો સમય આવે છે ત્યારે સત્ પુરુષોનો સમાગમ થાય છે અને સત્સંગ જ્યારે**

થાય છે તે જ સમયે સદ્ગતિ પ્રાપ્ત થતાં આપનામાં એની મતિ થાય છે (ભાગ. ૧૦-૫૧-૫૪), તેમજ શ્રીનન્દરાયજી ગર્ગાચાર્યને કહે છે - **'આપના જેવા મહાપુરુષોનું ગૃહસ્થના ઘરે જવું એ એમના કલ્યાણઅર્થે જ હોય છે'** (ભાગ.૧૦-૮-૪) વગેરે. તેથી જ આવા લોકોના વચનામૃતનું બિન્દુપાન, એમના દ્વારા ઉપદેશ ગ્રહણ થવો, એમના મુખે શ્લોક માત્ર શ્રવણ કરવો યા શિક્ષા મેળવવી એ બધું જ **'અજામિલાકર્ણનવત્'** એટલે કે અજામિલે વિષ્ણુદૂતોના મુખે જે સાંભળ્યું તેની માફક હોય છે. અજામિલે વિષ્ણુદૂતોથી જે ભગવદ્ધર્મના બલનું શ્રવણ કર્યું યા શિક્ષા મેળવી તેની માફક પ્રકૃષ્ટતાએ કહેવાયું છે. જેમ તે સાંભળ્યા પછી અજામિલને ફરીથી નરકનો સમ્બન્ધ થયો નથી તથા ભગવદ્ધર્મના આચરણ થકી ઉત્કૃષ્ટ ફલની પ્રાપ્તિ થઈ તેમ આવા ભગવદીયોના વચનામૃતના બિન્દુપાનથી શ્રવણ કરનારને પણ તેમજ થાય છે એમ ભાવ છે. અથવા, અજામિલનું જેમાં સાંભળવાનું છે તે **'અજામિલાકર્ણન'** તે અજામિલ ઉપાખ્યાન તેના વડે જેમ ભગવાનના રૂપ નામ વગેરેનું માહાત્મ્ય જાણવા મળે છે, તેમ આપના બિન્દુપાનથી થાય છે એમ ભાવ છે, તેથી જ શ્રીભાગવતમાં **'કિરાત-હૂણ-આંધ્ર'** (ભાગ.૨-૪-૧૮) તથા **'જેમના ચરણકમલના પરાગ-રજથી'** (ભાગ.૧૦-૩૩-૩૫) વગેરે વાક્યોમાં એમ કહ્યું છે ।। ૧૮ ।।

શ્રીપુરુષોત્તમજી - नन्वेवं सति तेषां तादृशां च दुर्मिलत्वात्तद्वाक्यानामिदानीन्तनानां कालादिदोषदुष्टानामलभ्यमेवेति वक्तव्यं, न तु सुदुर्लभमिति शङ्कायामाहुः तादृशानामित्यादि । तादृशानामपि क्वचिद्भगवतोद्धार्यत्वेन विचारिते केनचिदपराधादिना भगवद्वियुक्ते पुरुषे भगवतस्तदुद्धारोद्दिधीर्षायां वाक्यं श्रुतिगोचरं भवतीति शेषः । तत्र प्रमाणमाहुः दूतानामिव वर्णितमिति । यथा षष्ठस्कन्धे भगवद्दूतानां वर्णितं वाक्यमजामिलस्य श्रुतिगोचरमभूत्तथेदानीमपि भगवदुद्दिधीर्षाविषयस्य भवतीति नालभ्यम्, किन्तु सुदुर्लभमेवेत्यर्थः । एवं तादृशां सङ्गं तद्वागन्तःप्रवेशं च साधयित्वा श्रोतृणामुद्दिधीर्षाविशेषविषयत्वप्रकारज्ञापनाय पाने विशेषमाहुः अजामिलेत्यादि । अजामिलेन यथा यमदूतान् प्रत्युच्यमानं भगवद्दूतवाक्यमाकर्णितं, तथा चेदाकर्णयेत्तदाकर्णनं बिन्दुपानं प्रकीर्तितम् । जलबिन्दोर्यथा पानं न तृप्तिदं, किन्त्वीषत्सुखदं, तथा स्वोद्देशेनान्यान् प्रत्युच्यमानं तदुद्देशेन वा तान् प्रत्युच्यमानं स्वयमाकर्णयेत्तदा तद्बिन्दुपानतुल्यं स्वदोषज्ञानेन सांसारिकग्लानिजनकं पश्चाज्जन्मान्तरे भगवत्प्राप्तिफलकं चेत्यर्थः। यदा त्वेतदुद्देशेनैव भगवद्गुणबोधकं वाक्यममृतोदतुल्यैरुच्यते ।

અર્થાત્ - (આભાસ) - પ્રશ્ન :- ભગવદીયોની વાણી શ્રવણ કરવી એમ કહેતાં આવા ભગવદીયો આ યુગમાં મળવા મુશ્કેલ હોવાથી તેમના વાકયો-વાણી આધુનિક જીવો કે જેઓ કાલ વગેરે દોષોથી દુષ્ટ બનેલા છે તેમને તો આ વાણી અલભ્ય છે એમ કહેવું જોઈએ, સુદુર્લભ છે એમ નહીં કહેવું જોઈએ? એવી શંકા ના સમાધાનમાં કહે છે - **'તાદશાનામ્'** વગેરે વાકયોથી. **(વ્યાખ્યાન) -** તેવા જીવોને પણ ક્યારેક કે જેઓ કોઈક અપરાધ વગેરેથી ભગવાનથી જુદા થયેલા છે તેવાઓ માટે આનો ઉદ્ધાર કરવો છે એમ ભગવાન દ્વારા વિચારાતાં આવા ભગવદીયો દ્વારા તેના ઉદ્ધારની ભગવાન દ્વારા ઈચ્છા કરાતાં આવા ભગવદીયોની વાણી આવા જીવોને પણ સાંભળવા મળે છે એટલું અહીં શેષ સમજવું. ત્યાં પ્રમાણ આપે છે **'દૂતાનામિવ વર્ણિતમ્'** વાકયથી. શ્રીભાગવતજીના છઠ્ઠા સ્કન્ધમાં ભગવાનના દૂતો દ્વારા વર્ણન કરાયેલ વાક્ય અજામિલ સાંભળી શક્યો તેમ અત્યારે પણ કોઈક જીવ માટે આનો ઉદ્ધાર કરવો છે તેવી ભગવાનની ઈચ્છાનો વિષય થઈ શકે છે તેથી ભગવદીયોની વાણી આજે પણ અલભ્ય નથી, કિન્તુ સુદુર્લભ જ છે એમ અર્થ છે. આ પ્રમાણે તેવા ભગવદીયોનો સંગ તથા તેમની વાણીનો અન્તઃપ્રવેશ સાધીને જે જીવો માટે વિશેષ કરીને

તેના ઉદ્ધાર કરવાની ભગવાનની ઈચ્છાના વિષયપણાના પ્રકારને જણાવવા માટે પાનમાં વિશેષ કહે છે **‘અજામિલ’** વગેરે વાક્યથી. જેમ યમદૂતોના પ્રતિ ભગવાનના દૂતોએ કહેલાં વાક્યો અજામિલે સાંભળ્યા, તેમ જો ભગવદીયોનાં વાક્યો સાંભળવા મળે તો તે બિન્દુપાન કહેવાય છે. જળના બિન્દુનું પાન જેમ તૃપ્તિ કરનારું નથી હોતું, કિન્તુ કંઈક સુખને આપનારું હોય છે, તેમ પોતાને ઉદ્દેશીને બીજાને કહેવાયેલા યા બીજા માટેજ બીજાને કહેવાયેલા વાક્યો સાંભળવા મળે ત્યારે તે બિન્દુપાન સમાન અને પોતાના દોષનું જ્ઞાન થતાં સાંસારિક ગ્લાનિ ઉત્પન્ન કરનારું અને બીજા જન્મમાં ભગવત્ પ્રાપ્તિનું ફલ કરાવનારું હોય છે એમ અર્થ છે ॥ ૧૮ ॥

શ્રીવલ્લભજી - एवं दुर्लभत्वे को हेतुस्तत्राहुः । तादृशानां वाक्यं क्वचिदेव भवति । उत्तमाधिकारिसंयोगे भवति, यथा शुकपरीक्षितयोः । यथा वा ‘अक्षण्वतामि’त्यादि । यथा वा भ्रमरगीते उद्धवं प्रति श्रीस्वामिनीवाक्यानि । पुनस्तत्तत्स्वरूपज्ञानेनोद्धववाक्यानि । तादृशं वाक्यं दूतानामिव वर्णितं भवति । दूतास्तु यथार्थवक्तारो यथानुभूतं कथयन्ति, तथा तेषां वाक्यं स्वानुभूतत्वेन तथार्थमिति प्रमाणमित्यर्थः । ननु तादृशवाक्यस्यातिदुर्लभत्वेनाशक्योपदेशकथनं व्यर्थमित्याशङ्क्य तत्राहुः अजामिलेति । यथा अजामिले सर्वथानधिकारिण्यपि परमकृपया स्वनाममाहात्म्यं प्रकटितवान् प्रभुः, तथा तादृशे निःसाधनेपि कृपया परमानुग्रहेण तादृग्वाक्यं कदाचित्प्रकटीकरोति । अत एव क्वचिद्वाक्यं भवतीत्युक्तम् । अत एव तद्वाक्यममृतरूपबिन्दुपानं प्रकीर्तितम् । यथामृतस्य बिन्दुपानेप्यमरत्वं सिध्यति, तथा तावन्मात्रवाक्यश्रवणेपि तादृग्रूपत्वं समस्तभगवन्माहात्म्यस्वरूपज्ञानं च भवतीति भावः ॥ १८ ॥

અર્થાત્ - (આભાસ) - આ પ્રમાણે દુર્લભતામાં શો હેતુ છે તે કહે છે. **(વ્યાખ્યાન)** - તેવા ભગવદીયોના વાક્ય ક્યારેક જ શ્રવણ કરવા મળે છે. જ્યારે ઉત્તમાધિકારીનો સંયોગ થાય ત્યારે જ તે વાક્યો તેમનાથી પ્રકટ થાય છે. જેમ શુક અને પરીક્ષિત, જેમ **‘ઇન્દ્રિયવાળાઓ’** (ભાગ.૧૦-૨૧-૭) અથવા ભ્રમરગીતમાં ઉદ્ધવ પ્રતિના શ્રીગોપીજનોના વાક્યો. વળી શ્રીગોપીજનોના સ્વરૂપને જાણવાથી ઉદ્ધવજીનાં વાક્યો. તેવા પ્રકારના ભગવદીયોનાં વાક્ય પોતાના અનુભવે તે અર્થમાં જ હોય છે એમ અહીં પ્રમાણ છે એમ અર્થ છે. પ્રશ્ન - તેવા પ્રકારના વાક્યની અતિદુર્લભતા હોવાથી અશક્ય ઉપદેશ કરવો વ્યર્થ છે ? એમ શંકા થાય તો કહે છે **‘અજામિલ’** વગેરે. જેમ અજામિલ સર્વથા અનધિકારીમાં પણ પરમકૃપાએ પ્રભુએ પોતાના નામનું માહાત્મ્ય પ્રકટ કર્યું, તેમ તેવા નિઃસાધનો ઉપર પણ કૃપા કરીને પરમ અનુગ્રહ વડે તે પ્રકારે વાક્ય ક્યારેક પ્રભુ પ્રકટ કરે છે. તેથી જ આવા વાક્ય **‘ક્વચિત્’** ક્યારેક જ થાય છે એમ અહીં જણાવ્યું છે. તેથી જ તેવા ભગવદીયોના વાક્ય અમૃતરૂપ બિન્દુપાન કહેવાયા છે. જેમ અમૃતનું બિન્દુપાન કરાતાં પણ અમરપણું સિદ્ધ થાય છે, તેમ તેટલા જ માત્ર વાક્ય શ્રવણ કરાતાં પણ તે ભગવદીયો સમાન ભગવદીયતા પ્રકટે છે અને સમસ્ત ભગવન્માહાત્મ્યના સ્વરૂપનું જ્ઞાન થાય છે એમ ભાવ છે ॥ ૧૮ ॥

શ્રીબાલકૃષ્ણજી - तद्वाक्यमाहात्म्यमाहुः तादृशानामिति । पूर्णभगवद्भक्तानां वचनामृतपानं दुर्लभम्, ते क्वचित् कृपया वाक्यं वदन्ति, तद्वाक्यं दूतानामिव सन्देशहाराणामिव वर्णितं कथितमित्यर्थः । यथा दूतवाक्यं तत्प्रभुवाक्यमेव, तथा तादृशानामपि वाक्यं भगवद्वाक्यमेव । भगवान् उद्दिधीर्षुः स्वीयमुखेन स्वधर्मान् न ज्ञापयतीति भावः । अत एव कपिलदेवेनोक्तं ‘सङ्गस्तेष्वथ ते प्रार्थ्य’ इति तत्सङ्गस्य भगवति प्रार्थनमुक्तं, न तु स्वकरणत्वं, तद्भगवानेव फलं दास्यन् करोतीत्याशयेनान्यथा न कार्य इत्येवोक्तम् । तस्मात्तु तादृशानां

वाक्यश्रवणं सादरं मनसोपदेशवत् ग्रहणं बिन्दुपानममृतबिन्दुपानं प्रकर्षेण कीर्तितमित्यर्थः । यथामृतपानेनामरत्वं देवत्वं, तथैतत्पानेन नाशाभावपूर्वकभगवत्सेवौपयिकत्वमेवेति भावः । अत एव श्रीभागवते ‘परस्परं त्वद्गुणवादसीधुपीयूषनिर्यापितदेहधर्मा’ इत्युक्तम् । ‘महिमामृतसमुद्रविप्रुष’ इति च । अत्रानुभूतनिदर्शनमाहुः अजामिलाकर्णनवदिति । यथा विष्णुदूतेभ्यो भगवद्धर्मबलश्रवणेन भगवद्धर्म एव रुचिरभूत्, तदितरेष्वरुचिः, तथैतद्बिन्दुपानकर्तुरपि भवति ॥ १८ ॥

અર્થાત્ - (આભાસ) - તે ભગવદીયોના વાક્યના માહાત્મ્યને કહે છે **‘તાદૃશાનામ્’** વગેરે વાક્યોથી. **(વ્યાખ્યાન)** - જે પૂર્ણભગવદ્‌ભકત છે તેમના વચનામૃતનું પાન દુર્લભ છે, તેઓ કયારેક કૃપાપૂર્વક વાકય બોલે છે, તેવા બોલાયેલા વાકય દૂતોના વાકય સમાન એટલે કે સંદેશ લાવનારના વાકય સમાન **વર્ણિત** એટલે કે કહેવાયેલા હોય છે એમ અર્થ છે. જેમ દૂતો દ્વારા સંદેશમાં કહેવાયેલા વાકય સંદેશ મોકલાવનાર તેના સ્વામીના જ વાકય હોય છે, તેમ તેવા ભગવદીયોના પણ વાકય ભગવાનના જ વાકય હોય છે. ઉદ્ધાર કરવાની ઈચ્છાવાળા ભગવાન પોતાના મુખે પોતાના ધર્મોને જણાવતા નથી એમ ભાવ છે. તેથી જ શ્રીકપિલદેવજીએ કહ્યું છે **‘તેમનો સંગ તમારે માટે પ્રાર્થના કરવા યોગ્ય છે’** (ભાગ.૩-૨૫-૨૪) એમ તેમના સંગ માટે ભગવાનને પ્રાર્થના કરવાનું કહ્યું છે, નહીં કે પોતે કંઈક કરવાનું કહ્યું છે. તે ફલને આપતાં ભગવાન જ સંગ કરાવે છે એ આશયથી કહ્યું છે, જો એમ ન હોય તો **कार्यः** કરવો એમ જ કહેતે. તેથી તેવા ભગવદીયોનું વાકય શ્રવણ આદરપૂર્વક મન વડે ઉપદેશ સમાન ગ્રહણ કરવું એને અહીં **બિન્દુપાન** અમૃતબિન્દુપાન પ્રકર્ષે કહ્યું છે એમ અર્થ છે. જેમ અમૃતપાન વડે અમરપણું-દેવપણું પ્રાપ્ત થાય છે, તેમ આમના વાકયના પાનથી નાશના અભાવપૂર્વક ભગવત્સેવામાં ઉપયોગીપણું થાય છે એમ ભાવ છે. તેથી જ શ્રીભાગવતમાં **‘આપના ભકતો પરસ્પર આપના ગુણાનુવાદરૂપ સુધા દ્વારા પોતાના**

દેહધર્મોને શાન્ત કરે છે’ (ભાગ.૩-૨૧-૧૭) એમ કહ્યું છે. તેમજ **‘પ્રભુ! આપનો મહિમા અમૃતસમુદ્ર છે’** (ભાગ.૬-૯-૩૯) એમ કહ્યું છે, અહીં અનુભૂત પ્રમાણને કહે છે **‘અજામિલાકર્ણનત્’** વાકયથી. જેમ વિષ્ણુદૂતો દ્વારા ભગવદ્ધર્મના બલના શ્રવણથી (અજામિલમાં) ભગવદ્ધર્મમાં જ રુચિ થઈ, બીજા બધા વિષયોમાં અરુચિ થઈ, તેમ આ ભગવદીયોના વાકયરૂપ અમૃતના બિન્દુપાનથી શ્રવણ કરનાર-પાન કરનારને તે જ ફલ થાય છે ॥ ૧૮ ॥

વિવરણ - સત્તરમા શ્લોકમાં કહેવાયેલા અમૃતોદ સમાન ભાવવાળા ભગવદીયોની વાણીની જે દુર્લભતા કહેવાઈ છે તેનું કારણ જણાવતાં તેવી વાણીના મહિમાને આ અઢારમા શ્લોકમાં જણાવવામાં આવ્યો છે.

તેની દુર્લભતાને શ્રીઆચાર્યચરણ **‘क्वचिद् वाक्यम्’** **કયારેક બોલાયેલ વાકયથી** જણાવે છે. તેમાં **‘કયારેક’** શબ્દની વ્યાખ્યામાં શ્રીકલ્યાણરાયજી જણાવે છે - **‘કયારેક જયાં પ્રસન્નતાપૂર્વક પોતાની ઈચ્છાથી બોલે છે, કોઈકના અનુરોધ યા પ્રેરણાથી નહીં.’** શ્રીપુરુષોત્તમજી જણાવે છે - **‘જેઓ કોઈક અપરાધ વગેરેથી ભગવાનથી જુદા થયેલા છે તેવાઓ માટે આનો ઉદ્ધાર કરવો છે એમ ભગવાન દ્વારા વિચારાતાં આવા ભગવદીયો દ્વારા તેના ઉદ્ધારની ભગવાન દ્વારા ઈચ્છા કરાતાં આવા ભગવદીયોની વાણી આવા જીવોને પણ સાંભળવા મળે છે.’** શ્રીવલ્લભજી જણાવે છે - **‘જયારે ઉત્તમાધિકારીનો સંયોગ થાય ત્યારે જ તે વાકયો તેમનાથી પ્રકટ થાય છે. જે શુક અને પરીક્ષિત - ઉદ્ધવ પ્રતિના શ્રીગોપીજનોના વાકયો.’** શ્રીબાલકૃષ્ણજી જણાવે છે - **‘તેઓ કયારેક કૃપાપૂર્વક વાકય બોલે છે તેવા બોલાયેલા વાકય.’**

આમ ચારે ટીકાકારોની વ્યાખ્યાને સાથે રાખીને મૂલમાં કહેવાયેલ **કયારેક** શબ્દને વિચારતાં આવા ભગવદીયોના પણ પ્રત્યેક સમયે-ગમે ત્યારે-કોઈ પણ વાકયોની દુર્લભતા જણાવવું શ્રીઆચાર્યચરણનું તાત્પર્ય નથી,

પરન્તુ વિશિષ્ટ અવસરે વિશિષ્ટ કારણ ઉપસ્થિત થતાં ઉચ્ચારાયેલા વાક્યોની દુર્લભતા જણાવવાનું તાત્પર્ય છે. તે વિશિષ્ટ અવસર યા કારણ છે - કોઈકના અનુરોધ યા પ્રેરણાથી બોલાયેલા વાક્યોથી અલગ પોતાની પ્રસન્નતાપૂર્વક-ઈચ્છાથી બોલાયેલા અને તે પણ **‘भगवत्सेवका ये तु कदाचिद् भिन्नतां गताः’** (સ.નિ.નિબન્ધ) એમ શ્રીઆચાર્યચરણે જણાવ્યા મુજબ કોઈક કારણથી ભગવાનથી જુદા થયેલા અને ભગવદીયો દ્વારા તેવાઓના ઉદ્ધારની ભગવદિચ્છાથી ભગવદીયોના મુખે ભગવાન દ્વારા બોલાયેલા અથવા આવા જ કોઈક પુષ્ટિ જીવની ઉપસ્થિતિમાં બે આવા ભગવદીયોના પરસ્પર મિલનમાં ભગવદીયો દ્વારા બોલાયેલા, જેમ વૈષ્ણવ બન્યા પૂર્વ રાણાવ્યાસની ઉપસ્થિતિમાં શ્રીઆચાર્યચરણ દ્વારા અતિકૃપાપૂર્વક ઉત્તરના રૂપમાં વૈષ્ણવો પ્રતિ બોલાયેલા વાક્યો, આવા પ્રકારના વાક્યોની દુર્લભતા જણાવવું શ્રીઆચાર્યચરણનું તાત્પર્ય છે.

આવા વાક્યોનો મહિમા યા માહાત્મ્ય એ છે કે જેને શ્રીઆચાર્યચરણ **‘दूतानामिव वर्णितम्’** વાક્યથી જણાવે છે. જેમ કોઈ રાજા કોઈકને પોતાના દૂત દ્વારા સંદેશ યા આદેશ મોકલે કે તમે બધા કામ છોડીને હમણાં જ અહીં આવી જાઓ ત્યારે દૂત પણ તેને તે જ શબ્દોમાં તે આદેશ યા સંદેશને સંભળાવે છે જેમ શ્રીભાગવત દશમસ્કન્ધમાં ભ્રમરગીતના પ્રસંગમાં ઉદ્ધવજી દ્વારા શ્રીગોપીજનોને શ્રીકૃષ્ણસંદેશ સંભળાવતાં કહ્યું કે - **‘भवतीनां वियोगो मे न हि सर्वात्मना क्वचित्। आत्मत्वाद् भक्तवश्यत्वात् सत्यवाक्त्वात् स्वभावतः’** (ભાગ.૧૦-૪૭-૨૯) ત્યારે આ વાક્યો યદ્યપિ ઉદ્ધવજીના મુખે બોલાયેલા છે તેમ છતાં પણ આ વાક્યો ઉદ્ધવજીના નહીં પણ ભગવાનના છે, તેમ ઉપર જણાવેલ વિશિષ્ટ અવસરે આવા ભગવદીયોના મુખથી યદ્યપિ બોલાયેલા વાક્યો હોય છે પણ તે વાક્યો કોઈ વ્યક્તિ યા જીવના ન હોઈ ભગવાનનાં જ વાક્યો હોય છે એ એની મહિમા યા માહાત્મ્ય છે. તેમજ તેવા બોલાયેલા વાક્યો પણ કોઈ અન્ય કારણથી બોલાયેલા નથી હોતા કિન્તુ જ્યારે જે જીવના યા

પોતાનાથી કોઈક કારણથી જુદા થયેલા જીવના ઉદ્ધાર કરવાની ઈચ્છારૂપ કૃપાધર્મ પ્રભુ પોતાનામાં પ્રકટ કરે છે ત્યારે જ તેવી કૃપાપૂર્વક ઉચ્ચારાયેલા હોય છે અને ત્યારે જ તેવી કૃપા સ્વરૂપની ઈચ્છા ઉપર્યુક્ત ભગવદીયોમાં પ્રકટ થાય છે. એટલું જ નહીં પરન્તુ આવા પ્રકારની જીવ ઉપર અતિશય કૃપા સ્વરૂપની ઈચ્છા ભગવાનમાં પ્રકટ થાય છે ત્યારે જ ભગવદીયો દ્વારા આવા ઉચ્ચારાયેલાં વાક્યો જીવ દ્વારા કર્ણેન્દ્રિયથી શ્રવણ કરીને તે બુદ્ધિગમ્ય બની બુદ્ધિમાં બોધ ઉત્પન્ન કરે છે, અન્યથા કૃપા વિચારિત જીવ ન હોતાં વાક્યો શ્રવણ કરીને પણ તે માત્ર કાનથી અથડાઈને પાછા પડે છે, બુદ્ધિમાં પ્રવેશી બોધ ઉત્પન્ન નથી કરતા. જેમ આપણે ટેબલલેમ્પ ચલાવવો છે અને તે માટે ટેબલ લેમ્પનો વાયર પ્લગ-પીનને જોડતાં લેમ્પ ચાલુ થાય છે પણ બધું જ બરાબર હોઈને પણ લેમ્પ-ઈલેક્ટ્રિક-પ્લગ-પીન વગેરે બધું જ બરાબર હોઈને પણ જો વાયરમાં અન્દરનો તાર તૂટેલો હોય તો લેમ્પ ચાલુ થતો નથી તેમ અહીં સાંભળનાર જીવ દૈવી હોય-વાક્ય બોલનાર ઉપર્યુક્ત પ્રકારના અમૃતોદ ભગવદીયો હોય, તેમજ પ્લગ-પીનરૂપમાં વાક્યો બોલવા અને કાનથી સાંભળવું એ બધું જ બરાબર હોઈને પણ જીવ અને ભગવાનના વચમાં કૃપા રૂપી તારનો સમ્બન્ધ ન થતો હોય ત્યારે બુદ્ધિમાં બોધ થવારૂપ લેમ્પ ચાલુ થઈ શકતો નથી તે જણાવવા માટે શ્રીઆચાર્યચરણ જણાવે છે - **‘अजामिलाकर्णनवत्’**

‘आकर्णन्’ कृ ધાતુને **नन्** પ્રત્યય લાગીને **कर्ण्** શબ્દ બને છે જેના અનેક અર્થોમાં એક અર્થ **કાન** થાય છે. આ **कर्ण्** શબ્દને **‘आ’** ઉપસર્ગ લાગી **‘ल्युट्’** પ્રત્યય લાગી **‘आकर्णन्’** શબ્દ બને છે જેનો અર્થ થાય છે બરાબર કાન લગાવીને સાંભળવું. એટલે જેમ અજામિલે ભગવદ્ધર્મ વિષયક વિષ્ણુદૂતો અને યમદૂતોનો સંવાદ બરાબર કાન દઈને સાંભળ્યો તેમ આવા ભગવદીયોના મુખે શ્લોક માત્ર સાંભળવો યા તેમની પાસેથી શિક્ષા મેળવવી-એમના દ્વારા ઉપદેશ ગ્રહણ થવો એ અમૃતના બિન્દુપાન સમાન છે. બિન્દુપાન એટલે જેમ તૃષાતુર વ્યક્તિને જલનું બિન્દુ તરસ મટાડી શકતું

નથી છતાં પણ તેટલું જલ ગળામાં જતાં કંઈક સારું લાગે છે તેમ આ મુજબ સાંભળતાં ભગવદ્રૂપની સર્વોત્તમતા અને સાંસારિક વિષયોનું અતિક્ષુદ્રપણું છે એમ બુદ્ધિમાં સારી રીતે બેસે છે અને તેથી સાંસારિક વિષયોથી મન પાછું વળી ભગવદ્ભક્તિ તરફ મન વળવા લાગે છે અને તેથી તે સેવા-ભક્તિમાં પ્રવૃત્ત થઈ આ જન્મ યા બીજા જન્મમાં ભગવત્પ્રાપ્તિના પરમસુખનો અનુભવ કરનાર થાય છે. જેમ અમૃતનું એક જ બૂંદ પણ મરણ થવાના કારણોનો નાશ કરી અમરત્વને પ્રાપ્ત કરાવે છે તેમ આ ભગવદીયોની વાણીના થોડા અક્ષરો-શબ્દો પણ શ્રવણ કરાતાં બુદ્ધિમાં બેસે તો સાંભળનારમાં ભગવત્પ્રાપ્તિમાં પ્રતિબન્ધક-ભક્તિના આવિર્ભાવમાં પ્રતિબન્ધક દોષોના નાશપૂર્વક ભગવત્સેવા કરવાના વિષયમાં પ્રેરક બળશક્તિ વગેરે પ્રદાન કરી તેને ભગવન્નિષ્ઠ-ભગવત્ સેવાનિષ્ઠ બનાવે છે.

અન્તમાં આવા પ્રકારના ઉત્તમ ભગવદીયોનો સંગ, તેમની વાણીનું શ્રવણ, કરેલું શ્રવણ બુદ્ધિમાં બેસવું વગેરે આ બધું જ ભગવાન જ્યારે કૃપાપૂર્વક જીવના ઉદ્ધારની ઈચ્છા પ્રકટ કરે છે ત્યારે જ આવા ભગવદીયોનો સંગ અને શ્રવણ પ્રાપ્ત થાય છે. જો ભગવાને આજે કૃપાપૂર્વક બિન્દુપાનનું પણ સૌભાગ્ય પ્રદાન કર્યું છે તો આગળ એ જ પ્રભુ અમૃતસાગરમાં ડૂબાડશે પણ ખરા એ નક્કી છે ॥ ૧૮ ॥

* * * * *

શ્લોક - ૧૯

रागाज्ञानादिभावानां सर्वथा नाशनं यदा ।
तदा लेहनमित्युक्तं स्वानन्दोद्गमकारणम् ॥ १९ ॥

અન્વય : – યદા – જ્યારે, **રાગ–અજ્ઞાન–આદિ ભાવાનામ્** – રાગ અને અજ્ઞાન જેના આદિમાં છે (એવા કામ-ક્રોધ વગેરે વિકારવાળા) ભાવોનો, **સર્વથા** – સર્વ પ્રકારે, **નાશનમ્** – નાશ-નિવૃત્તિ (અમૃતોદના વાક્યથી થાય છે), **તદા** – ત્યારે (તે અમૃતોદની વાણીનું પાન), **સ્વાનન્દોદ્ગગમ કારણમ્** – સ્વ = ભગવાનનો (જે સ્વરૂપાત્મક અથવા લીલાત્મક) આનન્દ તેના ઉચ્ચથી પ્રાકટ્યનું કારણ બને છે (ત્યારે એ પ્રકારનું વાક્પાન), **લેહનમ્** – આસ્વાદન કરવું (અથવા ચાટણ ચાટવું), **ઈતિ** – એમ, **ઉક્તમ્** – કહ્યું છે ॥ ૧૯ ॥

શબ્દાર્થ - જ્યારે રાગ અને અજ્ઞાન જેના આદિમાં છે (એવા કામ-ક્રોધ વગેરે વિકારવાળા) ભાવોનો સર્વ પ્રકારે નાશ-નિવૃત્તિ (અમૃતોદના વાક્યથી થાય છે) ત્યારે (તે અમૃતોદની વાણીનું પાન) સ્વ = ભગવાનનો (જે સ્વરૂપાત્મક અથવા લીલાત્મક) આનન્દ તેના ઉચ્ચથી પ્રાકટ્યનું કારણ બને છે (ત્યારે એ પ્રકારનું વાક્પાન) આસ્વાદન કરવું (અથવા ચાટણ ચાટવું) એમ કહ્યું છે ॥ ૧૯ ॥

શ્રીકલ્યાણરાયજી - **एतद्बिन्दोः पानापेक्षया रसास्वादोधिक इति तत्परिचायकमाहुः रागाज्ञानादिभावानामिति । रागः स्नेहो गृहादिषु, अज्ञानं भगवत्स्वरूपस्य, आदिपदात् गृहाद्यासक्तिः, एतान्येव भावाः । यद्वा । अज्ञानमविद्या आदिर्येषां भावानां शोकमोहादीनां तेषां यदा सर्वथा नाशनं, तद्वासनापि न तिष्ठति, तदा लेहनं रसास्वादनं पूर्णमुक्तम् । यद्वा, रागाज्ञानादिभावानां यदा सर्वथा नाशनमस्फूर्तिस्तदेति । इदमेव बिन्दोः पानं लेहनं रसास्वादनमुक्तम् । श्रवणादौ व्यसने सम्पन्ने तदेवास्वाद्यमानममृतं भवतीत्यर्थः । तत्स्वानन्दोद्गमकारणं स्वस्य यो भगवदानन्द-**

स्योद्गमस्तस्य नित्यत्वात् तत्र कारणम् । ‘रसं ह्येवायं लब्ध्वानन्दी भवती’ति श्रुतेः । स्वस्य तिरोहितानन्दस्य य उद्गमः प्राकट्यं ज्ञानफलं तत्कारणतुल्यं यत्रेति च । ब्रह्मभावानन्तरं भक्तिप्राप्तेः। भगवति क्रमेण प्रेमासक्तिव्यसनैः प्रापञ्चिकास्फूर्तौ न किञ्चिदवशिष्यते । अत एवोक्तमेकादशे भक्तिं लब्धवतः साधोः किमन्यदवशिष्यते । मय्यनन्तगुणे ब्रह्मण्यानन्दानुभवात्मनि’ ‘एवं धर्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनामि’त्यादिना च । तथोक्तं भक्तिवर्धिन्यां श्रीवल्लभाचार्यचरणैः ‘स्नेहाद्रागविनाशः स्यादासक्त्या स्याद्गृहारुचिः । यदा स्याद्व्यसनं कृष्णे कृतार्थः स्यात् तदैव हि’ ॥ १९ ॥

અર્થાત્ - (આભાસ) - આ પ્રકારે બિન્દુના પાનની અપેક્ષા એનો રસાસ્વાદ કરવો અધિક છે એમ એનો પરિચય કરાવનાર વિષયને કહે છે **‘રાગાજ્ઞાનાદિભાવાનામ્’** વગેરે વાકયથી. **(વ્યાખ્યાન)** - **‘રાગ’** એટલે ઘર વગેરેમાં સ્નેહ, **‘અજ્ઞાન’** ભગવત્સ્વરૂપનું, **‘આદિ’** ઘર વગેરેમાં આસક્તિ આ બધા જ **‘ભાવો’**. અથવા **‘અજ્ઞાન’** એટલે અવિદ્યા જેના આદિમાં છે તે ભાવો શોક-મોહ વગેરે તેનો જ્યારે **‘સર્વથા નાશ થાય’** એટલે કે તેની વાસના પણ ન રહે, ત્યારે **‘લેહન’** રસાસ્વાદન પૂર્ણ થયું એમ કહ્યું છે. અથવા, રાગ-અજ્ઞાન વગેરે ભાવોનો **‘સર્વથા નાશ’** એટલે કે તેની અસ્ફૂર્તિ થઈ જાય ત્યારે એમ સમજવું. આજ બિન્દુપાનનું લેહન એટલે કે રસાસ્વાદન કહ્યું છે. શ્રવણ વગેરેમાં વ્યસન સમ્પન્ન થતાં તે જ આસ્વાદ્ય થઈ રહેલું ભગવદ્ ગુણગાન અમૃત થાય છે એમ અર્થ છે. તે પોતાની અંદર રહેલા આનંદનું ઉદ્ગમ કારણ-પોતાનામાં જે ભગવદાનન્દ છે તેનો ઉદ્ગમ તેનું નિત્યપણું હોવાથી તેનું કારણ **‘આ રસનો લાભ પ્રાપ્ત કરી તે આનન્દી થાય છે’** (તૈ.ઉપ.૨-૭-૧) એ શ્રુતિથી. તેમજ પોતાનો જે તિરોહિત આનન્દ (બ્રહ્માનંદ)નો જે ઉદ્ગમ એટલે કે પ્રાકટ્ય કે જે જ્ઞાનફલ છે તેનાં ઉદ્ગમના કારણ સમાન (ભગવદ્ગુણોનું લેહન કારણ સમાન) જ્યાં છે. કારણ કે

બ્રહ્મભાવના અનન્તર ભક્તિ પ્રાપ્ત થાય છે. ભગવાનમાં અનુક્રમે પ્રેમ-આસક્તિ-વ્યસન થતાં તેના વડે પ્રપંચની સર્વ બાબતોની અસ્ફૂર્તિ થતાં પછી કંઈ પણ બાકી રહેતું નથી. તેથી એકાદશ સ્કન્ધમાં કહ્યું છે **‘અનન્તગુણ-બ્રહ્મ-આનન્દાનુભવ સ્વરૂપ એવામાં જેને ભક્તિનો લાભ થયો છે પછી તેને શું મેળવવું બાકી રહી જાય છે’** (ભાગ. ૧૧-૨૬-૩૦) તેમજ **‘હે ઉદ્ધવ ! આત્મનિવેદન કરેલા મનુષ્યોને આ પ્રમાણે ધર્મોના આચરણ વડે મારામાં ભક્તિ થાય છે. તે પછી તેને બીજો કયો પુરુષાર્થ બાકી રહી જાય છે.’** (ભાગ. ૧૧-૧૯-૨૪) વગેરે. તે જ વાત શ્રીઆચાર્યચરણે ભક્તિવર્ધિનીમાં કહી છે **‘ભગવાનમાં સ્નેહથી રાગનો વિનાશ થાય છે અને ભગવાનમાં આસક્તિ થવાથી ગૃહમાં અરુચિ થાય છે, જ્યારે કૃષ્ણમાં વ્યસન થાય છે ત્યારે જ તે નિશ્ચયપૂર્વક કૃતાર્થ થાય છે’** ॥ ૧૯ ॥

શ્રીપુરુષોત્તમજી - **यदा त्वेतदुद्देशेनैव भगवद्गुणबोधकं वाक्यममृतोदतुल्यैरुच्यते, तदा त्विहैव भगवत्प्राप्तिफलदमिति तत्स्वरूपमाहुः रागेत्यादि । रागश्च अज्ञानं च ते आदिर्येषां तादृशा ये भावाः कामक्रोधादिविकारभाजस्तेषां यदा नाशनं निवृत्तिरमृतोदानां वाक्येन भवतीति शेषः । तदा तद्वाक्पानं तत्कालमेव स्वगुणं जनयल्लेहनमित्युक्तं, लिह आस्वादने, आस्वादनमित्युक्तम् । तत्र हेतुः । स्वानन्दोद्गमकारणमिति । स्वस्य भगवतो य आनन्दः स्वरूपात्मको लीलात्मको वा तस्य य उद्गम उच्चैः प्राकट्यं तस्य कारणं, तथा चैवं दोषनिवृत्तिपूर्वकपरमानन्दसाधकत्वात्तत्पानं लेहनरूपमित्यर्थः । एवमपां ऊनविंशतिभेदपक्षादरणेन सर्वे भावास्तद्वन्तो जीवास्तद्गता गुणाश्च प्रपञ्चेन निरूपिताः ।**

અર્થાત્ - (આભાસ) - જ્યારે આ જ ઉદ્દેશથી ભગવદ્ગુણોનો બોધ કરાવનાર વાક્ય અમૃતના સમુદ્ર સમાન કહેવામાં આવે છે ત્યારે તો

તે અહીં જ ભગવત્પ્રાપ્તિનું ફળ આપનાર છે એમ તેનું સ્વરૂપ કહે છે **‘રાગ’** વગેરે વાક્યથી. **(વ્યાખ્યાન) - રાગ** અને **અજ્ઞાન** જેના **આદિ**માં છે તેવા જે ભાવો કામ-ક્રોધ વગેરે વિકારને આપનારા છે તેનો જ્યારે **‘નાશ’** એટલે કે નિવૃત્તિ અમૃતોદના વાક્ય વડે થાય છે, એટલું અહીં શેષ સમજવું. ત્યારે તે વાક્પાન તત્કાલ જ પોતાના ગુણને ઉત્પન્ન કરતાં તે **લેહન** એમ કહ્યું છે. **‘લિહ’** ધાતુ આસ્વાદનના અર્થમાં છે તેથી ત્યારે આસ્વાદન થયું કહેવાય છે એમ જણાવ્યું છે. તેમાં કારણ **‘સ્વાનન્દોદ્‌ગમકારણમ્’** છે. **સ્વ** એટલે ભગવાન તેમનો જે **આનન્દ** સ્વરૂપાત્મક યા લીલાત્મક છે તેનો જે **‘ઉદ્‌ગમ’** એ ઉચ્ચ પ્રકારે પ્રાકટ્ય તેનું કારણ છે, તેથી આ પ્રમાણે દોષનિવૃત્તિપૂર્વક પરમાનન્દને સાધનાર હોવાથી તેનું પાન એ લેહનરૂપ છે એમ અર્થ છે. આ પ્રમાણે જળના ઓગણીસ ભેદનો પક્ષ આદર કરીને સર્વ ભાવો અને તે ભાવવાળા જીવો અને તે જીવોમાં પ્રવિષ્ટ ભગવદ્ ગુણોને વિસ્તારે નિરૂપણ કર્યા ॥ ૧૯ ॥

શ્રીવલ્લભજી - ननु माहात्म्यज्ञाने जातेप्यविद्यामधर्माणां विद्यमानत्वात्कथं परमफलं सेत्स्यतीति तत्राहुः । तद्बिन्दुपानमात्रक्षणे स्त्रीपुत्रादिषु यो रागः स्नेहः, अज्ञानं भगवत्स्वरूपधर्मयोः, आदिपदेनासंभावनाविपरीतभावनादीनां च सर्वथा नाशनं नाशकारकं तद्वाक्यं भवति, एतद्यदा भवेत्तदालेहनं भगवत्स्वरूपनिष्ठभावैस्तदास्वादनं जायते, तेन प्रतिबन्धनिवृत्तिः सूचिता । इष्टप्राप्तिमाहुः स्वानन्दोद्गमकारणमिति । तदास्वादे पूर्वं तिरोहितानन्दस्य प्राकट्यम्, पश्चात् प्रेमासक्तिसङ्कल्पव्यसनोत्पादनेनान्तर्भगवत्स्वरूपानन्दाविर्भावो भवतीति भावः ॥ १९ ॥

અર્થાત્ - (આભાસ) - પ્રશ્ન - માહાત્મ્યજ્ઞાન થઈને પણ અવિદ્યાના ધર્મો રહેતા હોવાથી કેવી રીતે પરમ ફલ થશે ? ત્યાં કહે છે **(વ્યાખ્યાન)** - તે ભગવદીયોના વાક્યના બિન્દુપાનની જ ક્ષણમાત્રમાં સ્ત્રી-

પુત્ર વગેરેમાં જે **‘રાગ’** એટલે કે સ્નેહ, **‘અજ્ઞાન’** ભગવાનના સ્વરૂપ અને ધર્મનું, આદિ પદથી અસંભાવના-વિપરીતભાવના વગેરેનો **‘નાશ’** એટલે નાશ કરનાર તે વાક્યો થાય છે, આ જ્યારે થાય ત્યારે **‘લેહન’** એટલે ભગવત્સ્વરૂપ નિષ્ઠભાવવડે તે આસ્વાદન થાય છે, તેથી કરીને પ્રતિબન્ધનિવૃત્તિ થાય છે એમ સૂચિત કર્યું છે. ઈષ્ટપ્રાપ્તિને કહે છે - **‘પોતાનામાં રહેલા આનન્દના ઉદ્‌ગમનું કારણ થાય છે.’** તેના આસ્વાદે પ્રથમ તિરોહિત આનન્દનું પ્રાકટ્ય થાય છે, તે પછી (વાત્સાયન શાસ્ત્રમાં કહેવાયેલ) સંકલ્પોત્પત્તિરૂપ પ્રેમ-આસક્તિ અને તદનન્તર તનુતારૂપ વ્યસન પ્રકટ થવાથી અન્તઃ ભગવત્સ્વરૂપાનંદનો આવિર્ભાવ થાય છે એમ ભાવ છે ॥ ૧૯ ॥

શ્રીબાલકૃષ્ણજી - **लौकिकाद्यासक्तिरहितबिन्दुपानेन रसास्वादो न भवति, तदर्थमाहुः रागाज्ञानादिभावानामिति । रागः स्नेहः पुत्रादिषु, अज्ञानं भगवत्स्वरूपस्य, आदिपदेन सर्वविषयाद्यासक्तिः, तद्भावानां यदा नाशनं स्यात्, तदा लेहनमित्युक्तं भवति, रागादिभावानां नाशनं नामादर्शनं सवासनं तत्त्याग इत्यर्थः । तदेव लेहनं रागाद्यभावपूर्वकबिन्दुपानं स्वानन्दस्य भगवदानन्दस्योद्गमार्थं कारणं भवतीति भावः । स्वस्य जीवभावेन तिरोहितानन्दस्योद्गमे प्राकट्ये सम्यक् तत्कारणं भवतीत्यर्थः ॥ १९ ॥**

અર્થાત્ (આભાસ) - લૌકિક વગેરેમાં આસક્તિ રહીને બિન્દુપાન કરવાથી રસાસ્વાદ થતો નથી તેને અર્થ કહે છે **‘રાગાજ્ઞાનાદિભાવનામ્’** વગેરે વાક્યથી. **(વ્યાખ્યાન) - ‘રાગ’** પુત્ર વગેરેમાં સ્નેહ, **‘અજ્ઞાન’** ભગવત્સ્વરૂપનું, **‘આદિ’** પદથી સર્વ વિષય વગેરેમાં આસક્તિ, તે ભાવોનો જ્યારે સર્વથા નાશ થાય, ત્યારે **‘લેહન’** થયું એમ કહેવાય છે. રાગાદિ ભાવોનો નાશ એટલે એનું અદર્શન થવું-વાસના સહિત તેનો ત્યાગ થવો

એમ અર્થ છે, તે જ લેહન રાગાદિ અભાવપૂર્વક બિન્દુપાન એ **‘स्वानन्द’** એટલે ભગવદાનન્દના ઉદ્‌ગમ અર્થે કારણ થાય છે એમ ભાવ છે. પોતે જીવભાવમાં હોઈ માયા વડે થયેલ તિરોહિત આનન્દના **‘ઉદ્‌ગમે’** પ્રાકટ્યમાં સારી રીતે તેનું કારણ થાય છે એમ અર્થ છે ।। ૧૯ ।।

વિવરણ - આવા અમૃતના સમુદ્ર સમાન ભાવવાળા ભગવદીયોની અમૃતવાણીના બિન્દુપાનરૂપી ઔષધથી જે રોગોનો નાશ થાય છે તે અને તદન્તર જે ફલ થાય છે તેને જણાવે છે. આવા ભગવદીયોના ભાવને અને તે ભાવ અનુસાર પ્રકટ થનારી વાણીને અમૃત સમાન કહી છે તેમાં અમૃતસમાનપણું છે તે તેમનો ભાવ ભગવત્સ્વરૂપાત્મક રસાત્મક છે અને તેથી પ્રકટ થનારી વાણી પ્રાકૃત-લૌકિક યા અન્ય પ્રકારની ન હોઈ રસાત્મિકા-ભગવદ્રૂપા જ હોય છે એ જ આ વાણીનું અમૃતપણું છે. તેથી જેમ ગોપીગીતમાં (૮મા શ્લોકમાં) ભગવાનની વાણીને **‘मधुरया गिरा’** અહીં શ્રીઆચાર્યચરણ સુબોધિનીમાં ત્રણ સ્વરૂપે **‘वक्तव्याः-दृष्टव्याः पाययितव्याः’** જણાવે છે. જેમાં **‘मधुरा’** થી **‘मधु’** એટલે અસાધારણ રસ તેનાથી યુક્ત એવી વાણી મધુરા (વકતવ્યાઃ) **‘बुधमनोज्ञया’** થી આહ્‌લાદકારિણી-જ્ઞાનરૂપા, **‘पुष्करेक्षण’** કમલનયનોથી કૃપાપૂર્વક જોઈ બોલાયેલી વાણી અને **‘अधरसीधुना आप्यायस्व’** થી મૂર્ચ્છા-મરણ નિવર્તક અમૃત-ઔષધ સ્વરૂપા વાણી, એમ જણાવ્યું છે. તેવી જ રીતે ત્યાં જ ગોપીગીતમાં (૧૪ મા શ્લોકમાં) **‘सुरतवर्धनम्’** અહીં વાણીમાં રહેલ જે અમૃતરૂપ રસ છે તેને પ્રમાણ-બલ-પ્રમેયબલ-સાધનબલ-ફલબલથી સમ્પન્ન જણાવ્યું છે. તેમાં **‘स्वरितवेणुना सुष्ठुचुम्बितम्’** નાદાત્મક-વેદાત્મક-પરમભક્ત વેણુ દ્વારા ચુમ્બિત એમ કહી આ અમૃત પ્રમાણબલ સમ્પન્ન છે, **‘इतररागविस्मारणम्’** થી સર્વ વિસ્મારક શ્રીરૂપતાથી અનધિકારી-નિઃસાધનોને પરમ પુરુષાર્થ સાધી આપનાર આ અમૃત પ્રમેયબલ સમ્પન્ન છે, **‘सुरतवर्धनम्’** થી જેમ લૌકિકમાં જેને ભૂખ લાગતી ન હોય તેને વૈદ્યો ઔષધરૂપ રસો આપે છે અને તે રસો ભૂખ ઉત્પન્ન કરે છે અને ભૂખ લાગીને લેવાયેલો આહાર જ પાચક-પોષક-બલવર્ધક બને છે, તેમ આ (અધરથી સમ્બન્ધવાળો) રસ ભગવત્ સમ્બન્ધી કામનો ઉદ્‌બોધ કરે છે-કામને પ્રકટ કરે છે. **‘काम’** શબ્દ **‘कम्’** (ભ્વાદિ ગણ-આત્મને પદ-સકર્મક) ધાતુને **‘णिङ्-घञ्’** લાગીને બનેલો છે અને ધાતુનો અર્થ અત્યધિક પ્રેમ, ઉત્કટ લાલસા, ઈચ્છા, અભીષ્ટ વસ્તુ વગેરે અર્થમાં પ્રયોજાય છે, અતઃ રસાત્મક ભગવત્સ્વરૂપ જ માત્ર અભીષ્ટ રહી તેને માટેની ઉત્કટ લાલસારૂપી ભૂખને ઉઘાડનાર રસ સાધનબલ સમ્પન્ન છે અને **‘शोकनाशनम्’** થી અન્તઃકરણમાં ચોર રૂપે છુપાયેલા દોષો જ સર્વ દુઃખોનું મૂલ કારણ છે અને દુઃખાભાવ રૂપ મોક્ષને ફલરૂપે માનવામાં આવ્યું છે તેથી સર્વ દુઃખો દૂર થવા એ ફલ છે અને **‘शुच्’** ધાતુને **‘घञ्’** પ્રત્યય લાગી બનેલો શોક શબ્દ દુઃખ-કષ્ટ અર્થને બતાવે છે તેથી જેમાં સર્વ દુઃખોનો નાશ-નિવારણ છે એવો આ અધર સમ્બન્ધી રસ એ ફલબલથી સમ્પન્ન છે.

આ પ્રકારે પ્રમાણ-પ્રમેય-સાધન-ફલ ના બલથી યુક્ત એવું રસરૂપ અમૃત જે કથામાં છે એટલે કે જે બોલવામાં -વર્ણન કરવામાં-વૃત્તાન્તમાં કે વાર્તાલાપમાં છે તેવી કથા માટે ગોપીગીતમાં **‘तवकथामृतम्’** (નવમા શ્લોકમાં) અને તેની સુબોધિનીમાં કથા એ પણ ભગવાનના સમાન જ ઐશ્વર્ય-વીર્ય-યશ-શ્રી-જ્ઞાન-વૈરાગ્યયુક્ત ષડ્‌ગુણાત્મિકા છે તેમ જણાવ્યું છે. કથાને પ્રથમ ગોપીજનો **‘अमृत’** કહે છે એટલે તે મોક્ષદાયિની અને પરમાનન્દરૂપા કથા છે. તે પછી **‘तप्तजीवन’** થી સંસારમાં તપેલા છે તેમને માટે જીવનરૂપ કથા છે, તે પછી **‘कविभिरीडितम्’** થી શબ્દના અર્થ રસિકો દ્વારા પ્રશંસા કરાયેલ કથા છે, તે પછી **‘कल्मषापहम्’** થી પાપને દૂર કરનાર અલૌકિક સાધનાર ધર્મરૂપ કથા છે, તે પછી **‘श्रवणमङ्गलम्’** થી આમાં ભગવાનનાં ઉદાર ચરિત્રો છે તેથી શ્રવણમાત્રથી જ સર્વ અમંગલ દૂર કરી મંગલ કરનારી, તે પછી **‘श्रीमद्’** થી પુત્રજન્મ વગેરે સાંભળીને

પણ મંગલ થાય છે પરન્તુ તેમાં ધન વ્યય થાય છે તે મંગલ દાન આપનાર નથી જ્યારે આ કથામૃતતો લક્ષ્મીજીને પણ અપેક્ષિત છે તેથી શ્રોતા અને વકતા બન્નેને માટે લક્ષ્મી કારક છે. તે પછી **‘आततम्’** થી રાજ્ય વગેરેની પ્રાપ્તિનું શ્રવણ પણ લક્ષ્મીકારક હોઈ મંગલ છે છતાં પણ તેમાં પરિચ્છિન્નપણું એટલે કે અમુક દેશ પુરતું સીમિત છે તેથી તેમાં મંગલરૂપતાનું પણ સીમિતપણું છે જ્યારે ભગવાનનું ઐશ્વર્ય અંદર-બહાર સર્વત્ર વ્યાપક હોઈ અપરિચ્છિન્ન છે અને તે ઐશ્વર્ય કથામાં રહેલું હોવાથી કથા ભગવત્ સદશ છે.

ગોપીજનો ભગવાનને કહે છે પ્રભુ ! આપ તો બ્રહ્માજી વગેરેની પ્રાર્થનાથી અવતાર ગ્રહણ કરી પધારો છો અને પધારીને પણ અવતાર કાર્ય પૂર્ણ થતાં પાછા પધારી જાઓ છો - તિરોહિત થાઓ છો જ્યારે આપની કથા તો એકવાર આવીને પછી ક્યારેય પાછી જતી નથી-તિરોહિત થતી નથી, તેથી જ તેવું કથારૂપી અમૃતનું બહુ અર્થ દાતા-જન્માદિદોષરહિત ભગવદ્રૂપ એવા વ્યાસ વગેરે ગાન કરે છે.

આ પ્રકારે અમૃતોદમાં આવનારા ભગવદ્રૂપ વ્યાસ વગેરેના હૃદયમાં ભાવરૂપે પૂર્ણાનન્દ ભગવાનની સ્થિતિ રહી એમના મુખે જે ભગવચ્ચરિત્ર-ગુણગાન રૂપે વાણી પ્રકટ થાય છે તે પણ પૂર્ણ આનન્દ સ્વરૂપા ભગવદ્રૂપા જ હોઈ તેના શ્રવણથી શ્રોતાને જે ફલ થાય છે તે પણ આનન્દપૂર્ણ રસાત્મક ભગવદ્રૂપ જ હોય છે. તેથી જ ભાગવત દ્વિતીય સ્કન્ધમાં જણાવ્યું છે કે

शृण्वतः श्रद्धया नित्यं गृणतश्च स्वचेष्टितम् ।
कालेन नातिदीर्घेण भगवान् विशते हृदि ॥
प्रविष्टः कर्णरन्ध्रेण स्वानां भावसरोरुहम् ।
धुनोति शमलं कृष्णः सलिलस्य यथा शरत् ॥
धौतात्मा पुरुषः कृष्णपादमूलं न मुञ्चति ।

मुक्तसर्वपरिक्लेशः पान्थः स्वशरणं यथा ॥
(ભાગ.૨-૮-૪,૫,૬)

આત્મનિવેદન કરેલાએ ભગવાનની વિવિધ લીલાઓનું શ્રદ્ધાપૂર્વક નિત્ય શ્રવણ કરતાં તે બીજાને કહેતાં અને તેને નિત્ય ગાતાં તથા તેનું સ્મરણ કરતાં શ્રવણ-કીર્તન-સ્મરણ-ગાનરૂપ ભગવદ્ધર્મોનું આચરણ કરતા ધર્મોમાં રહેલા ધર્મી ભગવાન બહુ જ શીઘ્રતાથી આચરણ કરનારના હૃદયમાં પ્રવેશે છે. કાનના છિદ્ર દ્વારા નિત્ય શ્રવણથી જે અન્દર રહેલ અવિનાશી ભાવ અન્તર્યામિ છે તે જ હૃદયરૂપ થાય છે તે ભક્તિ વડે વિસ્તરીને સરોવરરૂપ થાય છે અને સાધનરૂપા ભક્તિ શ્રવણ સમ્પુટિતા થઈ તે બીજપણાને પામે છે અને ત્યારે પ્રેમથી ભરપુર હૃદય બને છે ત્યારે બીજવૃદ્ધિથી તે કમલરૂપ થાય છે, તે અન્તર્યામિની કમલરૂપતા જ ભગવાનનું આસન છે ત્યારે તે આસન પર પ્રવિષ્ટ-બિરાજમાન ભગવાન જ પુણ્ય સાથે જોડાઈને રહેલું જેને અલગ કરી શકાતું નથી તેવા પાપને ધોઈ નાંખે છે - તેને ભગવાન દૂર કરે છે અને સર્વથા પાપનિવૃત્તિથી પવિત્ર-શુદ્ધ થયેલો સર્વદોષરહિત નીરોગ અન્તઃકરણવાળો જીવ પછી કૃષ્ણના ચરણમૂલને ક્યારેય ત્યાગતો નથી તેમજ સર્વ પ્રકારના કલેશોથી મુકત થયેલો પરમાનન્દના અનુભવવાળો થાય છે.

આ પ્રમાણે આવા અમૃતોદના મુખથી પ્રકટ થયેલ ભગવત્સ્વરૂપા વાણી એ ભગવત્પ્રાપ્તિમાં પ્રતિબન્ધ કરનારા સર્વદોષોના નિવારણપૂર્વક ઉત્તમ ફલને સાધનાર હોય છે તે શ્રીઆચાર્યચરણ જણાવે છે - **રાગાજ્ઞાનાદિ** વગેરે વાક્યોથી.

‘રાગ-અજ્ઞાન વગેરે ભાવોનો (અમૃતોદની વાણીના શ્રવણથી) જ્યારે સર્વથા નાશ થાય ત્યારે’ એટલે **રાગ** એટલે ઘર-પુત્ર વગેરેમાં આસક્તિ અને **અજ્ઞાન** એટલે ભગવાનનું સ્વરૂપ અને ભગવાનના ધર્મોનું અજ્ઞાન, અથવા અવિદ્યા, **આદિ** એટલે જેના આદિમાં છે તેવા કામ-ક્રોધ-

લોભ-મોહ-મદ-મત્સર-અભિમાન વગેરે અથવા, અસંભાવના-વિપરીત ભાવના વગેરે એનો **સર્વથા નાશ** એટલે વાસનાસહિત નાશ થાય છે - તેની વાસના પણ ન રહે. આ જ વાસનાને ત્રણ પ્રકારના કષાય એટલે કે ત્રણ પ્રકારની મલિનતાને સુબોધિની પ્રથમ સ્કન્ધમાં **‘कषायास्त्रिविधाः । साक्षाद्रागादयस्तामसाः । तेषामपि वासनारूपा राजसाः । तेषामपि मूलभूता अविद्यारूपाः । ते च क्रमात् कर्मणा (रागादयः) भक्त्या (वासनारूपाः) ज्ञानेन (अविद्यारूपाः) च नाश्यन्ते । तत्र च अधिकाराः पृथक् पृथक् । अतो नैकेन नैकदा कर्तुं शक्याः । तद्भगवत्कृपया अस्य यत् स्फुरितं तत्कृतवान् । ‘चक्राङ्कितस्य नामानि सदा सर्वत्र कीर्तयेत्’ इति वाक्यान्नामसु न देशकालयोरपेक्षा। एकं च नाम न आवर्तनीयम् । ब्रह्मविदः सर्वैरेव रूपैर्भगवत्सेवनस्य श्रुतिसिद्धत्वात् । श्रोतुः वक्तुश्च परिच्छेदबुद्धिः पाषण्डताशङ्कापि स्यात् । ..... स्वाधीतानां अनुसन्धानपूर्वकं उच्चैः उच्चारणं पठनम् । शतृप्रत्ययेन निरन्तरता च उक्ता । ‘गुह्यानि’ इति । यानि चरित्राणि गुह्यानि लोके स्पष्टतया वक्तुं अयुक्तानि पुष्ट्या कृपया कृतानि द्रौपद्यर्जुनादि-शयनस्थानादिषु शयनस्थानादीनि । ‘भद्राणि’ मनोहरादीनि स्वस्य अबाधकानि । ‘कृतानि च’ इति ष स्पष्टतया कृतानि ।** કષાયો - મલિનતાઓ ત્રણ પ્રકારની છે. સાક્ષાત્ રાગ વગેરે તામસો, તેમાં પણ -તેની અંદર રહેલ વાસનારૂપ રાજસો, તે બધાના જ મૂલભૂત અવિદ્યારૂપો. તે ત્રણે અનુક્રમે કર્મથી (રાગ વગેરેનો), ભક્તિથી (વાસનારૂપોનો) અને જ્ઞાન વડે (અવિદ્યારૂપોનો) નાશ થાય છે. તેમાં (કર્મ-ભક્તિ-જ્ઞાનમાં) અધિકારીઓ અલગ-અલગ પ્રકારના હોય છે, તેથી એક વ્યક્તિ દ્વારા ત્રણેનું કર્મ-ભક્તિ-જ્ઞાનના સાધનોનું અનુષ્ઠાન કરવું શક્ય નથી. તે ભગવાનની કૃપાથી આને (નારદજીને) જે સૂઝ્યું તે તેમણે કર્યું । **‘ચક્રાંકિતના નામો સદા-સર્વત્ર કીર્તન કરવા (કહેવા-ગાવા)’** એ વાક્ય મુજબ ભગવાનના નામોને કહેવા-ગવા માટે (સદા અને સર્વત્ર શબ્દથી) કોઈ વિશેષ કાલ કે કોઈ વિશેષ પ્રદેશની અપેક્ષા રહેતી નથી. તેમાં પણ (નામોમાં બહુવચન પ્રયોગ હોવાથી) માત્ર એક જ નામનું આવર્તન નહીં કરવું કારણ કે બ્રહ્મવિદ્ (બ્રહ્મને જાણનાર-અનુભવનાર) લોકો દ્વારા ભગવાનના બધા જ રૂપોનું સેવન એ શ્રુતિસિદ્ધ છે. (ભગવાનના જુદા-જુદા નામો જુદા-જુદા રૂપોને લઈ કહેવાયેલા હોઈ) એક નામની આવૃત્તિ થવામાં ભગવાનના એક જ રૂપનું કથન-પઠનનું જ આવર્તન થતું હોવાથી બધા જ રૂપો વડે બધે જ રક્ષા થતી નથી. **‘જે રૂપની ઉપાસના કરવામાં આવે છે તે રૂપ વડે રક્ષા કરે છે’** એમ શ્રુતિમાં કહેવાયેલું હોઈ અને ભગવાનના જ્ઞાનાત્મકરૂપો-કર્માત્મકરૂપો અને ભક્ત્યાત્મક રૂપો અનન્ત હોવાથી સર્વ રૂપની ઉપાસના નહીં કરાતાં તે-તે રૂપે ભગવાન આવિર્ભૂત નહીં થવાથી સર્વત્ર ત્રણે પ્રકારના કષાયોની નિવૃત્તિ અને તે સિવાયના બીજા પણ આવી પડનારા પ્રતિબન્ધોની નિવૃત્તિ થતી નથી), તેમજ શ્રોતા અને વક્તામાં પરિચ્છેદબુદ્ધિ (શ્રોતામાં વક્તા માટે આ વક્તા સર્વત્ર બ્રહ્મને જાણનારા અનુભવનારા નથી એવી પરિચ્છેદબુદ્ધિ) અને વક્તામાં શ્રોતા માટે પાખંડની શંકા (સર્વત્ર-સર્વરૂપમાં બ્રહ્મ જ છે તેનું અજ્ઞાન એ અજ્ઞાન હોવાથી અને એ શ્રુતિવિરુદ્ધ હોવાથી આ શ્રોતા શ્રુતિ-શાસ્ત્રવિરુદ્ધ ભગવદ્ભાવનું પાખંડ કરે છે તેવી શંકા થાય છે, અથવા એક જ નામના આવર્તનમાં શ્રોતાને વક્તા માટે એમ લાગે છે કે આ વક્તાને સર્વત્ર બ્રહ્મ છે તેનું અજ્ઞાન હોઈને પણ ભગવદ્ભાવનું પાખંડ કરે છે) .... પોતે જેનું શ્રવણાદિ દ્વારા અધ્યયન કર્યું છે તેનું અનુસન્ધાનપૂર્વક ઉચ્ચ સ્વરે ઉચ્ચારણ એ પઠન છે. અહીં **શતૃ** પ્રત્યય હોવાથી પઠન પણ નિરન્તર કરવું એમ જણાવ્યું છે. **ગુહ્યાનિ** ગુહ્ય, એટલે જે ચરિત્રો ગુહ્ય છે લોકમાં સ્પષ્ટરૂપમાં કહેવા એ અયુક્ત છે અને પુષ્ટિ-કૃપાપૂર્વક કરેલા - દ્રૌપદી અર્જુન વગેરેના શયન સ્થાન વગેરેમાં આનન્દ-પ્રમોદના સ્થાનોમાં કરેલા ગુહ્ય, **ભદ્રાણિ** એટલે મનોહર વગેરે-પોતાને કોઈ પણ પ્રકારે બાધા કરનાર ન હોય તેવા **કૃતાનિ** એટલે સ્પષ્ટ રૂપમાં કરેલા (ભાગ.સુબો.૧-૬-૨૬).

આ પ્રકારે ભગવાનના ચરિત્રોનું કથન-શ્રવણ-પઠનએ સર્વદોષ નિવર્તક છે. તે ક્યારેક કંઈક અમૃતોદના મુખેથી સાંભળવા મળે તે **બિન્દુપાન** સમાન છે અને તેવા અમૃતોદના મુખે સારી રીતે શ્રવણ કરી દેહ-કુલ-અન્તઃકરણના ધર્મોથી ઉત્પન્ન થનારી લજ્જાને કારણે તેનું પઠન-ઉચ્ચારણ ગુપ્ત રીતે ન કરતાં લજ્જાનો સર્વ પ્રકારે ત્યાગ કરી ઉચ્ચ સ્વરે નિત્ય ઉચ્ચારણ કરતાં પૃથ્વીમાં પર્યટન કરતાં કરતાં ઉચ્ચારણ કરવું તેમજ જેમ ગોસેવન ધર્મરૂપ છે તેમ પર્યટન ધર્મરૂપ છે તેમ સમજી કરવું. તથા માત્ર માર્ગ-સડક પર સરલતાથી ચાલી ને જ નહીં કિન્તુ ઊંચા-નીચા-પર્વતાળ-પત્થરાળ વગેરે સર્વ પ્રકારના માર્ગમાં ચાલતાં પર્યટન કરવું તેમજ આવા પર્યટનમાં વચ્ચે લૌકિક-અલૌકિક સન્માન-વિભિન્ન આશ્ચર્યોનું અવલોકન-પુણ્ય દેશનો અનુભવ વગેરે ફળો થાય છે તેની સ્પૃહા રાખ્યા વિના મનમાં પૂર્ણ સન્તોષ રાખીને દેશ-કાલ વગેરેના નિયમો વિના પર્યટન કરવું, તે પર્યટન પોતાના શરીરની રક્ષાના વિચાર વિના તેમજ આ મારાથી સાધ્ય છે કે અસાધ્ય છે તેનો વિચાર નહીં કરીને પર્યટન કરતા રહેવું અને તે પણ પોતાના દેહ છૂટતાં સુધી અથવા પોતાના ઉપર પ્રભુની વિશેષ કૃપા થાય ત્યાંસુધી તેની પ્રતીક્ષા કરતાં પર્યટન કરતા રહેવું.

આ પ્રમાણે ભાગવતમાં અને સુબોધિનીમાં જણાવી આગળના ૨૭ મા શ્લોકમાં જણાવે છે -

एवं कृष्णमतेर्ब्रह्मन्नसक्तस्यामलात्मनः ।

(ભાગ.૧-૬-૨૭)

અર્થાત્ - આ પ્રમાણે (પર્યટન કરતાં) આસક્તિરહિત થયેલો શુદ્ધ અન્તઃકરણવાળો કૃષ્ણમતિ થાય છે. આની સુબોધિનીમાં શ્રીઆચાર્યચરણ જણાવે છે - **‘एवं पर्यटने कृष्णे मतिः भवति । तदैव विषयेषु असङ्गः। यदा कृष्णो रोचते तदैव विषया न रोचन्ते । कृष्णमत्या विषय-असङ्गे जाते तदैव अन्तःकरणं शुद्धं जातम् । तदैव कषायाः**

पक्का इत्यर्थः’ અર્થાત્ આ પ્રમાણે પર્યટન કરતાં કૃષ્ણમાં મતિ થાય છે. ત્યારે જ વિષયોમાંથી આસક્તિ દૂર થાય છે. જ્યારે કૃષ્ણ રુચે છે-રુચિનો વિષય માત્ર કૃષ્ણ થાય છે ત્યારે જ વિષયો રુચતા નથી. કૃષ્ણમતિ થકી વિષયોમાંથી આસક્તિ દૂર થાય ત્યારે જ અન્તઃકરણ શુદ્ધ થાય છે. અને ત્યારે જ કષાયો પાકે છે-પ્રતિબન્ધક દોષો નિવૃત્ત થાય છે.

આ પ્રમાણે બિન્દુપાનથી લેહન કક્ષા સુધી પહોંચવાની સમ્પૂર્ણ યાત્રા સુબોધિનિસ્થ શ્રીઆચાર્યચરણના વાક્યોથી વિચારી, લગભગ આને જ મળતી જુલતી વાત શ્રીઆચાર્યચરણે ભક્તિવર્ધિની ગ્રન્થમાં જણાવી છે જેને ત્યાં અન્તમાં **‘लभते सुदृढां भक्तिं सर्वतोऽभ्यधिकां पराम्’** થી એવાને અધિક અને સુદઢા ભક્તિનો લાભ થાય છે એમ વાક્યોથી જણાવે છે.

જ્યારે રાગ-અજ્ઞાન વગેરેમાં વગેરે એટલે શોક-મોહ-કામ-ક્રોધ-અસંભાવના-વિપરીતભાવના-ગૃહ-પુત્ર વગેરેમાં આસક્તિનો અર્થ ગ્રહણ કરવો. આ પ્રમાણે અર્થ કરતાં ભક્તિવર્ધિનીમાં જે એમ કહ્યું છે કે **‘चित्तं श्रवणादौ यतेत्’** તેમજ **‘भजेत् कृष्णं पूजया श्रवणादिभिः’** આ મુજબ આવા ભગવદીયો દ્વારા ભગવદ્ ગુણ-લીલાને વર્ણવતા વાણીથી પ્રકટ થયેલા શબ્દોને તેમાં શ્રદ્ધાપૂર્વક ચિત્ત રાખીને શ્રવણ કરતાં તેનું અનુકીર્તન કરતાં અને તેનું સ્મરણ કરતાં તે બિન્દુપાન ભગવાનની કથામાં અને ભગવાનના સ્વરૂપમાં અનુક્રમે સ્નેહ-આસક્તિ અને વ્યસનને પ્રકટ કરે છે. આ સ્નેહ-આસક્તિ જ રાગનો નાશ અને ઘર-પુત્ર વગેરેમાં આસક્તિ વગેરેનો નાશ કરે છે. તેમજ ભગવાન વિનાનો વિચાર માત્ર યા ભગવચ્ચરિત્ર-ગુણનાં શ્રવણ વિના જે દુઃખનો પ્રતીકાર થઈ ન શકે તેવા નાઈલાજ દુઃખનો જેમાં અનુભવ થાય તેવી ચિત્તદશા નિર્માણ કરે છે જેને ભક્તિવર્ધિનીમાં **વ્યસન** શબ્દથી જણાવવામાં આવ્યું છે. આવી વ્યસનદશામાં અમૃતોદ સમાન ભગવદીયોના મુખથી ભગવદ્ગુણ-લીલાનું શ્રવણ કરવામાં આવે છે ત્યારે તે **લેહન** એટલે કે **‘लिह् आस्वादने’** ના

અર્થે ચાટવું એટલે કે શાન્તિથી તેનું આસ્વાદન કરતાં સ્વાદ લેતાં લેતાં મનમાં પરમ આનન્દનો અનુભવ કરવા સમાન કહેવામાં આવ્યું છે. સુન્દર મઝાની રત્નાગિરિ દેવગઢની હાફૂસ કેરીનો રસ એનું એક ટીપું જીભ ઉપર મૂકવાથી કેરીના રસના ભોગના આનન્દનો ક્ષણિક અનુભવ થઈ તેને વારંવાર ગ્રહણ કરવાની મનમાં ઈચ્છા-આતુરતા ઉત્પન્ન થાય છે એ બિન્દુપાન છે અને એ જ બિન્દુપાન રૂપ આતુરતા જ્યારે આગળ વધીને તે કેરીનો રસ મેળવ્યા વિના ચાલે જ નહીં અને રસ વિના અન્ય કોઈ ભોગ રુચે જ નહીં તેવી ચિત્તદશા બની તેવી દશામાં કેરીના રસનો ભોગ થાય ત્યારે તેને-તેવા શ્રવણને **લેહન** એમ કહેવામાં આવે છે. **‘लिह्’** ધાતુ બે ગણમાં આવે છે તેમાં દિવાદિ ગણમાં પરસ્મૈપદ અકર્મક છે જે સુધા યા ભૂખના અર્થમાં પ્રયોજાય છે અને રુધાદિ ગણમાં ઉભયપદી સકર્મક છે જે પીસવું-કુચલવું અને ઉત્તેજિત કરવાના અર્થમાં પ્રયોજાય છે. પરસ્મૈપદ અને આત્મને પદ વ્યાકરણમાં આ બે પ્રકારના રૂપવાળી ક્રિયામાં જેમાં બીજા સાથે સમ્બન્ધ છે તેવી ક્રિયા એ પરસ્મૈપદથી ઉપયોગમાં આવે છે અને જેમાં પ્રધાનતાએ કર્તાનો પોતાનો સમ્બન્ધ છે તેવી ક્રિયા આત્મનેપદથી ઉપયોગમાં આવે છે. અતઃ સુધા-ભૂખ પણ બે પ્રકારની છે. એક પેટના અથવા અલગ-અલગ ઈન્દ્રિયોના સમ્બન્ધથી મનમાં ઉત્પન્ન થયેલી ભૂખ અને બીજી તેવા સમ્બન્ધે મનમાં મનના જ કારણથી ઉત્પન્ન થયેલી ભૂખ. ત્યારે ખાવું અને ચાટવું એમાં પેટ યા ઈન્દ્રિયના સમ્બન્ધે ઉત્પન્ન થયેલી ભૂખમાં ખાવાથી યા તેના ભોગ માત્રથી સન્તોષ થાય છે અને જે તેવા સમ્બન્ધ વિના મનમાં જ મનના જ કારણથી ઉત્પન્ન થયેલી ભૂખ છે તેની સન્તુષ્ટિ માત્ર ભોગથી યા ખાવાથી થતી નથી પરન્તુ ચાટતાં એટલે કે રસાસ્વાદ લેતાં લેતાં તેનાથી સન્તુષ્ટિ થાય છે. તેથી લેહન એટલે ભગવાનમાં અને ભગવાનની લીલાઓમાં-ચરિત્રમાં-ગુણમાં સહજ પ્રિયતા હોઈ તેવી પ્રિયતા થકી કરવામાં આવતું શ્રવણ એ લેહન છે. ભગવાનની કથા શ્રવણથી દુઃખ દૂર થાય છે - મોક્ષ મળે છે-જગતની સર્વ સમ્પદા મળે છે અથવા તો એનાથી ભગવાનમાં પ્રેમ-ભક્તિ થાય છે વગેરે હેતુઓથી કરવામાં આવેલા શ્રવણને લેહન કહેવાતું નથી.

આ જ લેહનને વેણુગીતમાં તથા તેની સુબોધિનીમાં બતાવવામાં આવ્યું છે. ત્યાં હરિણીઓ, ગાયો, પક્ષીરૂપ મુનિઓએ જે પ્રકારે વેણુગાનનું શ્રવણ કર્યું છે તે લેહન છે. ત્યાં વેણુના ધર્મોનું નિરૂપણ કરતાં શ્રીઆચાર્યચરણ કારિકામાં લખે છે - **‘यशो यदि विमूढानां प्रत्यक्षासक्तिवारणात्, स्वधर्मं योजयेत् तेषु तदा भवति नान्यथा’** આનાં કારિકાર્થમાં જણાવ્યું છે કે **‘विमूढानां’** ગાયોની **‘प्रत्यक्षे’** તૃણ-ઘાસ વગેરેમાં **‘आसक्ति’** જે આસક્તિ હોય છે **‘वारणात्’** તે આસક્તિનું વારણ કરીને **‘स्वधर्मं’** પીયૂષરૂપ સ્વધર્મને ભગવાન જ્યારે તેમનામાં **‘योजयेत्’** યોજે છે **‘तदा’** ત્યારે યશ **‘भवति’** થાય છે. આ **‘धन्यास्तु मूढ मतयोपि’** સ્થળની સુબોધિનીમાં **‘तादृशमपि निकटे गत्वा श्रुतवत्यः, अनेन दैहिका धर्मा निवर्तिताः’** હરણો સહજ રીતે ભય સ્વભાવના હોય છે તેવા હરણો ભગવાનની પાસે જઈને (દૂરથી જ નહીં) વેણુનાદ શ્રવણ કરનારા થયા, આ રીતે હરણોમાં ભય એ એમનો દેહધર્મ છે તેનું પણ ભગવાનના વેણુનાદ શ્રવણથી નિવૃત્ત થયું. તેવી જ રીતે **‘गावश्च कृष्णमुखनिर्गत’** આ સ્થળે સુબોધિનીમાં **‘ता हि वेणुमात्र आसक्ताः तथा कुर्वन्ति इति शङ्कां परिहतर्तुं आहुः कृष्णमुखे’ति’** આ ગાયો માત્ર વેણુનાદમાં જ આસક્ત છે (ભગવાનના સ્વરૂપમાં નહીં) અને તેથી જો કોઈ બીજા દ્વારા વેણુનાદ કરવામાં આવે તો ત્યાં પણ આસક્ત થઈ કાન ઊંચા રાખી સાંભળે છે તેમ અહીં નથી એ જણાવવા **‘कृष्णमुखनिर्गुतवेणुगीत....’** એમ કહ્યું છે. તેવી જ રીતે **‘प्रायो बताम्ब विहगा मुनयः’** આ સ્થળે સુબોધિનીમાં **‘कृष्णेक्षणाः’** ના વિવેચનમાં કૃષ્ણને અર્થે જ જેની ક્ષણ છે અથવા જેમનું કૃષ્ણ જ જોવું-જોવાનો વિષય છે એમ આ પક્ષીઓ માટે જણાવી ને પછી આગળ જણાવે છે કે જ્યાંસુધી ભગવાનનો વેણુનાદ નહોતો સાંભળ્યો ત્યાંસુધી ભગવાનનું સ્વરૂપ જોતાં જ ડાળીઓ પર બેઠા રહ્યા અને જ્યારે ભગવાને વેણુનાદ આરંભ્યો ત્યારે જોવું-સાંભળવું બન્ને કરનારા થયા. તેમ જણાવી આગળ

જણાવે છે-ભગવાનના ચાલ્યા જવાથી તેમનું મન બીજા વિષયોમાં સંચરિત નહીં થઈ ભગવાનમાં જ સ્થિત રહ્યું અને ભગવાન આંખોની સામે નહીં હોતાં પછી ભગવત્સ્વરૂપાત્મક જે વેણુનાદનું તેમણે શ્રવણ કર્યું તેના મનન-અભ્યાસમાં તેઓ **મીલિતદશ** એટલે મીંચેલી આંખોવાળા થયા તેમજ તેઓ નાદશ્રવણમાં તેના મનન-અભ્યાસમાં ભગવદ્ ઉપયોગી વાણીને ત્યાગી વિશેષ પ્રકારે અન્ય વિષયક વાણીને ત્યાગનારા થયા. વેણુનાદ શ્રવણમાં આનન્દાનુભૂતિની અનન્યતામાં અન્ય શારીરિક-વાચિક તથા માનસિક વ્યાપાર અસંભવ થઈ જાય છે. જો એમ ન થાય તો શ્રવણ-અનુભવના કાલમાં અન્યવાણી રસાનુભવમાં પ્રતિબન્ધક થઈ જાય છે. આ મુજબ વેણુ સ્થાનીય અમૃતોદ ભગવદીયોના મુખથી શ્રવણ થઈ તેનાં ફલરૂપે ઉપરના ત્રણ દૃષ્ટાન્તોમાં કહેવાયા મુજબનું શ્રવણ બને અને તેવી અવસ્થામાં અમૃતોદ દ્વારા ભગવલ્લીલાનું શ્રવણ એ પરમાનન્દ રસનું અનુભાવક હોઈ તેનું આનન્દ પૂર્ણ રસાસ્વાદન એ લેહન છે.

આ પ્રકારનું લેહનરૂપ રસાસ્વાદન એ **‘स्व’** એટલે પૂર્ણાનન્દ-પરમાનન્દ રસરૂપ ભગવાન શ્રીકૃષ્ણરૂપ **આનન્દનું ‘उद्‌गम’** એટલે ઉચ્ચ પ્રકારે આવિર્ભાવનું કારણ થાય છે. જેને તૈત્તિરીય ઉપનિષદ્‌માં **‘रसो वै सः, रसं हि एव अयं लब्ध्वा आनन्दी भवति’** એમ જણાવ્યું છે. અર્થાત્ - તે પરબ્રહ્મ નિશ્ચય કરીને રસ છે. આ રસનો લાભ કરીને લાભ કરનાર આનન્દી-આનન્દવાળો થાય છે. એમ જણાવ્યું છે. અહીં રસનો લાભ એટલે પરમાનન્દ રસનો અનુભવ કરનાર એ સ્વયં આનન્દી એટલે આનન્દવાળો-આનન્દ પરિપૂર્ણ થાય છે એમ અર્થ છે.

આ જલભેદના ઓગણીસમા શ્લોકના વિષયને તૈત્તિરીય ઉપનિષદ્ અને સિદ્ધાન્ત મુક્તાવલીના વિષય સાથે સરખાવતાં **સ્વાનન્દ** એટલે **સ્વ** એટલે જીવ અને તેના સમ્બન્ધનો **આનન્દ** એટલે અક્ષરાત્મક આનન્દાંશ અન્તર્યામિ એના ઉદ્‌ગમનું કારણ આ લેહન બને છે. એટલે તૈત્તિરીય ઉપનિષદ્‌માં રસમીમાંસાના પૂર્વ જે અક્ષરભાવની વાત કહેવાઈ છે જેને

સિદ્ધાન્તમુક્તાવલીમાં **‘तत् सिद्ध्यै तनुवित्तजा, ततः संसारदुःखस्य निवृत्तिः ब्रह्मबोधनम्’** એમાં તનુવિત્તજાના અન્તે જે બ્રહ્મબોધ-બ્રહ્માનુભવ જણાવ્યો છે તે અક્ષરાત્મક આનન્દના ઉદ્‌ગમનું કારણ છે અને તે ભગવદાનન્દની યોગ્યતાને જણાવે છે અતઃ તદનન્તર તે **‘स्व’** એટલે પરમાનન્દ શ્રીકૃષ્ણના આનન્દના ઉદ્‌ગમનું કારણ થાય છે એમ અહીં બન્ને અર્થ લઈએ તો વિષય વધુ સ્પષ્ટ થાય છે.

આ પ્રમાણે શ્રુતિમાં કહેવાયેલ **‘समुद्रियाभ्यः स्वाहा’** એ ઓગણીસમાં ભાવનું સાડા પાંચ શ્લોકમાં અને તેમાં **‘अमृतोदाः’** નું સાડા ત્રણ શ્લોકમાં નિરૂપણ પૂર્ણ થયું. ॥ ૧૯ ॥

* * * * *

શ્લોક - ૨૦

उद्धृतोदकवत्सर्वे पतितोदकवत्तथा ।
उक्तातिरिक्तवाक्यानि फलं चापि तथा ततः ॥ २० ॥

અન્વય :- उक्तातिरिक्तवाक्यानि-(उक्तानि-अतिरिक्तानां वाक्यानि) – ઉક્તથી અતિરિક્તનાં વાક્યો - (આ પહેલાં ૧૯ પ્રકારના કહેવાઈ ગયેલા ભાવો અને તેના આધારથી જુદા ભાવ અને આધાર વડે કહેવાયેલાં વાક્યો એ), **सर्वे** – બધા જ, **उद्धृतोदकवत्** -(કહેવાઈ ગયેલા જલ-આધારોમાંથી) ઉદ્ધૃત કરેલા-કાઢેલા જલ જેવા છે, **तथा** – તેમજ (અહીં કહેવાયેલા ભાવો સિવાયના બીજા ભાવો છે તે), **पतितोदकवत्** – (પાત્ર વગેરેમાંથી) નીચે પડેલા જલ સમાન છે, **वा** – તેમજ (તેમને-ભાવના આધારને), **फलम्** – ફલ, **अपि** – પણ, **ततः** – તેમના ભાવને અનુરૂપ જ, **तथा** – તે મુજબનું જ થાય છે ॥ ૨૦ ॥

શબ્દાર્થ - ઉક્તથી અતિરિક્તનાં વાક્યો - (આ પહેલાં ૧૯ પ્રકારના કહેવાઈ ગયેલા ભાવો અને તેના આધારથી જુદા ભાવ અને આધાર વડે કહેવાયેલાં વાક્યો એ)બધા જ, ઉદ્ધૃતોદકવત્ -(કહેવાઈ ગયેલા જલ-આધારોમાંથી) ઉદ્ધૃત કરેલા-કાઢેલા જલ જેવા છે. તેમજ (અહીં કહેવાયેલા ભાવો સિવાયના બીજા ભાવો છે તે) (પાત્ર વગેરેમાંથી) નીચે પડેલા જલ સમાન છે. તેમજ (તેમને-ભાવ ના આધારને) ફલ પણ તેમના ભાવને અનુરૂપ જ તે મુજબનું જ થાય છે ॥ ૨૦॥

શ્રીકલ્યાણરાયજી - विंशं भावमाहुः उद्धृतोदकवदिति । अव्यवधानेनोक्तामृतोदतुल्यातिरिक्तानां वाक्यानि तथा तेषामेव सर्वे भावाश्च भाववतामप्रत्यक्षदशायामादरेण गृहीतानि वाक्यानि भावाश्चोद्धृतोदकवदुपकारं कुर्वन्ति । यथा कथञ्चिद्गृहीतानि पतितोदकवज्जलाशयात् पृथक् स्थितोदकवत् । अथवा, प्रासादादितः पतितोदकवदुपकारं कुर्वन्ति । अथवा । भाववदप्रत्यक्षदशायां सर्वे भावा अमृतोदतुल्यातिरिक्तानामुद्धृतोदकवत्फलं साधयन्ति । वाक्यानि च पतितोदकवत् फलं साधयन्तीत्यर्थः । ततस्तेभ्यो भावेभ्यो वाक्येभ्यश्च फलमपि तथा तदनुरूपमेवेत्यर्थः । यथोद्धृतजलानि स्वप्रभवगुणसदृशानेव गुणान् विदधते, न तु तानेव, तथा तत्तद्भावा अपि तत्तद्गुणसदृशान् गुणान् विदधते । सुधा तु सदैकरूपमेव गुणं विधत्त इति भावः ॥ २० ॥

અર્થાત્ - (આભાસ) - વીસમા ભાવને કહે છે **‘ઉદ્ધૃતોદકવત્’** વગેરે વાક્યથી. **(વ્યાખ્યાન) -** વ્યવધાન રહિત કહેવાયેલા અમૃતોદ સમાન ભાવવાળાઓથી અલગ બીજાના વાક્યો, તથા તેમના જ બધા ભાવો જે ભાવવાળાઓ છે તેમની અપ્રત્યક્ષ-પરોક્ષ દશામાં આદરપૂર્વક ગ્રહણ કરેલા વાક્યો અને ભાવો જલાશયમાંથી પાત્ર વડે ભરીને લાવેલા જળની માફક ઉપકાર કરે છે. તે વાક્યોને (આદર વિના) જેમ તેમ ગ્રહણ કરેલા હોય ત્યારે તે **‘પતિતોદકવત્’** એટલે કે જલાશયથી અલગ થઈને રહેલા જળ સમાન હોય છે. અથવા, મહેલની છત-બંગલાની છત મંદિરની છત વગેરેથી પડેલા જળ સમાન ઉપકાર કરે છે. અથવા, ભાવવાળાઓની અપ્રત્યક્ષદશામાં બધા જ ભાવો અમૃતોદ સમાન ભાવવાળાઓથી અતિરિક્ત બીજા ભાવવાળાઓના (અપ્રત્યક્ષદશામાં) જલાશયમાંથી પાત્રમાં ભરી લાવેલા જળ સમાન ઉપકારને સાધે છે, અને તેમના વાક્યો ઉપર જણાવેલ પ્રાસાદ વગેરેથી પડેલા જળ સમાન ફલને સાધે છે એમ અર્થ છે. તેથી કરીને તેમના તે ભાવ વડે અને વાક્યો વડે ફલ પણ તે-તે ભાવ-વાક્યને અનુરૂપ જ હોય છે એમ અર્થ છે. જેમ જલાશયમાંથી ઉદ્ધૃત કરી લાવેલું જળ, જળના ઉત્પત્તિ સ્થાનના ગુણ જેવા જ ગુણોને ઉત્પન્ન કરે છે, નહીં કે બરાબર તે જ ગુણને ઉત્પન્ન કરે છે, તેમ તે-તે ભાવો પણ તેમના તેમના ગુણ જેવા ગુણોને ઉત્પન્ન કરે છે. સુધા (અમૃત) તો સદા એક સમાન-એક રૂપ ગુણને જ પ્રકટ કરે છે એમ ભાવ છે ॥ ૨૦ ॥

શ્રીપુરુષોત્તમજી - **अतः परं सायणीये सर्वाभ्यः स्वाहेत्यस्य तद्व्यतिरिक्ता इत्यर्थ उक्त इति तमनुसृत्य पूर्वेभ्योतिरिक्तं विशं भावमाहुः उद्धृतेत्यादि । सर्वे पूर्वोक्तातिरिक्ता ये गुणा भावास्तदाधाराश्च ते उद्धृतोदकवत् कूपतडागादिभ्यः पात्रेषूद्धृतं यदुदकं तद्वत्, उद्धृतं जलं यथा परिमितं यादृशभाण्डस्थं तदनुरोधेन शुद्ध्यशुद्धिमच्च भवति । क्वचित्किञ्चित्स्वाकारानुकार्यपि भवति । तथा ते उक्तातिरिक्ता भावा अपि परिमिता आधारानुसारेणाकारानुसारेण च शुद्ध्यशुद्ध्यादिभाजः । तथेति वैयधिकरण्यदृष्टान्तबोधकं, उक्तातिरिक्तानां भावाधिकरणानां वाक्यानि, पतितोदकवत् पात्रेभ्यः पतितं यदुदकं तद्वत् । पतितोदकं यत्र पतति तदार्द्रीकुर्वत् क्वचिद्गुणं क्वचिद्दोषं च विधत्ते । तथा तेषां वाक्यानि आधारमार्द्रीकुर्वन्ति, तदनुसारेणैव गुणदोषकराणि । वेत्यनादरे, आत्मनः फलमपि तथा, आत्मनो गुणाधारस्य फलमपि तथा भाववदेव । चकारपाठे तु च पुनरित्यर्थो वक्तव्यः ॥ २० ॥**

અર્થાત્ - (આભાસ) - હવે પછી - સાયણાચાર્યકૃત વેદભાષ્યમાં **'સર્વાભ્યઃ સ્વાહા'** આ શ્રુતિના અર્થમાં આના પૂર્વ કહેવાઈ ગયેલ જલથી અલગ આ જલ છે એમ અર્થ કહ્યો હોવાથી તેને અનુસરીને પૂર્વમાં કહેવાઈ ગયેલ ૧૯ ભાવોથી અતિરિક્ત વીસમા ભાવને કહે છે **'ઉદ્ધૃત'** વગેરે વાક્યથી. **(વ્યાખ્યાન)** - પૂર્વમાં કહેવાઈ ગયેલાથી અતિરિક્ત જે બધા ગુણો, ભાવો અને તેના આધારો છે તે બધા જ ઉદ્ધૃત કરેલા (જલાશયમાંથી પાત્ર વગેરે દ્વારા ઉદ્ધૃત કરેલા) જળ સમાન છે. ઉદ્ધૃત કરેલું જળ જેમ પરિમિત હોય છે અને જેવા પાત્રમાં લવાયેલું હોય તે પાત્રની શુદ્ધિ-અશુદ્ધિના આધારે તે જળ પણ શુદ્ધ-અશુદ્ધ થાય છે. ક્યારેક કંઈક જે આકારના (પાત્ર-નાળી વગેરે) આધારમાં જાય છે તે આકાર અનુસારનું કાર્ય કરે છે, તેમ તે પૂર્વમાં કહેવાઈ ગયેલ ભાવોથી અતિરિક્ત જે ભાવો છે તે

પણ પરિમિત હોય છે અને આધાર અનુસાર - આકાર અનુસાર શુદ્ધિ-અશુદ્ધિને કરનાર હોય છે. **'તથા'** એટલે આ પ્રકારનું જલ પૂર્વમાં કહેવાઈ ગયેલા આધારોથી અલગ પ્રકારના આધારનું અલગ છે એમ જણાવવા જુદા ઉદાહરણથી જણાવ્યું છે. પૂર્વમાં કહેવાઈ ગયેલથી અતિરિક્ત ભાવના અધિકરણ-વક્તાઓના વાક્યો **'પતિતોદક જેવા'** પાત્રથી પડેલું જે જળ તેના જેવા છે. પડેલું જળ જ્યાં પડે છે તે સ્થળને આર્દ્ર-ભીનું કરે છે, ક્યારેક ગુણ તો ક્યારેક દોષને કરે છે, તેમ તેમના વાક્યો આધારને આર્દ્ર બનાવે છે અને તેના અનુસાર જ ગુણ-દોષ કરનાર હોય છે. **'વા'** શબ્દ અનાદરના અર્થમાં વાપર્યો છે, પોતાને તે ફલ પણ તેવું જ થાય છે. તેમજ શ્રોતાને પણ વક્તાની હીનતા સમાન હીન ફલ જ થાય છે. (વા-ની જગ્યાએ) **'ચ'** (એમ પાઠ લેવામાં આવે ત્યારે 'અને' ના અર્થમાં સમજવો ॥ ૨૦ ॥

શ્રીવલ્લભજી - **ननु पूर्वोक्ता शेषादयः पूर्णा उक्ताः, तथाप्येतदपेक्षया न्यूनत्वात्तेषां धर्माणां कथं पूर्णत्वं फलसाधकत्वं च तत्राहुः - उक्तातिरिक्ता अमृतोदतुल्यातिरिक्ताः शेषादयः तेषां वाक्यानि उद्धृतोदकवत्, यथा गङ्गात उद्धृत्य गृहे समानीतं जलमपि गङ्गाजलमेव, तथापि मर्यादामार्गविधिना स्नानपूजादिफलं प्रवाहस्थजल एव भवेन्नास्मिन्, तथा तेषां धर्माणामपि भगवद्धर्मरूपत्वं पूर्णत्वादिकं च तिष्ठत्येव, परन्तु पुष्टिफलप्रापकत्वं नेति भावः । पुष्टिफलं तु तादृग् बिन्दुपानजनितरसास्वादेनैव भवेन्नान्यथेति सूचितम् । एवं सति मर्यादामार्गीयभक्तिरसपूर्णत्वं पुरुषोत्तमसायुज्यफलकत्वं तेषां सम्पन्नमिति ज्ञापितम् । किञ्च, एतत्पोषकत्वेन द्वितीयं दृष्टान्तमाहुः पतितोदकवदिति । यथा वर्षाजलमाकाशात् पतितं यद्यपि शुद्धं निर्मलं, तथापि मध्ये गृहीतं चेत् कर्मादियोग्यं न भवति, भूमौ पतितं चेत्कर्मादियोग्यं भवति, तथा तानि वाक्यानि शुद्धानि निर्मलानि, तथाप्येतादृश-**

भक्तिरसभावाशयसंवलितत्वाभावादेतत्फलरूपस्वरूपसंबन्धकारकाणि न भवन्तीति भावः । एतदेवोक्तं फलं चापि तथा तत इति । यादृशो मार्गः यादृशं वाक्यं तादृशमेव फलं भवेदिति भावः । अथवा, पूर्वं स्वतन्त्रतया प्रमेयबलमाश्रित्योक्तम्, अधुना शास्त्रक्रमानुसारेणोच्यते । तथाहि, उक्तातिरिक्ता अमृतोदतुल्यातिरिक्ताः शेषादयस्तेषां वाक्यानि उद्धृतोदकवदुपकारं कुर्वन्ति । यथा जलाशयादुद्धृतं गृहे समानीतं जलं गृहादिशोधकत्वेन स्नानाचमनादिनात्मशोधकत्वेन पाकादिकर्मकारकत्वेन तृषादिनिवर्तकत्वेन चोपकारकं भवति, तथा तेषां वाक्यानि वाक्योक्तधर्माचरणादिना अविद्यौपाधिककर्मनाशकत्वेन ज्ञानादिधर्मोत्पादकत्वेन सांसारिकतापनिवर्तकत्वेन मुक्तिफलकत्वेन च प्रतिक्षणमुपकुर्वन्तीति भावः । तादृशस्थितौ विशेषानुग्रहश्चेत्तदा पुष्टौ प्रवेशः, नो चेत्तदुपकार एवेत्यर्थः । एतदेवोक्तं सिद्धान्तमुक्तावल्यां 'उभयोस्तु क्रमेणेव पूर्वोक्तैव फलिष्यती'ति । अतएव पुष्टिमार्गाधिकारो मुक्तानामेवेति 'मुक्तोपसृप्य' इत्याद्युक्तम् । किञ्च, एतत्पोषकत्वेन द्वितीयं दृष्टान्तमाहुः पतितोदकवदिति । वर्षाजलं पतितमुपकरोति, परन्तु मर्यादया पतितं चेत् । नो चेत्सर्वसस्यादिनाशकं भवेत् । एवं मर्यादया धर्माचरणे फलं भवेत्, नो चेदौद्धत्येन सर्वधर्मनाशो भवेदिति तेषां वाक्यानामुपकारकत्वं पूर्णत्वं फलसाधकत्वं चोक्तम्। अत एव फलं चापि तथा तत इत्युक्तम् । ततस्तादृशवाक्यात् फलं च तथा तदनुसार्येव सायुज्यं भवेदिति भावः ॥ २० ॥

અર્થાત્ - (આભાસ) - પ્રશ્ન - જો પૂર્વમાં કહેવાયેલ શેષ-વ્યાસ વગેરેને પૂર્ણ કહ્યા છે, છતાં પણ અમૃતોદની અપેક્ષા તેમનું ન્યૂનપણું

હોવાથી તેમના **ધર્મો**ની પૂર્ણતા અને ફલસાધકતા કેવી રીતે ? તે કહે છે. **(વ્યાખ્યાન) - 'ઉક્તાતિરિક્ત'** એટલે અમૃતોદ સમાનથી અતિરિક્ત શેષ વગેરે તેમના વાક્યો જલાશયમાંથી **ઉદ્ધૃત** કરેલા જળ સમાન છે, જેમ ગંગામાંથી જળ ઉદ્ધૃત કરીને ઘરે લાવવામાં આવેલું જળ પણ ગંગાજળ જ હોય છે, તેમ છતાં પણ મર્યાદામાર્ગની વિધિએ સ્નાન-પૂજા વગેરેનું ફલ પ્રવાહમાં વહી રહેલા જળમાં જ થાય છે, આ લાવેલા જળમાં નહીં, તેમ તેમના ધર્મો પણ ભગવદ્ધર્મરૂપે પૂર્ણ વગેરે રૂપે રહે જ છે, પરંતુ તે પુષ્ટિફલને પ્રાપ્ત કરાવનાર નથી હોતા એમ ભાવ છે. પુષ્ટિફલ તો બિન્દુપાનથી થનાર રસાસ્વાદનથી જ થાય છે બીજી કોઈ રીતે નહીં એમ સૂચિત કર્યું છે. આ પ્રમાણે હોતાં તેમની મર્યાદામાર્ગીય ભક્તિરસ પૂર્ણતા તથા પુરુષોત્તમના સાયુજ્યરૂપ ફલને કરનારા હોય છે એમ એમની સમ્પન્નતા આથી જ્ઞાપિત કરી છે. વળી આ જ વાતના પોષકરૂપમાં બીજું દૃષ્ટાન્ત કહે છે - **'પતિતોદક વત્'** વાક્યથી. જેમ વર્ષાનું જળ આકાશથી નીચે પડેલું યદ્યપિ શુદ્ધ-નિર્મલ હોય છે, તેમ છતાં પણ જો તેને વચમાં જ ગ્રહણ કરી લેવામાં આવે ત્યારે તે કર્મ વગેરે અર્થે યોગ્ય નથી હોતું, જો તે ભૂમિ ઉપર પડેલું હોય ત્યારે જ તે કર્મ વગેરે અર્થે યોગ્ય થાય છે, તેમ તેમના તે વાક્યો શુદ્ધ-નિર્મલ હોય છે, તેમ છતાં પણ પૂર્વમાં કહેવાયેલ એવા ભક્તિરસ ભાવના આધારરૂપે સંવલિતપણાનો અભાવ હોવાથી આ ફલરૂપે સ્વરૂપના સંબન્ધને કરાવનાર બનતો નથી એમ ભાવ છે. તેથી જ કહ્યું છે કે **'ફલં ચાપિ તથા તતઃ'**, જેવો માર્ગ, જેવું વાક્ય તેવું જ ફલ થાય છે એમ ભાવ છે. અથવા, પૂર્વમાં સ્વતંત્ર રીતે પ્રમેયબલનો આશ્રય કરીને કહ્યું છે, અત્યારે શાસ્ત્ર ક્રમના અનુસાર કહેવામાં આવે છે. તે આ રીતે કે અમૃતોદ સમાનથી અતિરિક્ત શેષ વગેરે તેમના વાક્યો ઉદ્ધૃત કરેલા જળ સમાન ઉપકાર કરે છે. જેમ જલાશયમાંથી ઉદ્ધૃત કરેલું અને ઘરે લાવેલું જળ ઘર વગેરેને શુદ્ધ-સાફ કરવા, સ્નાન-આચમન વગેરે વડે આત્મશોધક, રસોઈ વગેરે બનાવવામાં ઉપયોગી, તરસ વગેરેને દૂર કરનાર વગેરે પ્રકારે ઉપકારક થાય છે, તેમ તેમના વાક્યો વાક્યમાં કહેવાયેલ ધર્મનું આચરણ વગેરે વડે અવિદ્યાની ઉપાધિથી થયેલા કર્મોના નાશકરૂપે-જ્ઞાન વગેરે ધર્મોને ઉત્પન્ન કરવાના રૂપે,

સાંસારિક તાપ નિવૃત્ત કરવાના રૂપે, મુક્તિરૂપ ફલ કરવાના રૂપે પ્રતિક્ષણ ઉપકારને કરે છે એમ ભાવ છે. તે પ્રકારની સ્થિતિ હોતાં જો ભગવાનનો વિશેષ અનુગ્રહ થાય ત્યારે પુષ્ટિમાં પ્રવેશ થાય છે, નહીંતર ઉપર કહેવાયેલ ઉપકાર માત્ર થાય છે. આ જ વાતને સિદ્ધાન્ત મુકતાવલીમાં કહે છે - **'બન્નેને અનુક્રમે પૂર્વમાં કહેવાયેલ જ ફલ થશે'** તેથી જ પુષ્ટિમાર્ગનો અધિકાર મુક્ત લોકોને જ છે એમ **'મુક્તોપસૃપ્ય વ્યપદેશાત્'** એ પરમાત્માને મુક્ત પુરુષો જ પામી શકે છે (બ્ર.સૂ. ૧-૩-૨) વગેરે કહેવાયું છે. વળી, આ જ વાતના પોષણમાં બીજું દૃષ્ટાન્ત કહે છે **'પતિતોદકવત્'** વાક્યથી. વર્ષાજલ આકાશમાંથી નીચે પડેલું ઉપકાર કરે છે. પરન્તુ મર્યાદામાં રહીને પડેલું હોય તો, નહીંતર બધું જ નાશ કરનારું થાય છે, એ પ્રમાણે મર્યાદામાં રહીને ધર્માચરણ કરાતાં ફલ થાય છે, નહીંતર ઉદ્ધતપણાએ કરાતાં સર્વ ધર્મ નાશ થાય છે એમ તેમના વાક્યોનું ઉપકાર કરવાપણું - પૂર્ણતા-ફલ સાધકતા જણાવી છે. તેથી જ **'ફલં ચાપિ તથા તતઃ'** એમ કહ્યું છે. તેથી કરીને તે પ્રકારના વાક્યથી ફલ પણ **'તથા'** એટલે તે અનુસારનું જ સાયુજ્યરૂપ ફલ થાય છે એમ ભાવ છે ॥ ૨૦ ॥

શ્રીબાલકૃષ્ણજી - विंशं भावमाहुः उद्धृतोदकवदिति । पूर्वोक्ता अमृतोदतुल्यातिरिक्तानां वाक्यानि तथैव तेषां सर्वेषां भावाः भगवद्भाववचनेन गृहीताः । वाक्यानि च तथैवादरेण श्रुतानि उद्धृतोदकवदुपकुर्वन्ति यथा, तथा गृहीतानि प्रसादात् पतितोदकवत् उपकारं कुर्वन्तीत्यर्थः । उद्धृतोदकं यथा स्वस्य स्नानपानदशासु यत्नगृहीतत्वात् यत्किञ्चित्सङ्कोचेन योग्यं भवति, तथैतेषां भावोपीति भावः । तथैतेषां फलमपि भवति । पतितोदकं यथा मलस्नानादियोग्यं, न तु पानादिषु, तथैतेषां भावोपीत्यर्थः । उद्धृतोदकं यथा पानादिदशायामेव तृषाशान्तिं करोति, स्वोत्पत्तिस्थानसदृशान् गुणान् विदधति, स्वस्थितिवशाच्च शीतोष्णभावं भजते, सुधा तु सदैकरूपेति सदैकरूपमेव गुणं विदधातीति भावः ॥ २० ॥

અર્થાત્ - (આભાસ) - વિસમો ભાવ કહે છે - **'ઉદ્ધૃતોદકવત્'** વગેરે વાક્યથી. **(વ્યાખ્યાન)** - પૂર્વમાં કહેવાઈ ગયેલ અમૃતોદ સમાન ભાવવાળાઓથી અતિરિક્તોના વાક્યો તેવી જ રીતે તેમના બધા ભાવો ભગવદ્વચનના રૂપમાં ગ્રહણ કરેલા છે. તે વાક્યોને જેમ તેવા જ આદરપૂર્વક સાંભળેલા હોય તે જલાશયમાંથી ઉદ્ધૃત કરેલા જળ સમાન ઉપકાર કરે છે તેમ તે વાક્યો ગ્રહણ કરાતાં મહેલ-બંગલો વગેરેથી પડેલા જળ સમાન ઉપકાર કરે છે એમ અર્થ છે. ઉદ્ધૃત કરેલું જળ જેમ પોતાના સ્નાન-પાન વગેરે માટે યત્નપૂર્વક લાવેલું હોવાથી થોડું હોવાથી સંકોચ પૂર્વક સાચવીને વાપરવા યોગ્ય હોય છે, તેમ આમનો ભાવ પણ તે મુજબ જ હોય છે. તેમજ તે વાક્યશ્રવણથી તેનું ફલ પણ તેવું જ થાય છે. નીચે પડેલું જળ જેમ બાહ્ય સ્નાન વગેરે અર્થે યોગ્ય હોય છે, પરન્તુ પીવા માટે તે યોગ્ય નથી હોતું તેમ આમનો ભાવ પણ તેવો જ હોય છે એમ અર્થ છે. ઉદ્ધૃત કરેલું જળ જેમ પીવામાં આવે ત્યારે જ તરસને છુપાવે છે, પોતાના ઉત્પત્તિ સ્થળના ગુણ જેવા ગુણોને કરે છે, પોતાની સ્થિતિવશ ઠંડા-ગરમ ભાવને પણ પામે છે, સુધા (અમૃત) તો સદા એકરૂપ છે તેથી સદા એકરૂપ ગુણને જ કરે છે એમ ભાવ છે ॥ ૨૦ ॥

વિવરણ - વેદની શ્રુતિમાં ૧૯ પ્રકારના ભાવો **'समुद्रियाभ्यः स्वाहा'** પર્યન્તમાં જણાવીને તે પછી ૨૦ મો ભાવ **'सर्वाभ्यः स्वाहा'**થી અલગથી કહેવાયેલો હોઈ અને તેમાં જલના વિશેષણમાં **'सर्व'** શબ્દનો પ્રયોગ હોઈ **सर्व** એટલે પૂર્વમાં કહેવાઈ ગયેલા ૧૯ પ્રકારના ભાવોથી અતિરિક્ત બાકીના બધાજ પ્રકારના આધારવાળું જલ. અથવા આ ૧૯ પ્રકારના આધારમાં રહેલા જલમાંથી અલગ પાત્ર વગેરે વડે ઉદ્ધૃત કરેલું યા ઉદ્ધૃત કરેલા પાત્ર વગેરેમાંથી નીચે પડેલું જલ એ વીસમો ભાવ છે. એટલે કે ૧૯ પ્રકારના જણાવેલા જલના કૂવો, તળાવ, નદી, સમુદ્ર વગેરે જે આધારો છે તેથી અલગ જેટલા પણ પ્રકારના આધારો છે જેમકે ખોબો,

બાલ્ટી, કોસ, ગ્લાસ, તપેલી, ગાગર, ચોમાસાના પાણીના સંગ્રહ માટે બનાવેલું ટાંકુ, થર્મોસ, તાંબા-પિત્તળની ટાંકી, દિવસભરના વપરાશ માટે છત ઉપર રાખેલી યા બનાવેલી ટાંકી, તેમાં પણ લોખંડની-તાંબાની-સિમેન્ટની-પ્લાસ્ટિકની વગેરે ટાંકી, જલાધારથી પોતાના ઘર સુધી લઈ જવા માટે બનાવેલી નાળી, વગેરે આધારોનો આમાં સમાવેશ થાય છે.

અગાધપણું-ઊંડાણ વગેરે સમુદ્રના ધર્મો છે અને સીમિતપણું એ કૂવો તળાવ વગેરે એકથી અઢારમા ભાવ સુધીમાં કહેવાયેલ દરેક ભાવોમાં રહેલું છે, તેમ છતાં પણ તેનું સીમિતપણું જલનો ઉપયોગ કરનાર અથવા જલમાં સ્થિતિ કરનારાઓના અધાર પર રહેલું છે જેમકે દેડકા માટે નદી અગાધ છે અને મોટા મગરમચ્છો-વ્હેલમાછલી વગેરે માટે નદી એ સીમિત છે. તેથી જેમ જેમ દેહની વૃદ્ધિ છે તેમ તેમ તેને અગાધ પણ સીમિત રૂપમાં અનુભવાય છે. **‘दिह् उपचये’** થી બનેલો દેહ શબ્દ ઉપચય એટલે વૃદ્ધિના અર્થને ઘોતે છે અતઃ જેનો વધવાનો સ્વભાવ છે એ દેહ-આધુનિક વિજ્ઞાને પણ એમ સ્વીકાર્યું છે કે સૃષ્ટિમાં પ્રથમ અમીબા થયા અને તેમાં જેમ-જેમ વૃદ્ધિ થતી ગઈ તેમ-તેમ પ્રાણિઓના દેહની વૃદ્ધિ થતી ગઈ જે જિરાફ઼ વગેરે રૂપમાં કહેલી છે તેમાં પણ અન્તઃકરણનું સામર્થ્ય વગેરેમાં વૃદ્ધિનું છેલ્લું રૂપ તે મનુષ્ય છે. તેમ અધિકારની બાબતમાં એકદમ અલ્પ અધિકારવાળાઓ અમીબા સમાન છે. ભલે અમીબા એકદમ અણુ છે છતાં પણ જીવન છે તેમ ભલે અલ્પમાં અલ્પ અધિકાર છે છતાં પણ અધિકાર છે. તેનું જ સહુથી વિસ્તૃત પરિવૃદ્ધ સ્વરૂપ એ અમૃતોદના અધિકારી શ્રોતાઓનું છે. તેથી અમૃતોદના અધિકારી શુદ્ધ પુષ્ટિજીવ-શ્રોતાઓ માટે બાકીના બધા જ -અઢારે અઢાર ભાવો સીમિત કહેવાશે. આવા પુષ્ટિજીવોને તેમના અધિકારને અનુકૂલ શ્રવણ માટે ઉપર્યુક્ત વકતાઓના નિશ્ચય માટે આ ગ્રન્થમાં શ્રીઆચાર્યચરણ જુદા-જુદા સ્વરૂપના વકતાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

અતઃ ઉદ્ધૃતોદમાં માત્ર શુદ્ધજલ યા ગંગા વગેરેનું પવિત્રજલ છે એટલો જ વિચાર પર્યાપ્ત નથી પણ તે પાત્રમાં ઉદ્ધૃત કરવામાં આવ્યું છે

તે પાત્રની શુદ્ધિ-અશુદ્ધિ યા પવિત્ર-અપવિત્રનો વિચાર ત્યાં સર્વથા અપેક્ષિત રહે છે. યદ્યપિ સુબોધિની-ષોડશગ્રન્થો વગેરે શ્રીમહાપ્રભુની વાણી છે-ભગવદ્‌વાણી છે. છતાં પણ એ જ વાણીને તાત્પર્ય-વિવેચન વગેરે પૂર્વક બીજાઓ બોલતા હોય ત્યારે શ્રીઆચાર્યચરણની વાણી માત્રથી જ ગ્રાહ્ય બની જતી નથી પરન્તુ તે વાણીને આપણા સુધી પહોંચાડનાર વ્યક્તિ કયા પ્રકારનો યા કેવા અધિકારનો છે તે જોવું -જાણવું પણ ખૂબ જ અગત્યનું બની જાય છે. ભલે દૂધ અમૃત છે પણ ઝેર લાગેલા પાત્રમાં લાવવામાં આવે તો પરિણામ અમૃતનું નહીં પણ મરણનું જ પરિણામ આવશે. શુદ્ધ-મધુર જલ કારેલાના સત્ત્વવાળા પાત્રમાં લાવવામાં આવશે તો એનો સ્વાદ મધુર નહીં કિન્તુ કડવો જ આવશે. એમ અહીં જે પાત્રમાં ઉદ્ધૃત કરવામાં આવ્યું છે તેનો વિચાર પરમાવશ્યક બની જાય છે. એક વખત એક સ્થળે અમારા પ્રવચનનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો અને એક વૈષ્ણવ મને પ્રવચન સમય પૂર્વ મળવા આવ્યા અને મને પૂછ્યું કે આપે ગઈકાલે પ્રવચનમાં આ તાત્પર્ય પ્રસ્તુત કર્યું તે મારે સમજવું છે. મેં કહ્યું ભાઈ ગઈકાલે તમે પ્રવચનમાં હાજર ન હતા તો મારું કહેવાનું આ તાત્પર્ય છે એ કેમ કરી જાણ્યું ? તો એમણે કહ્યું કે ગઈ કાલે આપના પ્રવચનમાં અમુક પ.ભ.(પરમ ભગવદીય કે પરમ ભવાડેબાજ ?) એ અમને એમના સત્સંગમાં જણાવ્યું કે ચન્દ્રગોપાલજીનું પણ આ જ તાત્પર્ય છે એમ એમના ગઈકાલના પ્રવચનથી સમજી શકાય છે. મેં કહ્યું કે આ તમારા પ્રશ્નનો ઉત્તર તો તમને જણાવનાર ભગવદીય જ આપી શકશે કારણ કે મારા કહેવાનું આ મુજબનું તાત્પર્ય જ નથી ન આવું તાત્પર્ય સિદ્ધાન્ત સંગત જ છે.

આવી સ્થિતિમાં પાત્રમાં ઉદ્ધૃત કરેલ જળ પાત્ર અનુસાર ફ઼લને ઉત્પન્ન કરે છે અને તેથી શ્રીઆચાર્યચરણ જણાવે છે **‘फलं चापि तथा ततः’** પાત્ર શુદ્ધ હોય પવિત્ર હોય અને એમાં શુદ્ધ-પવિત્ર ગંગા-યમુના વગેરેનું જળ લાવવામાં આવ્યું હોય ત્યારે તેનાથી ગંગા-યમુના સ્નાનનું પુણ્ય ઉત્પન્ન થઈ શકતું નથી, છતાં પણ ગંગાજલ-યમુનાજલ છે અને પાત્ર શુદ્ધ-પવિત્ર છે તો તેવા જલના પાનનું તો પુણ્ય ઉત્પન્ન કરે જ છે અને તેથી

જ ભારતીય પરંપરામાં મનુષ્યના અન્તકાલે તેના મુખમાં લાવી રાખેલા ગંગા-યમુના જલને મૂકવામાં આવે છે, પવિત્ર કર્મોમાં, પ્રાયશ્ચિત્તાદિ શુદ્ધિ કર્મોમાં તે ઉપયોગી બને છે, પરન્તુ અશુદ્ધ-અપવિત્ર જલ એ કોઈ પણ ઉપયોગમાં લેવામાં આવતું નથી, બરન્ તેનો ઉપયોગ સેવન કરનારમાં અપવિત્રતા-અશુદ્ધિ-રોગ વગેરે ઉત્પન્ન કરવાના ફલને સાધે છે. ॥ ૨૦ ॥

* * * * *

શ્લોક - ૨૧

इति जीवेन्द्रियगता नानाभावं गता भुवि ।
रूपतः फलतश्चैव गुणाविष्णोर्निरूपिता ॥ २१ ॥

અન્વય - इति – આ પ્રકારે, **भुवि** – ભૂલોકમાં, **जीव-इन्द्रियगताः** – જીવો (શરીરથી વિશિષ્ટ થયેલ ચેતન) (અને) ઈન્દ્રિયો (મન-વાણી-ચક્ષુ-કર્ણ વગેરે) તેમાં ગયેલા-તેમાં સ્થિતિ કરીને રહેલા અને, **एव** – તેમાં સ્થિત રહીને જ, **रूपतः** – રૂપથી, **च** – અને, **फलतः** – ફલથી, **नानाभावं गताः** – અનેક ભાવોને પ્રાપ્ત થયેલા (એવા), **विष्णोः** – સર્વ વ્યાપક એવા ભગવાન્ વિષ્ણુના, **गुणाः** – ગુણો-ધર્મો, **निरूपिताः** – સર્વથા પૂર્ણરૂપે કહ્યા છે ॥ ૨૧ ॥

શબ્દાર્થ - આ પ્રકારે ભૂલોકમાં જીવો (શરીરથી વિશિષ્ટ થયેલ ચેતન) (અને) ઈન્દ્રિયો (મન-વાણી-ચક્ષુ-કર્ણ વગેરે) તેમાં ગયેલા-તેમાં સ્થિતિ કરીને રહેલા અને) તેમાં સ્થિત રહીને જ રૂપથી અને ફલથી અનેક ભાવોને પ્રાપ્ત થયેલા (એવા) સર્વ વ્યાપક એવા ભગવાન્ વિષ્ણુના ગુણો-ધર્મો સર્વથા પૂર્ણરૂપે કહ્યા છે ॥૨૧ ॥

શ્રીકલ્યાણરાયજી - **उपसंहरन्ति इतीति । इतीति समाप्तौ । अनेन प्रकारेण वा । जीव आत्मा इन्द्रियाणि च तेषु गताः प्राप्ताः। अत एव भुवि आधारे नानाभावं अनेकविधं सात्त्विकादिभावं गताः प्राप्ताः, नानात्वं वा प्राप्ताः, एतादृशा विष्णोर्भगवतो गुणास्तेषां भावानां भगवदीयत्वात् तद्रूपत्वाद्वा । रूपतः स्वरूपतः ईदृशमिति यत् स्वरूपमिति । फलत इतीदृशमेतत्फलमिति निरूपिता विवेचिता इत्यर्थः ॥ २१ ॥**

जलानामिव भावानां भेदा यत्र निरूपिताः ।
जलभेद इति ख्यातो ग्रन्थोयं भावबोधकः ॥ १ ॥

श्रीविठ्ठलेशाङ्घ्रिसरोजपीठं कल्याणरायेण मुदा प्रणम्य।
ताताङ्घ्रिपद्मे च गुरून् पितृव्यान् टीका कृतेयं जलभेदनाम्नः ॥ २ ॥
श्रीगोविन्दसुतप्रोक्ता टीका रागवतां हरौ ।
भावपूर्णा मुदे भूयात्सुन्दरीवाल्पभाषिणी ॥ ३ ॥
मृषोद्यमनवद्यं वा बालस्येव कृपालवः ।
क्षमन्तां विठ्ठलाधीशचरणाः प्रभवो मम ॥ ४ ॥

અર્થાત્ - (વ્યાખ્યાન) - ઉપસંહાર કરે છે - **'ઈતિ'** વગેરે વાકયથી. **'ઈતિ'** શબ્દ અહીં સમાપ્તિના અર્થમાં છે. અથવા તો આ પ્રકારે એમ અર્થ છે. **'જીવ'** એટલે આત્મા, અને **'ઈન્દ્રિયો'** એમાં **'ગતાઃ'** એટલે પ્રાપ્ત થયેલા. તેથી જ **'ભુવિ'** એટલે ભકતો યા વકતાઓ રૂપ આધારમાં, **'નાનાભાવમ્'** અનેકવિધ સાત્ત્વિક વગેરે ભાવોને **'ગતાઃ'** પ્રાપ્ત થયેલા, અથવા અનેકવિધ પ્રકારે પ્રાપ્ત થયેલા એવા પ્રકારના **'વિષ્ણોઃ'** ભગવાનના ગુણો અથવા તેમના ભાવોનું ભગવદીયપણું હોવાથી તદ્રૂપપણું છે. **'રૂપતઃ'** સ્વરૂપથી, આ પ્રકારે જે સ્વરૂપ છે તેનું, **'ફલતઃ'** આ પ્રકારનું આ ફલ છે તેનું **'નિરૂપિતા'** - વિવેચન કર્યું છે એમ અર્થ છે ॥ ૨૧ ॥

કારિકા - જલની માફક જ્યાં ભાવોના ભેદો નિરૂપિત થયા છે એ જલભેદ નામનો આ ગ્રન્થ ભાવનો બોધ કરાવનાર છે ॥ ૧ ॥ શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણના ચરણકમલ નીચે રહેલા આસનને અથવા સ્થાનને હું કલ્યાણરાય પ્રસન્નતાપૂર્વક પ્રણામ કરીને, પિતૃચરણ (શ્રીગોવિન્દરાયજી)ના ચરણકમલમાં અને (બાકીના ૬) મારા કાકાશ્રીઓએ (બાકીના છ લાલજીઓ)ને પ્રણામ કરીને આ જલભેદ નામના ગ્રન્થની ટીકા કરી છે ॥ ૨ ॥ શ્રીગોવિન્દરાયજીના પુત્ર એવા મારા (કલ્યાણરાયજી) દ્વારા ભાવપૂર્ણા ટીકા શ્રીહરિમાં અનુરાગવાળાઓને માટે ઓછું બોલનારી સુન્દરી સ્ત્રી સમાન પ્રસન્નતા આપનારી બને ॥ ૩ ॥ આમાં કંઈક ખોટું યા અયોગ્ય કહેવાયું હોય તો આ બાળકની ચેષ્ટા છે તેમ સમજી મારા પ્રભુ-સ્વામી કૃપાલુ

શ્રીવિઠ્ઠલેશાધીશચરણ મને ક્ષમા કરો ॥ ૪ ॥ આ પ્રમાણે શ્રીવિઠ્ઠલેશચરણમાં એકતાન શ્રીકલ્યાણરાય વિરચિતા જલભેદ ટીકા સમ્પૂર્ણ થઈ ॥

શ્રીપુરુષોત્તમજી - **एवं भगवद्गुणाधारभूतान् जीवानां भावान् तदधिकरणभूतान् जीवांश्च भगवद्गुणस्वरूपफलभेदार्थं निरूप्योपसंहरन्ति इतीत्यादि । इति उक्तप्रकारेण भुवि भूलोके जीवेन्द्रियगताः, जीवाः शरीरविशिष्टाश्चेतनाः, इन्द्रियाणि मनोवाक्चक्षुःप्रभृतीनि, तद्गतास्तेषु स्थिताः नानाभावं गताः, तत्र स्थित्यैव रूपतः फलतश्च अनेकभावं प्राप्ताः, विष्णोर्व्यापकस्य भगवतो गुणा धर्माः निरूपिताः, नितरां कथिताः । तथा च भगवन्निष्ठत्वेनैकरूप्येप्याधारभेदेन तल्लिङ्गास्तदनुरूपफलाश्च भवन्तीति तदाधारस्वरूपं विचार्य तज्ज्ञानार्थं जीवसङ्गो भगवद्भक्तैर्विधेयो, न तु कथञ्चित् गुणसत्तामात्रेणेत्यर्थः । अत्रोपसंहारे गुणा निरूपिता इति कथनेन गुणनिरूपणमेव मुख्यम्। भावतदाधारनिरूपणं तु तदुपोद्घाततया प्रासङ्गिकमिति बोधितं ज्ञेयम् ॥ २१ ॥**

इति श्रीमद्वल्लभाचार्यचरणैकतानपीताम्बरात्मज-पुरुषोत्तमविरचिताज़लभेदविवृतिः सम्पूर्णा ॥

અર્થાત્ - (આભાસ) - આ પ્રમાણે ભગવદ્ગુણોના આધારભૂત જીવોના ભાવોને અને તેના અધિકરણ થયેલા જીવોને ભગવાનના ગુણોના સ્વરૂપ અને ફલભેદને જણાવવા અર્થે તેનું નિરૂપણ કરીને ઉપસંહાર કરે છે **'ઈતિ'** વગેરે શબ્દથી. **(વ્યાખ્યાન) - 'ઈતિ'** કહેવાઈ ગયેલા પ્રકારે **'ભુવિ'** ભૂલોકમાં **'જીવેન્દ્રિયગતાઃ' 'જીવ'** એટલે શરીરવિશિષ્ટ ચેતના અને **'ઈન્દ્રિયો'** મન-વાણી-ચક્ષુ વગેરે **'તદ્ગતાઃ'** તેમાં રહેલા **'નાનાભાવંગતાઃ'** ત્યાં સ્થિતિ વડે જ રૂપથી અને ફલથી અનેક ભાવને પ્રાપ્ત

થયેલા **'વિષ્ણોઃ'** વ્યાપક એવા ભગવાનના **'ગુણાઃ'** ધર્મો **'નિરૂપિતાઃ'** નિતરાં કહેવાયેલા છે. તાત્પર્ય એમ છેકે બધા જ ધર્મો- ગુણો ભગવન્નિષ્ઠ હોવાથી એક રૂપ હોઈને પણ (જેમાં રહેલા હોય તે) આધારના ભેદે એ-એ સ્વરૂપના અને તેના અનુરૂપ ફલવાળા થાય છે એમ તેના આધારનો સ્વરૂપવિચાર કર્યા પછી તેના જ્ઞાન અર્થે જીવનો-વક્તાનો સંગ ભગવદ્ ભક્તોએ કરવો, નહીં કે માત્ર ભગવાનના ગુણને જોઈને સંગ કરવો એમ અર્થ છે. અહીં ઉપસંહારમાં **'ગુણો નિરૂપણ કરાયા છે'** એમ કહ્યું હોવાથી અહીં ગુણોનું નિરૂપણ જ મુખ્ય છે. ભાવ અને તેના આધારનું નિરૂપણ તો ગુણોના ઉપોદ્‌ઘાતરૂપે પ્રાસંગિક છે એમ બોધિત કર્યું છે તેમ સમજવું ॥ ૨૧ ॥

આ પ્રમાણે શ્રીવલ્લભાચાર્યચરણમાં એકતાન પીતામ્બરાત્મજ પુરુષોત્તમ વિરચિતા જલભેદ વિવૃતિ સમ્પૂર્ણ થઈ ॥

શ્રીવલ્લભજી - **अतः परमुपसंहरन्ति । इति प्रकारका जीवेन्द्रियगताः जीवगता आत्मगामिनः, इन्द्रियगता विषयगामिनः । अत एव भुवि स्वाधारे नानाभावं गतास्तादृशा विष्णोः व्यापकस्य रसात्मकस्य च गुणाः भावा रूपतः स्वरूपतः फलतश्च निरूपिताः । एतेन सन्देहनिवृत्तिपूर्वकं भगवन्मार्गप्रवृत्तौ फलं भविष्यतीति ज्ञापितम् ॥ २१ ॥**

कारिका -

यथामति मया भावा रूपतः फलतोपि हि ।
निरूपितास्तत्र किञ्चिद् बुद्धिदोषेण यद्भवेत् ।
अन्यथा तत्सकरुणा क्षमन्तां प्रभवो मम ॥ १ ॥

इति श्रीवल्लभकृतं श्रीजलभेदविवरणं संपूर्णम् ॥

અર્થાત્ - હવે પછી ઉપસંહાર કરે છે. આ પ્રકારે **'જીવેન્દ્રિયગતાઃ જીવગત'** - આત્મગામિ, **ઈન્દ્રિયગત** - વિષયગામિ, તેથી ભૂલોકમાં પોતાના આધારમાં નાનાભાવને પ્રાપ્ત થયેલા તેવા વ્યાપક-રસાત્મક -વિષ્ણુના- **ગુણાઃ** ભાવો **રૂપતઃ** સ્વરૂપથી અને **ફલથી** નિરૂપિત થયા છે. આથી સન્દેહનિવૃત્તિપૂર્વક ભગવન્માર્ગમાં પ્રવૃત્તિ થતાં ફલ થશે એમ જ્ઞાપિત કર્યું છે ॥ ૨૧ ॥

કારિકા - મારી મતિ અનુસાર મારા વડે આ ભાવો રૂપથી અને ફલથી નિરૂપિત થયા છે તેમાં કંઈક બુદ્ધિદોષ વડે કંઈક અન્યથા અર્થઘટન થઈ ગયું હોય તો તે મારા પ્રભુ કરુણાપૂર્વક મને ક્ષમા કરો ॥

આ પ્રમાણે શ્રીવલ્લભકૃત શ્રીજલભેદ વિવરણ સંપૂર્ણ થયું ॥

શ્રીબાલકૃષ્ણજી - **उपसंहरन्ति इतीति । इतीति समाप्तौ प्रकारेण वा । जीवे इन्द्रियेषु गताः प्राप्ताः भुवि नानाभावं सात्त्विकादिभावं गताः प्राप्ताः एतादृशा विष्णोर्भगवतो गुणाः स्वरूपतः फलतश्च निरूपिता विवेचिता इत्यर्थः ॥ २१ ॥**

इति श्रीबालकृष्णकृतजलभेदविवृतिः समाप्ता ॥

અર્થાત્ - ઉપસંહાર કરે છે **ઈતિ** શબ્દથી. **ઈતિ** શબ્દપ્રયોગ અહીં સમાપ્તિ અર્થમાં છે અથવા 'પ્રકારે' અર્થમાં છે. **જીવમાં- ઈન્દ્રિયોમાં ગતાઃ** એટલે પ્રાપ્ત થયેલા **ભૂલોકમાં નાનાભાવ** એટલે સાત્ત્વિક વગેરે ભાવોને પ્રાપ્ત થયેલા એવા આ ભગવાન **વિષ્ણુના ગુણો સ્વરૂપથી** અને **ફલથી નિરૂપિત** એટલે વિવેચિત **થયા છે** એમ અર્થ છે ॥ ૨૧ ॥

આ પ્રમાણે શ્રીબાલકૃષ્ણકૃત જલભેદ વિવૃતિ સમાપ્ત થઈ ॥

વિવરણ - અહીં **'इति'** શબ્દ સમાપ્તિ સૂચક છે. આ પ્રકારે જીવ અને ઈન્દ્રિયોમાં ગયેલા-પ્રાપ્ત થયેલા. **જીવ** એટલે શ્રીભાગવત ચતુર્થસ્કન્ધમાં પુરંજન આખ્યાનમાં જણાવ્યા મુજબના **'एवं पञ्चविधं लिङ्गं त्रिवृत्**

षोडशविस्तृततम्, एष चेतनया युक्तो जीव इत्यभिधीयते’ (ભાગ. ૪-૩૦-૭૪) શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગન્ધ એમ પાંચ તન્માત્રાઓવાળું, સત્ત્વ-રજ-તમ ત્રણ ગુણોવાળું, પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય એમ દશ ઈન્દ્રિયો-પાંચ પ્રાણો અને એક અન્તઃકરણ (એક જ અન્તઃકરણના કાર્યના આધારે ચાર વિભાગે મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકાર નામે ચારથી કહેવાય છે) એમ કુલ સોળ તત્ત્વોના રૂપે વિકસિત થયેલું એવું જે લિંગ શરીર આ જ લિંગ શરીર ચેતનાથી યુક્ત થયેલું - સારી રીતે જોડાયેલું એને જીવ કહેવાય છે. એમ જીવને પ્રાપ્ત થયેલા અને **ઈન્દ્રિય** એટલે **‘श्रोत्र-त्वक्-चक्षुषी-जिह्वा-नासिका चैव पञ्चमी, पायु-उपस्थ-हस्त-पाद-वाक् चैव दशमी स्मृता’** એમ પૂર્વમાં કહેવાયેલ પાંચ જ્ઞાનેન્દ્રિયો અને તે પછી કહેવાયેલ પાંચ કર્મેન્દ્રિયો મળી દશ ઈન્દ્રિયો, અથવા આ દશ પૈકી પાંચ જ્ઞાનેન્દ્રિયો. **‘इन्द्रिय’** શબ્દ **‘इन्द्र’** શબ્દને **‘घ’** લાગી બને છે અને **‘इन्द्र’** એટલે શાસક, તેથી દશ પ્રાણો **પ્રાણ-અપાન-સમાન-વ્યાન-ઉદાન-નાગ-કૂર્મ-કૃકલ-દેવદત્ત-ધનંજય** અને અગિયારમો પ્રાણ **ઈન્દ્રપ્રાણ** છે. **પ્રાણ** શબ્દ **‘अन्’** ધાતુને **‘प्र’** ઉપસર્ગ લાગી **‘अच्’** અથવા **‘घञ्’** પ્રત્યય લાગી બને છે અને **‘अन्’** ધાતુ અદાદિ ગણમાં પરસ્મૈ પદમાં **‘अनिति’** બને છે અને દિવાદિ ગણમાં આત્મનેપદમાં **‘अन्यते’** વગેરે બને છે જેના અર્થો થાય છે જીવવું-શ્વાસ લેવો-હાલવું-ચેષ્ટા કરવી અને એનાથી જ પ્રેરકમાં બનેલા શબ્દનું જ રૂપ **‘अनिनिषति’** એટલે ગતિ માટે ઈચ્છા કરે છે. તેવી જ રીતે **‘अन्’**ને **‘अच्’** લાગી બનેલો **પ્રાણ** શબ્દ શ્વાસ-જીવનશક્તિ-જીવન આપનાર વાયુ-જીવનનું મૂલતત્ત્વ (દશ પ્રાણો) પાંચ પ્રાણોમાંથી પ્રાણોમાં પ્રથમ-બલ-સામર્થ્ય-શ્વાસગ્રહણ (મહાપ્રાણ-અલ્પપ્રાણ) લોબાન-ગુંદર વગેરે અર્થોમાં પ્રયોજાય છે. આ બધા જ અર્થોનો ભાવ ગ્રહણ કરી આ બધા જ અર્થોનો ભાવ જ્યાં એકત્રિત છે અથવા આ બધા જ અર્થોના ભાવોમાં રહેલ પ્રાણના વિવિધ રૂપોમાં વ્યાપ્ત મુખ્ય રૂપ અથવા દરેક પ્રકારના પ્રાણોનો મુખ્ય નિયામક-શાસક એને **‘इन्द्रप्राण’** કહેવામાં આવે છે જેનું સ્થાન મન છે તેવી જ રીતે પાંચ પ્રાણોમાંથી પ્રથમ

જેને પણ **પ્રાણ** નામથી જાણવામાં આવે છે તેનું સ્થાન ફેફસા છે અને તેનું કાર્ય શ્વાસ લેવું છે, અંગ નાસિકા છે અને વિષય ઘ્રાણ છે. **અપાન** જેને કહેવામાં આવે છે એનું સ્થાન ગુદાના ઉપર અને નાભિની નીચે (**‘अप’** એટલે નીચે અને **‘अन्’** એટલે પ્રાણ) રહેલું છે અને એનું કાર્ય અંદર રહેલને બહાર પ્રકટ કરવું છે.

આ પ્રમાણે **‘जीवेन्द्रियगताः’** એટલે જીવ અને ઈન્દ્રિયમાં ગયેલા-રહેલા **‘रूपतः च फलतः, रूपतः** એટલે ગીતાના સત્તરમા અધ્યાયમાં જણાવ્યા મુજબ **‘यातयामं गतरसं पूति पर्युषितं च यत् । उच्छिष्टमपि चामेध्यं भोजनं तामसप्रियम् ॥ ‘यत्’** જે **‘भोजनम्’** ભોજન **‘यातयाम’** એટલે જે અન્નનો આહાર એક રાત જૂનો હોય, **‘गतरसम्’** એટલે જેમાંથી રસ ચાલ્યો ગયો હોય, **‘पूति’** દુર્ગન્ધયુક્ત હોય, **‘पर्युषितम्’** બળેલું, **‘च’** અને, **‘उच्छिष्टम्’** એંઠું હોય, **‘च’** તેમજ, **‘अमेध्यम्’** (જે) અપવિત્ર, **‘अपि’** પણ હોય (તેવું ભોજન-આહાર) **‘तामसप्रियम्’** તામસ-તમોગુણી લોકોને પ્રિય હોય છે. આમાં આહારનું સ્વરૂપ લક્ષણ બતાવવામાં આવ્યું છે અને ૧૭ મા અધ્યાયના આઠમા શ્લોકમાં **‘आयुःसत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः, रस्याः स्निग्धाः स्थिरा हृद्या आहाराः सात्त्विकप्रियाः’** આમાં **‘रस्याः’** એટલે રસયુક્ત **‘स्निग्धाः’** તેલ-ઘી વગેરે વાળા ચિકણા, **‘स्थिराः’** જે આહારનો સાર શરીરમાં લાંબા કાળ સુધી લાભ કરતો હોય તેવું સ્થિર, **‘हृद्याः’** સહજતાથી જ મનને પ્રિય થનાર તેવો આહાર, આમાં બધા આહારનું સ્વરૂપ છે અને **‘आयुः’** આયુષ્ય, **‘सत्त्व’** બુદ્ધિ, **‘बल’** બલ-શક્તિ, **‘आरोग्य’** તન્દુરસ્તી, **‘सुख’** સુખ (અને) **‘प्रीति’** પ્રિયતાને વધારનાર હોય તેવો, **‘आहाराः’** આહાર, આમાં આયુ-સત્ત્વ-બલ-આરોગ્ય-સુખ-પ્રીતિની પરિણામે વૃદ્ધિ થવી એ આહાર લેવાનું ફલ છે **‘सात्त्विकप्रियाः’** સાત્ત્વિક લોકોને પ્રિય હોય છે. આ મુજબ જ જે

ભગવદ્‌ગુણો જીવ અને ઈન્દ્રિયને પ્રાપ્ત થઈને **‘नानाभावं गताः’** અનેક **જુદા-જુદા ભાવોને** પ્રાપ્ત થયેલા છે. જુદા-જુદા ભાવોને એટલે તત્ત્વરૂપમાં વિચારતાં ભાગવત તૃતીયસ્કન્ધના ૨૫ માં અધ્યાયમાં જણાવ્યા મુજબ પ્રકૃતિના ત્રણ પ્રાકૃત ગુણો સાત્ત્વિક-રાજસ્-તામસ્ છે અને એનાથી આ સમ્પૂર્ણ જગત વ્યાપ્ત છે એ ત્રણ ગુણોવાળો પ્રાકૃત અહંકાર એ અહંકારથી ૨૪ તત્ત્વોની ઉત્પત્તિ થઈ છે તેમાં વૈકારિક એટલે સાત્ત્વિક અહંકારથી સંકલ્પ-વિકલ્પાત્મક અને કામને ઉત્પન્ન કરનાર એવા મનની ઉત્પત્તિ છે, તૈજસ્ એટલે રાજસ અહંકારથી સંશય-વિપર્યાસ-નિશ્ચય-સ્મૃતિ-નિદ્રા જેની વૃત્તિ છે એવી જ્ઞાનશક્તિરૂપ બુદ્ધિ તથા સર્વ ઈન્દ્રિયોનો અનુગ્રાહક અને ઈન્દ્રિયોમાં ક્રિયાને ઉત્પન્ન કરનાર ઈન્દ્રિયોના આધ્યાત્મિકરૂપ પ્રાણ તથા જ્ઞાનકરણરૂપ પાંચ તથા ક્રિયાકરણ રૂપ પાંચ એમ દશ ઈન્દ્રિયોની ઉત્પત્તિ છે તથા તામસ અહંકારથી આકાશ-વાયુ-તેજ-જલ-પૃથ્વી આ પાંચ મહાભૂતો અને એ પાંચેની તન્માત્રાઓ અનુક્રમે શબ્દ-સ્પર્શ-રૂપ-રસ અને ગન્ધ એની ઉત્પત્તિ છે જેનાથી શરીરનું નિર્માણ છે. આમ જે-જે ગુણોથી જે-જે તત્ત્વોની ઉત્પત્તિ છે તે-તે તત્ત્વો તે-તે ગુણાત્મક છે. તેમજ ગુણોના પરસ્પર સમ્મિશ્રણની ૩X૩=૯ પ્રકાર અને ૯X૯=૮૧ પ્રકાર અને એ જ રીતે એકમાં બીજાના સમ્મિશ્રણ થકી અનેક પ્રકારના થાય છે આજ ગુણાત્મક અનેક ભાવોને ભગવદ્‌ગુણો પ્રાપ્ત થવાથી અનેક ભાવોને પ્રાપ્ત એવા ભગવદ્‌ગુણો, **‘भुवि’** એટલે ભુલોકમાં સ્થિત જીવો અને ઈન્દ્રિયોને પ્રાપ્ત થયેલા, એટલે કે ભક્તો યા વક્તાઓ રૂપ આધારને પ્રાપ્ત થયેલા એવા **‘विष्णोः’** વિષ્ણુના-એટલે કે આનન્દમય પરમાનન્દ પરબ્રહ્મ ભગવાન શ્રીકૃષ્ણના, **ગુણાઃ** એટલે ગુણ એટલે ધર્મો એટલે સર્વત્ર વ્યાપક વિષ્ણુ એ ધર્મી પરમાનન્દ એમના સમ્બન્ધિ જે ધર્મો કે જેને તૈત્તિરીય ઉપનિષદ્‌માં બ્રહ્મવિત્ પ્રપાઠકના સાતમાં અનુવાકમાં **‘रसो वै सः’** તે બ્રહ્મ નિશ્ચયે રસ છે એમ જણાવ્યું તથા ત્યાં જ તેના પૂર્વ પાંચમા અનુવાકમાં **‘तस्य प्रियमेव शिरः, मोदः दक्षिणपक्षः, प्रमोदः उत्तरपक्षः, आनन्द आत्मा, ब्रह्म पुच्छं प्रतिष्ठा’** એમ પ્રિયત્વ-મોદ-પ્રમોદ વ્યાપીને રહેવું-આધાર વગેરે

ધર્મી રસના-આનન્દના રસરૂપ ધર્મો જણાવવામાં આવ્યા છે અને એ જ રસ કિંવા આનન્દને ભૃગુપ્રપાઠકના છઠ્ઠા અનુવાકમાં **‘आनन्दो ब्रह्मेति व्यजानात्, आनन्दाद्ध्येव खल्विमानि भूतानि जायन्ते, आनन्देन जातानि जीवन्ति, आनन्दं प्रयन्त्यभिसंविषन्ति’** થી વિશ્વમાં સર્વત્ર ઉત્પત્તિથી અન્તિમ પરિમાણ પર્યન્તમાં તે જ આનન્દને વ્યાપ્ત રૂપમાં જણાવામાં આવ્યું છે, અતઃ તે આનન્દમય બ્રહ્મ સર્વત્ર સર્વ સ્થિતિમાં કારણરૂપે વિદ્યમાન હોઈ તે જ વ્યાપક છે અને તે જ બ્રહ્મને **‘ब्रह्मेति परमात्मेति भगवानिति शब्द्यते’** એટલે એ જ રસમય બ્રહ્મને વેદાન્તમાં-ઉપનિષદોમાં બ્રહ્મ, સ્મૃતિઓમાં પરમાત્મા અને ભાગવતમાં ભગવાન કહેવામાં આવે છે અને ભગવાન એટલે **‘ऐश्वर्यस्य समग्रस्य वीर्यस्य यशसः श्रियः, ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीरणा’** એટલે ઐશ્વર્ય-વીર્ય-યશ-શ્રી-જ્ઞાન અને વૈરાગ્ય આ છ ધર્મોને ભગ એમ કહેવામાં આવે છે અને એ છ ધર્મ જેના છે તે છ ધર્મવાળા એને ભગવાન એમ કહેવામાં આવે છે અતઃ આ ઐશ્વર્ય વગેરે ધર્મો પણ આનન્દરૂપ હોવાથી તૈત્તિરીય ઉપનિષદ્‌માં કહેવાયેલા આનન્દના ધર્મો તથા ભગવાન શબ્દની વ્યાખ્યામાં આવતા ધર્મો આ બધા ધર્મોને અહીં **વિષ્ણુના ગુણો** વાક્યથી જણાવ્યા છે. આ બધા વિષ્ણુના-રસમય બ્રહ્મના પ્રિયત્વ-મોદ-પ્રમોદ-વ્યાપીને રહેવું-આધાર-ઐશ્વર્ય-વીર્ય-યશ-શ્રી-જ્ઞાન-વૈરાગ્ય વગેરે આનન્દરૂપ-રસમય ધર્મો પણ રસરૂપ-આનન્દરૂપ છે અને તેનું ફલ પણ **‘आनन्दी भवति’** એ છતાં પણ જલભેદ ગ્રન્થમાં જણાવેલા આધારરૂપ પાત્રમાં પ્રાપ્ત થતાં તે જ ધર્મો તે-તે પાત્ર તે-તે ભાવ યા તે-તે આધારના અનુસાર તે-તે સ્વરૂપે પ્રકટ થાય છે અને તેનું ફલ એટલે કે પરિણામ તેનાં અનુકૂલ તે-તે સ્વરૂપનું થાય છે, તેથી માત્ર અહીં ભગવાનના ગુણો વક્તા દ્વારા કહેવાય-ગવાય છે એટલું જ જોઈ-જાણી તેનું પાન-સેવન કરવા લાગી જવું નહીં, કારણકે વક્તામાં રહેલો ભાવ જ શ્રોતામાં સ્થાપિત થાય છે તેથી પુષ્ટિજીવોએ કોનાથી શ્રવણ કરવું- કોનો એતદર્થ સંગ કરવો અને કોનાથી શ્રવણ ન કરવું-કોનો એતદર્થ સંગ ન કરવો એ આ ગ્રન્થથી શ્રીઆચાર્યચરણે

જણાવ્યું છે એમ-એ પ્રકારે **‘निरूपिताः’** એટલે આ ગ્રન્થમાં વિષ્ણુના ગુણોનું નિરૂપણ કરવામાં આવ્યું છે ।। ૨૧ ।।

આ પ્રમાણે મધુસૂદનાત્મજ ચન્દ્રગોપાલ દ્વારા ચારે ટીકાઓના આધાર પર કરવામાં આવેલું જલભેદગ્રન્થનું વિવરણ પૂર્ણ થયું. ।।

श्रीकृष्णः श्रीवल्लभः श्रीविट्ठलः प्रसन्नोऽस्तु ।।

* * * * *